॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૩

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

बालब्रह्मचारी श्री नेमिनाथाय नमः
नमो नमो निम्मलदंसणस्स
प.पू. श्री आनंद-क्षमा-ललित-सुशील-सुधर्मसागर गुरूभ्यो नमः

# આગમસટીક અનુવાદ

# સૂર્યપ્રજ્ઞપ્તિ-૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





## આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૨૩ માં છે...

૦ સૂર્યપ્રજ્ઞપ્તિ-ઉપાંગસૂત્ર-૫ ના...

—૦— પ્રાભૃત-૧-થી

આરંભીને

—૦— પ્રાભૃત-૧૦ના

— પ્રાભૃતપ્રાભૃત-૧૮-સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

# ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

# ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



## આગમ સટીક અનુવાદના

### આ ભાગ ૨૩ ની

### સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

**પ.પૂ. આ.દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

### તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી ગિરિરાજ સોસાયટી – આદિનાથ જૈન સંઘ**

**બોટાદ**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-
શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૰ મૂર્તિ૰ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૰પૂ૰ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ૠચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૰મૂ૰પૂ૰ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૰ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૰ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૰ તપ૰ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્મશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંકયા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

○ चैत्यवन्दन पर्वमाला

○ चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष

○ चैत्यवन्दन चोविसी

○ ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

○ શત્રુંજય ભક્તિ

○ शत्रुञ्जय भक्ति

○ સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ

○ વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય

○ ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

○ શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી

○ શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી

○ અભિનવ જૈન પંચાંગ

○ अभिनव जैन पञ्चाङ्ग

○ અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી

○ બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો

○ શ્રી જ્ઞાનપદ પૂજા

○ કાયમી સંપર્ક સ્થળ

○ ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

○ જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ

○ પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૨૩ :-

૦ આ ભાગમાં સોળમું આગમ કે જે ઉપાંગસૂત્રોમાં પાંચમું ઉપાંગ છે તેવા ‘‘સૂર્યપ્રજ્ઞપ્તિ-સૂત્ર’’નો પહેલો ભાગ સમાવિષ્ટ કરાયો છે. આ સૂત્રને પ્રાકૃત ભાષામાં સૂરપન્નત્તિ કહે છે. તેનું સંસ્કૃતનામ ‘સૂર્યપ્રજ્ઞપ્તિ’ છે. ગુજરાતી ભાષામાં પણ તેનો વ્યવહાર ‘સૂર્યપ્રજ્ઞપ્તિ’ નામથી જ પ્રસિદ્ધ છે. તેને કેટલાંક પૂર્વ પુરુષો પાંચમાં અંગનું ઉપાંગ કહે છે. જો કે અત્રે પૂ.મલયગિરિજી કૃત્ ટીકામાં તેવો ઉલ્લેખ નથી.

આ સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર મુખ્યત્વે ગણિતાનુયોગની પ્રાધાન્યતાવાળું આગમ છે. જેના અધ્યયનો ‘‘પ્રાભૃત’’ શબ્દથી ઓળખાય છે. અધ્યયનનો પેટા વિભાગ ‘‘પ્રાભૃત-પ્રાભૃત’’ નામે દર્શાવાયેલ છે. એવા કુલ ૨૦ પ્રાભૃતો છે અને ત્રણ પ્રાભૃતમાં પેટા પ્રાભૃત-પ્રાભૃતો પણ છે. જેમાં ભાગ-૧-માં પ્રાભૃત-૧થી પ્રાભૃત-૧૦ના પ્રાભૃત-પ્રાભૃત-૧૮-સુધી આ ૨૩-માં ભાગમાં છે અને પ્રાભૃત-૧૦ના પ્રાભૃતપ્રાભૃત-૧૯થી પ્રાભૃત-૨૦ સુધી ભાગ-૨૪માં છે, ભાગ-૨૪માં ચંદ્રપ્રજ્ઞપ્તિવિષયક નોંધ પણ છે.

જો કે સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ બંને જુદા આગમો છે, પણ વર્તમાનકાળે બંનેનું વિષયવસ્તુ સંપૂર્ણ સમાન છે, કોઈ ભેદ નથી. કાળક્રમે ક્યારે બંને આગમો એક થઈ ગયા તે વિશે અમે કશું જાણી શક્યા નથી. પૂ.મલયગિરિજી કૃત્ ટીકા પણ બંને આગમોની સમાન જ મળે છે. ફક્ત આરંભિક ત્રણ શ્લોક વધારે છે.

સૂર્ય-ચંદ્ર ગતિ, ક્ષેત્ર, મંડલ, વિભિન્ન મતો ઈત્યાદિ યુક્ત આ આગમના મૂળ સૂત્ર અને ટીકાનો અર્થ અમે કરેલ છે, તો પણ અમે ઘણાં સ્થાને અસ્પષ્ટ રહ્યા છીએ તે ભૂલનો અમે જાતે જ સ્વીકાર કરીએ છીએ. કોઈ વિશિષ્ટ સંદર્ભો અમને મળેલ નથી. કોઈ કાળે નિર્યુક્તિ હશે, પણ હાલ તેનો વિચ્છેદ છે.





# ૧૬-સૂર્યપ્રજ્ઞપ્તિ-ઉપાંગસૂત્ર-૫/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ આરંભ :-

જે પ્રતિક્ષણ યથાસ્થિત સર્વ જગત્‌ને જોઈ રહ્યા છે, તેવા ભાસ્વત પરમાત્મા શ્રી વીર ભગવંત આપને નમસ્કાર થાઓ.

ખદ્યોત્ જેવા તીર્થિકો જે પૂર્વે પ્રકાશતા હતા, તેના તમસ્‌ને છેદીને સર્વે શ્રુતકેવલિઓ વિજય પામ્યા [તેને નમસ્કાર]

સૂર્યબિંબ જેમ અજ્ઞાનના અંધકાર સમૂહને જિતે છે તેમ પ્રમાણ-નયના ઘણાં ભેદવાળું, શિવસુખરૂપી ફળદાતા કલ્પતરુ એવા જિનવચન જય પામે છે.

આ સૂર્યપ્રજ્ઞપ્તિને ગુરુના ઉપદેશ અનુસાર હું સ્વ-પરના ઉપકારને માટે કંઈક સ્પષ્ટ વિવરણ કરું છું.

પૂર્વે ભદ્રબાહુ સૂરિકૃત્ આ સૂત્રની નિર્યુક્તિ હતી, તે કાળના દોષથી હવે નથી, કેવળ સૂત્રની વ્યાખ્યા કહીશ.

તેમાં જે નગરીમાં, જે ઉદ્યાનમાં, જે રીતે પૂજ્ય ગૌતમ સ્વામીએ ત્રણ લોકના નાથ ભગવંત શ્રીમન્ મહાવીરસ્વામી પાસે સૂર્યની વક્તવ્યતા પૂછી, જે રીતે ભગવંતે તેના ઉત્તરો આપ્યા, તે પ્રકારે દેખાડે છે. પહેલાં નગરી-ઉદ્યાનના નામપૂર્વક સર્વ કથન કહેવાની ઈચ્છાવાળાએ આમ કહ્યું.

## ❀ પ્રાભૃત-૧ ❀

-- x -- x --

● **સૂત્ર-૧ :-**

*[શ્રી વીતરાગ પરમાત્માને નમસ્કાર થાઓ] અરિહંતોને નમસ્કાર થાઓ. તે કાળે, તે સમયે મિથિલા નામે ઋદ્ધિ સંપન્ન અને સમૃદ્ધનગરી હતી, ત્યાં પ્રમુદિત જન-જાનપદ યાવત્ તે પ્રાસાદીય હતી. તે મિથિલા નગરીની બહાર ઈશાન દિશામાં અહીં માણિભદ્ર નામક ચૈત્ય હતું. તે નગરીમાં જિતશત્રુ રાજા, ધારિણી દેવી હતા. તે કાળે - તે સમયે તે માણિભદ્ર ચૈત્યમાં સ્વામી પધાર્યા. પર્ષદા નીકળી, ધર્મ કહ્યો. પર્ષદા પાછી ગઈ યાવત્ રાજા પણ જે દિશામાંથી આવેલો, તે જ દિશામાં પાછો ગયો.*

● **વિવેચન-૧ :-**

તે કાળે ઈત્યાદિ - તે કાળમાં. અર્થાત્ જ્યારે ભગવન્ વિચરતા હતા, તે કાળમાં. काल - અધિકૃત્ અવસર્પિણીના ચોથા ભાગરૂપ, णं શબ્દ વાક્યના અલંકાર અર્થે છે. समय - અવસર વાચી છે. તથા લોકમાં, હજી પણ આ વક્તવ્યનો સમય વર્તતો નથી અર્થાત્ હજી સુધી આ વક્તવ્યનો અવસર વર્તતો નથી. તે સમયમાં ભગવંતે આ સૂર્યવક્તવ્યતા કહી.

તે સમયે મિથિલા નામે નગરી હતી. [શંકા] હજી પણ તે નગરી વર્તે છે, તો ‘‘વર્તતી હતી’’ તેમ કેમ કહ્યું ? કહે છે — ગ્રંથમાં કહેલ વૈભવયુક્ત વર્ણન જે કહેવાશે તે ‘‘વર્તતું હતું’’ પણ ગ્રંથ વિધાનકાળે તેમ નથી. આ પણ કઈ રીતે જાણવું ? તે કહે છે. આ અવસર્પિણી કાળ, અવસર્પિણીમાં પ્રતિક્ષણે શુભ ભાવો હાનિને પામે છે, તે જિનપ્રવચનજ્ઞાતાને સુપ્રતીત છે. તેથી ‘‘વર્તતી હતી’’ તેમ કહેવામાં કોઈ વિરોધ નથી. હવે આ નગરીનું વર્ણન —

ઋદ્ધ-ભવનો વડે અને પૌરજનો વડે અતી વૃદ્ધિને પામેલ. સ્તિમિત-સ્વચક્ર, પરચક્ર, તસ્કર, ડમરાદિથી ઉદ્‌ભવેલ ભયરૂપી કલ્લોલ માળાથી રહિત. સમૃદ્ધ-ધન, ધાન્યાદિ વૈભવ યુક્ત. તથા પ્રમોદવાળા - પ્રમોદ હેતુ વસ્તુના તેમાં સદ્‌ભાવથી, जन - નગરીમાં વસતા લોકો. जानपद - જનપદમાં રહેલ, તેમાં પ્રયોજનવશ આવતા એવા તે પ્રમુદિત જન-જાનપદ. યાવત્ શબ્દ વડે ઉવવાઈ સૂત્રમાં પ્રતિપાદિત સમસ્ત વર્ણન જાણવું. તે ગ્રન્થ મોટો થઈ જવાના ભયથી લખતાં નથી. તે માત્ર ‘‘ઉવવાઈસૂત્ર’’ વડે જાણવું. ક્યાં સુધી જાણવું ? પ્રાસાદીયા સુધી. અહીં ण्क શબ્દના ઉપાદાનથી પ્રાસાદીયા આદિ ચાર પદો જાણવા. પ્રાસાદીયા, દર્શનીયા, અભિરૂપા અને પ્રતિરૂપા. તેમાં - પ્રાસાદીયા એટલે ઘણાં પ્રાસાદોથી યુક્ત, તેથી જ દર્શનીય-દર્શન યોગ્ય, કેમકે પ્રાસાદો અતિ રમણીય છે. તથા અભિમુખ એવો અતિ આકાર જેનો છે તે અતિરૂપા, પ્રતિવિશિષ્ટ - અસાધારણ આકારવાળી તે પ્રતિરૂપા.

તે મિથિલા નગરીની બહાર ઈશાન દિશા ભાગમાં - x - માણિભદ્ર નામક ચૈત્ય હતું. चित् - લેપ્યાદિ ચયનનો ભાવ કે કર્મ તે ચૈત્ય. તે સંજ્ઞા શબ્દપણાંથી દેવતાપ્રતિમા રૂપે પ્રસિદ્ધ છે. તેથી તેના આશ્રયભૂત જે દેવતાનું ગૃહ હોય તે પણ ઉપચારથી ચૈત્ય કહેવાય છે. તે અહીં વ્યંતરાયન જાણવું. પણ અર્હન્ત ભગવંતનું આયતન [જિનાલય] નહીં. ચૈત્યનું વર્ણન કહેવું. તે ઉવવાઈ સૂત્રથી જાણવું.



તે મિથિલા નગરીમાં જિતશત્રુ નામે રાજા હતો. તેની દેવી - સમસ્ત અંતઃપુરની મુખ્ય પત્ની, સર્વ ગુણ ધારણ કરવાથી ધારિણી નામે રાણી, રાજા, રાણી વર્ણન ઉવવાઈ સૂત્રમાં કહેલ વર્ણન મુજબ જાણવું.

તે કાળે, તે સમયે, તે માણિભદ્ર ચૈત્યમાં સ્વામી જગત્‌ગુરુ ભગવંત શ્રી મહાવીર અરહંત, સર્વજ્ઞ, સર્વદર્શી, સાત હાથ પ્રમાણ શરીર ઉંચા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, વજ્રઋષભ નારાચ સંઘયણવાળા, કાજળ જેવી કાલિમાયુક્ત - સ્નિગ્ધ-કુંચિત-પ્રદક્ષિણાવર્ત્ત મસ્તકના વાળવાળા, તપેલા સુવર્ણ જેવી સુંદર મસ્તકતલ-કેશભૂમિ આતપત્ર આકાર મસ્તક, પરિપૂર્ણ ચંદ્રમંડલથી પણ અધિકતર મુખની શોભાવાળા, પદ્મકમળની સુગંધ જેવા નિઃશ્વાસવાળા, વદનના ત્રિભાગ પ્રમાણ કંબૂ સમાન સુંદર કંધરવાળા, શાર્દૂલ સિંહવત્ પરિપૂર્ણ વિપુલ સ્કંધપ્રદેશવાળા, મોટા નગરના કબાટ જેવા વિશાળ વક્ષઃસ્થળથી શોભતા, યથાસ્થિત લક્ષણયુક્ત, શ્રીવૃક્ષ પરિઘ સમાન લાંબા બાહુ યુગલવાળા, રવિ-ચંદ્ર-ચક્ર-સ્વસ્તિકાદિ પ્રશસ્ત લક્ષણયુક્ત હસ્તતલવાળા, સુજાત પડખાં, મત્સ્ય જેવું ઉદર, સૂર્ય કિરણના સ્પર્શથી વિકસેલ કમળ સમાન નાભિમંડલ, સિંહજેવો સંવર્તિત કમર પ્રદેશ, નિગૂઢમાનૂ, કુરુવિંદ જેવા વૃત્ત જંઘા યુગલ, સારી રીતે પ્રતિષ્ઠિત કાચબના સુંદર પગ જેવો તલ પ્રદેશ, એ બધાંથી યુક્ત. અનાશ્રવ, નિર્મમત્વ, છિન્નશ્રોતવાળા, નિરૂપલેપ, પ્રેમ-રાગ-દ્વેષ રહિત, ૩૪-અતિશય યુક્ત, દેવે રચેલ નવ સુવર્ણકમળમાં પગ મૂકીને ચાલતા, આકાશમાં ચાલતા ધર્મચક્ર-છત્ર-બે ચામરો - અતિ સ્વચ્છ સ્ફટિક વિશેષમય પાદપીઠ સહિત સિંહાસનથી યુક્ત એવા, તથા આગળ દેવો વડે ખેંચાતા ધર્મધ્વજ સહિત, ૧૪,૦૦૦ સાધુઓ અને ૩૬,૦૦૦ સાધ્વીજી વડે પરિવરેલા સ્વકલ્પ સુખપૂર્વક વિચરતા, યથાસ્વરૂપ અવગ્રહ ગ્રહણ કરી, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં સમવસર્યા.

ભગવંતના સમવસરણનું વર્ણન ઉવવાઈથી જાણવું.

પર્ષદા-મિથિલા નગરીના વસનારા સર્વે પણ લોકો ભગવંતની આવેલા જાણીને ભગવંતના વંદનાર્થે પોતાના આશ્રય સ્થાનોથી નીકળ્યા. ત્યારે તે મિથિલા નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથોમાં ઘણાં લોકો પરસ્પર એ પ્રમાણે કહે છે — બોલે છે - પ્રજ્ઞાપે છે - પ્રરૂપે છે કે નિશ્ચે એ પ્રમાણે હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવન્ મહાવીર, આદિકર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી યાવત્ વિચરતા અહીં આવ્યા છે, સમાગત છે, સમોસર્યા છે, આ જ મિથિલા નગરીની બહાર માણિભદ્ર ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને તે અરહંત-જિન-કેવલી, શ્રમણ ગણથી પરિવરીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. હે દેવાનુપ્રિય ! તથારૂપ અરહંત

ભગવંતનું નામગોત્રનું શ્રવણ પણ મહાફળને માટે છે, તો સન્મુખ ગમન-વંદન-નમન-પ્રતિપૃચ્છા-પર્યુપાસનાનું તો કહેવું જ શું ? એક આર્ય ધાર્મિક સુવચનનું શ્રવણ પણ કલ્યાણકારી છે, તો વિપુલ અર્થનું ગ્રહણ કેટલું કલ્યાણ કરે ? તો હે દેવાનુપ્રિયો ! આપણે જઈએ, શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમન-સત્કાર-સન્માન કરીએ, કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્યરૂપ એવા તેમની ઉપાસના કરીએ ? તે માત્ર આ ભવે નહીં, પરભવે પણ હિત-સુખ-ક્ષેમ-નિઃશ્રેયસ અને આનુગામિકપણે થશે. ત્યારે મિથિલા નગરીથી ઘણાં ઉગ્ર, ભોગ ઈત્યાદિ ઉવવાઈસૂત્રથી જાણવું.

તે પર્ષદાની આગળ સર્વજનને સમજાય તેવી ભાષામાં અર્ધમાગધી ભાષામાં ધર્મ કહ્યો. તે આ રીતે — લોક છે, જીવ છે, અજીવ છે, ઈત્યાદિ. તથા જે રીતે જીવો બોધ પામે છે, મુક્ત થાય છે, જે રીતે સંક્લેશ પામે, જે રીતે દુઃખોનો કેટલાંક અપ્રતિબદ્ધ અંત કરે છે. આર્તધ્યાનયુક્ત ચિત્તવાળા જે રીતે ભવ-દુઃખસાગરમાં જાય છે અને કર્મ ક્ષીણ થયેલા સિદ્ધો સિદ્ધિમાં જાય છે. તે કહે છે. યાવત્ રાજા જે દિશાથી આવ્યો, તે દિશામાં પાછો ગયો. યાવત્ શબ્દથી બધું ઉવવાઈ સૂત્રથી જાણવું.

ત્યારે તે મહા-મોટી પર્ષદા શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, સમજી, હર્ષિત-સંતુષ્ટ થઈ, શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન-નમન કરી આ પ્રમાણે બોલ્યા — ભગવન્ ! આપે નિર્ગ્રન્થ પ્રવચન સારી રીતે કહ્યું. બીજા કોઈ શ્રમણ કે બ્રાહ્મણ આવા પ્રકારે ધર્મને કહેવા સમર્થ નથી. એમ કહીને જે દિશામાંથી આવેલા. તે દિશામાં પાછા ગયા.

ત્યારે તે જિતશત્રુ રાજા શ્રમણ ભગવન્ મહાવીરની પાસે ધર્મ સાંભળી, સમજી, હર્ષિત-સંતુષ્ટ થઈ યાવત્ હર્ષિત હૃદયી થઈ, શ્રમણ ભગવન્ મહાવીરને વંદન-નમસ્કાર કરી, પ્રશ્નો પૂછીને અર્થો જાણવા, જાણીને ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને શ્રમણ ભગવન્ મહાવીરને વાંદી-નમીને આ પ્રમાણે બોલ્યો — ભગવન્ ! આપે સારી રીતે નિર્ગ્રન્થ પ્રવચન કહ્યું યાવત્ આવા પ્રકારનો ધર્મ કહ્યો. એમ કહીને હાથી ઉપર બેસીને, શ્રમણ ભગવન્ મહાવીર પાસેથી, માણિભદ્ર ચૈત્યથી નીકળે છે. નીકળીને જે દિશામાંથી આવ્યો હતો, તે દિશામાં પાછા ગયો.

આ બધું જ સુગમ છે. વિશેષ એ કે જે દિશાને આશ્રીને - અર્થાત્ જે દિશાથી સમવસરણમાં આવ્યો, તે જ દિશામાં પાછો ગયો.

**● સૂત્ર-૨ :-**

***તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના મુખ્ય શિષ્ય ઈન્દ્રભૂતિ નામે અણગાર, ગૌતમ ગોત્રીય હતા. સાત હાથ ઉંચા, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભ નારાચ સંઘયણી હતા યાવત્ તે આ પ્રમાણે બોલ્યા —***

**● વિવેચન-૨ :-**

તે કાળે - તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના પ્રથમ શિષ્ય, આ બે પદ વડે તેનું સકલ <u>સંઘાધિપતિત્વ</u> જણાવેલ છે. ઈન્દ્રભૂતિ, એ માતા-પિતા કૃત્ નામ છે.



अंतेवासी - શબ્દ વિવક્ષાથી શ્રાવક પણ કહેવાય. તેથી તે આશંકાને દૂર કરવા શબ્દ કહ્યો. 'अनगार' જેને ઘર નથી તે અનગાર. આ 'વિગીત' ગોત્ર પણ કહેવાય, તેથી કહ્યું 'ગૌતમ' ગોત્રથી છે. - x - એ તત્કાળ ઉચિત દેહ પરિણામની અપેક્ષાથી ન્યૂન-અધિક શરીરી પણ હોય, તેથી કહ્યું — સાત હાથ પ્રમાણ ઉંચુ શરીર. તે આવા લક્ષણહીન પણ સંભવે. તેથી આ આશંકા દૂર કરવા કહે છે — સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત — શરીર લક્ષણ શાસ્ત્રોક્ત પ્રમાણ અવિસંવાદી ચાર ખૂણા જેને છે, તે સમચતુરસ્ર. ખૂણા-ચાર દિગ્‌વિભાગને ઉપલક્ષીને શરીર-અવયવો જાણવા. બીજા કહે છે — જેને અન્યૂનાધિક ચાર અસ્ર છે તે સમચતુરસ્ર. અશ્ર-પર્યંકાસને બેસેલને ૧-બે જાનુનું અંતર, ૨-આસનથી લલાટના ઉપરના ભાગનું અંતર, ૩-જમણા ખભાથી ડાબા જાનુનું અંતર, ૪-ડાબા ખભાથી જમણા જાનુનું અંતર. બીજા કહે છે — વિસ્તાર અને ઉંચાઈના સમત્વથી સમચતુરસ્ર. સંસ્થાન-આકાર, સંસ્થિત-રહેલ. આ હીન સંઘયણી પણ સંભવે, તેથી કહે છે -

વજ્રઋષભનારાચ સંઘયણ — તેમાં નારાચ - બંને બાજુ મર્કટબંધ, ઋષભ-તેના ઉપરનો વેષ્ટન પટ્ટ. કીલિકા - ત્રણે અસ્થિને ભેદતું અસ્થિ. એવું સંહનન જેને છે તે. આ પ્રમાણે કહ્યું — 'यावत्' શબ્દથી અહીં કનકપુલક નિઘસ પદ્મ ગૌર, ઉગ્ર તપ, દિપ્તતપ, મહાતપ, ઉદાર, ઘોર, ઘોરગુણ, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચર્યવાસી, શરીર ત્યાગી, ચૌદ પૂર્વી. ચાર જ્ઞાનયુક્ત, સર્વાક્ષર સંનિપાતી, શ્રમણ ભગવંત મહાવીરની નીકટ ઉર્ધ્વજાનૂ અને અધોશિર થઈ ધ્યાનરૂપી કોષ્ઠમાં પ્રવેશી, સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે.

ત્યારે તે પૂજ્ય ગૌતમ જાતશ્રદ્ધ - જાત સંશય-જાત કુતુહલ થઈ, ઉત્પન્ન શ્રદ્ધ - ઉત્પન્ન સંશય - ઉત્પન્ન કુતૂહલ થઈ, સમુત્પન્ન શ્રદ્ધા - સમુત્પન્ન સંશય - સમુત્પન્ન કુતૂહલ થઈ, ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવીને, ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી વાંદી-નમીને બહુ દૂર કે નીકટ નહીં તે રીતે શુશ્રૂષા કરતા - નમન કરતા, અભિમુખ થઈ વિનયપૂર્વક અંજલિ જોડી પર્યુપાસના કરતાં બોલ્યા.

ઉક્ત સૂત્રના વિશિષ્ટ શબ્દાર્થો :- कनक - સુવર્ણ, પુલક - લવ, તેની જે રેખા, પટ્ટક. પદ્મના ગ્રહણથી પદ્મ કેસરા કહેવાય છે - x - તેથી કનક પુલક નિકષની જેવા અને પદ્મ કેસરા જેવા જે ગૌર, તે કનકપુલક નિકષ પદ્મ ગૌર. અથવા કનકની જે પુલક - બિંદુ, તેનો જે વર્ણ, તેની જેવા તથા પદ્મકેસર જેવા જે ગૌર તે પદ્મગૌર. પણ આવો વિશિષ્ટ ચારિત્રવાન્ ન પણ હોય એવી આશંકાથી કહે છે—

ઉગ્રતપ - અનશનાદિ જેના છે તે. કે જે બીજા સાધારણ પુરુષો મનથી દહન જેવા કર્મવનના દહનમાં સમર્થપણે બાળનાર તપ-ધર્મધ્યાનાદિ જેને છે તે. તપ્તતપ-તપ વડે તપ્ત, તે તપ વડે તપીને જેણે સર્વે અશુભ કર્મોને બાળી નાંખેલ છે, મહત્ - આશંસા દોષ રહિતપણાથી, ઉદાર-પ્રધાન, અથવા ओराल - ભીષ્મ, ઉગ્રાદિ વિશેષણથી

નીકટ રહેલા અલ્પસત્વીને ભયાનક. ઘોર-નિર્ઘૃણ, પરીષહ-ઈન્દ્રિયાદિ શત્રુગણ વિનાશને આશ્રીને નિર્દય. ઘોર-બીજા વડે આચરવું અશક્ય. ગુણ-જ્ઞાનાદિ, ઘોર તપ વડે તપસ્વી. ઘોર - દારુણ, અલ્પ સત્વવાળા વડે આચરવું અશક્ય - એવા બ્રહ્મચર્યમાં વસવાના શીલવાળા.

ઉચ્છૂઢ - સંસ્કારના પરિત્યાગ વડે શરીરને જેણે છોડેલ છે તે. સંક્ષિપ્ત-શરીર અંતર્ગત્‌પણાથી લઘુતા પામેલ. વિપુલ - વિસ્તીર્ણ, અનેક યોજન પ્રમાણ ક્ષેત્ર આશ્રિત વસ્તુને બાળવામાં સમર્થ, તેજોલેશ્યા - વિશિષ્ટ તપોજન્ય લબ્ધિ વિશેષ પ્રભવ તે જ જ્વાલા, તેમણે રચિલ હોવાથી ચૌદ પૂર્વધર, આના વડે તેમની શ્રુત કેવલિતા કહી છે. તે અવધિજ્ઞાન રહિતને પણ હોય, તેથી કહે છે — મતિ આદિ ચાર જ્ઞાનવાળા. આ બંને વિશેષણ યુક્ત હોય તો પણ કોઈને સમગ્ર શ્રુત વિષય વ્યાપી જ્ઞાન હોતું નથી. ચૌદપૂર્વી પણ છ સ્થાનેથી પતિત સંભળાય છે, તેથી કહે છે, સર્વાક્ષર સન્નિપાતને જાણનાર. ઈત્યાદિ ગુણવાળા ભગવન્ વિનયની રાશિ સમાન સાક્ષાત્ અને શિષ્યાચારત્વથી શ્રમણ ભગવન્ મહાવીરની કંઈક સમીપ રહે છે. અર્થાત્ બહુ દૂર નહીં કે બહુ નીકટ નહીં, તેમ રહે છે.

તેઓ કઈ રીતે વિચરે છે — ઉર્ધ્વજાનૂ, શુદ્ધ પૃથ્વી આસનને છોડીને અને ઔપગ્રહિક નિષધાનો અભાવ હોવો, અર્થાત્ ઉત્કટુકાસન. ઉંચે કે તીર્છી દૃષ્ટિ નહીં પણ નીચી નિયત ભૂ-ભાગ નિયત દૃષ્ટિ. ધ્યાન-ધર્મ કે શુક્લ, તે રૂપ કોઠી-ધાન્ય ભરવાની, તે ધ્યાનકોષ્ઠયુક્ત. - x -. સંયમ-પંચ આશ્રવના નિરોધાદિ લક્ષણરૂપ, તપસા-અનશનાદિ વડે. સંયમ અને તપનું ગ્રહણ પ્રધાન મોક્ષાંગત્વ જણાવવા માટે છે. તે પ્રાધાન્ય સંયમના નવા કર્મના અનુપાદાન હેતુથી છે અને તપ-જૂના કર્મની નિર્જરાના હેતુથી છે. આ બંનેથી સર્વ કર્મ-ક્ષયરૂપ મોક્ષ થાય છે - x - આત્મામાં વસીને રહે છે.

ધ્યાનકોષ્ઠમાં રહી વિચરે છે, પછી તે ગૌતમ સ્વામી ‘જાતશ્રદ્ધ’ આદિ વિશેષણયુક્ત થઈ ઉભા થાય છે. તેમાં કહેવાનાર અર્થ તત્ત્વજ્ઞાન માટે જન્મેલ ઈચ્છાવાળા, સંશય-અનવધારિત અર્થજ્ઞાન, આ સૂર્યાદિ વક્તવ્યતા આમ છે કે બીજી રીતે તેવો - x - સંશય હોવો. જાતકુતૂહલ-ઉત્સૂકતા જન્મેલ. જેમકે ભગવંત આ સૂર્ય વક્તવ્યતા કઈ રીતે કહેશે ? પહેલા ન હતી, પણ હવે થયેલ શ્રદ્ધા તે ઉત્પન્ન શ્રદ્ધ.

‘જાતશ્રદ્ધ’ કહેવા છતાં ‘ઉત્પન્નશ્રદ્ધ’ કેમ કહ્યું ? કેમકે પ્રવૃત્તશ્રદ્ધત્વથી ઉત્પન્ન શ્રદ્ધત્વ પામે. - x - x - x - ‘ઉત્પન્ન શ્રદ્ધ’ ઈત્યાદિ બધાં પદો પૂર્વવત્ જાણવા. - x - પછી ઉભા થવા વડે ઉઠે છે - x - x - જે દિશામાં શ્રમણ ભગવન્ મહાવીર હતા, તે દિશામાં આવે છે. - x - જઈને શ્રમણ ભગવન્ મહાવીરને ત્રણ વખત જમણા હાથથી આરંભીને પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન-સ્તુતિ કરે છે. કાયા વડે નમે છે. વાંદી-નમીને અવગ્રહ છોડીને અતિ નીકટ અથવા અતિ નીકટ નહીં



તેમ અતિ દૂરના સ્થાને પણ નહીં, તે રીતે ભગવંતના વચનોને સાંભળવાને ઈચ્છતો. ભગવંત પ્રતિ મુખ રાખીને, વિનયના હેતુથી પ્રધાન લલાટતટ ઘટિતપણાથી અંજલિ-હસ્તન્યાસ કરીને સેવન કરતા. આ બે વિશેષણ વડે શ્રવણવિધિ જણાવી. કહ્યું છે — નિદ્રા અને વિકથાને છોડીને બે હાથે અંજલિ જોડીને, ભક્તિ-બહુમાનપૂર્વક, ઉપયુક્ત થઈને સાંભળવું જોઈએ. એ રીતે સૂર્યાદિ વક્તવ્યતાનો પ્રશ્ન કહ્યો. - x - હવે વીશ પ્રાભૃતની પાંચગાથા કહે છે —

**● સૂત્ર-૩ થી ૭ :-**

***(સૂર્ય) એક વર્ષમાં કેટલા મંડલમાં જાય છે ? તિર્છી ગતિ કેવી કરે છે ? કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે ? પ્રકાશની મર્યાદા શું છે ? સંસ્થિતિ કેવી છે ?... તેની લેશ્યા ક્યાં પ્રતિહત થાય છે ? પ્રકાશ સંસ્થિતિ કઈ રીતે થાય છે ? વરણ કોણ કરે છે ? ઉદય સંસ્થિતિ કઈ રીતે થાય ?... પૌરુષી છાયાનું પ્રમાણ શું છે ? યોગ કોને કહે છે ? સંવત્સર કેટલા છે ? તેનો કાળ શું છે ?.... ચંદ્રમાની વૃદ્ધિ કઈ રીતે થાય છે ? તેનો પ્રકાશ ક્યારે વધે છે ? શીઘ્ર ગતિ કોને કહ્યા છે ? પ્રકાશનું લક્ષણ શું છે ?... ચ્યવન-ઉપપાત, ઉચ્ચત્વ, સૂર્યની સંખ્યા, અનુભાવ. આ વીશ પ્રાભૃત છે.***

**● વિવેચન-૩ થી ૭ :-**

પ્રાભૃત-૧-માં - સૂર્ય વર્ષમાં કેટલા મંડલ એકવાર કે બે વાર ચાલે છે તેનું નિરૂપણ છે. આ પ્રમાણે ગૌતમે પ્રશ્ન કરતાં પછી તે વિષયમાં બધાં ઉતરો પહેલાં પ્રાભૃતમાં કહેલા છે. - x -

બીજા પ્રાભૃતમાં ‘कथं’ શબ્દ છે, બધાં પ્રાભૃત કથનની અપેક્ષાથી સમુચ્ચયમાં તીર્છા જાય છે. ત્રીજામાં ચંદ્ર કે સૂર્ય કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે. ચોથામાં પ્રકાશની તમારા મતે શું વ્યવસ્થા છે ? પાંચમામાં સૂર્યની લેશ્યા ક્યાં પ્રતિહત થાય છે ?

પ્રાભૃત-૬-માં કયા પ્રકારે-શું એક રૂપ અવસ્થાયિપણાથી અથવા પ્રકાશનું અવસ્થાન છે ?, સાતમામાં કયા પુદ્‌ગલો સૂર્યલેશ્યા સંસૃષ્ટ હોય છે. આઠમામાં કયા પ્રકારે ભગવન્ તમારા મતે સૂર્યની ઉદય સંસ્થિતિ છે ? નવમામાં પૌરુષી છાયાનું પ્રમાણ શું છે ? દશમામાં યોગ કઈ રીતે તમે કહ્યો છે ? ૧૧-માં તમારા મતે સંવત્સરની આદિ શું છે ? ૧૨-માં સંવત્સર કેટલા છે ?

પ્રાભૃત-૧૩માં કઈ રીતે ચંદ્રની વૃદ્ધિ-હાનિ જણાય છે ?, ૧૪-માં કયા કાળે તમારા મતે ચંદ્રની જ્યોત્સના વધુ હોય ? ૧૫-માં ચંદ્રાદિ મધ્યે શીઘ્રગતિ કોણ છે ? ૧૬માં-જ્યોત્સ્નાલક્ષણ શું છે ? ૧૭-માં ચંદ્રાદિના ચ્યવન અને ઉપપાતની સ્વ-પરમત અપેક્ષાથી વક્તવ્યતા. ૧૮-માં ચંદ્રાદિની સમતલ ભાગથી ઉર્ધ્વ ઉચ્ચત્વ વિશે સ્વમત-પરમત અપેક્ષાથી કથન. ૧૯માં જંબૂદ્વીપાદિમાં કેટલાં સૂર્યો છે ? ૨૦-માં ચંદ્રાદિનો અનુભાવ કોણ છે ?

એ રીતે અનંતરોક્ત પ્રકારે આ અનંતરોક્ત અર્થાધિકાર યુક્ત વીશ પ્રાભૃતો

આ સૂર્યપ્રજ્ઞપ્તિની વક્તવ્યતા છે.

'પ્રાભૃત' એટલે શું ? આ 'પ્રાભૃત' લોકપ્રસિદ્ધ નામ છે. જેનાથી દેશકાળોચિત દુર્લભ વસ્તુ પરિણામ સુંદર લાવે છે. પ્રકર્ષથી ચોતરફથી અભીષ્ટ પુરુષના ચિત્તને પોષે છે, તે પ્રાભૃત કહેવાય. વિવક્ષિત ગ્રંથ પદ્ધતિમાં વિનયાદિ ગુણયુક્ત શિષ્યોને દેશકાળ ઉચિતતાથી લઈ જવાય છે. પછી પ્રાભૃત માફક પ્રાભૃતો છે. પ્રાભૃતની અંતર્ગત્ પ્રાભૃત-પ્રાભૃત છે. એમ વીશ પ્રાભૃત અર્થાધિકાર કહ્યો. હવે પહેલાં પ્રાભૃત અંતર્ગત્ આઠ પ્રાભૃત-પ્રાભૃતાધિકાર કહે છે —

**● સૂત્ર-૮ થી ૧૭ :-**

***મુહૂર્તોની વૃદ્ધિ-હાની, અર્ધમંડલ સંસ્થિતિ, ચિર્ણ ક્ષેત્રમાં સંચરણ, અંતર અને ગતિ... અવગાહના કેટલી છે ? વિકંપન કેટલું છે ? મંડલોનું સંસ્થાન અને વિષ્કંભ, એ આઠ પ્રાભૃતપ્રાભૃત.***

***પહેલા પ્રાભૃતમાં આટલી પ્રતિપત્તિ છે — છ, પાંચ, સાત, આઠ અને ત્રણ. ઉદય અને અસ્તકાળની બે પ્રતિપત્તિ, મુહૂર્ત ગતિ સંબંધિ ચાર પ્રતિપત્તિ... નિષ્ક્રમણ કરતાં શીઘ્રગતિ અને પ્રવેશતા મંદગતિ, ૧૮૪ મંડલ સંબંધે ૧૮૪ પુરુષ પ્રતિપત્તિ છે.***

***ઉદયકાળમાં આઠ, ભેદ-ઘાતની બે પ્રતિપત્તિ. ત્રીજામાં મુહૂર્તગતિ સંબંધી ચાર પ્રતિપત્તિ છે.***

***આવલિકા, મુહૂર્તાગ્ર, વિભાગ, યોગ, કુળ, પૂર્ણમાસી, સન્નિપાત, સંસ્થિતિ, તારાગ્ર, નેતા, ચંદ્રમાર્ગગતિ, બારમામાં અધિપતિ દેવતા, મુહૂર્તોના નામ, દિવસ અને રાત્રિ, તિથિ, ગોત્ર, નક્ષત્ર ભોજન, આદિત્યવાર [ચાર], માસ, પાંચ સંવત્સર, જ્યોતિષ્ દ્વાર અને નક્ષત્ર વિચય. દશમાં પ્રાભૃતમાં આ બાવીશ પ્રાભૃત-પ્રાભૃતો છે.***

**● વિવેચન-૮ થી ૧૭ :-**

પહેલાં પ્રાભૃતના પહેલાં પ્રાભૃત-પ્રાભૃતમાં દિવસ અને રાત્રિના મુહૂર્તની વૃદ્ધિ-હાની કહી છે. બીજામાં અર્દ્ધમંડલના-બંને પણ સૂર્યના અહોરાત્ર-અર્ધમંડલ વિષય વ્યવસ્થા કહી છે. ત્રીજામાં કયો સૂર્ય બીજા કયા સૂર્ય વડે ચીર્ણ ક્ષેત્રમાં પ્રતિ ચરે છે? ચોથામાં બંને સૂર્યો પરસ્પર કેટલાં પરિમાણનું અંતર કરીને ચાર ચરે છે, તેનું કથન. પાંચમામાં કેટલાં પ્રમાણ દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે? છઠ્ઠામાં એકૈક રાત્રિ-દિનથી એકૈક સૂર્ય કેટલાં પ્રમાણ ક્ષેત્રને છોડીને ચાર ચરે છે? સાતમામાં મંડલોના સંસ્થાનનું અભિધાનીય, આઠમામાં મંડલોનું જ બાહલ્ય. એ પ્રમાણે અર્થાધિકારયુક્ત આઠ પ્રાભૃત-પ્રાભૃત પહેલાં પ્રાભૃતમાં છે. હવે પહેલાં જ પ્રાભૃતમાં ચોથા વગેરે પ્રાભૃત-પ્રાભૃતમાં જ્યાં જેટલી પરમતરૂપ પ્રતિપત્તિ છે તે કહે છે—

પહેલાં પ્રાભૃતના ચોથા આદિ પ્રાભૃત-પ્રાભૃતમાં અનુક્રમે આ પરમત રૂપ



પ્રતિપત્તિઓ છે જેમકે પ્રાભૃતપ્રાભૃત-૪-માં છ પ્રતિપત્તિ, પાંચમામાં પાંચ, ૬-માં સાત, ૭-માં આઠ અને આઠમામાં ત્રણ.

હવે બીજા પ્રાભૃતમાં જે અર્થાધિકારયુક્ત ત્રણ પ્રાભૃત-પ્રાભૃત છે, તેમાં પહેલા પ્રાભૃતપ્રાભૃતમાં સૂર્યના ઉદય અને અસ્તમાં પર-મતરૂપ પ્રતિપત્તિ અને સ્વમતનું પ્રતિપાદન છે. બીજામાં ભેદઘાત અને કર્ણકલાની વક્તવ્યતા છે. ભેદ - મંડલના અપાંતરાલમાં ગમન, - x - x - कर्ण - કોટિભાગ, તેને આશ્રીને બીજાના મતે કળા વક્તવ્યા. - x - x - બીજા મંડલની અભિમુખ ચાર ચરે છે.

ત્રીજા પ્રાભૃતપ્રાભૃતમાં પ્રતિમંડલમાં ગતિપરિણામ કહ્યા. તેમાં જતો કે આવતા સૂર્યની જેવી ગતિ થાય તે કહે છે. નીકળતો - સર્વ અભ્યંતર મંડળથી બહાર જતો સૂર્ય આગળના મંડળમાં સંક્રમતો શીઘ્રગતિ થાય છે. પ્રવેશતો - સર્વ બાહ્ય મંડળથી અંદરના મંડલમાં આવતો પ્રતિમંડલે મંદગતિથી તેના ૧૦૮ મંડલો સૂર્યના થાય છે. તે મંડળોના વિષયમાં પ્રતિ મુહૂર્તે સૂર્યના ગતિ પરિણામ વિચારમાં મતાંતર કહે છે.

હવે કયા પ્રાભૃતપ્રાભૃતમાં કેટલી પ્રતિપત્તિ છે તે કહે છે — બીજી પ્રાભૃતમાં ત્રણે પ્રાભૃતપ્રાભૃતમાંના પહેલામાં સૂર્યોદય વિષયક આઠ પ્રતિપત્તિ છે, બીજામાં ભેદ-ઘાતરૂપ બે પ્રતિપત્તિ છે, ત્રીજામાં મુહૂર્તગતિ વિષયક ચાર પ્રતિપત્તિ છે.

હવે દશમાં પ્રાભૃતમાં ૨૨ પ્રાભૃત પ્રાભૃત છે, તેનો અર્થાધિકાર કહે છે — પ્રાભૃત પ્રાભૃતોમાં (૧) નક્ષત્રોનો આવલિકા ક્રમ વક્તવ્યતા છે. (૨) નક્ષત્ર વિષય મુહૂર્ત પરિમાણ વક્તવ્ય. (૩) ભાગ - પૂર્વ પશ્ચિમાદિ પ્રકારથી. (૪) યોગનું આદિ વક્તવ્ય. (૫) કુળ, ઉપકુળ, કુલોપકુલ વક્તવ્ય. (૬) પૌર્ણમાસી કથન.

(૭) અમાસ-પૂનમ સંનિપાત વક્તવ્યતા (૮) નક્ષત્રોનું સંસ્થાન કથન, (૯) નક્ષત્રોનું તારા પરિમાણ કહે છે (૧૦) નેતા - જેમકે કેટલા નક્ષત્રો સ્વયં અસ્ત થતા અહોરાત્ર પરિમાસપ્તિમાં કયા માસને લઈ જાય છે. (૧૧) ચંદ્રમાર્ગ-ચંદ્ર મંડલની નક્ષત્રને આશ્રીને વક્તવ્યતા. (૧૨) નક્ષત્રાધિપતિના દેવતાનું અધ્યયન-નામ વક્તવ્યતા. (૧૩) મુહૂર્તોના નામો.

(૧૪) દિવસ અને રાત્રિ કહી. (૧૫) તિથિઓ, (૧૬) નક્ષત્રોના ગોત્રો, (૧૭) નક્ષત્રોના ભોજન, જેમકે આ નક્ષત્ર આવું ભોજન કરતાં શુભને માટે થાય. (૧૮) સૂર્ય અને ચંદ્રના ચારનું વક્તવ્ય, (૧૯) માસ, (૨૦) સંવત્સર, (૨૧) જ્યોતિષ્-નક્ષત્ર ચક્રના દ્વારનું કથન - જેમકે આ નક્ષત્રો પૂર્વદ્વાર છે, આ નક્ષત્રો પશ્ચિમદ્વાર છે. (૨૨) નક્ષત્રોનો વિચય-ચંદ્ર સૂર્ય યોગાદિ વિષય નિર્ણય વક્તવ્ય.

એ પ્રમાણે પ્રાભૃતપ્રાભૃત સંખ્યા અને તેનો અર્થાધિકાર કહ્યો. હવે-પહેલા પ્રાભૃતના પહેલા પ્રાભૃત-પ્રાભૃતમાં મુહૂર્તોની વૃદ્ધિ-હાનિ વક્તવ્ય છે. તેમાં ગૌતમ ગણધર ભગવંતને પૂછે છે, ભગવંત તત્ત્વ કહે છે, તે બતાવે છે.

## ❀ પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૧ ❀

● **સૂત્ર-૧૮ :-**

***આપના અભિપ્રાયથી મુહૂર્ત્તની ક્ષય-વૃદ્ધિ કઈ રીતે થાય ? તે ૮૧૯ - ૨૭/૬૭ ભાગથી થાય છે.***

● **વિવેચન-૧૮ :-**

અહીં તાવત્ શબ્દ ક્રમ અર્થે છે. ક્રમથી - બીજા પણ ચંદ્ર-સૂર્યાદિ વિષય પૂછવા. - x - તે હું પૂછું છું — ભગવન્ કયા પ્રકારે આપે દિવસ-રાત્રિ વિષયોની વૃદ્ધિ-હાનિ કહી છે, એમ ભગવન્ કૃપા કરીને મને યથાવસ્થિત સ્વરૂપ કહો, જેથી મારો સંશય દૂર થાય. સંશય દૂર કરી બીજાને હું નિઃશંક કહી શકું.

કહે છે — ગૌતમ પણ ચૌદ પૂર્વધર, સર્વાક્ષર સન્નિપાતી, સંભિન્ન શ્રોત, સર્વે પ્રજ્ઞાપનીય ભાવ પરિજ્ઞામાં કુશળ, સૂત્રથી પ્રવચનના પ્રણેતા, સર્વજ્ઞદેશી છે જ. કહ્યું છે કે સંખ્યાતીત ભવો પણ કોઈ પૂછે તો કહે છે - x - તો તેમને સંશય કઈ રીતે સંભવે ? તેના અભાવે શા માટે પ્રશ્ન કરે છે ? તેનો ઉત્તર કહે છે — જો કે ગૌતમસ્વામી યથોક્ત ગુણવિશિષ્ટ છે તો પણ, તેમને પણ મતિજ્ઞાનાવરણીયાદિના ઉદયમાં વર્તમાનપણાથી છદ્મસ્થતા હોય, છદ્મસ્થને ક્યારેક અનાભોગ પણ થાય. - x - તે અનાભોગથી તેમને પણ સંશય ઉપજે. આ અનાર્ષ નથી. જેમ ઉપાસક શ્રુતમાં આનંદ શ્રમણોપાસકના અવધિ નિર્ણય વિષયમાં કહેલ છે — "ભગવન્ ! આનંદ શ્રાવકના તે સ્થાનમાં આલોચના યાવત્ પ્રતિક્રમણ તે કરે કે હું ? ત્યારે ભગવંત મહાવીરે ગૌતમને કહ્યું કે — તું જ તે સ્થાનની આલોચના યાવત્ પ્રતિક્રમણ કર. આનંદને આ સ્થાન માટે ખમાવ. ઈત્યાદિ - x - આનંદ શ્રાવકને ખમાવે છે.

અથવા, ગણધર ભગવંત સંશય રહિત હોવા છતાં શિષ્યના સંપ્રત્યયને માટે પૂછે છે. કહે છે — તે અર્થ શિષ્યોને પ્રરૂપીને તેમના વિશ્વાસને માટે તેમની સમક્ષ ફરી પણ ભગવંતને પૂછે છે. અથવા તો આ જ સૂત્રરચનાનો કલ્પ છે, માટે દોષ નથી.

એ પ્રમાણે ગૌતમ સ્વામીએ પ્રશ્ન કરતાં ભગવંત શ્રી વર્દ્ધમાન સ્વામી ઉત્તર આપવાની ઈચ્છાથી અને વિશેષ બોધ માટે પહેલાં નક્ષત્ર માસમાં જેટલાં મુહૂર્ત્તો સંભવે, તેને નિરૂપે છે - - x - બધાં જ ગુરુઓ, શિષ્ય વડે પ્રશ્ન કરાતા શિષ્યે પૂછેલ પદ કે અન્ય, શિષ્યોક્ત તથાવિધ પદના અનુવાદ સહ ઉત્તર આપવાને પ્રવર્ત્તે છે. જેથી ગુરુમાં શિષ્યોનું બહુમાન રહે - કે હું ગુરુને સંમત છું. 'તાવત્' શબ્દનો આ અર્થ - તેટલું જ આપની સામે કહું છું.

આ નક્ષત્ર માસમાં મુહૂર્ત્તો ૮૧૯ અને એક મુહૂર્ત્તના ૨૭/૬૭ ભાગો મેં કહ્યા છે, તેમ તારા શિષ્યોને કહેજે. આના દ્વારા એમ કહે છે કે — શિષ્યોએ શાસ્ત્રો સમ્યક્ ભણેલા હોય છતાં ગુરુની અનુજ્ઞાથી તત્ત્વનો ઉપદેશ બીજાને આપવો, અન્યથા નહીં.

હવે એક નક્ષત્ર માસમાં કઈ રીતે ૮૧૯ પૂર્ણાંક ૨૭/૬૭ મુહૂર્ત્તો થાય ? આ



યુગમાં ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિતરૂપ પાંચ સંવત્સરરૂપ ૬૭ નક્ષત્ર માસ છે. યુગમાં ૧૮૩૦ અહોરાત્ર હોય. તેથી તેના ૬૭ ભાગ ઘટતાં ૨૭ અહોરાત્રિ થાય, શેષ ૨૧-રહે. તેને મુહૂર્ત્તો કરવા ૩૦ વડે ગુણીએ તો ૬૩૦ આવશે. તેને ૬૭ ભાગ કરતાં ૯ મુહૂર્ત્ત આવે છે અને ૨૭-શેષ બાકી રહેશે. એ રીતે ૨૭ અહોરાત્ર, નવ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૨૭/૬૭ ભાગ આવશે. તેમાં ૨૭ અહોરાત્રના મુહૂર્ત્ત કરવા ૩૦ વડે ગુણીએ તો ૮૧૦ આવશે. તેમાં ઉપરના નવ મુહૂર્ત્તો ઉમેરતાં ૮૧૯ આવશે. આ રીતે નક્ષત્ર માસનું મુહૂર્ત્ત પરિમાણ ૮૧૯-૨૭/૬૭ પ્રાપ્ત થશે.

આ નક્ષત્રમાસગત મુહૂર્ત્ત પરિમાણ છે. ઉપલક્ષણ થકી સૂર્યાદિ માસની પણ અહોરાત્ર સંખ્યા કહીને આગમ મુજબ મુહૂર્ત્ત પરિમાણ કહેવું. તે આ પ્રમાણે છે—

એક યુગમાં ૬૦ સૂર્યમાસો થાય છે. યુગમાં ૧૮૩૦ અહોરાત્ર થાય છે. તેથી તેનાં ૬૦ ભાગથી ભાગતાં ૩૦ અહોરાત્ર પ્રાપ્ત થાય. એક અહોરાત્રનું અર્દ્ધું એટલું સૂર્યમાસ પરિમાણ છે. ૩૦ મુહૂર્ત્તોનો એક અહોરાત્ર થાય. તેથી ૩૦ને ૩૦ વડે ગુણતાં ૯૦૦ મુહૂર્ત્ત થાય. અર્ધ અહોરાત્રના ૧૫ મુહૂર્ત્તો થાય. તેથી સૂર્ય માસનું મુહૂર્ત્ત પરિમાણ ૯૧૫ આવશે.

એક યુગમાં ૬૨-ચંદ્રમાસ છે. તેથી ૧૮૩૦ ના ૬૨ ભાગ કરાતા ૩૧ અહોરાત્ર અને ૩૨/૬૨ અહોરાત્ર થાય. તેમાં ૩૨/૬૨ ભાગના મુહૂર્ત્ત કરવાને ૩૦ વડે ગુણીએ તો ૯૬૦ થશે. તેના ૬૨-ભાગ કરતાં ૧૫ મુહૂર્ત્તો આવે અને શેષ ૩૦ રહે છે, ૨૯ અહોરાત્રના મુહૂર્ત્ત કરવા માટે ૩૦ વડે ગુણતા-૮૭૦ આવશે.

કર્મ માસના ૩૦ અહોરાત્ર પ્રમાણ છે, તેથી મુહૂર્ત્ત પરિમાણ ૯૦૦ પરિપૂર્ણ આવે. એ રીતે માસગત મુહૂર્ત્તપરિમાણ કહ્યું. આ રીતે ચંદ્રાદિ સંવત્સરગત અને યુગગત મુહૂર્ત્ત પરિમાણ સ્વયં કહેવા, એમ મુહૂર્ત્ત પરિમાણ કહ્યું.

હવે પ્રતિ અયને જે દિવસ-રાત્રિ વિષયમાં મુહૂર્ત્તોની વૃદ્ધિ-હાનિ થાય તેના અવબોધને માટે આ પૂછે છે —

● **સૂત્ર-૧૯,૨૦ :-**

***[૧૯] જે સમયે સૂર્ય સર્વાભ્યંતર મંડળથી નીકળીને સર્વ બાહ્ય મંડલમાં ઉપસંક્રમ કરીને ચાર ચરે છે. સર્વ બાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડળમાં ઉપસંક્રમીને ચાર ચરે છે. આ કાળ કેટલા રાત્રિદિવસ પ્રમાણથી કહ્યો છે ?***

***તે ૩૬૬ અહોરાત્ર પ્રમાણથી કહેવાયેલ છે.***

***[૨૦] એટલા કાળમાં સૂર્ય કેટલા મંડળો ચરે છે ? તે ૧૮૪ મંડલોમાં ચરે છે. ૧૮૨ મંડલોમાં બે વાર ગમન કરે છે, તે આ રીતે — નિષ્ક્રમણ કરતો અને પ્રવેશ કરતો. બે મંડલોમાં એક વખત ચરે છે, તે આ રીતે — સર્વાભ્યંતર મંડલમાં અને સર્વ બાહ્ય મંડલમાં.***

● **વિવેચન-૧૯,૨૦ :-**

'તાવત્' શબ્દાર્થની ભાવના બધે જ પૂર્વે કહ્યા મુજબ યથાયોગ્ય સ્વયં

વિચારવી. બાકીના વાક્યનો આ અર્થ છે – જે કાળે સૂર્ય સર્વ અભ્યંતર મંડળથી નીકળી પ્રતિ અહોરાત્ર એકૈક મંડલના ચારથી યાવત્ સર્વ બાહ્ય મંડલમાં સંક્રમી પરિભ્રમણ કરે. સર્વ બાહ્ય મંડલથી નીકળી પ્રતિ રાત્રિદિવસ એકૈક મંડલ પરિભ્રમણથી યાવત્ સર્વ અભ્યંતર મંડલમાં સંક્રમી ચાર ચરે છે. તેમાં કેટલા રાત્રિદિવસ પરિમાણ કહેલા છે ?

ઉત્તર - રાત્રિદિવસ પ્રમાણ ૩૬૬ અહોરાત્ર છે. એમ સ્વ શિષ્યોને કહેવું. ફરી પૂછે છે – આ ૩૬૬ રાત્રિદિવસ પરિમાણ કાળ વડે કેટલા મંડલમાં સૂર્ય બે વખત ચરે છે ? કેટલા મંડલમાં એકવાર ચરે છે ? સામાન્યથી ૧૮૪ માંડલામાં ચરે છે, સૂર્યના અધિક મંડલનો અભાવ છે. ૧૮૪માં ૧૮૨ મંડલમાં બે વખત ચરે છે. સર્વ બાહ્ય અને સર્વાભ્યન્તર મંડલમાં ચાર એક જ વાર ચરે છે. ફરી પૂછે છે –

● સૂત્ર-૨૧ :-

*સૂર્યના ઉક્ત ગમનાગમનમાં એક સંવત્સરમાં એક વખત ૧૮-મુહૂર્તવાળો દિવસ થાય છે, ૧૮ મુહૂર્તવાળી રાત્રિ થાય છે. એક વખત ૧૨-મુહૂર્તવાળો દિવસ થાય છે અને બાર મુહૂર્તવાળી રાત્રિ થાય છે. પહેલા છ માસમાં ૧૮ મુહૂર્તની એક રાત્રિ અને ૧૨-મુહૂર્તનો એક દિવસ થાય છે. બીજા ૬-માસમાં ૧૮ મુહૂર્તનો દિવસ અને ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. બીજા છ માસમાં પંદર મુહૂર્તનો દિવસ કે પંદર મુહૂર્તની રાત્રિ થતી નથી, તેનો શો હેતુ છે ? તે મને કહો.*

*આ જંબૂદ્વીપ દ્વીપ, સર્વે દ્વીપ-સમુદ્રોની સૌથી અંદર છે યાવત્ વિશેષાધિક પરિધિથી કહેલ છે. તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતાં પહેલાં અહોરાત્રમાં અભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે. જ્યારે સૂર્ય અભ્યંતર પછીના મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અઢાર મુહૂર્તના દિવસમાં ૨/૬૧ ભાગ ન્યૂન થાય છે અને ૧૨-મુહૂર્તની રાત્રિમાં ૨/૬૧ ભાગની વૃદ્ધિ થાય છે.*

*એ પ્રમાણે બીજા એક મંડલમાં સંક્રમણ કરે ત્યારે ચાર એક સાઈઠાંશ મુહૂર્તનો દિવસ ઘટે છે અને ચાર એક સાઈઠાંશ ભાગ મુહૂર્તાધિક રાત્રિ થાય છે. એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમ કરતો સૂર્ય એકૈક મંડલમાં દિવસ ક્ષેત્ર ઘટતાં-ઘટતાં અને રાત્રિ ક્ષેત્રની અભિવૃદ્ધિ થતાં-થતાં સર્વ બાહ્ય મંડલનું સંક્રમણ કરતાં ચાર ચરે છે. તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળથી સર્વ બાહ્ય મંડલનું સંક્રમણ કરી ચાર ચરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલને છોડતા ૧૮૩ રાત્રિદિવસ પૂર્ણ થાય છે અને ૩૬૬ મુહૂર્તના ૬૧ ભાગ મુહૂર્ત પ્રમાણ દિવસ ક્ષેત્રના હાનિ અને રાત્રિ ક્ષેત્રની વૃદ્ધિ કરતાં ચાર ચરે છે ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા ૧૮ મુહૂર્ત રાત્રિ થાય છે જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ પહેલા છ માસ અને છ માસનું પર્યવસાન છે.*



*તે પ્રવેશતો એવો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતો, પહેલા અહોરાત્રમાં બાહ્યના પછીના મંડલમાં સંક્રમતો ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્યના અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧૮-મુહૂર્તની રાત્રિ થાય છે તેમાં બે એકસઠાંશ મુહૂર્ત રાત્રિની હાનિ અને દિવસની વૃદ્ધિ થાય છે. તે પ્રવેશતો સૂર્ય બે અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. ત્યારે ૧૮-મુહૂર્તની રાત્રિમાં ચાર એકસઠાંશ ભાગ મુહૂર્ત ન્યૂન થાય છે. ૧૨ મુહૂર્ત દિવસમાં ચાર એકસઠાંશ ભાગમુહૂર્ત અધિક થાય છે. એ પ્રમાણે આ ઉપાયથી પ્રવેશતા સૂર્ય તેના પછી-પછીના મંડલમાં સંક્રમણ કરતા બબ્બે એકસઠાંશ ભાગ મુહૂર્ત એકૈક મંડલમાં રાત્રિક્ષેત્રની હાનિ કરતો કરતો અને દિવસ ક્ષેત્રની વૃદ્ધિ કરતો કરતો સર્વાભ્યંતર મંડલનું સંક્રમણ કરતાં ચાર ચરે છે.*

*એ પ્રમાણે જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલથી સર્વ અભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વ બાહ્ય મંડલ છોડતાં ૧૮૩ રાત્રિ દિવસ વડે ૩૬૬ના ૬૧ ભાગ મુહૂર્ત રાત્રિ ક્ષેત્રને ઘટાડતો અને દિવસક્ષેત્રની વૃદ્ધિ કરતો ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. આ બીજા છ માસ અને આ બીજા છ માસનું પર્યવસાન છે.*

*આ આદિત્ય સંવત્સર અને આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે. એ પ્રમાણે નિશ્ચે તે જ આદિત્ય સંવત્સરમાં એક વખત ૧૮-મુહૂર્તનો દિવસ થાય છે, એક વખત ૧૮-મુહૂર્તની રાત્રિ થાય છે, એક વખત બાર મુહૂર્તના રાત્રિ થાય છે. પહેલાં છ માસમાં ૧૮ મુહૂર્તનો દિવસ છે અને બાર મુહૂર્તનો દિવસ નથી પણ બાર મુહૂર્તની રાત્રિ છે. [બીજા છ માસમાં તેથી વિપરીત બાર મુહૂર્તનો દિવસ થાય છે.]*

*પહેલા છ માસમાં ૧૫ મુહૂર્તનો દિવસ કે પંદર મુહૂર્તની રાત્રિ થતી નથી. રાત્રિદિવસની મુહૂર્તની વૃદ્ધિ-હાનિમાં ચય-ઉપચય નથી, સિવાય કે અનુપાતગતિથી. ગાથાઓ કહેવી.*

● વિવેચન-૨૧ :-

જો ૩૬૬ રાત્રિદિવસ પરિમાણ કાળમાં ૧૮૨ મંડલ બે વખત અને બે મંડલ એક વખત ચરે છે, તો ભગવંત કહે છે કે – તે ૩૬૬ રાત્રિદિવસના પરિમાણ સૂર્ય સંવત્સરની મધ્યે એક વખત ૧૮ મુહૂર્ત પ્રમાણ દિવસ થાય છે અને એક વખત ૧૮-મુહૂર્તની રાત્રિ થાય છે. તથા એક વખત બાર મુહૂર્તનો દિવસ અને એક વખત બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

તેમાં પણ પહેલાં છ માસમાં ૧૮ મુહૂર્તની રાત્રિ થાય પણ ૧૮ મુહૂર્તનો દિવસ ન થાય. તથા તે જ પહેલાં છ માસમાં બાર મુહૂર્તનો દિવસ થાય, બાર મુહૂર્તની રાત્રિ ન થાય. બીજા છ માસમાં ૧૮ મુહૂર્તનો દિવસ થાય, પણ ૧૮-મુહૂર્તની રાત્રિ ન થાય.

તથા તે બીજા છ માસમાં ૧૨-મુહૂર્ત્તની રાત્રિ થાય પણ બાર મુહૂર્ત્તનો દિવસ ન થાય.

તથા પહેલાં કે બીજા છ માસમાં ૧૫-મુહૂર્ત્તનો દિવસ પણ ન થાય, ૧૫-મુહૂર્ત્તની રાત્રિ પણ ન થાય. તેમાં આ પ્રમાણેની વસ્તુતત્ત્વના અવગમમાં શો હેતુ છે ? કયા કારણે અને કઈ યુક્તિથી આ સ્વીકારવું ? હે ભગવન્ ! કૃપા કરીને કહો.

આ પ્રત્યક્ષ જણાતો જંબૂદ્વીપ નામે દ્વીપ છે, તે બધાં દ્વીપ સમુદ્રોમાં સર્વ મધ્યવર્તી અને બધાં જ દ્વીપ-સમુદ્રોનો અહીંથી આરંભ થઈને આગમમાં કહેલા ક્રમ મુજબ બમણાં-બમણાં વિષ્કંભપણાથી થાય છે ‘યાવત્’ ગ્રન્થાંતરથી પ્રસિદ્ધ સૂત્ર લેવું. સૌથી નાનો, વૃત્ત-તેલના પુડલાંના આકારે, વૃત્ત-રથ ચક્રવાલ સંસ્થાને સંસ્થિત, વૃત્ત-પુષ્કરકર્ણિકા સંસ્થાને સંસ્થિત, વૃત્ત-પ્રતિપૂર્ણ ચંદ્રાકારે સંસ્થિત, એક લાખ યોજન આયામ-વિષ્કંભથી, ત્રણ લાખથી અધિક - x - પરિધિથી કહેલ છે.

અહીં બીજા બધાં દ્વીપ સમુદ્રોથી નાનો, કેમકે લાખ યોજન પ્રમાણ માત્ર લંબાઈ-પહોડાઈ છે. બાકી પ્રાયઃ સુગમ છે. પરિધિગણિત ક્ષેત્ર સમાસ ટીકાથી જાણવું.

સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે. ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત, અહીં કાષ્ઠા શબ્દ પ્રકર્ષવાચી છે, પરમ પ્રકર્ષ પ્રાપ્ત, તેનાથી બીજો અધિક ન હોય. ઉત્કૃષ્ટ, ૧૮-મુહૂર્ત્તનો દિવસ થાય. તે જ સર્વાભ્યંતર મંડલમાં સૂર્ય ચાર ચરે છે ત્યારે જઘન્યા-સૌથી નાની બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. - x -

ત્યારપછી તે સૂર્ય તે સર્વાભ્યંતર મંડલથી નીકળતો નવા સૂર્ય સંવત્સરને પ્રવર્તાવતો પહેલા અહો રાત્રમાં સર્વ અભ્યંતર મંડળથી અનંતર બીજા મંડલમાં સંક્રમી ચાર ચરે છે, ત્યારે જો સૂર્ય સર્વાભ્યંતર મંડલથી પછીના બીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧૮-મુહૂર્ત્તનો દિવસ છે તે બે મુહૂર્ત્તના ૬૧મો ભાગ ન્યૂન થાય છે અને બે મુહૂર્ત્તના ૬૧-ભાગ અધિક એવી ૧૨-મુહૂર્ત્તની રાત્રિ થાય છે. આ કઈ રીતે જાણવું ? તે કહે છે —

અહીં એક મંડલ એક અહોરાત્ર વડે બે સૂર્યો વડે પરિ સમાપ્ત થાય છે. ઐકૈક સૂર્ય પ્રતિ અહોરાત્ર મંડલના ૧૮૩૦ ભાગ કલ્પીને ઐકૈક ભાગ દિવસ કે રાત્રિ ક્ષેત્રને યથાયોગ્ય ઘટે કે વધે છે. તે એક મંડલગત ૧૮૩૦મો ભાગ બે મુહૂર્ત્તના ૬૧માં ભાગ વડે જણાય છે. અર્થાત્ તે મંડલગત ૧૮૩૦ ભાગ બે સૂર્યો વડે એક અહોરાત્રથી જણાય છે અને એક અહોરાત્રના ૩૦ મુહૂર્ત્ત પ્રમાણ છે. તેથી બે સૂર્યની અપેક્ષાએ ૬૦ મુહૂર્ત્તો થાય. ત્યાં ત્રિરાશિ પ્રક્રિયા છે. જો ૬૦ મુહૂર્ત્તો વડે ૧૮૩૦ મંડલ ભાગ થાય તો એક મુહૂર્ત્ત વડે કેટલા થાય ?

અહીં અંત્ય રાશિ વડે એકક લક્ષણ મધ્ય રાશિના ગુણવાથી થાય, તે જ ૧૮૩૦ છે, તેને આદ્ય રાશિ ૬૦ વડે ભાગ કરાતા સાર્દ્ધત્રીશ [૩૦.૫] આવશે. આટલા મુહૂર્ત્ત જણાય છે. તેથી મુહૂર્ત્તનો $^{૧}/_{૬૦}$ ભાગ થાય. તે આવેલ એક ભાગને બે મુહૂર્ત્ત - $^{૧}/_{૬૦}$ ભાગ જાણવા, જો ૧૮૩ અહોરાત્ર વડે છ મુહૂર્ત્તમાં હાનિ કે વૃદ્ધિ થાય, તો એક અહોરાત્ર વડે શું આવે ?



અહીં અંત્ય રાશિ વડે એકને મધ્યરાશિથી ગુણીએ તે પણ છ થશે. તેને ૧૮૩ વડે ભાંગીએ. અહીં ઉપરની રાશિ થોડી હોવાથી ભાગ ન આવે તેથી છેદ-છેદક રાશિની ત્રણ વડે અપવર્તના કરવી. તેનાથી ઉપર બે અને નીચે ૬૧ આવશે. એ રીતે $^{૨}/_{૬૧}$ થશે. મુહૂર્ત્તની એક અહોરાત્રમાં વૃદ્ધિ કે હાનિ પ્રાપ્ત થાય છે. તે બીજા મંડલથી નીકળી સૂર્ય બીજા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડલની અપેક્ષાથી ત્રીજા મંડલમાં સંક્રમી ચાર ચરે છે. જ્યારે તે સર્વાભ્યંતર મંડલની અપેક્ષાએ ત્રીજા મંડલમાં સંક્રમી ચાર ચરે છે, ત્યારે ચાર મુહૂર્ત્તના ૬૧ ભાગ હીન ૧૮ મુહૂર્ત્ત પ્રમાણ દિવસ થાય છે અને $^{૪}/_{૬૧}$ ભાગ અધિક બાર મુહૂર્ત્ત રાત્રિ થાય છે. એમ ઉક્ત રીતિથી પ્રતિ મંડલ દિવસરાત્રિ વિષય મુહૂર્ત્તના $^{૨}/_{૬૧}$ ભાગ હાનિ-વૃદ્ધિરૂપથી નીકળતા મંડલ પરિભ્રમણ ગતિથી ધીમે ધીમે દક્ષિણાભિમુખ જતો સૂર્ય, તે વિવક્ષિત અનંતર મંડલથી, પછીના મંડલમાં સંક્રમતતો ઐકૈક મંડલમાં $^{૨}/_{૬૧}$ ભાગ મુહૂર્ત્ત દિવસ ક્ષેત્રને ઘટાડતો અને રાત્રિ ક્ષેત્રના પ્રતિમંડલ $^{૨}/_{૬૧}$ ભાગને વધારતો ૧૮૩ અહોરાત્રમાં પહેલા છ માસના પર્યવસાનરૂપ સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે.

ત્યારપછી - તે કાળમાં અહોરાત્રરૂપ પૂર્વવત્ સૂર્ય સર્વાભ્યંતર મંડલથી પરિભ્રમણ ગતિથી ધીમે ધીમે નીકળીને સર્વબાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલ થકી બીજા મંડલથી આરંભીને, ૧૮૩ રાત્રિ-દિવસથી ૩૬૬ અધિક મુહૂર્ત્તથી ૧૬૬ ભાગ દિવસ ક્ષેત્રને ઘટાડીને, રાત્રિ છેદને તેજ પ્રમાણ વધારીને ચાર ચરે છે.

ઉત્તમ કાષ્ઠ પ્રાપ્તા - પરમ પ્રકર્ષ પ્રાપ્ત, ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્ત્ત પ્રમાણ રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્ત્ત પ્રમાણ દિવસ થાય છે. આ પહેલી ષટ્માસી, અથવા આ પહેલાં છ માસ. આ ૧૮૩મો અહોરાત્ર, તે પહેલા છ માસનું પર્યવજ્ઞાન છે.

તે સૂર્ય સર્વ બાહ્ય મંડલથી અભ્યંતર મંડલમાં પ્રવેશ કરતાં બીજા છ માસને સ્વીકારતા બીજા છ માસના પહેલાં અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલથી પછી અનંતર બીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે. ત્યારે જ્યારે સૂર્ય બાહ્ય - સર્વ બાહ્ય મંડલથી પૂર્વના બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે મુહૂર્ત્તના $^{૨}/_{૬૧}$ ભાગથી ન્યૂન ૧૮-મુહૂર્ત્તની રાત્રિ થાય છે અને $^{૨}/_{૬૧}$ ભાગ અધિક બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. પછી તેની પછીના પણ બીજા મંડલથી અંદર તે સૂર્ય પ્રવેશતા બીજા છ માસના બીજા અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલથી પૂર્વે ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. - x - સૂર્ય સર્વ બાહ્ય મંડલથી પૂર્વે ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧૮ મુહૂર્ત્ત રાત્રિ $^{૪}/_{૬૧}$ મુહૂર્ત્ત ન્યૂન થાય છે. $^{૪}/_{૬૧}$ મુહૂર્ત્તથી અધિક બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.

એ પ્રમાણે ઉપર કહેલ રીત વડે, અનંતરોદિત ઉપાયથી પ્રતિમંડલ રાત્રિદિવસ વિષય મુહૂર્ત્તના $^{૨}/_{૬૧}$ ભાગ હાનિ કે વૃદ્ધિ રૂપથી પ્રવેશતા મંડલ પરિભ્રમણ ગતિથી ધીમે-ધીમે ઉત્તરાભિમુખ જતાં, તે વિવક્ષિત મંડલથી, બીજા વિવક્ષિત અંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો ૧૮૩માં અહોરાત્રમાં બીજા છ માસના પર્યવસાનરૂપ સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે.

ત્યારપછી જે કાળમાં સૂર્ય સર્વ બાહ્ય મંડલથી મંડલ પરિભ્રમણ ગતિથી ધીમે ધીમે અભ્યંતર પ્રવેશીને સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વ બાહ્યમંડલની મર્યાદા કરીને તેના પૂર્વના બીજા મંડલથી આરંભીને, ૧૮૩ રાત્રિદિવસથી ૩૬૬ મુહૂર્તના $^{1}/_{60}$ ભાગ રાત્રિ ક્ષેત્રને ઘટાડીને અને દિવસક્ષેત્રના તેટલાં જ ભાગ વધારીને ચાર ચરે છે. ત્યારે પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્ત્ત દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. આ બીજા છ માસ અથવા આ બીજી છમાસી.

આ ૩૬૬મો અહોરાત્ર બીજા છ માસના પર્યવસાનરૂપ છે. એ પ્રમાણે આદિત્ય સંવત્સર છે. આ ૩૬૬મો અહોરાત્ર છે. આદિત્ય [સૂર્ય] સંબંધી સંવત્સરનું પર્યવસાન છે.

હવે ઉપસંહાર કહે છે - x - તે કારણથી તે આદિત્ય સંવત્સરની મધ્યે ઉક્ત પ્રકારે એક વખત ૧૮ મુહૂર્ત્તનો દિવસ થાય છે અને એક વખત ૧૮-મુહૂર્ત્તની રાત્રિ થાય છે. તથા એક વખત બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે અને એક વખત બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. તેમાં પહેલાં છ માસમાં ૧૮ મુહૂર્ત્તની રાત્રિ હોય છે તે પહેલાં છ માસના પર્યવસાનરૂપ અહોરાત્રમાં છે. પણ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોતો નથી. તે પહેલાં છ માસમાં જ બાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, તે પણ પહેલાં છ માસના અંત સુધીમાં હોય - x -

બીજા છ માસમાં આ ૧૮ મુહૂર્ત્તનો દિવસ હોય છે. તે બીજા છ માસના અંત સુધીના અહોરાત્રમાં હોય, પણ ૧૮-મુહૂર્ત્તની રાત્રિ ન હોય. - x - પણ ૧૫-મુહૂર્ત્તનો દિવસ ન હોય, તેમજ ૧૫-મુહૂર્ત્તની રાત્રિ ન હોય. સિવાય કે રાત્રિ-દિવસની વૃદ્ધિ-હાનિ ન થાય. પણ રાત્રિ-દિવસની વૃદ્ધિ-હાનિ થાય જ - તેથી ૧૫-મુહૂર્ત્તની રાત્રિ અને દિવસ થાય જ. કઈ રીતે ?

મુહૂર્તોની પંદરની સંખ્યાના ચયોપચયથી અર્થાત્ હાનિ-વૃદ્ધિથી. અહીં ભાવના આ પ્રમાણે છે – પરિપૂર્ણ ૧૫-મુહૂર્ત્ત પ્રમાણ દિવસ-રાત્રિ ન થાય. પણ હીનાધિક ૧૫-મુહૂર્ત્ત પ્રમાણ દિવસ-રાત્રિ થાય. પ્રકારાંતર સૂચનમાં અન્યત્ર અનુપાત ગતિથી ૧૫-મુહૂર્ત્ત દિવસ કે ૧૫-મુહૂર્ત્ત રાત્રિ ન થાય. પણ અનુસાર ગતિથી તે પ્રમાણે થાય જ.

જો ૧૮૩માં મંડલમાં છ મુહૂર્ત્તા વૃદ્ધિ અને હાનિ થાય, તેની પૂર્વે તેની અર્દ્ધ ગતિમાં ત્રણ મુહૂર્ત્ત પ્રાપ્ત થાય છે. ૧૮૩નું અડધું તે ૯૧॥ થાય. તેથી ૯૧ સંખ્યક મંડલ જતાં ૯૨માં મંડલના અડધામાં ૧૫ મુહૂર્ત્ત પ્રાપ્ત થાય છે, તેના તેનાથી આગળ રાત્રિની કલ્પનામાં ૧૫-મુહૂર્ત્ત દિવસ, ૧૫-મુહૂર્ત્ત રાત્રિ થાય. અન્યથા નહીં.

અનંતરોક્ત અર્થની સંગ્રાહિકા ગાથા, આ સૂર્યપ્રજ્ઞપ્તિની ભદ્રબાહુસ્વામી કૃત્ જે નિર્યુક્તિ, તેની કે બીજા કોઈ ગ્રંથની સુપ્રસિદ્ધ ગાથા વર્તે છે, તે કહેવી. તે હાલ કોઈ પુસ્તકમાં દેખાતી નથી. તેથી વિચ્છેદ થઈ જણાય છે - x -

પ્રાભૃત-૧, પ્રાભૃત-પ્રાભૃત-૧-ટીકાનુવાદ પૂર્ણ

— x — x — x — x — x — x — x —





## ❀ પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૨ ❀

એ પ્રમાણે પહેલાં પ્રાભૃતનું પહેલું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું, હવે બીજું અર્ધમંડલ સંસ્થિતિ પ્રતિપાદકની વિવક્ષા કરવાને આ પ્રશ્ન સૂત્ર કહે છે –

● સૂત્ર-૨૨,૨૩ :-

*[૨૨] તે અર્ધમંડલ સંસ્થિતિ કઈ રીતે કહેલ છે ? તેમાં નિશ્ચે આ બે અર્દ્ધમંડલ સંસ્થિતિ કહી છે – દક્ષિણ તરફની અર્ધ મંડલ સંસ્થિતિ અને ઉત્તર તરફની અર્ધમંડલ સંસ્થિતિ.*

*તે દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિ કઈ રીતે કહેલી છે ? આ જંબૂદ્વીપ દ્વીપ સર્વે દ્વીપ સમુદ્રોની મધ્યે યાવત્ પરિક્ષેપથી છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્ત્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં દક્ષિણના અંતર્ ભાગથી તેના આદિ પ્રદેશમાં અભ્યંતર પછીના ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિ સંક્રમીને ચાર ચરે છે. જ્યારે સૂર્ય અભ્યંતર પછીના ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે બે એકસઠાંસ ભાગ ન્યૂન અઢાર મુહૂર્ત્તનો દિવસ અને બે એકસઠાંસ $^{2}/_{61}$ ભાગ અધિક બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં ઉત્તરમાં અંતરના ભાગમાં તેના આદિ પ્રદેશમાં અભ્યંતર ત્રીજા દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે. જ્યારે તે સૂર્ય અભ્યંતર ત્રીજા દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિને સંક્રમીને ચાર ચરે છે. ત્યારે [$^{4}/_{61}$] ચાર એકસઠાંશ ભાગ ન્યૂન અઢાર મુહૂર્ત્ત દિવસ થાય છે. ચાર એકસઠાંશ ભાગ અધિક બાર મુહૂર્ત્તા રાત્રિ થાય.*

*નિશ્ચે આ પ્રમાણેના ઉપાયથી નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના પછી-પછીના તે-તે દેશમાં તે-તે અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમણ કરતા કરતા દક્ષિણ તરફના અંદર-અંદર ભાગમાં તેના આદિ પ્રદેશથી સર્વ બાહ્ય ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે.*

*તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્તા ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત્તા રાત્રિ થાય છે. આ પહેલા છ માસ અને આ પહેલા છ માસનું પર્યવસાન છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતો પહેલા અહોરાત્રમાં ઉત્તરના અંદરના ભાગથી તેના આદિ પ્રદેશથી બાહ્ય અનંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય બાહ્ય અનંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે એકસઠાંશ ભાગ ન્યૂન*

*અઠાર મુહૂર્તા રાત્રિ થાય છે અને બે એકસઠાંશ મુહૂર્ત અધિક બાર મુહૂર્ત દિવસ થાય છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં દક્ષિણના અંદરના ભાગથી તેના આદિ પ્રદેશમાં બાહ્ય અંતરના ત્રીજા ઉત્તરની અર્દ્ધ મંડલ સંસ્થિતિને સંક્રમીને ચાર ચરે છે.*

*તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અઠાર મુહૂર્ત રાત્રિમાં ચાર-એકસઠાંશ મુહૂર્ત અધિક થાય છે.*

*નિશ્ચે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય ત્યારપછી પછીના તે-તે દેશમાં તે-તે અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમણ કરતો-કરતો ઉત્તરના અંતર ભાગથી, તેના આદિ પ્રદેશમાં સર્વ અભ્યંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર દક્ષિણ અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત અઠાર મુહૂર્તનો દિવસ અને જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ થાય છે. આ બીજા છ માસ છે, આ બીજા છ માસનું પર્યવસાન છે.*

*આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.*

*[૨૩] તે ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિ કેવી કહી છે તે જણાવો ? આ જંબૂદ્વીપ દ્વીપ બધાં દ્વીપોની મધ્યે યાવત્ પરિધિથી છે. જ્યારે તે સૂર્ય સર્વાભ્યંતર ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઠાર મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત રાત્રિ થાય છે. જેમ દક્ષિણ અર્ધ-મંડલમાં કહ્યું તેમ જાણવું. વિશેષ એ કે ઉત્તર સ્થિત અભ્યંતર અનંતર દક્ષિણમાં સંક્રમણ કરે છે. દક્ષિણથી અભ્યંતર ત્રીજા ઉત્તરમાં સંક્રમણ કરે છે.*

*એ પ્રમાણે એ ઉપાયથી યાવત્ સર્વ બાહ્ય દક્ષિણમાં સંક્રમણ કરે છે. સર્વ બાહ્ય દક્ષિણમાં સંક્રમણ કરીને દક્ષિણથી બાહ્ય અનંતર ઉત્તરમાં સંક્રમે છે. ઉત્તરથી બાહ્ય ત્રીજા દક્ષિણમાં, દક્ષિણના ત્રીજાથી સંક્રમણ કરતો યાવત્ સર્વાભ્યંતરમાં પૂર્વવત્ સંક્રમણ કરે છે. આ બીજા છ માસ અને છ માસનો અંત છે.*

*આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે. ગાથાઓ જાણવી.*

● **વિવેચન-૨૨,૨૩ :-**

ता कहं ते. ઈત્યાદિ. ता - ક્રમ અર્થમાં છે, પૂર્વવત્ જાણવું. कथं - કયા પ્રકારે ભગવન્ ! તમારા મતમાં અર્ધમંડલ વ્યવસ્થા કહેલી છે તે કહો. પૂછતા આ અભિપ્રાય છે – અહીં એકૈક સૂર્ય એકૈક અહોરાત્ર વડે એકૈક મંડલના અર્દ્ધને ભ્રમણ વડે પૂરે છે. પછી સંશય છે - કઈ રીતે એકૈક સૂર્યની પ્રતિ અહોરાત્રથી એકૈક અર્ધમંડલની પરિભ્રમણ વ્યવસ્થા પૂછે છે.

અહીં ભગવન્ પ્રત્યુત્તર આપતા કહે છે – તેમાં અર્ધ મંડલ વ્યવસ્થા વિચારમાં



નિશ્ચિત આ બે અર્ધમંડલ સંસ્થિતિ મારા વડે કહેવાયેલ છે. તે આ રીતે – એક દક્ષિણા-દક્ષિણના દિગ્‌ભાવિ સૂર્ય વિષયક અર્ધમંડલ સંસ્થિતિ - અર્ધમંડલ વ્યવસ્થા. બીજી ઉત્તરની - ઉત્તર દિગ્‌ભાવી સૂર્ય વિષયક અર્ધમંડલ સંસ્થિતિ.

એ પ્રમાણે કહ્યું ત્યારે ફરી પૂછે છે – અહીં બે પણ અર્ધમંડલ સંસ્થિતિ જાણી, તેમાં આ ત્યાં સુધી હું પૂછું છું – ભગવન્ ! આપે કઈ રીતે દક્ષિણ દિગ્‌ભાવિ સૂર્ય વિષયક અર્ધમંડલ સંસ્થિતિ કહી છે તે કહો ? ભગવંતે કહ્યું – આ જંબૂદ્વીપ વાક્ય પૂર્વવત્ સ્વયં પરિપૂર્ણ વિચારી લેવું. તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતરમંડલગત દક્ષિણ અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પૂર્વવત્ ઉત્તમકાષ્ઠા-પ્રકર્ષને પ્રાપ્ત, ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

અહીં સર્વાભ્યંતર મંડલમાં પ્રવેશતા પહેલીક્ષણથી ઉદ્ધર્વમાં ધીમે ધીમે સર્વાભ્યંતર પછીના બીજા મંડલ અભિમુખ તથા કંઈક પણ મંડલગતિથી પરિભ્રમણ કરે છે, જેના વડે અહોરાત્ર સુધી સર્વાભ્યંતર મંડલગત ૪૮/૬૧ ભાગ બીજા અને બે યોજનને અતિક્રમીને સર્વાભ્યંતર અનંતર બીજા ઉત્તર અર્દ્ધમંડલ સીમામાં વર્તે છે. તેથી કહે છે – "તે નીકળતો એવો સૂર્ય૦" ઈત્યાદિ.

તે સૂર્ય સર્વાભ્યંતરગત પહેલી ક્ષણથી ઉર્ધ્વ ધીમે ધીમે નીકળતા અહોરાત્ર અતિક્રાંત થતા અભિનવ સંવત્સર આરંભ કરતાં નવા પ્રથમ અહોરાત્રમાં દક્ષિણ દિગ્ભાવી અંતરથી - સર્વાભ્યંતર મંડલગત ૪૮/૬૧ યોજન અધિક બે યોજન પ્રમાણ અપાંતરાલરૂપથી નીકળીને સર્વાભ્યંતર અનંતર ઉત્તર અર્દ્ધમંડલની આદિ પ્રદેશને આશ્રીને અભ્યંતર અનંતર - સર્વાભ્યંતર મંડલ અનંતરથી ઉત્તર અર્દ્ધમંડલ સંસ્થિતિ સંક્રમીને ચાર ચરે છે. તે આદિપ્રદેશથી ઉર્ધ્વ ધીમે ધીમે બીજા મંડલ અભિમુખ અહીં પણ તેવી રીતે ચરે છે, જેથી તે અહોરાત્રના પર્યન્તે તે મંડલ અને બીજા બે યોજન છોડીને દક્ષિણ દિગ્ભાવિ ત્રીજા મંડલની સીમામાં હોય છે.

ત્યારપછી જ્યારે સૂર્ય સર્વાભ્યંતર અનંતર બીજા ઉત્તર અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે દિવસ અઠાર મુહૂર્ત અને ૨/૬૧ ભાગ મુહૂર્ત ન્યૂન થાય છે અને જઘન્યા બાર મુહૂર્ત રાત્રિમાં ૨/૬૧ ભાગ મુહૂર્ત અધિક થાય છે. ત્યારપછી તે બીજા પણ ઉત્તર દિશાની અર્દ્ધ અધિક થાય છે. ત્યારપછી તે બીજા પણ ઉત્તર દિશાની અર્દ્ધ મંડલ સંસ્થિતિથી ઉક્ત પ્રકારે તે સૂર્ય નીકળતો અભિનવ સૂર્ય સંવત્સરના બીજા અહોરાત્રમાં ઉત્તરથી ઉત્તરદિશાવર્તી અંતરથી બીજા ઉત્તર અર્ધમંડલગત ૪૮/૬૧ ભાગ અધિક બે યોજન પ્રમાણ અપાંતરાલરૂપથી નીકળીને દક્ષિણ દિશાવર્તી ત્રીજા અર્દ્ધમંડલના આદિ પ્રદેશને આશ્રીને સર્વાભ્યંતર મંડલને આશ્રીને ત્રીજું દક્ષિણ અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે. અહીં પણ તે રીતે ચાર ચરે છે - આદિ પ્રદેશથી ઉર્ધ્વ ધીમે ધીમે બીજા મંડલ અભિમુખ ચાર ચરે છે, જેથી તે અહોરાત્ર પર્યન્ત તે મંડલગત ૪૮/૬૧ ભાગ યોજન અધિક બે યોજન છોડીને ચોથા ઉત્તર અર્ધમંડલની સીમામાં રહે છે.

ત્યારપછી જ્યારે સર્વાભ્યંતર મંડલથી ત્રીજી દક્ષિણ અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અઢાર મુહૂર્ત્ત દિવસ થાય છે, તેમાં $^{૪}/_{૬૧}$ મુહૂર્ત્ત ન્યૂન હોય છે અને રાત્રિ $^{૪}/_{૬૧}$ મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તા રાત્રિ થાય છે. એ પ્રમાણે ઉક્ત નીતિ વડે નિશ્ચિત આ ઉપાય વડે પ્રતિ અહોરાત્ર $^{૪૮}/_{૬૧}$ યોજન ભાગ અધિક બે યોજન વિકંપન રૂપથી નીકળતો સૂર્ય પછીના અનંતર અર્દ્ધમંડલથી અનંતર તે-તે દેશમાં દક્ષિણ પૂર્વભાવમાં અથવા તે-તે અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમણ કરતો-કરતો ૧૮૨માં અહોરાત્ર પર્યન્ત જતાં દક્ષિણથી-દક્ષિણ દિશાવર્તી અંતરથી ૧૮૨માં મંડલગત $^{૪૮}/_{૬૧}$ ભાગ યોજન અધિક તે અનંતર બે યોજન પ્રમાણથી અપાંતરાલરૂપ ભાગથી, તે સર્વ બાહ્ય મંડલગત ઉત્તરના અર્ધમંડલાદિ પ્રદેશને આશ્રીને સર્વ બાહ્ય ઉત્તર અર્ધ મંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે. તે આદિપ્રદેશથી ઉર્ધ્વ ધીમે ધીમે સર્વ બાહ્ય અનંતર અભ્યંતર દક્ષિણ અર્ધમંડલ અભિમુખ અને તથા કંઈક પણ ચરે છે, જેથી તે અહોરાત્રના અંતે સર્વ બાહ્ય અનંતર અભ્યંતર દક્ષિણ અર્ધમંડલ સીમા થાય છે.

ત્યારપછી જ્યારે સૂર્ય અને બાહ્ય ઉત્તર અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પરમપ્રકર્ષ ગત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. एस णं ઈત્યાદિ નિગમનવાક્ય પૂર્વવત્.

સૂર્ય સર્વ બાહ્ય ઉત્તર અર્ધમંડલાદિ પ્રદેશથી ઉર્ધ્વ ધીમે ધીમે સર્વ બાહ્ય અનંતર બીજી દક્ષિણ અર્દ્ધ મંડલ અભિમુખ સંક્રમતો તે જ અહોરાત્ર અતિક્રાંત થતાં અભ્યંતર પ્રવેશતો બીજી છ માસને આરંભતો બીજા છ માસના પહેલા અહોરાત્રમાં ઉત્તરથી ઉત્તર દિશાવર્તી સર્વ બાહ્ય મંડલગત અંતરથી સર્વ બાહ્ય અર્ધમંડલગત $^{૪૮}/_{૬૧}$ ભાગ અધિક તેની અનંતર પૂર્વવર્તી બે યોજન પ્રમાણ અપાંતરાલરૂપ ભાગથી, તે દક્ષિણ દિશાવર્તી સર્વ બાહ્ય અનંતર દક્ષિણ અર્ધમંડલના આદિ પ્રદેશને આશ્રીને સર્વ બાહ્ય મંડલના અનંતર અભ્યંતર દક્ષિણ અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે. અહીં પણ ચાર આદિ પ્રદેશથી ઉર્ધ્વ તેવા કોઈક પણ અભ્યંતર અભિમુખ વર્તે છે જેનાથી અહોરાત્ર પર્યન્ત સર્વ બાહ્ય મંડલથી અભ્યંતર ત્રીજા અર્ધમંડલની સીમામાં હોય છે.

ત્યારપછી સૂર્ય જ્યારે સર્વ બાહ્ય અનંતર દક્ષિણ અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે $^{૨}/_{૬૧}$ ભાગ ન્યૂન ૧૮ મુહૂર્ત્તની રાત્રિ થાય છે, બાર મુહૂર્ત્ત પ્રમાણ $^{૨}/_{૬૧}$ ભાગ અધિક દિવસ થાય છે.

ત્યારપછી તે અહોરાત્ર અતિક્રાંત થતાં સૂર્ય અભ્યંતર પ્રવેશતા બીજા છ માસના બીજો અહોરાત્ર અતિક્રાંત થતો સૂર્ય અભ્યંતર પ્રવેશ કરતાં બીજા છ માસના બીજા અહોરાત્રમાં દક્ષિણ ભાગથી દક્ષિણ દિગ્ભાગી અંતરથી દક્ષિણ દિશાવર્તી સર્વ બાહ્ય અનંતર બીજા મંડલગત $^{૪૮}/_{૬૧}$ ભાગ યોજન અધિક તેના અનંતર પૂર્વવર્તી બે યોજન પ્રમાણ અપાંતરાલ રૂપ ભાગથી બહાર નીકળીને તે સર્વ બાહ્યથી અભ્યંતર ત્રીજા ઉત્તર અર્ધ મંડલના આદિ પ્રદેશથી-આદિ પ્રદેશને આશ્રીને બાહ્ય ત્રીજા સર્વ



બાહ્ય અર્ધમંડલ સંસ્થિતિ થકી ત્રીજા ઉત્તર અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે. અહીં પણ ચાર આદિ પ્રદેશથી આરંભીને ધીમે ધીમે બીજા અર્ધમંડલ સામે તેવા કોઈક પ્રવર્તમાન દ્રષ્ટવ્યથી તે અહોરાત્ર પર્યન્ત સર્વ બાહ્ય અર્ધમંડલથી ત્રીજા પૂર્વના અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે $^{૪}/_{૬૧}$ ભાગ ન્યૂન ૧૮ મુહૂર્ત્તા રાત્રિ થાય છે, $^{૪}/_{૬૧}$ ભાગ અધિક બાર મુહૂર્ત્ત દિવસ થાય છે.

ઉક્ત પ્રકારથી નિશ્ચિત આ ઉપાયથી - પ્રતિ અહોરાત્ર અભ્યંતર $^{૪૮}/_{૬૧}$ યોજન અધિક બે યોજન વિકંપન રૂપથી ધીમે ધીમે અભ્યંતર પ્રવેશતો સૂર્ય તે અનંતર અર્ધમંડલથી પછીના અનંતર તે-તે પ્રદેશમાં દક્ષિણપૂર્વ ભાગમાં કે ઉત્તર-પશ્ચિમ ભાગમાં તે-તે અર્ધમંડલ સંસ્થિતિને સંક્રમ કરતો બીજા છ માસના ૧૮૨માં અહોરાત્ર પર્યન્ત જતાં ઉત્તરથી ઉત્તર દિશાવર્તી અંતરથી સર્વ બાહ્ય મંડલને આશ્રીને જે ૧૮૨મું મંડલ, તેમાં રહેલ $^{૪૮}/_{૬૧}$ ભાગ અધિક તે અનંતર અભ્યંતર બે યોજન પ્રમાણ અપાંતરાલ રૂપ ભાગથી સર્વ અભ્યંતર મંડલગત દક્ષિણના અર્ધમંડલના આદિ પ્રદેશને આશ્રીને સર્વાભ્યંતર દક્ષિણ અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, તે આદિ પ્રદેશથી ઉર્ધ્વ ધીમે ધીમે સર્વાભ્યંતર પછીના બાહ્ય ઉત્તર અર્ધમંડલ સામે તેવો કોઈક ચાર સ્વીકારે છે, જેથી તે અહોરાત્રના અંતે સર્વાભ્યંતર અનંતર ઉત્તર અર્ધમંડલની સીમા થાય છે.

તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર દક્ષિણ અર્ધમંડલ સંસ્થિતિને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ૧૮ મુહૂર્ત્ત પ્રમાણ દિવસ અને સર્વ જઘન્યા બાર મુહૂર્ત્ત રાત્રિ થાય છે. - x -

હવે ઉત્તરની અર્ધમંડલ સંસ્થિતિને જિજ્ઞાસુ પૂછે છે —

ત્યારપછી જ્યારે સૂર્ય સર્વાભ્યંતર ઉત્તર અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠ પ્રાપ્ત ૧૮-મુહૂર્ત્ત દિવસ અને જઘન્યા બાર મુહૂર્ત્ત રાત્રિ થાય છે. જે રીતે દક્ષિણ અર્ધમંડલ વ્યવસ્થિતિ પૂર્વે કહી છે. તે જ પ્રકારે આ ઉત્તર અર્ધમંડલ વ્યવસ્થિતિ કહેવી. વિશેષ એ કે — ઉત્તરમાં સ્થિત અભ્યંતર અનંતર દક્ષિણ પ્રતિ સંક્રમે છે, દક્ષિણથી અભ્યંતર ત્રીજા ઉત્તર મંડલમાં સંક્રમે છે. આ ઉપાયથી યાવત્ સર્વ બાહ્ય દક્ષિણે સંક્રમે છે. સર્વ બાહ્યથી બાહ્ય અનંતર ઉત્તરે સંક્રમે છે. ઉત્તરથી બાહ્ય ત્રીજા દક્ષિણમાં ત્રીજા દક્ષિણથી સંક્રમ કરતો-કરતો યાવત્ સર્વાભ્યંતર ઉત્તરમાં સંક્રમે છે. વિશેષ એ કે — આ દક્ષિણાર્ધ મંડલ વ્યવસ્થિતિથી આ ઉત્તરાર્દ્ધમંડલ વ્યવસ્થામાં વિશેષ - જે સર્વાભ્યંતર ઉત્તર અર્ધમંડલમાં સ્થિત રહી તે અહોરાત્ર અતિક્રાન્ત થતાં નવા વર્ષનો આરંભ કરતાં પહેલાં છ માસના પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર સર્વાભ્યંતર મંડલના અનંતર દક્ષિણ અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમે છે. તે અહોરાત્ર અતિક્રાંત થતાં પહેલા છ માસના બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા સર્વાભ્યંતરના મંડલના ત્રીજા ઉત્તર અર્ધમંડલ સંસ્થિતિમાં સંક્રમે છે. આ ઉપાયથી પૂર્વવત્ બધું કહેવું, તે ૧૮૩માં અહોરાત્રના પર્યવસાનરૂપ સર્વ બાહ્ય દક્ષિણ અર્ધમંડલ

સંસ્થિતિને સંક્રમે છે. આ પહેલાં છ માસનું પર્યવસાન છે. પછી બીજા છ માસના પહેલાં અહોરાત્રે બાહ્ય અનંતર સર્વ બાહ્ય મંડલની પૂર્વે ઉત્તરની અર્ધમંડલ સંસ્થિતિને સંક્રમે છે. ઈત્યાદિ બધું પૂર્વવત્ - x - x - બીજા છ માસનું પર્યવસાન થાય - x - તે અંગે પૂર્વવત્ પાઠ છે, તે વૃત્તિકારશ્રીએ નોંધેલ છે - x - x - x - *[અમે તે વૃત્તિનો અનુવાદ ફરી નોંધેલ નથી.]* આ બીજા છ માસ છે.

**૦ પ્રાભૃત-પ્રાભૃત-૨-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦**

— x — x — x — x — x — x — x —

## ❁ પ્રાભૃત-૧, પ્રાભૃત-પ્રાભૃત-૩ ❁

એ પ્રમાણે બીજું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું. હવે ત્રીજાને કહે છે, તેમાં અર્થાધિકાર ચીર્ણ પ્રતિચરણ છે. તેથી તેના વિષયના પ્રશ્ન સૂત્રને હવે કહે છે —

**● સૂત્ર-૨૪ :-**

*ક્યો સૂર્ય, બીજા સૂર્ય દ્વાર ચીર્ણ ક્ષેત્રનું પ્રતિચરણ કરે તેમ કહેલ છે ? તેમાં નિશ્ચે આ બે સૂર્યો કહ્યા છે. તે આ પ્રમાણે ભારતીય સૂર્ય અને ઐરવતીય સૂર્ય. તે બંને સૂર્યો પ્રત્યેક-પ્રત્યેક ત્રીશ-ત્રીશ મુહૂર્તોથી એક-એક અર્ધમંડલ ચરે છે. સાઠ-સાઠ મુહૂર્તથી એક-એક મંડલ સંઘાત કરે છે. તે નિષ્ક્રમણ કરતા નિશ્ચે આ બે સૂર્યો પરસ્પરના ચીર્ણ ક્ષેત્રમાં સંચરણ કરતા નથી, પ્રવેશ કરતા નિશ્ચે આ બે સૂર્યો એકમેકના ચિર્ણ ક્ષેત્રમાં સંચરે છે.*

*તે ૧૨૪ [?] તેમાં શો હેતુ છે ? આ જંબૂદ્વીપમાં યાવત્ પરિક્ષેપથી છે. તેમાં તેમાં આ ભરતક્ષેત્ર સંબંધી સૂર્ય જંબૂદ્વીપ દ્વીપના પૂર્વ-પશ્ચિમ લાંબા, ઉત્તર-દક્ષિણ પહોળી જીવાના ૧૨૪ ભાગ કરીને દક્ષિણ-પૂર્વના મંડળમાં ચોથા ભાગમાં ૯૨ સંખ્યાવાળા મંડળમાં પોતાના જ ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. ઉત્તર પશ્ચિમમાં મંડલના ચતુર્ભાગ મંડલમાં ૯૧માં સૂર્ય પોતાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરણ કરે છે. ત્યારે આ ભરતક્ષેત્રીય સૂર્ય ઐરવતના સૂર્યના જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ લાંબી જીવાને મંડલના ૧૨૪ ભાગ કરીને ઉત્તરપૂર્વમાં ચતુર્ભાગ મંડલમાં ૯૨ સૂર્ય યાવત્ બીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. દક્ષિણ-પશ્ચિમમાં ચતુર્ભાગ મંડલમાં ૯૧ સૂર્ય યાવત્ બીજાના ચિર્ણક્ષેત્રમાં સંચરે છે.*

*ત્યારે આ ઐરવતક્ષેત્રીય સૂર્ય જંબૂદ્વીપના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ લાંબી જીવાના મંડલના ૧૨૪ ભાગ કરીને ઉત્તરપૂર્વના ચતુર્ભાગ મંડલમાં ૯૨ સૂર્યમય યાવત્ સૂર્ય પોતાના જ ચિર્ણ ક્ષેત્રમાં સંચરે છે. દક્ષિણ-પશ્ચિમમાં ચતુર્ભાગ મંડલમાં ૯૧ સૂર્યમય યાવત્ સૂર્ય પોતાના ચીર્ણક્ષેત્રમાં સંચરે છે.*

*તેમાં આ ઐરવત ક્ષેત્રીય સૂર્ય, ભરતક્ષેત્રીય સૂર્યના જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ અને ઉત્તરદક્ષિણ લાંબી જીવાને મંડલના ૧૨૪ ભાગથી છેદીને દક્ષિણ-પશ્ચિમના ચતુર્ભાગ મંડલમાં ૯૨ સૂર્યમય સૂર્ય બીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે.*



*ઉત્તર-પૂર્વના ચતુર્ભાગ મંડલમાં ૯૧-સૂર્યમય સૂર્ય બીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે.*

*તે નિષ્ક્રમણ કરતા આ બે સૂર્યો પરસ્પર એકબીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. પ્રવેશ કરતા આ બે સૂર્યો એકબીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. આ ૧૨૪ છે. ગાથાઓ.*

**● વિવેચન-૨૪ :-**

હે ભગવન્ ! શું સૂર્ય સ્વયં અથવા બીજાએ ચીર્ણક્ષેત્રમાં પ્રતિચરે છે, તેવું કહેલ છે ? એ પ્રમાણે ગૌતમસ્વામીએ કહેતા ભગવંત વર્ધમાનસ્વામી જણાવે છે — આ જંબૂદ્વીપમાં પરસ્પર ચીર્ણક્ષેત્રના સંચરણની વિચારણામાં નિશ્ચિત યથાવસ્થિત વસ્તુતત્ત્વને આશ્રીને આ બે સૂર્યો કહેલ છે. તે આ પ્રમાણે — ભારતીય સૂર્ય, ઐરવતીય સૂર્ય. આ બંને સૂર્યો પ્રત્યેક ત્રીશ મુહૂર્ત વડે એક એક અર્ધમંડલમાં ચરતા ૬૦-૬૦ મુહૂર્તથી ફરી પ્રત્યેક એકૈક પરિપૂર્ણ મંડલને પૂરે છે.

તેમાં સૂર્યસત્ક એકૈક સંવત્સરમાં આ બંને પણ સૂર્યો સર્વાભ્યંતર મંડલથી નીકળતા એકબીજાના ચીર્ણ ક્ષેત્રમાં સંચરતા નથી. એક પણ બીજાના ચીર્ણ ક્ષેત્રમાં પ્રતિચરતો નથી કે બીજો પહેલાના ક્ષેત્રમાં પ્રતિચરતો નથી. - x - સર્વ બાહ્ય મંડલથી અભ્યંતરમાં પ્રવેશતા બંને પણ સૂર્ય પરસ્પરના ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે. તે આ પ્રમાણે - ૧૨૪, અર્થાત્ જેના ૧૨૪ સંખ્યા ભાગથી મંડલ પૂરાય છે, તે ૧૨૪માં બંને સૂર્યના સમુદાયની વિચારણામાં પરસ્પર ચીર્ણ-પ્રતિચીર્ણ પ્રતિમંડલ પ્રાપ્ત થાય છે, તેને સમજવા પ્રશ્ન સૂત્ર કહે છે —

આ પ્રકારની વસ્તુતત્ત્વ વ્યવસ્થાને સમજવામાં શો હેતુ છે ? શી ઉપપત્તિ છે ? તે માટે ભગવન્ કહે છે — ता अयण्णं ઈત્યાદિ. તે જંબૂદ્વીપમાં આ ભરતક્ષેત્રમાં જે ચાર ચરવાનો શરૂ કરે છે, તે ભરતક્ષેત્રને પ્રકાશતો હોવાથી 'ભારત' કહેવાય છે. જે બીજો છે, તે જ સર્વ બાહ્ય મંડલના ઉત્તર અર્ધમંડલમાં ચાર ચરે છે, તે ઐરવત ક્ષેત્રને પ્રકાશતો હોવાથી ''ઐરાવત'' કહેવાય છે. તેમાં આ પ્રત્યક્ષ જણાતા જંબૂદ્વીપના સંબંધી ભારતનો સૂર્ય જે મંડલમાં ભ્રમણ કરે છે, તે-તે મંડલને ૧૨૪ વડે ભાગ કરીને ૧૨૪ ભાગોને તે-તે મંડલના ભાગરૂપે કલ્પવા અને સૂર્યની પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ લાંબી જીવા છે. તે મંડલને ચાર ભાગે વિભાગ કરી દક્ષિણ-પૂર્વ અર્થાત્ અગ્નિકોણ. તે-તે મંડલના ચોથા ભાગમાં એક સૂર્યસંવત્સરના બીજા છ માસ મધ્યે ૯૨ મંડલમાં સ્વયં સૂર્ય વડે ચીર્ણ, અર્થાત્ પૂર્વના સર્વાભ્યંતર મંડલથી નીકળતા સ્વચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે, તેમ જાણવું. આ જ વાત સૂત્રમાં જણાવે છે કે — સૂર્ય સ્વયં પૂર્વ સર્વાભ્યંતર મંડળથી નિષ્ક્રમણકાળમાં ચીર્ણ ક્ષેત્રમાં સંચરે છે, પણ પરિપૂર્ણ ચતુર્ભાગમાં નહીં. પરંતુ સ્વ-સ્વ મંડલગત ૧૨૪ ભાગના ૧૮-૧૮ ભાગ માપવા. આ અઢાર-અઢાર ભાગો બધાં મંડલોના પ્રતિનિયત દેશમાં ન હોય, પરંતુ કોઈક મંડલમાં ક્યાંક હોય, તે પણ દક્ષિણ-પૂર્વ મંડલરૂપ ચતુર્ભાગ મધ્યમાં હોય.

ત્યારપછી જે પ્રમાણે દક્ષિણ-પૂર્વમાં ચતુર્ભાગ મંડલ કહ્યું તેમ ઉત્તરમાં પણ

ચતુર્ભાગ મંડલમાં ૧૮-ભાગના માપથી વિચારી લેવું.

તે જ ભારતીય સૂર્ય, તેમાં જ બીજા છ માસ મધ્યે ઉત્તરપશ્ચિમ ચતુર્ભાગ મંડલમાં ૯૧ સંખ્યક મંડલ સ્વસ્વ મંડલગત ૧૨૪ ભાગ મધ્યે ૧૮-૧૮ ભાગથી માપવો.

સ્વયં સૂર્ય વડે પૂર્વના સર્વાભ્યંતર મંડલથી નીકળવાના કાળે ચીર્ણ ક્ષેત્રને પ્રતિચરે છે, તેમ જાણવું. આ જ વાત સૂત્રકાર પણ કહે છે — સૂર્ય પોતાના જ ચીર્ણને પ્રતિચરે છે.

આ સર્વ બાહ્ય મંડલથી શેષ મંડલો ૧૮૩ સંખ્યક, તે બંને પણ સૂર્યો વડે બીજા છ માસ મધ્યમાં, પ્રત્યેકમાં ભ્રમણ કરે છે. બધાં જ દિશા ભાગોમાં પ્રત્યેક એક મંડલ એક સૂર્ય વડે પરિભ્રમણ કરાય છે. બીજું બીજા વડે. એ પ્રમાણે યાવત્ સૌથી છેલ્લા મંડલ સુધી જાણવું. તેમાં દક્ષિણ-પૂર્વ દિશાભાગમાં બીજા છ માસમાં ભારતીય સૂર્ય ૯૨ મંડલો પરિભ્રમણ કરે છે અને ૯૧ મંડલ ઐરાવત સૂર્ય ભમે છે. ઉત્તર-પશ્ચિમ દિશાભાગમાં ૯૨ મંડલ ઐરાવત સૂર્ય ભમે છે અને ૯૧ મંડલ ભારત સૂર્ય ભમે છે આ પટ્ટિકાદિમાં મંડલ સ્થાપના કરીને વિચારવું. તેથી કહ્યું છે — દક્ષિણ-પૂર્વમાં ૯૨-સંખ્યક મંડલો અને ઉત્તર-પશ્ચિમમાં ૯૧-સંખ્યક મંડલો ભારતીય સૂર્ય સ્વયં ચીર્ણને પ્રતિચરે છે.

એ પ્રમાણે ભારતસૂર્યના પોતાના ચીર્ણ પ્રતિચરણ પરિણામ કહ્યા, હવે તે જ ભારત સૂર્યના બીજાએ ચીર્ણ પ્રતિચરણ પરિણામોને કહે છે — આ પ્રત્યક્ષ પ્રાપ્ત જંબૂદ્વીપ સંબંધી ભારતનો સૂર્ય જે મંડલમાં ભમે છે, તે - તે મંડલને ૧૨૪ ભાગથી છેદીને ફરી પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર દક્ષિણ લાંબી જીવા વડે તે-તે મંડલને ચાર વડે વિભાગ કરીને ઉત્તર-પૂર્વ અર્થાત્ ઈશાન કોણ. તે-તે મંડલના ચોથા ભાગમાં તેના જ બીજા છ માસ મધ્યમાં ઐરવતનો સૂર્ય ૯૨ સંખ્યક ઐરવત સૂર્યથી પૂર્વ નિષ્ક્રમણ કાળમાં ચીર્ણ ક્ષેત્રને પ્રતિચરે છે અને દક્ષિણ-પશ્ચિમ મંડલ ચતુર્ભાગમાં ૯૧ સંખ્યક ઐરવતના સૂર્યનો અહીં પણ સંબંધ જોડે છે.

ઉક્ત કથનનો આ અર્થ છે — ''ઐરવતના સૂર્યના સંબંધી સૂર્ય મતો અર્થાત્ ઐરવત સૂર્યથી પૂર્વ નિષ્ક્રમણ કાળે મતીકૃતને પ્રતિચરે છે. આજ વાત સૂત્રકારશ્રીએ કહેલ છે — સૂર્ય બીજાના ચીર્ણ ક્ષેત્રને પ્રતિચરે છે, વ્યાખ્યા પૂર્વવત્.

અહીં પણ એક વિભાગમાં ૯૨ અને એક ભાગમાં ૯૧ સંખ્યકમાં ભાવના પૂર્વવત્ ભાવવી. તે આ પ્રમાણે — ભારતનો સૂર્ય દક્ષિણપૂર્વમાં ૯૨ સંખ્યક અને ઉત્તર પશ્ચિમમાં ૯૧ સંખ્યક સ્વયં ચીર્ણ અને ઉત્તર પૂર્વમાં ૯૨ સંખ્યક અને દક્ષિણ પશ્ચિમમાં ૯૧ સંખ્યક ઐરાવતના સૂર્યના ચીર્ણ ક્ષેત્રમાં પ્રતિચરે છે, એ પ્રમાણે જાણવું.

હવે ઐરવતનો સૂર્ય ઉત્તરપશ્ચિમ દિશા ભાગમાં ૯૨ સંખ્યક મંડલોને અને દક્ષિણપશ્ચિમમાં ૯૨ સંખ્યક અને ઉત્તરપૂર્વમાં ૯૧ સંખ્યક ભારતના સૂર્યના ચીર્ણ ક્ષેત્રને પ્રતિચરે છે એમ પ્રતિપાદિત કરે છે - ''તે આ ઐરવતીય સૂર્ય'' ઈત્યાદિ.

હવે ઉપસંહારને કહે છે — ''તે નિષ્ક્રમણ કરતો'' ઈત્યાદિ આનો આ ભાવાર્થ



છે — આ ભારતનો સૂર્ય અભ્યંતર પ્રવેશ કરતા પ્રતિમંડલને બે ચતુર્ભાગ સ્વયં ચીર્ણમાં પ્રતિચરે છે અને બે પરચીર્ણમાં, ઐરવતીય પણ અભ્યંતર પ્રવેશ કરતા પ્રતિમંડલને બે ચતુર્ભાગ સ્વચીર્ણમાં પ્રતિચરે છે, બે પરચીર્ણમાં પ્રતિચરે છે. સર્વ સંખ્યા વડે પ્રતિમંડલને એકૈક અહોરાત્રદ્વયથી બંને સૂર્ય ચીર્ણ-પ્રતિચરણ વિવક્ષામાં આઠ ચતુર્ભાગ પ્રતીચીર્ણ પ્રાપ્ત થાય છે. તે ચતુર્ભાગ ૧૨૪માં અઢાર ભાગથી માપેલ છે. તે પૂર્વવત્ કહેવું. પછી અઢાર વડે ગુણિત ૧૪૪ ભાગો થાય છે. તેથી એવું કહે છે કે — ''પ્રવેશ કરતા નિશ્ચે આ બબ્બે સૂર્યો એકબીજાના ચીર્ણ ક્ષેત્રમાં પ્રતિ ચરે છે, તે આ પ્રમાણે - ૧૨૪ ઈત્યાદિ.''

ગાથાઓ - અહીં પણ આ અર્થની પ્રતિપાદકા કોઈપણ સુપ્રસિદ્ધ ગાથા પ્રવર્તતી હતી, પરંતુ તે વિચ્છેદ પામી છે, તેથી કંઈ કહેવું શક્ય નથી અથવા તે જેમ સંપ્રદાય હોય તેમ જાણવી, તે તે પ્રમાણે કહેવા.

૦ પ્રાભૃત-પ્રાભૃત-૩નો સટીક અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x -- x -- x --

## ❀ પ્રાભૃત-૧, પ્રાભૃત-પ્રાભૃત-૪ ❀

એ પ્રમાણે ત્રીજું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું, હવે ચોથું કહે છે તેના આ અર્થાધિકાર છે, કેટલાં પ્રમાણમાં પરસ્પર અંતર કરીને ચાર ચરે છે. તેથી તદ્વિષયક સૂત્ર કહે છે —

● **સૂત્ર-૨૫ :-**

*કઈ રીતે આ બન્ને સૂર્યો એકબીજાનું અંતર કરીને ચાર ચરે છે ? તેમ આપે કહેલ છે. તેમાં નિશ્ચે આ છ પ્રતિપત્તિઓ કહેલી છે — તેમાં -*

*કોઈ એક પરમતવાદી કહે છે કે બંને સૂર્ય પરસ્પર ૧૧૩૩ યોજનનું અંતર રાખી ચાર ચરે છે, - x -*

*બીજા કોઈ એક એમ કહે છે કે — તે બંને સૂર્યો ૧૧૩૪ યોજન પરસ્પર અંતર રાખીને ચાર ચરે છે - x -*

*ત્રીજો કોઈ પરમતવાદી એમ કહે છે કે — તે બંને સૂર્યો પરસ્પર ૧૧૩૫ યોજનનું અંતર રાખીને ચાર ચરે છે - x -*

*એ પ્રમાણે ચોથો પરમતવાદી કહે છે કે બંને સૂર્યો પરસ્પર એક દ્વીપ-સમુદ્રનું અંતર રાખીને ગતિ કરે છે - x -*

*પાંચમો કોઈ પરમતવાદી કહે છે કે તે બંને સૂર્યો પરસ્પર બે દ્વીપ-સમુદ્રનું અંતર રાખીને ગતિ કરે છે.*

*છઠ્ઠો કોઈ પરમતવાદી કહે છે કે તે બંને સૂર્યો પરસ્પર ત્રણ દ્વીપ-સમુદ્રનું અંતર રાખીને ચાર ચરે છે - x -*

*[એ પ્રમાણે છ પ્રતિપત્તિઓ કહેવાયેલ જાણવી.]*

*પરંતુ અમે [ભગવંત] એમ કહીએ છીએ કે આ બંને સૂર્યો પાંચ-પાંચ યોજન અને એક યોજનના પાત્રીશ-એકસઠાંશ [૩૫/૬૧] ભાગ એકૈક મંડલમાં પરસ્પર અંતરને વધારતા કે ઘટાડતા ચાર ચરે છે [ગતિ કરે છે.]*

*તેમાં કયો હેતુ કહેવાયેલ છે ? તે કહો.*

*આ જંબૂદ્વીપ દ્વીપ યાવત્ પરિધિથી કહેલ છે. તે જ્યારે આ બંને સૂર્યો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે પરસ્પર ૯૯,૬૪૦ યોજનનું પરસ્પર અંતર રાખીને ચાર ચરે છે, તેમ કહેલ છે.*

*તે વખત ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતા સૂર્યો નવા સંવત્સરનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે આ બે સૂર્યો અભ્યંતર અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૯૯,૬૪૫ યોજન અને એક યોજનના પચીશ એકસઠાંશ [૨૫/૬૧] ભાગ ન્યૂન દિવસ અને બે-એકસઠાંશ ભાગ અધિક રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતા સૂર્યો બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, તો જ્યારે બંને સૂર્યો અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે ૯૯,૬૫૧ યોજન અને એક યોજનના નવ-એકસઠાંશ [૯/૬૧] ભાગ પરસ્પર અંતર કરીને ગતિ કરે છે, તેમ કહેલ છે, ત્યારે ચાર-એકસઠાંશ ૪/૬૧ ભાગ ન્યૂન અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે અને ચાર-એકસઠાંશ ભાગ અધિક બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે, તેમ જાણવું.*

*એ પ્રમાણે આ ઉપાયથી નિષ્ક્રમણ કરતા આ બે સૂર્યો ત્યારપછી અનંતરથી અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતા-કરતાં પાંચ-પાંચ યોજન અને પાત્રીશ એકસઠાંશ [૩૫/૬૧] યોજનના એક-એક મંડલમાં પરસ્પર અંતરને વધારતા-વધારતા સર્વ બાહ્ય મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે. ત્યારે ૧,૦૦,૬૬૦ યોજન એકબીજાથી અંતર કરીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. આ પહેલાં છ માસ છે અને આ પહેલાં છ માસોનું પર્યવસાન છે.*

*તે પ્રવેશ કરતાં બંને સૂર્યો બીજા છ માસનો આરંભ કરતાં પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે આ બે સૂર્યો બાહ્ય અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧,૦૦,૬૫૪ યોજન અને એક યોજનના છત્રીશ એકસઠાંશ [૩૬/૬૧] ભાગ પરસ્પર અંતર કરીને ચાર ચરે છે, તેમ કહેવું. તે વખતે બે એકસઠાંશ મુહૂર્ત્ત ન્યૂન અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે અને બે એકસઠાંશ [૨/૬૧] મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.*



*તે પ્રવેશ કરતાં બંને સૂર્યો બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે આ બે સૂર્યો બાહ્ય ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧,૦૦,૬૪૮ યોજન અને એક યોજનના બાવન એકસઠાંશ [૫૨/૬૧] ભાગ એકબીજાથી અંતર રાખીને ચાર ચરે છે. તે વખતે ચાર એકસઠાંશ [૪/૬૧] મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.*

*એ પ્રમાણે નિશ્ચે આ ઉપાય વડે પ્રવેશ કરતા આ બે સૂર્યો પછીના અનંતરથી તેના અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતાં પાંચ-પાંચ યોજન અને એક યોજનના પાત્રીશ એકસઠાંશ [૩૫/૬૧] ભાગ, એક એક મંડલમાં એકબીજાથી અંતર ઘટાડતાં-ઘટાડતાં સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે. જ્યારે આ બે સૂર્યો સર્વ અભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૯૯,૬૪૦ યોજનોનું પરસ્પર અંતર કરીને ચાર ચરે છે, તે વખતે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.*

*આ બીજા છ માસ છે, આ બીજા છ માસનું પર્યવસાન છે. આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.*

**● વિવેચન-૨૫ :-**

આ બંને પણ સૂર્યો જંબૂદ્વીપમાં છે, તે કેટલા પ્રમાણનું પરસ્પર અંતર કરીને ગતિ કરે છે. ચરતા એવા સૂર્યો કહો. આ પ્રમાણે ગૌતમસ્વામીએ પ્રશ્ન કરતાં બાકીના કુમત વિષયક તત્ત્વબુદ્ધિનો નિરાસ કરવા પરમતરૂપ પ્રતિપત્તિને દર્શાવે છે - તે પરસ્પર અંતર વિચારણામાં નિશ્ચિતપણે આ કહેવાનાર સ્વરૂપવાળી છ પ્રતિપત્તિઓ અર્થાત્ મતો, જે યથા-પોતાની રુચિ પ્રમાણે વસ્તુ સ્વીકાર લક્ષણા, તે-તે અન્ય તીર્થિકોએ કહેલી છે, તે જ દર્શાવે છે —

તે છ તે- તે પ્રતિપત્તિ પ્રરૂપક અન્યતીર્થિકો મધ્યે એક અન્યતીર્થિક પહેલાં પોતાના શિષ્ય પ્રત્યે આ પ્રમાણે કહે છે — તે ૧૧૩૩ યોજનનું પરસ્પર અંતર કરીને જંબૂદ્વીપમાં બે સૂર્યો ચાર ચરે છે, આ પ્રમાણે કહેલ છે, તેમ તમારે તમારા શિષ્યોને પણ કહેવું. અહીં ઉપસંહારમાં કહે છે — એક અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે. આ પ્રમાણે બધે અક્ષરયોજના કરવી.

વળી બીજા એક અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે — ૧૧૩૪ યોજનનું પરસ્પર અંતર કરીને ચાર ચરે છે.

ત્રીજો કોઈ એક વળી આ પ્રમાણે કહે છે — ૧૧૩૫ યોજન પરસ્પર અંતર કરીને ચાર ચરે છે.

વળી કોઈ એક ચોથા એમ કહે છે કે — એક દ્વીપ અને એક સમુદ્રનું પરસ્પર અંતર કરીને ચાર ચરે છે.

વળી કોઈ એક પાંચમો આ પ્રમાણે કહે છે કે — બે દ્વીપ અને બે સમુદ્રનું

પરસ્પર અંતર કરીને ચાર ચરે છે.

કોઈ એક છટ્ઠો વળી એમ કહે છે – ત્રણ દ્વીપ અને ત્રણ સમુદ્રનું પરસ્પર અંતર કરીને ચાર ચરે છે.

આ બધાં જ અન્યતીર્થિકો મિથ્યાવાદી છે, કેમકે અયથા તત્ત્વ વસ્તુની વ્યવસ્થાપના કરે છે. તેથી કહે છે –

અમે [ભગવંત પોતે] કેવળજ્ઞાનનો લાભ પામેલ, પરતીર્થિક વ્યવસ્થાપિત વસ્તુ વ્યવસ્થાનો નિરાસ કરતાં એ પ્રમાણે - હવે કહેવાનાર પ્રકારથી કેવળજ્ઞાન વડે યથાવસ્થિત વસ્તુ તત્ત્વ પામીને કહીએ છીએ. ભગવન્ ! આપ કઈ રીતે આમ કહો છો ? ત્યારે કહે છે – બીજી વક્તવ્યતા છોડી અહીં ત્યાં સુધી કહે છે –

બંને સૂર્યો સર્વ અભ્યંતર મંડલથી નીકળતાં પ્રતિમંડલ પાંચ-પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ પૂર્વ-પૂર્વ મંડલગત અંતર પરિમાણની વૃદ્ધિ કરતાં, અહીં 'वा' શબ્દ ઉત્તર વિકલ્પ અપેક્ષાથી સમુચ્ચય અર્થમાં છે અને ઘટાડતાં અર્થાત્ સર્વ બાહ્ય મંડલથી અભ્યંતરમાં પ્રવેશતા બંને સૂર્યો પાંચ-પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ ઘટાડતા-ઘટાડતા પૂર્વ-પૂર્વ મંડલગત અંતર પરિમાણથી. અહીં 'वा' શબ્દ પૂર્વ વિકલ્પની અપેક્ષાથી સમુચ્ચયાર્થે છે. બંને સૂર્યો ચાર ચરે છે, "ચરતા કહ્યા છે" એમ તમારે તમારા પોતાના શિષ્યોને કહે છે.

એ પ્રમાણે ભગવંતે કહેતા ગૌતમસ્વામી પોતાના શિષ્યોમાં નિઃશંકિતત્વની વ્યવસ્થાપનાર્થે ફરી પૂછે છે –

તેમાં આવા પ્રકારના વસ્તુતત્ત્વ વ્યવસ્થાના બોધમાં શો હેતુ-કઈ ઉપપતિ છે, તે કૃપા કરીને કહો –

ભગવંતે કહ્યું – આ જંબૂદ્વીપ સ્વરૂપ પ્રતિપાદક વાક્ય પૂર્વવત્ પરિપૂર્ણ સ્વયં વિચારી લેવું.

આ જંબૂદ્વીપ પ્રસિદ્ધ ભરત અને ઐરવતમાં બંને પણ સૂર્યો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે. ત્યારે ૯૯,૬૪૦ યોજન પરસ્પર અંતર કરીને ચાર ચરે છે. એ પ્રમાણે ગતિ કહી છે, તેમ કહેવું.

કઈ રીતે સર્વાભ્યંતર મંડલમાં બંને સૂર્યો પરસ્પર આટલા પ્રમાણમાં અંતર કઈ રીતે કહ્યું છે ? તે કહે છે –

આ જંબૂદ્વીપ એક લાખ યોજન પ્રમાણ વિષ્કંભ છે, તેમાં કોઈ પણ સૂર્ય જંબૂદ્વીપની મધ્યે ૧૮૦ યોજન જઈને સર્વાભ્યંતર મંડલમાં ચાર ચરે છે, બીજો સૂર્ય પણ ૧૮૦ યોજન જઈને [ચાર ચરે છે.] એ રીતે ૧૮૦ + ૧૮૦ = ૩૬૦ થાય છે. આ પ્રમાણ જંબૂદ્વીપમાં વિષ્કંભ પરિમાણરૂપ એક બાળમાંથી બાદ કરતાં ઉક્ત ૯૯,૬૪૦નું પ્રમાણ આવે છે.

ત્યારે સર્વાભ્યંતર બંને પણ સૂર્યોના ચરણ કાળમાં પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્ત દિવસ થાય છે અને સર્વ જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.



ત્યારપછી સર્વ અભ્યંતર મંડલથી તે બંને પણ સૂર્યો નીકળતા નવા સૂર્ય સંવત્સરનો આરંભ કરતાં નવા સૂર્ય સંવત્સરના પહેલા અહોરાત્રમાં અભ્યંતર અનંતર-સર્વ અભ્યંતર મંડલથી અનંતર બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે આ બંને પણ સૂર્યો સર્વ અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૯૯,૬૩૫ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ પ્રમાણ પરસ્પર અંતર કરીને ચાર ચરે છે. "ચરતા એવા કહ્યા છે" તેમ કહેવું.

તો આટલા પ્રમાણમાં અંતર કઈ રીતે છે ? તે કહે છે – અહીં એક પણ સૂર્ય સર્વાભ્યંતર મંડલગત ૪૮/૬૧ યોજન અને બીજા બે યોજન વિકંપીને સર્વાભ્યંતર પછીના બીજા મંડલમાં ચરે છે, એ પ્રમાણે બીજો સૂર્ય પણ જાણવો. તેથી બે યોજન અને ૪૮/૬૧ ભાગ યોજનને બે વડે ગુણવામાં આવે છે. ગુણવાથી પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ થાય છે. આટલા અધિક પૂર્વ મંડલગત અંતર પરિમાણથી અહીં પ્રાપ્ત થાય છે, તેથી પૂર્વોક્ત અંતર પરિમાણ થાય છે. તે વખતે સર્વ અભ્યંતરના અનંતર બીજા મંડલમાં ચાર ચરણ કાળમાં અઢાર મુહૂર્ત્તના દિવસમાં બે-એકસઠાંશ [૨/૬૧] મુહૂર્ત્ત ન્યૂન થાય છે અને રાત્રિના બાર મુહૂર્ત્તમાં બે-એકસઠાંશ ભાગ અધિક થાય.

ત્યારપછી, તે બીજા પણ મંડલથી નીકળતા એવા બંને સૂર્યો નવા સૂર્ય સંવત્સરના બીજા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડલના ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તે જ્યારે આ બે સૂર્યો સર્વાભ્યંતર મંડલના ત્રીજા મંડલમાં સંક્રમીને ચારે ચરે છે, ત્યારે ત્રીજા મંડલ ચાર ચરણકાળે ૯૯,૬૫૧ યોજન અને એક યોજનના ૯/૬૧ ભાગ પરસ્પર અંતર કરીને ચાર ચરે છે. એ પ્રમાણે કહેલું છે તેમ કહેવું. આ પ્રમાણ કઈ રીતે છે તે જણાવે છે –

અહીં એક સૂર્ય સર્વાભ્યંતર બીજા મંડલમાં ગયેલ ૪૮/૬૧ ભાગ અને બીજા બે યોજન વિકંપીને ચાર ચરે છે, બીજો પણ તેમજ ચરે છે, તેથી બે યોજન અને યોજનના ૪૮/૬૧ ભાગને બે વડે ગુણતાં પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ ભાગ થાય છે. આટલા પૂર્વમંડલગત અંતર પરિણામથી અહીં અધિક પ્રાપ્ત થાય છે. તેથી પૂર્વોક્ત અંતર પરિમાણ થાય છે.

જ્યારે સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં ચાર ચરે છે, ત્યારે ૪/૬૧ મુહૂર્ત્ત અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે અને ૪/૬૧ મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તા રાત્રિ થાય છે.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી નિશ્ચિત આ ઉપાયથી પ્રતિ મંડલ એકથી એક સૂર્ય બે યોજન અને ૪૮/૬૧ ભાગ વિકંપીને ચાર ચરે છે, બીજાથી બીજો સૂર્ય પણ એ રૂપથી નિષ્ક્રમણ કરતા તે જંબૂદ્વીપગત બે સૂર્યો પૂર્વથી પૂર્વ તે અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો એક-એક મંડલમાં પૂર્વ-પૂર્વ મંડલગત અંતર પરિમાણની અપેક્ષાથી પાંચ-પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ ભાગ પરસ્પર વધારતાં વધારતા નવા સૂર્ય સંવત્સરના ૧૮૩માં અહોરાત્રમાં પહેલાં છ માસના પર્યવસાનભૂત સર્વ બાહ્ય

મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. પછી જ્યારે આ બે સૂર્યો સર્વબાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે ૧,૦૦,૬૬૦ યોજન પરસ્પર અંતર કરીને ચાર ચરે છે. તે કઈ રીતે જાણવું ?

અહીં પ્રતિમંડલમાં પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ ભાગ અંતર પરિમાણ વિચારવામાં વધતો જતો પ્રાપ્ત થાય છે અને સર્વાભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલને ૧૮૩માં પામે છે પછી પાંચ યોજનોને ૧૮૩ વડે ગુણતાં ૯૧૫ સંખ્યા પ્રાપ્ત થાય છે. તથા ૬૧ ભાગની ૩૫ સંખ્યાને ૧૮૩ વડે ગુણતાં ૬૪૦૫ થાય છે, તેમાં ૬૧ વડે ભાગ કરતાં ૧૦૫ની સંખ્યા આવે. તેમાં પૂર્વોક્ત રાશિ ઉમેરતાં ૧૦૨૦ની સંખ્યા આવશે. આ સર્વાભ્યંતર મંડલગત ઉત્તર પરિમાણમાં ૯૯,૬૪૦ રૂપ ઉમેરાશે. ત્યારે યથોક્ત સર્વ બાહ્ય મંડલ અંતર પરિમાણ થશે. ત્યારે સર્વ બાહ્ય મંડલ ચાર ચરણ કાળમાં પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તા રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

તે બે સૂર્યો પછી સર્વ બાહ્ય મંડલથી અભ્યંતરમાં પ્રવેશતા, બંને સૂર્યો બીજા છ માસનો આરંભ કરતા બીજા છ માસના પહેલાં અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલથી પૂર્વના અનંતર બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧,૦૦,૬૫૪ યોજન અને યોજનના ૨૬/૬૧ ભાગના પરસ્પર અંતર કરીને ચાર ચરે છે. ''ચરે છે એમ કહેલ છે'' તે કહેવું. આ બંને કઈ રીતે સર્વબાહ્ય મંડલના પૂર્વના બીજા મંડલમાં પરસ્પર અંતરકરણ થાય છે ?

અહીં એક પણ સૂર્ય સર્વબાહ્ય મંડલગત ૪૮/૬૧ યોજન અને બીજા બે યોજન અભ્યંતર પ્રવેશતા સર્વ બાહ્ય મંડલથી પૂર્વે બીજા મંડલમાં ચાર ચરે છે, બજો પણ તેટલો ચાર ચરે છે. તેથી સર્વ બાહ્ય ગત ૪૮ અંતર પરિમાણથી, અહીં અંતર પરિમાણને પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ યોજન પ્રાપ્ત થાય છે, તેનાથી યથોક્ત અંતર પરિમાણ થાય છે. ત્યારે સર્વ બાહ્ય અનંતર પૂર્વના બીજા મંડલમાં ચાર ચરણ કાળે ૨/૬૧ ભાગ મુહૂર્ત વડે ન્યૂન અઢાર મુહૂર્તની રાત્રિ થાય અને તેટલો અધિક બાર મુહૂર્ત દિવસ થાય.

ત્યારપછી તે પણ સર્વ બાહ્ય મંડલ પૂર્વેના બીજા મંડલથી અભ્યંતર પ્રવેશતા તે બે સૂર્યો બીજા છ માસના બીજા અહોરાત્રમાં, સર્વ બાહ્ય મંડલથી પૂર્વે ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તેમાં જ્યારે આ બે સૂર્યો સર્વ બાહ્ય મંડલની પૂર્વેના ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૧,૦૦,૬૪૮ યોજન અને એક યોજનના ૫૨/૬૧ ભાગ પરસ્પર અંતર કરીને ચાર ચરે છે. પૂર્વોક્ત યુક્તિથી પૂર્વમંડલગત અંતર પરિમાણથી અહીં અંતર પરિમાણના પાંચ યોજન અને ૩૫/૬૧ યોજન હીનપણાથી છે. ત્યારે સર્વ બાહ્ય મંડલથી પૂર્વે ત્રીજા મંડલના ચાર ચરણ કાળમાં અઢાર મુહૂર્તમાં ૪/૬૧ ભાગ ન્યૂન મુહૂર્તની રાત્રિ થાય છે અને ૪/૬૧ ભાગ અધિક બાર મુહૂર્તનો દિવસ થાય છે.

એ રીતે ઉક્ત પ્રકારથી નિશ્ચિત આ ઉપાય વડે એક પછી એક સૂર્ય અભ્યંતર



પ્રવેશતા પૂર્વ-પૂર્વ મંડલગત અંતર પરિમાણથી અનંતર-અનંતર વિવક્ષિત મંડલમાં અંતર પરિમાણના ૪૮/૬૧ ભાગ અને બે યોજનમાં વધારતા કે ઘટાડતાં બીજાથી બીજો સૂર્ય એ પ્રમાણે આવા સ્વરૂપે આ બે જંબૂદ્વીપગત સૂર્યો તેના અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતાં-કરતાં એક-એક મંડલમાં પૂર્વ-પૂર્વ મંડલગત અંતર પરિમાણથી અનંતર અનંતર વિવક્ષિત મંડલમાં પાંચ-પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ પરસ્પર અંતર પરિમાણ ઘટાડતો-ઘટાડતો, બીજા છ માસમાં ૧૮૩માં અહોરાત્રમાં સૂર્ય સંવત્સર પર્યવસાનભૂત સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.

તેમાં જ્યારે આ બે સૂર્યો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૯૯,૬૪૦ યોજન પરસ્પર અંતર કરીને ચાર ચરે છે. અહીં એ પ્રમાણેના રૂપાંતર પરિમાણમાં ભાવના પૂર્વવત્ કરવી. બાકી બધું સુગમ છે.

૦ પ્રાભૃતપ્રાભૃત-૪-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x -- x -- x --

## પ્રાભૃત-૧, પ્રાભૃતપ્રાભૃત-૫

હવે પાંચમાનો આરંભ કરે છે. તેનો આ પૂર્વે ઉપદર્શિત અર્થાધિકાર છે - જેમકે કેટલાં દ્વીપ કે સમુદ્ર સૂર્ય અવગાહે છે ? તે વિષયક પ્રશ્ન સૂત્ર —

● સૂત્ર-૨૬ :-

*ત્યાં કેટલાં દ્વીપ કે સમુદ્રને અવગાહીને ચાર ચરે છે, તેમ કહેલ છે ? તેમાં નિશ્ચે આ પાંચ પ્રતિપત્તિઓ કહેલી છે —*

*કોઈ એક કહે છે કે ૧૧૩૩ યોજન દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે, એવું એક પરતીર્થિ કહે છે.*

*કોઈ એક એમ કહે છે કે — તે ૧૧૩૪ યોજન દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે. - x -*

*કોઈ એક વળી એમ કહે છે — તે ૧૧૩૫ યોજન દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે - x -*

*કોઈ એક વળી એમ કહે છે — તે અપાર્દ્ધદ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે - x -*

*કોઈ એક વળી એમ કહે છે — કોઈપણ દ્વીપ કે સમુદ્રને અવગાહીને ચાર ચરતા નથી.*

*તેમાં જેઓ એમ કહે છે કે તે ૧૧૩૩ યોજન દ્વીપ કે સમુદ્રને વ્યાપ્ત કરીને સૂર્ય ચાર ચરે છે, તેઓ એવું કહેવા માંગે છે કે, જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપને ૧૧૩૩ યોજન અવગાહીને સૂર્ય ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને*

*સંક્રમીને ચાર ચરે છે, ત્યારે લવણસમુદ્રને ૧૧૩૩ યોજન અવગાહીને ચાર ચરે છે. ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા ૧૮ મુહૂર્તા રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.*

*એ પ્રમાણે ૧૩૪ અને ૧૩૫ યોજન પ્રમાણ ક્ષેત્રના વિષયમાં પણ કહેવું.*

*તેમાં જેઓ એમ કહે છે કે તે અપાર્દ્ધ દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે, તેઓ એમ કહે છે કે — જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અપાર્દ્ધ જંબૂદ્વીપ દ્વીપને અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*એ પ્રમાણે સર્વ બાહ્યમાં પણ જાણવું. વિશેષ એ કે અપાર્દ્ધ લવણસમુદ્ર કહેવો. તેમાં રાત-દિવસ તેમજ કહેવા.*

*તેમાં જે એવું કહે છે કે — તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે કોઈ જ દ્વીપ કે સમુદ્રને અવગાહી સૂર્ય ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, પૂર્વવત્ એ પ્રમાણે સર્વ બાહ્ય મંડલમાં જાણવું વિશેષ એ કે — લવણસમુદ્રને અવગાહીને કોઈ પણ ચાર ચરતા નથી. રાત-દિવસનું પ્રમાણ પૂર્વવત્. - x -*

● **વિવેચન-૨૬ :-**

કેટલાં પ્રમાણમાં દ્વીપ કે સમુદ્ર અવગાહીને સૂર્ય ચાર ચરે છે ? ચરતો કહ્યો છે તેમ કહેવું. એ પ્રમાણે પ્રશ્ન કર્યા પછી ભગવન્ તેનો ઉતર આપવાની ઈચ્છાથી આ વિષયમાં પરતીર્થિક પ્રતિપત્તિ-મિથ્યાભાવ ઉપદર્શનાર્થે પહેલા તે જ પરતીર્થિક પ્રતિપત્તિ-સામાન્યથી જણાવે છે.

તેમાં સૂર્યના ચારને ચરતા દ્વીપ-સમુદ્ર વિષયમાં અવગાહના વિષયમાં આ કહેવાનાર સ્વરૂપની પાંચ માન્યતા છે અર્થાત્ પરમત છે, તે આ પ્રમાણે — એક અન્યતીર્થિક કહે છે કે — - x - ૧૦૩૩ યોજન દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે અર્થાત્ જ્યારે સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે ત્યારે ૧૦૩૩ યોજન જંબૂદ્વીપને અવગાહીને ચાર ચરે છે, ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને સૌથી નાની બાર મુહૂર્તની રાત્રિ થાય છે. જ્યારે સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરવાનો આરંભ કરે છે, ત્યારે લવણસમુદ્રમાં ૧૦૩૩ યોજન અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને સર્વ જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે, તેના ઉપસંહારમાં કહે છે — એક આવું કહે છે.

બીજા એક આ પ્રમાણે કહે છે — ૧૦૩૪ યોજન દ્વીપ કે સમુદ્રને અવગાહીને ચાર ચરે છે. ભાવના પૂર્વવત્. - x - વળી ત્રીજા કોઈ એમ કહે છે — ૧૦૩૫ યોજન અવગાહીને ચાર ચરે છે. અહીં પણ ભાવના પૂર્વવત્. વળી કોઈ ચોથો અન્યતીર્થિક





કહે છે — અપાર્દ્ધ અર્થાત્ ''ચાલી ગયેલ છે અર્ધ જેમાંથી'' તે અર્ધ હીન, દ્વીપ કે સમુદ્રને અવગાહીને સૂર્ય ચાર ચરે છે. અહીં ભાવના આ છે કે — જ્યારે સર્વાભ્યંતર મંડલને સંક્રમીને સૂર્ય ચાર ચરે છે, ત્યારે અર્ધ જંબૂદ્વીપને અવગાહે છે, ત્યારે દિવસ પરમપ્રકર્ષ પ્રાપ્ત અઢાર મુહૂર્ત પ્રમાણ થાય છે અને સૌથી નાની બાર મુહૂર્ત પ્રમાણ રાત્રિ થાય છે. જ્યારે ફરી અર્વબાહ્ય મંડલ સંક્રમીને સૂર્ય ચાર ચરે છે, ત્યારે અર્ધ-અપરિપૂર્ણ લવણ સમુદ્રને અવગાહે છે. ત્યારે સર્વોત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણ રાત્રિ અને સૌથી નાનો બાર મુહૂર્તનો દિવસ થાય છે.

વળી પાંચમો અન્યતીર્થિક કહે છે — કોઈપણ દ્વીપ કે સમુદ્રને અવગાહીને ચાર ચરતો નથી. અર્થાત્ જ્યારે સર્વાભ્યંતર મંડલ સંક્રમીને સૂર્ય ચાર ચરે છે, ત્યારે કંઈપણ જંબૂદ્વીપને અવગાહતો નથી, તો પછી શેષ મંડલ પરિભ્રમણ કાળે શું ? જ્યારે સર્વ બાહ્ય મંડલને સંક્રમીને સૂર્ય ચાર ચરે છે, ત્યારે પણ લવણસમુદ્રને કંઈપણ અવગાહતો નથી. - x - પણ દ્વીપ-સમુદ્રના અપાંતરાલને જ સકલ મંડલમાં ચાર ચરે છે.

એ પ્રમાણે ઉદ્દેશથી પાંચ પ્રતિપત્તિ કહી, હવે તેને જ સ્પષ્ટ કરતાં કહે છે — પ્રાયઃ આ સર્વે વ્યાખ્યાત છે અને સુગમ પણ છે. વિશેષ એ કે — ૧૩૩ યોજન વિષય પ્રતિપત્તિવત્ ૧૩૪ની પ્રતિપત્તિનો આલાવો કહેવો. તે આ પ્રમાણે છે —

તેમાં જેઓ એમ કહે છે કે ૧૧૩૪ દ્વીપ કે સમુદ્રને અવગાહીને ચાર ચરે છે, તેઓ એ પ્રમાણે કહે છે કે — જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે. ત્યારે જંબૂદ્વીપને ૧૧૩૪ યોજનને અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે લવણસમુદ્રને ૧૦૩૪ યોજન અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તા રાત્રિ થાય છે, જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.

૧૦૩૫ યોજનમાં પણ એમ જ કહેવું. એ પ્રમાણે ઉક્ત પ્રકારે ૧૦૩૫ યોજન વિષયક પ્રતિપત્તિમાં સૂત્ર કહેવું. તે સુગમ હોવાથી સ્વયં વિચારવું.

એ પ્રમાણે સર્વાભ્યંતર મંડલવત્ સર્વ બાહ્ય પણ મંડલનો આલાવો કહેવો. વિશેષ એ કે — જંબૂદ્વીપના સ્થાને ''અપાર્ધ લવણ સમુદ્ર અવગાહીને'' એમ કહેવું. તે આ પ્રમાણે - જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે અર્ધ લવણસમુદ્રને અવગાહીને ચાર ચરે છે, ત્યારે - x - રાત્રિ દિવસનું પરિમાણ જંબૂદ્વીપની અપેક્ષાએ વિપરીત કહેવું. જે જંબૂદ્વીપના અવગાહમાં દિવસ પ્રમાણ કહેલ છે, તે રાત્રિનું જાણવું અને જે રાત્રિનું છે, તે દિવસનું જાણવું. તે આ પ્રમાણે — ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. - x -

એ પ્રમાણે પરતીર્થિકની માન્યતારૂપ દર્શન કરાવી હવે તેનો મિથ્યાભાવ દર્શાવવા સ્વમત દર્શાવે છે —

● **સૂત્ર-૨૭ :-**

*અમે [ભગવન્] એ પ્રમાણે કહીએ છીએ કે – જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપને ૧૮૦ યોજન અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*એ પ્રમાણે સર્વ બાહ્ય પણ જાણવું. વિશેષ એ કે – લવણસમુદ્રને ૧૩૩ યોજન અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. ગાથાઓ કહેવી.*

● **વિવેચન-૨૭ :-**

અમે વળી ઉત્પન્ન કેવળ જ્ઞાન-દર્શનથી હવે કહેવાનાર પ્રકારે કહીએ છીએ, તે પ્રકાર કહે છે – જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપને ૧૮૦ યોજન અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત દિવસ થાય છે, સૌથી નાની બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

એમ સર્વાભ્યંતર મંડલ માફક સર્વ બાહ્ય મંડલમાં પણ આલાવો કહેવો, તે આ પ્રમાણે - જ્યારે સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, વિશેષ એ - x - ત્યારે લવણસમુદ્રને ૧૩૩ યોજન અવગાહીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે, જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ સુગમ છે. ક્યાંક આ અતિદેશને બદલે આખું સૂત્ર સાક્ષાત્ લખેલું જણાય છે.

ગાથાઓ કહેવી. અહીં પણ કોઈ પ્રસિદ્ધ વિવક્ષિત અર્થ સંગ્રાહિકા ગાથા હતી તે કહેવી. તે હાલ વિચ્છેદ પામેલ છે, તેથી તેને કહેવી કે તેની વ્યાખ્યા કરવી શક્ય નથી. તેથી તે સંપ્રદાય અનુસાર કહેવી.

**૦ પ્રાભૃત-પ્રાભૃત-૫-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ ૦**

-- x -- x -- x -- x -- x -- x -- x --

## ❁ પ્રાભૃત-૧, પ્રાભૃત-પ્રાભૃત-૬ ❁

એ પ્રમાણે પાંચમું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું. હવે છટ્ઠું કહે છે, તેનો આ અર્થાધિકાર છે - કેટલા પ્રમાણમાં ક્ષેત્રને એક અહોરાત્ર વડે સૂર્ય વિકંપે છે, તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે –

● **સૂત્ર-૨૮ :-**

*તે કેવી રીતે એક એક રાત્રિ-દિનમાં પ્રવિષ્ટ કરીને સૂર્ય ચાર ચરે છે, તેમ કહેવું. તેમાં નિશ્ચે આ સાત પ્રતિપત્તિઓ કહેલી છે – તેમાં એક એમ કહે છે કે – તે બે યોજન અને ૪૨નું અડધું અને યોજનનો ૧૮૩મો ભાગ એક-એક રાત્રિ દિવસમાં વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે, તેમ કોઈ એક કહે છે.*



*વળી કોઈ એક એમ કહે છે કે – અઢી યોજન એકૈક રાત્રિ-દિવસને વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.*

*કોઈ એક એમ કહે છે કે – તે ત્રણ ભાગ ન્યૂન ત્રણ યોજન એકૈક રાત્રિદિવસ વિકંપિત કરી સૂર્ય ચાર ચરે છે.*

*કોઈ એક એમ કહે છે કે તે ત્રણ યોજન અને અર્દ્ધ ૪૭ તથા એક યોજનના ૧૮૩ ભાગ ક્ષેત્રનું એકૈક રાત્રિ-દિવસને વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.*

*કોઈ એક વળી એમ કહે છે કે – તે સાડાત્રણ યોજન એકૈક રાત્રિદિવસને વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.*

*કોઈ એક વળી એમ કહે છે કે – તે ચાર ભાગ ન્યૂન ચાર યોજન એકૈક રાત્રિ-દિવસ વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.*

*કોઈ એક વળી એમ કહે છે – તે ચાર યોજન અને અર્દ્ધબાવન તથા એક યોજનના ૧૮૩ ભાગ એકૈક રાત્રિ-દિવસને વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે.*

*અમે [ભગવન્] વળી એમ કહીએ છીએ કે તે બે યોજન અને એક યોજનના ૪૮/૬૧ ભાગ એકૈક મંડલમાં એકૈક રાત્રિદિવસ વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે. તેમાં શો હેતુ છે તે કહેવું – આ જંબૂદ્વીપ દ્વીપ યાવત્ પરિક્ષેપથી કહેલ છે, તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતાં પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે યોજન અને એક યોજનના [૪૮/૬૧] અડતાલીશ એકસઠાંશને એક રાત્રિદિનમાં વિકંપિત કરીને ચાર ચરે છે, ત્યારે ૨/૬૧ ભાગ ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને ૨/૬૧ ભાગ અધિક બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમ કરીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલને સંક્રમ કરીને ચાર ચરે છે, ત્યારે ૩૫/૬૧ ભાગ યોજન બે અહોરાત્ર વડે વિકંપિત કરીને ચાર ચરે છે, ત્યારે ૪/૬૧ મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને [૪/૬૧] ચાર-એકસઠાંશ મુહૂર્ત અધિક બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો બે યોજન અને એક યોજનના ૪૮/૬૧ ભાગ એક-એક મંડલમાં એક એક રાત્રિ-દિનથી વિકંપિત કરતાં-કરતાં સર્વ*

*બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી સર્વબાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલ છોડીને ૧૮૩ અહોરાત્રમાં ૧૧૫ યોજન વિકંપન કરીને ચાર ચરે છે. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે.*

*આ પહેલાં છ માસ અને છ માસનું પર્યવસાન છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતો પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બબ્બે યોજન અને યોજનના ૪૮/૬૧ ભાગ એક રાત્રિદિનથી વિકંપિત કરીને ચાર ચરે છે. ત્યારે અઢાર મુહૂર્તની રાત્રિ ૨/૬૧ ભાગ ન્યૂન થાય છે. બાર મુહૂર્તનો દિવસ ૨/૬૧ મુહૂર્ત અધિક થાય છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચા ચરે છે. તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં ચાર ચરતા પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ બે રાત્રિદિનમાં વિકંપિત કરીને ચાર ચરે છે, રાત્રિ-દિવસ પૂર્વવત્ કહેવા.*

*એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેના અનંતરથી તેના અનંતર મંડલમાં સંક્રમણ કરતાં-કરતાં બે યોજન અને યોજનના ૪૮/૬૧ ભાગ એક એક રાત્રિદિવસથી વિકંપિત કરતાં કરતાં સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વ બાહ્ય મંડલ છોડીને ૧૮૩ રાત્રિદિન વડે ૧૧૫ યોજન વિકંપિત થઈને ચાર ચરે છે. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*આ બીજા છ માસ, આ બીજા છ માસનું પર્યવસાન છે. આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.*

● વિવેચન-૨૮ :-

કેટલાં પ્રમાણમાં ક્ષેત્ર જણાય છે. તેનો આ અર્થ છે — એક એક અહોરાત્ર વડે વિકંપી-વિકંપીને અર્થાત્ સ્વ-સ્વ મંડલથી બહાર નીકળવું કે અભ્યંતર પ્રવેશથી સૂર્ય-આદિત્ય ચાર ચરે છે. "ચાર ચરતા કહેલા છે" એમ કહેવું ?

એ પ્રમાણે ગૌતમસ્વામીએ પ્રશ્ન કરતાં આ વિષયમાં પરતીર્થિક પ્રતિપત્તિ-મિથ્યાભાવ દર્શાવવાને માટે પહેલાં તેની જ પ્રરૂપણા કરે છે — તે સૂર્ય વિષ્કંપ વિષયમાં નિશ્ચે આ સાત પરમતો કહેલ છે, તે આ પ્રમાણે - તે સાત પ્રવાદિ મધ્યે એક એમ કહે છે કે બે યોજનમાં અર્ધ બેતાલીશ અર્થાત્ ૪૧॥ સંખ્યા, યોજનનો ૧૮૩મો ભાગ અર્થાત્ ૧૮૩ સંખ્યક ભાગ વડે પ્રવિભક્ત યોજનના સંબંધી ૪૧॥ સંખ્યક ભાગોને એક એક રાત્રિદિન વડે વિકંપીત કરી-કરીને સૂર્ય ચાર ચરે છે. હવે



તેનો ઉપસંહાર કહે છે —

વળી બીજા કોઈ એક એવું કહે છે — અઢી યોજન એક એક રાત્રિ-દિવસથી વિકંપીત કરી-કરીને સૂર્ય ચાર ચરે છે.

વળી ત્રીજો કોઈ એક એમ કહે છે — ત્રણ ભાગ ન્યૂન ત્રણ યોજનો એક-એક અહોરાત્રથી વિકંપિત કરી-કરીને સૂર્ય ચાર ચરે છે. ઉપસંહાર વાક્યરૂપે કહે છે — "એક એ પ્રમાણે કહે છે."

વળી એક ચોથો અન્યતીર્થિક એમ કહે છે — ત્રણ યોજનો અર્દ્ધ ૪૭ અર્થાત્ ૪૬॥, એક યોજનના ૧૮૩ ભાગોને એકૈક અહોરાત્ર વડે વિકંપીત કરી-કરીને સૂર્ય ચાર ચરે છે.

વળી એક પાંચમાં એમ કહે છે કે — સાડા ત્રણ યોજનો એકૈક અહોરાત્ર વડે વિકંપીત કરી-કરીને સૂર્ય ચાર ચરે છે.

વળી એક છટ્ઠા અન્યતીર્થિક એમ કહે છે — ચતુર્ભાગ ન્યૂન ચાર યોજન એકૈક અહોરાત્ર વડે વિકંપીત કરીને ચાર ચરે છે.

વળી સાતમો એમ કહે છે — ચાર યોજન અને સાર્ધ-૫૧-સંખ્યક, યોજનના ૧૮૩મો ભાગ એકૈક અહોરાત્ર વડે સૂર્ય વિકંપિત કરી-કરીને ચાર ચરે છે.

એ પ્રમાણે મિથ્યારૂપ પરપ્રતિપત્તિ દર્શાવીને હવે સ્વ મતને ભગવન્ દર્શાવે છે - અમે વળી કહેવાનાર પ્રકારે કેવલજ્ઞાન પામીને કહીએ છીએ — જે બે-બે યોજનમાં એક યોજનના ૪૮/૬૧ ભાગ અહોરાત્ર વડે સૂર્ય વિકંપિત કરી-કરીને ચાર ચરે છે. "ચાર ચરતા કહ્યા છે" એમ કહેવું. હવે આ જ વાક્યના સ્પષ્ટ બોધાર્થે પ્રશ્ન સૂત્ર કહે છે —

એ પ્રકારે વસ્તુતત્ત્વ બોધમાં શો હેતુ છે ? તે ભગવન્ ! કહો. એમ પૂછતાં ભગવંતે કહ્યું — આ જંબૂદ્વીપ૦ પૂર્વવત્ કહેવું. તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પરમપ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

ત્યારપછી સર્વાભ્યંતર મંડલથી નીકળતો તે સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતો નવા સંવત્સરના પહેલાં અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડલના અનંતર-બહિર્ભૂત બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તેમાં જ્યારે તે નવા સંવત્સરના પહેલાં અહોરાત્રમાં સર્વાભ્યંતર અનંતર બીજા મંડલમાં સંક્રમીને સૂર્ય ચાર ચરે છે, ચાર ચરવાનો આરંભ કરે છે, ત્યારે પૂર્વવત્, બે યોજન અને એક યોજનના ૪૮/૬૧ ભાગને એકૈક અહોરાત્રથી પાશ્ચાત્ય અહોરાત્ર વડે વિકંપિત કરીને ચાર ચરે છે.

અહીં આ ભાવના છે —

સર્વાભ્યંતર મંડલમાં પ્રવેશેલ પહેલી ક્ષણથી ઉર્ધ્વ ધીમે ધીમે તેના અનંતર બીજા મંડલ અભિમુખ તથા કંઈક મંડલગતિથી ભ્રમણ કરે છે, જે રીતે તે અહોરાત્ર પર્યન્તમાં સર્વાભ્યંતર મંડલગત એક યોજનના ૪૮/૬૧ ભાગ અને બીજા બે યોજન

અતિક્રાંત થાય છે, પછી બીજા અહોરાત્રમાં પહેલી ક્ષણમાં જ બીજા મંડલને પ્રાપ્ત થાય છે. તેથી કહ્યું છે — ત્યારે બે યોજન અને એક યોજનના ૪૮/૬૧ ભાગમાં એ અહોરાત્રથી વિકંપિત કરીને સૂર્ય ચાર ચરે છે. ત્યારે સર્વાભ્યંતર અનંતર બીજા મંડલ ચાર ચરણકાળમાં પૂર્વવત્ અઢાર મુહૂર્તનો દિવસ ૨/૬૧ મુહૂર્ત ન્યૂન થાય છે. [૨/૬૧] બે એકસઠાંશ ભાગ અધિક બાર મુહૂર્તા રાત્રિ થાય છે.

તે જ બીજા મંડલમાં પહેલી ક્ષણથી ઉર્ધ્વ તેવા કંઈક પણ ત્રીજા મંડલ અભિમુખ મંડલ પરિભ્રમણ ગતિથી ચાર ચરે છે. જેથી તે અહોરાત્રને અંતે બીજા મંડલગત એક યોજનના ૪૮/૬૧ ભાગ અને બીજા તેનાથી બહિર્ભૂત બે યોજન અતિક્રાંત થાય છે. પછી નવા સંવત્સરના બીજા અહોરાત્રમાં પ્રથમ ક્ષણમાં જ ત્રીજા મંડલમાં સંક્રમે છે તથા કહે છે — "તે નિષ્ક્રમણ કરતો" ઈત્યાદિ.

તે સૂર્ય બીજા મંડલથી પહેલાં ક્ષણથી ઉર્ધ્વ ધીમે-ધીમે નીકળતો-બહિર્મુખ ભ્રમણ કરતો નવા સંવત્સરમાં બીજા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે અહોરાત્ર વડે જેટલાં ક્ષેત્રને વિકંપિત કરીને ચાર ચરે છે, તેને નિરૂપણ કરવા કહે છે — તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે અહોરાત્ર વડે સર્વાભ્યંતર મંડલગત, તેની પછીના બીજા મંડલગત વડે પાંચ યોજન અને એક યોજનના [૩૫/૬૧] પાંત્રીશ એકસઠાંશ ભાગ વિકંપિત કરીને, તેથી કહે છે — એક અહોરાત્ર વડે બે યોજન અને એક યોજનના ૪૮/૬૧ ભાગ વિકંપિત કરીને બીજા પણ અહોરાત્ર વડે, તેના ઉભયમીલનથી યથોક્ત વિકંપ પરિમાણ થાય છે. આટલો વિકંપ્ય ચાર ચરે છે.

હવે શેષમંડલમાં ગમન કહે છે — એ પ્રમાણે ઉક્ત પ્રકારથી નિશ્ચિત આ ઉપાય વડે તે-તે મંડલ પ્રવેશના પ્રથમ ક્ષણ પછી ધીમે-ધીમે તે-તે બહિર્ભૂત મંડલ અભિમુખ જવા રૂપ, ત્યાંથી તે મંડળથી નીકળતા, તેના અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતા-કરતા એકૈક અહોરાત્રથી બબ્બે યોજનમાં એક યોજનના ૪૮/૬૧ ભાગ વિકંપન કરતાં-કરતાં પહેલાં છ માસના પર્યવસાનરૂપ ૧૮૩માં અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. ત્યારે સર્વ અભ્યંતર મંડલની અવધિ કરીને તે-તેમાં રહેલ અહરાત્રાદિ કરીને, ૧૮૩ અહોરાત્ર વડે ૧૧૫ યોજન વિકંપીને, તેથી જ કહે છે કે એકૈક અહોરાત્રમાં બબ્બે યોજનમાં એક યોજનના [૪૮/૬૧] અડતાલીશ એકસઠાંશ ભાગને વિકંપિત કરે છે. પછી બબ્બે યોજનમાં ૧૮૩ વડે ગુણતાં, ૩૬૬ની સંખ્યા થાય છે. જે પણ ૪૮/૬૧ ભાગ છે, તેને પણ ૧૮૩ વડે ગુણતાં ૮૭૮૪ની સંખ્યા આવે છે. તેના યોજન કરવા માટે ૬૧ ભાગ વડે ભાંગતા ૧૪૪ની સંખ્યા પ્રાપ્ત થાય છે. તેને પૂર્વની યોજન રાશિમાં ઉમેરતા ૫૧૦ની સંખ્યા આવે છે. આટલા પ્રમાણને વિકંપિત કરીને ચાર ચરે છે. ત્યારે પૂર્વવત્ અહોરાત્ર થાય છે.

સર્વ બાહ્ય મંડલમાં પ્રવેશતો પહેલી ક્ષણથી આગળ ધીમે-ધીમે અભ્યંતર સર્વ બાહ્ય અનંતર બીજા મંડલ અભિમુખ તેવી કોઈક મંડલગતિથી પરિભ્રમણ કરે છે,



જેથી પહેલાં છ માસના પર્યવસાન રૂપ અહોરાત્રના પર્યવસાનમાં સર્વ બાહ્ય મંડલગત ૪૮/૬૧ ભાગ યોજન અને બીજા બે યોજન અતિક્રમીને સર્વ બાહ્ય અનંતર બીજા મંડલની સીમામાં વર્તે છે. પછી અનંતર બીજા છ માસના પહેલાં અહોરાત્રમાં પહેલી ક્ષણમાં સર્વ બાહ્ય અનંતર, બીજા અભ્યંતર મંડલમાં પ્રવેશે છે, તેથી કહે છે — "તે પ્રવેશ કરતો" ઈત્યાદિ.

તે સૂર્ય સર્વ બાહ્ય અનંતર અભ્યંતર બીજા મંડલથી પ્રથમ ક્ષણથી આગળ ધીમે-ધીમે અભ્યંતરમાં પ્રવેશ કરતો બીજા છ માસના બીજા અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલના અભ્યંતર ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, તેમાં જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલથી અભ્યંતર ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે અહોરાત્ર વડે સર્વ બાહ્ય મંડલગત સર્વ બાહ્યથી અનંતર બીજા મંડલમાં જઈને પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગને વિકંપિત કરીને તથા એક અહોરાત્ર વડે પહેલાં છ માસના પર્યવસાન ભૂત બે યોજનમાં એક યોજનના ૪૮/૬૧ ભાગને વિકંપિત કરે છે, બીજા પણ અહોરાત્ર વડે બીજા છ માસના પ્રથમથી, તે બંનેને મેળવતાં યથોક્ત વિકંપન પરિમાણ પ્રાપ્ત થાય છે ત્યારે થતાં રાત્રિ-દિવસનું પરિમાણ સુગમ ચે. આ ઉપાયથી૦ ઈત્યાદિ પૂર્વવત્ સ્વયં કહેવું.

**૦ પ્રાભૃત-પ્રાભૃત-૬નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ ૦**

— x — x — x — x — x — x — x —

## ❀ પ્રાભૃત-૧, પ્રાભૃત-પ્રાભૃત-૭ ❀

એ પ્રમાણે છટ્ઠું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું. હવે સાતમાનો આરંભ કરે છે. તેના આ અર્થાધિકાર પૂર્વે કહેલ છે. જેમકે — મંડલોનું સંસ્થાન કહેવું, તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

● **સૂત્ર-૨૯ :-**

***તે મંડલની સંસ્થિતિ કેવી છે ? તે જેમ કહ્યું છે તે કહો — તે વિષયમાં આ આઠ પ્રતિપત્તિઓ કહેલી છે. તેમાં એક એ પ્રમાણે કહે છે — તે સર્વે પણ મંડલ સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત કહેલ છે, તેમ એક (અન્યતીર્થિક) કહે છે.***

***બીજા કોઈ એક એમ કહે છે કે તે સર્વે મંડલો વિષમ ચતુરસ્ર સંસ્થાન સંસ્થિત કહેલા છે. વળી કોઈ ત્રીજો એમ કહે છે કે બધાં પણ મંડલો સમચતુષ્કોણ સંસ્થિત કહેલા છે.***

***વળી ચોથો કોઈ કહે છે કે સર્વે પણ મંડલ વિષમ ચતુઃકોણ સંસ્થિત કહેલા છે. વળી પાંચમાં કોઈ કહે છે કે તે સર્વે પણ મંડલ સમ ચક્વાલ સંસ્થિત કહેલા છે.***

***વળી છટ્ઠા પણ કોઈ કહે છે કે — સર્વે પણ મંડલો વિષમ ચક્વાલ સંસ્થિત કહેલા છે, વળી કોઈ સાતમા કહેલ છે કે તે સર્વે પણ મંડલો અર્ધ***

*ચક્રવાલ સંસ્થિત કહેલ છે. વળી કોઈ આઠમો એમ કહે છે કે – તે સર્વે પણ મંડલો છત્રાકાર સંસ્થિત કહેલ છે એવું કોઈ અન્યતીર્થિક કહે છે.*

*તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે તે સર્વે પણ મંડલો છત્રાકાર સંસ્થિત કહેલ છે, તે નય વડે જાણવું, બીજી કોઈ રીતે નહીં. પ્રાભૃત ગાથાઓ કહેવી.*

**● વિવેચન-૨૯ :-**

ભગવન્ ! કઈ રીતે આપે મંડલ સંસ્થિતિ કહેલી છે ? તે ભગવન્ ! આપ કહો. એમ ગૌતમસ્વામીએ પ્રશ્ન કરતાં આ વિષયમાં અન્યતીર્થિકોની પ્રતિપત્તિ - મિથ્યાભાવને જમાવવા પહેલાં તે જ જણાવે છે –

તે મંડલ સંસ્થિતિના વિષયમાં નિશ્ચે કહેવાનાર સ્વરૂપની આ આઠ પ્રતિપત્તિ કહેલી છે, તે આ પ્રમાણે –

તેમાં તે આઠ પરતીર્થિકોની મધ્યે પહેલો અન્યતીર્થિ એમ કહે છે કે – તે અન્યતીર્થિકોમાં અનેક વક્તવ્યતાના ઉપક્રમમાં ક્રમ દેખાડવાને કહે છે – મંડલ પરિભ્રમણ જેમાં છે તે મંડલવંતિ ચંદ્રાદિ વિમાનો, તેનો ભાવ તે મંડલવત્ત. તેમાં અભેદ ઉપચારથી જે ચંદ્ર વિમાનો છે તે જ 'મંડલવત્ત' છે, એમ કહેલ છે, તેથી કહે છે –

સમસ્ત મંડલવત્ત - મંડલ પરિભ્રમણવંતિ ચંદ્રાદિ વિમાનો, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત કહેલાં છે. અહીં જ ઉપસંહારમાં કહ્યું કે – કોઈ એક એમ કહે છે. એ પ્રમાણે બધાં જ ઉપસંહાર વાક્યો ચિંતવવા.

કોઈ બીજા એક એમ કહે છે કે – બધાં પણ મંડલવત્ત વિષમ ચતુરસ્ર સંસ્થાન સંસ્થિત કહેલાં છે. ત્રીજા એમ કહે છે – સર્વે પણ મંડલવત્ત સમચતુષ્કોણ સંસ્થિત કહેલા છે. એ પ્રમાણે સૂત્રાર્થમાં જણાવ્યા મુજબ આઠે અન્ય મતો કહેવા, તેમાં આઠમો - 'છત્રાકાર સંસ્થિત' કહે છે, તેનો અર્થ છે ચતુ કરેલ છત્રના આકારે સંસ્થિત છે.

એ પ્રમાણે આઠે પણ પર પ્રતિપત્તિ દર્શાવીને હવે સ્વમતને જણાવવા માટે કહે છે કે – તે આઠ તીર્થાન્તરીયોની મધ્યે જેઓ એ પ્રમાણે કહે છે કે – બધાં જ મંડલ છત્રાકારે સંસ્થિત કહેલાં છે. તે નય વડે, 'નય' અર્થાત્ પ્રતિનિયત એક વસ્તુ અંશ વિષય અભિપ્રાય વિશેષ, જેમ સમંત ભદ્રાદિએ કહેલ છે – આ નયના અભિપ્રાય વિશેષથી બધું જ ચંદ્રાદિ વિમાનજ્ઞાન જાણવું.

બધાં જ ચત્તા કરાયેલ અર્ધ કપિત્થ સંસ્થાન સંસ્થિતત્વથી છે, બાકીના નયો વડે તથાવસ્તુતત્ત્વ અભાવથી બીજા સંસ્થાન નથી.

અહીં પણ અધિકૃત્ પ્રાભૃત-પ્રાભૃત અર્થ પ્રતિપાદિકા કોઈ ગાથા વર્તે છે. તે સંપ્રદાયાનુસાર કહેવી જોઈએ.

૦ પ્રાભૃત-પ્રાભૃત-૭-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x -- x -- x --



## ❀ પ્રાભૃત-૧, પ્રાભૃત-પ્રાભૃત-૮ ❀

એ પ્રમાણે સાતમું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું. હવે આઠમાનો આરંભ કરે છે, તેનો આ અર્થાધિકાર છે. "મંડલોનો વિષ્કંભ" કહેવો જોઈએ. તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે –

**● સૂત્ર-૩૦ :-**

*તે સર્વે મંડલપદ બાહલ્યથી, આયામ-વિષ્કંભથી અને પરિક્ષેપથી કેટલાં પ્રમાણમાં કહેલ છે ? તે જણાવો - તેમાં આ ત્રણ પ્રતિપત્તિઓ કહેલી છે –*

*તેમાં એક એ પ્રમાણે કહે છે – તે સર્વે પણ મંડલવત્ત બાહલ્યથી એક યોજન, આયામવિષ્કંભથી ૧૦૩૩ યોજન અને પરિક્ષેપથી ૩૩૯૯ યોજન કહેલ છે. - x -*

*વળી ત્રીજો કોઈ એમ કહે છે – તે એક યોજન બાહલ્યથી, ૧૦૩૫ યોજન આયામ-વિષ્કંભથી અને ૩૪૦૫ યોજન પરિક્ષેપથી છે, તેમ કહેલ છે.*

*પરંતુ અમે [ભગવંત] એમ કહે છે કે – તે સર્વે પણ મંડલવત્ત એક યોજનના ૪૮/૬૧ બાહલ્યથી, અનિયત આયામ-વિષ્કંભથી અને પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું. તેમાં શો હેતુ છે, એ જણાવો ? - આ જંબૂદ્વીપ-યાવત્ પરિધિથી છે.*

*તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત્ત એક યોજનના ૪૮/૬૧ ભાગ બાહલ્ય વડે, ૯૯,૬૪૦ યોજન આયામ-વિષ્કંભથી, ૩,૧૫,૦૮૯ યોજનથી કંઈક અધિક પરિક્ષેપવાળા છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતાં, પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત્ત એક યોજનના ૪૮/૬૧ ભાગ બાહલ્ય વડે, ૯૯,૬૪૫ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ આયામ-વિષ્કંભથી તથા ૩,૧૫,૧૦૭ યોજનથી કંઈક વિશેષ ન્યૂન પરિક્ષેપથી હોય છે. ત્યારે દિવસ અને રાત્રિનું પ્રમાણ પૂર્વવત્ હોય.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત્ત એક યોજનના ૪૮/૬૧ ભાગ બાહલ્યથી, ૯૯,૬૫૧ યોજન અને યોજનના ૯/૬૧ ભાગ આયામ-વિષ્કંભથી, ૩,૧૫,૧૨૫ યોજન પરિક્ષેપથી કહેલ છે, ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્.*

*એ પ્રમાણે આ નય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના અનંતરથી તેના*

*અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતાં-કરતાં પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ ભાગના એક-એક મંડલમાં વિષ્કંભવૃદ્ધિને વધારતા-વધારતા અઢાર-અઢાર યોજન પરિરય વૃદ્ધિને વધારતાં-વધારતાં સર્વ બાહ્ય મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે. ત્યારે તે મંડલવત્ત ૪૮/૬૧ ભાગ યોજન બાહલ્યથી, ૧,૦૦,૬૬૦ યોજન આયામ-વિષ્કંભથી, ૩,૧૮,૩૧૫ યોજન પરિક્ષેપથી યુક્ત હોય છે. તે સમયે ઉત્કૃષ્ટ અઢારમુહૂર્ત્ત રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.*

*આ પહેલા છ માસ અને છ માસનો અંત છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે બાહ્ય અનંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત્ત ૪૮/૬૧ ભાગ યોજનના બાહલ્યથી, ૧,૦૦,૬૫૪ યોજન અને એક યોજનના ૨૬/૬૧ ભાગ આયામ વિષ્કંભથી તથા ૩,૧૮,૨૫૭ યોજન પરિક્ષેપથી કહેલ છે. તે વખતે રાત્રિ-દિવસનું પ્રમાણ પૂર્વવત્ છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત્ત એક યોજનના ૪૮/૬૧ ભાગ બાહલ્યથી, ૧,૦૦,૬૪૮ યોજન અને એક યોજનના ૫૨/૬૧ ભાગ આયામ-વિષ્કંભથી, ૩,૧૮,૨૨૯ યોજન પરિક્ષેપથી કહેલ છે. દિવસ-રાત્રિ પૂર્વવત્.*

*એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેના અનંતરથી અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતો-કરતો પાંચ-પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ ભાગ એકૈક મંડલમાં વિષ્કંભ વૃદ્ધિ ઘટાડતો-ઘટાડતો અઢાર યોજનની પરિરયવૃદ્ધિ ઘટાડતો-ઘટાડતો સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલવત્ત ૪૮/૬૧ ભાગ યોજનના બાહલ્યથી, ૯૯,૬૪૦ યોજન આયામ-વિષ્કંભથી અને ૩,૧૫,૦૭૯ યોજનથી કંઈક વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે. ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત્તના રાત્રિ થાય છે. આ બીજા છ માસનું પર્યવસાન છે.*

*આ આદિત્ય સંવત્સર છે, આ આદિત્ય સંવત્સરનું પર્યવસાન છે.*

*તે સર્વે પણ મંડલવૃત્ત એક યોજનના ૪૮/૬૧ ભાગ બાહલ્યથી, બધાં પણ મંડલંવતરિક બે યોજન વિષ્કંભથી, આ પુરો માર્ગ ૧૮૩ વડે ગુણતાં ૫૧૦ યોજન થાય છે, તેમ કહેવું.*

*તે અભ્યંતર મંડલવૃત્તથી બાહ્ય મંડલવૃત્ત અથવા બાહ્યથી અભ્યંતર મંડલવૃત્ત, આ માર્ગ કઈ રીતે કહેલો છે ? તે ૫૧૦ યોજન હોવાનું કહેલ છે.*

*અભ્યંતર મંડલવૃત્તથી બાહ્ય મંડલવૃત્ત, બાહ્ય મંડલવૃત્તથી અભ્યંતર મંડલવૃત્ત આ માર્ગ કેટલો હોવાનું કહેલ છે ? તે ૫૧૦ યોજન અને યોજનના ૪૮/૬૧ ભાગ કહેલ છે.*



*તે અભ્યંતર મંડલવૃત્તથી બાહ્ય મંડલવૃત્ત અને બાહ્ય મંડલવૃત્તથી અભ્યંતર મંડલવૃત્ત, એ માર્ગ કેવી રીતે કહેલો છે ? તે ૫૧૦ યોજન અને યોજનના ૧૩/૬૧ ભાગ કહ્યો.*

*અભ્યંતર મંડલવૃત્તથી બાહ્ય મંડલવૃત્ત અને બાહ્ય મંડલવૃત્તથી અભ્યંતર મંડલવૃત્ત, આ માર્ગ કેટલો કહેલ છે ? તે ૫૧૦ યોજન કહ્યો છે, તેમ કહેવું.*

**● વિવેચન-૩૦ :-**

બધાં જ મંડલરૂપ પદો અર્થાત્ સૂર્ય મંડલ સ્થાનો તે મંડલવૃત્ત તે જાડાઈ, લંબાઈ-પહોડાઈ અને પરિધિ વડે કેટલાં પરિમાણમાં કહ્યા છે ? - x - x - એ પ્રમાણે ગૌતમ સ્વામીએ પ્રશ્ન કરતાં ભગવંતે તે વિષયમાં મિથ્યાભાવના ઉપદર્શન માટે પરતીર્થિકની પ્રતિપત્તિ કહી, તે પહેલાં કહે છે —

તેમાં મંડલ બાહ્યાદિ વિચાર વિષયમાં નિશ્ચે આ ત્રણ પ્રતિપત્તિઓ કહી છે, તે આ પ્રમાણે — તેમાં ત્રણ પરતીર્થિકોમાં એક અન્યતીર્થિક આમ કહે છે કે — બધાં જ મંડલ પદો અર્થાત્ સૂર્યમંડલો પ્રત્યેક એક યોજનની જાડાઈવાળા, ૧૧૩૩ યોજન લંબાઈ અને પહોડાઈથી છે અને ૩૩૯૯ યોજન પરિધિથી કહેલ છે. અહીં જેમ અન્યતીર્થિકોના મતથી મંડલના લંબાઈ અને પહોડાઈ જ ૧૦૩૩ યોજન લંબાઈ-પહોડાઈથી, તેનું પરિધિ પરિમાણ વૃત્ત પરિણામથી ત્રણગણું પરિપૂર્ણ ઈચ્છે છે. પણ ૩૩૯૯થી વિશેષ અધિકમત કહેલ નથી. તેથી જ હજારનું ત્રણ ગણું તે ત્રણ હજાર, ત્રણસો, તેત્રીશનું ત્રણગણું ૯૯ છે. આ પરિરય પરિમાણ પરિરય ગણિતથી જાણવું.

તે પરિરય પરિમાણ લાવવામાં ત્રણ હજાર યોજન, ૫૮૨ અધિક અને કંઈક વધારે આવે છે. તેથી જ કહ્યું છે કે — ૧૧૩૩ યોજન, તેનો વર્ગ કરવાથી ૧૨,૮૩,૬૮૯ આવે, તેને દશ વડે ગુણતાં ૧,૨૮,૩૬,૮૯૦ થશે. તેનું વર્ગ મૂળ કાઢતાં યથોક્ત પરિધિ પરિમાણ આવશે. તેથી તેમના મનથી પરિરય પરિમાણ વ્યભિચારી છે. એ પ્રમાણે પછીના બે મતો પણ વિચારવા.

બીજા કોઈ એક એમ કહે છે — બધાં જ સૂર્યમંડલ પદો પ્રત્યેક એક યોજન બાહલ્યથી, ૧૧૩૪ યોજન લંબાઈ-પહોડાઈથી ૩૪૦૨ પરિધિથી છે. આ મતથી પણ વિષ્કંભપરિમાણથી પરિરય પરિમાણ પરિપૂર્ણ ત્રણગણું છે. તેથી હજારના ત્રણ ગુણા ત્રણ હજાર યાવત્ ૩૪ના ત્રણ ગુણાં ૧૦૨ કહ્યા.

ત્રીજો કોઈ એક એમ કહે છે કે — બધાં મંડલપદો અર્થાત્ સૂર્યમંડલો પ્રત્યેક એક યોજન જાડાઈથી, ૧૧૩૫ યોજન લંબાઈ-પહોડાઈથી અને ૩૪૦૫ યોજન પરિધિથી છે, તેમાં પણ હજારના ત્રણ ગણાં એટલે ત્રણ હજાર યાવત્ ૩૫ના ત્રણ ગુણાં ૧૦૫ થયા છે.

આ ત્રણે મતો મિથ્યારૂપ છે. કેમકે પરિધિ પરિમાણ માત્રમાં પણ વ્યભિચાર

છે. તેથી ભગવન્ તેનાથી પૃથક્ સ્વમતને જ જણાવે છે — અમે વળી આ રીતે કહીએ છીએ —

બધાં જ સૂર્યમંડલો પ્રત્યેકને યોજનના ૪૮/૬૧ ભાગ બાહલ્યથી અને લંબાઈ, પહોડાઈ તથા પરિધિથી વળી અનિયત કહ્યા છે. કોઈપણ મંડલની કેટલી લંબાઈ, પહોડાઈ અને પરિધિ છે તે પોતાના શિષ્યોને કહેવું.

એ પ્રમાણે ભગવંતે કહેતાં ગૌતમે પૂછ્યું — મંડલ પદોમાં લંબાઈ, પહોડાઈ અને પરિધિના અનિયતપણામાં શો હેતુ છે, તે કહો — અહીં ભગવંત કહે છે — આ જંબૂદ્વીપ૦ આદિ વાક્ય પૂર્વવત્ પરિપૂર્ણ સ્વયં વિચારવું અને વ્યાખ્યા કરવી.

તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે મંડલપદ જાડાઈથી યોજના ૪૮/૬૧ ભાગ જાણવું. લંબાઈ-પહોડાઈથી ૯૯,૬૪૦ યોજન જાણવું. તેથી જ કહે છે કે — એક તરફથી સર્વાભ્યંતર મંડલ ૧૮૦ યોજન જંબૂદ્વીપને અવગાહીને રહે છે, તેમ બીજી તરફ પણ જાણવું. તેથી ૧૮૦ યોજનને બે વડે ગુણતાં ૩૬૦ થાય છે. આ જંબૂદ્વીપ વિષ્કંભ પરિમાણથી લાખ રૂપે શોધિત કરતાં ૩,૧૫,૦૮૯ પરિધિ થાય. તેથી કહે છે — તે સર્વાભ્યંતર મંડલનો વિષ્કંભ ૯૯,૬૪૦ છે. તેનો વર્ગ કરીએ તો ૯,૯૨,૮૧,૨૯,૬૦૦ આવે છે, તેને ૧૦ વડે ગુણતાં ૯૯,૨૮,૧૨,૯૬,૦૦૦ થાય. તેનું વર્ગમૂળ કરવામાં આવે તો યથોક્ત પરિધિ પ્રમાણ આવે છે. શેષ રહે છે — ૨,૧૮,૦૭૯, એટલું છોડી દેવું. રાત્રિ-દિવસ પરિમાણ સુગમ છે.

તે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી પૂર્વોક્ત પ્રકારથી નીકળતા નવા સંવત્સરનો આરંભ કરતા, નવા સંવત્સરના પહેલાં અહોરાત્રમાં સર્વાભ્યંતર અનંતર બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જો સર્વાભ્યંતર અનંતર બીજા મંડળને સંક્રમીને ચાર ચરે ત્યારે તે મંડલ પદ ૪૮/૬૧ ભાગ યોજનના બાહલ્યથી, ૯૯,૬૩૫ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ લંબાઈ-પહોડાઈથી થાય છે. તેથી જ કહે છે કે — એક પણ સૂર્ય સર્વાભ્યંતર મંડલગત ૪૮/૬૧ ભાગ યોજન અને બીજા બે યોજનમાં બહાર રહીને બીજા મંડલમાં ચાર ચરે છે. બીજો સૂર્ય પણ તેટલો જ ચાર ચરે છે.

પછી બે યોજન અને [૪૮/૬૧] અડતાલીશ એકસઠાંશ ભાગ યોજનને બે વડે ગુણવાથી પાંચ યોજન અને ૩૫/૬૧ ભાગ યોજન થાય છે. આ પ્રથમ મંડલ વિષ્કંભ પરિમાણમાં અધિકત્વથી ઉમેરતા, યથોક્ત બીજા મંડલના વિષ્કંભ અને આયામ પરિમાણ પ્રાપ્ત થાય છે. તેમાં ૩,૧૫,૧૦૭ યોજનથી કંઈક વિશેષાધિક પરિધિ કહેલી છે, તેથી કહે છે કે — પૂર્વ મંડલના વિષ્કંભ, આયામ, પરિમાણથી આ મંડલના વિષ્કંભ, આયામ પરિમાણ પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ અધિકપણે પ્રાપ્ત થાય છે. તેથી આ રાશિનું પૃથક્ પરિમાણ લાવવું —

તેમાં પાંચ યોજનના ૬૧ ભાગ કરવાને માટે ૬૧ વડે ગુણતાં ૩૦૫ આવે છે. એમની મધ્યે ઉપરના [૩૫/૬૧] પાત્રીશ એકસઠાંશ ભાગ ઉમેરતા ૩૪૦ થશે. તેનો વર્ગ કરવો. વર્ગ કરીને દશ વડે ગુણવા, તેનાથી ૧૧,૫૬,૦૦૦ આવશે. પછી આ



સંખ્યાનું વર્ગમૂળ કાઢતાં ૧૦૭૫ની સંખ્યા આવશે, તેના યોજન કરવાને માટે ૬૧ ભાગ વડે ભાગતા સત્તર પૂર્ણાંક આડત્રીશ એકસઠાંશ - [૧૭-૩૮/૬૧] સંખ્યા આવશે. આ સંખ્યાને પૂર્વમંડલ પરિધિ પરિમાણમાં અધિકત્વથી ઉમેરીએ. તેનાથી યથોક્ત અધિકૃત મંડલ પરિધિ પરિમાણ થાય છે. જો કે તેમાં કંઈક વિશેષ ન્યૂન કહ્યું છે, આ ન્યૂનતા ૨૩/૬૧ ભાગ જાણવી. ત્યારે - બીજા મંડલના ચાર ચરણકાળમાં દિવસ અને રાત્રિનું પ્રમાણ પૂર્વવત્ જાણવું. તે આ પ્રમાણે છે — ત્યારે અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય તેમાં ૨/૬૧ ભાગ મુહૂર્ત ન્યૂન થાય અને રાત્રિ ૨/૬૧ ભાગ અધિક બાર મુહૂર્ત્તની જાણવી.

ત્યારપછી સૂર્ય બીજા મંડલથી ઉક્ત પ્રકારથી નીકળતો નવા સંવત્સરમાં બીજા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે ત્રીજું મંડલપદ એક યોજનના અડતાલીશ એકસઠાંશ ભાગ [૪૮/૬૧] બાહલ્યથી ૯૯,૬૫૧ યોજન અને એક યોજનના [૯/૬૧] નવ એકસઠાંશ ભાગ લંબાઈ-પહોડાઈ વડે થાય. તેથી કહે છે — પૂર્વવત્ અહીં પણ પૂર્વમંડલના વિષ્કંભ, આયામ પરિમાણથી પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ ભાગ પ્રાપ્ત થાય છે. તેથી યથોક્ત આયામ-વિષ્કંભ પરિમાણ થાય છે - ૩,૧૫,૧૨૫ યોજન પરિધિ કહી છે — તેથી કહે છે કે પૂર્વમંડલથી આ વિષ્કંભમાં પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ ભાગ અધિકપણે પ્રાપ્ત થાય છે. તેનાથી યથોક્ત અહીં લંબાઈ-પહોડાઈ પરિમાણ થાય છે —

— તેનું પૃથક્ પરિધિ પરિમાણ ૧૭ યોજન અને એક યોજનના ૩૮/૬૧ ભાગ એ નિશ્ચય મતથી છે. પણ સૂત્રકૃત્ વ્યવહારનય મતને આશ્રીને પરિપૂર્ણ ૧૮ યોજનની વિવક્ષા કરેલી છે. વ્યવહાર નયના મતથી જ કંઈક ન્યૂન હોય તો પણ પરિપૂર્ણ છે, તેમ વિવક્ષા કરાય છે. તથા જે પણ પૂર્વમંડલની પરિધિના પરિમાણમાં કંઈક ન્યૂનત્વ કહ્યું, તે પણ વ્યવહાર નયના મતથી પરિપૂર્ણવત્ જ વિવક્ષા થાય.

તેથી પૂર્વ મંડલ પરિધિ પરિમાણમાં ૧૮ યોજનો અધિકત્વથી ઉમેરાય છે, તેનાથી યથોક્ત અધિકૃત્ મંડલ પરિધિ પરિમાણ થાય છે. ત્યારે - ત્રીજા મંડલના ચાર ચરણ કાળમાં દિવસ-રાત્રિ તે પ્રમાણે પૂર્વવત્ કહેવા. તે આ પ્રમાણે છે — ત્યારે ચાર-એકસઠાંશ ભાગ [૪/૬૧] મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને ચાર એકસઠાંશ મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

ઉક્ત પ્રકારથી નિશ્ચિત આ ઉપાય વડે પ્રતિ અહોરાત્ર એકૈક મંડલ છોડતો, નિકળેલો સૂર્ય, તે અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો - કરતો એક એક મંડલમાં પાંચ-પાંચ યોજન અને યોજનના ૩૫/૬૧ ભાગ, એવા પરિમાણની વિષ્કંભની વૃદ્ધિને વધારતો-વધારતો એક-એક તે મંડલમાં અઢાર-અઢાર યોજનની પરિધિ વૃદ્ધિને વધારતો-વધારતો અહીં અઢાર-અઢાર એ વ્યવહારથી કહેલ છે. નિશ્ચય મતથી તો ૧૭-૧૭ યોજન અને યોજનનો ૩૮/૬૧ ભાગ જાણવો. આ પૂર્વવત્

કહેવું. અમે અમારી બુદ્ધિથી કહેલ નથી, જે કહ્યું તે વિચાર પ્રકમમાં જ કરણ વિભાવનામાં કહેલ છે. એ પ્રમાણે પહેલાં છ માસ પર્યવસાનભૂત ૧૮૩માં અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.

જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે સર્વ બાહ્ય મંડલપદને એક યોજનના ૩૮/૬૧ ભાગ બાહલ્યથી, ૧,૦૦,૬૬૦ આયામ અને વિષ્કંભથી છે, તેથી કહે છે — સર્વાભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલ પર્યવસાની કરીને ૧૮૩ મંડલ થાય છે. મંડલ-મંડલમાં, વિષ્કંભ-વિષ્કંભ વધારતા પાંચ-પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ, પછી પાંચ યોજનને ૧૮૩ વડે ગુણે છે, તેથી ૯૧૫ થાય છે. જે પણ ૩૫/૬૧ ભાગ યોજનના પણ ૧૮૩ વડે ગુણતા ૬૪૦૫ થયા. તેને ૬૧ ભાગ વડે ભાગતાં ૧૦૫ થાય છે. તેને પૂર્વની રાશિમાં ઉમેરતા, ૧૦૨૦ સંખ્યા થાય છે. આ સર્વાભ્યંતર મંડલ વિષ્કંભ અને આયામ પરિમાણમાં અધિકત્વથી ઉમેરે છે. પછી યથોક્ત સર્વ બાહ્ય મંડલગત વિષ્કંભ અને આયામ પરિમાણ થાય છે. તથા ૩,૧૮,૩૧૫ પરિધિથી થાય છે. વિશેષ એ કે કિંચિત્ ન્યૂન ૧૦૫ જાણવા.

તેથી જે કહે છે કે — આ મંડલનો વિષ્કંભ ૧,૦૦,૬૬૦ છે. આનો વર્ગ કરવો, તેનાથી ૧૦,૧૩,૨૪,૩૫,૬૦૦ની સંખ્યા થાય છે. તેને દશ વડે ગુણતા ૧,૦૧,૩૨,૪૩,૫૬,૦૦૦ થાય છે. તેના વર્ગમૂલ કરતાં ૩,૧૮,૩૧૪ થાય છે. શેષ ઉદ્ધરે છે તે ૫,૫૩,૪૦૪ છેદ રાશિ છે, ૬,૩૬,૬૨૮ થાય. તેનાથી આ કિંચિત્ ન્યૂન ૧૫-યોજન પ્રાપ્ત થાય છે. તેથી વ્યવહારથી સૂત્રકારે પરિપૂર્ણ વિવક્ષા કરીને ૧૫ એમ કહ્યું છે. અથવા મંડલ-મંડલમાં પૂર્વ-પૂર્વ મંડલથી પરિધિ વૃદ્ધિમાં ૧૭-૧૭ યોજન અને યોજનના ૩૮/૬૧ ભાગ પ્રાપ્ત થાય છે. તેથી ૧૭ યોજનને ૧૮૩ વડે ગુણતાં ૩૧૧૧ થાય છે તે પણ ૩૮/૬૧ ભાગને ૧૮૩ વડે ગુણે છે, તેના વડે ૬૯૫૪ થાય છે. તેના યોજન કરવાને માટે ૬૧ ભાગ વડે ભાંગતા ૧૧૪ સંખ્યા આવે છે. તેને પૂર્વરાશિમાં ઉમેરતાં ૩૨૨૫ની સંખ્યા આવે છે.

ઉક્ત સંખ્યામાં સર્વાભ્યંતર મંડલ પરિધિ પરિમાણ ૩,૧૫,૦૮૯ એ રૂપ અધિકત્વથી ઉમેરીએ તો ૩,૧૮,૩૧૪ સંખ્યા પ્રાપ્ત થાય છે. તથા ૧૭ યોજનોના આડત્રીશ અને એકસઠ ભાગ [૩૮/૬૧] ઉપર જે ૩૭૫ શેષ રહે છે, તેને ૧૮૩ વડે ગુણતાં ૬૮,૬૨૫ થાય છે. તેને છેદ રાશિ ૨૧૫૦ ભાગથી ભાંગતા [૩૧/૬૧] યોજનના એકત્રીશ એકસઠાંશ ભાગ પ્રાપ્ત થાય છે. શેષ થોડી હોવાથી તેને છોડી દીધેલ છે. પણ વ્યવહારથી પરિપૂર્ણ યોજન વિવક્ષા કરી છે, તે પંદર કહેલ છે. ત્યારે રાત્રિ-દિવસ પરિમાણ અને છ માસ ઉપસંહરણ સુગમ છે.

ત્યારપછી તે સૂર્ય સર્વ બાહ્ય મંડલથી પૂર્વોક્ત પ્રકારથી અભ્યંતર પ્રવેશતા બીજા છ માસનો આરંભ કરતાં, બીજા છ માસના પહેલાં અહોરાત્રમાં સર્વ બાહ્ય અનંતર પૂર્વેના બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે.

તેમાં જ્યારે સર્વબાહ્યાંતરની પૂર્વે બીજા મંડલને સંક્રમી ચાર ચરે છે, ત્યારે તે



મંડલપદને અડતાલીશ-એકસઠાંશ [૪૮/૬૧] ભાગ યોજનના બાહલ્યથી, ૧,૦૦,૬૫૪ યોજન અને એક યોજનના છવ્વીશ-એકસઠાંશ [૨૬/૬૧] ભાગ આયામ-વિષ્કંભથી છે. તેથી કહે છે, એકથી તે મંડલને સર્વ બાહ્ય મંડલગત એક યોજનના ૪૮/૬૧ ભાગ અને બીજા બે યોજનમાં છોડીને અભ્યંતર અવસ્થિત છે, બીજો પણ તેમજ છે. ત્યારપછી બે યોજન અને [૪૮/૬૧] ભાગને બે વડે ગુણવાથી પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ ભાગ થાય છે. તથા ૩,૧૮,૨૯૭ પરિધિથી ઉમેરે છે.

તેથી કહેલ છે કે — પૂર્વના મંડલથી આ મંડલના વિષ્કંભ અને આયામ પરિમાણમાં પાંચ યોજન અને પાત્રીશ-એકસઠાંશ [૩૫/૬૧] ભાગ યોજનને ત્રુટિત થાય છે. પાંચ યોજનો અને પાત્રીશ એકસઠાંશ ભાગ પરિધિમાં ૧૭ યોજન અને યોજનના ૩૮/૬૧ ભાગ થાય છે. પરંતુ સૂત્રકારે વ્યવહારનય મતથી પરિપૂર્ણ અઢાર યોજન વિવક્ષિત કરેલ છે. પૂર્વોક્ત સર્વ બાહ્ય મંડલ પરિધિ પરિમાણથી ૩,૧૮,૩૧૫ એ પ્રમાણે અઢાર યોજનથી શોધિત કરે છે. તેનાથી યથોક્ત અધિકૃત્ મંડલ પરિધિ પરિમાણ પ્રાપ્ત થાય છે. ત્યારે રાત્રિ-દિવસ પૂર્વવત્ કહેવા. તે બંને આ પ્રમાણે છે — ત્યારે બે એકસઠાંશ ભાગ મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્ત રાત્રિ થાય છે અને બે એકસઠાંશ [૨/૬૧] ભાગ અધિક બાર મુહૂર્તનો દિવસ થાય છે.

ત્યારપછી તે સૂર્ય, તે બીજા મંડલથી પૂર્વોક્ત પ્રકારે અભ્યંતર પ્રવેશ કરતો બીજા છ માસના બીજા અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલની પૂર્વેના ત્રીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે જો સૂર્ય સર્વ બાહ્ય મંડલથી પૂર્વેના ત્રીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે તે મંડલપદને અડતાલીશ-એકસઠાંશ [૪૮/૬૧] ભાગ યોજનના બાહલ્યથી અને ૧,૦૦,૬૪૮ યોજન તથા એક યોજનના બાવન એકસઠાંશ [૫૨/૬૧] ભાગ આયામ-વિષ્કંભથી કહેલ છે.

તેથી કહે છે — પૂર્વના મંડલથી આ મંડલ આયામ-વિષ્કંભથી પાંચ યોજન વડે પાત્રીશ-એકસઠાંશ [૩૫/૬૧] ભાગ યોજનથી હીન છે, તેથી પૂર્વમંડલના વિષ્કંભ અને આયામ પરિમાણ થકી ૧૬૫૪ યોજન અને એક યોજનના છવ્વીશ-એકસઠાંશ ૨૬/૬૧ ભાગ રૂપથી પાંચ યોજન અને એક યોજનના ૩૫/૬૧ યોજનથી શોધિત કરે છે, ત્યારે યથોક્ત અધિકૃત્ મંડલ વિષ્કંભ અને આયામ પરિમાણ થાય છે. તથા ૩,૧૮,૨૭૯ યોજન પરિક્ષેપથી ઉમેરે છે. તેથી કહેલ છે કે — પૂર્વના મંડલથી આ મંડલ પાંચ યોજન વડે અને એક યોજનના ૩૫/૬૧ ભાગ વડે વિષ્કંભથી હીન છે, પાંચ યોજનો અને ૩૫/૬૧ ભાગ પરિધિ પરિમાણ વ્યવહારથી ૧૮-યોજન છે. તેથી તેનો પૂર્વમંડલ પરિધિ પરિમાણથી શોધીએ છીએ. તેના વડે યથોક્ત અધિકૃત્ પરિધિ પરિમાણ થાય છે. દિવસ-રાત્રિ પૂર્વવત્ તેમજ કહેવા, તે આ પ્રમાણે - ત્યારે ૪/૬૧ ભાગ મુહૂર્ત ન્યૂન અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને ૪/૬૧ ભાગ મુહૂર્ત અધિક બાર મુહૂર્તનો દિવસ થાય.

एवं खलु० ઈત્યાદિ આ સૂત્ર પૂર્વોક્ત વ્યાખ્યાનુસાર સ્વયં વિચારવું વિશેષ એ

કે – ‘‘ઘટાડતા, ઘટાડતા’’ એમ કહેવું. હવે પ્રસ્તુત વક્તવ્યતાનો ઉપસંહાર કહે છે – પછી બધાં જ મંડલપદો પ્રત્યેક બાહલ્યથી યોજનના $^{૪૮}/_{૬૧}$ ભાગ છે. આયામ, વિષ્કંભ અને પરિધિથી અનિયત છે તથા બધાં મંડલાંતરો બબ્બે યોજન વિષ્કંભથી છે, તેથી આ બે યોજનમાં યોજનના $^{૪૮}/_{૬૧}$ ભાગરૂપ છે. અધ્વા - માર્ગ, ૧૮૩ વડે ગુણતાં ૧૧૫ યોજન કહેલ છે, તેથી કહે છે – બે યોજન ૧૮૩ વડે ગુણતાં ૩૬૬ થાય. જે $^{૪૮}/_{૬૧}$ ભાગ છે, તેને ૧૮૩ વડે ગુણતાં ૧૪૪ યોજન થાય છે. તેમાં પૂર્વની રાશિને ઉમેરતાં ૫૧૦ થશે. આ જ અર્થના વ્યક્ત કરણાર્થે ફરી પ્રશ્નસૂત્ર કહે છે–

તેમાં સર્વાભ્યંતર મંડલ પદથી પછી સર્વ બાહ્ય મંડલપદ સુધી, સર્વબાહ્ય મંડલપદની પૂર્વે સર્વાભ્યંતર મંડલ પદ, આટલો માર્ગ કેટલાં પ્રમાણમાં કહેલ છે ? એમ ગૌતમે પૂછતાં ભગવંતે કહ્યું – તે મારગ ૧૧૫ યોજન કહેલ છે, તેમ સ્વ શિષ્યોને પણ કહેવું. ૧૧૫ યોજનની ભાવના પૂર્વવત્.

અભ્યંતર મંડલપદ સાથે અભ્યંતર મંડલપદથી આરંભી સર્વબાહ્ય મંડલપદ સુધી અથવા સર્વ બાહ્ય મંડલપદથી સર્વ બાહ્ય મંડલપદથી આરંભીને, સર્વાભ્યંતર મંડલ સુધી આ આટલો માર્ગ કેટલા યોજન કહેવો ? ભગવંત કહે છે – આ માર્ગ ૧૧૫ યોજન અને યોજનના $^{૪૮}/_{૬૧}$ ભાગ છે તેમ કહેવું કેમકે પૂર્વના માર્ગ પરિમાણથી આ માર્ગ પરિમાણ સર્વ બાહ્ય મંડલગતથી બાહલ્ય પરિમાણથી અધિકપણે છે.

અભ્યંતર મંડલપદ પછી સર્વબાહ્ય મંડલની પૂર્વે અથવા બાહ્ય મંડલ પદથી પૂર્વે અભ્યંતર મંડલથી પછી આ માર્ગ કેટલો કહ્યો છે ? ભગવંતે કહ્યું – ૫૦૯ યોજન અને એક યોજનના $^{૧૩}/_{૬૧}$ ભાગ કહેવો. પૂર્વના માર્ગ પરિમાણથી આ માર્ગ પરિમાણના સર્વાભ્યંતર મંડલગત સર્વ બાહ્ય મંડલગત બાહલ્ય પરિમાણથી $^{૩૫}/_{૬૧}$ ભાગ યોજન અધિક હીનત્વથી છે. એ પ્રમાણે અભ્યંતર મંડલથી પછી સર્વબાહ્ય મંડલ સુધી કે સર્વબાહ્ય મંડલથી પૂર્વે સર્વાભ્યંતર મંડલ સુધી તથા સર્વાભ્યંતર સર્વબાહ્ય મંડલોની સાથે તથા સર્વાભ્યંતર સર્વબાહ્ય મંડલ વિના જેટલા માર્ગ પરિમાણ થાય છે ત્યાં સુધી નિરૂપિત છે.

હવે સર્વાભ્યંતર મંડલની સાથે સર્વાભ્યંતર મંડલ પછી, બાહ્ય મંડલની પહેલા અથવા સર્વબાહ્યમંડલ સાથે સર્વ બાહ્ય મંડલની પૂર્વે સર્વાભ્યંતર મંડલથી પછી જેટલાં માર્ગ પરિમાણ થાય છે, ત્યાં સુધી નિરૂપે છે ‘ભાવના’ સુગમ હોવાથી કરેલ નથી.

- x - x - x - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**





## ❀ પ્રાભૃત-૨ ❀

-- x -- x --

૦ એ પ્રમાણે પહેલું પ્રાભૃત કહ્યું. હવે બીજું કહે છે. તેનો આ અર્થાધિકાર છે – ‘‘સૂર્ય તીર્છો કઈ રીતે ભ્રમણ કરે છે ? તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે–

### ૦ પ્રાભૃત-૨, પ્રાભૃત-પ્રાભૃત-૧ ૦

● **સૂત્ર-૩૧ :-**

*[ભગવન્ ! સૂર્યની] તીર્છી ગતિ કેવી છે ? તે જેમ કહી હોય તે કહો. તેમાં આ આઠ પ્રતિપત્તિઓ કહી છે.*

*(૧) તેમાં એક એ પ્રમાણે કહે છે કે તે પૂર્વદિશાના લોકાંતથી પ્રભાતકાળનો સૂર્ય આકાશમાં ઉદિત થાય છે, તે આ લોકને તીર્છો કરે છે, તીર્છો કરીને પશ્ચિમના લોકમાં સંધ્યા સમયે આકાશમાં વિધ્વંસ પામે છે – અસ્ત થાય છે. એક એમ કહે છે.*

*(૨) વળી એક એ પ્રમાણે કહે છે – તે પૂર્વદિશાના લોકાંતથી પ્રાતઃકાળમાં સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. તિર્છાલોકને તિર્છો કરે છે અથવા પ્રકાશિત કરીને પશ્ચિમ લોકાંતમાં સૂર્ય આકાશમાં વિધ્વસ્ત થાય છે - એક એમ કહે છે.*

*(૩) વળી એક એ પ્રમાણે કહે છે – તે પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. તે આ તીર્છા લોકને તીર્છો કરે છે, કરીને પશ્ચિમ લોકમાં સંધ્યાકાળે નીચે તરફ પરાવર્તીત કરે છે. નીચે પરાવર્તીત કરીને ફરી પણ બીજા ભાગમાં પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. - એક એ પ્રમાણે કહે છે.*

*(૪) વળી એક એ પ્રમાણે કહે છે – તે પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. તે આ તીર્છા લોકને તીર્છો કરે છે, કરીને પશ્ચિમના લોકાંતમાં સંધ્યાકાળે સૂર્ય પૃથ્વીકાયમાં વિધ્વસ્ત થાય છે. એક એમ કહે છે.*

*(૫) વળી એક એ પ્રમાણે કહે છે – પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. તે આ તીર્છા લોકને તીર્છો કરે છે, કરીને પશ્ચિમ લોકાંતમાં સંધ્યાકાળે સૂર્ય પૃથ્વીકાયમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરીને અધોલોકમાં જાય છે. જઈને ફરી પણ બીજા ભાગમાં પૂર્વ લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય પૃથ્વીકાયમાં ઉદિત થાય છે. એક એમ કહે છે.*

*(૬) વળી કોઈ એક એમ કહે છે કે – પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય અપ્કાયમાં ઉદિત થાય છે. તે આ તીર્છાલોકને તીર્છો કરે છે. કરીને પશ્ચિમ લોકાંતમાં સાંજે સૂર્ય અપ્કાયમાં વિધ્વસ્ત થાય છે. એક એમ કહે છે.*

*(૭) વળી એક એમ કહે છે – તે પૂર્વના લોકાંતથી પ્રાતઃકાળે સૂર્ય અપ્કાયમાં ઉદય પામે છે, તે આ તીર્છા લોકને તીર્છો કરે છે, કરીને પશ્ચિમ*

*લોકાંતમાં સાંજે સૂર્ય અપ્કાયમાં પ્રવેશે છે પ્રવેશીને અધોલોકમાં પરાવર્તીત થાય છે. થઈને પછી ફરી પણ બીજે દિવસે પૂર્વના લોકાંતમાં પ્રાતઃકાળે સૂર્ય અપ્કાયમાં ઉદિત થાય છે - એક એમ કહે છે.*

*(૮) એક વળી એમ કહે છે — તે સૂર્ય પૂર્વના લોકાંતથી ઘણાં યોજન, ઘણાં સેંકડો યોજનો, ઘણાં હજારો યોજનો ઉંચે દૂર ઉદિત થઈને, અહીં પ્રાતઃકાળે સૂર્ય આકાશમાં ઉદિત થાય છે. તે આ દક્ષિણાર્ધ લોકને તીર્છો કરે છે, કરીને ઉત્તરાર્ધલોકને તે જ રાત્રિમાં, તે આ ઉત્તરાર્ધલોકને તીર્છો કરે છે. કરીને તે દક્ષિણાર્ધ લોકમાં તે જ રાત્રિમાં, તે આ દક્ષિણોત્તરાર્ધ-પૂર્વ લોકને તીર્છો કરે છે. કરીને પૂર્વના લોકાંતથી ઘણાં યોજન, ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન ઉંચે દૂર ઉદિત થઈને અહીં પ્રભાતે સૂર્ય આકાશમાં ઉદિત થાય છે — એક એ પ્રમાણે કહે છે.*

*[ભગવંત કહે છે —] અમે વળી એ પ્રમાણે કહીએ છીએ કે — તે જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી અને ઉત્તરદક્ષિણ લાંબી જીવાથી મંડલના ૧૨૪ ભાગ કરીને દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમમાં ચતુર્ભાગ મંડલમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ-રમણીય ભૂમિભાગથી ૮૦૦ યોજન ઉંચે આકાશપ્રદેશમાં બંને સૂર્યો ઉગે છે. તે આ દક્ષિણોત્તર જંબૂદ્વીપના ભાગોને તીર્છો કરે છે. કરીને પૂર્વ-પશ્ચિમ જંબૂદ્વીપ ભાગોને તે જ રાત્રિમાં, તે આ પૂર્વ-પશ્ચિમ જંબૂદ્વીપ ભાગોને તીર્છો કરે છે, કરીને દક્ષિણોત્તર જંબૂદ્વીપ ભાગોને તે જ રાત્રિમાં, તે આ દક્ષિણોત્તર અને પૂર્વ-પશ્ચિમ જંબૂદ્વીપ ભાગોને તીર્છો કરે છે. કરીને જંબૂદ્વીપ-દ્વીપની પૂર્વપશ્ચિમ અને ઉત્તરદક્ષિણ લાંબી જીવાથી ૧૨૪ મંડલને છેદીને દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ ચતુર્ભાગ મંડલમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિ ભાગથી ૮૦૦ યોજન ઉંચે આકાશમાં પ્રભાતકાળે આ બંને સૂર્યો આકાશમાં ઉદિત થાય છે.*

● વિવેચન-૩૧ :-

જો કે બીજું પણ ઘણું પૂછવા યોગ્ય છે, પરંતુ આટલું જ હાલ પૂછું છું. ભગવન્ ! આપે કઈ રીતે સૂર્યની તિર્છી ગતિ-તીર્છું પરિભ્રમણ કહેલ છે — તે કહો. ભગવંત એ પ્રમાણે કહેતા, આ વિષયક અન્યતીર્થિકની પ્રતિપત્તિ - મિથ્યાભાવ દેખાડવાને પહેલા તે જ પ્રતિપત્તિને જણાવે છે —

તે સૂર્યની તિર્છી ગતિ વિષયમાં નિશ્ચે કહેવાનાર સ્વરૂપની આઠ પ્રતિપત્તિ-પરતીર્થિક મતરૂપ કહેલી છે. તે જ ક્રમથી કહે છે — તે આઠ પરતીર્થિકોમાં એક પરતીર્થિક એમ કહે છે કે — પૂર્વના લોકાંતથી ઉંચે અર્થાત્ પૂર્વ દિશામાં, પ્રભાત સમયે કિરણોનો સમૂહ, આકાશમાં ઉત્પન્ન થાય છે. આના દ્વારા એમ કહે છે કે — આ કોઈ વિમાન નથી, રથ નથી, કોઈપણ દેવતારૂપ સૂર્ય નથી. પરંતુ કિરણોનો સમૂહ જ આ વર્તુળ ગોલાકાર લોકાનુભાવથી પ્રતિદિવસ પૂર્વ દિશામાં પ્રભાતે આકાશમાં



ઉત્પન્ન થાય છે. જેનાથી સર્વત્ર પ્રકાશનો પ્રસાર પથરાય છે. તે આવા સ્વરૂપનો મરીચિનો સમૂહ ઉપજાત થઈને આ પ્રત્યક્ષ દેખાતા તીર્છા લોકને તીર્છો કરે છે. અર્થાત્ તીર્છો પરિભ્રમણ કરતો તિર્છા લોકને પ્રકાશિત કરે છે. તીર્છો કરીને પશ્ચિમમાં લોકાંતમાં સંધ્યાકાળે વિધ્વસ્ત થાય છે. હવે ઉપસંહાર કહે છે — તેવા જગત્ સ્વભાવથી કિરણોનો સંઘાત આકાશમાં વિધ્વંસ પામે છે, એ પ્રમાણે સર્વકાળ પણ જાણવો. તેના ઉપસંહારમાં કહે છે — એક એમ કહે છે.

વળી એક એમ કહે છે — પૂર્વલોકાંતથી ઉંચે પ્રાતઃકાળે સૂર્ય-લોકપ્રસિદ્ધ દેવતારૂપ ભાસ્કર તેવા જગત્સ્વભાવથી આકાશમાં ઉત્પન્ન થાય છે, અને તે ઉત્પન્ન થઈ આ તીર્છાલોકને તીર્છો ભ્રમણ કરતો આ લોકને પ્રકાશિત કરે છે. તીર્છો કરીને પશ્ચિમ લોકાંતમાં સંધ્યાકાળે આકાશમાં અસ્ત પામે છે.

વળી એક એ પ્રમાણે કહે છે કે — પૂર્વના લોકાંતથી ઉંચે પ્રભાતકાળે સૂર્ય દેવતારૂપે સદા અવસ્થિત છે. તેવા પ્રકારે પુરાણ શાસ્ત્ર પ્રસિદ્ધ આકાશમાં ઉગે છે, તે ઉગેલો એવો આ પ્રત્યક્ષ જણાતા મનુષ્યલોકને તીર્છો કરે છે, તીર્છો કરીને પશ્ચિમના લોકાંતમાં સંધ્યા સમયે નીચે આકાશમાં પ્રવેશ કરે છે. પ્રવેશીને અધો ભાગમાં જાય છે. અર્થાત્ અધોલોકને પ્રકાશીત કરતો નિવૃત્ત થાય છે. તેમના મતથી જ ફરી આ ગોળાકાર લોક પણ ગોળાકારપણે રહેલ છે અને આ મત વર્તમાનમાં પણ અન્યતીર્થિકો જણાવે છે. તે તેમના પુરાણ શાસ્ત્રોથી સમ્યક્પણે જાણવું.

આના ત્રણ ભેદો છે — એક એ પ્રમાણે કહે છે કે સૂર્ય આકાશમાં ઉગે છે. બીજો એ પ્રમાણે કહે છે કે પર્વતની ટોચે છે. અન્યો એ પ્રમાણે કહે છે કે સમુદ્રમાં છે.

તેમાં પહેલાંનો આ મત જણાવ્યો. નીચે જઈને અને ફરી પણ અધો ભૂમિથી અર્થાત્ પૃથ્વીના અધોભાગથી તે નીકળે છે. પૂર્વના લોકાંતથી ઉંચે આકાશમાં પ્રભાતકાળે સૂર્ય ઉગે છે. એ પ્રમાણે હંમેશા પણ કહેવું.

વળી એક એમ કહે છે કે — પૂર્વના લોકાંતથી ઉંચે પ્રભાતકાળે સૂર્ય દેવતારૂપ તથાવિધ પુરાણ પ્રસિદ્ધ પૃથ્વીકાય મધ્યમાં ઉદય પૃથ્વીના મસ્તકે ઉત્પન્ન થાય છે તે ઉત્પન્ન થઈને આ મનુષ્યલોકને પ્રકાશીત કરે છે. પ્રકાશિત કરીને આ મનુષ્યલોકને પ્રકાશિત કરે છે, ત્યારપછી પશ્ચિમમાં લોકાંતે સંધ્યા સમયે સૂર્ય પૃથ્વીકાયમાં - અસ્તમય ભૂમિના મસ્તકમાં વિધ્વંસને પામે છે. એ પ્રમાણે પ્રતિદિવસ સર્વ કાળ જગત્ની સ્થિતિને વિચારવી.

વળી પાંચમાં કોઈ એ પ્રમાણે કહે છે કે — પૂર્વના લોકાંતથી ઉંચે પ્રભાતે દેવતારૂપ સૂર્ય સદા અવસ્થાયી પૃથ્વી કાયમાં - ઉદયભૂધરના મસ્તકમાં ઉગે છે. તે ઉગેલો સૂર્ય આ પ્રત્યક્ષ જણાતા તીર્છા લોકને તીર્છો કરે છે અને તીર્છો કરીને પશ્ચિમમાં લોકાંતમાં સંધ્યા સમયે પૃથ્વીકાય અર્થાત્ અસ્તમય ભૂમિમાં અનુપ્રવેશે છે. પ્રવેશીને નીચે જાય છે અર્થાત્ અધોભાગવર્તી લોકને પ્રકાશિત કરતો પ્રતિ નિવર્તે છે. પછી ફરીથી પણ અધો ભૂમિમાંથી અર્થાત્ પૃથ્વીના અધો ભાગથી તે સૂર્ય નીકળે

છે. પૂર્વના લોકાંતથી ઉર્ધ્વ પ્રભાતકાળે સૂર્ય પૃથ્વીકાયમાં - ઉદયભૂમિના મસ્તકે ઉગે છે. આ પણ ભૂગોળવાદી છે, પરંતુ પૂર્વના આકાશમાં ઉગે છે એમ સ્વીકારે છે, આ લોકો પર્વતની ટોચે ઉગે છે તેમ કહે છે. અહીં પણ ઉપસંહાર પૂર્વવત્.

વળી છટ્ઠો કોઈ એમ કહે છે કે — પૂર્વલોકાંતથી ઉંચે પ્રભાતે સૂર્ય પણ અપ્કાયમાં એટલે પૂર્વ સમુદ્રમાં ઉગે છે. તે ઉત્પન્ન થઈને આ પ્રત્યક્ષ જણાતાં તીર્છોલોકને તીર્છો કરે છે. તીર્છો કરીને પશ્ચિમના લોકાંતમાં સંધ્યા સમયે સૂર્ય અપ્કાય - પશ્ચિમ સમુદ્રમાં વિધ્વંસ પામે છે. એ પ્રમાણે સર્વદા પણ જાણવું.

વળી સાતમો કોઈ એમ કહે છે કે — પૂર્વલોકાંતથી ઉંચે પ્રભાતે સૂર્ય સદા અવસ્થાયી પુરાણ શાસ્ત્ર પ્રસિદ્ધ અપ્કાયમાં - પૂર્વ સમુદ્રમાં ઉગે છે. તે ઉગેલો સૂર્ય આ તીર્છાલોકને તીર્છો કરે છે. તીર્છો કરીને પરિભ્રમણ કરતો આ તીર્છાલોકને પ્રકાશિત કરે છે. પ્રકાશિત કરીને પશ્ચિમના લોકાંતમાં સંધ્યા સમયે સૂર્ય અપ્કાય-પશ્ચિમ સમુદ્રમાં અનુપ્રવેશે છે. પ્રવેશીને અધોભાગવર્તી લોકને પ્રકાશિત કરતો પ્રતિનિવૃત્ત થાય છે. અધોલોકમાં જઈને બીજી અધો ભૂમિમાંથી નીકળે છે, પૂર્વ લોકાંતથી ઉંચે પ્રભાતે સૂર્ય અપ્કાયમાં પૂર્વ સમુદ્રમાં ઉગે છે. એમ સર્વકાળમાં પણ જાણવું. અહીં પણ ઉપસંહાર પૂર્વવત્ છે.

વળી આઠમાં કોઈ એક કહે છે — પૂર્વના લોકાંતથી ઉંચે પ્રથમથી ઘણાં યોજનો, પછી ક્રમથી ઘણાં સેંકડો યોજન, ત્યાર પછી ક્રમથી ઘણાં હજારો યોજનો ઘણે દૂર ઉંચે બુદ્ધિ વડે જઈને આ અવકાશમાં પ્રભાતે સૂર્ય દેવતારૂપ સદા અવસ્થાયી ઉગે છે અને તે ઉગીને આ દક્ષિણાર્ધ લોક-દક્ષિણ દિશાવર્તી આ અર્ધલોકને અર્થાત્ દક્ષિણ લોકાર્ધ. તીર્છો પરિભ્રમણ કરતો દક્ષિણ લોકાર્ધને પ્રકાશિત કરે છે અને દક્ષિણ અર્ધલોકને તીર્છો કરતો, તે જ ઉત્તરાર્ધલોકને રાત્રિમાં કરે છે. ત્યારપછી તે સૂર્ય ક્રમથી આ ઉત્તરના અર્ધલોકને તીર્છો કરે છે, અર્થાત્ ત્યાં પણ તીર્છો પરિભ્રમણ કરતો ઉત્તરના અર્ધલોકને પ્રકાશિત કરે છે અને ઉત્તર અર્ધલોકને તીર્છા પરિભ્રમણ વડે પ્રકાશિત કરતો તે જ દક્ષિણ અર્ધલોકમાં રાત્રિને કરે છે. ત્યારપછી તે સૂર્ય આ બંને - દક્ષિણ ઉત્તરાર્ધલોકમાં તીર્છો કરીને ફરી પણ પૂર્વના લોકાંતથી ઉર્ધ્વ પહેલાથી ઘણાં યોજનો જઈને ત્યારપછી ક્રમથી ઘણાં સેંકડો યોજનો, ત્યારપછી ઘણાં હજારો યોજનો દૂર ઉર્ધ્વ કુદીને - બુદ્ધિ વડે જઈને આ અવકાશમાં પ્રભાતે સૂર્ય આકાશમાં ઉગે છે. એ પ્રમાણે સર્વકાળ છે. ઉપસંહાર પૂર્વવત્.

એ પ્રમાણે બીજાની પ્રતિપત્તિ જણાવીને સ્વમતને જણાવે છે — [ભગવન્ કહે છે —] અમે ફરી ઉત્પન્ન કેવલજ્ઞાની કેવળજ્ઞાન વડે યથાવસ્થિત વસ્તુ પામીને, હવે કહેવાનાર પ્રકાર વડે કહીએ છીએ. તે જ પ્રકારને કહે છે —

જંબૂદ્વીપ દ્વીપની ઉપર જે-તે મંડલોને ૧૨૪ વડે છેદીને અર્થાત્ ૧૨૪ ભાગોના મંડલને પરિકલ્પીને અને પછી પૂર્વ-પશ્ચિમ લાંબી અને ઉત્તર-દક્ષિણ લાંબી પ્રત્યંચા-જીવા, તે મંડલને ચાર ભાગ વડે વિભાગ કરીને દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ મંડલ



ચતુર્ભાગમાં ૩૧-ભાગ પ્રમાણમાં, આટલી ૧૮૪ મંડલમાં પણ સૂર્યના ઉદયમાં પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે “૧૮૪ વડે છેદીને ચતુર્ભાગ મંડલમાં” કહ્યું.

આ પ્રત્યક્ષ જણાતી રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૮૦૦ યોજન ઉંચે કુદીને અર્થાત્ બુદ્ધિ વડે જઈને આ અંતરમાં પ્રભાતે બે સૂર્યો ઉગે છે.

દક્ષિણ-પૂર્વ મંડલના ચતુર્ભાગમાં ભારતનો સૂર્ય ઉગે છે, બીજો પશ્ચિમ-ઉત્તર મંડલ ચતુર્ભાગમાં ઐરવતનો સૂર્ય ઉગે છે. તે બંને ઉદિત થયેલા ભરત-ઐરવતના સૂર્ય યથાક્રમે આ દક્ષિણ-ઉત્તર જંબૂદ્વીપ ભાગમાં તીર્છો કરતાં અર્થાત્ એવું કહે છે કે — ભારતનો સૂર્ય દક્ષિણ-પૂર્વ મંડલના ચતુર્ભાગમાં ઉદીત થયેલો તીર્છો પરિભ્રમણ કરે છે. તીર્છો પરિભ્રમણ કરતો મેરુના દક્ષિણ ભાગને પ્રકાશિત કરે છે.

વળી ઐરવતનો સૂર્ય પશ્ચિમોત્તર દિશા ભાગમાં ઉગે છે. તે ઉગીને તીર્છો પરિભ્રમણ કરતો મેરુના ઉત્તર ભાગને પ્રકાશિત કરે છે.

આ ભરત અને ઐરવતનો સૂર્ય જ્યારે મેરુના દક્ષિણ અને ઉત્તર જંબૂદ્વીપ ભાગમાં તીર્છો કરે છે, ત્યારે જ તે પૂર્વ-પશ્ચિમ જંબૂદ્વીપ ભાગમાં રાત્રિ કરે છે. એક પણ સૂર્ય ત્યારે પૂર્વભાગ કે પશ્ચિમ ભાગને પ્રકાશિત કરતો નથી અને દક્ષિણ-ઉત્તર ભાગમાં તીર્છો કરીને તે આ પૂર્વ-પશ્ચિમ જંબૂદ્વીપ ભાગમાં તીર્છો કરે છે.

અહીં ભાવના આ પ્રમાણે છે — ઐરાવતનો સૂર્ય મેરુના ઉત્તર ભાગમાં તીર્છો પરિભ્રમણ કરીને, ત્યારપછી મેરુની જ પૂર્વની દિશામાં તીર્છો પરિભ્રમણ કરે છે. ભારતનો સૂર્ય મેરુની દક્ષિણથી તીર્છો પરિભ્રમણ કરીને, ત્યારપછી મેરુના પશ્ચિમ ભાગમાં તીર્છો પરિભ્રમણ કરે છે.

આ તરફ જ્યારે ઐરવત અને ભારતમા સૂર્યો યથાક્રમે પૂર્વ-પશ્ચિમ ભાગમાં તીર્છો કરતો, તેમજ દક્ષિણોત્તર જંબૂદ્વીપ ભાગમાં રાત્રિ કરે છે અર્થાત્ એક પણ સૂર્ય ત્યારે દક્ષિણ ભાગ કે ઉત્તર ભાગને પ્રકાશિત કરતો નથી.

ત્યારપછી આ યથાક્રમે ઐરવત-ભારતના સૂર્યો પૂર્વ-પશ્ચિમ ભાગમાં તીર્છો કરીને જે ભારતનો સૂર્ય, તે ઉત્તર-પશ્ચિમ મંડલ ચતુર્ભાગમાં ઉદયને પામે છે અને ઐરવતનો સૂર્ય દક્ષિણ-પૂર્વ મંડલ ચતુર્ભાગમાં ઉદય પામે છે.

આ જ દર્શાવીને ઉપસંહાર કહે છે — તે ભરત અને ઐરવતના સૂર્યો પહેલાં યથાક્રમે આ દક્ષિણ અને ઉત્તર જંબૂદ્વીપ ભાગમાં, ત્યારપછી યથાયોગ્ય પૂર્વ અને પશ્ચિમ જંબૂદ્વીપ ભાગમાં, અર્થાત્ ભારતનો સૂર્ય પશ્ચિમ ભાગ, ઐરવતનો પૂર્વ ભાગ, તીર્છો કરીને જંબૂદ્વીપ દ્વીપની ઉપર જે-તે મંડલને ૧૨૪ વડે છેદીને ફરી પૂર્વ-પશ્ચિમ લાંબી અને ઉત્તર-દક્ષિણ લાંબી પ્રત્યંચા અર્થાત્ જીવા વડે, ચાર વડે વિભાગ કરીને યથાયોગે દક્ષિણ-પૂર્વમાં અને ઉત્તર-પશ્ચિમમાં મંડલના ચતુર્ભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂમિભાગથી ઉંચે ૮૦૦ યોજન ઉંચે જઈને આ અવકાશમાં પ્રભાતે બે સૂર્યો આકાશમાં ઉગતા, જે ઉત્તરભાગને પૂર્વના અહોરાત્રમાં પ્રકાશિત કરતો તે દક્ષિણપૂર્વમાં મંડલ ચતુર્ભાગમાં ઉગે છે. જે દક્ષિણ ભાગને પ્રકાશિત કરે

છે. તે ઉત્તરપશ્ચિમમાં મંડલ ચતુર્ભાગમાં. એ પ્રમાણે સદાકાળ જગત્‌ની સ્થિતિને વિચારવી.

૦ પ્રાભૃત-પ્રાભૃત-૨નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x -- x -- x --

## ❀ પ્રાભૃત-૨, પ્રાભૃત-પ્રાભૃત-૨ ❀

૦ એ પ્રમાણે બીજા પ્રાભૃતનું પહેલું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે બીજાનો આરંભ કરે છે. તેનો આ અર્થાધિકાર છે. ''મંડલાંતરમાં સંક્રમણ કહેવું.'' તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

● **સૂત્ર-૩૨ :-**

***તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો-કરતો સૂર્ય કઈ રીતે ચાર ચરે છે તેમ કહેલ છે તે કહો —***

***તે વિષયમાં નિશ્ચે આ બે પ્રતિપત્તિઓ કહી છે —***

***તેમાં એક એ પ્રમાણે કહે છે કે — તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો-કરતો સૂર્ય ભેદ-ઘાતથી સંક્રમણ કરે છે - એક એ પ્રમાણે કહે છે.***

***વળી બીજો કોઈ એ પ્રમાણે કહે છે કે — તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકલાને ઘટાડે છે.***

***તેમાં જેઓ એમ કહે છે કે, તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો-કરતો ભેદ-ઘાતથી સંક્રમે છે. તેમાં આ દોષ છે - તે જે અંતરથી એક મંડલતી બીજા મંડલમાં સંક્રમણ કરતો-કરતો સૂર્ય ભેદ-ઘાતથી સંક્રમે છે. તે માર્ગમાં આગળ જઈ શકતો નથી. આગળ ન જઈ શકતો તે મંડલકાળને નષ્ટ કરે છે.***

***તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે — તે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકલાને ઘટાડે છે. તેમાં આ વિશેષ છે, તે જે અંતરથી એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકાળાને ઘટાડે છે. આટલો માર્ગ તે આગળ જાય છે. આગળ જતો મંડળ કાળને નષ્ટ કરતો નથી. તેમાં આ વિશેષ છે.***

***તેમાં જેઓ એ પ્રમાણે કહે છે — એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકળાને ઘટાડે છે. આ વાત નય વડે જાણે છે. બીજા નય વડે નહીં.***

● **વિવેચન-૩૨ :-**

ભગવન્ ! કઈ રીતે મંડલથી મંડલ સંક્રમણ કરતો સૂર્ય ચાર ચરે છે ? ચાર



ચરે છે. તેમ પ્રરૂપેલ છે, તે કહો — શું કહેવા માંગે છે ? ભગવન્ ! કઈ રીતે આ સૂર્ય ચાર ચરતો મંડલથી મંડલ સંક્રમે છે તેમ પ્રરૂપેલ છે. અહીં એકથી બીજા મંડલમાં સંક્રમણ જ કહેવું, તેથી તેને જ મુખ્યપણે કરીને વાક્યોનો ભાવાર્થ વિચારવો જોઈએ.

આ પ્રમાણે પૂછતાં ભગવંતે કહ્યું — તે મંડલથી બીજા મંડલમાં સંક્રમણના વિષયમાં આ બે પ્રતિપત્તિ કહેવાઈ છે, તે આ પ્રમાણે છે — તેમાં એક એ પ્રમાણે કહે છે કે —

એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરવાને ઈચ્છતો સૂર્ય ભેદ-ઘાતથી સંક્રમણ કરે છે. ભેદ - એક મંડલથી બીજા મંડલનો અપાંતરાલ, તેમાં ઘાત - ગમન. તે પૂર્વે જ કહેલ છે. તેના દ્વારા સંક્રમણ કરે છે. શું કહેવા માંગે છે ? વિવક્ષિત મંડલમાં સૂર્ય વડે આપૂરિત થતાં તે અંતર અપાંતરાલગમનથી બીજા મંડલમાં સંક્રમણ કરે છે અને સંક્રમણ કરીને તે મંડલમાં ચાર ચરે છે. અહીં ઉપસંહાર પૂર્વવત્ છે.

એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરવાને ઈચ્છતો સૂર્ય, તે અધિકૃત્ મંડલને પહેલા ક્ષણથી આગળ આરંભીને કર્ણકળાને છોડે છે. અહીં આ ભાવના છે — ભારત કે ઐરાવતનો સૂર્ય સ્વ-સ્વ સ્થાનમાં ઉગતો એવો બીજા મંડલમાં જઈને કર્ણ પહેલા કોટિભાગરૂપને લક્ષ્ય કરીને ધીમે ધીમે અધિકૃત્ મંડલને તે કોઈક પણ કલા વડે મૂકતા ચાર ચરે છે, જેના વડે તે અહોરાત્ર અતિક્રાંત થતાં બીજા અનંતર મંડલના આરંભમાં વર્તે છે. 'કર્ણકલા' એ ક્રિયાવિશેષણ જાણવું.

તે આ પ્રમાણે વિચારવું — कर्ण - બીજા મંડલમાં ગયેલ પ્રથમ કોટિ ભાગરૂપ લક્ષ્ય કરીને અધિકૃત્ મંડલને પહેલી ક્ષણથી આગળ ક્ષણ-ક્ષણમાં કલા વડે અતિક્રાંત જે રીતે થાય, તે રીતે જણાવે છે. તે એ પ્રમાણે બંને પ્રતિપત્તિને આશ્રીને જે વસ્તુ તત્ત્વ છે, તેને દર્શાવે છે —

તેમાં - તે બંનેની મધ્યે જે એ પ્રમાણે કહે છે કે — એક મંડલથી બીજા મંડલને સંક્રમણ કરતાં ભેદઘાતથી સંક્રમે છે, તેમાં આ - અનંતર કહેવાનાર દોષ છે. તેને જ કહે છે — જેટલા કાળથી અંતરથી - અપાંતરાલથી એક મંડલથી બીજા મંડલને સંક્રમણ કરતો સૂર્ય ભેદઘાતથી સંક્રમે છે, તેમ કહે છે, આટલા માર્ગને આગળ - બીજા મંડલમાં જતો નથી. શું કહેવા માંગે છે ? એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો જેટલા કાળથી અપાંતરાલમાં જાય છે, તેટલો કાળ અનંતર પરિભ્રમણ કરવાને ઈચ્છતા, બીજા મંડલને અહોરાત્ર મધ્યથી તોડે છે. પછી બીજા મંડલમાં પરિભ્રમણ કરતાં અંતે તેટલો કાળ પરિભ્રમણ કરતો નથી. કેમકે તેમાં રહેલ અહોરાત્રને પરિપૂર્ણ કરેલ હોય છે.

એ પ્રમાણે પણ શો દોષ છે, તે કહે છે — આગળ બીજા મંડલ પર્યન્ત ન જતાં મંડલકાળને પરિભ્રમણ કરે છે. જેટલા કાળથી મંડલને પરિપૂર્ણ ભ્રમણ કરે છે. તેટલી હાનિરૂપ થાય છે. તેમ હોવાથી સર્વ જગત્ વિદિત પ્રતિનિયત દિવસ-રાત્રિ પરિમાણ વ્યાઘાતનો પ્રસંગ છે. તેમાં આ દોષ છે.

તેમાં જે તે વાદી એ પ્રમાણે કહે છે – એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય અધિકૃત્ મંડલને કર્ણકલાંથી છોડે છે. તેમાં આ વિશેષ ગુણ છે. તે જ ગુણને કહે છે – જેટલા કાળ અપાંતરાલથી એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય કર્ણકલાને આશ્રીને મંગલને છોડે છે. આટલો માર્ગ આગળ પણ બીજા મંડલ પર્યન્ત પણ જાય છે.

અહીં આ ભાવના છે – અધિકૃત મંડલ જો કર્ણકલાને છોડે છે, તેથી અપાંતરાલ ગમનકાળ અધિકૃત્ મંડલ જ અહોરાત્રમાં અંતર્ભૂત છે તથા બીજા મંડલમાં સંક્રમણ કરતો તદ્‌ગત કાળને કંઈપણ ઘટાડ્યા વિના જેટલા કાળથી અપાંતરાલ જણાય છે, તેટલા કાળથી આગળ જાય છે.

પછી શું ? તે કહે છે – આગળ જતો એવો મંડલકાળ થતો નથી, જેટલા કાળથી પ્રસિદ્ધ તે મંડલને સમાપ્ત કરે છે, તેટલા કાળથી તે મંડલ પરિપૂર્ણ સમાપ્ત કરે છે. પરંતુ થોડું પણ મંડલકાળ પરિહાનિ થતી નથી. તેથી કંઈપણ સર્વ જગત્ પ્રસિદ્ધ પ્રતિનિયત દિવસ-રાત્રિ પરિમાણ વ્યાઘાત પ્રસંગ નથી. આ તે એ પ્રમણે કહેનારનો ગુણ છે. તેથી આ જ મત સમીચીન છે. બીજો નહીં. એ પ્રમાણે આવેદિત કરતાં જણાવે છે કે –

તેમાં જે વાદી એ પ્રમાણે કહે છે કે એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણ કરતો સૂર્ય અધિકૃત્ મંડલને કર્ણકલાને છોડે છે. આ નયથી - અભિપ્રાયથી અમારા મતમાં પણ એક મંડલથી બીજા મંડલમાં સંક્રમણને જાણવું જોઈએ. પણ એ પ્રમાણે બીજા નયથી નહીં. કેમકે તેમાં દોષ કહેલ છે.

૦ પ્રાભૃત-પ્રાભૃત-૨-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x -- x -- x --

## ૦ પ્રાભૃત-૨, પ્રાભૃતપ્રાભૃત-3 ૦

એ પ્રમાણે બીજા પ્રાભૃતના બીજા પ્રાભૃતપ્રાભૃતને કહ્યું. હવે ત્રીજા પ્રાભૃતપ્રાભૃતને કહે છે. તેનો આ અર્થાધિકાર છે. ‘‘મંડલ-મંડલમાં પ્રતિમુહૂર્તમાં ગતિ કથન.’’ તેથી તે વિષયક પ્રશ્ન સૂત્રને કહે છે –

● સૂત્ર-33 :-

*ભગવન્ ! કેટલા ક્ષેત્રમાં સૂર્ય એક એક મુહૂર્તમાં ગમન કરે છે ? તેમાં આ ચાર પ્રતિપત્તિઓ કહેલી છે.*

*(૧) તેમાં એક એ પ્રમાણે કહે છે – છ-છ હજાર યોજન સૂર્ય એક-એક મુહૂર્તથી જાય છે.*

*(૨) બીજા કોઈ કહે છે – તે પાંચ-પાંચ હજાર યોજન સૂર્ય એક-એક મુહૂર્તથી જાય છે.*

*(3) એક કોઈ કહે છે કે – તે સૂર્ય એક-એક મુહૂર્તમાં ચાર-ચાર હજાર યોજન જાય છે.*



*(૪) કોઈ એક વળી કહે છે કે – તે છ પણ, પાંચ પણ અને ચાર પણ હજાર યોજન સૂર્ય એક-એક મુહૂર્તમાં જાય છે.*

*તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે સૂર્ય એક-એક મુહૂર્તમાં છ-છ હજાર યોજન જાય છે, તેઓ એમ કહે છે કે – જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તે દિવસોમાં ૧,૦૮,૦૦૦ તાપક્ષેત્ર થાય છે.*

*જ્યારે તે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે, અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. તે દિવસમાં ૭૨,૦૦૦ યોજનનું તાપક્ષેત્ર કહેલ છે. ત્યારે છ-છ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં જાય છે.*

*તેમાં જેઓ એમ કહે છે કે – તે પાંચ-પાંચ હજાર યોજન સૂર્ય એક-એક મુહૂર્તમાં જાય છે, તેઓ એમ કહે છે કે – જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પૂર્વવત્ દિવસ-રાત્રિ પ્રમાણ થાય અને તેમાં તાપક્ષેત્ર ૯૦,૦૦૦ યોજન થાય છે. તે જ્યારે સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે જ રાત્રિ-દિવસ પ્રમાણ થાય, તે દિવસમાં ૬૦,૦૦૦ યોજન તાપક્ષેત્ર થાય છે. ત્યારે સૂર્ય એક-એક મુહૂર્તમાં પાંચ-પાંચ હજાર યોજન જાય છે.*

*તેમાં જેઓ એમ કહે છે કે – જ્યારે તે સૂર્ય સર્વ અભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે રાત્રિદિવસ પૂર્વવત્ થાય છે. તે દિવસમાં ૭૨,૦૦૦ યોજન તાપક્ષેત્ર કહેલ છે. જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે રાત્રિદિવસ પૂર્વવત્, તે દિવસોમાં ૪૮,૦૦૦ યોજન તાપક્ષેત્ર કહેલ છે. તે વખતે સૂર્ય એક-એક મુહૂર્તમાં ચાર-ચાર હજાર યોજન જાય છે.*

*તેમાં જેઓ એમ કહે છે કે સૂર્ય એક-એક મુહૂર્તમાં છ હજાર કે પાંચ હજાર કે ચાર હજાર યોજન પણ જાય છે, તેઓ એમ કહે છે કે – તે સૂર્ય ઉદ્‌ગમન મુહૂર્તથી કદાચ અસ્તમણ મુહૂર્તમાં શીઘ્રગત થાય છે. તેથી એક મુહૂર્તમાં છ-છ હજાર યોજન જાય છે. મધ્યમ તાપક્ષેત્રને સમ ગણીને ચાલતા-ચાલતાં સૂર્ય મધ્યમગત થાય છે, ત્યારે એક-એક મુહૂર્તમાં પાંચ-પાંચ હજાર યોજન જાય છે. મધ્યમ તાપક્ષેત્ર સંપ્રાપ્ત થતાં સૂર્ય મંદગતિ થાય છે. ત્યારે તે એક-એક મુહૂર્તમાં ચાર-ચાર હજાર યોજન જાય છે. તેમાં શો હેતુ છે, તેમ કહો છો ?*

*આ જંબૂદ્વીપ યાવત્ પરિક્ષેપથી છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્ થાય. તે દિવસોમાં*

૯૧,૦૦૦ યોજન તાપક્ષેત્ર કહેલ છે. જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલ સંક્રમીને ચાર ચરે છે ત્યારે રાત્રિ-દિવસ પૂર્વવત્ થાય છે. તે દિવસમાં ૬૧,૦૦૦ યોજનનું તાપક્ષેત્ર કહેલ છે. ત્યારે ૬૦૦૦ કે ૫૦૦૦ કે ૪૦૦૦ યોજન પણ એક-એક મુહૂર્તમાં જાય છે.

પરંતુ અમે એ પ્રમાણે કહીએ છીએ કે તે સાતિરેક પાંચ-પાંચ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તમાં જાય છે. તેમાં શો હેતુ છે, તે કહો. આ જંબૂદ્વીપ દ્વીપ યાવત્ પરિક્ષેપથી છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પાંચ-પાંચ હજાર યોજન અને ૨૫૧ યોજન તથા [૨૯/૬૦] યોજનના ઓગણત્રીશ-સાઈઠાંશ ભાગ એક-એક મુહૂર્તથી જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યોને ૪૭,૨૬૩ યોજન અને એક યોજનના [૨૧/૬૦] ભાગ વડે સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતો પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૫૨૫૧ યોજન અને એક યોજનના [૪૭/૬૦] ભાગ એક એક મુહૂર્ત વડે જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યને ૪૭,૧૭૯ યોજન અને એક યોજનના [૫૭/૬૦] ભાગ વડે, સાઈઠ ભાગને ૬૧ વડે છેદીને ૧૯ ચૂર્ણિકા ભાગથી સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે દિવસ-રાત્રિ પૂર્વવત્ થાય છે.

તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૫૨૫૨ યોજન અને એક યોજનના [૫/૬૦] પાંચ સાઈઠાંશ ભાગ એક-એક મુહૂર્તમાં જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યોને ૪૭,૦૯૬ યોજન અને એક યોજનના [૩૩/૬૦] તેત્રીશ-સાઈઠાંશ ભાગ તથા ૬૦ ભાગને ૬૧ વડે છેદીને બે ચૂર્ણિકા ભાગ વડે સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્ થાય છે.

એ પ્રમાણે નિશ્ચે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તેના અનંતર મંડલથી અનંતર મંડલને સંક્રમણ કરતો કરતો એક યોજનના અઢાર-અઢાર સાઈઠાંશ ભાગને એક એક મંડલમાં મુહૂર્ત ગતિને વધારતો-વધારતો અને ૮૪ યોજનોમાં કિંચિત્ ન્યૂન પુરુષ છાયાને ઘટાડતો-ઘટાડતો સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૫૩૦૫ યોજન અને એક યોજનના [૧૫/૬૦] પંદર-સાઈઠાંશ ભાગ એક-એક મુહૂર્તથી જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યને ૩૧,૮૩૧ યોજન અને એક યોજનના [૩૦/૬૦] ત્રીશ-સાઈઠાંશ ભાગથી સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે ઉત્તમ કાષ્ઠપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્તનો



દિવસ થાય છે.

આ પહેલાં છ માસ, આ પહેલા છ માસનો અંત છે.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતાં પહેલાં અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૫૩૦૪ યોજન અને એક યોજનના [૫૭/૬૦] સત્તાવન સાઈઠાંશ ભાગ એક-એક મુહૂર્ત વડે જાય છે. ત્યારે અહીં રહેલો મનુષ્ય ૩૧,૯૧૬ યોજન અને એક યોજનના [૩૯/૬૦] ઓગણચાલીશ સાઈઠાંશ ભાગ તથા સાઈઠ ભાગને એકસઠ વડે છેદીને ૬૦ ચૂર્ણિકા ભાગમાં સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. ત્યારે રાત્રિ-દિન પૂર્વવત્.

તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ૫૩૦૪ યોજન અને એક યોજનના [૩૯/૬૦] ભાગ એક-એક મુહૂર્તથી જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્ય ૩૨,૦૦૧ યોજન અને એક યોજનના [૫૧/૬૦] ભાગ તથા ૬૦ ભાગને ૬૧ વડે છેદીને ૨૩ ચૂર્ણિકા ભાગથી સૂર્ય જલ્દી દૃષ્ટિગોચર થાય છે. રાત્રિ અને દિવસ પૂર્વવત્ છે.

એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેના અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો યોજનના અઢાર-અઢાર સાઈઠાંશ ભાગમાં એક-એક મંડલમાં મુહૂર્તગતિથી ઘટાડતો-ઘટાડતો સાતિરેક ૮૫-૮૫ યોજન પુરુષ છાયાની વૃદ્ધિ કરતો-કરતો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે ૫૨૫૧ યોજન અને એક યોજનના ૩૮/૬૦ ભાગ એક-એક મુહૂર્ત વડે જાય છે. ત્યારે અહીં રહેલ મનુષ્યને ૪૭,૨૬૨ યોજન અને એક યોજનના ૨૧/૬૦ ભાગથી સૂર્ય જલ્દી દૃષ્ટિપથમાં આવે છે. ત્યારે ઉત્તમકાષ્ઠપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

આ બીજા છ માસ અને બીજા છ માસનો અંત છે.

આ આદિત્ય સંવત્સર છે અને આ આદિત્ય સંવત્સરનો પર્યવસાન છે, તેમ જાણવું.

● **વિવેચન-૩૩ :-** *[આંકડાકીય અનુવાદ અમને સમજાયો નથી.]*

ભગવન્ ! આપના વડે કેટલા માત્ર ક્ષેત્રમાં સૂર્ય એક એક મુહૂર્ત વડે જાય છે ? જતો પ્રરૂપેલ છે, તેમ કહેવું ? એમ પૂછતા ભગવંતે આ વિષયમાં પરતીર્થિકની પ્રતિપત્તિ-મિથ્યાભાવોને દેખાડવાને માટે પહેલાં તે જ પરપ્રતિપત્તિને જણાવેલ છે.

તેમાં-પ્રતિમુહૂર્ત ગતિ પરિમાણ વિચારણામાં નિશ્ચે આ ચાર પ્રતિપત્તિઓ કહેલી છે. તે આ પ્રમાણે –

તે ચાર વાદીઓમાં એક એમ કહે છે કે – સૂર્ય એક એક મુહૂર્તમાં છ-છ

હજાર યોજન જાય છે. અહીં ઉપસંહારમાં કહે છે કે – એક અન્યતીર્થિક આમ કહે છે, આ પ્રમાણે આગળના ઉપસંહાર વાક્યો પણ વિચારી-સમજી લેવા.

બીજા એક કહે છે કે – સૂર્ય એક એક મુહૂર્તમાં પાંચ-પાંચ હજાર યોજન જાય છે. ત્રીજા વળી કોઈ એમ કહે છે કે – સૂર્ય એક એક મુહૂર્તમાં ચાર-ચાર હજાર યોજન જાય છે. વળી ચોથો કોઈ એમ કહે છે કે સૂર્ય એક-એક મુહૂર્તમાં ૬૦૦૦ કે ૫૦૦૦ કે ૪૦૦૦ યોજન પમ જાય છે. એ પ્રમાણે ચારે પણ પ્રતિપત્તિને સંક્ષેપમાં દર્શાવીને હવે તેની યથાક્રમે ભાવના કહે છે –

તેમાં જે વાદી એ પ્રમાણે કહે છે કે – સૂર્ય એક-એક મુહૂર્તમાં છ-છ હજાર યોજન જાય છે, તેઓ આ પ્રમાણે કહે છે કે – જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત-પરમપ્રકર્ષ પ્રાપ્ત અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને સર્વ જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તે દિવસમાં તાપક્ષેત્રને ૧૦,૮૦૦૦ યોજન કહેલ છે. તે જ મંડલમાં ઉદય પામતો સૂર્ય દિવસના અર્ધથી જેટલાં માત્ર ક્ષેત્રને વ્યાપીત કરે છે, તેટલામાં રહેલ દૃષ્ટિપથમાં આવે છે. તેથી આટલું આગળનું તાપક્ષેત્ર છે અને જેટલું આગળ તાપક્ષેત્ર છે. તેટલું પાછળનું તાપક્ષેત્ર પણ છે. કેમકે ઉદય પામતાની માફક અસ્તમાન થતો પણ સૂર્ય અર્ધ દિવસથી જેટલાં માત્ર ક્ષેત્રને વ્યાપીરત કરે છે, તેટલામાં રહેલ દૃષ્ટિપથમાં આવે છે. આ સુપ્રસિદ્ધ છે.

સર્વાભ્યંતર મંડલમાં દિવસનું અડધું નવ મુહૂર્ત, તેથી અઢાર મુહૂર્ત વડે જેટલા માત્ર ક્ષેત્રને જાણે તેટલાં પ્રમાણ તાપક્ષેત્રને એક-એક મુહૂર્ત વડે છ-છ હજાર યોજન જાય છે. પછી ૬૦૦૦ યોજન અઢાર વડે ગુણતાં ૧૦,૮૦૦૦ યોજન થાય છે. એ પ્રમામે આગળ પણ તે-તે મંડલગત દિવસ પરિમાણને પ્રતિમુહૂર્ત ગતિ પરિમાણને વિચારીને તાપક્ષેત્ર પરિમાણ ભાવના ભાવવી.

જ્યારે સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે, સર્વ જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. તે દિવસમાં તાપક્ષેત્ર પરિમાણ ૭૨,૦૦૦ થાય છે, ત્યારે તાપક્ષેત્રને બાર મુહૂર્ત ગમ્ય પ્રમાણ છે. આ અર્થમાં ભાવના પૂર્વોક્ત અનુસાર સ્વયં કરવી.

મુહૂર્ત વડે છ-છ હજાર યોજન જાય છે. પછી ૬૦૦૦ યોજનને બાર વડે ગુણવાથી ૭૨,૦૦૦ યોજન થાય છે. આ ઉપપત્તિને કંઈક અંશે કહે છે – તે જ અન્યતીર્થિકોના મતથી સૂર્ય છ - છ હજાર યોજન એકૈક મુહૂર્તથી જાય છે. પછી સર્વાભ્યંતર અને સર્વ બાહ્ય મંડલમાં યથોક્ત જ તાપક્ષેત્ર પરિમાણ થાય છે.

તે વાદીઓની મધ્યે જે એમ કહે છે કે – સૂર્ય એક એક મુહૂર્ત વડે પાંચ-પાંચ હજાર યોજન જાય છે, તે એમ કહે છે કે – જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, આ પ્રસ્તાવમાં દિવસ-રાત્રિ પ્રમાણ પૂર્વવત્ જાણવું. ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તે સર્વાભ્યંતર મંડલગત અઢાર મુહૂર્ત પ્રમાણ દિવસમાં તાપક્ષેત્ર પરિમાણ



૯૦,૦૦૦ યોજન કહેલ છે. ત્યારે જ પૂર્વોક્ત યુક્તિવશથી અઢાર મુહૂર્ત પ્રમાણ તાપક્ષેત્ર છે, એક-એક મુહૂર્ત વડે જતો સૂર્ય પાંચ-પાંચ હજાર યોજન જાય. તે પાંચ હજાર યોજનને અઢાર વડે ગુણવાથી ૯૦,૦૦૦ યોજન થાય છે.

જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે ત્યારે રાત્રિ-દિવસનું પ્રમાણ તો પૂર્વે કહ્યા મુજબ જ થાય. તે આ રીતે - ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. તે સર્વબાહ્ય મંડલગત સર્વજઘન્ય બાર મુહૂર્ત પ્રમાણ દિવસમાં તાપક્ષેત્ર ૬૦,૦૦૦ યોજન કહેલ છે ત્યારે જ અનંતરોક્ત યુક્તિના વશથી બાર મુહૂર્તના ગમ્ય પ્રમાણને તાપક્ષેત્ર એક-એક મુહૂર્ત વડેથી પાંચ-પાંચ હજાર યોજન જાય છે. તેથી ૫૦૦૦ યોજનને બાર વડે ગુણતા ૬૦,૦૦૦ યોજન થાય છે.

હવે ઉપપત્તિને કંઈક અંશે કહે છે – ત્યારે સર્વાભ્યંતર મંડલ ચાર ચરણકાળમાં અને સર્વબાહ્યમંડલ ચાર ચરણકાળમાં પાંચ-પાંચ હજાર યોજન સૂર્ય એક એક મુહૂર્તથી જાય છે. તેથી સર્વાભ્યંતર અને સર્વબાહ્ય મંડલમાં યથોક્ત તાપક્ષેત્ર પરિમાણ થાય છે.

તેમાં જે વાદીઓ એમ કહે છે કે – સૂર્ય એક-એક મુહૂર્તમાં ચાર-ચાર હજાર યોજન જાય છે, તે એ પ્રમાણે સૂર્ય તાપક્ષેત્ર પ્રરૂપણાને કરે છે - જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્ કહેવી. તે આ પ્રમાણે - ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે, તે સર્વાભ્યંતર મંડલગત અઢાર મુહૂર્ત પ્રમાણ દિવસમાં તાપક્ષેત્ર ૭૨,૦૦૦ યોજન કહેલ છે, તેથી જ આ મત વડે સૂર્ય એક-એક મુહૂર્તથી ચાર-ચાર હજાર યોજન જાય છે. સર્વાભ્યંતર મંડલમાં તાપક્ષેત્ર પરિમાણ પૂર્વોક્ત યુક્તિવશથી અઢાર મુહૂર્ત જાણવું પછી ૪૦૦૦ યોજનને ૧૮ વડે ગુણતાં ૭૨,૦૦૦ યોજન થાય.

પછી જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે રાત્રિ-દિવસનું પ્રમાણ પૂર્વવત્ કહેવું. તે આ પ્રમાણે - ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે, જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. તે સર્વબાહ્ય મંડલગત બાર મુહૂર્ત પ્રમાણ દિવસમાં તાપક્ષેત્ર ૪૮,૦૦૦ યોજન કહે છે. ત્યારે જ તાપક્ષેત્ર બાર મુહૂર્ત જાણવું. એક-એક મુહૂર્ત વડે ચાર-ચાર હજાર યોજન જાય છે તેથી ચાર હજાર યોજનને બાર વડે ગુણવાથી ૪૮,૦૦૦ થાય છે.

આ જ ઉપપત્તિને કિંચિત્ વિચારીએ - ત્યારે સર્વાભ્યંતર મંડલ ચાર કાળમાં અને સર્વ બાહ્ય મંડલ ચાર કાળમાં જે કારણે ચાર હજાર યોજન એક એક મુહૂર્ત વડે જાય છે, તેથી સર્વાભ્યંતર અને સર્વબાહ્ય મંડલમાં યથોક્ત તાપક્ષેત્ર પરિમાણ થાય છે.

તેમાં જે વાદીઓ એમ કહે છે કે – છ, પાંચ કે ચાર હજાર યોજન પણ સૂર્ય

એક એક મુહૂર્ત વડે જાય છે, તેઓ એમ કહે છે કે – આ પ્રમાણે સૂર્ય ચારની પ્રરૂપણા કરે છે, સૂર્ય ઉદ્‌ગમન મુહૂર્તમાં અને અસ્તમન મુહૂર્તમાં શીઘ્રગતિ થાય છે. તેથી ઉદ્‌ગમન કાળ અને અસ્તમનકાળમાં સૂર્ય એક-એક મુહૂર્તથી છ-છ હજાર યોજન જાય છે. ત્યારપછી સર્વાભ્યંતરગત મુહૂર્ત માત્ર ગમ્ય તાપક્ષેત્રને મૂકીને બાકીના મધ્યમ તાપક્ષેત્રને પરિભ્રમણ વડે પામીને મધ્યમ ગતિ થાય છે. ત્યારે તે પાંચ-પાંચ હજાર યોજન એક એક મુહૂર્ત વડે જાય છે. સર્વાભ્યંતર મુહૂર્ત માત્રગમ્ય તાપક્ષેત્રને પૂર્ણ કરતો સૂર્ય મંદ ગતિ થાય છે. ત્યારે તે જે-તે મંડલમાં ચાર-ચાર હજાર યોજન એક-એક મુહૂર્ત વડે જાય છે.

અહીં જ ભાવાર્થ પૂછવાને માટે કહે છે – તેમાં એવા પ્રકારની વસ્તુતત્ત્વ વ્યવસ્થામાં શો હેતુ છે ? શી ઉપપત્તિ છે તે જણાવો, એ પ્રમાણે સ્વશિષ્ય વડે પ્રશ્ન કરાયો ત્યારે તેઓ એમ કહે છે કે – અહીં જંબૂદ્વીપ વાક્ય પૂર્વવત્ સ્વયં પરિપૂર્ણ કહેવું અને વ્યાખ્યા કરવી. તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે દિવસ અને રાત્રિ પૂર્વવત્ કહેવી, તે આ પ્રમાણે છે – ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્ય બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તે સર્વાભ્યંતર મંડલગત અઢાર મુહૂર્ત પ્રમાણ દિવસમાં તાપક્ષેત્ર ૯૧,૦૦૦ યોજન થાય છે. તે આ પ્રમાણે પ્રાપ્ત થાય છે - ઉદ્‌ગમન મુહૂર્ત અને અસ્તમન મુહૂર્તમાં પ્રત્યેક ૬૦૦૦ યોજન જાય છે. તેથી બંનેના મીલન થતાં ૧૨,૦૦૦ યોજન થાય છે. સર્વાભ્યંતર મુહર્ત્ત માત્રગમ્ય તાપક્ષેત્રને મુકીને બાકીના મધ્યમ તાપક્ષેત્રમાં ૧૫-મુહૂર્ત પ્રમાણમાં પાંચ-પાંચ હજાર યોજન જાય છે, તેથી ૫૦૦૦ યોજનને ૧૫ વડે ગુણવાથી ૭૫,૦૦૦ યોજન થાય છે. સર્વાભ્યંતરમાં તો મુહૂર્ત માત્ર ગમ્ય તાપક્ષેત્રમાં ચાર હજાર યોજન જાય છે. એ રીતે ૧૨-૭૫-૪ મળીને ૯૧,૦૦૦ થાય છે. આ સિવાય બીજી કોઈ રીતે આ સંખ્યા ન ઘટે.

તેમાં જ્યારે સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે ત્યારે રાત્રિ-દિવસ પરિમાણ પૂર્વવત્ જાણવું. તે આ પ્રમાણે છે - ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. તે સર્વ બાહ્ય મંડલગત બાર મુહૂર્ત પ્રમાણ દિવસમાં તાપક્ષેત્ર ૬૧,૦૦૦ યોજન કહેલ છે. તે આ પ્રમાણે - ઉદ્‌ગમન મુહૂર્તમાં અને અસ્તમન મુહૂર્તમાં પ્રત્યેક છ-છ હજાર યોજન જાય છે. તે ઉભયના મીલનમાં ૧૨,૦૦૦ યોજન થાય છે. સર્વાભ્યંતર મુહૂર્ત માત્ર ગમ્ય તાપક્ષેત્રને છોડીને બાકીના મધ્યમ તાપક્ષેત્રમાં નવ મુહૂર્તગમ્ય પ્રમાણમાં પાંચ-પાંચ હજાર યોજન એક-એક મુહૂર્તથી જાય છે. તેથી ૫૦૦૦ યોજનને નવ વડે ગુણવાથી ૪૫,૦૦૦ યોજન થાય છે. સર્વાભ્યંતરમાં તો મુહૂર્તમાત્રગમ્ય તાપક્ષેત્રમાં ૪૦૦૦ યોજન જાય છે. બધાં મળીને ૧૨ + ૪૫ + ૪ હજાર = ૬૧,૦૦૦ યોજન થાય છે, બીજી કોઈ રીતે તે ઘટી શકતું નથી.

ત્યારે સર્વાભ્યંતર મંડલ ચારકાળમાં, સર્વબાહ્ય મંડલ ચાર કાળમાં ઉક્ત



પ્રકારથી છ હજાર પણ, પાંચ હજાર પણ, ચાર હજાર પણ યોજન સૂર્ય એક-એક મુહૂર્ત વડે જાય છે. અહીં ઉપસંહારમાં કહે છે – ચોથો વાદી અનંતરોક્ત પ્રકારે કહે છે.

તે એ પ્રમાણે પરતીર્થિક પ્રતીપત્તિને જણાવીને હવે સ્વમતને જણાવે છે – [ભગવંત કહે છે–] વળી અમે ઉત્પન્ન કેવલ જ્ઞાનવાળા, કેવળજ્ઞાનથી યથાવસ્થિત વસ્તુ પામીને વક્ષ્યમાણ પ્રકારથી કહીએ છીએ, તે આ પ્રકારે જણાવે છે–

તે કંઈક અધિક પાંચ-પાંચ હજાર યોજન, એક-એક મુહૂર્તમાં સૂર્ય જાય છે. અહીં કોઈપણ મંડલમાં કેટલા અધિકથી પાંચ-પાંચ હજાર યોજન જાય છે. તેથી સર્વમંડલ પ્રાપ્તિ અપેક્ષાથી સામાન્યથી સાતિરેક એમ કહ્યું.

એ પ્રમાણે કહેતા, ગૌતમસ્વામી સ્વશિષ્યોના સ્પષ્ટ બોધને માટે ફરી પૂછે છે – આવા પ્રકારના અનંતરોદિત વસ્તુવ્યવસ્થામાં શો હેતુ છે ? શી ઉપપત્તિ છે, તે કહો.

ભગવંત વર્ધમાનસ્વામીએ કહ્યું – "આ જંબૂદ્વીપ૦ ઈત્યાદિ પૂર્વવત્ સ્વયં પરિપૂર્ણ વિચારવું. તેમાં જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પ્રત્યેકમાં-૫૨૫૧ યોજન અને એક યોજનના $^{૨૯}/_{૬૦}$ ભાગ એક એક મુહૂર્તથી જાય છે. આ કેવી રીતે જાણવું ? પૂછતાં કહે છે – અહીં બે સૂર્યો વડે એક મંડલને એક અહોરાત્રથી પૂર્ણ કરે છે અને અહોરાત્રનું મુહૂર્ત પ્રમાણ ૩૦ છે. પ્રત્યેક સૂર્ય અહોરાત્રગણનાથી પરમાર્થથી બે અહોરાત્ર વડે મંડલ પરિભ્રમણથી સમાપ્ત થાય છે, બંને અહોરાત્ર પ્રમાણના ૬૦-મુહૂર્તો થાય છે.

ત્યારપછી મંડલની પરિધિને ૬૦ ભાગ વડે છેદ કરાતાં ભાગ પ્રાપ્ત થાય છે, તે મુહૂર્તગતિપ્રમાણ છે. તે સર્વાભ્યંતર મંડલમાં પરિધિ પ્રમાણ ૩,૧૫,૦૮૯, આને ૬૦ ભાગ વડે ભાંગતા યથોક્ત મુહૂર્તગતિ પરિમાણ પ્રાપ્ત થાય છે.

અહીં આ સર્વાભ્યંતર મંડલમાં કેટલા ક્ષેત્રમાં રહેલ ઉદયમાન સૂર્ય અહીં રહેલ મનુષ્યોને દૃષ્ટિપથમાં આવે છે, એ પ્રમાણે પ્રશ્નાવકાશને શંકાથી કહે છે – ત્યારે સર્વાભ્યંતર મંડલચાર ચરણકાળમાં ઉદયમાન સૂર્ય અહીં રહેલા મનુષ્યના૦ તેનો આ અર્થ છે - અહીં રહેલ ભરતક્ષેત્રગત મનુષ્યોને ૪૭,૨૬૩ યોજન અને એક યોજનના $^{૨૧}/_{૬૦}$ ભાગ વડે દૃષ્ટિપથમાં જલ્દી આવે છે. તેની યુક્તિ શી છે ? તેનો ઉત્તર કહે છે – અહીં અડધા દિવસ વડે જેટલાં માત્ર ક્ષેત્રને વ્યાપિત કરે છે, તેટલામાં રહેલ ઉદયમાન સૂર્ય પ્રાપ્ત થાય છે. સર્વાભ્યંતર મંડલમાં દિવસ અઢાર મુહૂર્ત પ્રમાણ હોય, તેનું અડધું એટલે નવ મુહૂર્તો થાય. એકૈક મુહૂર્તમાં સર્વાભ્યંતર મંડલમાં ચાર ચરતા પ્રત્યેકમાં ૫૨૫૧ યોજન અને એક યોજનના [$^{૨૯}/_{૬૦}$] ઓગણત્રીશ-સાઈઠાંશ ભાગ જાય છે. પછી આટલા મુહૂર્ત ગતિ પરિમાણને નવ મુહૂર્ત વડે ગુણે છે. તેથી યથોક્ત દૃષ્ટિપથ પ્રાપ્ત વિષયમાં પરિમાણ થાય છે. ત્યારે સર્વાભ્યંતર મંડલ ચાર ચરણ કાળમાં દિવસ અને રાત્રિ પૂર્વવત્ કહેવા. તે આ પ્રમાણે, ત્યારે ઉત્તમકાષ્ઠપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.

ત્યારપછી સર્વાભ્યંતર મંડલથી પૂર્વોક્ત પ્રકારે નીકળતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતા નવા સંવત્સરના પહેલાં અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડલના અનંતર બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તેમાં જ્યારે સર્વાભ્યંતર અનંતર બીજા મંડલમાં સંક્રમણ કરીને ચાર ચરે છે, ત્યારે ૫૨૫૧ યોજન અને એક યોજનના ૪૭/૬૦ ભાગ એક-એક મુહૂર્તથી જાય છે. તેથી કહે છે કે – આ સર્વાભ્યંતર અનંતર બીજા મંડલમાં પરિધિ પરિમાણ વ્યવહારથી ૩,૧૫,૧૦૭ યોજન પરિપૂર્ણ અને નિશ્ચયમતથી કંઈક ન્યૂન ૩,૧૫,૧૦૭ યોજન છે. ત્યારપછી આને પૂર્વોક્તયુક્તિવશથી ૬૦ ભાગ વડે ભાંગતા, અહીં મંડલમાં યથોક્ત મુહૂર્ત્તગતિ પરિમાણ પ્રાપ્ત થાય છે. અથવા પૂર્વમંડલ પરિધિ પરિમાણથી આ મંડલના પરિધિ પરિમાણમાં વ્યવહારથી પરિપૂર્ણ અઢાર યોજનો વધે છે. નિશ્ચિતથી કંઈક ન્યૂન, અઢાર યોજનોને ૬૦ ભાગ વડે ભાંગતા ૧૮/૬૦ યોજનની પ્રાપ્તિ થાય છે. તે પૂર્વોક્ત મંડલગત મુહૂર્ત્ત ગતિ પરિમાણમાં અધિકપણાથી પ્રક્ષેપ કરાય છે. તેનાથી આ મંડલમાં યથોક્ત મુહૂર્ત્તગતિ પરિમાણ થાય છે. - x -

સર્વાભ્યંતર અનંતર બીજા મંડલના ચાર કાળમાં અહીં રહેલ મનુષ્યોને ૪૭,૦૭૯ યોજન અને એક યોજનના [૫૭/૬૦] સત્તાવન સાઈઠાંશ ભાગ અને ૬૦ ભાગને ૬૧ ભાગ વડે છેદીને તેના ૧૯ ચૂર્ણિકા ભાગો વડે સૂર્ય દૃષ્ટિપથમાં આવે છે. તેથી જ કહે છે કે – આ મંડલમાં મુહૂર્ત્તગતિ પરિમાણને ૫૨૫૧ યોજન અને એક યોજનના [૪૭/૬૧] સડતાલીશ એકસઠાંશ ભાગ, દિવસ અઢાર મુહૂર્ત્ત પ્રમાણ છે, તે ૨/૬૧ મુહૂર્ત્તથી ન્યૂન છે, તેનું અડધું એટલે નવ મુહૂર્ત્ત અને ૧/૬૧ ભાગથી હીન છે. પછી સર્વ ૧/૬૦ ભાગ કરવાને માટે નવ મુહૂર્ત્તને ૬૧ વડે ગુણવામાં આવે. ગુણીને પછી એક રૂપે ઘટાડવામાં આવે, તો ૫૪૮ થશે. પછી આ બીજા મંડલની જે પરિધિ પરિમાણ ૩,૧૫,૧૦૭ છે, તે ૫૪૮ વડે ગુણવામાં આવે, તેથી ૧૭,૨૬,૭૮,૬૩૬ સંખ્યા થાય છે. ત્યારપછી યોજન કરવાને માટે ૬૧ને ૬૦ વડે ગુણિત કરતા જેટલી રાશિ થાય છે, તેટલા ભાગ ઘટાડવામાં આવે. ૬૧ અને ૬૦ વડે ગુણિત કરતાં ૩૬૬૦ સંખ્યા થાય છે. તેટલા ભાગ વડે ભાંગતા પ્રાપ્ત ૪૭,૧૮૦ યોજન થાય છે અને શેષ ૩૪૯૬ વધે છે. તેથી આના વડે યોજનો આવતા નથી, તેથી ૬૦ ભાગ લાવવા માટે છેદ રાશિ ૬૧ ધારણ કરી, તેના વડે ભાગ અપાતા ૫૭/૬૦ ભાગ આવે છે અને ૧/૬૦ ભાગથી ૧૯/૬૧ ભાગ આવે છે.

ત્યારે - સર્વાભ્યંતર અનંતર બીજા મંડલના ચાર ચરણકાળમાં દિવસ-રાત્રિ-પૂર્વવત્ જાણવા. તે આ પ્રમાણે છે - ત્યારે અઢારમુહૂર્ત્તનો દિવસ, તેમાં ૨/૬૧ મુહૂર્ત્તથી ન્યૂન દિવસ થાય છે અને ૨/૬૧ ભાગ અધિક બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

બીજા મંડલથી પણ તે સૂર્ય પૂર્વોક્ત પ્રકારથી નીકળતાં નવા સંવત્સરના બીજા અહોરાત્રમાં સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તેમાં જ્યારે સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પ્રત્યેકમાં - પરપર-





યોજનો અને એક યોજનમાં ૫/૬ પાંચ-ષષ્ઠાંશ ભાગ એક એક મુહૂર્ત્ત વડે જાય છે. તેથી કહે છે – આ મંડલમાં પરિધિ પરિમાણ ૩,૧૫,૫૨૫ યોજન થાય છે. ત્યારપછી આ પૂર્વોક્ત યુક્તિવશથી ૬૦ ભાગ વડે ભાગ દેવાતા, પ્રાપ્ત યથોક્ત આ મંડલમાં મુહૂર્ત્તગતિ પરિમાણને અથવા પૂર્વમંડલ મુહૂર્ત્તગતિ પરિમાણાથી આ મંડલમાં મુહૂર્ત્તગતિ પરિમાણ વિચારણામાં પૂર્વોક્ત યુક્તિવશથી યોજનથી અધિક ૧૮/૬૧ ભાગ પ્રાપ્ત થાય છે. ત્યારપછી તેને ઉમેરતાં યથોક્ત આ મંડલમાં મુહૂર્ત ગતિ પરિમાણ થાય છે.

અહીં પણ દૃષ્ટિપથ પ્રાપ્તતા વિષય પરિમાણ કહે છે – ત્યારે - સર્વાભ્યંતર અનંતર ત્રીજા મંડલ ચાર કાળમાં અહીં રહેલો એવો મનુષ્ય-ભાવથી મનુષ્યો ૪૭,૦૯૬ યોજન અને એક યોજનના ૩૩/૬૧ ભાગ અને ૨/૬૧ ભાગ ચૂર્ણિકા ભાગ વડે સૂર્ય દૃષ્ટિપથમાં આવે છે. તેથી જ કહે છે કે –

આ મંડલમાં દિવસ ૪/૬૧ ભાગ વડે ન્યૂન એવા અઢાર મુહૂર્ત્ત પ્રમાણ વડે, તેનું અડધું અર્થાત્ નવ મુહૂર્ત અને ૨૯/૬૦ ભાગ વડે હીન છે. તેથી સામસ્ત્યથી ૬૧ ભાગ કરવાને માટે નવે પણ મુહૂર્ત્તને ૬૧ વડે ગુણવામાં આવે છે. ગુણ્યા પછી ૨/૬૧ ભાગ તેમાંથી દૂર કરાય છે. તેથી આવેલ ૬૧-ભાગોને નવ વડે ગુણતાં ૫૪૭ આવે છે.

તેથી આ ત્રીજા મંડલના જે પરિધિ પરિમાણ છે તે ૩,૧૫,૧૨૫ યોજન આવે છે. તે ૫૪૭ વડે ગુણવામાં આવતા પ્રાપ્ત સંખ્યા આ પ્રમાણે છે – ૧૭,૨૩,૭૩,૩૭૫. આ બધાંને ૬૧ને ૬૦ વડે ગુણતાં ૩૬૬૦ ભાગ થાય, તેના વડે ભાગ કરાતાં ૪૭,૦૯૬નો આંક પ્રાપ્ત થાય છે, અને શેષ ૨૦૧૫ની વધે છે. તેનાથી આ યોજનો આવતા નથી, તેથી ૬૦ ભાગ લાવવાને માટે છેદરાશિ ૬૧-ધારણ કરી, તેના વડે ભાગ કરાતાં પ્રાપ્ત સંખ્યા આવે છે - ૩૩/૬૦ અને એકના ૬૦ ભાગથી ૨/૬૧ ભાગ થાય છે. એ રીતે ૩૩/૬૦ અને ૨/૬૧ થયા.

ત્યારે - સર્વાભ્યંતર ત્રીજા મંડલના ચાર ચરણ કાળમાં દિવસ અને રાત્રિ પૂર્વવત્ જાણવા, તે આ પ્રમાણે છે - ત્યારે [૪/૬૧] ચાર એકસઠાંશ ભાગ ન્યૂન અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે અને ૪/૬૧ ભાગ અધિક રાત્રિ થાય છે.

હવે ચોથા આદિ મંડલોમાં અતિદેશ કરતાં કહે છે – એ પ્રમાણે - ઉક્ત પ્રકાર વડે નિશ્ચિત અનંતરોક્ત ઉપાય વડે ધીમે-ધીમે તે-તે બાહ્ય મંડલ અભિમુખ ગમનરૂપથી નીકળતો સૂર્ય તે અનંતર મંડલથી અનંતર મંડલને પૂર્વોક્ત પ્રકારથી સંક્રમણ કરતો-કરતો એક-એક મંડલમાં મુહૂર્ત્તગતિ જાય છે - x - x - x - તેનો અર્થ આ પ્રમાણે છે.

મુહૂર્ત્ત ગતિમાં એક યોજનના અઢાર-અઢાર સાઈઠાંશ ભાગોને વ્યવહારથી પરિપૂર્ણ અને નિશ્ચયથી કંઈક ન્યૂન જાણવા, તેને વધારતાં-વધારતાં પુરુષની છાયા જેનાથી થાય છે. તે પુરુષછાયા, તે અહીં પ્રસ્તાવથી પહેલાં સૂર્યના ઉદયમાનની દૃષ્ટિપથ પ્રાપ્તતા આવે છે. - x - તેનો અર્થ આ પ્રમાણે છે - તે એક મંડલમાં

ચોર્યાશી-ચોર્યાશી તેમાં કંઈક ન્યૂન. તે યોજનોને ઘટાડતાં-ઘટાડતાં, આ સ્થૂળતાથી કહેલ છે. પરમાર્થથી વળી આ પ્રમાણે જાણવું જોઈએ –

ત્ર્યાશી યોજન અને એક યોજનના ૨૩/૬૦ ભાગ અને એકના સાઈઠ ભાગોને એકસઠ વડે છેદીને ૪૨ ભાગો દૃષ્ટિપથ પ્રાપ્તતા વિષયમાં વિષયહાનિમાં ધ્રુવ. પછી સર્વાભ્યંતર મંડલથી ત્રીજું જે મંડલ, ત્યાંથી આરંભીને જે-જે મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા જાણવાને ઈચ્છે છે, તે-તે મંડલ સંખ્યા વડે છત્રીશને ગુણે છે. તે આ પ્રમાણે–

સર્વાભ્યંતર મંડલથી ત્રીજા મંડલમાં એક વડે, ચોથામાં બે વડે પાંચમામાં ત્રણ વડે યાવત્ સર્વ બાહ્ય મંડલમાં ૧૮૨ વડે, ગુણીને ધ્રુવરાશિમધ્યે ઉમેરીએ, ઉમેરતા જે સંખ્યા થાય, તેના વડે હીન પૂર્વમંડલગત દૃષ્ટિપથ પ્રાપ્તતા-તે વિવક્ષિત મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તા જાણવી.

હવે ૧૮૩ યોજનો આદિની ધ્રુવરાશિની કઈ રીતે ઉત્પત્તિ થાય છે ? તે કહે છે. અહીં સર્વાભ્યંતર મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તપણાનું પરિમાણ ૪૭,૨૬૩ યોજન અને એક યોજનના ૨૧/૬૦ ભાગ છે, આ નવ મુહૂર્ત્ત જાણવું. પછી એક મુહૂર્ત્ત વડે ૬૧ ભાગ કઈ રીતે આવે છે, તેની વિચારણામાં નવ મુહૂર્ત્ત ૬૧ વડે ગુણીએ છીએ, તેનાથી ૫૪૯ આવે છે. તેના વડે ભાગ કરતાં, પ્રાપ્ત થાય છે - ૮૬ યોજન, એક યોજનના ૫/૬૦ ભાગ અને ૬૦ ભાગને ૬૧થી છેદતા ૨૪/૬૧ ભાગ આવે.

પૂર્વ-પૂર્વના મંડલથી અનંતર અનંતર મંડલમાં પરિધિ પરિમાણ વિચારણામાં અઢાર-અઢાર યોજનો વ્યવહારથી પરિપૂર્ણ વધે છે. તેથી પૂર્વ-પૂર્વ મંડલગત મુહૂર્ત્તગતિ પરિમાણથી અનંતર અનંતર મંડલમાં મુહૂર્ત્તગતિ પરિમાણ વિચારણામાં પ્રતિ મુહૂર્ત્ત અઢાર - અઢાર સાઈઠ ભાગો એક યોજનના વધતા એવા જાણવા. પ્રતિમુહૂર્ત્ત વડે ૬૧-ભાગ અને અઢાર એકના સાઈઠ ભાગના ૬૧ ભાગ, સર્વાભ્યંતર અનંતર બીજા મંડલમાં સૂર્ય દૃષ્ટિપથ પ્રાપ્ત ૯/૬૧ મુહૂર્ત્ત વડે ન્યૂન એવા યાવત્ માત્ર ક્ષેત્રને વ્યાપિત થાય છે. તેટલામાં સ્થિત, પછી નવ મુહૂર્ત્તો ૬૧ વડે ગુણે છે. ગુણીને તેમાંથી એક અંક દૂર કરવાથી ૫૪૮ સંખ્યા થાય છે. તેને ૧૮ વડે ગુણતાં ૯૮૬૪ આવે છે. તેમાં ૬૦ ભાગ લાવવાને માટે ૬૧ ભાગો ઘટાડાય છે. તેનાથી ૧૬૧/૬૦ અને ૪૩/૬૧ ભાગ થાય છે.

તેમાં ૧૨૦ ને ૬૦ ભાગ વડે બે યોજન પ્રાપ્ત થાય છે, પછી ૪૧/૬૦ ભાગો રહે છે અને આ બે યોજનમાં એક યોજનના ૪૧/૬૦ ભાગો અને ૧/૬૦ ભાગના ૪૩/૬૧ ભાગો થાય છે. એ પ્રમાણે પૂર્વે કહેલથી ૮૬ યોજનો, એક યોજનના ૫/૬૦ ભાગના, ૬૧ ભાગના ૨૪/૬૧ ભાગો, એ પ્રમાણે તેનાથી શોધિત થાય છે. શોધિત કરતાં તેમાં સ્થિત પછીના ૮૩ યોજનો અને યોજનના ૨૩/૬૦ ભાગ અને ૧/૬૦ ભાગથી ૪૨/૬૧ ભાગ થાય છે. તેથી ૮૩ - ૨૩/૬૦ / ૪૨/૬૧ ભાગ થાય.

આટલા પ્રમાણમાં બીજા મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા વિષયમાં સર્વાભ્યંતર મંડલગતથી દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણથી હાનિને પ્રાપ્ત કરે છે. અહીં શું કહેવા



માંગે છે ?

સર્વાભ્યંતર મંડલગતથી દૃષ્ટિપથ પ્રાપ્તતામાં હાનિમાં ધ્રુવ છે. તેથી જ ધ્રુવરાશિ પરિમાણથી બીજા મંડલમાં દૃષ્ટિપથપ્રાપ્તતા પરિમાણ આટલા પ્રમાણમાં હીન થાય છે અને આ ઉત્તર-ઉત્તર મંડલ વિષય દૃષ્ટિપથ પ્રાપ્તતાની વિચારણામાં હાનિમાં ધ્રુવ છે. તેથી જ ધ્રુવરાશિ છે, એ ધ્રુવરાશિની ઉત્પત્તિ છે.

તેથી બીજા મંડલથી અનંતર ત્રીજા મંડલમાં આ જ ધ્રુવરાશિ છે. એક સાઈઠાંશ ભાગના હોતા ૩૬/૬૧ ભાગથી સહિત થઈ જેટલાં થાય છે, તે આ પ્રમાણે છે - ૮૩ યોજન અને એક યોજનના ૨૪/૬૦ ભાગ અને સત્તર, એક સાઈઠાંશ ભાગના હોતા ૬૧ ભાગો છે એ પ્રમાણે આટલા બીજા મંડલગતથી દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણથી શોધિત કરાય છે. તેનાથી થાય છે – યથોક્ત તે ત્રીજા મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા વિષય પરિમાણ થાય છે.

ચોથા મંડલમાં તે જ ધ્રુવરાશિ ૭૨ સહિત કરાય છે. ચોથું જ મંડલ, ત્રીજાની અપેક્ષાથી બીજું છે. તેથી ૩૬ને બે વડે ગુણીએ છીએ, ગુણવાથી ૭૨ થાય છે. તે સંખ્યા સહિત હોતા, એવા સ્વરૂપે થાય છે - ૮૩ યોજનો અને એક યોજનના ૨૪/૬૦ ભાગો અને ૫૩/૬૧ ભાગ થતાં ૮૩ - ૨૪/૬૦ / ૫૩/૬૧ એટલાં પ્રમાણમાં ત્રીજા મંડલગતથી દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ શોધિત કરાય છે. તેથી યથાવસ્થિત ચોથા મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય છે. તે આ પ્રમાણે છે - ૪૭,૦૧૩ યોજન અને એક યોજનના ૮/૬૦ ભાગ અને એકસઠ ભાગના હોવાથી ૧૦/૬૧ ભાગ થતાં ૪૭,૦૧૩ - ૮/૬૦ અને ૧૦/૬૧ ભાગ થાય છે. સર્વાન્તિમ મંડલમાં ત્રીજા મંડલની અપેક્ષાથી ૧૮૨માં જ્યારે દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ જાણવાને ઈચ્છે છે, ત્યારે તે ૩૬ સંખ્યાને ૧૮૨ વડે ગુણીએ છીએ. તેનાથી ૬૫૫૨ની સંખ્યા આવે છે. તેથી ૬૦ ભાગ લાવવાને માટે ૬૧ ભાગ વડે ઘટાડાય છે. તેનાથી ૧૦૭ અને ૬૦ ભાગ પ્રાપ્ત થાય છે, બાકીના ૨૫/૬૧ ભાગને ઉદ્ધરણ કરે છે. તે ધ્રુવરાશિમાં ઉમેરાય છે. તેનાથી આ સંખ્યા આવે છે - ૮૫ યોજન અને એક યોજનના ૧૧/૬૦ ભાગ અને એકસઠ ભાગના હોવાથી ૬/૬૧ ભાગ થાય છે. એ રીતે પ્રાપ્ત સંખ્યા થાય છે - ૮૫ - ૧૧/૬૦ અને ૬/૬૧

અહીં ૩૬ જ ઉત્પત્તિ - પૂર્વ પૂર્વના મંડલથી અનંતર અનંતર મંડલમાં દિવસના બબ્બે મુહૂર્ત્તો વડે ૬૧-ભાગો વડે હીન થાય છે. પ્રતિ મુહૂર્ત્ત વડે ૬૧ ભાગ અને અઢાર, ૧/૬૦ ભાગ હોતા ૧/૬૦ ભાગ ઘટાડાય છે. તેથી બંનેના મીલન વડે ૩૬-થાય છે. તે ૧૮/૬૧ ભાગ કલા વડે ન્યૂન પ્રાપ્ત થયા છે, પણ પરિપૂર્ણ થતાં નથી. પરંતુ વ્યવહારથી પૂર્વે પરિપૂર્ણ વિવક્ષિત કરેલ છે અને તે કલા વડે ન્યૂનત્વ પ્રતિમંડલ થાય છે. જ્યારે ૧૮૨માં મંડલમાં એકત્ર એકઠા થયેલા વિચારાય છે, ત્યારે ૬૧-૬૧ ભાગથી ત્રુટિત થાય છે. આ પણ વ્યવહારથી કહેવાય છે. પરમાર્થથી તો વળી કંઈક અધિક પણ ત્રુટિત થતાં જાણવા. તેથી ૮/૬૦ અને ૬૧ ભાગ ઘટાડાય છે. તેના

ઘટાડવાથી ૮૫ યોજન અને એક યોજનના ૯/૬૦ ભાગ અને ૬૧ ભાગના હોવાથી ૬૦/૬૧ ભાગ થાય છે. એ રીતે આ સંખ્યા આવશે - ૮૫ - ૯/૬૦ ૬૦/૬૧

ત્યારપછી સર્વ બાહ્ય મંડલ અનંતર પૂર્વેના બીજા મંડલે જઈને દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણથી ૩૧,૯૧૬ યોજન તથા એક યોજનના ૩૯/૬૦ ભાગ અને ૬૦ ભાગના હોવાથી ૬૦/૬૧ ભાગ, એ રૂપ સંખ્યાથી - ૩૧,૯૧૬ - ૩૯/૬૦ અને ૬૦/૬૧ થશે. તેના વડે શોધિત થાય છે. તેનાથી યથોક્ત સર્વબાહ્ય મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય છે. તેની આગળ સૂત્રકર્તા સ્વયં કહે છે –

ત્યારપછી એ પ્રમાણે પુરુષછાયામાં દૃષ્ટિપથ પ્રાપ્તતા રૂપ બીજા આદિમાં કોઈક મંડલમાં કંઈક ન્યૂન ૮૪-૮૪ યોજનો ઉપરિતન મંડલોમાં અધિક અધિકતર ઉક્ત પ્રકારથી છોડતાં-છોડતાં ત્યાં સુધી જાણવું, જ્યાં સુધી સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે. તેમાં જ્યારે પૂર્વવત્ સર્વબાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે એક-એક મુહૂર્ત્ત વડે પ્રત્યેકમાં ૫૩૦૫ યોજનો અને એક યોજનના ૧૫/૬૦ ભાગ જાય છે.

તેથી જ કહે છે – આ મંડલમાં પરિધિ પરિમાણ ૩,૧૮,૩૧૫ યોજન છે. પછી આ પૂર્વોક્ત યુક્તિના વશથી ૬૦ ભાગ વડે ભાગ કરાતા, તેનાથી પ્રાપ્ત યથોક્ત મુહૂર્ત્ત, તે અહીં મુહૂર્ત્તગતિ પરિમાણ છે, તેમ જાણવું.

અહીં જ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણને કહે છે – तदा - સર્વ બાહ્ય મંડલ ચાર કાળમાં અહીં રહેલ મનુષ્યને - મનુષ્યોને ૩૧,૮૩૧ યોજન અને એક યોજનના ૩૦/૬૦ ભાગ સૂર્ય જલ્દીથી દૃષ્ટિપથમાં આવે છે, ત્યારે જ આ મંડલમાં ચાર ચરે છે અને બાર મુહૂર્ત્ત પ્રમાણનો દિવસ થાય છે અને દિવસના અડધાથી જેટલું માત્ર ક્ષેત્ર વ્યાપીત થાય છે, તેટલામાં રહેલ ઉદયમાન સૂર્ય ઉપલબ્ધ થાય છે. બાર મુહૂર્ત્તોના અડધાં છ મુહૂર્ત્ત, પછી જે આ મંડલમાં મુહૂર્ત્તગતિ પરિમાણ પ્રત્યેકમાં ૫૩૦૫ યોજન અને એક યોજનના ૧૫/૬૦ ભાગ છે, તેને છ વડે ગુણીએ, તેથી યથોક્ત આ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય છે. અહીં પણ દિવસ-રાત્રિનું પ્રમાણ કહે છે – તે સુગમ છે.

તે સૂર્ય સર્વ બાહ્યમંડલથી ઉક્ત પ્રકારથી અભ્યંતર મંડલમાં પ્રવેશતો બીજા છ માસનો આરંભ કરતો, બીજા છ માસના પહેલાં અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલથી અનંતર પૂર્વેનું બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તેમાં જ્યારે સર્વ બાહ્ય અનંતર પૂર્વેના બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે એક મુહૂર્ત્ત વડે પ્રત્યેકમાં ૫૩૦૪ યોજન અને એક યોજનના ૫૭/૬૦ ભાગમાં જાય છે.

તેથી કહે છે કે – આ મંડલમાં પરિધિ પરિમાણ ૩,૧૮,૨૯૭ યોજનો છે. પછી આ પૂર્વોક્ત યુક્તિના વશથી ૬૦ ભાગો વડે ભાગ કરાય છે, ભાગ કરાતાં પ્રાપ્ત યથોક્ત આ મંડલમાં મુહૂર્ત્તગતિનું પરિમાણ છે. અહીં પણ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ કહે છે – ત્યારે અહીં રહેલ મનુષ્યના-મનુષ્યોના ૩૧,૯૧૬ યોજન અને એક યોજનમાં ૩૯/૬૦ ભાગ અને એક સાઈઠાંશ ભાગને ૬૧ ભાગ વડે છેદીને, તેના



હોવાથી ૬૦ ચૂર્ણિકા ભાગો વડે સૂર્ય દૃષ્ટિપથમાં આવે છે.

તેથી કહે છે કે – આ મંડલમાં સૂર્ય ચાર ચરે છે. દિવસ ૨/૬૧ ભાગ મુહૂર્ત્ત વડે અધિક બાર મુહૂર્ત્ત પ્રમાણ થાય છે. તેના અર્દ્ધ છ મુહૂર્ત્તો એક મુહૂર્ત્તથી ૬૧ ભાગથી અધિક છે. પછી સામસ્ત્યથી ૬૧-ભાગ કરણાર્થે છ મુહૂર્ત્તો, ૬૧ વડે ગુણીએ છીએ અને ગુણીને ૬૧-ભાગ તેમાં અધિક ઉમેરીએ, ત્યારે ૩૬૭ એકસઠ ભાગો થાય છે. પછી સર્વ બાહ્યથી પૂર્વે તે બીજા મંડલમાં જે પરિધિ પરિમાણ ૩,૧૮,૨૯૭ છે. તે આને ૩૬૭ વડે ગુણવામાં આવે, ત્યારે ૧૧,૬૮,૧૪,૯૯૯ યોજન થાય છે. આ ૬૧ ને ૬૦ વડે ગુણતાં ૩૬૬૦ થાય, તે ભાગ વડે ભાગ દેવાય. એ રીતે ભાગ ગુણતાં ૩૬૬૦ થાય, તે ભાગ વડે ભાગ દેવાય. એ રીતે ભાગ કરાતાં ૩૧,૯૧૬ થાય છે અને ઉદ્ધરેલ શેષ ૨૪૩૯ થાય છે. પણ તેનાથી યોજનો આવતા નથી, પછી ૬૦ ભાગ લાવવાને માટે ૬૧ ભાગ વડે ભાગ કરાતા, પ્રાપ્ત થશે - ૩૯/૬૧ ભાગ. ૩૯ એકના ૬૦ ભાગ થતાં ૬૦/૬૧ ભાગ થાય છે. ત્યારે - સર્વબાહ્ય અનંતર પૂર્વે બીજા મંડલના ચાર કાળે રાત્રિ-દિવસનું પ્રમાણ પૂર્વવત્ કહેવું. તે આ પ્રમાણે - ત્યારે ૨/૬૧ ભાગ મુહૂર્ત્તથી ન્યૂન અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે અને ૨/૬૧ ભાગ મુહૂર્ત્તથી ન્યૂન અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે અને ૨/૬૧ ભાગ મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે, તેમ જાણવું.

ત્યારપછી સર્વબાહ્ય અનંતર પૂર્વના બીજા મંડલથી ઉક્ત પ્રકારથી પ્રવેશતો સૂર્ય બીજા છ માસના, બીજા અહોરાત્રમાં સર્વ બાહ્યમંડલથી પૂર્વે ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તેમાં જ્યારે પૂર્વવત્ સર્વબાહ્ય મંડલથી પૂર્વના ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પ્રત્યેકમાં ૫૩૦૪ યોજન અને એક યોજનમાં ૩૯/૬૦ ભાગ એક-એક મુહૂર્ત્તથી જાય છે. તે જ મંડલમાં પરિધિનું પરિમાણ ૩,૧૮,૨૯૭ યોજન થાય. આને ૬૦ ભાગ વડે ભાગ દેવાય છે. આવો ભાગ કરાતા પ્રાપ્ત યથોક્ત આ મંડલમાં મુહૂર્ત્તગતિ પરિમાણ થાય છે.

અહીં પણ દૃષ્ટિપથ પ્રાપ્તતા વિષયનું પરિમાણ કહે છે - ત્યારે અહીં રહેલ મનુષ્યોને - ભાવથી અહીં રહેલા મનુષ્યોને ૧૦૩૨ અને ૪૯/૬૦ ભાગ વડે અને ૬૦ ભાગને ૬૧ ભેદે છેદીને તેના થતાં ૨૩ ચૂર્ણિકા ભાગ વડે સૂર્ય દૃષ્ટિપથમાં આવે છે.

તેથી કહે છે – આ મંડલમાં દિવસ ૪/૬૧ ભાગથી અધિક બાર મુહૂર્ત્ત પ્રમાણ, તેનું અડધું એટલે છ મુહૂર્ત્ત, ૨/૬૧ ભાગ મુહૂર્ત્ત અધિક જાણવું. તેથી સામસ્ત્યથી ૬૧-ભાગ કરણાર્થે છ એ પણ મુહૂર્ત્તો ૬૧ વડે ગુણવામાં આવે છે અને ગુણીને ૨/૬૧ ભાગો ઉમેરીએ, ત્યારે થાય છે - ૩૬૮. ત્યારપછી આ મંડલમાં જે પરિધિ પરિણામ ૩,૧૮,૨૭૯ યોજન થાય છે. તેને ૩૬૮ વડે ગુણવામાં આવે તો ૧૧,૭૧,૨૬,૬૭૨ યોજન આવે છે. આ ૬૦ને ૬૧ વડે ગુણિત કરતાં ૩૬૬૦ થાય છે, તેટલા ભાગો વડે ભાગ આપતાં, તે ભાગ વડે પ્રાપ્ત થાય છે - ૩૨,૦૦૧ અને શેષ વધે છે - ૩૦૧૨. તે સંખ્યાના ૬૦ ભાગ લાવવાને માટે ૬૧ ભાગ વડે ભાગ કરાતા ૪૯/૬૦ પ્રાપ્ત થાય

અને ૨૩ના ૬૧ ભાગ હોતા ૨૩/૬૧ ભાગ થાય છે. તેમાં રાત્રિ-દિવસનું પરિમાણ અહીં પણ પૂર્વવત્ જાણવું. તે આ પ્રમાણે છે - ત્યારે ૪/૬૧ ભાગ ન્યૂન અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે અને ૪/૬૧ ભાગ અધિક બાર મુહૂર્તનો દિવસ થાય છે.

હવે સર્વ બાહ્ય મંડલની પૂર્વમાં ચાર આદિ મંડલોમાં અતિદેશને કહે છે — ઉક્ત પ્રકારથી નિશ્ચિત આ ઉપાય વડે ધીમે-ધીમે તે-તે અભ્યંતર અનંતર મંડલાભિમુખ ગમનરૂપથી અભ્યંતરમાં પ્રવેશ કરતાં સૂર્ય, તે અનંતર મંડલથી અનંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો એક-એક મંડલમાં મુહૂર્તગતિ-પરિમાણમાં અઢાર-અઢાર સાઈઠાંશ ભાગ યોજનનો વ્યવહારથી પરિપૂર્ણ અને નિશ્ચયથી કંઈક ન્યૂન ઘટાડતાં-ઘટાડતાં, પૂર્વ-પૂર્વના મંડલની અપેક્ષાથી અભ્યંતર-અભ્યંતર મંડલની પરિધિને આશ્રીને અઢાર યોજન વડે ઘટાડો કરવાથી [તેમ થાય છે.]

અહીં પુરુષ છાયા - દૃષ્ટિપથ પ્રાપ્તતા રૂપ, સાતિરેક પંચ્યાશી-પંચ્યાશી યોજનોને વધારતાં-વધારતાં અને આ સર્વ બાહ્ય મંડલની પૂર્વે કેટલાંક પ્રથમ-દ્વિતીયાદિ મંડલની અપેક્ષાથી સ્થૂળ રીતે કહ્યું. પરમાર્થથી વળી આ પ્રમાણે જાણવું —

અહીં જે ક્રમથી સર્વ અભ્યંતર મંડલથી આગળ દૃષ્ટિપથ પ્રાપ્તતાંને છોડતા, તે જ ક્રમથી નીકળતાં સર્વબાહ્ય મંડલથી પૂર્વના મંડલોમાં દૃષ્ટિપથ પ્રાપ્તતાને વધારતાં પ્રવેશે છે. તેમાં સર્વ બાહ્ય મંડલની પૂર્વેના બીજા મંડલમાં ગયેલ હોવાથી દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણથી સર્વબાહ્ય મંડલમાં ૮૫ યોજનો અને એક યોજનના ૯/૬૦ ભાગ અને ૧/૬૦ ભાગને ૬૧ ભેદથી છેદીને તેના હોતા ૬૦ ભાગોને છોડે છે તે પૂર્વે કહેલ છે.

તેથી તે સર્વબાહ્ય મંડલથી પૂર્વે બીજા મંડલમાં પ્રવેશ કરતાં, ત્યાં સુધી ફરી પણ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિણામમાં વૃદ્ધિ કરે છે, તે ધ્રુવ, ત્યારપછી પૂર્વના મંડલમાં જે-જે મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણને જાણવાને ઈચ્છે છે, ત્યાં-ત્યાં ત્રીજા મંડલથી આરંભીને તે-તે મંડલ સંખ્યા વડે ૩૬ને ગુણીએ. તે આ પ્રમાણે - ત્રીજા મંડલની વિચારણામાં એક વડે, ચતુર્થમંડલ વિચારણામાં બે વડે, એ પ્રકારે જેટલામાં સર્વાભ્યંતર મંડલ વિચારણામાં ૧૮૨ વડે, એ રીતે ગુણીને જે પ્રાપ્ત થાય છે, તે ધ્રુવરાશિ દૂર કરતાં બાકીની ધ્રુવરાશિ સહિત પૂર્વ-પૂર્વ મંડલગત દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણને તે-તે મંડલમાં કહેવું જોઈએ. તે આ પ્રમાણે - ત્રીજા મંડલમાં ૩૬ને એક વડે ગુણવામાં આવે છે, એક વડે ગુણિત કરતાં, ત્યારે ૩૬ જ થાય છે. તે ધ્રુવરાશિથી દૂર કરાય છે. શેષ આટલાં થાય છે - ૮૫ યોજન અને એક યોજનના ૯/૬૦ ભાગ થાય. એકના સાઈઠ ભાગ હોતાં ૨૪/૬૧ ભાગ થાય છે. એ રીતે સંખ્યા આવે છે — ૮૫ - ૯/૬૦ અને ૨૪/૬૧

ઉક્ત સંખ્યા સહિત પૂર્વમંડલ ગત દૃષ્ટિપથપ્રાપ્તતા પરિમાણ ૩૧,૯૧૬ યોજન અને એક યોજનના ૩૯/૬૦ ભાગ થાય. તથા એકના સાઈઠ ભાગ હોતાં ૬૦/૬૧ ભાગ થાય છે. એ રીતે પ્રાપ્ત સંખ્યા - ૩૧,૯૧૬ - ૩૯/૬૦ અને ૬૦/૬૧ થાય.



તેનાથી અધિકૃત્ ત્રીજા મંડલમાં યથોક્ત દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ થાય છે અને તે પૂર્વે જ કહેવાયેલ છે. ચોથા મંડલમાં ૩૬ને બે વડે ગુણીએ, ગુણીને ધ્રુવરાશિથી દૂર કરાયેલ શેષ ધ્રુવરાશિ વડે ત્રીજા મંડલમાં ગયેલ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ સહિત કરાય છે. પછી આ મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ ૩૨,૦૮૬ યોજન અને એક યોજનના ૫૮/૬૦ ભાગ અને એકના સાઈઠ ભાગ હોવાથી ૧૧/૬૧ ભાગ, એ રીતે પ્રાપ્ત સંખ્યા ૩૨,૦૮૬ - ૫૮/૬૦ અને ૧૧/૬૧ થશે. એ પ્રમાણે બાકીના મંડલમાં પણ ભાવના કરવી.

જ્યારે સર્વાભ્યંતર મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ જાણવાને ઈચ્છે છે, ત્યારે ૩૬ને ૧૮૨ વડે ગુણીએ છીએ. ત્રીજા મંડલથી આરંભીને સર્વાભ્યંતર મડંલ ૧૮૨માંથી, ત્યારે થશે ૬૫૫૨. તેને ૬૧ ભાગ વડે ભાગ કરાતા ૧૦૭/૬૦ અને શેષ ૨૫ પ્રાપ્ત થશે. આ ૮૫ યોજનો અને એક યોજનના ૯/૬૦ ભાગ [નવ સાઈઠાંશ] ભાગ અને એકના સાઈઠ ભાગ હોવાથી ૬૦/૬૧ ભાગ થતાં સંખ્યા પ્રાપ્ત થશે - ૮૫ - ૯/૬૦ / ૬૦/૬૧ એ પ્રમાણે એ રૂપે ધ્રુવરાશિને શોધે છે.

ત્યારપછી થાય છે - ૮૩ યોજનો અને એક યોજનના [૨૨/૬૦] બાવીશ-સાઈઠાંશ ભાગો અને એકના સાઈઠ ભાગના હોવાથી [૩૫/૬૧] પાત્રીશ-એકસઠાંશ ભાગ છે. અહીં છત્રીશ-છત્રીશ એકસઠ ભાગો, કલા વડે ન્યૂન થતાં પરમાર્થથી પ્રાપ્ત થાય છે. એ કથન પૂર્વે કરાયેલ છે અને તે કલા ન્યૂનત્વ પ્રતિમંડલમાં થાય.

જો ૧૮૨માં મંડલમાં એકત્ર એકઠાં કરાયેલા વિચારાય ત્યારે [૬૮/૬૧] અડસઠ-એકસઠ ભાગો પ્રાપ્ત થાય છે. પછી તે ફરી ઉમેરાય છે. તેનાથી આ સંખ્યા થશે - ૮૩ યોજનો, એક યોજનના [૨૩/૬૦] ત્ર્યાશી-સાઈઠ ભાગ અને એકના સાઈઠ ભાગના હોવાથી [૪૨/૬૧] બેતાલીશ-એકસઠાંશ ભાગો. તેનાથી આવી સંખ્યા પ્રાપ્ત થાય છે — ૮૩ - ૨૩/૬૦ / ૪૨/૬૧

આ સર્વાભ્યંતર અનંતર બીજા મંડલગત દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ ૪૭,૧૭૯ યોજન અને એક યોજનના ૫૭/૬૦ ભાગ તથા એકના સાઈઠ ભાગ હોવાથી ૧૯/૬૧ ભાગો થતાં પ્રાપ્ત સંખ્યા આવી થશે — ૪૭,૧૭૯ - ૫૭/૬૦ / ૧૯/૬૧. એ સ્વરૂપે સહિત કરાય છે.

તેનાથી યથોક્ત સર્વાભ્યંતર મંડલમાં દૃષ્ટિપથ પ્રાપ્તિ પરિમાણ થાય છે અને તે ૪૭,૨૬૩ યોજન અને એક યોજનના ૨૧/૬૧ ભાગ થતાં સંખ્યા થશે — ૪૭,૨૬૩ - ૨૧/૬૧

એ પ્રમાણે દૃષ્ટિપથ પ્રાપ્તતામાં કેટલાંક મંડલોમાં સાધિક ૮૫ યોજનો આગળના ૮૪ના અંતે યથોક્ત અધિક સહિત ૮૩ યોજનો વધારતા-વધારતા ત્યાં સુધી કહેવું જ્યાં સુધી સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે.

તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે પ્રત્યેકમાં ૫૨૫૧ યોજન અને એક યોજનના ૧૯/૬૦ ભાગ એક મુહૂર્ત વડે જાય છે. ત્યારે

અહીં રહેલ મનુષ્ય-મનુષ્યોના ૪૭,૨૬૩ યોજનો અને એક યોજનના ૨૧/૬૦ ભાગ સૂર્ય દૃષ્ટિપથમાં આવે છે અને આ મુહૂર્ત્તગતિ પરિમાણ દૃષ્ટિપથ પ્રાપ્તતા પરિમાણ પૂર્વે જ ભાવિત કરેલ છે. સૂત્રકારશ્રીના પ્રસ્તાવથી ફરી કહેલ છે, તેથી પુનરુક્તતા દોષ નથી. ત્યારે થતાં દિવસ-રાત્રિ સુગમ છે. તેમ પ્રાભૃત-પ્રાભૃતની પરિસમાપ્તિ સુધી છે.

મુનિ દીપરત્નસાગરે કરેલ
પ્રાભૃત-૨-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ



## ❀ પ્રાભૃત-૩ ❀

— x — x —

એ પ્રમાણે બીજું પ્રાભૃત કહ્યું. હવે ત્રીજાનો આરંભ કરે છે. તેનો આ અર્થાધિકાર છે. "કેટલાં ક્ષેત્રને ચંદ્ર કે સૂર્ય પ્રકાશિત કરે છે. તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે –

● **સૂત્ર-૩૪ :-**

*કેટલાં ક્ષેત્રને ચંદ્ર-સૂર્ય અવભાસિત, ઉદ્યોતિત, તાપિત, પ્રકાશિત કરેલ છે, તેમ કહેલ છે તે કહેવું? તેમાં નિશ્ચે આ બાર પ્રતિપત્તિઓ કહેલી છે.*

*(૧) તેમાં એક એવું કહે છે કે – તે એક દ્વીપ - એક સમુદ્રને ચંદ્ર-સૂર્યો અવભાસિત યાવત્ પ્રકાશિત કરે છે.*

*(૨) એક એમ કહે છે – તે ત્રણ દ્વીપ, ત્રણ સમુદ્રને ચંદ્ર-સૂર્ય અવભાસિતાદિ કરે છે. (૩) વળી એક એમ કહે છે કે તે સાડા ત્રણ દ્વીપ-સમુદ્રમાં ચંદ્ર-સૂર્ય અવભાસિત આદિ થાય છે.*

*(૪) વળી એક એમ કહે છે – તે સાત દ્વીપ, સાત સમુદ્રમાં ચંદ્ર, સૂર્ય અવભાસિતાદિ કરે છે. (૫) એક એમ કહે છે કે તે દશ દ્વીપ, સમુદ્રમાં ચંદ્ર-સૂર્યને અવભાસિતાદિ કરે છે.*

*(૬) વળી એક એમ કહે છે કે – બાર દ્વીપ, બાર સમુદ્રમાં ચંદ્ર, સૂર્ય અવભાસિતાદિ થાય છે. (૭) વળી એક એમ કહે છે કે – તે ૪૨-દ્વીપ, ૪૨-સમુદ્રોમાં ચંદ્ર-સૂર્યો અવભાસિતાદિ કરે છે.*

*(૮) વળી એક એમ કહે છે કે – તે ૭૨-દ્વીપો, ૭૨-સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિતાદિ કરે છે. (૯) વળી એક એમ કહે છે કે – તે ૧૪૨-દ્વીપો, ૧૪૨ સમુદ્રોને અવભાસિતાદિ કરે છે.*

*(૧૦) વળી એક એમ કહે છે કે - ૧૭૨ દ્વીપ, સમુદ્રને ચંદ્ર-સૂર્યને અવભાસિતાદિ કરે છે. (૧૧) વળી એક એમ કહે છે – તે ૧૦૪૨ દ્વીપ-સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિતાદિ કરે છે.*

*(૧૨) વળી કોઈ એક એમ કહે છે કે – તે ૧૦૭૨ દ્વીપ-૧૦૭૨ સમુદ્રોને ચંદ્ર, સૂર્ય અવભાસિત, ઉદ્યોતીત, તાપીત, પ્રકાશિત કરે છે. તે પ્રમાણે એક અન્યતીર્થિક કહે છે.*

*[ભગવંત કહે છે] અમે એમ કહીએ છીએ કે – આ જંબૂદ્વીપ, સર્વે દ્વીપ સમુદ્રો મધ્યે યાવત્ પરિધિથી કહેલ છે. તે એક જગતી વડે ચોતરફથી વીંટાયેલ છે. તે જગતી, તે પ્રમાણે જ જેમ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં યાવત્ એ પ્રમાણે જ પૂર્વાપર સહિત જંબૂદ્વીપમાં ૧,૫૬,૦૦૦ નદીઓ હોય છે. તેમ કહેલ છે.*

*જંબૂદ્વીપ દ્વીપ પાંચ ચક્રભાગોમાં સંસ્થિત છે, તેમ ભગવંતે કહેલું છે તેમ કહેવું. ભગવન્! જંબૂદ્વીપ પાંચ ચક્રોથી કઈ રીતે સંસ્થિત છે? તે કહો. તો*

***જ્યારે આ બે સૂર્યો સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપના ત્રણ-પંચમાંશ ચક્રભાગમાં અવભાસિત, ઉદ્યોતિત, તાપિત, પ્રકાશિત કરે છે. એક સૂર્ય દ્વયર્ધ પંચ ચક્રભાગને અવભાસિતાદિ કરે છે. ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.***

***તો જ્યારે આ બે સૂર્યો સર્વ બાહ્યમંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે જંબૂદ્વીપ દ્વીપના બે ચક્વાલ ભાગને અવભાસિત, ઉદ્યોતીત, તાપીત, પ્રકાશિત કરે છે, ત્યારે એક એક પંચ ચક્વાલ ભાગને અવભાસિતાદિ કરે છે અને બીજો એક, એક પંચચક્વાલ ભાગને અવભાસિતાદિ કરે છે. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.***

**● વિવેચન-૩૪ :-**

કેટલા ક્ષેત્રને ચંદ્ર-સૂર્યો, અહીં જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે માટે બહુવચન મૂક્યું. અવભાસે છે. તેમાં અવભાસ જ્ઞાનનો પણ પ્રતિભાસ ગણાય છે. તેથી તેના વિચ્છેદને માટે કહે છે – ઉદ્યોત કરે છે, તે ઉદ્યોત જો કે લોકમાં ભેદથી પ્રસિદ્ધ છે, જેમકે – સૂર્યનો આતપ અને ચંદ્રનો પ્રકાશ છે. તો પણ આતપ શબ્દ ચંદ્રની પ્રભામાં પણ વર્તે છે. જેથી કહ્યું છે – ચંદ્રિકા, કૌમુદી, જ્યોત્સ્ના તથા ચંદ્રનો આતપ જાણવો. પ્રકાશ શબ્દસૂર્યની પ્રભામાં પણ છે અને એ પ્રાયઃ ઘણાંને પ્રતીત છે. તેથી આ અર્થની પ્રતિપત્તિ અર્થને ઉભય સાધારણ છે, ફરી પણ એકાર્થિક બંનેને કહે છે – તાપિત કરે છે - પ્રકાશિત કરે છે. એ પ્રમાણે કહેલ છે. - x - x -

તેથી એ પ્રમાણે અર્થ યોજના જાણવી - કેટલાં ક્ષેત્રને ચંદ્ર-સૂર્ય અવભાસતા, ઉદ્યોતીત કરતા, તાપીત કરતો, પ્રકાશિત કરતો ભગવંતે કહેલ છે, તેમ ભગવન્ કહો છો ? એમ ગૌતમ વડે પૂછાતા ભગવંત આ વિષયમાં પરતીર્થિક પ્રતિપત્તિ-મિથ્યાભાવને દર્શાવવા માટે પહેલાં, તે કહે છે –

ચંદ્ર-સૂર્યના અવભાસન વિષયમાં નિશ્ચે આ બાર પ્રતિપત્તિઓ - પરતીર્થિકના મતરૂપ કહેલ છે, તે આ પ્રમાણે – તે બાર પરતીર્થિકોની મધ્યે-પહેલો અન્યતીર્થિક કહે છે – એક દ્વીપ, એક સમુદ્રને ચંદ્ર-સૂર્ય અવભાસિત, ઉદ્યોતીત, તાપિત અને પ્રકાશિત કરે છે. - x - અહીં દ્વિવચન તાત્ત્વિક જાણવું. કેમકે પરતીર્થિકો એક ચંદ્ર અને એક સૂર્ય માને છે. હવે આનો જ ઉપસંહાર કહે છે – એક અન્યતીર્થિક કહે છે.

બીજો કોઈ એક એમ કહે છે – ત્રણ દ્વીપ, ત્રણ સમુદ્રને ચંદ્ર-સૂર્યો અવભાસે છે. અહીં અવભાસ શબ્દ પછી યાવત્‌થી અવભાસે છે, ઉદ્યોતીત કરે છે આદિ ચારે જાણવા.

ત્રીજા કોઈ એક એમ કહે છે – અર્ધચતુર્થ અર્થાત્ ત્રણ પરિપૂર્ણ અને ચોથાનું અડધું. સાડા ત્રણ દ્વીપ અને સાડા ત્રણ સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિત કરતાં૦



ઈત્યાદિ પૂર્વવત્.

ચોથી કોઈ એક એમ કહે છે – સાત દ્વીપો અને સાત સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિતાદિ કરે છે. કોઈ પાંચમો એમ કહે છે કે – દશ દ્વીપ અને દશ સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસે છે.

વળી કોઈ છટ્ઠો એવું જણાવે છે કે – બાર દ્વીપો અને બાર સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિત કરે છે. વળી કોઈ સાતમો એવું બોલે છે કે ૪૨-દ્વીપ અને ૪૨-સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિત કરે છે, વળી કોઈ આઠમો એમ કહે છે કે – ૭૨ દ્વીપો અને ૭૨-સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિત કરે છે.

વળી કોઈ નવમો એમ કહે છે કે – ૧૪૨ દ્વીપો અને ૧૪૨-સમુદ્રોને ચંદ્ર-સૂર્યો અવભાસિતાદિ કરે છે. વળી દશમો કોઈ એ પ્રમાણે બોલે છે કે – ૧૭૨ દ્વીપ અને ૧૭૨-સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિત કરે છે. કોઈ અગિયારમો વળી એમ કહે છે કે – ૧૦૪૨ દ્વીપ અને ૧૦૪૨ સમુદ્રને ચંદ્ર-સૂર્યો અવભાસિત કરે છે.

કોઈ એક બારમાં વળી એમ કહે છે – ૧૦૭૨ દ્વીપ અને ૧૦૭૨ સમુદ્રોને ચંદ્ર-સૂર્ય અવભાસિત કરે છે.

આ બધી જ પ્રતિપત્તિઓ મિથ્યારૂપા છે. ભગવન્ આ મિથ્યામતોનો નિરાસ કરી, સ્વમતથી જુદું જ કહે છે – અમે વળી ઉત્પન્ન કેવલચક્ષુથી - કેવળચક્ષુ વડે યથાવસ્થિત જગત્‌ને પામીને વક્ષ્યમાણ પ્રકારથી કહીએ છીએ. તે એ પ્રકારે કહે છે – અહીં જે રીતે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં - આ જંબૂદ્વીપથી આરંભીને યાવત્ એ પ્રમાણે સપૂર્વાપરથી જંબૂદ્વીપ દ્વીપમાં ૧૪,૫૬,૦૦૦ નદીઓ હોય છે, એમ કહેલ છે. - x - x - ગ્રંથ મોટો થવાના ભયે લખતા નથી. માત્ર ''જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ'' શાસ્ત્ર જોવું જોઈએ.

આ આવા સ્વરૂપનો જંબૂદ્વીપ પાંચ સંખ્યા યુક્ત ચક્વાલ ભાગથી સંસ્થિત, મારા વડે કહેલ છે, એ પ્રમાણે સ્વ શિષ્યોની આગળ કહેવું. ભગવંતે એ પ્રમાણે કહ્યા પછી ગૌતમે સ્વ શિષ્યોના સ્પષ્ટ બોધને માટે ફરી પૂછે છે – ભગવન્ ! કઈ રીતે આપે જંબૂદ્વીપ દ્વીપ પંચ ચક્રભાગ સંસ્થિત કહેલો છે ?

આ પ્રવચનવેદીમાં પ્રસિદ્ધ બે સૂર્યો સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે સમુદિત બંને પણ સૂર્યો જંબૂદ્વીપદ્વીપના ત્રણ પંચમાંશ ચક્વાલ ભાગોને અવભાસે છે, ઉદ્યોતીત કરે છે, તાપીત કરે છે, પ્રકાશિત કરે છે. કઈ રીતે પ્રકાશિત કરે છે, એ પ્રમાણે પરપ્રશ્નાવકાશની આશંકાથી આ જ વિભાગથી કહે છે–

એક પણ સૂર્ય, જંબૂદ્વીપ દ્વીપના એક પંચમાંશ ચક્વાલ ભાગને અને બીજો અર્ધો જેને છે તે દ્વયર્ધ, પૂરણાર્થે વૃત્તનો અંતર્ભૂત છે, જેમ ત્રીજો ભાગ, તે ત્રિભાગ થાય. આનો ભાવાર્થ આ પ્રમાણે - એક પંચમાંશ ચક્વાલ ભાગને, બીજા પંચમાંશ ચક્વાલ ભાગના અડધા સહિત પ્રકાશિત કરે છે. તથા બીજો એક-એક પંચમાંશ ચક્વાલ ભાગ દ્વયર્ધને પ્રકાશિત કરે છે. એ રીતે તે બંને પ્રકાશિત ભાગના મળવાથી

પરિપૂર્ણ ત્રણ ભાગ પ્રકાશિત થાય છે. અહીં ભાવના આવી છે —

જંબૂદ્વીપમાં રહેલ પ્રકાશ્ય ચક્રવાલ ભાગ ૩૬૬૦ કલ્પીએ. તેનો પાંચમો ભાગ ૭૩૨ થાય છે. અડધું થતાં ૧૦૯૮ થાય છે. પછી સર્વાભ્યંતર મંડલમાં વર્તતો એક પણ સૂર્ય ૩૬૬૦ની સંખ્યાના ૧૦૯૮ ભાગોને પ્રકાશિત કરે છે, બીજો પણ ૧૦૯૮ ભાગોને પ્રકાશિત કરે છે. તે બંનેના સરવાળાથી ૨૧૯૬ ભાગ પ્રકાશ્યમાન પ્રાપ્ત થાય છે.

ત્યારે બે - પંચમાંશ ચક્રવાલ ભાગમાં રાત્રિ થાય છે. તે આ પ્રમાણે — એક-પંચમાંશ ભાગમાં ૭૩૨ સંખ્યક ભાગમાં રાત્રિ અને બીજામાં પણ એક-પંચમાંશ ભાગમાં ૭૩૨ સંખ્યક ભાગમાં રાત્રિ. તે બંનેના સંયોગથી ૧૪૬૪ ભાગમાં રાત્રિ થાય. સર્વ ભાગના મીલનથી ૩૬૬૦ની સંખ્યા આવશે.

હવે તે દિવસ-રાત્રિ પ્રમાણ કહે છે — અભ્યંતર મંડલ ચાર કાળમાં પરમ પ્રકર્ષ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. પછી બીજા અહોરાત્રમાં બીજા મંડલમાં વર્તતો એક સૂર્ય જંબૂદ્વીપના $^1/_5$ ચક્રવાલ ભાગને સાર્ધ ૩૬૬૦ ભાગ હોતા બે ભાગહીન પ્રકાશે છે. બીજો સૂર્ય પણ $^1/_5$ ચક્રવાલ ભાગને સાર્ધ ૩૬૬૦ ભાગમાં બે ભાગહીન પ્રકાશે છે. ત્રીજા અહોરાત્રમાં ત્રીજા મંડલમાં વર્તતો એક સૂર્ય $^1/_5$ ચક્રવાલ ભાગને સાર્ધ ૩૬૬૦ ભાગમાં ચાર ભાગ ન્યૂન પ્રકાશે છે. બીજા સૂર્ય માટે પણ તેમજ જાણવું. એ રીતે પ્રત્યેક અહોરાત્રમાં એક-એક સૂર્ય ૩૬૬૦ ભાગમાં બબ્બે ભાગ છોડતો પ્રકાશ કરતો ત્યાં સુધી જાણવો જ્યાં સુધી સર્વ બાહ્ય મંડલ સર્વાભ્યંતર મંડલથી આગળ ૧૮૩માં [મંડલે પહોંચે]

ત્યારપછી પ્રતિમંડલમાં બે ભાગ મૂકતા જ્યારે સર્વબાહ્ય મંડલમાં ચરે છે, ત્યારે ૩૬૬ ભાગો ત્રુટિત થાય છે. ૧૮૩ને બે વડે ગુણતાં આટલી સંખ્યા થાય. ૩૬૬, પંચમ ચક્રવાલ ભાગની, ૭૩૨ ભાગ પ્રમાણનું અડધું, પછી પંચમ ચક્રવાલ ભાગનું અર્ધ પરિપૂર્ણ તે મંડલમાં ત્રુટિત થાય છે. એ રીતે એક પરિપૂર્ણ પંચમ ચક્રવાલ ભાગ તેમાં પ્રકાશે છે.

આ પ્રવચનપ્રસિદ્ધ બંને સૂર્યો સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે તે બંને સમુદિત જંબૂદ્વીપના $^2/_5$ ચક્રવાલ ભાગમાં અવભાસિતાદિ થાય છે. - x - x - ત્યારે સર્વ બાહ્ય મંડલ ચાર કાળમાં ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્ત્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.

અહીં જે રીતે નિષ્ક્રમણ કરતો સૂર્ય જંબૂદ્વીપ વિષય પ્રકાશવિધિ ક્રમથી ઘટતો કહ્યો. તથા સર્વબાહ્ય મંડલથી અભ્યંતર પ્રવેશતો ક્રમથી વધારતો જાણવો. તે આ રીતે — બીજા છ માસના બીજા અહોરાત્રમાં સર્વ બાહ્ય મંડલની પૂર્વે અનંતર બીજા મંડલમાં વર્તતો એક સૂર્ય એક જંબૂદ્વીપના પંચમ ચક્રવાલ ભાગને ૩૬૬૦ ભાગમાં બેને પ્રકાશે છે. બીજો પણ તેમજ પ્રકાશે છે. - x - બીજા અહોરાત્રે સર્વબાહ્ય મંડલમાં પૂર્વના ત્રીજા મંડલમાં વર્તતો - x - એ રીતે ચાર અધિક ભાગને પ્રકાશિત કરે છે. - x - એ પ્રમાણે સર્વાભ્યંતર મંડલ સુધી જાણવું. તે સર્વાભ્યંતર મંડલમાં $^2/_5$ ચક્રવાલ



ભાગનું અડધું પરિપૂર્ણ થાય છે. - x -

એ પ્રમાણે જંબૂદ્વીપ ચક્રવાલના દશ ભાગોને કલ્પીને બીજે પણ કહ્યું છે. *[અહીં વૃત્તિકારશ્રીએ ત્રણ ગાથા નોંધેલ છે.]*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૩-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પ્રાભૃત-૪ ❁

— x — x —

૦ એ પ્રમાણે ત્રીજું પ્રાભૃત કહ્યું. હવે ચોથું આરંભે છે - "કઈ રીતે શ્વેતતાની સંસ્થિતિ કહી છે ?" તે વિષયક પ્રશ્નસૂત્ર —

● **સૂત્ર-૩૫ :-**

*તે શ્વેતની સંસ્થિતિ કઈ રીતે કહેલી છે તેમ કહેવું ? તેમાં નિશ્ચે આ બે ભેદે સંસ્થિતિ કહેવી. તે આ પ્રમાણે — ચંદ્ર, સૂર્યની સંસ્થિતિ અને તાપક્ષેત્ર સંસ્થિતિ.*

*તે ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કઈ રીતે કહેલી છે ? તેમાં નિશ્ચે આ સોળ પ્રતિપત્તિઓ કહેલી છે — (૧) એક એમ કહે છે કે — તે સમચતુરસ્રાકારે ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ છે. (૨) વળી એક એમ કહે છે કે — તે વિષમચતુરસ્રાકારે ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ છે.*

*(૩) એ પ્રમાણે સમુચતુષ્કોણાકારે છે, (૪) વિષમ ચતુષ્કોણ સંસ્થિત છે. (૫) સમચક્રવાલ સંસ્થિત છે. (૬) વિષમ ચક્રવાલ સંસ્થિત છે. (૭) ચક્રાર્દ્ધ ચક્રવાલ સંસ્થિત કહી છે.*

*(૮) વળી એક એ પ્રમાણે કહે છે કે તે છત્રકાર સંસ્થિત ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહી છે. (૯) ગૃહ સંસ્થિત છે. (૧૦) ગૃહ-આપણ સંસ્થિત છે.*

*(૧૧) પ્રાસાદ સંસ્થિત છે, (૧૨) ગોપુર સંસ્થિત છે, (૧૩) પ્રેક્ષાગૃહ સંસ્થિત છે, (૧૪) વલભી સંસ્થિત છે. (૧૫) હર્મ્ય તલ સંસ્થિત છે, (૧૬) વાલાગ્ર પોતિકા સંસ્થિત ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહી છે.*

*તેમાં જેઓ એમ કહે છે કે — સમચતુરસ્ર ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહી છે, તે નય દ્વારા જાણવી, અન્ય કોઈ રીતે નહીં.*

*તે તાપક્ષેત્ર સંસ્થિતિ કઈ રીતે કહેલી છે ? તેમાં આ સોળ પ્રતિપત્તિઓ કહી છે. તેમાં એક એમ કહે છે — (૧ થી ૮) તે ગૃહાકારે તાપક્ષેત્ર સંસ્થિતિ છે. એ પ્રમાણે યાવત્ વાલાગ્ર પોતિકાકારે તાપક્ષેત્ર સંસ્થિતિ છે.*

*(૯) એક એમ કહે છે કે — જેમ જંબૂદ્વીપની સંસ્થિતિ છે, તે મુજબ તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે.*

*(૧૦) કોઈ એક એમ કહે છે — ભરતક્ષેત્રની સંસ્થિતિ મુજબ તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે. એ પ્રમાણે — (૧૧ થી ૧૬) ઉદ્યાન સંસ્થિત, નિર્યાણ સંસ્થિત, એકતઃ નિષધ સંસ્થિત, ઉભયથી નિષધ સંસ્થિત, શ્વેનક સંસ્થિત છે. કોઈ એક કહે છે — શ્વેનકપૃષ્ઠ સંસ્થિત તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે.*

*પરંતુ અમે એમ કહીએ છીએ કે — તે ઉર્ધ્વમુખ કલંબના પુષ્પાકારે રહેલ તાપક્ષેત્ર સંસ્થિતિ છે. અંદરથી સંકુચિત અને બહારથી વિસ્તૃત, અંદરથી વૃત્ત અને બહારથી પૃથુલ, અંદરતી અંકમુખ સંસ્થિત અને બહારથી સ્વસ્તિમુખ*



*સંસ્થિત છે. તેની બંને તરફ બે બાહાઓ અવસ્થિત હોય છે. તે ૪૫,૦૦૦-૪૫,૦૦૦ યોજન લંબાઈથી છે.*

*તે બંને બાહાઓ અનવસ્થિત હોય છે. તે આ રીતે — સર્વાભ્યંતર બાહા અને સર્વ બાહ્ય બાહા. તેમાં શો હેતુ છે, તે કહો. આ જંબૂદ્વીપ યાવત્ પરિક્ષેપથી છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉર્ધ્વમુખ કલંબ પુષ્પ સંસ્થિત, તાપક્ષેત્ર સંસ્થિતિ કહેલ છે. તે અંદર સંકુચિત - બહાર વિસ્તૃત, અંદર વૃત્ત-બહાર પૃથુલ, અંદર અંકમુખ સંસ્થિત - બહાર સ્વસ્તિમુખ સંસ્થિત છે. બંને પડખે તે પૂર્વવત્ યાવત્ સર્વબાહ્ય અને બાહા છે.*

*તેની સર્વાભ્યંતર બાહા મેરુ પર્વત સમીપ ૯૪૮૬ યોજન અને એક યોજનના દશ ભાગે પરિધિથી કહેલ છે. તે પરિક્ષેપ વિશેષમાં ક્યાંથી કહેલી કહેવી ? જે મેરુ પર્વતનો પરિક્ષેપ છે, તેને ત્રણ વડે ગુણીને દશ વડે છેદીને, દશ ભાગથી હરીને, આ પરિક્ષેપ વિશેષ કહેલ કહેવી.*

*તે સર્વ બાહ્ય બાહા લવણ સમુદ્ર સમીપે ૯૪,૮૬૮ યોજન અને એક યોજનના ૪/૧૦ ભાગ પરિધિથી કહી છે. તે પરિધિ વિશેષ ક્યાંથી કહેલી છે ? તે જંબૂદ્વીપની પરિધિ છે, તેને ત્રણ વડે ગુણીને દશથી છેદી, દશ ભાગ ઘટાડવાથી આ પરિક્ષેપ વિશેષ કહેવો.*

*તે તાપક્ષેત્ર કેટલા આયામથી કહેલ છે ? તે ૭૮,૩૨૩ યોજન અને એક યોજનનો ૧/૩ ભાગ આયામથી કહેલ છે.*

*તો અંધકાર સંસ્થિતિ કયા આકારે કહેલી છે ? ઉર્ધ્વમુખ કલંબ પુષ્પ સંસ્થિત છે. આદિ પૂર્વવત્ યાવત્ બાહ્ય બાહા. તેની સર્વાભ્યંતરિકા બાહા મેરુ પર્વતની સમીપ ૬૩૨૪ યોજન અને એક યોજનના ૬/૧૦ ભાગ પરિધિથી કહી છે.*

*તે પરિક્ષેપ વિશેષ ક્યાંથી કહેલ છે ? જે મેરુ પર્વતના પરિક્ષેપથી, તે પરિક્ષેપ બે વડે ગુણીને છે, બાકી પૂર્વવત્. તેની સર્વ બાહ્ય બાહા લવણસમુદ્ર પાસે ૬૩,૨૪૫ યોજન અને એક યોજનના ૬/૧૦ ભાગ પરિક્ષેપથી કહેલી કહેવી.*

*તે પરિક્ષેપ વિશેષ ક્યાંથી કહેવો ? જે જંબૂદ્વીપ દ્વીપનો પરિક્ષેપ છે, તે પરિક્ષેપને બે વડે ગુણીને, દશથી છેદી, દશ ભાગથી ઘટાડતા, આ પરિક્ષેપ વિશેષ કહેલો છે, તેમ કહેવું.*

*તે અંધકાર કેટલા આયામથી કહેલ કહેવો ? તે ૭૮,૩૩૩ યોજન અને યોજનનો ત્રીજો ભાગ આયામથી કહેલો કહેવો. ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત અઢાર મુહૂર્તનો દિવસ અને જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*જ્યારે સૂર્ય સર્વબાહ્ય મંડલ સંક્રમીને ચાર ચરે છે, ત્યારે કયા આકારે તાપક્ષેત્રની સંસ્થિતિ કહેલી કહેવી ? તે ઉર્ધ્વમુખ કલંબ પુષ્પાકારે તાપક્ષેત્ર*

***સંસ્થિતિ પ્રરૂપેલી કહેવી. એ પ્રમાણે જે અભ્યંતર મંડલમાં અંધકાર સંસ્થિતિ પ્રમાણ છે, તે બાહ્યમંડલમાં તાપક્ષેત્ર સંસ્થિતિથી છે. જે તેની તાપક્ષેત્ર સંસ્થિતિ છે, તે બાહ્યમંડલમાં અંધકાર સંસ્થિતિથી કહેવી, યાવત્ ત્યારે ઉત્તમકાષ્ઠ પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.***

***તે જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્યો કેટલા ક્ષેત્રને ઉંચે તપાવે છે ? કેટલા ક્ષેત્રને નીચે તપાવે છે ? કેટલાં ક્ષેત્રને તીર્છુ તપાવે છે ? તે જંબૂદ્વીપ દ્વીપમાં સૂર્યો ૧૦૦ યોજન ઉર્ધ્વ તપે છે, ૧૮૦૦ યોજન નીચે તપાવે છે, ૪૭,૨૬૩ યોજન અને એક યોજનના $^{૨૧}/_{૬૩}$ ભાગને તીર્છુ તપાવે છે.***

**● વિવેચન-૩૫ :-**

ભગવન્ કઈ રીતે આપે શ્વેતતાની સંસ્થિતિ કહી છે, તે હે ભગવન્ ! કહો. એ પ્રમાણે ગૌતમસ્વામીએ કહેતા, વર્ધમાન સ્વામી ભગવંતે કહ્યું – તે શ્વેતતાના વિષયમાં વક્ષ્યમાણ સ્વરૂપ બે ભેદે સંસ્થિતિ કહી છે. તેને જ 'तद्यथा' ઈત્યાદિ વડે દેખાડે છે. तद्यथा માં तत् શબ્દનો અર્થ 'તે શ્વેતતા' છે. યથા - જે પ્રકારે બે ભેદ થાય છે, તે રીતે બતાવે છે – ચંદ્રસૂર્ય સંસ્થિતિ અને તાપક્ષેત્ર સંસ્થિતિ. આ શ્વેતતા ચંદ્ર-સૂર્ય વિમાનોની પણ હોય છે, તેના વડે કરાયેલ તાપક્ષેત્રની અને પછી શ્વેતતાના યોગથી ઉભયની પણ શ્વેતતા શબ્દથી કહેવાય છે. તેના વડે ઉક્ત પ્રકારથી શ્વેતતા બે પ્રકારે થાય છે.

તેમાં ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ વિષયમાં પ્રશ્ન કરે છે – આપે કઈ રીતે ભગવન્ ! ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહેલી છે, તે કહો. આ ચંદ્ર, સૂર્ય વિમાનોના સંસ્થાનરૂપ સંસ્થિતિ પૂર્વે કહી જ છે. તેથી અહીં ચંદ્ર-સૂર્ય વિમાન સંસ્થિતિ ચારે પણ અવસ્થાનરૂપ પૂછેલ જાણવી. એમ કહેતા ભગવન્ આ વિષયમાં જેટલી પરતીર્થિકોની પ્રતિપત્તિ છે, તેટલી જણાવે છે.

તેમાં ચંદ્ર-સૂર્ય સંસ્થિતિની વિચારણામાં નિશ્ચે આ સોળ પ્રતિપત્તિઓ કહેલી છે. તે આ પ્રમાણે – (૧) એક વાદી કહે છે – ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ સમચતુરસ્ર સંસ્થિતા કહી છે. સમચતુરસ્ર સંસ્થાન જે ચંદ્ર-સૂર્ય સંસ્થિતિના છે તે તથા, અહીં ઉપસંહાર વાક્ય કહે છે કે – એક આ પ્રમાણે કહે છે, એમ બધે ઉપસંહાર વાક્ય જાણવું.

(૨) વળી એક એમ કહે છે – વિષમ ચતુરસ્ર સંસ્થિત ચંદ્ર, સૂર્યની સંસ્થિતિ કહી છે. અહીં પણ વિષમચતુરસ્ર સંસ્થાન જેનું છે તે - એમ વિગ્રહ કરવો. (૩) એમ ઉક્ત પ્રકારથી બીજાના અભિપ્રાયથી સમચતુષ્કોણ સંસ્થિતા ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહેવી. તે આ પ્રમાણે - કોઈ એક કહે છે કે સમચતુષ્કોણ સંસ્થિતા ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહેલી છે. અહીં સમચતુષ્કોણ એટલે જેમાં ચારે ખૂણા સમ છે તે, સંસ્થિતિ-સંસ્થાન જેનું છે તે - વિગ્રહ કરવો.

(૪) વિષમ ચતુષ્કોણ સંસ્થિતા ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહી છે, તેમ એક કહે





છે. (૫) સમચક્રવાલરૂપ સંસ્થાન જેનું છે તે વળી બીજા કોઈના અભિપ્રાયથી ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહેવી. તે આ પ્રમાણે - કોઈ એક કહે છે સમચક્રવાલ સંસ્થિત ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહેલી છે. (૬) વિષમ ચક્રવાલરૂપ સંસ્થાન જેનું છે તે તથા બીજાના મતથી ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહેવી. તે આ પ્રમાણે - એક કોઈ કહે છે કે વિષમ ચક્રવાલ સંસ્થિત ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહેલી છે.

(૭) ચક્રાર્ધચક્રવાલ - રથાંગનું જે અર્ધ ચક્રવાલ, તે રૂપ સંસ્થાન જેનું છે, તે. બીજા કોઈના અભિપ્રાયથી કહેવું. તે આ પ્રમાણે – કોઈ એક કહે છે કે ચક્રાર્દ્ધચક્રવાલ સંસ્થિત ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહેલી છે. (૮) વળી એક કહે છે – છત્રાકાર સંસ્થિત ચંદ્ર, સૂર્ય સંસ્થિતિ કહેલી છે. (૯) ગૃહની જેમ-વાસ્તુવિદ્યાથી બંધાયેલ ગૃહની જેમ સંસ્થાન જેનું છે તે, બીજાના મતથી ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહેવી. તે આ રીતે – કોઈ ગૃહ સંસ્થિત ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહે છે.

(૧૦) ગૃહયુક્ત આપણ તે ગૃહાપણ - વાસ્તુવિદ્યા પ્રસિદ્ધ, તેની જેવી સંસ્થિતિ - સંસ્થાન જેનું છે તે. બીજાના અભિપ્રાયથી તેમ કહેવું. તે આ પ્રમાણે - કોઈ એક કહે છે કે ગૃહાપણ સંસ્થિત ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહેલી છે. (૧૧) પ્રાસાદની જેમ સંસ્થાન જેનું છે તે, બીજાના અભિપ્રાયથી કહેવું. તે આ પ્રમણે - કોઈ કહે છે પ્રાસાદ સંસ્થિતા ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહેલી છે.

(૧૨) ગોપુર - પુરદ્વારની માફક સંસ્થાન જેનું છે તે, બીજાના મતથી જાણવી. તે આ પ્રમાણે - કોઈ એક કહે છે ગોપુર સંસ્થિતા ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહી છે. (૧૩) પ્રેક્ષાગૃહની જેમ વાસ્તુવિદ્યા પ્રસિદ્ધ સંસ્થાન જેનું છે, તે, બીજાના મતે જાણવું. તે આ પ્રમાણે - એક એમ કહે છે – પ્રેક્ષાગૃહ સંસ્થિતા ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ છે.

(૧૪) વલ્લભી - ગૃહના આચ્છાદનની જેમ સંસ્થાન જેનું છે - તે, બીજાના મતે જાણવું. તે આ પ્રમાણે - કોઈ એક કહે છે વલભી સંસ્થિત ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહેલી છે. (૧૫) હર્મ્ય - ધનવાન્નું ગૃહ, તેનો ઉપરનો ભાગ, તેની જેમ સંસ્થાન જેનું છે તે બીજાના અભિપ્રાયથી કહેવું. તે આ પ્રમાણે - હર્મ્યતલ સંસ્થિતા ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહી છે. (૧૬) વાલાગ્ર પોતિકા સંસ્થિત - દેશી શબ્દ છે, આકાશ-તડાગ મધ્યમાં વ્યવસ્થિત ક્રીડા સ્થાન લઘુપ્રાસાદ, તેના જેવા સંસ્થાન જેના છે તે બીજાના મતે જાણવું. તે આ રીતે - વળી કોઈ કહે છે - વાલાગ્રપોતિકા સંસ્થિતા ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ કહી છે - એક એમ કહે છે.

એ પ્રમાણે પરતીર્થિકોની પ્રતિપત્તિઓ કહી છે. આ પ્રતિપત્તિમાં સમીચીન છે, તેને દર્શાવે છે. તે સોળ પરતીર્થિકો મધ્યે જે વાદી એમ કહે છે – સમચતુરસ્ર સંસ્થિતા ચંદ્ર સૂર્યની સંસ્થિતિ કહી છે, આ અભિપ્રાયથી અમારા મતે પણ ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ અવધારવી. તેથી કહે છે – આ બધી પણ કાળ વિશેષ-સુષમસુષમાદિ યુગમૂળ છે. યુગની આદિમાં શ્રાવણ માસમાં બહુલપક્ષની એકમમાં પ્રાતઃ ઉદય સમયમાં એક સૂર્ય દક્ષિણ-પૂર્વની દિશામાં વર્તે છે. તે બીજો સૂર્ય પશ્ચિમ-ઉત્તરમાં છે.

ચંદ્રમાં પણ તે સમયમાં એક દક્ષિણ-પશ્ચિમ દિશામાં વર્તે છે અને બીજો ઉત્તર-પૂર્વમાં વર્તે છે. તેથી આ યુગની આદિમાં ચંદ્ર-સૂર્ય સમચતુરસ્ર સંસ્થિત વર્તે છે.

- અહીં જે મંડલકૃત્ વૈષમ્ય છે, જેમકે - બંને સૂર્યો સર્વ-અભ્યંતર મંડલમાં વર્તે છે, ચંદ્રમાં સર્વબાહ્યમાં વર્તે છે. તેથી તેને અલ્પ કરીને વિવક્ષા કરી નથી. તેથી જ જે કારણે સકલ કાળ વિશેષણ-સુષમાસુષમાદિ રૂપના આદિ રૂપ યુગની આદિમાં સમચતુરસ્ર સંસ્થિત સૂર્ય-ચંદ્ર હોય છે. તેથી તેની સંસ્થિતિ સમચતુરસ્ર સંસ્થાનથી વર્ણિત છે, અથવા અન્યથા સંપ્રદાયાનુસાર સમચતુરસ્ર સંસ્થિતિ વિચારવી કેમકે બાકીના નયોથી ચંદ્ર-સૂર્યની સંસ્થિતિ જાણી નથી. કેમકે તેનું મિથ્યારૂપત્વ છે. એ પ્રમાણે ચંદ્ર-સૂર્ય સંસ્થિતિ કહી.

હવે તાપક્ષેત્ર સંસ્થિતિને જણાવવાની ઈચ્છાથી પહેલા તે વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે – ભગવન્ ! કઈ રીતે આપે તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે, તે ભગવાન કહો. એમ કહેતા ભગવન્ આ વિષયમાં જેટલી પરતીર્થિકોની પ્રતિપત્તિ છે, તેટલી દર્શાવે છે – તે તાપક્ષેત્રની સંસ્થિતિના વિષયમાં નિશ્ચે આ સોળ પ્રતિપત્તિ - પરતીર્થિક મતરૂપ કહેલ છે. તે આ પ્રમાણે છે -

તે સોળ પરતીર્થિકોની મધ્યે એક એમ કહે છે – વાસ્તુ વિદ્યા પ્રસિદ્ધ ગૃહની જેમ સંસ્થાન જેનું છે તે, તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે. એ પ્રમાણે - અનંતરોક્ત પ્રકારથી અર્થાત્ ચંદ્રસૂર્ય સંસ્થિતિ ગત પ્રકારથી. ગૃહસંસ્થિતિની આગળ ત્યાં સુધી કહેવું, જ્યાં સુધી વાલાગ્રપોતિકા સંસ્થિતા કહેલ છે. તે આ પ્રમાણે –

વળી એક કહે છે કે – ગૃહાપણ સંસ્થિત તાપક્ષેત્ર સ્થિતિ છે વળી એક એમ કહે છે કે – પ્રાસાદ સંસ્થિતા તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે, વળી એક એમ કહે છે કે – ગોપુરસંસ્થિતા તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

એક વળી એમ કહે છે – પ્રેક્ષાગૃહ સંસ્થિતા તાપક્ષેત્ર સંસ્થિતિ કહે છે. વળી કોઈ કહે છે – વલભી સંસ્થિત તાપક્ષેત્ર સંસ્થિત કહી છે. એક વળી કહે છે – હર્મ્યતલ સંસ્થિત તાપક્ષેત્ર સંસ્થિતિ છે.

વળી કોઈ એક કહે છે – વાલાગ્રપોતિકા સંસ્થિત તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે. અહીં બધાં પદોમાં વિગ્રહભાવના પૂર્વવત્ કરવી.

વળી કોઈ એક કહે છે – જે સંસ્થિતિ જંબૂદ્વીપ દ્વીપની છે - x - તેથી જ તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. એક ફરી એમ કહે છે કે – જે સંસ્થિત ભારત વર્ષની છે, તે સંસ્થિત તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે. અહીં વિગ્રહભાવના પૂર્વવત્ કહેવી.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી ઉદ્યાન સંસ્થિતા તાપક્ષેત્રની સંસ્થિતિ, બીજાના અભિપ્રાયથી કહેવી, તે આ પ્રમાણે - કોઈ એક એમ કહે છે કે – ઉદ્યાન સંસ્થિતા તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે. અહીં "ઉદ્યાનના જેવું સંસ્થાન જેનું છે તે" તે પ્રમાણે વિગ્રહ છે.

निर्याण - પુરનો નિર્ગમન માર્ગ, તેના જેવી સંસ્થિતિ જેની છે, તે બીજા



કોઈના અભિપ્રાયથી કહેવી. તે આ પ્રમાણે - કોઈ એક એમ કહે છે કે નિર્યાણ સંસ્થિતા તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

एकतो - રથના એક પડખામાં જે નિત્ય સહે છે, તે સ્કંધ કે પૃષ્ઠ ઉપર સમારોપિત ભાર, નિષધ - બળદ, તેની જેમ સંસ્થિત જેનું છે તે એકતોનિષધ સંસ્થિત, બીજાના અભિપ્રાયથી કહેવું. તે આ પ્રમાણે - એકતોનિષધ સંસ્થિતા તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

બીજાના અભિપ્રાયથી ઉભય નિષધ સંસ્થિતા કહેવી. उभय - રથના બંને પડખે જે, નિષધ-બળદો, તેની જેમ સંસ્થાન જેનું છે તે. તે આ રીતે કહેવી - કોઈ એક એમ કહે છે કે ઉભયથી નિષધ સંસ્થિત તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

શ્યેનકની જેમ સંસ્થાન જેનું છે તે, બીજાના અભિપ્રાયથી કહેવી. તે આ પ્રમાણે - કોઈ એક કહે છે શ્યેનક સંસ્થિતા તાપક્ષેત્રની સંસ્થિતિ કહી છે. વળી કોઈ એક કહે છે – સચેનક કે શ્યેનના પૃષ્ઠની જેમ સંસ્થાન જેનું છે તે તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે.

એ પ્રમણે સોળે પણ પ્રતિપત્તિઓ કહી છે. આ સર્વે પણ મિથ્યારૂપ છે, તેથી તેના નિરાસને માટે ભગવન્ સ્વમતને ભિન્ન જણાવે છે. અમે વળી ઉત્પન્ન કેવલજ્ઞાનવાળા, કેવળજ્ઞાનથી યથાવસ્થિત વસ્તુને પામીને વક્ષ્યમાણ પ્રકારથી અમે કહીએ છીએ, તે જ પ્રકારને કહે છે – ઉર્ધ્વમુખ કલંબુક પુષ્પ સંસ્થિતા અર્થાત્ ઉર્ધ્વમુખ નાલિકાપુષ્પની જેમ સંસ્થાન જેનું છે, તે તાપક્ષેત્ર સંસ્થિતિ મેં અને બાકીના તીર્થંકર વડે કહેવાઈ છે.

તે કઈ રીતે છે તે જણાવે છે - अंतः મેરુની દિશામાં સંકુચિત અને बहिः લવણ દિશામાં વિસ્તૃત તથા મેરુની દિશામાં અર્ધવૃત્ત વલયાકાર કેમકે સર્વથા વૃત્તમેરુ ગત ત્રણ, બે કે દશ ભાગોને વ્યાપીને ત્યાં રહેલ હોવાથી તેમ કહ્યું. બહાર-લવણસમુદ્ર દિશામાં પૃથુલ-મુત્કલ ભાવથી વિસ્તારને પામેલ, આ જ વાત સંસ્થાન કથન વડે સ્પષ્ટ કરે છે – અંદર મેરુની દિશામાં अङ्क - પદ્માસને બેસેલના ખોળા રૂપ આસન બંધ, તેનું મુખ - અગ્ર ભાગ અર્ધવલયાકાર, તેની જેમ સંસ્થાન જેનું છે તે. બહાર-લવણસમુદ્રની દિશામાં સ્વસ્તિક મુખ સંસ્થિત. સ્વસ્તિક શબ્દ પ્રસિદ્ધ છે, તેનું મુખ - અગ્રભાગ, તેની જેમ અતિ વિસ્તીર્ણપણે સંસ્થાન જેનું છે તે.

उभओपासेणं - મેરુ પર્વતના બંને પડખાં, તેના તાપક્ષેત્ર સંસ્થિતિના સૂર્યભેદથી બે ભેદે રહેલ છે. પ્રત્યેકમાં એક-એકના ભાવથી જે બે બાહા છે, તે જંબૂદ્વીપમાં રહેલ આયામ આશ્રીને રહેલી છે. તે એકૈક આયામથી કેટલાં પ્રમાણમાં છે, તે કહે છે – પ્રત્યેકમાં ૪૫,૦૦૦ યોજન, તે તાપક્ષેત્રની સંસ્થિતિ એક-એકની અને બે બાહા અનવસ્થિત હોય છે. તે આ પ્રમાણે - સર્વાભ્યંતર અને સર્વબાહ્ય. તેમાં જે મેરુ સમીપમાં વિષ્કંભને આશ્રીને બાહા છે, તે સર્વાભ્યંતરા છે અને જે લવણ દિશામાં જંબૂદ્વીપ પર્યન્તના વિષ્કંભને આશ્રીને બાહા છે, તે સર્વબાહા. અહીં આયામ તે

દક્ષિણ-ઉત્તરની આયતતાથી જાણવો અને વિષ્કંભ પૂર્વ-પશ્ચિમની આયતતાથી જાણવો.

એ પ્રમાણે ભગવંતે કહ્યું ત્યારે ગૌતમ સ્વશિષ્યોના સ્પષ્ટ અવબોધન માટે ફરી પૂછે છે — તે એવા પ્રકારની અનંતરોક્ત વસ્તુ વ્યવસ્થામાં શો હેતુ છે ? શી ઉપપત્તિ છે, તે હે ભગવન્ ! કહો. એ પ્રમાણે કહેતા ભગવન્ બોલ્યા — આ જંબૂદ્વીપ૦ વાક્ય પૂર્વવત્ પરિપૂર્ણ વિચારવું.

તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે "ઉર્ધ્વ મુખ કલંબુત પુષ્પ" ઈત્યાદિ પૂર્વવત્ કહેવું. યાવત્ સર્વાભ્યંતરા બાહા અને સર્વબાહા બાહા. તેના આતપક્ષેત્ર સંસ્થિતિના સર્વાભ્યંતર બાહા મેરુપર્વત સમીપે છે. તે મેરુ પર્વતની પરિધિગતપણાથી ૯૪૮૬ અને એક યોજનના $^{૯}/_{૧૦}$ ભાગ મે કહેલ છે, તેમ કહેવું.

એમ ભગવંતે કહેતા ગૌતમ પ્રશ્ન કરે છે — તે તાપક્ષેત્ર સંસ્થિતિ પરિક્ષેપ વિશેષ — મેરુની પરિરય પરિક્ષેપણ વિશેષ કયા કારણથી એ પ્રમાણમાં કહેલ છે, પણ ન્યૂન કે અધિક નહીં, તે કહો. ત્યારે ભગવંતે કહ્યું — જે મેરુ પર્વતનો પરિક્ષેપ-પરિરય ગણિત પ્રસિદ્ધ છે, તે પરિક્ષેપને ત્રણ વડે ગુણીને પછી દશ વડે છેદ કરીને, તે કઈ રીતે કરાય છે ? તેનો ઉત્તર આપે છે અહીં સર્વાભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય જંબૂદ્વીપગત ચક્રવાલના જે-તે પ્રદેશમાં તે-તે ચક્રવાલ ક્ષેત્ર પ્રમાણાનુસાર $^{૩}/_{૧૦}$ ભાગને પ્રકાશિત કરે છે અને આ પૂર્વે કહેલ છે.

હવે મેરુ સમીપમાં તાપક્ષેત્રની વિચારણા કરાતા-તેથી મેરુ પરિરયના સુખે અવબોધને માટે પહેલાં ત્રણ વડે ગુણીએ, ગુણીને દશ વડે વિભાગ કરે. દશ વડે ભાગ ઘટાડતાં યથોક્ત મેરુ સમીપનું તાપક્ષેત્ર પરિમાણ આવે છે. તેથી જ કહે છે કે — મેરુ પર્વતનો વિષ્કંભ ૧૦,૦૦૦ છે, તેનો વર્ગ દશ કરોડ થાય છે. તેને દશ વડે ગુણીએ તો એક અબજ ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ થાય. તેનું વર્ગમૂળ કાઢવાથી આવે છે - ૩૧,૬૨૩થી કંઈક ન્યૂન થાય. પણ વ્યવહારથી પરિપૂર્ણ ૩૧,૬૨૩ વિવક્ષિત કરાય છે. આ રાશિને ત્રણ વડે ગુણીએ, તો ૯૪,૮૬૯ આવે છે. આને દશ ભાગ વડે હરતા પ્રાપ્ત થાય છે ૯૪૮૬ યોજન અને એક યોજનના $^{૯}/_{૧૦}$ ભાગ થાય. ત્યારે આ અનંતરોક્ત પ્રમાણ પરિક્ષેપ વિશેષ - મેરુ પરિધિ પરિક્ષેપ વિશેષ તાપક્ષેત્ર સંસ્થિતિ કહેલી છે, તેમ સ્વ શિષ્યોને કહેવું. આ અર્થ બીજે પણ કહેવાયેલ છે—

"મેરુ પરિરય રાશિના ત્રણગણાં અને દશમે ભાગે જે પ્રાપ્ત થાય, તે સૂર્યનું અભ્યંતર મંડલમાં તાપક્ષેત્ર થાય છે.

એ પ્રમાણે સર્વાભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય મેરુ સમીપમાં તાપક્ષેત્ર સંસ્થિતિની સર્વાભ્યંતર બાહાનું વિષ્કંભ પરિમાણ કહ્યું. હવે લવણસમુદ્રની દિશામાં જંબૂદ્વીપ પર્યન્તમાં જે સર્વબાહ્ય બાહા છે, તેનું વિષ્કંભ પરિમાણ કહે છે — તે તાપક્ષેત્ર સંસ્થિતિના લવણસમુદ્ર સમીપમાં સર્વબાહ્ય બાહા છે તે પરિક્ષેપથી - જંબૂદ્વીપ પરિરય પરિક્ષેપથી ૯૪,૮૬૮ યોજન અને એક યોજનના $^{૪}/_{૧૦}$ ભાગ જેટલી કહેલી છે.



અહીં જ સ્પષ્ટ બોધને માટે પ્રશ્ન કરે છે — તે આટલો પરિક્ષેપ વિશેષ - તાપક્ષેત્ર સંસ્થિતિથી કયા કારણથી કહેલો છે ? ન્યૂન કે અધિક નહીં, તે કહો. ભગવંતે કહ્યું — જે જંબૂદ્વીપનો પરિક્ષેપ-પરિચય ગણિત પ્રસિદ્ધ છે, તે પરિક્ષેપને ત્રણ વડે ગુણીને પછી દશ વડે છેદીને-ભાંગીને, આ અર્થમાં કારણ પૂર્વે કહેલ છે તે મુજબ અનુસરણીય છે. દશ ભાગ વડે ઘટાડાતા યથોક્ત જંબૂદ્વીપ પર્યન્ત તાપક્ષેત્ર પરિમાણ આવે છે.

— તેથી જ કહે છે કે — જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ ગાઉ, ૧૨૮ ધનુષ્, [૧૩ ૧/૨] સાડાતેર અંગુલ છે અને આટલા યોજનમાં કંઈક ન્યૂન હોવાથી વ્યવહારથી પરિપૂર્ણ વિવક્ષિત કરાય છે ત્યારપછી ૨૨૮ અંક જાણવા. તેથી પરિધિ ૩,૧૬,૨૨૮ યોજન થશે. તેને ત્રણ વડે ગુણતા થાય છે ૯,૪૮,૬૮૪, આ સંખ્યાને દશ ભાગ વડે હરાતા, પ્રાપ્ત થાય છે - યથોક્ત જંબૂદ્વીપ પર્યન્ત સર્વબાહ્ય બાહાનું વિષ્કંભ પરિમાણ.

પછી આ આટલા અનંતરોક્ત પ્રમાણનો પરિક્ષેપ વિશેષ જંબૂદ્વીપ પરિરયનો પરિક્ષેપ વિશેષ તાપક્ષેત્ર સંસ્થિતિ કહે છે, તેમ કહેવું. આ કથન બીજે પણ કરાયેલ છે કે —

"જંબૂદ્વીપની પરિધિના ત્રણ ગુણાનો દશમો ભાગ કરતા જે પ્રાપ્ત થાય, તે સૂર્યના અભ્યંતર મંડલનું તાપક્ષેત્ર થાય."

એ પ્રમાણે જંબૂદ્વીપમાં તાપક્ષેત્ર સંસ્થિતિના સર્વાભ્યંતર અને સર્વબાહ્ય બાહાનું વિષ્કંભ પરિમાણ કહ્યું.

હવે સામસ્ત્યથી આયામથી તાપક્ષેત્ર પરિમાણને જિજ્ઞાસુ તે વિષયમાં પ્રશ્ન કહે છે — તાપક્ષેત્ર આયામથી સામસ્ત્યથી દક્ષિણ-ઉત્તર લંબાઈપણાથી કેટલા પ્રમાણમાં કહેલ છે, તે કહો. ભગવંતે કહ્યું — ૭૮,૩૩૩ યોજન અને એક યોજનનો ત્રીજો ભાગ છે યાવત્ આયામથી દક્ષિણ-ઉત્તર લંબાઈથી કહેલ છે, તેમ કહેવું.

તેથી જ કહે છે — સર્વાભ્યંતર મંડલમાં વર્તમાન સૂર્યનું તાપક્ષેત્ર દક્ષિણ-ઉત્તર લાંબુ મેરુથી આરંભીને ત્યાં સુધી વધે છે, જ્યાં સુધી લવણસમુદ્રનો છટ્ઠો ભાગ છે. કહ્યું છે કે — મેરુનો મધ્ય ભાગ યાવત્ લવણસમુદ્રના છ ભાગો, તે આનો આયામ છે, જે નિયમા ગાડાની ઉદ્ધીત જેવો સંસ્થિત છે. અર્થાત્ આ તાપ નિયમથી શકટ-ઉદ્ધી સંસ્થિત છે, બાકી સુગમ છે. તેમાં મેરુથી આરંભીને જંબૂદ્વીપ પર્યન્ત યાવત્ ૪૫,૦૦૦ યોજન લવણનો વિસ્તાર બે લાખ યોજન છે, તેનો છટ્ઠો ભાગ ૩૩,૩૩૩ યોજન અને એક યોજનનો ત્રીજો ભાગ છે. તેથી ઉભયના મીલનથી યથોક્ત આયામ પ્રમાણ થાય છે. આ સર્વાભ્યંતર મંડલમાં વર્તતા સૂર્યની લેશ્યા અભ્યંતર પ્રવેશતા મેરુ વડે પ્રતિ સ્ખલિત થાય છે. જો વળી સ્ખલિત ન થાય, તો મેરુનો સર્વ મધ્ય ભાગગત પ્રદેશને અવધિ કરીને આયામથી જંબૂદ્વીપના ૫૦,૦૦૦ યોજનને પ્રકાશે છે.

આથી એ પ્રમાણે જંબૂદ્વીપના ૫૦,૦૦૦ યોજનને પ્રકાશે છે તે સંભાવનાથી સર્વાભ્યંતર મંડલમાં વર્તતા સૂર્યમાં તાપક્ષેત્રનું આયામ પ્રમાણ જ્યોતિષ્ કરંડક મૂલટીકામાં શ્રી પાદલિપ્ત સૂરિ વડે ૮૩,૩૩૩ યોજન અને એક યોજનનો ત્રીજો ભાગ એમ કહેલ છે. આટલી તાપક્ષેત્ર આયામ પરિમાણની સંભાવના યુક્ત છે, જંબૂદ્વીપમાં તાપક્ષેત્રના ૪૫,૦૦૦ યોજન માત્ર પરિમાણ સ્વીકારમાં - જે રીતે સૂર્ય બહાર નીકળે છે, તે રીતે તત્પ્રતિબદ્ધ તાપક્ષેત્ર પણ છે. ત્યારે જો સૂર્ય સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે તો સર્વથા મેરુની સમીપમાં પ્રકાશ પ્રાપ્ત થતો નથી. તેથી ત્યારે પણ તે મંદિર પરિધિ પરિક્ષેપથી વિશેષ પરિમાણ આગળ કહે છે. તેથી પાદલિપ્ત સૂરિ વ્યાખ્યાન પણ સ્વીકારવા યોગ્ય જ છે.

એ પ્રમાણે સર્વાભ્યંતર મંડલને આશ્રીને તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે. હવે તે જ સર્વાભ્યંતર મંડલને આશ્રીને અંધકાર સંસ્થિતિ પ્રતિપાદિત કરવાને તે વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે —

ત્યારે સર્વાભ્યંતર મંડલ ચાર કાળમાં શું સંસ્થાન જેનું છે ? અથવા કોની જેમ સંસ્થાન છે ? તે અંધકાર સંસ્થિતિ કઈ રીતે કહેલી છે તેમ કહેવું ? ભગવંતે કહ્યું — ઉર્ધ્વીમુખ કરાયેલ કલંબુત પુષ્પ સંસ્થિત અંધકાર સંસ્થિતિ કહેલી છે તેમ કહેવું ?

તે અંતઃ- મેરુની દિશામાં વિષ્કંભને આશ્રીને સંકુચિત અને બહાર-લવણ સમુદ્રની દિશામાં વિસ્તૃત તથા અંતઃ મેરુની દિશામાં વૃત્ત-વૃત્તાર્દ્ધવલયાકાર, સર્વથા વૃત્ત મેરુગત $^{2}/_{10}$ ભાગ વ્યાપીને તેમાં રહેલ છે. बहिः - લવણ સમુદ્રની દિશામાં વિસ્તીર્ણ, આ જ સંસ્થાન કથનથી સ્પષ્ટ કરે છે — અંતઃ- અંકમુખ સંસ્થિતા અને બહાર-સ્વસ્તિકમુખ સંસ્થિત છે, આ બંને પદોની વ્યાખ્યા પૂર્વે કહેવાયેલી છે.

તે અંધકાર સંસ્થિતિના તાપક્ષેત્રની સંસ્થિતિ દ્વૈવિધ્યના વશથી બે ભેદે વ્યવસ્થિતતાથી મેરુ પર્વતના બંને પડખે પ્રત્યેકમાં એક-એકના ભાવથી જે જંબૂદ્વીપગત બાહા છે, તે આયામ-પ્રમાણને આશ્રીને અવસ્થિત રહે છે. તે આ પ્રમાણે - ૪૫,૦૦૦ યોજન.

બે બાહા વિષ્કંભને આશ્રીને એક-એકની અંધકારની સંસ્થિતિ થાય છે. તે આ પ્રમાણે - સર્વાભ્યંતર અને સર્વબાહ્ય. આ બંનેનું વ્યાખ્યાન પૂર્વવત્ જાણવું. તેમાં સર્વાભ્યંતર બાહાના વિષ્કંભને આશ્રીને પ્રમાણને જણાવવા કહે છે—

અંધકાર સંસ્થિતિની સર્વાભ્યંતર જે બાહા મેરુ પર્વત સમીપમાં છે તે ૬૩૨૪ યોજન અને એક યોજનના $^{6}/_{12}$ ભાગ યાવત્ પરિક્ષેપથી - પરિરય પરિક્ષેપથી કહેલી છે, તેમ કહેવું. આ જ અર્થના સ્પષ્ટ બોધ માટે પૂછે છે —

તે અંધકાર સંસ્થિતિના યથોક્ત પ્રમાણ પરિક્ષેપ વિશેષ મેરુ પરિરય પરિક્ષેપ વિશેષ કયા કારણથી કહેલ છે, કંઈ ન્યૂન કે અધિક નહીં ? ભગવન્ ! તે કહો. એવો પ્રશ્ન કરાતા ભગવંત કહે છે — જે મેરુ પર્વતના પરિક્ષેપ પૂર્વોક્ત પ્રમાણ છે, તે પરિક્ષેપને બે વડે ગુણીને, કઈ રીતે બે વડે ગુણવાનું ? તો કહે છે, આ સર્વાભ્યંતર



મંડલમાં ચાર ચરતા બંને સૂર્યોમાંથી એકપણ સૂર્યનો જંબૂદ્વીપગત ચક્રવાલના જે કે તે પ્રદેશમાં જે-તે ચક્રવાલ ક્ષેત્રાનુસારથી $^{3}/_{10}$ ભાગ પ્રકાશિત હોય છે. બીજો પણ સૂર્યના $^{3}/_{10}$ ભાગ પ્રકાશિત કરાયા હોય છે. તે બંનેના સંયોગથી $^{6}/_{10}$ થાય છે. તેમાં ત્રણ-ત્રણ દશાંશ ભાગોના અપાંતરાલમાં બબ્બે દશ ભાગો રાત્રિ છે, તેથી બે વડે ગુણવું. તે બંને $^{2}/_{10}$ ભાગોમાંથી દશ ભાગને દૂર કરવા બાકી તે જ પૂર્વોક્ત કહેવું. તે આ પ્રમાણે - દશ વડે છેદીને દશ ભાગ ઘટાડતાં, આ પરિક્ષેપ વિશેષ કહેલ છે, તેમ કહેવું. આનો અર્થ આ પ્રમાણે —

દશ વડે છેદીને, દશ ભાગ ઘટાડતાં યથોક્ત અંધકાર સંસ્થિતિના મેરુ પરિરય પરિક્ષેપ પરિમાણ આવે છે. તેથી જ કહ્યું છે - મેરુ પર્વત પરિરય પરિમાણ ૩૧,૬૨૩ યોજન છે. તેને બે વડે ગુણીએ, તેનાથી ૬૩,૨૪૬ની સંખ્યા આવશે. તેને દશ ભાગ વડે ભાંગતા ૬૩૨૪ - $^{6}/_{10}$ ની સંખ્યા પ્રાપ્ત થશે. તેથી આ અનંતરોક્ત પ્રમાણ અંધકાર સંસ્થિતિનો પરિક્ષેપ વિશેષ મેરુ પરિધિ પરિક્ષેપ વિશેષ કહ્યો છે.

એ પ્રમાણે તે અંધકાર સંસ્થિતિની સર્વાભ્યંતર બાહાના વિષ્કંભ પરિમાણ કહ્યા. હવે સર્વ બાહ્ય બાહાના પરિમાણને કહે છે — તે અંધકાર સંસ્થિતિની સર્વબાહ્ય બાહા લવણ સમુદ્ર સમીપમાં જંબૂદ્વીપ પર્યન્તમાં છે. તે પરિક્ષેપ-જંબૂદ્વીપ પરિરય પરિક્ષેપ વડે કહેતાં ૬૩,૨૪૫ યોજન અને એક યોજનના $^{6}/_{10}$ ભાગ છે. આ જ વાતને સ્પષ્ટ - સ્વશિષ્યોના બોધને માટે ગૌતમસ્વામી પૂછે છે —

તે અંધકાર સંસ્થિતિથી તે પરિક્ષેપ વિશેષ જંબૂદ્વીપ પરિક્ષેપણ વિશેષ કયા કારણથી કહેલ છે ? ન્યૂન કે અધિક નહીં, તેમ કહેવું ? ભગવંત વર્ધમાનસ્વામીએ કહ્યું કે — જંબૂદ્વીપ પરિક્ષેપ પૂર્વોક્ત પ્રમાણ છે. તે પરિક્ષેપને બે વડે ગુણીને દશ વડે ભાગ કરીને, અહીં કારણ પૂર્વવત્ કહેવું. દશ ભાગ વડે ઘટાડતાં યથોક્ત અંધકાર સંસ્થિતિ જંબૂદ્વીપ પરિરય પરિક્ષેપ પ્રમાણ આવે છે.

તેથી જ કહે છે કે જંબૂદ્વીપના પરિક્ષેપ પરિમાણ ૩,૧૬,૨૨૮ યોજન છે. તેને બે વડે ગુણતાં થાય ૬,૩૨,૪૫૬. આ સંખ્યાને દશ ભાગ વડે ભાંગતા પ્રાપ્ત સંખ્યા થશે ૬૩,૨૪૫ અને $^{6}/_{10}$ યોજન. તેથી આ આટલું અનંતરોક્ત પ્રમાણ અંધકાર સંસ્થિતિ પરિક્ષેપ વિશેષ જંબૂદ્વીપ પરિરય પરિક્ષેપણ વિશેષ કહેલ છે, તેમ કહેવું. એ પ્રમાણે સર્વબાહ્યાનું બાહાનું વિષ્કંભ પરિમાણ કહ્યું.

હવે સામસ્ત્યથી અંધકાર સંસ્થિતિનું આયામ પ્રમાણ કહે છે — આ આયામ પ્રમાણ તાપક્ષેત્ર સંસ્થિતિગત આયામ પરિમાણવત્ વિચારવું.

અહીં જ સર્વાભ્યંતર મંડલમાં વર્તમાન એવા બે સૂર્યોના દિવસ - રાત્રિ મુહૂર્ત્ત પ્રમાણને કહે છે — 'तया णं' આદિ સુગમ છે. એ પ્રમાણે સર્વાભ્યંતર મંડલમાં તાપક્ષેત્ર સંસ્થિતિને અને અંધકાર સંસ્થિતિને જણાવીને હવે સર્વ બાહ્ય મંડલમાં તેને જણાવતા કહે છે —

જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે કયા સંસ્થાનથી

તાપક્ષેત્ર સંસ્થિતિ કહેલી છે તેમ હે ભગવન્ ! કહેવું ? ભગવંતે કહ્યું – તે ઉર્ધ્વમુખ કલંબુકા પુષ્પ સંસ્થિતા તાપક્ષેત્ર સંસ્થિતિ કહી છે, તેમ સ્વશિષ્યોને કહેવું.

એમ પૂર્વોક્ત પ્રકારથી જે અભ્યંતર મંડલમાં અભ્યંતર મંડલગત સૂર્યમાં અંધકાર સંસ્થિતિનું પ્રમાણ કહ્યું, તે બાહ્ય મંડલગત સૂર્યમાં તાપક્ષેત્ર સંસ્થિતિના પરિમાણને કહેવું.

જે વળી સર્વાભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય તાપક્ષેત્ર સંસ્થિતિના પ્રમાણને તે બાહ્ય મંડલમાં વર્તમાન સૂર્યમાં અંધકાર સંસ્થિતિના પ્રમાણને કહેવું અને તે ત્યાં સુધી - ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ આદિ થાય. તે આ પ્રમાણે સૂત્રથી કહેવું – અંદર સંકુચિત અને બહાર વિસ્તૃત, અંદર વૃત્ત અને બહાર પૃથુલ, અંદર અંકમુખ સંસ્થિત અને બહાર સ્વસ્તિકમુખ સંસ્થિત, બંને પડખામાં તેની બંને બાહાઓ અવસ્થિત હોય છે, તે પીસ્તાળીશ-પીસ્તાળીશ હજાર યોજન આયામથી છે. તેની બે બાહાઓ અનવસ્થિત હોય છે. તે આ પ્રમાણે - અભ્યંતરિકા બાહા અને સર્વ બાહારિકા બાહા. તેમાં સર્વાભ્યંતરિકા બાહા, મેરુ પર્વતની સમીપમાં ૬૩૨૪ યોજન અને એક યોજનના $^{૬}/_{૧૦}$ ભાગ પરિક્ષેપથી કહેલા છે તેમ સ્વશિષ્યોને કહેવું.

તે પરિક્ષેપવિશેષ ક્યાંથી કહેલ છે તેમ કહેવું ? જે મેરુ પર્વતનો પરિક્ષેપ છે, તેને બે વડે ગુણીને, દશ વડે છેદીને, દશ ભાગથી ઘટાડીને, આ પરિક્ષેપ વિશેષ કહેલો છે તેમ કહેવું ? તે તાપક્ષેત્ર કેટલા આયામથી કહેલો કહેવો ? તા ૮૩,૩૩૩ યોજન અને એક યોજનનો ત્રિભાગ કહેલો કહેવો.

ત્યારે શું સંસ્થિત અંધકાર સંસ્થિતિ કહેલ કહેવી ? તે ઉર્ધ્વીમુખ કલંબુકા સંસ્થાન સંસ્થિત કહેલ કહેવી. અંદરથી સંકુચિત, બહારથી વિસ્તૃત. અંદરથી વૃત્ત - બહારથી પૃથુલ, અંદર અંકમુખ સંસ્થિત અને બહાર સ્વસ્તિમુખ સંસ્થિત, બંને પડખે તેને બે બાહાઓ હોય છે. જે પીસ્તાળીશ-પીસ્તાળીશ હજાર યોજન આયામથી છે, બે બાહાઓ અનવસ્થિત હોય છે. તે આ પ્રમાણે - સર્વાભ્યંતરિકા બાહા અને સર્વ બાહિરિકા બાહા. તેની સર્વાભ્યંતરિકા બાહા મેરુ પર્વત સમીપ ૯૪૮૬ યોજન અને એક યોજનના $^{૯}/_{૧૦}$ ભાગ પરિક્ષેપથી કહેલી કહેવી. જે મેરુ પર્વતનો પરિક્ષેપ છે, તે પરિક્ષેપને ત્રણ વડે ગુણીને, દશથી ભાંગીને, દશ ભાગથી ઘટાડતા, આ પરિક્ષેપ વિશેષ કહેલો કહેવો. તેની સર્વ બાહિરિકા બાહા લવણસમુદ્રની સમીપે ૯૪,૮૮૮ યોજન અને એક યોજનના $^{૪}/_{૧૦}$ ભાગ પરિક્ષેપથી કહેલ છે.

આ પરિક્ષેપ વિશેષ કઈ રીતે કહેવો ? જે જંબૂદ્વીપ દ્વીપનો પરિક્ષેપ કહેલ છે. તે પરિક્ષેપને ત્રણ વડે ગુણીને દશ વડે ભાંગીને, દશ ભાગ ઘટાડતા આ પરિક્ષેપ વિશેષ કહેલો કહેવો. તે અંધકાર કેટલા આયામથી કહેલ છે ? તે ૮૩,૩૩૩ યોજન અને એક યોજનનો ત્રીજો ભાગ કહેલ છે. ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે, જઘન્ય બાર મુહૂર્તનો દિવસ થાય છે. આ બધું જ પૂર્વોક્ત સૂત્રની વ્યાખ્યાનુસાર સ્વયં વિચારવું. તાપક્ષેત્ર સંસ્થિતિને વિચારતાં જે મેરુનો પરિરયાદિ



છે, તેને બે વડે ગુણીએ, અંધકારની વિચારણામાં તે ત્રણ વડે ગુણીએ. ત્યારપછી બંનેને અહીં પણ દશ વડે ભાંગીએ, તથા સર્વ બાહ્ય મંડલમાં સૂર્યનો ચાર ચરતા લવણસમુદ્રની મધ્યમાં ૫૦૦૦ યોજન તાપક્ષેત્ર તેના અનુરોધથી છે. અંધકાર આયામથી વધે છે, પછી ૮૩,૦૦૦ કહેલ છે.

એ પ્રમાણે તાપક્ષેત્ર સંસ્થિતિ પરિમાણ અને અંધકાર સંસ્થિતિ પરિમાણ કહ્યું. હવે ઉર્ધ્વ, અધો પૂર્વ વિભાગ અને પશ્ચિમ વિભાગમાં જ્યાં સુધી પ્રકાશ કરતાં બે સૂર્યો છે, તેના નિરૂપણ માટે સૂત્ર કહે છે – પૂર્વવત્ જાણવું.

જંબૂદ્વીપમાં કેટલા પ્રમાણ ક્ષેત્રને સૂર્ય ઉર્ધ્વમાં પ્રકાશિત કરે છે ? કેટલાં ક્ષેત્રને નીચે, કેટલાં ક્ષેત્રને તીર્છું તથા પૂર્વભાગ-પશ્ચિમ ભાગમાં પ્રકાશે છે. ભગવંતે કહ્યું – જંબૂદ્વીપમાં બે સૂર્યો, પ્રત્યેક સ્વવિમાનથી ઉંચે ૧૦૦ યોજનને, નીચે ૧૮૦૦ યોજનને પ્રકાશિત કરે છે. આ અધોલૌકિક ગ્રામોની અપેક્ષો જાણવું. કેમકે અધોલૌકિક ગામો સમતલ ભૂ ભાગને આશ્રીને ૧૦૦૦ યોજનથી રહેલ છે. ત્યાં પણ સૂર્ય પ્રકાશ પ્રસરે છે. - x - તીર્છું, સ્વ વિમાનથી પૂર્વ અને પશ્ચિમમાં પ્રત્યેકને ૪૭,૨૬૩ યોજન અને $^{૨૧}/_{૬૦}$ ભાગને પ્રકાશે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૪-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❁ પ્રાભૃત-૫ ❁

-- x -- x --

૦ એ પ્રમાણે ચોથું પ્રાભૃત કહ્યું. હવે પાંચમાંનો આરંભ કરે છે, તેનો આ અર્થાધિકાર છે. “લેશ્યા ક્યાં પ્રતિહત થાય છે?” તેથી તદ્વિષયક પ્રશ્ન સૂત્ર કહે છે –

● **સૂત્ર-૩૬ :-**

***સૂર્યની લેશ્યા ક્યાં પ્રતિહત થતી કહી છે ? તેમાં નિશ્ચે આ વીશ પ્રતિપત્તિઓ કહી છે –***

***(૧) એક કહે છે કે – મંદર પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે. (૨) એક એમ કહે છે – મેરુ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે. એ પ્રમાણે આ અભિલાપથી કહેવું કે – (૩) તે મનોરમ પર્વતમાં, (૪) તે સુદર્શન પર્વતમાં, (૫) તે ગિરિરાજ પર્વતમાં, (૬) તે રત્નોચ્ચય પર્વતમાં, (૭) તે શિલોચ્ચય પર્વતમાં, (૮) તે સ્વયંપ્રભ પર્વતમાં, (૯) તે લોકમધ્યપર્વતમાં, (૧૦) તે લોકનાભિ પર્વતમાં, (૧૧) તે અચ્છપર્વતમાં, (૧૨) તે સૂર્યાવર્ત્ત પર્વતમાં, (૧૩) તે સૂર્યાવરણ પર્વતમાં, (૧૪) તે ઉત્તમ પર્વતમાં, (૧૫) તે દિશોદિશિ પર્વતમાં, (૧૬) તે અવતંસ પર્વતમાં, (૧૭) તે ધરણીખીલ પર્વતમાં, (૧૮) તે ધરણિશ્રૃંગ પર્વતમાં, (૧૯) તે પર્વતેન્દ્ર પર્વતમાં, (૨૦) તે પર્વતરાજ પર્વતમાં સૂર્ય લેશ્યા પ્રતિહત થાય છે, એમ કહેવું. એ પ્રમાણે એક કહે છે.***

***પરંતુ અમે કહીએ છીએ કે – તે મંદર પર્વતે પણ યાવત્ પર્વતરાય પર્વતમાં પણ પ્રતિહત થાય છે. જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યા સ્પર્શે છે, તે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને પ્રતિહત કરે છે. અદૅષ્ટ પુદ્‌ગલો પણ સૂર્યની લેશ્યાને હણે છે, ચરમલેશ્યા અંતર્ગત્ પુદ્‌ગલો પણ સૂર્યની લેશ્યાને હણે છે.***

● **વિવેચન-૩૬ :-**

અભ્યંતર મંડલમાં સૂર્યની લેશ્યા પ્રસરે છે, તો કયા સ્થાને લેશ્યા પ્રતિહત થતી કહી છે ? તેનો આ ભાવાર્થ છે – અહીં અવશ્ય અભ્યંતર પ્રવેશતી સૂર્યની લેશ્યા કયા સ્થાનમાં પ્રતિહત થાય છે, તેમ જાણવું. કેમકે સર્વાભ્યંતર અને સર્વ બાહ્ય મંડલમાં જંબૂદ્વીપગત તાપક્ષેત્ર લંબાઈથી ૪૫,૦૦૦ યોજન પ્રમાણ જ કહેલ છે અને આ સર્વાભ્યંતર મંડલગત સૂર્યમાં લેશ્યા પ્રતિહત થયા પછી ઉત્પન્ન થતી નથી. અન્યથા નીકળતા એવા સૂર્યમાં તેનાથી પ્રતિબદ્ધ તાપક્ષેત્રના પણ નિષ્ક્રમણના અભાવથી સર્વબાહ્ય મંડલમાં ચાર ચરતી વેળા સૂર્ય લંબાઈથી હીન ન થાત. - x - લેશ્યા ક્યાંથી પ્રતિઘાતને પામે છે, તેથી તેના બોધને માટે પ્રશ્ન છે. એ પ્રમાણે પ્રશ્ન કરાતા ભગવંત આ વિષયમાં જેટલી પ્રતિપત્તિઓ છે તેટલી અહીં દર્શાવે છે –

સૂર્યલેશ્યા પ્રતિહત વિષયમાં નિશ્ચે આ વીશ પ્રતિપત્તિ કહેલી છે. તે આ પ્રમાણે - તે વીશ પરતીર્થિકો મધ્યે એક એમ કહે છે – મંદર પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત કહેલી છે તેમ કહેવું. ‘કહેવું’ એટલે તેનો મૂળભૂત સ્વશિષ્યોને ઉપદેશ



આપવો. અહીં ઉપસંહાર છે - “એક એમ કહે છે.”

વળી એક એમ કહે છે – મેરુ પર્વતમાં સૂર્યલેશ્યા પ્રતિહત થાય છે, તેમ કહેવું. એમ ઉક્ત પ્રકારથી - આ વક્ષ્યમાણ પ્રતિપત્તિ વિશેષભૂત આલાપકથી બાકીની પ્રતિપત્તિ જાણવી. તે જ પ્રતિપત્તિ વિશેષભૂત આલાપકોને દર્શાવે છે –

પ્રત્યેક આલાપકમાં પૂર્વોક્ત પદોને યોજવા. તેથી આ સૂત્રપાઠ છે - એક એમ કહે છે કે મનોરમ પર્વતમાં સૂર્યલેશ્યા પ્રતિહતિ થતી કહેવી. વળી એક એમ કહે છે કે – તે સુદર્શન પર્વતમાં સૂર્યલેશ્યા પ્રતિહત થતી કહેવી. વળી કોઈ એક કહે છે કે તે સ્વયંપ્રભ પર્વતમાં સૂર્યલેશ્યા પ્રતિહત થતી કહેવી.

વળી કોઈ એક કહે છે કે – ગિરિરાજ પર્વતમાં સૂર્યલેશ્યા પ્રતિહત થાય છે તેમ કહેવું. વળી કોઈ એક એમ કહે છે કે – રત્નોચ્ચય પર્વતમાં સૂર્યલેશ્યા પ્રતિહત થતી કહેવી. વળી કોઈ કહે છે કે – તે શિલોચ્ચય પર્વતમાં સૂર્યલેશ્યા પ્રતિહત થતી કહેવી. વળી એક એમ કહે છે કે લોકમધ્ય પર્વતમાં સૂર્યલેશ્યા પ્રતિહત થતી કહેવી. કોઈ એક એમ કહે છે – લોકનાભિ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવી.

વળી એક એમ પણ કહે છે કે – તે સ્વચ્છ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવી. વળી એક એમ પણ કહે છે – તે સૂર્યાવર્ત પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવી. કોઈ એક એમ પણ કહે છે કે – તે સૂર્યાવરણ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કેહવી. વળી એક એમ કહે છે કે – ઉત્તમ પર્વતમાં તે સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવી. વળી એક એમ કહે છે કે – તે દિશોદિશિ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહી છે તેમ સ્વશિષ્યોને કહેવું.

વળી એક એમ પણ કહે છે – તે અવતંસ પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવી. વળી કોઈ એક એમ કહે છે કે – તે ધરણિખીલ પ્રવતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવી. એક વળી એમ કહે છે કે – તે ધરણિશ્રૃંગપર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી કહેવી. એક વળી એમ કહે છે કે –પર્વઈન્દ્ર પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થતી જાણવી. એક વળી એમ કહે છે – પર્વતરાય પર્વતમાં સૂર્યની લેશ્યા પ્રતિહત થાય છે, તેમ કહેલ છે, તે કહેવું.

આ પ્રમાણે પરતીર્થિકોની પ્રતિપત્તિ દર્શાવીને હવે સ્વમતને દર્શાવે છે - અમે વળી ઉત્પન્ન કેવલ જ્યોતિ વડે એ પ્રમાણે કહીએ છીએ કે – જે પર્વતમાં અભ્યંતર પ્રસરતા એવા સૂર્યની લેશ્યા પ્રતિઘાતને પામે છે. તે મંદર પર્વત પણ કહેવાય છે યાવત્ પર્વતરાજ પર્વત પણ કહેવાય છે. આ બધાં જ શબ્દો એકાર્થિકપણે છે. તથા મંદર નામે દેવ, ત્યાં પલ્યોપમ સ્થિતિક અને મહર્દ્ધિક છે, તે વસે છે. તેથી તેના યોગથી તે ‘મંદર’ છે તેમ કહેવાય છે.

એ રીતે – (૨) સર્વ તીર્છાલોકના મધ્ય ભાગની મર્યાદા કરનાર હોવાથી મેરુ. (૩) દેવોના મનમાં અતિ સુરૂપપણે રમણ કરે છે માટે મનોરમ. (૪) જાંબૂનદમયપણે અને વજરત્ન બહુલપણે શોભન તથા મનોનિર્વૃત્તિકર દર્શન જેનું છે તે સુદર્શન. (૫)

સ્વયં આદિત્યાદિ નિરપેક્ષ રત્નની બહુલતાથી પ્રભા-પ્રકાશ જેનો છે તે સ્વયંપ્રભ.

(૬) બધાં જ ગિરિઓના ઉચ્ચત્વથી તીર્થંકર જન્મ-અભિષેકપણે રાજા, તેથી ગિરિરાજ. (૭) રત્નોના વૈવિધ્યના પ્રાબલ્ય થકી ઉપચય જેમાં છે, તે રત્નોચ્ચય. (૮) શિલા - પાંડુ કંબલ શિલા આદિની ઉર્ધ્વ-મસ્તક ઉપર સંભવ જેમાં છે તે શિલોચ્ચય. (૯) લોક-તીર્છાલોકના સમસ્તની મધ્યે વર્તે છે, માટે લોકમધ્ય. (૧૦) લોક-તીર્છાલોકના સ્થાલપ્રખ્યની નાભિવત્ - સ્થાલ મધ્ય ગત સમુન્નત વૃત્ત ચંદ્રકવત્ લોકનાભિ.

(૧૧) તથા અચ્છ - સ્વચ્છ, કેમકે સુનિર્મલ જાંબૂનદ રત્નનું બહુલપણું છે. (૧૨) તથા સૂર્ય, ઉપલક્ષણથી ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા, પ્રદક્ષિણા કરતાં વર્તે છે તેથી સૂર્યાવર્ત. (૧૩) તથા સૂર્ય, ઉપલક્ષણથી આ ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા વડે ચોતરફથી પરિભ્રમણશીલ હોવાથી આવરણ કરે છે - વીંટે છે માટે સૂર્યાવરણ. (૧૪) તથા ગિરિઓમાં ઉત્તમ હોવાથી ઉત્તમ. (૧૫) દિશાની આદિપ્રભવ હોવાથી દિગાદિ, તેથી જ કહ્યું છે કે — રૂચકથી દિશા અને વિદિશાનો પ્રભવ અને રુચકના અષ્ટ પ્રદેશાત્મક મેરુ મધ્યવર્તી છે, તેથી મેરુ પણ દિગાદિ કહેવાય છે.

(૧૬) ગિરિના શિખર સમાન હોવાથી અવતંસક છે. આ સોળ નામોનો સંગ્રહ આદિ આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પ્રસિદ્ધ ગાથામાં — મંદર, મેરુ, મનોરમ, સુદર્શન, સ્વયંપ્રભ અને ગિરિરાજ, રત્નોચ્ચય, શિલોચ્ચય અને મધ્યે લોકની નાભિ, સ્વચ્છ, સૂર્યાવર્ત, સૂર્યાવરણ, ઉત્તમ અને દિશાદિ, અવતંસક આ સોળ.

તથા ધરણિની-પૃથ્વીની કીલક માફક ધરણિકીલક, તથા ધરણિની શ્રૃંગ માફક ‘‘ધરણિશ્રૃંગ’’. પર્વતોમાં ઈન્દ્ર તે પર્વતેન્દ્ર, પર્વતોનો રાજા તે પર્વતરાજ. તે આ પ્રમાણે બધાં પણ મંદરાદિ શબ્દો પરમાર્થથી એકાર્થિક છે. તેથી ભિન્ન અભિપ્રાયપણાથી પ્રવૃત્ત પૂર્વેની બધી પ્રતિપત્તિઓ પણ મિથ્યારૂપ જાણવી.

જે પણ લેશ્યા પ્રતિહત થાય છે, તે મંદર પર્વતમાં પણ થાય છે અને અન્યત્ર પણ થાય છે. તેથી કહે છે — ‘‘તા જે ણં’’ ઈત્યાદિ જે પુદ્‌ગલો મેરુના તટની ભીંતમાં રહેલા છે, તે સૂર્યની લેશ્યાને સ્પર્શે છે. તે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને હણે છે. કેમકે અભ્યંતર પ્રવેશ કરતી સૂર્યલેશ્યા, તેના વડે પ્રતિસ્ખલિત થાય છે.

જે પણ પુદ્‌ગલો મેરુતટભિત્તિ સંસ્થિત હોવા છતાં દૃશ્યમાન પુદ્‌ગલ અંતર્ગત્ સૂક્ષ્મપણાથી દૃષ્ટિપથમાં આવતા નથી, તે પણ અદૃષ્ટ પણ સૂર્યલેશ્યાને હણે છે. કેમકે તે પણ અભ્યંતર પ્રવેશ કરતી સૂર્યલેશ્યાને સ્વશક્તિ અનુરૂપ પ્રતિસ્ખલિત કરે છે.

જે પણ મેરુની અન્યત્ર પણ ચરમલેશ્યા અંતર્ગત્ - ચરમ લેશ્યા વિશેષ સંસ્પર્શી પુદ્‌ગલો, તે પણ સૂર્યલેશ્યાને હણે છે. કેમકે તેના વડે પણ ચરમલેશ્યા સંસ્પર્શીતાથી ચરમલેશ્યાને પ્રતિહત કરે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૫-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## ❁ પ્રાભૃત-૬ ❁

-- x -- x --

૦ એ પ્રમાણે પાંચમું પ્રાભૃત કહ્યું. હવે છટ્ઠું આરંભે છે. તેના આ અર્થાધિકાર છે — ‘‘ઓજઃ સંસ્થિતિ કઈ રીતે કહી છે ?’’ તેથી તે વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે—

● **સૂત્ર-૩૭ :-**

*તે ઓજ સંસ્થિતિ કઈ રીતે કહેલી કહેવી ? તેમાં નિશ્ચે આ પચીશ પ્રતિપત્તિઓ કહેલી છે —*

*(૧) તેમાં એક કહે છે — અનુ સમયમાં સૂર્યપ્રકાશ અન્યત્ર ઉત્પન્ન થાય છે, અન્યત્ર વિનષ્ટ થાય છે. (૨) એક એમ કહે છે — તે અનુમુહૂર્ત્ત જ સૂર્યનો પ્રકાશ અન્ય ઉપજી અન્ય નાશ પામે છે. આ અભિલાપથી જાણવું (૩) અનુ-અહોરાત્રથી (૪) અનુપક્ષથી, (૫) અનુમાસથી, (૬) અનુઋતુથી, (૭) અનુઅયનથી, (૮) અનુસંવત્સરથી, (૯) અનુયુગથી, (૧૦) અનુશતવર્ષથી, (૧૧) અનુસહસ્ર વર્ષથી, (૧૨) અનુલક્ષ વર્ષથી, (૧૩) અનુપૂર્વથી, (૧૪) અનુશતપૂર્વથી, (૧૫) અનુસહસ્રપૂર્વથી, (૧૬) અનુલક્ષથી, (૧૭) અનુપલ્યોપમથી, (૧૮) અનુશત પલ્યોપમથી, (૧૯) અનુસહસ્ર પલ્યોપમથી, (૨૦) અનુલક્ષ પલ્યોપમથી, (૨૧) અનુ સાગરોપમથી, (૨૨) અનુશત સાગરોપમથી, (૨૩) અનુસહસ્ર સાગરોપમથી, (૨૪) અનુલક્ષ સાગરોપમથી અને (૨૫) એક એમ કહે છે કે — તે અનુઉત્સર્પિણી અવસર્પિણીથી સૂર્યપ્રકાશ અન્યત્ર ઉપજે છે, અન્યત્ર નષ્ટ પામે છે, એક એવું કહે છે.*

*પરંતુ અમે એવું કહીએ છીએ કે તે ત્રીશ-ત્રીશ મુહૂર્ત્તમાં સૂર્યનો પ્રકાશ અવસ્થિત થાય છે. ત્યારપછી સૂર્યનો પ્રકાશ અનવસ્થિત થાય છે. છ માસ સુધી સૂર્યપ્રકાશ ઘટે છે, છ માસ સૂર્ય પ્રકાશ વધે છે. નિષ્ક્રમણ કરતો સૂર્ય દેશથી ઘટે છે, પ્રવેશ કરતો સૂર્ય દેશથી વધે છે. તેમાં શો હેતુ કહેવો ?*

*આ જંબૂદ્વીપ દ્વીપ સર્વ સમુદ્ર૦ યાવત્ પરિક્ષેપથી છે. તો જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય નવા સંવત્સરનો આરંભ કરતા પહેલાં અહોરાત્રમાં અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, જ્યારે સૂર્ય અભ્યંતર અનંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે એક અહોરાત્રથી એક ભાગ પ્રકાશથી દિવસક્ષેત્રને ઘટાડતો અને રાત્રિ ક્ષેત્રને વધારતો ચાર ચરે છે. મંડલને ૧૮૩૦થી છેદીને, ત્યારે અઢાર મુહૂર્ત્તમાં $^{૨}/_{૬૧}$ ભાગ મુહૂર્ત્ત ન્યૂન દિવસ થાય છે અને $^{૨}/_{૬૧}$ ભાગ અધિક બાર મુહૂર્ત્તવાળી રાત્રિ થાય છે.*

*તે નિષ્ક્રમણ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. તો જ્યારે સૂર્ય અભ્યંતર ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર*

*ચરે છે, ત્યારે બે અહોરાત્ર વડે બે ભાગ પ્રકાશથી દિવસ ક્ષેત્રને ઘટાડીને અને રાત્રિક્ષેત્રને વધારીને ચાર ચરે છે, મંડલને ૧૮૩૦ વડે છેદીને, ત્યારે ૪/૬૧ મુહૂર્ત ન્યૂન ૧૮ મુહૂર્ત્તનો દિવસ થાય છે. ૪/૬૧ ભાગ અધિક બાર મુહૂર્ત્તની રાત્રિ થાય.*

*એ પ્રમાણે આ ઉપાય વડે નિષ્ક્રમણ કરતો સૂર્ય તે અનંતરથી તેના અનંતર મંડલથી મંડલમાં સંક્રમણ કરતો કરતો એક-એક મંડલમાં, એક એક અહોરાત્રતી એક-એક ભાગને પ્રકાશથી દિવસક્ષેત્રને ઘટાડતો-ઘટાડતો અને રાત્રિક્ષેત્રને વધારતો-વધારતો સર્વ બાહ્ય મંડલમાં સંક્રમીને ચાર ચરે છે. જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલથી સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વાભ્યંતર મંડલની અવધિ કરીને ૧૮૩ અહોરાત્રથી ૧૮૩ ભાગમાં પ્રકાશથી દિવસ ક્ષેત્રને ઘટાડતા અને રાત્રિ ક્ષેત્રને વધારતા ચાર ચરે છે, મંડલને ૧૮૩૦ વડે છેદીને, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્ત્તની રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.*

*આ પહેલાં છ માસ અને છ માસનો અંત છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસનો આરંભ કરતો પહેલા અહોરાત્રમાં બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય અનંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે એક અહોરાત્ર વડે, એક ભાગમાં પ્રકાશથી રાત્રિ ક્ષેત્રને ઘટાડતા, દિવસ ક્ષેત્રને વધારતા ચાર ચરે છે. મંડલને ૧૮૩૦ થી છેદે છે. ત્યારે ૨/૬૧ ભાગ મુહૂર્ત ન્યૂન-૧૮ મુહૂર્ત્તની રાત્રિ થાય છે. ૨/૬૧ ભાગ અધિક બાર મુહૂર્ત્ત દિવસ થાય છે.*

*તે પ્રવેશ કરતો સૂર્ય બીજા અહોરાત્રમાં બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય બાહ્ય ત્રીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે બે અહોરાત્રથી બે ભાગ પ્રકાશ રાત્રિ ક્ષેત્રને ઘટાડતા, દિવસક્ષેત્રને વધારતાં ચાર ચરે છે, મંડલને ૧૮૩૦ વડે છેદીને. ત્યારે ૪/૬૧ ભાગ મુહૂર્ત્ત ન્યૂન અઢાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. ૪/૬૧ ભાગ મુહૂર્ત્ત અધિક બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે.*

*એ પ્રમાણે આ ઉપાય વડે પ્રવેશ કરતો સૂર્ય તેના અનંતર મંડલથી, અનંતર મંડલમાં સંક્રમણ કરતો-કરતો એક એક રાત્રિ દિવસથી, એક-એક ભાગને પ્રકાશતી રાત્રિ ક્ષેત્રને ઘટાડતાં-ઘટાડતા, દિવસક્ષેત્રને વધારતા-વધારતા સર્વાભ્યંતર મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે સર્વ બાહ્ય મંડલની અવધિથી ૧૮૩ અહોરાત્રથી ૧૮૩ ભાગ પ્રકાશથી રાત્રિ ક્ષેત્રને ઘટાડતા, દિવસ ક્ષેત્રને વધારતા ચાર ચરે છે, મંડલને ૧૮૩૦થી છેદીને. ત્યારે ઉત્તમ કાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.*

*આ બીજા છ માસ, આ બીજા છ માસનો અંત છે.*



*આ આદિત્ય સંવત્સર, આદિત્ય સંવત્સરનો અંત છે.*

**● વિવેચન-૩૭ :-**

કયા પ્રકારથી શું સર્વકાળ એકરૂપ અવસ્થાયિતાથી કે અન્યથા પ્રકાશની સંસ્થિતિ - અવસ્થાન કહેલ છે ? ભગવંતે તે વિષયમાં જેટલી પ્રતિપત્તિઓ સંભવે છે, તેટલી કહે છે — પ્રકાશ સંસ્થિતિના વિષયમાં આ પચીશ પ્રતિપત્તિઓ કહી છે —

તે પચીશ પરતીર્થિકો મધ્યે એક વાદી એમ કહે છે કે —

અનુસમય - પ્રતિક્ષણ સૂર્યનો પ્રકાશ બીજે ઉત્પન્ન થઈ બીજે નાશ પામે છે. અર્થાત્ - પ્રતિક્ષણ સૂર્યનો પ્રકાશ ભિન્ન પ્રમાણ નાશ પામે છે. બીજે પૂર્વોક્તથી ભિન્ન પ્રમાણમાં પ્રકાશ ઉત્પન્ન થાય છે. - x -

એક ફરી એમ કહે છે — પ્રતિ મુહૂર્ત્ત જ સૂર્યનો પ્રકાશ બીજે ઉત્પન્ન થઈ, બીજે નાશ પામે છે. - x - ઉક્ત પ્રકારથી - આ વક્ષ્યમાણ પ્રતિપત્તિ વિશેષભૂત આલાપકથી શેષ પ્રતિપત્તિ જાણવી. તેને જ અભિલાપ વિશેષથી દર્શાવે છે. - x - તે સુગમ છે.

વિશેષ એ કે - રાત્રિ દિવસ અનુ એટલે અનુરાત્રિંદિવ. એ પ્રમાણે સર્વત્ર વિગ્રહ ભાવના કરવી જોઈએ. સૂત્રપાઠ આ પ્રમાણે -

એક એમ કહે છે — અનુ અહોરાત્ર જ સૂર્યનો પ્રકાશ અન્યત્ર ઉપજી, અન્યત્ર નાશ પામે છે. એક એમ કહે છે — અનુપક્ષ જ સૂર્યનો પ્રકાશ અન્યત્ર ઉપજી, અન્યત્ર નાશ પામે છે. *[બધાં પાઠ વૃત્તિકારશ્રીએ આ પ્રકારે જ નોંધેલ છે, તેથી અમે અનુવાદ છોડી દીધેલ છે.]* યાવત્ પ્રતિપત્તિ-૨૫ મી - વળી એક એ પ્રમાણે કહે છે કે — અનુ ઉત્સર્પિણી અવસર્પિણી જ સૂર્યનો પ્રકાશ અન્યત્ર ઉપજી, અન્યત્ર નાશ પામે છે.

આ પ્રતિપત્તિઓ, બધી જ મિથ્યાત્વરૂપ છે, કેમકે આ બધીનું ખંડન કરી, ભગવન્ સ્વમતને દર્શાવે છે —

અમે વળી વક્ષ્યમાણ પ્રકારથી કહીએ છીએ, - x - જંબૂદ્વીપમાં પ્રતિવર્ષ પરિપૂર્ણતાથી ત્રીશ-ત્રીશ મુહૂર્ત્તોને યાવત્ સૂર્યનો પ્રકાશ અવસ્થિત હોય છે. અર્થાત્ સૂર્ય સંવત્સરના અંતે જ્યારે સૂર્ય સર્વ અભ્યંતર મંડલમાં ચાર ચરે છે, ત્યારે સૂર્યના જંબૂદ્વીપગત પ્રકાશનું પરિપૂર્ણ પ્રમાણ ૩૦ મુહૂર્ત્તો સુધી થાય છે. પછી પર-સર્વાભ્યંતર મંડલથી પર, સૂર્યનો પ્રકાશ અનવસ્થિત થાય છે. કયા કારણે અનવસ્થિત થાય છે ? તે કહે છે —

જે કારણથી સર્વાભ્યંતર મંડલથી પછી પહેલાં સૂર્ય સંવત્સરના છ માસ સુધી સૂર્ય જંબૂદ્વીપગત પ્રકાશને પ્રત્યેક અહોરાત્રમાં એક-એકને ૧૮૩૦ ભાગથી ઘટાડે-છેદે છે. પછી બીજા છ માસને સૂર્ય સંવત્સરથી સૂર્ય સુધી પ્રત્યેક અહોરાત્રને એક-એકને ૧૮૩૦ની સંખ્યાથી વધારતા પ્રકાશને વધારે છે, આ જ વ્યક્ત કરે છે — ‘નિષ્ક્રમણ કરતો’ ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ કે — દેશમ એટલે ૧૮૩૦ સંખ્યા

ભાગોને પ્રત્યેક અહોરાત્રમાં એકૈક ભાગને, તેથી કહે છે – સર્વાભ્યંતર મંડલમાં પરિપૂર્ણતાથી ૩૦ મુહૂર્ત સુધી અવસ્થિત સૂર્યને પ્રકાશ છે, પછી પરમ અનવસ્થિતિ છે. - x - હવે પ્રશ્ન સૂત્ર કહે છે –

નીકળતો એવો સૂર્ય યથોક્તરૂપને ઘટાડતો અને પ્રવેશતી વેળા વધારે છે, આ વિષયમાં શો હેતુ છે ? કઈ ઉપપત્તિ છે, તે કહો. ભગવંતે કહ્યું – આ જંબૂદ્વીપ૦ વાક્ય પરિપૂર્ણ કહેવું. તેમાં જ્યારે સૂર્ય સર્બ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે. ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે.

પછી સર્વાભ્યંતર મંડલથી ઉક્ત પ્રકારે નીકળતો સૂર્ય નવા સંવત્સરને આરંભ કરતો, નવા સંવત્સરના પહેલા અહોરાત્રમાં અભ્યંતર અનંતર બીજા મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે - x - એક અહોરાત્ર વડે સર્વાભ્યંતર મંડલગત પહેલી ક્ષણથી આગળ ધીમે-ધીમે કલામાત્ર કલામાત્ર હાનિ વડે અહોરાત્રના અંતે એક ભાગ પ્રકાશને દિવસક્ષેત્રગત ઘટાડીને તે જ એક ભાગ રાત્રિક્ષેત્રને વધારીને ચાર ચરે છે.

કેટલા ભાગ પ્રમાણ પુનર્ભાગને દિવસ ક્ષેત્રગત પ્રકાશને ઘટાડીને, રાત્રિક્ષેત્રને વધારીને ? તો કહે છે – મંડલને ૧૮૩૦ વડે છેદીને. શું કહેવા માંગે છે ? બીજા મંડલને ૧૮૩૦ ભાગથી ભાંગીને, તેથી એક ભાગ થાય. ફરી મંડલના ૧૮૩૦ ભાગોને કઈ રીતે કલ્પે છે ? તે કહે છે. અહીં એકૈક મંડલને બે સૂર્યો વડે એક અહોરાત્રથી ભમીને પૂરે છે અને અહોરાત્રનું ૩૦ મુહૂર્ત પ્રમાણ છે. પ્રત્યેક સૂર્યને અહોરાત્રથી ગણતાં પરમાર્થથી બે અહોરાત્ર થાય છે. બે અહોરાત્રના ૬૦-મુહૂર્તો છે. તેથી મંડલને પહેલા ૬૦ ભાગોથી વિભાજિત કરાય છે. નિષ્ક્રમણ કરતાં બંને સૂર્યો પ્રતિ અહોરાત્ર પ્રત્યેકને $^{૨}/_{૬૧}$ ભાગ મુહૂર્ત વડે ઘટાડતાં અને પ્રવેશતી વખતે વધારતાં ચાલે. જે $^{૨}/_{૬૧}$ મુહૂર્ત ભાગ છે, તે બંને સમુદિતમાં એક સાર્ધ ૩૦માં ભાગ, તેને ૬૦ ભાગ સાર્દ્ધ ૩૦ વડે ગુણતાં ૧૮૩૦ ભાગ થાય છે.

એ પ્રમાણે નીકળતો સૂર્ય પ્રતિમંડલને ૧૮૩૦ની સંખ્યાના ભોગને એકૈક ભાગને દિવસક્ષેત્રગત પ્રકાશને ઘટાડતાં રાત્રિક્ષેત્રને વધારતા ત્યાં સુધી કહેવું, જ્યાં સુધી સર્વ બાહ્ય મંડલમાં ૧૮૩ ભાગ દિવસક્ષેત્રગત પ્રકાશને ઘટાડતાં અને રાત્રિ ક્ષેત્રને વધારતાં થાય છે. ૧૮૩ ભાગ-૧૮૩૦નો દશમો ભાગ છે.

પછી સર્વાભ્યંતર મંડલથી સર્વબાહ્યમંડલમાં જંબૂદ્વીપ ચક્રવાલ દશ ભાગ ત્રુટિત થાય છે, રાત્રિ ક્ષેત્ર વધે છે. - x - એ રીતે અભ્યંતર પ્રવેશતો પ્રતિમંડલને ૧૮૩૦ ભાગોમાં એકૈક ભાગને વધારતો ત્યાં સુધી કહેવું જ્યાં સુધી સર્વાભ્યંતર મંડલમાં ૧૮૩ ભાગ દિવસ ક્ષેત્ર જતાં પ્રકાશની વૃદ્ધિ થાય છે અને રાત્રિક્ષેત્રની હાનિ થાય છે. ૧૮૩ ભાગ જંબૂદ્વીપ ચક્રવાલનો દશમો ભાગ છે. તેથી સર્વબાહ્ય મંડલથી સર્વાભ્યંતર મંડલમાં દિવસ કેત્ર જતા પ્રકાશનો $^{૧}/_{૧૦}$ ચક્રવાલ ભાગ વૃદ્ધિ પામે છે, રાત્રિક્ષેત્રગત ત્રુટિત થાય છે. તેથી પૂર્વે કહ્યું તે અવિરોધી છે. - x -





પ્રાભૃત પુરુ થાય ત્યાં સુધી બાકી બધું સુગમ છે. વિશેષ આ - ઉપસંહાર કહે છે, જે કારણે આ પ્રમાણે સૂર્યચાર છે, તેથી પ્રતિ સૂર્ય સંવત્સરમાં સૂર્યસંવત્સરને અંતે સર્વ અભ્યંતર મંડલમાં ત્રીશ-ત્રીશ મુહૂર્તો સુધી પરિપૂર્ણ અવસ્થિત પ્રકાશ છે, પછી અનવસ્થિત છે.

સર્વાભ્યંતર મંડલમાં પણ ત્રીશ મુહૂર્ત સુધી પરિપૂર્ણ અવસ્થિત પ્રકાશ કહેવાય છે. તે વ્યવહારથી છે, નિશ્ચયથી તેમાં પણ ધીમે ધીમે ઘટતો જાણવો. - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૬-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પ્રાભૃત-૭ ❁

— x — x —

એ રીતે છટ્ઠું પ્રાભૃત કહ્યું, હવે સાતમું આરંભે છે, તેનો આ અર્થાધિકાર છે – "ભગવન્ ! આપના મતે સૂર્યનું કોણ વરણ કરે છે ? એ વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે –

● **સૂત્ર-૩૮ :-**

***તે સૂર્યને કોણ વરણ કરે છે તેમ કહેવું ? તે વિષયમાં આ વીશ પ્રતિપત્તિઓ કહી છે. તેમાં એક એમ કહે છે – મંદર પર્વત સૂર્યનું વરણ કરે છે. એક વળી એમ કહે છે કે મેરુ પર્વત સૂર્યનું વરણ કરે છે તેમ કહેવું. એ પ્રમાણે આ અભિપ્રાયથી જાણવું કે યાવત્ પર્વતરાજ પર્વતમાં સૂર્યનું વરણ થાય છે તેમ કહેવું. - એક એમ કહે છે.***

***અમે વળી એમ કહીએ છીએ કે – મંદર પર્વતમાં પણ કહેવું, તે પ્રમાણે યાવત્ પર્વતરાજમાં પણ કહેવું. જે પુદ્ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્ગલો સૂર્યનું વરણ કરે છે. અદૃષ્ટ પુદ્ગલો પણ સૂર્યનું વરણ કરે છે. ચરમ લેશ્યાંતર ગત પણ પુદ્ગલો સૂર્યનું વરણ કરે છે.***

● **વિવેચન-૩૮ :-**

ભગવન્ ! આપના મતે કોણ સૂર્યનું વરણ કરે છે ? वरयन् - સ્વપ્રકાશકપણાથી સ્વીકારીને પ્રાપ્ત કરવાને ઈચ્છે છે. તે કહો. ત્યારે ભગવંતે આ વિષયમાં જેટલી પરતીર્થિકોની પ્રતિપત્તિઓ છે, તેટલી કહે છે, તેમાં ૨૦-પ્રતિપત્તિઓ છે –

તેમાંનો એક પરતીર્થિક એમ કહે છે – મંદર પર્વત સૂર્યનું વરણ કરે છે, મંદર પર્વત જ સૂર્ય વડે મંડલ પરિભ્રમણથી ચોતરફથી પ્રકાશે છે. તેથી સૂર્યના પ્રકાશકત્વથી વરણ કરે છે, તેમ કહેવાય છે. - x - વળી એક એમ કહે છે મેરુ પર્વતને સૂર્યનું વરણ કરતો કહેવો. - x - એમ ઉક્ત પ્રકારથી લેશ્યા પ્રતિહત વિષય વિપ્રતિપત્તિ માફક ત્યાં સુધી જાણવું યાવત્ પર્વતરાજ પર્વત સૂર્યને વરણ કરતો કહેલ છે. અર્થાત્ -

જેમ પૂર્વે લેશ્યા પ્રતિહતિ વિષયમાં ૨૦ પ્રતિપત્તિઓ જે ક્રમથી કહી, તે ક્રમથી અહીં પણ કહેવી. સૂત્રપાઠ પણ પહેલી પ્રતિપત્તિગત પાઠ મુજબ અન્યૂનાતિરિક્ત સ્વયં વિચારવી. - x - x - હવે ભગવન્ સ્વમતને દર્શાવે છે –

અમે વક્ષ્યમાણ પ્રકારથી એમ કહીએ છીએ. તે જ પ્રકારે કહે છે – જે આ પર્વત સૂર્યનું વરણ કરે છે, તે મંદર પણ કહેવાય છે, મેરુ પણ કહેવાય છે યાવત્ પર્વતરાજ પણ કહેવાય છે. આ પૂર્વવત્ કહેવું. ભિન્ન ભિન્ન પ્રતિપત્તિઓ બધી પણ મિથ્યારૂપે જાણવી. માત્ર મેરુ જ સૂર્યનું વરણ કરતો નથી, પણ અન્ય પણ પુદ્ગલો તેનું વરણ કરે છે. - x - જે પુદ્ગલો મેરુગત કે અમેરુગત સૂર્યલેશ્યાને સ્પર્શે છે, તે પુદ્ગલો સ્વ પ્રકાશત્વથી સૂર્યનું વરણ કરે છે. ઈપ્સિતને જ સૂર્ય વડે પ્રકાશે છે.



તેથી લેશ્યા પુદ્ગલ સાથે સંબંધ પરંપરાથી સૂર્ય સ્વં [પોતાનો] કરે છે, તેમ કહેવાય છે અને જે પ્રકાશ્યમાન પુદ્ગલ સ્કંધ અંતર્ગત્ મેરુગત કે અમેરુગત સૂર્ય વડે પ્રકાશિત પણ સૂક્ષ્મત્વથી ચક્ષુસ્પર્શને પામતા નથી. તે પણ પૂર્વોક્ત યુક્તિથી સૂર્યનું વરણ કરે છે. જે પણ સ્વ ચરમ લેશ્યા વિશેષ સ્પર્શી પુદ્ગલો છે, તે પણ સૂર્યનું વરણ કરે છે. કેમકે તે પણ સૂર્ય વડે પ્રકાશ્યમાનત્વથી છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૭-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ۞ પ્રાભૃત-૮ ۞
— x — x —

૦ એ પ્રમાણે સાતમું પ્રાભૃત કહ્યું. હવે આઠમું આરંભે છે. તેનો આ અર્થાધિકાર છે — "ભગવન્ ! તમે કઈ રીતે ઉદય-સંસ્થિતિ કહેલી છે ? તેથી આ જ પ્રશ્નસૂત્ર કહે છે —

● સૂત્ર-૩૯ :-

*કઈ રીતે આપે ઉદય સંસ્થિતિ કહી છે ? તેમાં આ ત્રણ પ્રતિપત્તિ કહેલી છે — (૧) એક એમ કહે છે કે — જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્ધમાં અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે.*

*જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં ૧૭-મુહૂર્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ ૧૭-મુહૂર્તનો દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્ધમાં ૧૭-મુહૂર્તનો દિવસ થાય છે. ત્યારે દક્ષિણાર્ધમાં પણ ૧૭-મુહૂર્તનો દિવસ થાય છે. એ પ્રમાણે ઘટાડતાં ૧૬,૧૫,૧૪,૧૩ મુહૂર્તના દિવસમાં યાવત્ જંબૂદ્વીપ દ્વીપના દક્ષિણાર્ધમાં ૧૨-મુહૂર્તનો દિવસ થાય ત્યારે ઉત્તરાર્ધમાં પણ ૧૨-મુહૂર્તનો દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્તનો દિવસ થાય. ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ ૧૨-મુહૂર્તનો દિવસ થાય છે. - x - ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતના પૂર્વ-પશ્ચિમમાં સદા ૧૫-મુહૂર્તનો દિવસ થાય છે અને સદા ૧૫-મુહૂર્તની રાત્રિ થાય છે. ત્યાં અવસ્થિત અહોરાત્ર કહેલા છે.*

*(૨) બીજા વળી એમ કહે છે કે — જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં ૧૮-મુહૂર્તનો અનંતર દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ ૧૮-મુહૂર્તાન્તર દિવસ થાય છે, જ્યારે ઉત્તરાર્ધમાં ૧૮-મુહૂર્તાન્તર દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્ધમાં ૧૮-મુહૂર્ત અનંતર દિવસ થાય છે. એમ ઘટાડતાં ૧૭-૧૬-૧૫-૧૪-૧૩ મુહૂર્તાન્તર૦ જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૨-મુહૂર્તનો અનંતર દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ૧૨-મુહૂર્ત-અનંતર દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્તાન્તર દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્ધમાં પણ ૧૨-મુહૂર્તાન્તર દિવસ થાય છે. ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં સદા ૧૫-મુહૂર્તનો દિવસ કે રાત્રિ થતી નથી. કેમકે અનવસ્થિત તે અહોરાત્ર છે, એમ એક કહે છે.*

*વળી કોઈ એક એમ કહે છે — જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં બાર મુહૂર્તની રાત્રિ હોય છે. જ્યારે ઉત્તરાર્ધમાં અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણાર્ધમાં બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*જ્યારે દક્ષિણાર્ધમાં ૧૮-મુહૂર્તાન્તરનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં*



*બાર મુહૂર્તની રાત્રિ થાય છે, જ્યારે ઉત્તરાર્ધમાં ૧૮-મુહૂર્તાન્તરનો દિવસ હોય છે, ત્યારે દક્ષિણર્ધમાં ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. એ પ્રમાણે બધાં અનંતર વડે એક-એકમાં બબ્બે આલાપકો જાણવા. [યાવત્] ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. યાવત્ જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૨-મુહૂર્તાન્તર દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. જ્યારે ઉત્તરાર્ધમાં ૧૨-મુહૂર્તાન્તર દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં ૧૫-મુહૂર્તનો દિવસ થતો નથી, ૧૫-મુહૂર્તની રાત્રિ થતી નથી. તે રાત્રિ-દિવસ બંને વ્યુચ્છિન્ન થયેલા જાણવા.*

*પરંતુ અમે એમ કહીએ છીએ કે — તે જંબૂદ્વીપ-દ્વીપમાં સૂર્ય [ઉગીને] ઉત્તર-પૂર્વમાં ઉગીને પૂર્વ-દક્ષિણમાં જાય છે. પૂર્વ-દક્ષિણમાં ઉગીને દક્ષિણ-પશ્ચિમમાં જાય છે. દક્ષિણ-પશ્ચિમમાં ઉગીને પશ્ચિમ-ઉત્તરમાં જાય છે, પશ્ચિમ ઉત્તરમાં ઉગીને ઉત્તર-પૂર્વમાં જાય છે.*

*તો જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ થાય છે. ત્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ અને પશ્ચિમમાં રાત્રિ થાય છે. જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વમાં દિવસ હોય છે, ત્યારે પશ્ચિમમાં પણ દિવસ થાય છે. ત્યારે - x - જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણમાં રાત્રિ થાય છે. જ્યારે દક્ષિણાર્દ્ધમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વમાં જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. જ્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. ત્યારે પશ્ચિમમાં પણ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ થાય છે. - x - ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે અને દક્ષિણે જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે.*

*એ પ્રમાણે આ ગમથી જાણવું, ૧૮ મુહૂર્તાન્તર દિવસમાં સાતિરેક બાર મુહૂર્તની રાત્રિ થાય છે, ૧૭ મુહૂર્તના દિવસમાં ૧૩-મુહૂર્તની રાત્રિ, ૧૭-મુહૂર્તાન્તર દિવસમાં સાતિરેક ૧૩ મુહૂર્તની રાત્રિ થાય છે. ૧૬-મુહૂર્તમાં દિવસ થાય - ૧૪ મુહૂર્તની રાત્રિ થાય. ૧૬-મુહૂર્તાન્તર દિવસ થાય છે. સાતિરેક ૧૪ મુહૂર્તા રાત્રિ થાય છે. ૧૫-મુહૂર્તનો દિવસ - ૧૫ મુહૂર્તનો રાત્રિ. ૧૫-મુહૂર્તાન્તર દિવસમાં સાતિરેક ૧૫-મુહૂર્તા રાત્રિ થાય છે. ૧૪-મુહૂર્ત દિવસમાં ૧૬-મુહૂર્તા રાત્રિ, ૧૪-મુહૂર્તાન્તર દિવસમાં સાતિરેક ૧૬-મુહૂર્તા રાત્રિ થાય. ૧૩-મુહૂર્ત દિવસમાં ૧૭-મુહૂર્તા રાત્રિ, ૧૩-મુહૂર્તાન્તર દિવસમાં સાતિરેક ૧૭ મુહૂર્તા રાત્રિ થાય. જઘન્ય ૧૨-મુહૂર્ત દિવસ થાય. ત્યારે ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તા રાત્રિ થાય છે.*

*એ પ્રમાણે કહેવું, જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં વર્ષાકાળમાં પ્રથમ સમય હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ વર્ષાનો પ્રથમ સમય હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ-*

*પશ્ચિમમાં અનંતર પુરસ્કૃત કાળ સમયમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે. જ્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતના પૂર્વમાં વર્ષાનો પ્રથમ સમય થાય છે, ત્યારે પશ્ચિમમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે. જ્યારે પશ્ચિમમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુની દક્ષિણે અંતર પશ્ચાત્કૃત્ કાળ સમયમાં વર્ષાનો પ્રથમ સમય હોય છે.*

*જેમ સમય તેમ આવલિકા, આનપ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ એ પ્રમાણે દશ આલાપકો, જેમ વર્ષામાં એ પ્રમાણે હેમંત અને ગ્રીષ્મને પણ કહેવા.*

*જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં પ્રથમ અયનમાં હોય છે. ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ પહેલું અયન હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં પ્રથમ અયન હોય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ પ્રથમ અયન હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં પ્રથમ અયન હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતના પૂર્વ-પશ્ચિમમાં અનંતર પુરસ્કૃત્ કાળ સમયમાં પહેલું અયન હોય છે.*

*જ્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતના પૂર્વમાં પહેલાં અયનમાં હોય છે, ત્યારે પશ્ચિમમાં પણ પહેલા અયનમાં હોય છે, જ્યારે પશ્ચિમમાં પહેલા અયનમાં હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર-દક્ષિણમાં અનંતર પશ્ચાત્કૃત્ કાળ સમયમાં પ્રથમ અયન પ્રતિપન્ન થાય છે. જેમ અયન તેમ સંવત્સર, યુગ, વર્ષ શત પણ જાણવા. એ પ્રમાણે સહસ્ર વર્ષ, લક્ષ વર્ષ, પૂર્વાંગ, પૂર્વ, એ પ્રમાણે યાવત્ શીર્ષ પ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ પણ કહેવા.*

*જ્યારે જંબૂદ્વીપના દાક્ષિણાર્દ્ધમાં ઉત્સર્પિણી હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ઉત્સર્પિણી હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ઉત્સર્પિણી હોય, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં અવસર્પિણી નથી, ઉત્સર્પિણી નથી, [કેમકે] ત્યાં અવસ્થિત કાળ હે શ્રમણાયુષ્ય ! કહેલ છે. એ પ્રમાણે ઉત્સર્પિણીમાં પણ જાણવું.*

*જ્યારે લવણસમુદ્રમાં દાક્ષિણાર્દ્ધમાં દિવસ હોય, ત્યારે લવણસમુદ્રમાં ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય, જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય, ત્યારે લવણસમુદ્રમાં પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ હોય છે. જેમ જંબૂદ્વીપમાં તેમજ યાવત્ ઉત્સર્પિણી કહેવું. તે પ્રમાણે ધાતકીખંડ દ્વીપમાં સૂર્ય ઉત્તર-પૂર્વમાં ઉગી૦ આદિ પૂર્વવત્. જ્યારે ધાતકીખંડ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ધાતકીખંડ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ હોય છે. એ પ્રમાણે જંબૂદ્વીપમાં જેમ કહ્યું તેમ પૂર્વવત્ કહેવું.*

*કાલોદમાં જેમ લવણસમુદ્રમાં કહ્યું તેમ કહેવું. અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં સૂર્ય ઉત્તર-પૂર્વમાં ઉગીને પૂર્વવત્. જ્યારે અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં દાક્ષિણાર્દ્ધમાં દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ હોય છે, જ્યારે ઉત્તરાર્દ્ધમાં દિવસ હોય ત્યારે અભ્યંતરપુષ્કરાર્દ્ધમાં મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ હોય છે. બાકી બધું જેમ જંબૂદ્વીપમાં કહ્યું તેમજ યાવત્ ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવું.*



**● વિવેચન-૩૯ :-**

કયા પ્રકારે સૂર્યની ઉદય સંસ્થિતિ, ભગવન્ ! આપે કહેલ છે તેમ કહેવું ? ત્યારે ભગવંતે આ વિષયમાં - x - ત્રણ પ્રતિપત્તિ અર્થાત્ પરતીર્થિકના મત રૂપ કહેલી છે, તે આ પ્રમાણે —

તે ત્રણ પરતીર્થિકો મધ્યે એક - પહેલો પરતીર્થિક એમ કહે છે — જ્યારે૦ આ જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ૧૮-મુહૂર્ત્ત દિવસ છે. તે પ્રમાણે દક્ષિણાર્દ્ધના નિયમથી ઉત્તરાર્દ્ધનો નિયમ કહેવો.

હવે ઉત્તરાર્દ્ધ નિયમનથી દક્ષિણાર્દ્ધ નિયમન કહે છે — તેમાં જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૮-મુહૂર્ત્તનો દિવસ થાય, ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય. જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૭-મુહૂર્ત્તનો દિવસ થાય ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ૧૭-મુહૂર્ત્તનો દિવસ થાય. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૭ મુહૂર્ત્તનો દિવસ થાય, ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ ૧૭-મુહૂર્ત્તનો દિવસ થાય.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી એકૈક મુહૂર્ત્ત હાનિથી ઘટાડવું, પરિહાનિ જ ક્રમ વડે દર્શાવે છે - પહેલાં ઉક્ત પ્રકારથી ૧૬-મુહૂર્ત્ત દિવસ કહેવા, પછી ૧૫ મુહૂર્ત્ત, પછી ૧૪-મુહૂર્ત્ત. પછી ૧૩-મુહૂર્ત્ત, સૂત્રપાઠ પણ પૂર્વોક્ત સૂત્રાનુસાર સ્વયં કહેવો. તે આ પ્રમાણે — જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૬-મુહૂર્ત્ત દિવસ થાય ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ૧૬-મુહૂર્ત્ત દિવસ થાય છે જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૬-મુહૂર્ત્ત દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ ૧૬-મુહૂર્ત્તનો દિવસ થાય છે. ઈત્યાદિ.

૧૨-મુહૂર્ત્ત પ્રતિપાદક સૂત્ર સાક્ષાત્ કહે છે — તેમાં જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૨-મુહૂર્ત્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ૧૨-મુહૂર્ત્તનો દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્ત્તનો દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ ૧૨-મુહૂર્ત્ત પ્રમાણ દિવસ થાય છે. ત્યારે ૧૮ મુહૂર્ત્તાદિ દિવસકાળમાં જંબૂદ્વીપ દ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમ દિશામાં સર્વકાળ ૧૫-મુહૂર્ત્તનો દિવસ થાય, સદૈવ ૧૫ મુહૂર્ત્ત રાત્રિ. કેમકે ત્યાં સર્વકાળ અવસ્થિત - એક પ્રમાણવાળો છે.

ત્યાં મેરુ પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં રાત્રિ-દિવસ કહેલા છે. આ પહેલાં પરતીર્થિકોનું મૂળભૂત સ્વશિષ્ય પ્રતિ આમંત્રણ વાક્ય છે. - x -

વળી એક એમ કહે છે કે — જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણમાં આ અર્દ્ધમાં અઢાર મુહૂર્ત્તથી કંઈક હીન કે હીનતર અથવા ૧૭-મુહૂર્ત્તથી કિંચિત્ સમધિક પ્રમાણનો દિવસ હોય ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ૧૮ મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૮-મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ ૧૮-મુહૂર્ત્તાન્તર દિવસ થાય. તથા જ્યારે જંબૂદ્વીપદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૭-મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ૧૭-મુહૂર્ત્તાન્તર દિવસ થાય. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૭-મુહૂર્ત્તાન્તર દિવસ

હોય ત્યારે દક્ષિણાર્દ્ધમાં પણ ૧૭-મુહૂર્તાન્તર દિવસ હોય. એ રીતે ઉક્ત પ્રકારથી એક-એક મુહૂર્તની હાનિથી છટાડવું. પરિહાનિ પ્રકાર આ પ્રમાણે કહે છે —

પહેલા ૧૬-મુહૂર્તાન્તર દિવસ કહેવો, પછી ૧૫-મુહૂર્તાન્તર, પછી ૧૪-મુહૂર્તાન્તર, પછી ૧૩-મુહૂર્તાન્તર, આમના મતથી ક્યારેય પણ પરિપૂર્ણ મુહૂર્તપ્રમાણ દિવસ થતો નથી. તેથી બધે અનંતર શબ્દ પ્રયોગ છે. બાર મુહૂર્તાન્તરનું સૂત્ર સાક્ષાત્ દર્શાવે છે - જ્યારે જંબૂદ્વીપદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં બાર મુહૂર્તાન્તર દિવસ હોય ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ૧૨-મુહૂર્તાન્તર દિવસ હોય૦ ઈત્યાદિ - x - ત્યારે ૧૮-મુહૂર્તાન્તરાદિ દિવસ કાળમાં જંબૂદ્વીપમાં મેરુ પર્વતના પૂર્વ અને પશ્ચિમ દિશામાં સર્વકાળ ૧૫-મુહૂર્ત દિવસ કે ૧૫-મુહૂર્ત રાત્રિ હોતી નથી. કેમકે તે અનિયત પ્રમાણવાળા છે. - x - x -

એક વળી એમ કહે છે — જંબૂદ્વીપ દ્વીપમાં જ્યારે દક્ષિણ અર્દ્ધમાં ૧૮-મુહૂર્તનો દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં બાર-મુહૂર્તની રાત્રિ થાય, જ્યારે ઉત્તરાર્દ્ધમાં અઢાર મુહૂર્તનો દિવસ થાય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં બાર મુહૂર્ત રાત્રિ થાય છે. જ્યારે દક્ષિણાર્દ્ધમાં ૧૮ મુહૂર્તથી 'अनंतर' કંઈક હીન હીનતર યાવત્ ૧૭ મુહૂર્તથી કંઈક અધિક એવા પ્રમાણનો દિવસ થાય, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્તની રાત્રિ થાય અને જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૮-મુહૂર્તા રાત્રિ થાય, ત્યારે દક્ષિણાર્દ્ધમાં ૧૨-મુહૂર્ત દિવસ થાય. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૮-મુહૂર્તાન્તર દિવસ થાય, ત્યારે દક્ષિણાર્દ્ધમાં ૧૨-મુહૂર્તા રાત્રિ થાય છે. એ પ્રમાણે ત્યાં સુધી કહેવતું, જ્યાં સુધી ૧૩-મુહૂર્તાન્તર દિવસ વક્તવ્યતા એક-એકમાં ૧૭ અધિક સંખ્યા વિશેષમાં સર્વ મુહૂર્તાન્તરથી કંઈક ન્યૂનથી બબ્બે આલાપકો કહેવા અને બધે ૧૨-મુહૂર્તા રાત્રિ થાય. તે આ પ્રાણે - જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાદ્ધમાં ૧૭-મુહૂર્તનો દિવસ થાય, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્તા રાત્રિ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૭-મુહૂર્ત દિવસ થાય ત્યારે દક્ષિણાર્દ્ધમાં ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૭-મુહૂર્તાન્તર દિવસ થાય, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. ઈત્યાદિ - x -

એ પ્રમાણે ૧૬-મુહૂર્ત, ૧૬-મુહૂર્તાન્તર. ૧૫-મુહૂર્ત, ૧૫-મુહૂર્તાન્તર આદિ આલાવા કહેવા. ૧૨-મુહૂર્તાન્તર ગત આલાપક સાક્ષાત્ કહે છે — જ્યારે જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૨-મુહૂર્તાન્તર દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્તની રાત્રિ હોય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૨-મુહૂર્તા રાત્રિ થાય છે, ત્યારે દક્ષિણાર્દ્ધમાં બાર મુહૂર્તાન્તર દિવસ થાય છે. - x -

ત્યારે ૧૮-મુહૂર્તાન્તરાદિ દિવસકાળમાં જંબૂદ્વીપ-દ્વીપમાં મંદર પર્વતની પૂર્વ-પશ્ચિમ દિશામાં ૧૫ મુહૂર્ત તો દિવસ કે ૧૫-મુહૂર્તની રાત્રિ થતી નથી. કેમકે તે વ્યવચ્છિન્ન છે. ત્યારે મેરુ પર્વતના પૂર્વ અને પશ્ચિમ દિશામાં રાત્રિ-દિન કહેવા.

આ ત્રણે પણ પ્રતિપત્તિઓ મિથ્યારૂપ છે. કેમકે ભગવંતને અનનુમત છે. જે ત્રીજા વાદી સદૈવ રાત્રિને બાર મુહૂર્ત પ્રમાણને ઈચ્છે છે, તેમાં પ્રત્યક્ષ વિરોધ છે. પ્રત્યક્ષથી જ હીનાધિક રૂપ રાત્રિના ઉપલભ્યમાનપણાથી તેમ છે.



હવે ભગવંત સ્વમતને કહે છે — અમે વક્ષ્યમાણ પ્રકારથી કહીએ છીએ - x - જંબૂદ્વીપમાં બે સૂર્યો યથાયોગ મંડલ પરિભ્રમીને ભ્રમણ કરતાં મેરુની ઈશાનમાં ઉગીને અગ્નિમાં આવે છે, ત્યાંથી ભરતાદિક્ષેત્ર અપેક્ષાથી અગ્નિમાં ઉગીને નૈઋત્યમાં જાય છે. ત્યાં અગ્નિદિશામાં પશ્ચિમ વિદેહની અપેક્ષાથી ઉગીને વાયવ્યમાં આવે છે. ત્યાં પણ વાયવ્યમાં ઐરાવતાદિ ક્ષેત્ર અપેક્ષાથી ઉગીને ઈશાનમાં આવે છે.

એ પ્રમાણે સામાન્યથી બંને પણ સૂર્યોની ઉદય વિધિ દર્શાવી. વિશેષથી આ - જે એક સૂર્ય અગ્નિમાં ઉગે છે ત્યારે બીજો વાયવ્યમાં ઉગે છે. અગ્નિકોણનો સૂર્ય ભરતાદિ ક્ષેત્રો મેરુ દક્ષિણ દિશાવર્તી મંડલ ભમીને પ્રકાશે છે. બીજો વાયવ્યમાં ઉગીને પછી ઉર્ધ્વ મંડલ પરિભ્રમીને ઐરાવતાદિ ક્ષેત્રો, મેરુના ઉત્તર દિશાવર્તી પ્રકાશે છે. ભારતનો સૂર્ય નૈઋત્યમાં આવતા અપરવિદેહ ક્ષેત્રની અપેક્ષાથી ઉદયમાં આવે છે, ઐરવતનો સૂર્ય ફરી ઈશાનમાં આવે છે, પૂર્વ વિદેહની અપેક્ષાએ ઉગે છે. પછી નૈઋત્યમાં ઉગેલો એવો તે ઉર્ધ્વ મંડલ ભમીને પશ્ચિમવિદેહને પ્રકાશે છે. ઈશાનમાં ઉગેલો પછી ઉર્ધ્વ મંડલગતિથી ચરતો પૂર્વવિદેહને પ્રકાશે છે. પછી આ પૂર્વ વિદેહ પ્રકાશક સૂર્ય ફરી અગ્નિમાં ભરતાદિ ક્ષેત્રની અપેક્ષાથી ઉદય પામે છે. ઈત્યાદિ - x -

એ પ્રમાણે જંબૂદ્વીપમાં સૂર્યોની ઉદયવિધિ કહી, હવે ક્ષેત્ર વિભાગથી દિવસ-રાત્રિ વિભાગને કહે છે — જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ થાય, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ થાય. એક સૂર્યની દક્ષિણદિશામાં પરિભ્રમણ સંભવમાં પશ્ચિમના સૂર્યની અવશ્ય ઉત્તરદિશામાં પરિભ્રમણના સંભવથી કહ્યું.

જ્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ છે ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં રાત્રિ થાય છે. કેમકે ત્યાં એક પણ સૂર્યનો અભાવ છે. તેમાં જ્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ દિશામાં દિવસ હોય, ત્યારે પશ્ચિમમાં પણ દિવસ થાય છે. એક સૂર્યના પૂર્વદિગ્ભાવ સંભવમાં બીજા સૂર્યના અવશ્ય પશ્ચિમ દિશામાં છે. આ પૂર્વે કહેલ છે.

જ્યારે પશ્ચિમ દિશામાં દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતના ઉત્તર અને દક્ષિણથી રાત્રિ થાય છે. જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણ દિવસ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણ દિવસ થાય છે. ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત પ્રમાણ દિવસ સર્વાભ્યંતર મંડલચારિત્વમાં છે. તેમાં જે એક સૂર્ય સર્વાભ્યંતર મંડલચારી હોય છે, ત્યારે બીજો અવશ્ય તે સમચશ્રેણિથી સર્વાભ્યંતર મંડલચારી હોય છે, તેથી દક્ષિણાર્દ્ધમાં ઉત્કૃષ્ટ દિવસ સંભવમાં ઉત્તરાર્દ્ધમાં પણ ઉત્કૃષ્ટ દિવસ સંભવ છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્ત પ્રમાણ દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે, સર્વાભ્યંતર મંડલમાં ચાર ચરતા બંને સૂર્યો સર્વત્ર પણ રાત્રિમાં ૧૨-મુહૂર્ત પ્રમાણ છે માટે તેમ કહ્યું.

જ્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ દિશામાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, ત્યારે મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય. કારણ દક્ષિણોત્તર અર્દ્ધગત પૂર્વોક્તને અનુસરવું. જ્યારે મેરુ પર્વતની પશ્ચિમમાં પણ ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણથી જઘન્યા બાર મુહૂર્તા રાત્રિ થાય. અહીં પણ કારણ પૂર્વ-પશ્ચિમાર્દ્ધ રાત્રિગત પૂર્વોક્તને અનુસરવું.

એમ ઉક્ત પ્રકારથી અનંતરોક્ત આલાવાથી વક્ષ્યમાણ પણ જાણવું. તે વક્ષ્યમાણ કહે છે — જ્યારે મેરુ પર્વતની દક્ષિણ અને ઉત્તરાર્દ્ધમાં કે પૂર્વ-પશ્ચિમમાં ૧૭-મુહૂર્ત્તથી આગળ કંઈક ન્યૂન અઢાર મુહૂર્ત્ત પ્રમાણ દિવસ હોય ત્યારે પૂર્વ-પશ્ચિમ કે દક્ષિણ-ઉત્તર અર્દ્ધમાં સાતિરેક ૧૨-મુહૂર્ત્તની રાત્રિ હોય છે. એમ બાકીના પદો પણ કહેવા. સૂત્રપાઠ - x - આ પ્રમાણે - જંબૂદ્વીપ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં ૧૮-મુહૂર્ત્તાન્તર દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૮-મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૮-મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં ૧૮-મુહૂર્ત્તાન્તર દિવસ થાય છે ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતના પૂર્વ-પશ્ચિમમાં સાતિરેક ૧૨-મુહૂર્ત્તની રાત્રિ થાય છે. જ્યારે જંબૂદ્વીપનતા મેરુ પર્વતના પૂર્વમાં ૧૮-મુહૂર્ત્તાન્તરનો દિવસ થાય છે, ત્યારે પશ્ચિમમાં ૧૮-મુહૂર્ત્તાન્તરનો દિવસ થાય છે. - x - ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતના ઉત્તર-દક્ષિણમાં સાતિરેક બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. એમ ૧૭-મુહૂર્ત્ત દિવસાદિ પણ કહેવા.

તેમાં જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ વરસાદનો પ્રથમ સમય હોય છે. સમકાળ નૈઋત્યથી દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધમાં બંને સૂર્યોના ચાર ભાવથી આમ કહ્યું.

જ્યારે ઉત્તરાર્દ્ધમાં વર્ષાકાળનો પ્રથમ સમય હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમ દિશામાં અવ્યવધાન અગ્રેકૃત જે - તે અનંતર પુરસ્કૃત-અનંતર બીજું, તે કાળ સમયમાં, સમય સંકેતાદિથી પણ થાય છે, તેથી તેના વ્યવચ્છેદાર્થે કાળનું ગ્રહણ કર્યું. - x - તેમાં વર્ષાકાળનો પહેલો સમય થાય છે. શું કહે છે ? જે સમયમાં દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધના વર્ષાકાળનો પહેલો સમય થાય, તેનાથી આગળ અનંતર બીજા સમયમાં પૂર્વ-પશ્ચિમ વર્ષાકાળનો પહેલો સમય હોય છે, તેમાં જ્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની પૂર્વ દિશામાં વર્ષાકાળનો પહેલો સમય થાય છે, ત્યારે મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં વર્ષાકાળનો પહેલો સમય થાય છે. - x -

જ્યારે પશ્ચિમ દિશામાં વર્ષાકાળનો પહેલો સમય હોય, ત્યારે જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તર અને દક્ષિણથી અવ્યવધાન વડે પશ્ચાત કરાયેલ, તે કાળ સમયમાં વર્ષાકાળનો પહેલો સમય પ્રતિપન્ન થાય છે. અહીં જે સમયમાં દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધમાં વર્ષાકાળનો પહેલો સમય થાય છે, ત્યારપછીના આગળના બીજા સમયમાં પૂર્વ-પશ્ચિમમાં વર્ષાનો પહેલો સમય થાય છે. આટલા માત્ર ઉક્ત જે સમયમાં પૂર્વ-



પશ્ચિમમાં વર્ષાકાળનો પહેલો સમય થાય છે, તેના અનંતર પશ્ચાત્ થનારા સમયમાં દક્ષિણ-ઉત્તરાર્દ્ધના વર્ષાકાળના પહેલા સમયમાં થાય તેમ જાણવું.

અહીં ક્રમ-ઉત્ક્રમ વડે અભિહિત અર્થ પ્રપંચિત-જ્ઞાન શિષ્યોને અતિ સુનિશ્ચિત થાય છે, તેથી તેમના અનુગ્રહને માટે કહેલ છે. માટે તેમાં કોઈ દોષ નથી.

જેમ સમય કહ્યો, તેમ આવલિકા, પ્રાણાપાન, સ્તોક, લવ, મુહૂર્ત્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુઓ કહેવા. એ રીતે સમયના આલાપકાદિ કરીને દશ આલાવા તેના થાય. તે સ્વયં વિચારવા. જેમકે — જ્યારે જંબૂદ્વીપદ્વીપમાં વર્ષામાં પહેલી આવલિકા થાય છે. ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ વર્ષામાં પહેલી આવલિકા થાય છે. - x - ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં અનંતરપુરસ્કૃત્ કાળ સમયમાં વર્ષાની પહેલી આવલિકા થાય છે. જ્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વમાં વર્ષાની પહેલી આવલિકા થાય છે, ત્યારે પશ્ચિમમાં પણ પહેલી આવલિકા થાય છે. ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તર-દક્ષિણમાં અનંતર પશ્ચાત્કૃત્ કાળ સમયમાં વર્ષાની પહેલી આવલિકા થાય છે. ઈત્યાદિ - x - x -

જે રીતે વર્ષાકાળના આ અનંતરોદિત સમયાદિગત અહીં આલાવા કહ્યા, એ પ્રમાણે શીતકાળ, ઉષ્ણકાળના છે. પ્રત્યેક સમયાદિના દશ દશ આલાવા ભણવા. અયનનો આલાવો સાક્ષાત્ કહે છે — તે સુગમ છે. જેમ અયનમાં આલાવા કહ્યા, તેમ સંવત્સર, યુગ-કહેવાનાર સ્વરૂપના ચંદ્રાદિ સંવત્સર પંચકાત્મક સો વર્ષ યાવત્ પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, અડડાંગ, અડડ ઈત્યાદિથી શીર્ષ પ્રહેલિકાંગ સુધી કહેવું.

અહીં ૮૪ લાખ વર્ષનો એક પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગ-એક પૂર્વ. પૂર્વ-પૂર્વની રાશિને ૮૪ લાખ વડે ગુણતાં ઉત્તર-ઉત્તર રાશિ થાય છે. યાવત્ ૮૪ લાખ શીર્ષ પ્રહેલિકાંગની એક શીર્ષ પ્રહેલિકા થાય. આટલો રાશિ ગણિતનો વિષય છે. તેથી આગળ ગણનાતીત સંખ્યા છે. તે પલ્યોપમાદિ છે. આ બંનેનું સ્વરૂપ સંગ્રહણી ટીકામાં કહેલ છે, આલાવા સ્વયં કહી દેવા.

અવસર્પિણી - ઉત્સર્પિણીના આલાવા સાક્ષાત્ કહ્યાં છે. તેમાં જ્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતના દક્ષિણાર્દ્ધમાં અવસર્પિણી પરિપૂર્ણ થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ અવસર્પિણી પૂરી થાય છે. - x - x - ત્યારે જંબૂદ્વીપના મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમ દિશામાં અવસર્પિણી-ઉત્સર્પિણી નથી. કેમકે તે અવસ્થિત છે. આ પ્રમાણે પૂર્વ-પશ્ચિમમાં કાળ મારા વડે અને બીજા તીર્થંકરો વડે પણ કહેવાયેલ છે. તેમાં અવસર્પિણી-ઉત્સર્પિણીનો અભાવ છે. એ પ્રમાણે ઉક્ત પ્રકારથી ઉત્સર્પિણી આલાવો કહેવો. તે આ પ્રમાણે - જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધમાં પહેલી ઉત્સર્પિણી થાય છે, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ પહેલી ઉત્સર્પિણી થાય છે. જ્યારે ઉત્તરાર્દ્ધમાં પહેલી ઉત્સર્પિણી થાય છે, ત્યારે મેરુ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં ઉત્સર્પિણી-અવસર્પિણી નથી, કેમકે અવસ્થિતકાળ કહેલ છે.

એ પ્રમાણે જંબૂદ્વીપ વક્તવ્યતા કહી, હવે લવણ સમુદ્ર વક્તવ્યતા કહે છે — જેમ જંબૂદ્વીપમાં ઉગવા વિશે આલાવો કહ્યો. તેમ લવણસમુદ્રમાં પણ કહેવો. તે આ રીતે — લવણસમુદ્રમાં સૂર્ય ઈશાનમાં ઉગીને અગ્નિમાં જાય છે. અગ્નિમાં ઉગીને નૈઋત્યમાં જાય છે. નૈઋત્યમાં ઉગીને વાયવ્યમાં જાય છે. આ સૂત્ર જંબૂદ્વીપગત ઉગવાના સૂત્રવત્ સ્વયં વિચારવું. માત્ર અહીં સૂર્યોચાર કહેવા. - x - તેઓ જંબૂદ્વીપના સૂર્યોની સાથે સમશ્રેણી પ્રતિબદ્ધ છે, તે આ પ્રમાણે - બે સૂર્યો, એક જંબૂદ્વીપગતના સૂર્યની શ્રેણી સાથે પ્રતિબદ્ધ બે, બીજા જંબૂદ્વીપગત સૂર્યના છે. તેમાં જ્યારે એક સૂર્ય જંબૂદ્વીપમાં અગ્નિ ખૂણામાં જાય છે, ત્યારે તેની સમશ્રેણિથી પ્રતિબદ્ધ બે સૂર્યો લવણસમુદ્રમાં તે જ અગ્નિખૂણામાં ઉદય પામીને તે જ જંબૂદ્વીપગત સૂર્ય સાથે તે સમશ્રેણિથી પ્રતિબદ્ધ બે બીજા લવણ સમુદ્રમાં વાયવ્યદિશામાં ઉદય પામે છે. - x - x -

એ પ્રમાણે લવણ સમુદ્રની વક્તવ્યતા કહી, હવે ધાતકીખંડ વિષયક તે કહે છે — અહીં પણ ઉદ્‌ગમવિધિ પૂર્વવત્ કહેવી. વિશેષ એ કે - સૂર્યો બાર કહેવા. તેથી છ સૂર્યો દક્ષિણ દિશાચારી વડે જંબૂદ્વીપગત - લવણ સમુદ્‌ગત સૂર્ય સાથે સમ શ્રેણિ વડે પ્રતિબદ્ધ છ ઉત્તરદિશાચારી (હોય).

હવે અહીં પણ ક્ષેત્રવિભાગથી દિવસરાત્રિ વિભાગને કહે છે — જ્યારે ધાતકીખંડ દ્વીપમાં દક્ષિણાર્દ્ધમાં દિવસ થાય, ત્યારે ઉત્તરાર્દ્ધમાં પણ દિવસ થાય છે. ત્યારે ધાતકીખંડમાં મેરુ પર્વતના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધગત પ્રત્યેક પૂર્વ અને પશ્ચિમ દિશામાં રાત્રિ થાય છે. એમ ઉક્ત પ્રકારથી જેમ જંબૂદ્વીપમાં કહ્યું, તેમજ અહીં પણ કહેવું. તે ઉત્સર્પિણી આલાવા સુધી કહેવું.

કાલોદ સમુદ્રમાં, લવણ સમુદ્રની જેમ તે પ્રમાણે જ કહેવું. વિશેષ એ કે — કાલોદમાં ૪૨-સૂર્યો છે. તેમાં ૨૧ સૂર્યો દક્ષિણ દિશાચારી વડે જંબૂદ્વીપ - લવણસમુદ્ર - ધાતકીખંડગત સાથે સમશ્રેણીથી સંબદ્ધ ૨૧-ઉત્તરદિક્‌ચારી વડે છે. તેથી ઉદયવિધિ દિવસરાત્રિ વિભાગ ક્ષેત્ર વિભાગથી પૂર્વવત્ કહેવું.

હવે અભ્યંતર પુષ્કરવરાર્દ્ધ વક્તવ્યતા કહે છે — સૂત્ર સુગમ છે, વિશેષ એ કે — ૭૨ સૂર્યો કહેવા. તેમાં ૩૬-દક્ષિણદિશાચારીથી જંબૂદ્વીપાદિગત સાથે સમશ્રેણીથી પ્રતિબદ્ધ ૩૬ ઉત્તરદિક્‌ચારી વડે, પછી ઉદયવિધિ દિવસ-રાત્રિ વિભાગ ક્ષેત્ર વિભાગ વડે પૂર્વવત્ જાણવા. તેથી કહે છે — તે સુગમ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૮-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ પ્રાભૃત-૯ ❀

— x — x —

૦ એ પ્રમાણે આઠમું પ્રાભૃત કહ્યું, હવે નવમું આરંભે છે - તેનો આ અર્થાધિકાર છે — "પૌરુષી છાયા કેટલા પ્રમાણ" છે ? તેથી તદ્‌વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

**● સૂત્ર-૪૦ :-**

*કેટલા પ્રમાણયુક્ત પુરુષછાયાથી સૂર્ય નિવર્તે છે, તેમ કહેલ છે, એવું કહેવું ? તેમાં નિશ્ચે આ ત્રણ પ્રતિપત્તિઓ કહી છે —*

*તેમાં એક એમ કહે છે કે — જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલો સંતપ્ત થાય છે. તે સંતપ્યમાન પુદ્‌ગલો તેની પછીના બાહ્ય પુદ્‌ગલોને સંતપ્ત કરે છે. આ તે સમિત તાપક્ષેત્ર છે, એક એ પ્રમાણે કહે છે.*

*એક વળી એમ કહે છે કે — તે જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલો સંતપ્ત થતાં નથી. તે અસંતપ્તમાન પુદ્‌ગલો, તેની પછીના બાહ્ય પુદ્‌ગલોને સંતપ્ત કરતાં નથી. આ તે સમિત તાપક્ષેત્ર છે, એક એમ કહે છે.*

*એક વળી એમ કહે છે કે — જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલોમાં કેટલાંકને સંતપ્ત કરતાં નથી, કેટલાંક પુદ્‌ગલો સંતપ્ત કરે છે. તેમાં કેટલાંક સંતપ્તમાન પુદ્‌ગલો પછીના બાહ્ય પુદ્‌ગલોમાં કેટલાંકને સંતાપે છે, કેટલાંકને સંતાપતા નથી. આ સમિત તાપક્ષેત્ર છે, એમ કેટલાંક કહે છે.*

*પરંતુ અમે એમ કહીએ છીએ કે, જે આ ચંદ્ર-સૂર્ય દેવોના વિમાનોથી લેશ્યા બહારના યથોચિત આકાશક્ષેત્રને પ્રતાપિત કરે છે, આ લેશ્યાના અંતરોમાં અન્યતર છિન્નલેશ્યાઓ સંમૂર્છિત થાય છે, ત્યારે તે છિન્નલેશ્યાઓ સંમૂર્છિત થયેલી તદ્ અનંતર બાહ્ય પુદ્‌ગલોને સંતાપિત કરે છે. આ તે સમિત તાપક્ષેત્ર છે.*

**● વિવેચન-૪૦ :-**

कतिकाष्ठा - કેટલા પ્રમાણનો પ્રકર્ષ જેનો છે તે અર્થાત્ કેટલાં પ્રમાણવાળી. આપના મતે સૂર્ય, પૌરુષી છાયાને નિર્વર્તે છે, નિર્વર્તતી કહેલી છે, તેમ કહેવું ? કેટલા પ્રમાણમાં પૌરુષી છાયાને ઉત્પાદિત કરતો સૂર્ય, ભગવન્ આપે કહેલ છે ? એવો પ્રશ્ન કરાતા ભગવંતે તે વિષયમાં જેટલી પ્રતિપત્તિઓ છે, તેટલીને દર્શાવે છે —

તે પૌરુષી છાયાના પ્રમાણની વિચારણામાં પહેલા તેટલી આ તાપક્ષેત્ર સ્વરૂપ વિષયક આ ત્રણ પ્રતિપત્તિ કહેલી છે, તે આ પ્રમાણે - તે ત્રણ પરતીર્થિકોમાં પહેલો કહે છે —

જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલો સૂર્ય લેશ્યાને સ્પર્શ કરતાં, સંતાપને અનુભવે છે, તે સંતાપ અનુભવતા પુદ્‌ગલો, તેના પછીના - તે સંતાપ અનુભવતા પુદ્‌ગલોમાં અવ્યવધાનથી જે સ્થિત પુદ્‌ગલો છે, તે તેની પછીના, તેનાથી બાહ્ય પુદ્‌ગલો - x - ને સંતાપિત કરે છે. એવા સ્વરૂપે તે સૂર્યનું સમિત-ઉત્પન્ન

તાપક્ષેત્ર છે.

વળી બીજા એક કહે છે — જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલો સંતાપને અનુભવતા નથી અને જે પીઠફલક આદિને સૂર્યની લેશ્યા સંસ્પૃષ્ટ થતાં સંતાપ પ્રાપ્ત થાય છે, તે તેના આશ્રિત સૂર્ય લેશ્યા પુદ્‌ગલોને જ સ્વરૂપથી છે, પણ પીઠ-ફલકાદિગત પુદ્‌ગલોને નહીં, તેમાં પ્રત્યક્ષ વિરોધ નથી. તે અસંતાપ્યમાન તેની પછીના બાહ્ય પુદ્‌ગલોને સંતાપતા નથી અર્થાત્ ઉષ્ણ કરતાં નથી. કેમકે તેઓ સ્વયં અસંતપ્ત છે એવા સ્વરૂપનું તે સૂર્યનું તાપક્ષેત્ર ઉત્પન્ન છે.

વળી ત્રીજા એક એમ કહે છે — પૂર્વવત્ જે પુદ્‌ગલો સૂર્યની લેશ્યાને સ્પર્શે છે, તે પુદ્‌ગલો છે, - x - કેટલાંક પુદ્‌ગલો જે સૂર્યની લેશ્યાને સંસ્પર્શ કરતાં સંતાપને અનુભવે છે, તથા કેટલાંક પુદ્‌ગલો જે સંતાપ પામતાં નથી. તેમાં જે એકૈક સંતાપ પામતા છે, તેના પછીના બાહ્ય પુદ્‌ગલો છે, તેથી કેટલાંકને સંતાપે છે અને કેટલાંકને સંતાપતા નથી. એવા સ્વરૂપનું તે સૂર્યનું ઉત્પન્ન તાપક્ષેત્ર છે. એક એમ કહે છે.

આ ત્રણે પણ પ્રતિપત્તિઓ મિથ્યારૂપ છે, તથા તેનું ખંડન કરીને ભગવન્ જુદો જ સ્વમત કહે છે —

અમે વળી વક્ષ્યમાણ પ્રકારથી અમે કહીએ છીએ. તે આ પ્રકારે - જે આ પ્રત્યક્ષ ઉપલભ્યમાન ચંદ્ર-સૂર્ય દેવોના વિમાનોથી લેશ્યા નીકળે છે, તે જ કહે છે — અભિનિઃસૃત એવી તે પ્રતાપિત કરે છે - બાહ્ય યથોચિત આકાશવર્તી પ્રકાશ્યને પ્રકાશિત કરે છે. આ વિમાનોથી નીકળતી લેશ્યાના અંતરોમાં - અપાંતરાલોમાં અન્યતર છિન્નલેશ્યા સંમૂર્છે છે. તા મૂલછિન્ન લેશ્યા સંમૂર્છિત થઈ તે પછીના બાહ્ય પુદ્‌ગલોને સંતાપે છે. આવા સ્વરૂપે તે સૂર્યનું ઉત્પન્ન તાપક્ષેત્ર છે.

એ પ્રમાણે તાપક્ષેત્રની સ્વરૂપ સંભવ કહ્યો. હવે કયા પ્રમાણમાં પૌરુષી છાયાને નિર્વર્તે છે, એ બોધ પમાડવાની ઈચ્છાથી પૂછતા કહે છે —

● સૂત્ર-૪૧ :-

*તે કેટલા પ્રમાણમાં સૂર્ય પૌરુષી છાયાને નિર્વર્તે છે, તેમ કહેલ છે તે કહેવું ? તે વિષયમાં આ પચીશ પ્રતિપત્તિઓ કહેલી છે — (૧) તેમાં એક એમ કહે છે કે — અનુસમય જ સૂર્ય પોરિસિછાયાને ઉત્પન્ન કરે છે, તેમ કહેવું.*

*(૨) બીજા કોઈ કહે છે કે અનુમુહૂર્ત્ત સૂર્ય પોરિસિછાયાને ઉત્પન્ન કરે છે, તેમ કહેવું. આ આલાવા વડે જાણવું કે તે જેવી ઓજ સંસ્થિતિની પચીશ પ્રતિપત્તિઓ તેમજ જાણવી યાવત્ અનુ ઉત્સર્પિણી જ સૂર્ય પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, તેમ કહેવું. - એક એમ કહે છે.*

*પરંતુ અમે એવું કહીએ છીએ કે — તે સૂર્યનું ઉચ્ચત્વ અને લેશ્યાને આશ્રીને છાયા ઉદ્દેશમાં ઉચ્ચત્વ અને છાયાને આશ્રીને લેશ્યા-ઉદ્દેશમાં લેશ્યા અને છાયાને આશ્રીને ઉચ્ચત્વ ઉદ્દેશમાં છે.*

*તેમાં નિશ્ચે આ બે પ્રતિપત્તિઓ કહેલી છે — તેમાં એક એમ કહે છે — તે દિવસે, જે દિવસમાં સૂર્ય ચતુઃપોરિસિ-છાયાને ઉત્પન્ન કરે છે, તે દિવસે - જે દિવસમાં સૂર્ય બે - પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે.*



*એક વળી એમ કહે છે — તે દિવસે, જે દિવસમાં સૂર્ય બે પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, તે દિવસે - જે દિવસમાં સૂર્ય કોઈપણ પોરિસિ છાયાને ઉત્પન્ન કરતો નથી.*

*તેમાં જેઓ એમ કહે છે કે તે દિવસે, જે દિવસમાં સૂર્ય ચતુઃપોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, તે દિવસે-જે દિવસમાં સૂર્ય બે પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે. તેઓ એમ કહે છે, જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે અને જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ છે. તે દિવસમાં સૂર્ય ચતુઃપોરિસિની છાયાને ઉત્પન્ન કરે છે, તે ઉદ્‌ગમન મુહૂર્ત્તમાં અને અસ્તમન મુહૂર્ત્તમાં લેશ્યાને વધારતા, પણ ન ઘટાડતા, તો જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે. ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્ત્તા રાત્રિ થાય છે અને જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. તે દિવસમાં સૂર્ય બે પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, તે આ પ્રમાણે - ઉદ્‌ગમન મુહૂર્ત્તમાં અને અસ્તમન મુહૂર્ત્તમાં, લેશ્યાની વૃદ્ધિ કરતાં પણ ઘટાડો ન કરતાં.*

*તેમાં જેઓ એ પ્રમાણે કહે છે — તે દિવસમાં - જે દિવસમાં સૂર્ય બે પોરિસિ છાયાથી ઉત્પન્ન થાય છે, તે દિવસે જે દિવસમાં સૂર્ય કોઈ જ છાયાને ઉત્પન્ન કરતો નથી, તે એમ કહે છે કે — જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્ત્તની રાત્રિ થાય છે. તે દિવસમાં સૂર્ય બે પોરિસિછાયાને ઉત્પન્ન કરે છે. તે આ પ્રમાણે - ઉદ્‌ગમન મુહૂર્ત્તમાં અને અસ્તમનમુહૂર્ત્તમાં લેશ્યાને વધારતા, પણ ઘટાડતા નહીં.*

*જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠાપ્રાપ્ત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્ત્તા રાત્રિ થાય છે. જઘન્ય બાર મુહૂર્ત્તનો દિવસ થાય છે. તે દિવસમાં સૂર્ય કોઈ પોરિસિ છાયાને ઉત્પન્ન કરતો નથી. તે આ પ્રમાણે - ઉદ્‌ગમન મુહૂર્ત્તમાં અને અસ્તમન મુહૂર્ત્તમાં લેશ્યાની વૃદ્ધિ કરતાં કે હાનિ કરતાં, તો કેટલાં પ્રમાણમાં સૂર્ય પોરિસિછાયાને ઉત્પન્ન કરે છે તેમ કહેવું ?*

*તેમાં આ ૯૬-પ્રતિપત્તિઓ કહેલી છે —*

*તેમાં એક એમ કહે છે — તે દેશમાં, જે દેશમાં સૂર્ય એક પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, એમ કહે છે. વળી એક એમ કહે છે — તે દેશમાં, જે દેશમાં સૂર્ય બે પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે આ આલાવા વડે જાણવું યાવત્ ૯૬-પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે.*

*તેમાં જેઓ એમ કહે છે કે — તે દેશમાં, જે દેશમાં સૂર્ય એક પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, તેઓ એમ કહે છે કે — તે સૂર્યની સૌથી નીચલી સૂર્ય પરિધિથી બાહ્ય અભિનિસૃષ્ટ લેશ્યા વડે તાડ્યમાન આ રત્નપ્રભા પૃથ્વીના*

બહુસમરમણીય ભૂમિ ભાગથી જેટલે સૂર્ય ઉર્ધ્વ ઉચ્ચત્વથી આટલી એક અદ્ધા વડે એક છાયાનુમાન પ્રમાણથી, ત્યાં તે સૂર્ય એક પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે.

તેમાં જેઓ એમ કહે છે કે — તે દેશે, જે દેશમાં સૂર્ય બે પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, તેઓ એમ કહે છે — તે સૂર્યની સૌથી નીચેની સૂર્ય પરિધિથી બાહ્ય અભિનિસૃષ્ટ લેશ્યા વડે તાડ્યમાણ આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂમિભાગથી જેટલો સૂર્ય ઉર્ધ્વ ઉચ્ચત્વથી આટલી બે અદ્ધા વડે બે છાયા ઉન્માન-પ્રમાણથી, અહીં તે સૂર્ય બે પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે જાણવું યાવત્ તેમાં જેઓ એમ કહે છે —

તે દેશે, જે દેશમાં સૂર્ય ૯૬-પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, તેઓ એમ કહે છે કે — સૂર્યની સૌથી નીચેની સૂર્ય પરિધિથી બહાર અભિનિસૃષ્ટ લેશ્યા વડે તાડિજ્જમાન, આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિ ભાગથી જેટલે સૂર્ય ઉર્ધ્વ ઉચ્ચત્વથી આટલી ૯૬-છાયાનું પ્રમાણથી માપતાં અહીં તે સૂર્ય ૯૬-પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે.

વળી અમે એમ કહીએ છીએ કે — સાતિરેક ૭૯ પોરિસિથી સૂર્ય પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે. અપાર્દ્ધ પોરિસિ છાયા, દિવસને કેટલા ગયા કે બાકી રહ્યા પછી ? તે ત્રિભાગ જતા કે બાકી રહેતા, તે પોરિસિ છાયા દિવસ કેટલો જતાં કે બાકી રહેતા ? તે ચતુર્ભાગ જતા કે બાકી રહેતા, તે દ્વિપાર્દ્ધ પોરિસિ છાયા દિવસ કેટલો જતા કે રહેતા ? તે પાંચ ભાગ જતા કે બાકી રહેતા. એ પ્રમાણે અર્દ્ધ પોરિસિ છોડીને પૃચ્છા અને દિવસ ભાગ છોડીને ઉત્તર યાવત્ તે અર્દ્ધ ૬૯ પોરિસિ છાયા દિવસ કેટલે જતા કે રહેતા ? તે ૧૯૦૦ ભાગ જતા કે રહેતા. તે ૬૯ પોરિસિ છાયા દિવસ કેટલો જતાં કે બાકી રહેતા. ૨૨,૦૦૦ ભાગ જતા કે રહેતા, તે સાતિરેક ૬૯ પોરિસિ છાયા દિવસના જતાં કે રહેતા ? કંઈપણ જતા કે રહેતા નહીં, તે પ્રમાણે છે.

તેમાં આ પચીશ નિર્વિષ્ટા છાયા કહેલી છે, તે આ રીતે - સ્તંભછાયા, રજ્જુછાયા, પ્રાકારછાયા, પ્રાસાદછાયા, ઉદ્ગમ છાયા, ઉચ્ચત્વ છાયા, અનુલોમછાયા, આરંભિતા, સમા, પ્રતિહતા, ખીલછાયા, પક્ષછાયા, પૂર્વ ઉદગ્રા, પૂર્વકંઠ ભાવોપગત, પશ્ચિમ કંઠોપગતા, છાયાનુવાદિની, કંઠાનુવાદિણી છાયા, છાયચ્છાયા, ગોલચ્છાયા. તેમાં ગોલચ્છાયા આઠ ભેદે છે — ગોલછાયા, અપાર્દ્ધગોલછાયા, ગાઢલગોલ છાયા, અપાર્દ્ધગાઢ લગોલ છાયા, ગોલાવલિછાયા, અપાર્દ્ધ ગોલાવલિ છાયા, ગોલપુંજ છાયા, અપાર્દ્ધગોલપુંજ છાયા.

● વિવેચન-૪૧ :-

कतिकाष्ठा - કેટલા પ્રમાણવાળી, ભગવન્ ! આપે સૂર્ય પૌરુષી છાયાને ઉત્પન્ન કરતા કહેલ છે તેમ કહેવું ? એમ કહેતા ભગવંતે પ્રથમ લેશ્યા સ્વરૂપના વિષયમાં જેટલી પરતીર્થિકોની પ્રતિપત્તિ છે, તેટલી કહી છે - તે પૌરુષી છાયાના વિષયમાં લેશ્યાને આશ્રીને નિશ્ચે આ પચીશ પ્રતિપત્તિઓ કહી છે —





તે પચીશ પરતીર્થિકોમાં એક એમ કહે છે કે — પ્રતિક્ષણ સૂર્ય પૌરુષી છાયાને, આ લેશ્યાના વશથી પૌરુષી છાયા થાય છે. તેથી કારણમાં કાર્યના ઉપચારથી પૌરુષીછાયા તે લેશ્યા જાણવી. તેને ઉત્પાદન કરે છે, ઉત્પન્ન કરતા કહેલ છે, તેમ કહેવું. અર્થાત્ શું કહે છે ? પ્રતિક્ષણ અન્યા અન્યા સૂર્ય લેશ્યાને ઉત્પન્ન કરતાં કહેવા.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી, આ અનંતરોદિત આલાવાથી સૂર્યપાઠગમથી જે ઓજ સંસ્થિતિમાં પચીશ પ્રતિપત્તિઓ કહી છે, તે જ ક્રમથી અહીં પણ જાણવી. ત્યાં સુધી કે જ્યાં સુધી ચરમ પ્રતિપત્તિપાદક આ સૂત્ર છે - એક એમ કહે છે — તે અનુ - ઉત્સર્પિણી અવસર્પિણી જ સૂર્ય ઈત્યાદિ. મધ્યમ આલાપકો એ પ્રમાણે જાણવા—

એક એ પ્રમાણે કહે છે — અનુમુહૂર્તથી જ સૂર્ય પોરિસિ છાયાને ઉત્પન્ન કરે છે, તેમ કહેવું.

એ પ્રમાણે લેશ્યા વિષયા પરપ્રતિ જણાવીને હવે તે વિષયમાં સ્વમત કહે છે — એમ વળી એ પ્રમાણે કહીએ છીએ — સૂર્યનું ઉચ્ચત્વ અને લેશ્યાને આશ્રીને છાયા-ઉદ્દેશ છે. અર્થાત્ - જે રીતે સૂર્ય ઉચ્ચ, ઉચ્ચતરથી ઉપર જાય છે, જેમ મધ્યાહ્નથી ઉર્ધ્વ, નીચૈસ્તરને અતિક્રમે છે. આ પણ લૌકિક વ્યવહારની અપેક્ષાથી કહેવાય છે. લૌકિકો જ પ્રથમથી દૂરતરવર્તી સૂર્ય ઉદયમાન અતિ નીચૈસ્તરને જુએ છે. પછી નીકટના, અતિનીકટના થઈને ઉચ્ચ, ઉચ્ચસ્તર મધ્યાહ્નથી ઉર્ધ્વ અને ક્રમથી દૂર-દૂરતર થતાં નીચે-અતિ નીચે જાય, તેમ જેમ લેશ્યા સંચરે છે, તે પ્રમાણે - અતિ નીચે વર્તતો સૂર્ય બધી જ પ્રકાશ્ય વસ્તુની ઉપર કુદતી વસ્તુને દૂરથી પરિતાપિત કરે છે. તેથી પ્રકાશ્ય વસ્તુની મહા-મોટી છાયા થાય છે. ઉંચે-અતિ ઉંચે વધતાં સૂર્ય હોતા નીકટનું-અતિ નીકટનું પરિતાપે છે. તેથી પ્રકાશ્ય વસ્તુની હીન અને અતિહીન છાયા થાય છે. એ પ્રમાણે તેમ-તેમ વર્તતા સૂર્યના ઉચ્ચત્વ અને લેશ્યાને આશ્રીને છાયાનું અન્યથા થવાનો ઉદ્દેશો છે.

અહીં પ્રતિક્ષણ તે-તે પુદ્ગલના ઉપચય અને તે-તે પુદ્ગલની હાનિથી જે છાયાનું અન્યત્વ તે કેવલી જ જાણે છે. તે છદ્મસ્થને ઉદ્દેશથી કહ્યું, તેથી તે છાયોદ્દેશ છે. - x - તેમ તેમ વિવર્ત્તમાન સૂર્યનું ઉચ્ચત્વ અને છાયાને હીન, અતિ હીન અને અધિક અતિ અધિક તેમ તેમ થાય, તે આશ્રીને લેશ્યા-પ્રકાશ્ય વસ્તુનું નીકટ-અતિ નીકટ અને દૂર-અતિદૂર પરિતપન વડે ઉદ્દેશો જાણવો.

તથા લેશ્યા-પ્રકાશ્ય વસ્તુના દૂર-અતિ દૂર અને નીકટ-અતિ નીકટ પડતી છાયાને, હીન-અતિહીન અને અધિક-અધિકતર તેમ-તેમ થતી આશ્રીને સૂર્યગત ઉચ્ચત્વના તેમ તેમ વિવર્ત્તમાન ઉદ્દેશો જાણવા. તે શું કહે છે ? ત્રણે ઘટતાં પ્રતિક્ષણ અન્યથા-અન્યથા વિવર્ત્તે છે. તેથી એકના કે બેના તેમ તેમ વિવર્ત્તમાનના ઉદ્દેશ પ્રાપ્ત થવાથી બીજા પણ ઉદ્દેશથી અવગમ કરવો જોઈએ.

એ પ્રમાણે લેશ્યા સ્વરૂપ કહ્યું. હવે પૌરુષી છાયાના પરિણામ વિષયમાં પરતીર્થિકની માન્યતાના સંભવને કહે છે — તે પૌરુષી છાયાના પરિમાણ ચિંતાના

વિષયમાં પણ આ બે પ્રતિપત્તિ જાણવી. તે આ પ્રમાણે —

તે બે પરતીર્થિકોમાં એક એમ કહે છે — તે દિવસ હોય છે, જે દિવસમાં સૂર્ય ઉદ્‌ગમ મુહૂર્તમાં અને અસ્તમય મુહૂર્તમાં ચતુષ્પૌરુષી - ચાર પુરુષ પ્રમાણ, પુરુષ ગ્રહણ એ ઉપલક્ષણ છે, તેનાથી સર્વે પણ પ્રકાશ્ય વસ્તુની ચાર ગુણી છાયા નિર્વર્તે છે. એવો પણ દિવસ હોય છે, જે દિવસમાં ઉદ્‌ગમન અને અસ્તમય મુહૂર્તમાં બે પુરુષ પ્રમાણ છાયાને સૂર્ય નિર્વર્તે છે. અહીં પણ પુરુષગ્રહણ ઉપલક્ષણ છે, તેથી બધી પણ વસ્તુના પ્રકાશ્યની બમણી છાયા નિર્વર્તતી જાણવી.

વળી એક એમ કહે છે — તેવો દિવસ છે, જે દિવસમાં ઉદ્‌ગમન મુહૂર્ત અને અસ્તમય મુહૂર્તમાં સૂર્ય બે પુરુષ પ્રમાણ છાયાને નિર્વર્તે ચે. અર્થાત્ બધી જ પ્રકાશ્ય વસ્તુને બે ગણી છાયાથી નિર્વર્તે છે. એવો પણ દિવસ છે, જે દિવસમાં સૂર્ય અસ્તમય મુહૂર્ત અને ઉદ્‌ગમન મુહૂર્તમાં કંઈપણ પૌરુષી છાયાને નિર્વર્તતી નથી.

હવે આ જ મતને ભાવિત કરે છે — તે બંનેની મધ્યે જે વાદીઓ છે, તે એમ કહે છે — એવો દિવસ છે, જે દિવસમાં ચતુષ્પૌરિસિ છાયાને નિર્વર્તે છે. એવો દિવસ છે, જે દિવસમાં સૂર્ય બે પૌરિસિ છાયાને નિર્વર્તે છે. એ પ્રમાણે સ્વમતની વિભાવનાર્થે કહે છે —

તેમાં જે કાળમાં સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા ૧૨-મુહૂર્તની રાત્રિ થાય છે. તે દિવસમાં સૂર્ય ચતુષ્પુરુષ પ્રમાણ છાયાને નિર્વર્તે છે. તે આ રીતે — ઉદ્‌ગમન મુહૂર્તમાં અને અસ્તમય મુહૂર્તમાં. તે બંને મુહૂર્તોમાં ચતુષ્પૌરુષી છાયાને નિર્વર્તે છે, લેશ્યાને વધારતા પ્રકાશ્ય વસ્તુની ઉપર કુદતા દૂર-અતિ દૂર ફેંકતા, પ્રકાશ્યવસ્તુની ઉપર ન કુદતાં નીકટ-અતિ નીકટ ફેંકતા તે પ્રમાણે છાયાના હીન અને અતિ હીનપણાનો સંભવ છે.

તેમાં જ્યારે સર્વબાહ્ય મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તની રાત્રિ થાય છે, જઘન્ય ૧૨-મુહૂર્તનો દિવસ થાય છે. તે દિવસમાં સૂર્ય બે પુરુષ પ્રમાણ છાયાને નિર્વર્તે છે, તે આ પ્રમાણે - ઉદ્‌ગમન મુહૂર્તમાં અને અસ્તમય મુહૂર્તમાં. તે ત્યારે બે પૌરુષી છાયાને નિર્વર્તે છે. લેશ્યાને વધારતા પણ ઘટાડતાં નહીં. આ વાક્યનો ભાવાર્થ પૂર્વવત્ કહેવો.

તથા તે બંનેની મધ્યે જે વાદી એમ કહે છે કે — તે દિવસ પણ છે, જેમાં તે સૂર્ય બે પૌરુષી છાયાને નિર્વર્તે છે, તેવો પણ દિવસ છે, જેમાં સૂર્ય કંઈપણ પૌરુષી છાયાને નિર્વર્તતો નથી. તેને સ્વમત વિભાવનાર્થે કહે છે —

તેમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડલને સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમકાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટ ૧૮-મુહૂર્તનો દિવસ થાય છે, જઘન્યા બાર મુહૂર્તની રાત્રિ થાય છે. તે દિવસમાં સૂર્ય બે પોરિસિ છાયાને નિર્વર્તે છે. જેમકે - ઉદ્‌ગમન મુહૂર્તમાં અને અસ્તમય મુહૂર્તમાં. ત્યારે તે બે પોરિસિ છાયાને નિર્વર્તે છે. લેશ્યાને વધારે છે - ઘટાડતા નથી.



તેમાં જ્યારે સૂર્ય સર્વ બાહ્યમંડલમાં સંક્રમીને ચાર ચરે છે, ત્યારે ઉત્તમ કાષ્ઠા પ્રાપ્ત ઉત્કૃષ્ટા અઢાર મુહૂર્તની રાત્રિ અને જઘન્ય બાર મુહૂર્તનો પ્રમાણ દિવસ, તે દિવસમાં ઉદ્‌ગમન અને અસ્તમય મુહૂર્તમાં સૂર્ય કંઈપણ પૌરુષી છાયાને નિર્વર્તે છે. ત્યારે સૂર્ય લેશ્યાને વધારતો કે ઘટાડતો નથી, અધિક-અધિકતર છાયાને વધારવા કે હીન-હીનતર છાયાને ઘટાડવાનો પ્રસંગ સંભવે છે.

એ પ્રમાણે પરતીર્થિકની બે પ્રતિપત્તિ સાંભળીને ગૌતમસ્વામી સ્વમતને પૂછે છે — જો આ પરતીર્થિકોની પ્રતિપત્તિ છે, તો ભગવન્ સ્વમતથી આપે કેટલા પ્રમાણમાં સૂર્યની પૌરુષી છાયાને નિર્વતતી કહેલી છે ?

ત્યારે ભગવન્ સ્વમતથી દેશવિભાગથી પોરિસિ છાયાને તેમ તેમ અનિયત પ્રમાણને કહે છે.

પરતીર્થિકો પ્રતિનિયત જ પ્રતિદિવસ દેશવિભાગ વડે ઈચ્છે છે. તેથી પહેલા તેમના મતને જ દર્શાવે છે —

તેમાં દેશવિભાગથી પ્રતિ દિવસ, પ્રતિનિયત પૌરુષી છાયાના વિષયમાં ૯૬-પ્રતિપત્તિઓ કહી છે.

તે ૯૬-પરતીર્થિકો મધ્યે એક આ પ્રમાણે કહે છે — એવો દેશ છે, જે દેશમાં સૂર્ય આવતા એક પૌરુષી-એક પુરુષ પ્રમાણ, પુરુષ ગ્રહણ ઉપલક્ષણથી બળ પણ પ્રકાશ્ય વસ્તુની સ્વપ્રમાણ છાયાને નિર્વર્તે છે.

વળી એક એમ કહે છે કે — એવો પણ દેશ છે, જે દેશમાં આવેલો સૂર્ય બે પુરુષ પ્રમાણ, પુરુષ ગ્રહણના ઉપલક્ષણથી બધી જ વસ્તુના પ્રકાશ્યની બે ગુણી, છાયાને નિર્વર્તે છે.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી આ અનંતરોક્ત આલાવા વડે - સૂત્રપાઠગમથી, બાકીની પ્રતિપત્તિગત સૂત્ર જ્યાં સુધી ચરમ પ્રતિપત્તિગત સૂત્ર છે, ત્યાં સુધી લઈ જવું. તેને જ ખંડથી દર્શાવે છે - ''૯૬'' ઈત્યાદિ.

આને જ પરિપૂર્ણ જાણવું - વળી એક એમ પણ કહે છે — તેવો દેશ છે, જે દેશમાં સૂર્ય ૯૬ પોરિસિ છાયાને નિર્વર્તે છે, તેમ કહેલ છે - તે કહેવું.

મધ્યમ પ્રતિપત્તિગત આલાવાઓ સુગમ હોવાથી સ્વયં વિચારી લેવા જોઈએ.

હવે આ ૯૬-પ્રતિપત્તિઓની ભાવનિકાને કરે છે. તેમાં ૯૬-પરતીર્થિકો મધ્યે જે વાદીઓ એ પ્રમાણે કહે છે કે — તેવો દેશ છે, જે દેશમાં આવેલ સૂર્ય એક પૌરુષી - પ્રકાશ્ય વસ્તુની સ્વપ્રમાણ છાયાને નિર્વર્તે છે, તે જ સ્વમત વિભાવનાર્થે કહે છે—

સૂર્યના સર્વ નીચેના સૂર્ય પ્રતિધાનથી અર્થાત્ સૂર્ય નિવેશથી બહાર નીકળેલ જે લેશ્યા, તેના વડે તાડ્યમાનથી આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમ રમણીય ભૂમિ ભાગથી જેટલો સૂર્ય ઉર્ધ્વ ઉચ્ચત્વથી વ્યવસ્થિત છે એટલો માર્ગ એક છાયાનુમાન પ્રમાણથી પ્રકાશ વસ્તુના જે ઉદ્દેશથી પ્રમાણ મપાય છે, તેના વડે આ આકાશદેશમાં સૂર્ય સમીપમાં પ્રકાશ્ય વસ્તુના પ્રમાણને સાક્ષાત્ પરિગ્રહીત કરવાનું શક્ય નથી. પરંતુ દેશથી અનુમાન વડે, તેથી છાયાનુમાન પ્રમાણથી એમ કહે છે અવમિત

પરિચ્છિન્ન જે દેશ-પ્રદેશ, જે પ્રદેશમાં આવતા સૂર્ય એક પૌરુષીને - પુરુષ ગ્રહણના ઉપલક્ષણથી બધી જ પ્રકાશ્ય વસ્તુની પ્રમાણભૂત છાયાને નિર્વર્તે છે.

અહીં આ ભાવના છે - પહેલા ઉદયમાન સૂર્યમાં જે લેશ્યા નીકળીને પ્રકાશને આશ્રિત છે, તેના વડે પ્રકાશ્ય વસ્તુ દેશમાં ઉર્ધ્વ ક્રિયમાણ વડે કંઈક પૂર્વાભિમુખ નમેલા વડે પ્રકાશ્ય વસ્તુ વડે જે સંભાવ્ય પરિછિન્ન આકાશપ્રદેશ છે, ત્યાં આવીને સૂર્ય પ્રકાશ્યવસ્તુ પ્રમાણ છાયાને નિર્વર્તે છે. એ પ્રમાણે આગળ પણ ભાવના કરવી.

તેમાં જે તે વાદીઓ એમ કહે છે — તે દેશ છે. જે દેશમાં આવીને સૂર્ય બે પૌરુષી છાયાને નિર્વર્તે છે, તે જ સ્વમતને વિસ્ફારણને માટે કહે છે —

સૂર્યના સૌથી નીચેથી સૂર્યપ્રતિધિ - સૂર્યનિવેશથી બહાર નીકળતી લેશ્યા વડે તાડ્યમાન આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમ રમણીય ભૂમિ ભાગથી ઉર્ધ્વ ઉચ્ચત્વથી વ્યવસ્થિત આ બંને અદ્ધા વડે બે છાયાનુમાન પ્રમાણો વડે પ્રકાશ્ય વસ્તુ પ્રમાણો વડે પરિચ્છિન્ન જે દેશ, તેમાં સમાગત સૂર્ય બે પૌરુષી - પ્રકાશ્ય વસ્તુની બમણી છાયા નિર્વર્તે છે.

એ પ્રમાણે એક-એક પ્રતિપત્તિમાં ઐકૈક છાયાનુમાન પ્રમાણ વૃદ્ધિથી ત્યાં સુધી જાણવું, જ્યાં સુધી ૯૬મી પ્રતિપત્તિ છે. તેમાં રહેલ સૂત્રો સ્વયં વિચારવા કેમકે સુગમ છે. એ પ્રમાણે પરતીર્થિકોની પ્રતિપત્તિ કહી છે.

હવે સ્વમતને દેખાડે છે — અમે વળી એ વક્ષ્યમાણ પ્રકારથી કહીએ છીએ, તે જ પ્રકારો જણાવે છે - सातिरेक० આદિ. ઉગવાના અને અસ્ત થવાના સમયે સાતિરેક ૫૯ પુરુષ પ્રમાણ છાયાને નિર્વર્તે છે. આ જ વાતને કહે છે —

જેમાંથી અર્દ્ધ ચાલી ગયેલ છે, તે અપાર્દ્ધ અને તે આ પૌરુષી તે અપાર્દ્ધ પૌરુષી છાયા પુરુષગ્રહણમના ઉપલક્ષણથી બધી વસ્તુના પ્રકાશ્ય અર્ધ પ્રમાણ છાયા, એ પ્રમાણે આગળ પણ લક્ષણ વ્યાખ્યાન જાણવું.

દિવસનો કેટલો ભાગ જતા - કેટલો ભાગ જતા અથવા તે શેષ - કેટલામો ભાગ બાકી રહે છે ?

ભગવંતે કહ્યું — દિવસનો ત્રીજો ભાગ જતાં થાય છે. દિવસનો ત્રીજો ભાગ, બાકી રહેતા, તે પૌરુષી પુરુષ પ્રમાણ. પ્રકાશ્ય વસ્તુના સ્વપ્રમાણ, છાયા કેટલી જતાં - કેટલો ભાગ જતા કે કેટલો ભાગ બાકી રહેતા થાય છે ?

ભગવંત કહે છે — ચોથો ભાગ જતાં કે ચોથો ભાગ બાકી રહેતા, પ્રકાશ્ય વસ્તુની સ્વ પ્રમાણભૂત છાયા બીજા ગ્રંથમાં અન્યત્ર સર્વાભ્યંતર મંડલને આશ્રીને કહેલી છે. - x - x - આ પોરિસિ પ્રમાણને ઉત્તરાયણને અંતે, દક્ષિણાયનની આદિમાં એક દિવસની થાય છે. તેના પછી અર્ધ - $^{૧}/_{૬૦}$ ભાગ અંગુલના દક્ષિણાયનમાં વધે છે. ઉત્તરાયણમાં ઘટે છે. એ પ્રમાણે મંડલ-મંડલમાં અન્યા પોરિસિ છે.

આ સર્વ પણ પૌરુષી વિભાગ પ્રમાણ પ્રતિપાદન સર્વાભ્યંતર મંડલને આશ્રીને જાણવું. સાર્દ્ધ પુરુષ પ્રમાણ છાયા દિવસના કેટલામાં ભાગમાં હોય છે, કેટલામાં ભાગે બાકી રહે છે ? ભગવંતે કહ્યું — દિવસનો પાંચમો ભાગ જતાં કે પાંચમો ભાગ બાકી



રહેતા થાય છે.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી અર્દ્ધ પુરુષ પ્રમાણ છાયાને છોડીને - પૃચ્છા. પૃચ્છા સૂત્ર જાણવું જોઈએ. પૂર્વ પૂર્વ સૂત્ર અપેક્ષાથી એક-એક અધિક દિવસ ભાગને છોડી-છોડીને ઉત્તર સૂત્ર જાણવું જોઈએ. તે આ પ્રમાણે - બે પોરિસિ છાયા જતાં કે રહેતા ? છ ભાગ જતાં કે રહેતા ? અઢી પોરિસિ છાયા જતાં કે રહેતાં ? સાત ભાગ જતાં કે રહેતાં ? ઈત્યાદિ.

અને આ આટલા ત્યાં સુધી જ્યાં સુધી સાતિરેક ૫૯-પૌરુષી છાયા દિવસના પ્રારંભ સમયમાં અને પર્યન્ત સમયમાં છે. પછી કહે છે — કંઈ પણ જતાં કે રહેતા નહીં.

હવે છાયા ભેદોને કહે છે — તેમાં તે છાયામાં વિચારણા કરતાં નિશ્ચે આ ૨૫-પ્રકારની છાયાઓ કહેલી છે ? તે આ પ્રમાણે - સ્તંભ છાયા ઈત્યાદિ. પ્રાયઃ સુગમ છે, આ પદોનું વિશેષ વ્યાખ્યાન બીજા શાસ્ત્રોથી સંપદ્રાયાનુસાર કહેવું.

‘ગોલછાયા’ એમ કહ્યું, તેથી તે જ ગોલછાયાને ભેદથી કહે છે — તે પચીશ છાયાની મધ્યે નિશ્ચે આ ગોલછાયા આઠ ભેદે કહેલી છે, તે આ પ્રમાણે —

ગોલ માત્રની છાયા તે ગોલછાયા, અપાર્દ્ધ - અર્ધ માત્ર ગોળની છાયા તે અપાર્દ્ધ ગોલછાયા, ગોલની આવલિ તે ગોલાવલિ, તેની છાયા તે ગોલાવલિછાયા. અપાર્દ્ધમાત્રાની ગોલાવલિની છાયા તે અપાર્દ્ધ ગોલાવલિ છાયા, ગોળનો પુંજ તે ગોળપુંજ, તેની છાયા તે ગોલપુંજ છાયા. અર્ધ માત્ર ગોલપુંજની છાયા, અપાર્દ્ધગોલપુંજ છાયા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૯-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પ્રાભૃત-૧૦ ❁

-- x -- x --

૦ એ પ્રમાણે નવમું પ્રાભૃત કહ્યું, હવે દશમું કહે છે –

## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃત-પ્રાભૃત-૧ ❁

તેનો આ અર્થાધિકાર છે, જેમકે ભગવન્ ! આપે તે કઈ રીતે કહેલ છે ? તે વિષયમાં ઉત્તરસૂત્ર કહે છે –

● **સૂત્ર-૪૨ :-**

***યોગમાં વસ્તુનો આવલિકાનિપાત કઈ રીતે થતો કહેવો ? કઈ રીતે તે યોગમાં વસ્તુનો આવલિકાનિપાત કહેલ છે ? તેમાં આ પાંચ પ્રતિપત્તિઓ કહેલી છે - એક એમ કહે છે કે તે બધાં પણ નક્ષત્રો કૃતિકાથી ભરણી સુધી છે. બીજો કહે છે – બધાં નક્ષત્રો મઘાથી આશ્લેષા સુધી છે. ત્રીજો વળી કહે છે કે – બધાં નક્ષત્રો ધનીષ્ઠાથી શ્રવણ સુધીના છે. ચોથો કહે છે – બધાં નક્ષત્રો અશ્વિનીથી રેવતી સુધી છે. પાંચમો કહે છે – બધાં નક્ષત્રો ભરણીથી અશ્વિની સુધી છે. અમે એમ કહીએ છીએ કે – બધાં પણ નક્ષત્રો અભિજીતથી ઉત્તરાષાઢા સુધીના કહેલા છે. તે આ રીતે – અશ્વિની, શ્રવણ યાવત્ ઉત્તરાષાઢા.***

● **વિવેચન-૪૨ :-**

બીજા કથનીયને છોડી, હાલ આ કહે છે – યોગ નક્ષત્રોની યુતિના સંબંધમાં, આવલિકા ક્રમથી નિપાત - ચંદ્ર-સૂર્ય સાથે સંપાત કહેલો મારા વડે સ્વશિષ્યોનો કહેવો, એમ કહેતા ગૌતમસ્વામી પૂછે છે - કયા પ્રકારે હે ભગવન્ ! આપે નક્ષત્ર જાતનો આવલિકા નિપાત છે, તે આખ્યાત છે તેમ કહેવું ? ભગવંતે કહ્યું – તેમાં નક્ષત્ર જાતની આવલિકાનિપાત વિષયમાં નિશ્ચે આ પાંચ પ્રતિપત્તિઓ - પરતીર્થિકોના મતરૂપ કહેલ છે. તે આ રીતે –

તે પાંચ પરતીર્થિકોમાં એક પરતીર્થિક એમ કહે છે – બધાં જ નક્ષત્રો - કૃતિકાથી ભરણી સુધીના કહેલાં છે. એ પ્રમાણે બાકી પ્રતિપત્તિ ચતુષ્ક સૂત્રો વિચારવા, એ રીતે અન્યમત દર્શાવી હવે સ્વમતને દર્શાવે છે. અમે વક્ષ્યમાણ પ્રકારથી કહીએ છીએ - બધાં જ નક્ષત્રો અભિજિત આદિ ઉત્તરાષાઢા સુધી કહેલ છે.

કઈ રીતે ? અહીં બધાં સુષમાસુષમાદિરૂપ કાળ વિશેષની આદિ યુગ છે. - x - યુગની આદિમાં પ્રવર્તે છે - શ્રાવણ માસના કૃષ્ણપક્ષની એકમ તિથિ, તેમાં બાલવકરણ, અભિજિત નક્ષત્રમાં ચંદ્ર સાથે યોગને પામે છે. આ કથન જ્યોતિષ્ કરંડકમાં પણ કહેલ છે - x - અહીં સર્વત્ર ભરત, ઐરવત, મહાવિદેહમાં, બાકી સુગમ છે. આ બધાં જ કાળ વિશેષોની આદિમાં ચંદ્રના યોગને આશ્રીને અભિજિત્ નક્ષત્રના વર્તમાનપણાથી અભિજિત આદિ નક્ષત્રો કહેલા છે.

૦ પ્રાભૃત-પ્રાભૃત-૧-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦



## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૨ ❁

૦ એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું પહેલું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું હવે બીજાનો આરંભ કરે છે તેનો આ અર્થાધિકાર છે – ‘‘નક્ષત્ર વિષય મુહૂર્તપરિમાણ’’ કહેવું. તેથી તેના વિષયમાં પ્રશ્નસૂત્ર –

● **સૂત્ર-૪૩ :-**

***કઈ રીતે તે મુહૂર્તો કહેલા કહેવા ? આ ૨૮-નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો છે, જે નવ મુહૂર્ત અને મુહૂર્તના ૨૭/૬૭ ભાગ ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ૧૫ મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ૧૫ મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ૪૫-મુહૂર્તથી ચંદ્રની સાથે યોગ કરે છે.***

***આ ૨૮-નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો છે, જે ૯ - ૨૭/૬૭ મુહૂર્તના ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલાં નક્ષત્રો છે, જે ૧૫-મુહૂર્તમાં ચંદ્ર સાથે યોગ કરે છે. કેટલાં નક્ષત્રો ૩૦ મુહૂર્તમાં ચંદ્રની સાથે યોગ કરે છે. કેટલા નક્ષત્રો ૪૫-મુહૂર્તમાં ચંદ્રની સાથે યોગ કરે છે ?***

***આ ૨૮-નક્ષત્રોમાં, જે નક્ષત્રો ૯ - ૨૭/૬૭ મુહૂર્તમાં ચંદ્રની સાથે યોગ કરે છે, તે એક અભિજિત નક્ષત્ર છે. તેમાં જે નક્ષત્રો ૧૫-મુહૂર્તથી ચંદ્ર સાથે યોગ કરે છે તે છ છે. તે આ – શતભિષક્, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો ત્રીશ મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે, તેવા ૧૫ છે, તે આ – શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા, રેવતી, અશ્વીની, કૃતિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ, પૂર્વાષાઢા, તેમાં જે નક્ષત્રો ૪૫-મુહૂર્તથી ચંદ્ર સાથે યોગ કરે છે, તે છ છે – ઉત્તરાભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા, ઉત્તરાષાઢા.***

● **વિવેચન-૪૩ :-**

ભગવન્ ! કઈ રીતે પ્રતિનક્ષત્રનું મુહૂર્ત પરિમાણ કહેવું ? તેમ પૂછતા ભગવંતે કહ્યું – આ ૨૮ નક્ષત્રો મધ્યે છે, જે નક્ષત્ર - ૯ - ૨૭/૬૭ મુહૂર્ત યાવત્ ચંદ્ર સાથે યોગ કરે છે. તથા એવા નક્ષત્રો છે જે ૧૫-મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે, તથા એવા નક્ષત્રો છે જે ૩૦ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ પામે છે, તથા એવા નક્ષત્રો છે, જે ૪૫-મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે. એ પ્રમાણે સામાન્યથી ભગવંતે કહેલ, વિશેષ નિર્દ્ધારણાર્થે ભગવન્ ગૌતમ પૂછે છે કે આ ૨૮ નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો છે જે નવ મુહૂર્ત અને એક મુહૂર્તના સતાવીશ સડસઠાંશ ભાગ સુધી ચંદ્ર સાથે યોગ કરે છે - x - યાવત્ - x - કેટલા નક્ષત્રો છે જે ૪૫ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે.

એ પ્રમાણે ગૌતમે પ્રશ્ન કરતાં ભગવંતે કહ્યું કે – આ ૨૮-નક્ષત્રો મધ્યે જે નક્ષત્રો ૯ - ૨૭/૬૭ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ જોડે છે, તે એકમાત્ર અભિજિત

જાણવું. શા માટે ? તે કહે છે — આ અભિજિત નક્ષત્ર ૬૭ ખંડ કરાયેલ અહોરાત્રના ૨૧ ભાગોનું પણ મુહૂર્તગત ભાગ કરવાને માટે ૩૦ વડે ગુણીએ. તો ૬૩૦ સંખ્યા થાય છે. આટલા કાળને આશ્રીને સીમા વિસ્તાર અભિજિત નક્ષત્રનો બીજે પણ કહેલ છે - x - તેમાં ૬૭ ભાગ કરાતા પ્રાપ્ત થશે - ૯ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૭/૬૭ ભાગ. - x -

તે ૨૮-નક્ષત્રો મધ્યે જે નક્ષત્રો ૧૫-મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગને પામે છે, તે છ છે - શતભિષક્ ઈત્યાદિ. તેથી કહે છે — આ છ એ નક્ષત્રોના પ્રત્યેકના ૬૭ ખંડ કરેલ અહોરાત્રના હોવાથી સાર્દ્ધ ૩૩ ભાગ સુધી ચંદ્ર સાથે યોગ થાય છે. તેથી મુહૂર્તગત ૬૭ ભાગ કરવાને ૩૩ વડે ગુણીએ, તો ૯૯૦ની સંખ્યા થશે. જો કે સાર્દ્ધને પણ ૩૦ વડે ગુણવાથી અને દ્વિક વડે ભાંગતા પ્રાપ્ત થશે - ૧૫ મુહૂર્તના ૬૭ ભાગો, તે પૂર્વ રાશિમાં ઉમેરીએ, તો ૧૦૦૫ થશે. આ પ્રત્યેકને કાળને આશ્રીને સીમા વિસ્તાર મુહૂર્તગત ૬૭ ભાગેના ૧૦૦૫ થશે કહ્યું પણ છે કે શતભિષા, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતી, જ્યેષ્ઠા ૧૦૦૫ ભાગ સીમા વિષ્કંભ છે. આ ૧૦૦૫ના ૬૭ ભાગ કરતાં પ્રાપ્ત થશે ૧૫ મુહૂર્તો છે કહ્યું છે કે — શતભીષજ આદિ છ નક્ષત્રો ૧૫-મુહૂર્ત સંયોગ છે.

તથા તે ૨૮ નક્ષત્રોમાં જે નક્ષત્રો ૩૦ મુહૂર્ત સુધી ચંદ્રની સાથે યોગ કરે છે, તે ૧૫ છે. જેમકે - શ્રવણ ઈત્યાદિ. આનો કાળને આશ્રીને પ્રત્યેકનો સીમા વિષ્કંભ મુહૂર્તગત ૬૭ ભાગોના ૨૦૧૦, પછી તે ૬૭ ભાગ વડે ભંગાતા પ્રાપ્ત થશે ૩૦ મુહૂર્ત.

તથા જે નક્ષત્રો ૪૫-મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે, તે છ છે. તે આ રીતે - ઉત્તરાભાદ્રપદ આદિ, તેમનો જ પ્રત્યેક કાળને આશ્રીને સીમાવિષ્કંભ મુહૂર્તગત ૬૭ ભાગોના ૩૦૧૫, પછી તેમને ૬૭ ભાગ વડે ભંગાતા પ્રાપ્ત થશે - ૪૫ જ મુહૂર્તો કહ્યું છે કે ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા, આ છ નક્ષત્રો ૪૫-મુહૂર્ત સંયોગવાલા છે. - x -

એ પ્રમાણે નક્ષત્રોનો ચંદ્ર સાથે યોગ કહ્યો. હવે સૂર્યની સાથે તેને કહેવા માટે કહે છે —

**● સૂત્ર-૪૪ :-**

*આ ૨૮-નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો છે, જે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત સૂર્યની સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે છ અહોરાત્ર અને ૨૧-મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ૧૩ અહોરાત્ર અને ૧૨-મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ૨૦ અહોરાત્ર અને ત્રણ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે. આ ૨૮ નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો છે, જે ચાર અહોરાત્ર અને છ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે ? - x - યાવત્ - x - કેટલા નક્ષત્રો છે, જે ૨૦ અહોરાત્રમાં સૂર્ય સાથે યોગ કરે છે ?*

*આ ૨૮ નક્ષત્રોમાં જે નક્ષત્રો ચાર અહોરાત્ર અને છ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ કરે છે તે અભિજિત છે. તેમાં જે નક્ષત્રો છ અહોરાત્ર અને ૨૧-મુહૂર્તમાં*



*સૂર્ય સાથે યોગ કરે છે તે છ કહ્યા છે — શતભિષજ, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો ૧૩ અહોરાત્ર અને ૧૨-મુહૂર્તમાં સૂર્યની સાથે યોગ કરે છે, તે ૧૫ છે. તે આ — શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા, રેવતી, અશ્વિની, કૃતિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂળ, પૂર્વાષાઢા. તેમાં જે નક્ષત્રો ૨૦-અહોરાત્ર અને ત્રણ મુહૂર્તથી સૂર્ય સાથે યોગ કરે છે, તેવા છ છે — ઉત્તરાભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા અને ઉત્તરાષાઢા.*

**● વિવેચન-૪૪ :-**

આ અનંતરોક્ત ૨૮-નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે, જે ચાર અહોરાત્ર - છ મુહૂર્ત યાવત્ સૂર્ય સાથે યોગ કરે છે. તથા એવા પણ છે, જે છ અહોરાત્ર અને ૨૧ મુહૂર્તમાં સૂર્ય સાથે યોગ યોજે છે, તેવા પણ નક્ષત્રો છે, જે ૧૩-અહોરાત્ર અને ૧૨-મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે. એવા નક્ષત્રો છે જે ૨૦ અહોરાત્ર અને ત્રણ મુહૂર્તો સુધી સૂર્યની સાથે યોગ કરે છે. એ પ્રમાણે ભગવંતે સામાન્યથી કહેતા વિશેષ બોધ નિમિત્તે ફરી ગૌતમસ્વામી પૂછે છે — પ્રશ્નસૂત્ર સુગમ છે.

ભગવંત તેનો ઉત્તર આપે છે — આ ૨૮ નક્ષત્રો મધ્યે જે નક્ષત્ર ચાર અહોરાત્ર અને છ મુહૂર્તોમાં સૂર્ય સાથે યોગ જોડે છે, તે એક જ અભિજિત નક્ષત્ર જાણવું. તેથી કહે છે — સૂર્ય યોગ વિષયક પૂર્વાચાર્ય પ્રદર્શિત આ પ્રકરણ છે —

જે નક્ષત્ર જેટલા અહોરાત્રના સંબંધી ૬૭ ભાગોને ચંદ્ર સાથે યોગમાં જાય છે, તે નક્ષત્ર અહોરાત્રના પાંચમા ભાગોથી ત્યાં સુધી સૂર્ય સાથે જાય છે. તેમાં અભિજિત ૨૧/૬૭ ભાગોને ચંદ્ર સાથે વર્તે છે. તેથી આ પંચભાગ અહોરાત્રના સૂર્ય સાથે વર્તતો જાણવો. ૨૧ને પાંચ વડે ભાગ કરાતા ચાર અહોરાત્ર અને ૧/૫ ભાગ રહે છે. તેના મુહૂર્ત કરવા ૩૦ વડે ગુણે છે, તેથી ૩૦ સંખ્યાને પાંચ વડે ભાગ કરાતા છ મુહૂર્ત થાય. - x -

તે ૨૮-નક્ષત્રોની મધ્યે જેટલા નક્ષત્રો ૬ અહોરાત્ર અને ૨૧-મુહૂર્ત સુધી સૂર્ય સાથે યોગ કરે છે. તે આ છે - શતભિષજ આદિ છ આ નક્ષત્રો પ્રત્યેક ચંદ્રની સાથે આર્દ્ધ ૩૩ અને અહોરાત્રના ૬૭ ભાગ જાય છે. જેમકે અપાર્દ્ધ ક્ષેત્રત્વ છે. તેથી આ પાંચ ભાગ અહોરાત્રના સૂર્યની સાથે જતા જાણવા કેમકે પૂર્વોક્ત કારણનું પ્રામાણ્ય છે. ૩૩ને પાંચ ભાગ વડે ભાંગતા છ અહોરાત્ર થાય છે, પછી સાર્ધ ૩/૫ ભાગ રહે છે. તે સવર્ણનામાં સાત થાય છે. મુહૂર્ત લાવવા માટે ૩૦ વડે ગુણે છે, તેથી ૨૧૦ થાય છે. એ મુહૂર્તના અર્દ્ધગતમાં, તેથી પરિપૂર્ણ મુહૂર્ત લાવવા માટે ૧૦ ભાગ વડે ભાંગતા ૨૧-મુહૂર્ત થાય છે. - x - x -

તે ૨૮-નક્ષત્રોની મધ્યે જે નક્ષત્રો ૧૩-અહોરાત્ર અને ૧૨-મુહૂર્તો સુધી સૂર્યની સાથે યોગ જોડે છે, તે ૧૫ છે - શ્રવણ ઈત્યાદિ. તેથી કહે છે — આ પરિપૂર્ણ ૬૭ ભાગ ચંદ્રની સાથે જાય છે. પછી સૂર્યની સાથે આ પાંચ ભાગ અહોરાત્રની ૬૭ સંખ્યા જાય. ૬૭ અને પાંચ ભાગ વડે પ્રાપ્ત ૧૩-અહોરાત્ર, બાકી બે ભાગ રહે છે. તે બંનેને

૩૦ વડે ગુણીએ, તો ૬૦ થાય, તેને પાંચ વડે ભાગ કરતાં પ્રાપ્ત ૧૨-મુહૂર્ત્ત થાય.
- x - x -

તે ૨૮-નક્ષત્રો મધ્યે જે નક્ષત્રો ૨૦ અહોરાત્રો અને ત્રણ મુહૂર્તો સુધી સૂર્યની સાથે યોગને પામે છે તે છ છે - તે આ પ્રમાણે - ઉત્તરાભાદ્રપદ આદિ. આ જ છ નક્ષત્રો પ્રત્યેક ચંદ્રની સાથે ૬૭ ભાગોના શત અને એકના ૬૭ ભાગનું અર્દ્ધ જાય છે. પછી આ પંચભાગ અહોરાત્રના સૂર્ય સાથે જતાં જાણવા, ૧૦૦ને પાંચ વડે ભાગ કરાતા પ્રાપ્ત થાય ૨૦-અહોરાત્ર, જો કે એકના પાંચ ભાગના અર્દ્ધને ઉદ્ધરે છે, તે પણ ૩૦ વડે ગુણતા, ૩૦ થાય, તેને ૧૦ વડે ભાંગતા ત્રણ મુહૂર્ત્ત પ્રાપ્ત થાય છે.

૦ પ્રાભૃત પ્રાભૃત-૨-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x --



## ❀ પ્રાભૃત-૧૦-પ્રાભૃત-પ્રાભૃત-૩ ❀

૦ દશમા પ્રાભૃતનું પ્રાભૃત-પ્રાભૃત ૨ કહ્યું. હવે ત્રીજાનો આરંભ કરે છે તેનો આ અર્થાધિકાર — ''એ પ્રમાણે ભાગોના નક્ષત્રો કહેવા.'' તેથી તેના વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે —

● **સૂત્ર-૪૫ :-**

***એવા ભાગના નક્ષત્રો કેટલા કહેલા છે, તેમ કહેવું ? આ ૨૮ નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે જે પૂર્વભાગા અને સમક્ષેત્ર કહેલા છે. એવા નક્ષત્રો છે, જે પશ્ચાત્ ભાગા સમક્ષેત્ર ૩૦ મુહૂર્ત્તવાળા છે. એવા નક્ષત્રો છે જે રાત્રિગત અપાર્દ્ધ ક્ષેત્રા ૧૫-મુહૂર્ત્તવાળા છે, એવા નક્ષત્રો છે, જે ઉભય ભાગ દ્વીપાર્દ્ધક્ષેત્રવાળા, ૪૫-મુહૂર્ત્તવાળા પણ કહેલા છે.***

***તે આ ૨૮ નક્ષત્રોમાં કેટલા નક્ષત્ પૂર્વ ભાગ સમક્ષેત્ર ૩૦-મુહૂર્ત્તવાળા કહેલા છે ? યાવત્ કેટલા નક્ષત્રો ઉભય ભાગા દ્વીપાર્દ્ધક્ષેત્રા ૪૫-મુહૂર્ત્તવાળા કહેલા છે ?***

***આ ૨૮-નક્ષત્રોમાં જે નક્ષત્રો પૂર્વભાગ - સમક્ષેત્ર અને ૩૦-મુહૂર્ત્તવાળા કહ્યા તે છ છે — પૂર્વા પ્રોષ્ઠપદા, કૃતિકા, મઘા, પૂર્વા ફાલ્ગુની, મૂળ, પૂર્વાષાઢા. તેમાં જે નક્ષત્રો પશ્ચાત્ ભાગા-સમક્ષેત્રા અને ૩૦ મુહૂર્ત્તવાળા કહ્યા તે દશ છે - અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, રેવતી, અશ્વિની, મૃગશીર્ષ, પુષ્ય, હસ્ત, ચિત્રા, અનુરાધા અને જે નક્ષત્રો રાત્રિગત અને અર્દ્ધક્ષેત્રવાળા, ૧૫-મુહૂર્ત્તના કહ્યા, તે છ છે — શતભિષજ, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતી અને જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો ઉભયભાગા-દ્વીપાર્દ્ધક્ષેત્ર અને ૪૫-મુહૂર્ત્તવાળા કહ્યા તે છ છે — ઉત્તરાપ્રૌષ્ઠપદા, રોહિણી, પુનર્વસુ, ઉત્તરા ફાલ્ગુની, વિશાખા અને ઉત્તરાષાઢા.***

● **વિવેચન-૪૫ :-**

ભગવન્ ! ક્યા પ્રકારે આપે एवंभाग - કહેવાનાર પ્રકારે ભાગવાળા નક્ષત્રો કહેલા છે તેમ કહેવું ? ભગવંતે કહ્યું કે — આ અઠ્ઠાવીશ નક્ષત્રો મધ્યે એવા નક્ષત્રો છે જે પૂર્વભાગ-દિવસના પૂર્વભાગમાં ચંદ્રના યોગની આદિને આશ્રીને રહેલા છે, જેમાં તે પૂર્વભાગવાળા, પૂર્ણ અહોરાત્ર પ્રમિત ક્ષેત્રને ચંદ્રના યોગને આશ્રીને જેમાં છે તે સમક્ષેત્રવાળા. તેથી જ ૩૦-મુહૂર્તો કહ્યા.

તથા તેવા પણ નક્ષત્રો છે, જે પશ્ચાદ્ભાગ-દિવસના પાછળના ભાગે ચંદ્રના યોગને આશ્રીને રહે છે જેમાં, તે પશ્ચાદ્ ભાગવાળા સમક્ષેત્ર ૩૦-મુહૂર્ત્તવાળા કહેલા છે.

તથા તેવા પણ નક્ષત્રો છે, જે રાત્રિમાં ચંદ્રના યોગને આશ્રીને અવકાશ જેમાં છે, તે તથા અપાર્દ્ધ - અર્દ્ધ માત્ર ક્ષેત્રવાળા છે. અર્ધમાત્ર ક્ષેત્ર અહોરાત્ર પ્રમિત જેમાં છે તે. તેથી ૧૫-મુહૂર્ત્તવાળા, ચંદ્રયોગને આશ્રીને ૧૫-મુહૂર્તો રહેલા છે, જેમાં તે કહેલ છે.

તથા એવા પણ નક્ષત્રો છે, જે દિવસ અને રાત્રિમાં - બંનેમાં ચંદ્રયોગની

આદિને આશ્રીને અવકાશ વાળા છે. તેથી કહે છે — દ્વિ-અર્ધ ક્ષેત્રવાળા. બીજું અર્ધુ જેને છે, તે દ્વ્યર્દ્ધ. અર્થાત્ સાર્દ્ધ અહોરાત્ર પ્રમિત ક્ષેત્ર જેમાં છે તે. તેથી જ ૪૫-મુહૂર્તો કહેલા છે.

ભગવંતે એ પ્રમાણે સામાન્યથી કહેતા, વિશેષ બોધ માટે ગૌતમસ્વામી પૂછે છે — તે પ્રશ્ન સૂત્ર સુગમ છે. ભગવંત તેનો ઉત્તર આપે છે - આ ૨૮ નક્ષત્રો મધ્યે જે નક્ષત્રો પૂર્વભાગવાળા સમક્ષેત્ર ૩૦ મુહૂર્ત કહેલા છે, તે છ છે — પૂર્વ પ્રૌષ્ઠપદા ઈત્યાદિ. આ અનંતર જ પ્રાભૃતપ્રાભૃતમાં યોગની આદિમાં વિચારણા કરતા કહીશું.

તથા તે ૨૮ નક્ષત્રોમાં જે નક્ષત્રો પશ્ચાદ્ ભાગવાળા, સમક્ષેત્ર અને ૩૦ મુહૂર્તવાળા કહેલા છે, તે દશ છે — અભિજિતાદિ.

તે ૨૮ નક્ષત્રો મધ્યે જે નક્ષત્રો રાત્રિગત, અપાર્દ્ધ ક્ષેત્રવાળા, ૧૫-મુહૂર્તના કહેલા છે, તે છ છે — શતભિષજાદિ.

તે ૨૮ નક્ષત્રો મધ્યે જે નક્ષત્રો ઉભય ભાગ છે, તે દ્વ્યર્દ્ધક્ષેત્રવાળા, ૪૫-મુહૂર્તવાળા છ કહ્યા છે, તે - ઉત્તરપૌષ્ઠપદાદિ છે. બધે જ ભાવના આગળ અનંતર જ વિચારીશું.

૦ પ્રાભૃત પ્રાભૃત-૩-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x --



## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૪ ❁

૦ એ પ્રમાણે ત્રીજું પ્રાભૃતપ્રાભૃત કહ્યું, હવે ચોથું આરંભે છે - તેનો આ અર્થાધિકાર છે - ''યોગની આદિનું કથન'', અનંતર પૂર્વ પ્રાભૃતપ્રાભૃતમાં નક્ષત્રોની પૂર્વ ભાગગતાદિ કહ્યા, તે યોગની આદિના પરિજ્ઞાન વિના જાણવા શક્ય નથી, તેથી તેનું પ્રશ્ન સૂત્ર —

● સૂત્ર-૪૬ :-

*તે યોગની આદિ કઈ રીતે કહેલ કહેવી ? અભિજિત અને શ્રવણ બંને નક્ષત્રો પશ્ચાત્ ભાગ સમક્ષેત્ર સાતિરેક ૩૯ મુહૂર્તવાળા છે, તે પહેલા સંધ્યાકાળે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી સાતિરેક બીજા દિવસ સાથે, એ પ્રમાણે અભિજિત અને શ્રવણ બંને નક્ષત્રો એક રાત્રિ અને એક સાતિરેક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે. યોગ કરીને યોગને અનુપરિવર્તન કરે છે. યોગને અનુપરિવર્તિત કરીને સાંજે ચંદ્રને ધનિષ્ઠા નક્ષત્રને સોંપે છે.*

*તે ધનિષ્ઠા નક્ષત્ર પશ્ચાત્ ભાગ સમક્ષેત્ર ૩૦-મુહૂર્ત છે. તે પહેલાં સંધ્યાકાળે ચંદ્રની સાથે યોગ કરે છે, કરીને ચંદ્ર સાથે યોગ કર્યા પછી રાત્રિ અને બીજો દિવસ જોડાય છે. એ રીતે ધનિષ્ઠા નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગને અનુપરિવર્તિત કરે છે, યોગને અનુપરિવર્તન કરીને સાંજે ચંદ્રને શતભિષજ નક્ષત્રને સોંપે છે.*

*તે શતભિષજ નક્ષત્ર રાત્રિગત, અપાર્દ્ધક્ષેત્ર, ૧૫-મુહૂર્ત છે. પહેલાં સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે. યોગ કરીને યોગને અનુપરિવર્તીત કરે છે, કરીને તે ચંદ્ર પૂર્વ પ્રૌષ્ઠપદા નક્ષત્રને ચંદ્ર સમર્પિત કરે છે.*

*તે પૂર્વ પ્રૌષ્ઠપદા નક્ષત્ર પૂર્વ ભાગ સમક્ષેત્ર ૩૦-મુહૂર્ત છે, તે પહેલા પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરે છે. પછી રાત્રિના. એ પ્રમાણે પૂર્વ પ્રૌષ્ઠપદા નક્ષત્ર એક દિવસ અને એક રાત્રિ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગને અનુપરિવર્તિત કરે છે, કરીને પ્રાતઃકાળે ચંદ્ર ઉત્તર પ્રૌષ્ઠપદાને સમર્પિત કરે છે.*

*તે ઉત્તરપ્રૌષ્ઠપદા નક્ષત્ર ઉભય ભાગ, દ્વિપાર્દ્ધ ક્ષેત્ર, ૪૫-મુહૂર્ત છે. તે પહેલાં પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી રાત્રિના, પછી બીજા દિવસે કરે છે. એ પ્રમાણે ઉત્તર પ્રૌષ્ઠપદા નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિમાં ચંદ્ર સાથે યોગ કરે છે, પછી રાત્રિના, પછી બીજો દિવસ, એ પ્રમાણે ઉત્તરપૌષ્ઠપદા નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગને અનુપરિવર્તન કરે છે, સાંજે ચંદ્ર રેવતી નક્ષત્રને સોંપે છે.*

*રેવતી નક્ષત્ર પશ્ચાત્ ભાગ સમક્ષેત્ર ૩૦-મુહૂર્તક છે. પ્રથમ સંધ્યાકાળે ચંદ્ર સાથે યોગ કરે છે. ત્યારપછી બીજા દિવસે કરે છે. એ પ્રમાણે રેવતી નક્ષત્રમાં એક રાત્રિ અને એક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગ અનુપરિવર્તિત કરે છે. પછી સાંજે ચંદ્રને અશ્વિની નક્ષત્રને સોંપે છે.*

*અશ્વિની નક્ષત્ર પશ્ચિમ ભાગ, સમક્ષેત્ર, ૩૦-મુહૂર્ત્ત છે. તે પહેલાં સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી બીજા દિવસે કરે. એ રીતે અશ્વિની નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે. પછી યોગને અનુપરિવર્તે છે. પછી સાંજે ચંદ્રને ભરણી નક્ષત્રને સમર્પે છે.*

*ભરણી નક્ષત્ર રાત્રિગત, અપાર્દ્ધ ક્ષેત્ર, ૧૫-મુહૂર્ત્ત છે. તે પહેલાં સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે. બીજા દિવસે યોગ ન કરે, એમ ભરણી નક્ષત્ર એક રાત્રિ ચંદ્ર સાથે યોગ કરે છે, કરીને યોગને અનુપરિવર્તે છે. પછી પ્રાતઃકાળે ચંદ્ર કૃતિકાને સોંપે છે.*

*કૃતિકા નક્ષત્ર પૂર્વભાગ સમક્ષેત્ર ૩૦-મુહૂર્ત્ત છે. તે પહેલાં સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે. કરીને યોગને અનુપરિવર્તિત કરે છે, કરીને પ્રાતઃકાળે ચંદ્ર રોહિણી નક્ષત્રને સોંપે છે.*

*રોહિણી-ઉત્તર ભાદ્રપદ માફક, મૃગશીર-ધનિષ્ઠા માફક, આર્દ્રા-શતભિષા માફક, પુનર્વસુ - ઉત્તરાભાદ્રપદ માફક, પુષ્ય-ધનિષ્ઠા માફક, આશ્લેષા - શતભિષા માફક, મઘા-પૂર્વા ફાલ્ગુની, પૂર્વા ફાલ્ગુની - પૂર્વા ભાદ્રપદવત્, ઉત્તરા ફાલ્ગુની - ઉત્તરા ભાદ્રપદવત્, હસ્ત અને ચિત્રા-ધનિષ્ઠાવત્, સ્વાતી-શતભિષાવત્, વિશાખા-ઉત્તરાભાદ્રપદવત્, અનુરાધા-ધનિષ્ઠા વત્, શતભિષા મૂળ અને પૂર્વાષાઢા - પૂર્વભાદ્રપદવત્ અને ઉત્તરાષાઢા - ઉત્તરાભાદ્રપદ માફક જાણવું.*

● વિવેચન-૪૬ :-

ભગવન્ ! આપે કઈ રીતે યોગની આદિ કહેલ છે ? અહીં નિશ્ચયનય મતથી ચંદ્રયોગની આદિ છે, બધાં જ નક્ષત્રોનું અપ્રતિનિયત કાળ પ્રમાણ છે, તેથી તે કરણવશથી જાણવું અને તે કરણને જ્યોતિષ્ કરંડકમાં યુક્તિપૂર્વક ભાવિત કરેલ છે, તેથી તે ત્યાંથી અવધારવું. અહીં તે વ્યવહારનયને આશ્રીને બહુલતાથી જે નક્ષત્રની જ્યારે ચંદ્રયોગની આદિ થાય છે, તે જણાવે છે –

અભિજિત, શ્રવણ નામક બે નક્ષત્ર પશ્ચાત્ ભાગ, સમક્ષેત્ર છે. અહીં અભિજિત નક્ષત્ર સમક્ષેત્ર નથી, અપાર્દ્ધ ક્ષેત્ર નથી કે દ્વ્યર્દ્ધક્ષેત્ર પણ નથી. કેવળ શ્રવણ નક્ષત્ર સાથે સંબદ્ધ જોડવો, આ અભેદ ઉપચારથી છે. તો પણ સમક્ષેત્રને કલ્પીને સમક્ષેત્ર એમ કહ્યું. સાતિરેક ૩૯ મુહૂર્ત્ત પ્રમાણ છે. તેથી કહે છે – સાતિરેક નવ મુહૂર્ત. અભિજિત ૩૦ મુહૂર્ત્ત છે, શ્રવણના એમ ઉભય મીલનથી યથોક્ત મુહૂર્ત્ત પરિમાણ થાય છે.

તેથી ચંદ્રયોગના, પહેલા સંધ્યાકાળે, આ દિવસના કેટલામાં ચરમ ભાગથી આરંભીને રાત્રિના કેટલા ભાગ સુધી, હજી સુધી પણ પરિસ્ફૂટ નક્ષત્રમંડલ આલોક જેટલો કાળ વિશેષ, સંધ્યાકાળે વિવક્ષિત જાણવો. તેમાં સંધ્યા સમયે ચંદ્રની સાથે યોગ જોડે છે. અહીં અભિજિત નક્ષત્ર જોડે યુગની આદિમાં પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગને જોડે છે, તો પણ શ્રવણ સાથે સંબદ્ધ અહીં તેમ વિવક્ષા કરી છે, શ્રવણનક્ષત્ર મધ્યાહ્ન થકી ઉંચે જાય છે, દિવસમાં ચંદ્ર સાથે યોગ પામરે છે. પછી તેના સાહચર્યથી



તે પણ સંધ્યા સમયે ચંદ્ર સાથે યુજ્યમાન વિવક્ષિત કરીને સામાન્યથી સંધ્યા ચંદ્ર સાથે યોગ જોડે છે તેમ કહ્યું. અથવા યુગની આદિ અતિરિચ્ય અન્યદા બહુલતાને આશ્રીને આ કહ્યું, તેથી કોઈ દોષ નથી. પછી આગળ બીજા અન્ય સાતિરેક દિવસ સુધી. આ જ ઉપસંહારથી કહે છે –

એમ ઉક્ત પ્રકારથી નિશ્ચયે અભિજિત અને શ્રવણ બે નક્ષત્ર સાંજના સમયથી આરંભીને એક રાત્રિ અને એક સાતિરેક દિવસ ચંદ્રની સાથે સાર્દ્ધ યોગ યોજે છે. આટલો કાળ યોગ જોડીને ત્યારપછી યોગને અનુપરિવર્તે છે, અર્થાત્ પોતે ચ્યવે છે. યોગને અનુપરિવર્તીને સાંજે દિવસના કેટલામાં પશ્ચાદ્ ભાગમાં ચંદ્રને ધનિષ્ઠામાં સમર્પે છે. એ પ્રમાણે અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા સંધ્યા સમયમાં ચંદ્ર સાથે પહેલાથી યોગને જોડે છે. તેના વડે આ ત્રણે પણ પશ્ચાદ્ ભાગવાળા જાણવા.

પછી સર્મપણ પછી ધનિષ્ઠા નક્ષત્ર પશ્ચાદ્‌ભાગ છે. સાંજ સમયમાં તે પ્રથમથી ચંદ્ર સાથે પુજ્યમાન હોવાથી એમ કહ્યું સમક્ષેત્ર ૩૦ મુહૂર્ત્ત તેને પ્રથમથી સંધ્યા સમયમાં ચંદ્ર સાથે યોગ કરે છે. ચંદ્ર સાથે યોગ જોડીને પછી સંધ્યા સમયથી આગળ, પછી રાત્રિ અને બીજા દિવસ સુધી યોગને જોડે છે. આ જ વાત ઉપસંહાર થકી કહે છે. તે સુગમ છે. યોગને અનુપરિવર્તાવીને સાંજ સમયમાં ચંદ્ર શતભિષજને સમર્પે છે - x -

આ નક્ષત્ર રાત્રિગત જાણવું. તથા કહે છે – તેના સમર્પણ પછી શતભિષજ્ નક્ષત્ર રાત્રિગત, અપાર્દ્ધ ક્ષેત્ર, ૧૫-મુહૂર્ત્ત છે, તે પહેલાથી ચંદ્રની સાથે યોગ જોડે છે અને તે તથાયુક્ત હોવાથી બીજે દિવસે પ્રાપ્ત થતું નથી. કેમકે ૧૫-મુહૂર્ત્ત પ્રમાણ છે. પરંતુ રાત્રિ પછી યોગને આશ્રીને પરિસમાપ્તિ પામે છે. - x - યોગને અનુપરિવર્તિને સવારે ચંદ્ર પૂર્વ પ્રૌષ્ઠપદ - પૂર્વાભાદ્રપદને સોંપે છે.

આ પૂર્વપ્રોષ્ઠપદા નક્ષત્રનો પ્રાતઃકાળે ચંદ્રની સાથે પહેલાથી યોગ પ્રવૃત્ત છે, તેથી તે પૂર્વભાગ કહેવાય છે. સમર્પણ પછી પૂર્વપ્રોષ્ઠપદા નક્ષત્ર નિશ્ચે પૂર્વભાગ સમક્ષેત્ર ૩૦ મુહૂર્ત્ત છે. તેથી પહેલા પ્રાતઃકાળે ચંદ્રની સાથે યોગ કરે છે અને તે તે પ્રમાણે હોવાથી પ્રાતઃસમયથી આગળ તે સર્વ દિવસ અને બીજી રાત્રિ સુધી વર્તે છે. - x - યોગને અનુપરિવર્તાવીને સવારે ચંદ્રને ઉત્તર પ્રોષ્ઠપદ નક્ષત્રને સમર્પે છે.

આ ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર ઉક્ત પ્રકારથી સવારે ચંદ્ર સાથે યોગને પામે છે. માત્ર પહેલું ૧૫-મુહૂર્ત્ત અધિક દૂર કરીને સમક્ષેત્રને કલ્પીને જ્યારે યોગને વિચારે છે, ત્યારે રાત્રે પણ યોગ થાય છે, એ રીતે ઉભય ભાગને જાણવું. પછી સમર્પણ અનંતર ઉત્તર પ્રૌષ્ઠપદા નક્ષત્ર નિશ્ચે ઉભયભાગ, દ્વ્યર્દ્ધક્ષેત્ર, ૪૫-મુહૂર્ત્ત છે. તે પહેલાં સવારે ચંદ્રની સાથે યોગ કરે છે. તે તથા પ્રકારે હોવાથી તે આખો દિવસ અને બીજી રાત્રિ, પછીનો બીજા દિવસ સુધી વર્તે છે. - x - યોગને પરિવર્તિત કરીને સંધ્યા સમયે ચંદ્રને રેવતી નક્ષત્રને સમર્પે છે.

તે રેવતી નક્ષત્ર સંધ્યા સમયે ચંદ્ર સાથે યોગ કરે છે. તેથી તે પશ્ચાદ્ ભાગ જાણવું. - x - x - આ ચંદ્ર સાથે યુક્ત થઈને સંધ્યા સમયથી આગળ આખી રાત્રિ

અને બીજો દિવસ ચંદ્રની સાથે જોડાઈને રહે છે. કેમકે સમક્ષેત્રત્વ છે. - x - x - યોગને પરિવર્તન કરીને સંધ્યા સમયે ચંદ્ર અશ્વિનીને સમર્પે છે.

આ અશ્વિની નક્ષત્ર સંધ્યા સમયે ચંદ્ર સાથે જોડાતો હોવાથી પશ્ચાદ્ ભાગ જાણવું. - x - x - આ અશ્વિની નક્ષત્ર સમક્ષેત્ર હોવાથી સંધ્યા સમયથી આરંભીને તે આખી રાત્રિ અને બીજા દિવસે ચંદ્ર સાથે જોડાઈને રહે છે. - x - x - યોગને અનુપરિવર્તિત કરીને સાંજે પ્રાયઃ સ્પષ્ટ નક્ષત્ર મંડલ આલોક સમયમાં ચંદ્રને ભરણી નક્ષત્રને સમર્પિત કરે છે.

આ ભરણી નક્ષત્ર ઉક્ત યુક્તિથી રાત્રિમાં ચંદ્ર સાથે યોગ કરે છે, તેથી રાત્રિગત જાણવું. - x - આ અપાર્દ્ધ ક્ષેત્રત્વથી રાત્રિમાં જ યોગને પરિસમાપ્ત કરે છે. તેથી ચંદ્રની સાથે બીજા દિવસે જોડાઈ રહેવું થતું નથી. - x - x - યોગને પરિવર્તિત કરીને સવારે ચંદ્ર કૃત્તિકાનક્ષત્રને સમર્પણ કરે છે.

આ કૃત્તિકા નક્ષત્ર ઉક્ત યુક્તિથી સવારે ચંદ્રની સાથે યોગને જોડે છે. તેથી પૂર્વભાગા જાણવું. એ જ કહે છે - x - x - આ સમક્ષેત્રત્વથી સવારના સમયથી આગળ આખો દિવસ અને પછી રાત્રિમાં પરિપૂર્ણ ચંદ્રની સાથે જોડાયેલ રહે છે. - x - x - યોગને અનુપરિવર્તિને સવારે ચંદ્ર રોહિણીને સમર્પિત કરે છે. આ કૃત્તિકા નક્ષત્ર દ્વ્યર્દ્ધ ક્ષેત્ર છે. તેથી પૂર્વોક્ત યુક્તિના વશથી ઉભય ભાગ નક્ષત્ર જાણવું.

રોહિણી, ઉત્તરાભાદ્રપદની માફક કહેવું. તે આ પ્રમાણે - રોહિણી નક્ષત્ર નિશ્ચે ઉભય ભાગ દ્વીપાર્દ્ધ ક્ષેત્ર, ૪૫-મુહૂર્તવાળું છે. તે પ્રથમ સવારે ચંદ્રની સાથે યોગને જોડે છે અને બીજી રાત્રિ, પછી બીજો દિવસ રહે છે. એ પ્રમાણે રોહિણી નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે, યોગ કરીને, યોગને પરિવર્તિત કરે છે. પછી સાંજે ચંદ્ર મૃગશીર્ષ નક્ષત્રને સમર્પે છે.

મૃગશીર્ષ નક્ષત્રની વ્યાખ્યા પૂર્વોક્ત ધનિષ્ઠાવત્ કરવી. તે આ રીતે – મૃગશીર્ષ નક્ષત્ર પશ્ચાત્ ભાગ, ૩૦ મુહૂર્ત્તક છે તે પહેલાં સાંજે ચંદ્રની સાથે યોગ કરે છે. પછી બીજે દિવસે જોડાઈ રહે છે. એ પ્રમાણે મૃગશીર્ષ નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ ચંદ્રની સાથે યોગ કરે છે. પછીને અનુપરિવર્તે છે, પછી સાંજે ચંદ્રને આર્દ્રા નક્ષત્રને સમર્પે છે. અહીં સંધ્યા એટલે પ્રાયઃ પરિસ્ફૂટ નક્ષત્ર મંડલ આલોક સમય, તેથી જ આ રાત્રિગત છે, તેથી કહે છે – આર્દ્રા નક્ષત્ર, પૂર્વોક્ત શતભિષજ્‌ની જેમ કહેવું. તે આ પ્રમાણે - તે આર્દ્રા નક્ષત્ર રાત્રિગત, અપાર્દ્ધક્ષેત્ર, ૧૫-મુહૂર્ત્ત છે. તે પહેલાં સાંજે ચંદ્રની સાથે યોગ કરે છે, બીજો દિવસ પ્રાપ્ત થતો નથી. એ રીતે આર્દ્રા એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે. પચી યોગને અનુપરિવર્તિત કરે છે. કરીને સવારે ચંદ્રને પુનર્વસુને સોંપે છે.

આ પુનર્વસુ નક્ષત્ર દ્વ્યર્દ્ધક્ષેત્રપણાથી પૂર્વોક્ત યુક્તિથી ઉભય ભાગ જાણવું. તેથી કહે છે – પુનર્વસુનક્ષત્ર, પૂર્વે ઉત્તરભાદ્રપદ કહ્યું તેમ કહેવું. તે આ પ્રમાણે – પુનર્વસુનક્ષત્ર નિશ્ચે ઉભયભાગ, દ્વીપાર્દ્ધ ક્ષેત્ર, ૪૫-મુહૂર્ત્ત છે. તે પહેલા સવારે ચંદ્રની સાથે યોગ કરે છે, બીજી રાત્રે, પછી બીજા દિવસે, એ પ્રમાણે પુનર્વસુ નક્ષત્ર બે દિવસ





અને એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે, યોગ કરીને યોગને અનુપરિવર્તે છે, પછી સાંજે ચંદ્રને પુષ્યને સમર્પે છે.

આ પુષ્ય નક્ષત્ર સંધ્યા સમયે, દિવસ અવસાનરૂપે ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી પશ્ચાદ્ ભાગ જાણવું, તેથી કહે છે - પુષ્ય પૂર્વે ધનિષ્ઠા કહ્યું તેમ કહેવું. તે આ રીતે - પુષ્ય નક્ષત્ર પશ્ચાત્ ભાગ, ૩૦-મુહૂર્ત્ત, સમક્ષેત્ર છે. તે પહેલાં સંધ્યા સમયે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી બીજા દિવસે કરે છે. એ રીતે પુષ્યનક્ષત્ર એક રાત્રિઅને એક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે - x - યાવત્ - x - સંધ્યા કાળે ચંદ્રને અભિલાષા નક્ષત્રને સમર્પે છે.

આ આશ્લેષા નક્ષત્ર સંધ્યા સમયે - x - પ્રાયઃ ચંદ્ર સાથે યોગ કરે છે. તેથી આ રાત્રિગત જાણવું અને અપાર્દ્ધ ક્ષેત્રત્વથી તે જ રાત્રિમાં યોગને પરિસમાપ્ત કરે છે. તેથી કહે છે – જેમ પૂર્વે શતભિષજ્ કહ્યું, તેમ આશ્લેષા પણ કહેવું. તે આ રીતે – આશ્લેષા નક્ષત્ર રાત્રિ ભાગ, અપાર્દ્ધક્ષેત્ર, ૧૫-મુહૂર્ત્ત. તે પહેલા સાંજે ચંદ્રની સાથે યોગ કરે છે. પછી બીજા દિવસને પ્રાપ્ત થતાં નથી. એ પ્રમાણે આશ્લેષા નક્ષત્ર એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે - x - યાવત્ - x - પ્રાતઃકાળે ચંદ્ર મઘા નક્ષત્રને સમર્પે છે.

આ મઘાનક્ષત્ર ઉક્ત યુક્તિથી સવારે ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી પૂર્વભાવ જાણવું. તેથી કહ્યું છે – મઘાને પૂર્વાફાલ્ગુની માફક જાણવું. તે આ રીતે – મઘા નક્ષત્ર પૂર્વભાગ, સમક્ષેત્ર, ૩૦-મુહૂર્ત્ત છે. તે પહેલા સવારે ચંદ્રની સાથે યોગ કરે છે, પછી બીજી રાત્રિને. એ પ્રમાણે મઘા નક્ષત્ર એક દિવસ અને એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે. - x - યાવત્ - x - સવારે ચંદ્ર પૂર્વાફાલ્ગુની નક્ષત્રને સમર્પે છે.

આ પૂર્વાફાલ્ગુની નક્ષત્ર સવારે ચંદ્રની સાથે યોગને ઉક્ત રીતે કરે છે. તેથી તે પૂર્વભાગ કહેવાય છે. તેથી કહે છે – પૂર્વાફાલ્ગુનીને પૂર્વા ભાદ્રપદ માફક જાણવું. તે આ રીતે - પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર, પૂર્વભાગ સમક્ષેત્ર ૩૦-મુહૂર્ત્ત છે. તે પહેલાં સવારે ચંદ્રની સાથે યોગ કરે છે. પછી બીજી રાત્રે કરે છે. એ રીતે પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર એક દિવસ અને એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે. - x - યાવત્ - x - સવારે ચંદ્ર ઉત્તરા ફાલ્ગુનીને સમર્પે છે.

આ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર દ્વ્યર્દ્ધક્ષેત્ર છે, તેથી પૂર્વોક્ત યુક્તિના વશથી ઉભય ભાગ જાણવું. તેથી કહે છે – જેમ પૂર્વે ઉત્તરા ભાદ્રપદ કહ્યું, તેમ ઉત્તરા ફાલ્ગુની પણ કહેવું. તે આ રીતે – ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર ૪૫-મુહૂર્ત્ત છે. તે પહેલા સવારે ચંદ્ર સાથે યોગ કરે છે, બીજી રાત્રે પણ, પછી બીજા દિવસે પણ કરે છે. એ પ્રમાણે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે. - x - યાવત્ - x - સાંજે ચંદ્ર હસ્તને સમર્પે છે.

આ હસ્તનક્ષત્ર સંધ્યા સમયે ચંદ્રની સાથે યોગને જોડે છે. તેના વડે પશ્ચાદ્‌ભાગ નક્ષત્ર જાણવું, ચિત્રાનક્ષત્ર કંઈક સમધિક દિવસના અંતે ચંદ્ર યોગને પામે છે. તેથી તેને પશ્ચાદ્‌ભાગ માનવું. તે જ કહે છે – જેમ ધનિષ્ઠા છે, તેમ હસ્ત અને ચિત્રા

કહેવું. તે આ પ્રમાણે - તે હસ્ત નક્ષત્ર પશ્ચાત્ ભાગ સમક્ષેત્ર ૩૦ મુહૂર્ત છે. તે પ્રથમ સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે. પછી બીજો દિવસ જોડાય છે. એ પ્રમાણે હસ્તનક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ ચંદ્ર સાથે યોગ કર છે - x - યાવત્ - x - સાંજે ચંદ્રને ચિત્રા નક્ષત્રને સમર્પે છે.

તે ચિત્રા નક્ષત્ર પશ્ચાત્ ભાગ, સમક્ષેત્ર, ૩૦-મુહૂર્ત છે. તે પહેલાં સાંજે ચંદ્ર સાથે યોગ કરે છે, ત્યારપછી બીજા દિવસે પણ, એ પ્રમાણે ચિત્રા નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ ચંદ્રની સાથે યોગ કરે છે. - x - યાવત્ - x - સાંજે ચંદ્ર સ્વાતિ નક્ષત્રને સમર્પે છે.

સ્વાતિ નક્ષત્ર સાંજે પ્રાયઃ પરિસ્ફૂટ દૃશ્યમાન નક્ષત્રમંડલરૂપે ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી આ રાત્રિગત નક્ષત્ર જાણવું. તેથી કહે છે — શતભિષજ્‌ની જેમ સ્વાતિ નક્ષત્ર કહેવું. તે આ રીતે — સ્વાતિ નક્ષત્ર રાત્રિગત, અપાર્દ્ધક્ષેત્ર, પંદર-મુહૂર્ત છે. તે પ્રથમ સંધ્યાકાળે ચંદ્રની સાથે યોગ કરે છે, પણ બીજે દિવસ કરતા નથી. એ પ્રમાણે સ્વાતિ નક્ષત્ર એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે. - x - યાવત્ - x - પ્રાતઃકાળે વિશાખાનક્ષત્રને સમર્પે છે.

આ વિશાખા નક્ષત્ર દ્વ્યર્દ્ધ ક્ષેત્ર છે, તેથી પૂર્વોક્ત યુક્તિથી ઉભય ભાગ જાણવું. તેથી કહે છે — ઉત્તરાભાદ્રપદની જેમ વિશાખા નક્ષત્ર કહેવું. તે આ રીતે - વિશાખા નક્ષત્ર ઉભય ભાગ, દ્વીપાર્દ્ધ ક્ષેત્ર, ૪૫-મુહૂર્ત છે. તે પહેલાં પ્રાતઃકાળે ચંદ્રની સાથે યોગ કરે છે. પછી રાત્રિને, પછી બીજા દિવસને. એ પ્રમામએ વિશાખા નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિ ચંદ્ર સાથે યોગ કરે છે. કરીને યોગને પરિવર્તિત કરે છે, કરીને સાંજે ચંદ્ર અનુરાધાને સમર્પે છે.

એ પ્રમાણે અનુરાધા નક્ષત્ર સંધ્યા સમયે ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી પશ્ચાદ્‌ભાગ જાણવું. તેથી કહે છે — ધનિષ્ઠાની જેમ અનુરાધા કહેવું. તે આ રીતે — અનુરાધા નક્ષત્ર પશ્ચાત્ ભાગ, સમક્ષેત્ર, ૩૦-મુહૂર્ત છે. તે પહેલા સંધ્યાકાળે ચંદ્રની સાથે યોગ કરે છે, પછી બીજા દિવસ સાથે. એ પ્રમાણે અનુરાધા નક્ષત્ર એક રાત્રિ અને એક દિવસ ચંદ્ર સાથે યોગ કરે છે. કરીને યોગને અનુપરિવર્તે છે, પછી સાંજે ચંદ્ર જ્યેષ્ઠાનક્ષત્રને સમર્પે છે.

જ્યેષ્ઠા સંધ્યા સમયે યોગ પામે છે - x - તેથી રાત્રિભાગ, અપાર્દ્ધ ક્ષેત્ર, ૧૫-મુહૂર્ત છે તે પ્રથમ સંધ્યા સમયે ચંદ્ર સાથે યોગ કરે છે, બીજા દિવસે કરતાં નથી. એ પ્રમાણે જ્યેષ્ઠા નક્ષત્ર એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે યાવત્ સવારે ચંદ્ર મૂળ નક્ષત્રને સોંપે છે.

મૂળ નક્ષત્ર આ કહેલ યુક્તિથી સવારે ચંદ્રની સાથે યોગને પામે છે, તે પૂર્વભાગ જાણવું. તેથી કહે છે — પૂર્વભાદ્રપદાની માફક મૂળ નક્ષત્ર પણ કહેવું. તે આ રીતે — તે મૂલ નક્ષત્ર પૂર્વભાગ, સમક્ષેત્ર, ૩૦ મુહૂર્ત છે. તે પ્રથમ સવારે ચંદ્રની સાથે યોગ કરે છે. પછી બીજી રાત્રિએ કરે છે. એ પ્રમાણે મૂળ નક્ષત્ર એક દિવસ અને એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે. યાવત્ પૂર્વાષાઢાને સોંપે છે.



આ પણ પૂર્વાષાઢા નક્ષત્ર સવારે ચંદ્ર સાથે યોગ ઉક્ત યુક્તિથી પામે છે. તેથી પૂર્વભાગ જાણવું. તે જ કહે છે — પૂર્વભાદ્રપદ જેમ કહ્યું, તેમ પૂર્વાષાઢા કહેવું. તે આ પ્રમાણે - પૂર્વાષાઢા નક્ષત્ર પૂર્વભાગ, સમક્ષેત્ર, ૩૦-મુહૂર્ત છે. તે પહેલાં સવારે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી રાત્રિના કરે છે. એ પ્રમાણએ પૂર્વાષાઢા નક્ષત્ર એક દિવસ અને એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે. કરીને યોગને અનુપરિવર્તે છે. યાવત્ સવારે ચંદ્ર ઉત્તરાષાઢાને સમર્પે છે.

ઉત્તરાષાઢા નક્ષત્ર દ્વ્યર્દ્ધ ક્ષેત્રપણાથી તે ઉભય ભાગ જાણવું. તેથી કહે છે — ઉત્તરાભાદ્રપદ માફક ઉત્તરાષાઢા વક્તવ્યતા જાણવી. તે આ રીતે - ઉત્તરાષાઢા નક્ષત્ર ઉભયભાગ, દ્વીપાર્દ્ધ ક્ષેત્ર, ૪૫-મુહૂર્ત છે. તે પહેલા સવારે ચંદ્ર સાથે યોગ કરે છે, પછી રાત્રિના, પછી બીજા દિવસે કરે છે. એ રીતે ઉત્તરાષાઢા નક્ષત્ર બે દિવસ અને એક રાત્રિ ચંદ્રની સાથે યોગ કરે છે. કરીને સાંજે ચંદ્રને અભિજિત-શ્રવણને સમર્પે છે.

એ પ્રમાણે બહુલતાને આશ્રીને ઉક્ત પ્રકારથી યથોક્ત કાળમાં નક્ષત્રો ચંદ્રની સાથે યોગ કરે છે. તેથી કેટલાંક પૂર્વભાગ, કેટલાંક પશ્ચાદ્‌ભાગ, કેટલાંક રાત્રિગત, કેટલાંક ઉભયભાગ કહ્યા.

૦ પ્રાભૃતપ્રાભૃત-૪-ટીકાસહિત અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x --

## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૫ ❁

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું ચોથું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે પાંચમું આરંભે છે. તેનો આ અર્થાધિકાર છે – “કુલની વક્તવ્યતા.” –

● **સૂત્ર-૪૭ :-**

***કઈ રીતે તે કુલો કહેલા કહેવા ? તેમાં આ બાર કુલો, બાર ઉપકુલો, ચાર કુલોપકુલો કહેલા છે. બાર કુલો આ રીતે – ધનિષ્ઠા, ઉત્તરાભાદ્રપદ, અશ્વિની, કૃતિકા, સંઠાણા, પુષ્ય, મઘા, ઉત્તરાફાલ્ગુની, ચિત્રા, વિશાખા, મૂળ, ઉત્તરાષાઢા. બાર ઉપકુલો છે – શ્રવણ, પૂર્વાપ્રૌષ્ઠપદા, રેવતી, ભરણી, પુનર્વસુ, આશ્લેષા, પૂર્વા ફાલ્ગુની, હસ્ત, સ્વાતિ, જ્યેષ્ઠા, પૂર્વાષાઢા, ચાર કુલોપકુલ કહ્યા છે – અભિજીત, શતભિષા, આર્દ્રા અને અનુરાધા.***

● **વિવેચન-૪૭ :-**

ભગવન્ ! કયા પ્રકારે આપે કુલો કહેલા છે ? એમ કહેતા ભગવંતે કહ્યું – ‘તત્થ’ ઈત્યાદિ. અહીં ભગવંતે માત્ર કુલો કહ્યા નથી, પણ ઉપકૂલ, કુલોપકુલ પણ કહ્યા છે. પછી નિર્દ્ધારણાર્થે પ્રતિપત્તિ માટે છે. ભગવંતે કહ્યું – તે કુલો મધ્યે નિશ્ચે આ બાર કુલો છે. - x - આ વક્ષ્યમાણ સ્વરૂપ બાર ઉપકુલો છે અને વક્ષ્યમાણ સ્વરૂપવાળા આ ચાર ઉપકુલો કહ્યા છે.

કુલાદિના લક્ષણ શું છે ? અહીં જે નક્ષત્રો વડે પ્રાયઃ હંમેશાં મહીનાની પરિસમાપ્તિ કરે છે અને મહિના જેવા નામો જેના છે, તે નક્ષત્રો “કુલ” સંજ્ઞાથી પ્રસિદ્ધ છે. તે આ – શ્રાવિષ્ઠ માસ પ્રાયઃ શ્રવિષ્ઠા વડે, ધનિષ્ઠા પરપર્યાયથી પરિસમાપ્તિ પામે છે. ભાદ્રપદ ઉત્તરભાદ્રપદા વડે, અશ્વયુજ્ અશ્વિની વડે, ધનિષ્ઠાદિ પ્રાયઃ માસ પરિસમાપક, માસ સદૃશ નામના કુલો છે.

જે કુલોના ઉપકુલો છે, અને અધસ્તન છે, તે કુલોપકુળ અભિજિતાદિ ચાર નક્ષત્રો છે. કહ્યું છે – માસોના પરિણામ કુલોપકુલ હોય છે જે અભિજિત, શતભિષા, આર્દ્રા, અનુરાધા છે. અહીં માસોના પરિણામ તે પ્રાયઃ માસોના પરિસમાપક છે, ક્યાંક “માસોના સદૃશ નામો” એવો પાઠ છે. તેમાં માસોના સદૃશ નામોની વ્યાખ્યા કરવી.

હવે બાર કુલો, બાર ઉપકુલો અને ચાર કુલોપકુલને ક્રમથી કહે છે, તે સુગમ છે.

**૦ પ્રાભૃતપ્રાભૃત-૫ ટીકા સહિત અનુવાદ પૂર્ણ ૦**

–– x –– x –– x –– x –– x ––



## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૬ ❁

એ પ્રમાણે ૧૦માં પ્રાભૃતનું પ્રાભૃતપ્રાભૃત-૫-કહ્યું. હવે છટ્ઠું આરંભે છે. તેનો આ અર્થાધિકાર છે – “પૂર્ણિમા અને અમાસ”ની વક્તવ્યતા, તેથી તદ્‌વિષયક પ્રશ્નસૂત્ર કહે છે –

● **સૂત્ર-૪૮ :-**

***કઈ રીતે આપે પૂર્ણિમા કહેલી છે તેમ કહેવું ? તેમાં નિશ્ચે આ બાર પૂર્ણિમા અને બાર અમાસ કહેલી છે. તે આ રીતે – શ્રાવિષ્ઠી, પ્રૌષ્ઠપદી, આસોજા, કૃતિકા, મૃગશિર્ષી, પોષી, માઘી, ફાલ્ગુની, ચૈત્રી, વૈશાખી, જ્યેષ્ઠામૂલી, આષાઢી.***

***તે શ્રાવિષ્ઠી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? ત્રણ નક્ષત્રોનો. તે આ – અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા. પ્રૌષ્ઠપદી પૂર્ણિમા કેટલા નક્ષત્રોને જોડે છે ? તે ત્રણ નક્ષત્રને જોડે છે – શતભિષજા, પૂર્વાષાઢા, ઉત્તરા પ્રૌષ્ઠપદા. તે આસોની પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો - રેવતી અને અશ્વિની. કાર્તિકી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો - ભરણી અને કૃતિકા. માગશિર્ષી પૂનમ કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો - રોહિણી અને મૃગશિર્ષ. પોષી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? ત્રણ નક્ષત્રોનો – આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય. માઘી પૂર્ણિમા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો - આશ્લેષા અને મઘા, ફાલ્ગુની પૂર્ણિમા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો - પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની. ચૈત્રી પૂર્ણિમા કેટલાં નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો - હસ્ત અને ચિત્રા. વૈશાખી પૂર્ણિમા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? બે નક્ષત્રનો - સ્વાતિ, વિશાખા. જ્યેષ્ઠામૂલી પૂર્ણિમા કેટલાં નક્ષત્રોનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો – પૂર્વાષાઢા ઉત્તરાષાઢા.***

● **વિવેચન-૪૮ :-**

કયા પ્રકારે કયું નક્ષત્ર પરિસમાપ્ત થાય છે ? પૂર્ણિમા કહી છે. અહીં પૂર્ણિમાના ગ્રહણથી અમાસ પણ ઉપલક્ષણથી છે. તેના વડે અમાસ પણ કેમ કહી તે કહે છે – ત્યારે ભગવંતે કહ્યું – તે પૂર્ણિમા અને અમાસ મધ્યે જાતિભેદને આશ્રીને આ બાર પૂર્ણિમા અને અમાસ કહેલ છે. તે આ રીતે – શ્રાવિષ્ઠી, પ્રૌષ્ઠપદી આદિ. તેમાં શ્રવિષ્ઠા એટલે ધનિષ્ઠા, તેમાં થનારી તે શ્રાવિષ્ઠી - શ્રાવણ માસ ભાવિની. પ્રૌષ્ઠપદા - ઉત્તરાભાદ્રપદા, તેમાં થનારી તે પ્રૌષ્ઠપદી - ભાદરવા માસમાં થનારી, અશ્વયુજ્‌માં થનારી તે આશ્વયુજી - આસો માસમાં થનારી ઈત્યાદિ.

હવે જે નક્ષત્ર વડે એક-એક પૂર્ણિમાની પરિસમાપ્તિ થાય છે, તેની પૃચ્છા કરે છે. શ્રાવિષ્ઠી પૂર્ણિમા કેટલા નક્ષત્રોને જોડે છે ? કેટલા નક્ષત્રો ચંદ્રની સાથે સંયોજીને સમાપ્ત કરે છે ? ભગવંતે કહ્યું – ત્રણ નક્ષત્રો ચંદ્રની સાથે યથા યોગ સંયોજીને

પરિસમાપ્ત કરે છે. તે આ રીતે — અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા. અહીં શ્રવણ અને ધનિષ્ઠારૂપે બે જ નક્ષત્રો શ્રાવિષ્ઠી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. કેવલ અભિજિત્ નક્ષત્ર શ્રવણની સાથે સંબદ્ધ છે, તેથી તે પણ પરિસમાપ્ત કરે છે, તેમ કહેવું. આ કેવી રીતે જાણવું ? અહીં પ્રવચન પ્રસિદ્ધ અમાસ-પૂનમ વિષય ચંદ્રયોગના જ્ઞાનથી.

*[અહીં વૃત્તિકારશ્રીએ ૧૩-ગાથા નોંધેલી છે. ત્યારપછી આ ૧૩-ગાથાની વ્યાખ્યા કરી છે, અમે વ્યાખ્યાને આશ્રીને જ અહીં અનુવાદ કરેલ છે, તે આ પ્રમાણે છે — જો કે અમને કંઈ સમજાયેલ નથી.]*

જે અમાવાસ્યાને આ - યુગમાં જાણવાને ઈચ્છો છો, જેમકે - કયા નક્ષત્રમાં વર્તમાન પરિસમાપ્તા થાય છે, તે તેવા રૂપે - જેટલી અમાસ અતિક્રાંત થાય તેટલી સંખ્યા છે. તે વક્ષ્યમાણ સ્વરૂપને અવધારે છે. પ્રથમપણે સ્થાપે છે. ધ્રુવરાશિ, તે અવધાર્ય રાશિને પટ્ટિકાદિમાં સ્થાપીને ૧૨૪ પર્વ વડે ગુણવામાં આવે. હવે કયા પ્રમાણમાં આ અવધાર્ય રાશિ છે, તેના પ્રમાણની નિરૂપણાર્થે કહે છે —

'છાવટ્ઠી' ગાથા — છાસઠ મુહૂર્ત અને એક મુહૂર્તના પાંચ પરિપૂર્ણ બાસઠ ભાગ અને એકના બાસઠ ભાગનો ૧/૬૭ ભાગ. આટલા પ્રમાણમાં અવધાર્ય રાશિ છે. કઈ રીતે આટલા પ્રમાણની આ ઉત્પત્તિ કહી ? તે જણાવે છે — અહીં જો ૧૨૪-પર્વ વડે પાંચ સૂર્ય નક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય, તેના બે પર્વો વડે શું પ્રાપ્ત થાય ? રાશિત્રયની સ્થાપના - ૧૨૪/૫/૨. અહીં અંત્ય રાશિ વડે બે અંક રૂપ મધ્યરાશિ પાંચ લક્ષણ ગુણવામાં આવે. તે આ રીતે — ૨ x ૫ = ૧૦ તેને ૧૨૪ વડે ભાગ કરવામાં આવતા - ૧૦/૧૨૪ થશે. ત્યારપછી છેધ-છેદક રાશિને બે વડે ભાંગતા ૫/૬૨ રાશિ પ્રાપ્ત થશે. આના વડે નક્ષત્રો કરવા જોઈએ. નક્ષત્ર કરવા માટે ૧૮૩૦ વડે ૬૭ ભાગ રૂપ વડે ગુણવામાં આવે. તેનાથી ૯૧૫૦ આવશે. છેદરાશિ પણ-૬૨ પ્રમાણને ૬૭ વડે ગુણવામાં આવે તો ૪૧૫૪ની સંખ્યા આવશે.

ઉપરની રાશિના મુહૂર્ત લાવવાને માટે ફરી ૩૦ વડે ગુણવામાં આવે, તો સંખ્યા પ્રાપ્ત થશે - ૨,૭૪,૫૦૦. તેના ૪૧૫૪ સંખ્યા વડે ભાગ કરવામાં આવતા - ૬૬ મુહૂર્ત આવશે. બાકીના અંશો રહે છે - ૩૩૬, તેના ૬૨-ભાગ લાવવાને માટે તેને ૬૨ વડે ગુણીએ તો ૨૦,૮૩૨ સંખ્યા આવશે. તેને અનંતરોક્ત છેદ રાશિ ૪૧૫૪ વડે ભાગ કરવામાં આવતા પાંચ અને બાસઠ ભાગ પ્રાપ્ત થશે અને શેષ ૬૨-રહેશે. પછી તે ૬૨-ની અપવર્તના કરાય છે. તેનાથી એક આવશે. છેદરાશિને પણ બાસઠ વડે અપવર્તનામાં પ્રાપ્ત થશે-૬૭. તેનાથી આવે છે - ૬૬ મુહૂર્ત. એક મુહૂર્તના પાંચ, બાસઠ ભાગ અને એકના બાસઠ ભાગના ૧/૬૭ ભાગ.

એ પ્રમાણે અવધાર્ય રાશિ પ્રમાણ કહ્યું.

હવે શેષ વિધિ કહે છે — एयं ગાથા અનંતરોદિત સ્વરૂપને અવધારીને રાશિ ઈચ્છા અમાવાસ્ય સંગુણ, જે અમાવાસ્યાને જાણવાને ઈચ્છે છે, તે સંખ્યા વડે ગુણિત કરવામાં આવે, તેથી આગળ નક્ષત્રો શોધવા જોઈએ. તેથી અહીં આગળ નક્ષત્રોની શોધનક વિધિ - શોધનક પ્રકારને કહેવાનાર છે તે સાંભળવા.



તેમાં પહેલાં પુનર્વસુ શોધનકને કહે છે —

बावीसं ગાથા-૨૨ મુહૂર્તો એક મુહૂર્તના ૪૬/૬૨ ભાગો, આટલા પ્રમાણથી પુનર્વસુનક્ષત્ર પરિપૂર્ણ થાય છે, તે શોધવું. કઈ રીતે આ પ્રમાણની શોધનકની ઉત્પત્તિ થાય છે ? તે કહે છે — અહીં જો ૧૨૪ પર્વ વડે પાંચ સૂર્ય નક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય છે. તે એક પર્વતે અતિ ક્રમીને તે એક વડે કેટલો પર્યાયો પ્રાપ્ત થાય છે. રાશિત્રય સ્થાપના - ૧૨૪/૫/૧ અહીં અંત્યરાશિ એક વડે મધ્યરાશિ પાંચને ગુણીએ ૫ x ૧ = ૫. તેને ૧૨૪ ભાગ વડે ભાંગવામાં આવતા ૫/૧૨૪ ભાગ આવશે. તેના નક્ષત્ર લાવવા માટે ૧૮૩૦ અને ૬૭ ભાગ વડે ગુણવામાં આવે ગુણાકાર છેદ રાશિઓને બે વડે અપવર્તના કરતા ગુણકાર રાશિ ૯૧૫ આવે અને છેદ રાશિ ૬૨ આવશે.

પછી ઉક્ત સંખ્યાને ૫૯૧૫ વડે ગુણવાથી આવે ૪૫૭૫ આવશે. છેદરાશિ ૬૨ને ૬૭ વડે ગુણતા ૪૧૫૪ આવશે. તથા પુષ્યના જે ૨૩/૬૭ ભાગ પૂર્વોક્ત યુગચર અપર્વન્ સૂર્ય સાથે યોગ આવે તેને ૬૨ વડે ગુણીએ, તો ૧૪૨૬ આવશે. આટલા પૂર્વોક્ત ૪૫૭૫ પ્રમાણથી શોધવામાં આવે તો શેષ ૩૧૪૯ આવે. તેથી આટલા મુહૂર્તો લાવવા માટે ૩૦ વડે ગુણીએ, તો ૯૪,૪૭૦ સંખ્યા આવશે. તેની છેદરાશિ ૪૧૫૪ વડે ભાગ દેવામાં આવે તો ૨૨-મુહૂર્તો આવશે. ત્યારે શેષ રહેશે - ૩૦૮૨. આટલાને ૬૨ ભાગ લાવવાને માટે ગુણવામાં આવે ત્યારે ૧,૯૧,૦૮૪ આવે તેને છેદરાશિ ૪૧૫૪ વડે ભાગ કરાય ત્યારે ૪૬ મુહૂર્તના ૬૨-ભાગો આવશે. આ પુનર્વસુનક્ષત્રની શોધનક નિષ્પત્તિ છે.

બાકીના નક્ષત્રોની શોધનકો ને કહે છે — बावत्तर० ગાથા. ૧૦૭૨ ઉત્તરા ફાલ્ગુનીના શોધવા. શું કહે છે ? ૧૦૭૨ પુનર્વસુ આદિ ઉત્તરા ફાલ્ગુની પર્યન્તના નક્ષત્રો શુદ્ધ થાય છે. એ પ્રમાણે આગળ પણ ભાવાર્થ વિચારવો.

તથા વિશાખા પર્યન્ત નક્ષત્રોમાં શોધનક ૨૯૨ છે. હવે અનંતર ઉત્તરાષાઢા પર્યન્ત નક્ષત્રોને આશ્રીને શોધવાથી ૪૪૨ થાય.

एयं पुणे० ગાથા - આ અનંતરોક્ત શોધનક સર્વે પણ પુનર્વસુથી બાસઠ ભાગ સહિત જાણવા. આમ કહેવા માંગે છે — જે પુનર્વસુના હોતા-૨૨ મુહૂર્તો, તે બધાં પણ આગળના શોધનકમાં અંતઃ પ્રવિષ્ટ પ્રવર્તે છે, પણ ૬૨ ભાગો નહીં. તેથી જે શોધનક શોધાય છે, તેમાં પુનર્વસુના હોતા ૪૬/૬૨ ભાગ ઉપરિતન શોધવા જોઈએ. અને આ પુનર્વસુ આદિ ઉત્તરાષાઢા સુધીનો પ્રથમ શોધનક છે. તેથી આગળ અભિજિતને આદિ કરીને બીજું શોધનક કહું છું.

તેમાં પ્રતિજ્ઞાતને જ નિર્વાહે છે — 'अभिइस्स' આદિ ચાર ગાથા. અભિજિત નક્ષત્રનો શોધનક નવ મુહૂર્ત અને એક મુહૂર્તના હોવાથી ૨૪/૬૨ ભાગ, એકના ૬૨ ભાગના ૬૭ છેદ કરાતા પરિપૂર્ણ ૬૬ ભાગો તથા ૧૫૯ પ્રૌષ્ઠપદા-ઉત્તર ભાદ્રપદનું શોધનક. શું કહેવાં માંગે છે ? ૧૫૯ વડે અભિજિતાદિ ઉત્તરા ભાદ્રપદ સુધીના નક્ષત્રો શોધાય છે. એ પ્રમાણે આગળ પણ ભાવના કરવી જોઈએ.

તથા ૩૦૯ રોહિણી સુધીના શોધિત કરાય છે. તથા ૩૯૯ શોધિત કરાતા

પુનર્વસુ પર્યન્ત નક્ષત્રજાત શોધિત થાય છે તથા ૫૪૯ પામીને ઉત્તરાફાલ્ગુની સુધીના નક્ષત્રો શોધાય છે. વિશાખા સુધીના નક્ષત્રોમાં ૬૬૯ શોધવા જોઈએ. મૂળ સુધીના નક્ષત્ર જાતમાં ૭૪૪ શોધક છે. ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રોમાં શોધનક ૮૧૯ છે. બધાં શોધનકની ઉપરમાં અભિજિત નક્ષત્ર સંબંધી મુહૂર્ત્તના ૬૨ ભાગો તથા ચોવીશ અને છાસઠ ચૂર્ણિકા ભાગ, એકના બાસઠ ભાગના ૬૭ ભાગો શોધવા જોઈએ.

एयाइं ઈત્યાદિ. આટલા અનંતરોક્ત શોધકોને યથા યોગ શોધીને જે શેષ બાકી રહે, તે નક્ષત્ર થાય છે આ નક્ષત્રમાં સૂર્યની સાથે ચંદ્ર અમાસને કરે છે.

એ રીતે અમાવાસ્યાના વિષયમાં ચંદ્રનો યોગ જાણવાને માટે કરણ કહ્યું. હવે પૂર્ણિમા વિષયક ચંદ્રયોગના પરિજ્ઞાનાર્થે કરણને કહે છે –

इच्छापुन्निमा० ઈત્યાદિ – જે પૂર્વે અમાવાસ્યા ચંદ્ર નક્ષત્ર પરિજ્ઞાનાર્થે અવધાર્ય રાશિ કહી છે. તે જ અહીં પણ પૂર્ણિમા ચંદ્ર નક્ષત્ર પરિજ્ઞાન વિધિમાં ઈપ્સિત પૂર્ણિમા ગુણિત - જે પૂર્ણિમાને જાણવાને ઈચ્છે છે, તે સંખ્યા વડે ગુણિત કરવું જોઈએ. ગુણિત કરાતા તે જ પૂર્વોક્ત શોધન કરવું જોઈએ. કેવળ અભિજિતાદિ, પણ પુનર્વસુ આદિ નહીં. શુદ્ધમાં અને શોધનકમાં જે શેષ રહે છે, તે પૂર્ણિમા યુક્ત એવું નક્ષત્ર થાય છે. તે નક્ષત્રમાં ચંદ્ર પરિપૂર્ણ પૂર્ણિમાને વિમલનિર્મલ કરે છે.

આ પૂર્ણિમા ચંદ્ર નક્ષત્ર પરિજ્ઞાન વિષયકરણ બે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. હવે આની જ ભાવના કરાય છે –

કોઈક પૂછે છે – યુગની આદિમાં પહેલી પૂર્ણિમા શ્રાવિષ્ઠી કયા ચંદ્ર નક્ષત્રમાં પરિસમાપ્તિને પામે છે ? તેમાં ૬૬ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના પાંચ-બાસઠ ભાગ અને એકના બાસઠ ભાગના ૧/૬૭ ભાગ. એવા સ્વરૂપે અવધાર્ય રાશિ થાય. પહેલી પૂર્ણિમામાં એક વડે ગુણીએ, એક વડે ગુણવાથી તે જ થાય છે. તેથી અભિજિત નવ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૨૪/૬૨ ભાગ, એકના બાસઠ ભાગના ૬૬/૬૭ ભાગ, એ પ્રમાણે પરિમાણ શોધનક શોધવું જોઈએ. તેમાં ૬૬ના નવ મુહૂર્ત્તો શુદ્ધ થતાં પછી-૫૭, તેના વડે એક મુહૂર્ત્ત ગ્રહીને ૬૨ ભાગીકૃત્ તે બાસઠ પણ બાસઠ ભાગ રાશિમાં પંચકરૂપે ઉમેરીએ. તેની ૬૭ થશે. ૬૨ ભાગો, તેના વડે ૨૪ શુદ્ધ થતાં રહે છે – ૪૩. તેમને એક રૂપ ગ્રહીને ૬૭ ભાગ કરાય છે. તે ૬૭ ભાગ, ૧/૬૭ ભાગમાં ઉમેરતાં પ્રાપ્ત થશે ૬૮/૬૭ ભાગ. તેનાથી ૬૬ શુદ્ધ કરતાં રહેશે ૨/૬૭ પછી ૩૦ -મુહૂર્ત્ત વડે શ્રવણ શુદ્ધ સ્થિત, પછી ૨૬-મુહૂર્ત્ત રહે.

ત્યારપછી અહીં આવે છે - ધનિષ્ઠા નક્ષત્રના ત્રણ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના ૧૯ સંખ્યામાં બાસઠ ભાગમાં એકના અને બાસઠ ભાગના ૬૫ સંખ્યામાં ૬૭ ભાગોમાં શેષમાં પહેલી શ્રાવિકા પૂર્ણિમા પરિસમાપ્ત થાય છે.

જ્યારે બીજી શ્રાવિષ્ઠી પૂર્ણિમા વિચારીએ ત્યારે તે યુગની આદિથી આરંભીને તેરસ, ધ્રુવરાશિ ૬૬ / ૫/૬૨ / ૧/૬૭ તેને તેર વડે ગુણીએ, તેથી મુહૂર્ત્તોના ૮૫૮ આવે, તથા એક મુહૂર્ત્તના ૬૫/૬૨ ભાગ અને એક/બાસઠ ભાગના ૧૩/૬૭ ભાગ. એટલે સંખ્યા થશે - ૮૫૮ / ૬૫/૬૨ / ૧૩/૬૭. તેમાં ૮૧૯ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના



૨૪/૬૨ ભાગ વડે એકના અને ૬૨ ભાગના હોતા ૬૬/૬૭ ભાગથી એક નક્ષત્રપર્યાય શુદ્ધ થાય. તેથી રહેશે ૩૯ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૪૦/૬૨ ભાગો અને ૧/૬૨ ભાગના ૧૪/૬૭ ભાગ એટલે સંખ્યા થશે ૩૯ / ૪૦/૬૨ / ૧૪/૬૭. પછી નવ મુહૂર્ત્ત વડે એક મુહૂર્ત્તના ૨૪/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગો વડે અભિજિત નક્ષત્ર શુદ્ધ થાય છે. પછી ૩૦ મુહૂર્ત્તો રહે છે. ૧૫ મુહૂર્ત્તના ૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૧૫/૬૭ ભાગથી સંખ્યા આવે છે - ૩૦ / ૧૫/૬૨ / ૧૫/૬૭ થાય. તેના વડે ૩૦ મુહૂર્ત્તથી શ્રવણ શુદ્ધ છે. આવે છે ૨૯ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના ૪૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૨/૬૭ ભાગ બાકી રહેતા ધનિષ્ઠાના બીજી શ્રાવિષ્ઠી પૂર્ણિમા પરિસમાપ્ત થાય છે.

જ્યારે ત્રીજી શ્રાવિષ્ઠી પૂર્ણિમાને વિચારીએ ત્યારે તે યુગની આદિના ૨૫માં, તેથી પૂર્વોક્ત ધ્રુવરાશિ ૬૬ / ૫/૬૨ / ૧/૬૭ આવે તેને ૨૫ વડે ગુણીએ. તેનાથી ૧૬૫૦ થશે. ૧૨૫ના ૬૨ ભાગોના, ૧/૬૨ ભાગના ૨૫/૬૭ ભાગો. તેમાં ૧૬૩૮ મુહૂર્ત્તોના, એક મુહૂર્ત્તના ૪૮/૬૨ ભાગ વડે. ૪૮-તેમાં ૧/૬૨ ભાગના ૧૩૨. બે નક્ષત્ર પર્યાયોમાં શુદ્ધિ કરીને રહેલ છે, પછી બાર મુહૂર્ત્તો. તેમાં એક મુહૂર્ત્તના ૭૫/૬૨ ભાગો. ૭૫માં ૧/૬૨ ભાગના ૨૭/૬૭ ભાગ પછી તેને નવ મુહૂર્ત્ત વડે એક મુહૂર્ત્તના ૨૪/૬૨ ભાગ વડે અને ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે અભિજિત નક્ષત્ર શુદ્ધ થાય છે. ત્યારપછી રહે છે. ૧૩ મુહૂર્ત્તો. તેમાં એક મુહૂર્ત્તના ૫૦/૬૨ ભાગ. તેમાંના ૧/૬૨ ભાગના ૨૮/૬૭ ભાગ.

એ રીતે આવે છે શ્રવણનક્ષત્ર. ૨૬ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના ૧૧/૬૨ ભાગ અને તેમાં ૧/૬૨ ભાગના ૩૯/૬૭ ભાગોમાં બાકીની ત્રીજી શ્રાવિષ્ઠી પૂર્ણિમા પરિસમાપ્ત થાય છે.

એ પ્રમાણે ચોથી શ્રાવિષ્ઠી પૂર્ણિમાને ધનિષ્ઠા નક્ષત્ર ૧૬-મુહૂર્ત્તોમાં, એક સુમુહૂર્ત્તના ૩૩/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૨૫/૬૭ ભાગોમાં બાકીનામાં પરિસમાપ્ત થાય છે.

પાંચમી શ્રાવિષ્ઠી પૂર્ણિમા શ્રવણ નક્ષત્રને બાર મુહૂર્ત્તોમાં, એક સુમુહૂર્ત્તમાં ૬૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૨/૬૭ ભાગોમાં બાકીનામાં પરિસમાપ્તિ થાય છે.

એ પ્રમાણે જે નક્ષત્રો શ્રાવિષ્ઠી પૂર્ણિમાને સમાપ્ત કરે છે તે કહ્યા. હવે જે પ્રૌષ્ઠપદીને પૂર્ણ કરે છે, તે કહે છે –

પ્રૌષ્ઠપદી - ભાદ્રપદી પૂર્ણિમા કેટલા નક્ષત્રોને યોગ અનુસાર ચંદ્ર સાથે જોડીને પરિસમાપ્ત કરે છે. એ પ્રમાણે બધે જ ‘‘યોગ કરે છે’’ એ પદની ભાવના કરવી જોઈએ.

ભગવંતે કહ્યું – ત્રણ નક્ષત્રો - શતભિષજ્, પૂર્વપ્રૌષ્ઠપદા અને ઉત્તર પ્રૌષ્ઠપદા. તેમાં પહેલી પ્રોષ્ઠપદી પૂર્ણિમા ઉત્તર ભાદ્રપદા નક્ષત્રને ૨૭ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના ૧૪/૬૨ ભાગોમાં ૬૪માં ૫૭ ભાગોમાં બાકીમાં પરિસમાપ્ત કરે છે.

બીજી પ્રૌષ્ઠપદી પૂર્ણિમાને પૂર્વ ભાદ્રપદ નક્ષત્રને આઠ મુહૂર્ત્તોમાં બાકીના એક

મુહૂર્તના ૪૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૧/૬૭ ભાગોમાં બાકીમાં પરિપૂર્ણ કેર છે.

ત્રીજી પ્રૌષ્ઠપદી પૂર્ણિમાને શતભિષજ્ પાંચ મુહૂર્તમાં એક મુહૂર્તના ૬/૬૨ભાગોમાં ૧/૬૨ ભાગોના ૨૮/૬૭ ભાગોમાં બાકીમાં પૂર્ણ કરે છે.

ચોથી પ્રૌષ્ઠપદી પૂર્ણિમાને ઉત્તરાભાદ્રપદ નક્ષત્રને ૪૪-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૪૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૪/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે.

પાંચમી પ્રૌષ્ઠપદી પૂર્ણિમાને પૂર્વા ભાદ્રપદ નક્ષત્રને એકવીશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૫/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૧૧/૬૭ ભાગ બાકી રહેતા પરિણામ પામે છે.

આશ્વયુજી પૂર્ણિમા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? ભગવંતે કહ્યું – બે નક્ષત્રોમાં યોગ કરે છે. તે આ પ્રમાણે – રેવતી અને અશ્વિની. આ ઉત્તરભાદ્રપદ નક્ષત્ર પણ કોઈક અશ્વયુજી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે. પછી તે પ્રૌષ્ઠપદી પણ પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે. તેમાં લોકમાં તેનું પ્રાધાન્ય છે, તે નામની તે પૂર્ણિમાના અભિધાનથી અહીં તેની વિવક્ષા કરી નથી, તેમાં દોષ નથી, તેથી કહે છે –

પહેલી આશ્વયુજી પૂર્ણિમાને અશ્વિની નક્ષત્ર એકવીશ મુહૂર્તોમાં અને ૧/૬૨ ભાગના ૬૩/૬૭ ભાગો બાકી રહેતા પરિસમાપ્ત કરે છે.

બીજી આશ્વયુજી પૂર્ણિમાને રેવતી નક્ષત્ર ૧૭ મુહૂર્તમાં અને એક મુહૂર્તના ૩૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૦/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે.

ત્રીજી આશ્વયુજી પૂર્ણિમાને ઉત્તરભાદ્રપદા નક્ષત્રને ચૌદ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૧/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૩૭/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે.

ચોથી આશ્વયુજી પૂર્ણિમાને રેવતી નક્ષત્ર ચાર મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૩/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે.

પાંચમી આશ્વયુજી પૂર્ણિમાને ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર એક મુહૂર્તના ૫૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૦/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

કાર્તિક પૂર્ણિમા કેટલાં નક્ષત્રોનો યોગ કરે છે ? ભગવંતે કહ્યું – બે નક્ષત્રો યોગ કરે છે - ભરણી અને કૃતિકા. અહીં અશ્વિની નક્ષત્ર પણ ક્યારેક કાર્તિકી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. પરંતુ તે આશ્વયુજી પૂર્ણિમામાં પ્રધાન છે, માટે વિવક્ષા કરી નથી.

તેમાં પહેલી કાર્તિકી પૂર્ણિમાને કૃતિકા નક્ષત્ર એક મુહૂર્તના ૪/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૬૨/૬૭ ભાગો બાકી રહેતા સમાપ્ત કરે છે.

બીજી કાર્તિકી પૂર્ણિમાને કૃતિકા નક્ષત્ર ૨૬-મુહૂર્તમાં એક મુહૂર્તના ૩૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૯/૬૭ ભાગ બાકી રહેતાં સમાપ્ત કરે છે.

ત્રીજી કાર્તિકી પૂર્ણિમાને અશ્વિની નક્ષત્ર ૭-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૮/૬૨ ભાગના ૧/૬૨ ભાગના ૩૬/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમા સમાપ્ત કરે છે.

ચોથી કાર્તિકી પૂર્ણિમાને કૃતિકા નક્ષત્ર ૧૬-મુહૂર્તમાં એક મુહૂર્તના ૫૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૨/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમા સમાપ્ત કરે છે.



પાંચમી કાર્તિકી પૂર્ણિમાને ભરણી નક્ષત્ર નવ મુહૂર્ત એક મુહૂર્તના ૪૫/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૯/૬૭ ભાગમાં બાકી રહેતા પરિસમાપ્ત કરે છે.

મૃગશીર્ષ પૂર્ણિમા કેટલા નક્ષત્રો સાથે યોગ કરે છે ? ભગવંતે કહ્યું – બે નક્ષત્રોમાં, રોહિણી અને મૃગશીર્ષ. તેમાં પહેલી માર્ગશિર્ષી પૂર્ણિમાને મૃગશિર નક્ષત્ર ૮ મુહૂર્તોમાં એક મુહૂર્ત સંબંધી ૬૨ ભાગના ૬૧/૬૭ ભાગ બાકી રહેતા કરે છે.

બીજી મૃગશીર્ષ પૂર્ણિમાને રોહિણી નક્ષત્ર પાંચ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૮/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે.

ત્રીજી મૃગશીર્ષ પૂર્ણિમાને રોહિણી નક્ષત્ર એકવીશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૫/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે.

ચોથી મૃગશીર્ષ પૂર્ણિમાને મૃગશિર નક્ષત્ર બાવીશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૧૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૫/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે.

પાંચમી મૃગશીર્ષ પૂર્ણિમાને રોહિણી નક્ષત્ર અઢાર મુહૂર્તોમાં એક મુહૂર્તના ૪૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૮/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે.

પૌષી પૂર્ણિમા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? ભગવંત કહે છે – ત્રણ નક્ષત્રો યોગ કરે છે – આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય. તેમાં પહેલી પૂર્ણિમા પુનર્વસુ નક્ષત્રને બે મુહૂર્તમાં એક મુહૂર્તના ૫૬/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૬૦/૬૭ ભાગમાં પૂર્ણ કરે છે.

બીજી પૌષી પૂર્ણિમાને ૨૯ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૭/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે.

ત્રીજી પૌષી પૂર્ણિમા અધિકમાસથી પૂર્વે આર્દ્રાનક્ષત્રને દશ મુહૂર્તમાં એક મુહૂર્તના ૪૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૪/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે. અધિકમાસ ભાવિનીને પુનઃ તેને જ ત્રીજી પૂર્ણિમાને પુષ્યનક્ષત્રને ૧૯ મુહૂર્તમાં એક મુહૂર્તના ૪૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૩/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમા પૂર્ણ કરે છે.

ચોથી પૌષી પૂર્ણિમાને પુનર્વસુ નક્ષત્ર ૧૬-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૦/૬૭ ભાગ શેષ રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે. પાંચમી પૌષી પૂર્ણિમાને પુનર્વસુ નક્ષત્રને ૪૨-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩૫/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૭/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

માઘી પૂર્ણિમા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? ભગવંતે કહ્યું – બે નક્ષત્રોનો યોગ કરે છે – આશ્લેષા અને મઘા. 'च' શબ્દથી ક્યારેક માઘી પૂર્ણિમાને પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર અને ક્યારેક પુષ્ય નક્ષત્ર પણ પૂર્ણ કરે છે. તે આ પ્રમાણે - પહેલી માઘી પૂર્ણિમાને મઘા નક્ષત્ર અગિયાર મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૯/૭૨ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે.

બીજી માઘી પૂર્ણિમાને આશ્લેષાનક્ષત્ર આઠ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૧૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૬/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે. ત્રીજી માઘી પૂર્ણિમાને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર અઠ્ઠાવીશમુહૂર્તમાં એક મુહૂર્તના ૩૮/૬૨ ભાગોમાં

૧/૬૨ ભાગના ૩૨/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

ચોથી માઘી પૂર્ણિમાને મઘા નક્ષત્ર પચીશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૯/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે. પાંચમી માઘી પૂર્ણિમાને પુષ્ય નક્ષત્ર છ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૬/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે.

ફાલ્ગુની પૂર્ણિમાને કેટલાં નક્ષત્રોનો યોગ કરે છે ? ભગવંત કહે છે – બે નક્ષત્રો - પૂર્વા ફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની. તેમાં પહેલી ફાલ્ગુની પૂર્ણિમાને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રને વીશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૪૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૮/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

બીજી ફાલ્ગુની પૂર્ણિમાને પૂર્વાફાલ્ગુની નક્ષત્રને બે મુહૂર્તોનું એક મુહૂર્ત, તેના ૧૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૫/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે. ત્રીજી ફાલ્ગુની પૂર્ણિમાને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રને સાત મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩૩/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૩૧/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

ચોથી ફાલ્ગુની પૂર્ણિમાને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર ૩૩-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૬૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૮/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે. પાંચમી ફાલ્ગુની પૂર્ણિમાને પૂર્વાફાલ્ગુની નક્ષત્રને ૧૫-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૫/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫/૬૭ ભાગો બાકી રહેતા પરિસમાપ્ત કરે છે.

ચૈત્રી પૂર્ણિમાનો કેટલા નક્ષત્રો યોગ કરે છે ? ભગવંત કહે છે – બે નક્ષત્રો યોગ કરે છે - હસ્ત અને ચિત્રા. તેમાં પહેલી ચૈત્રી પૂર્ણિમાને ચિત્રા નક્ષત્ર ચૌદ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૪૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૭/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણ કરે છે.

બીજી ચૈત્રી પૂર્ણિમાને હસ્ત નક્ષત્ર ૧૧-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૪/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે. ત્રીજી ચૈત્રી પૂર્ણિમાને ચિત્રા નક્ષત્ર એક મુહૂર્તમાં એક જ મુહૂર્તના ૨૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૦/૬૭ ભાગ રહેતા પૂર્ણ કરે છે.

ચોથી ચૈત્રી પૂર્ણિમાને ચિત્રા નક્ષત્ર ૨૭-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૫/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૭/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણ કરે છે. પાંચમી ચૈત્રી પૂર્ણિમાને હસ્તનક્ષત્ર ૨૪-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪/૬૭ ભાગ રહેતા પૂર્ણ કરે છે.

વૈશાખી પૂર્ણિમાનો કેટલા નક્ષત્રો યોગ કરે છે ? ભગવંત કહે છે – બે નક્ષત્રો યોગ કરે છે, સ્વાતિ અને વિશાખા. 'च' શબ્દથી અનુરાધા પણ લેવું. અહીં અનુરાધા નક્ષત્ર વિશાખાથી પર છે અને વિશાખા આ પૂર્ણિમામાં પ્રધાન છે. તેથી પછીની જ પૂર્ણિમામાં તેનું સાક્ષાત્ ગ્રહણ કરેલ નથી.

તેમાં પહેલી વૈશાખી પૂર્ણિમા વિશાખા નક્ષત્રમાં આઠ મુહૂર્તમાં એક મુહૂર્તના ૩૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૬/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.



બીજી વૈશાખી પૂર્ણિમાને વિશાખાનક્ષત્રને પચીશ મુહૂર્તમાં એક મુહૂર્તના ૧/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૪૩/૬૭ ભાગ રહેતા પૂર્ણ કરે છે.

ત્રીજી વૈશાખી પૂર્ણિમાને અનુરાધાનક્ષત્ર પચીશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૯/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

ચોથી વૈશાખી પૂર્ણિમાને વિશાખા નક્ષત્ર ૨૧-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૬/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

પાંચમી વૈશાખી પૂર્ણિમાને સ્વાતિ નક્ષત્ર ત્રણ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૧૫/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૩/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

જ્યેષ્ઠામૌલી પૂર્ણિમા કેટલાં નક્ષત્રનો યોગ કરે છે ? ભગવંતે કહ્યું – ત્રણ નક્ષત્રનો યોગ કરે છે, તે આ રીતે – અનુરાધા, જ્યેષ્ઠા અને મૂલ. તેમાં પહેલા જ્યેષ્ઠા મૌલી પૂર્ણિમાને મૂલનક્ષત્ર સત્તર મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૫/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

બીજી જ્યેષ્ઠામૌલી પૂર્ણિમા જ્યેષ્ઠા નક્ષત્રને તેર મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૨/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

ત્રીજી જ્યેષ્ઠામૌલી પૂર્ણિમાને મૂલ નક્ષત્ર ચાર મુહૂર્તોમાં એક મુહૂર્તના ૧૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૨/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

ચોથી જ્યેષ્ઠામૌલી પૂર્ણિમાને જ્યેષ્ઠા નક્ષત્ર એક મુહૂર્તના ૪૫/૬૨ ભાગોના ૧/૬૨ ભાગના ૧૫/૬૭ ભાગ રહેતા પૂર્ણ કરે છે.

પાંચમી જ્યેષ્ઠામૌલી પૂર્ણિમાને અનુરાધા નક્ષત્ર ૧૨-મુહૂર્તમાં એક મુહૂર્તના ૧૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨/૬૭ ભાગ પૂર્ણ કરાવે છે.

આષાઢી પૂર્ણિમા કેટલાં નક્ષત્રોનો યોગ કરે છે ? ભગવંતે કહ્યું – બે નક્ષત્રો યોગ કરે છે, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા. તેમાં પહેલી આષાઢી પૂર્ણિમાને ઉત્તરાષાઢા નક્ષત્રને છવ્વીશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૪/૬૭ ભાગ બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

બીજી અષાઢી પૂર્ણિમાને પૂર્વાષાઢા નક્ષત્ર સાત મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૧/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

ત્રીજી અષાઢી પૂર્ણિમાને ઉત્તરાષાઢા નક્ષત્ર ૧૩-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૧૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૭/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

ચોથી આષાઢી પૂર્ણિમાને ઉત્તરાષાઢા નક્ષત્ર ૩૯ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૪૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૪/૬૭ ભાગો બાકી રહેતા પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે.

પાંચમી અષાઢી પૂર્ણિમાને ઉત્તરાષાઢા નક્ષત્ર સ્વયં પરિસમાપ્ત થઈને પૂર્ણ કરે છે અર્થાત્ - એકત્ર પંચમી અષાઢી પૂર્ણિમાને સમાપ્ત કરે છે. અન્યત્ર ચંદ્રયોગને આશ્રીને ઉત્તરાષાઢા નક્ષત્ર, [એમ જાણવું.]

અહીં સૂત્રકારશ્રીની શૈલીથી જે-જે નક્ષત્રને પૂર્ણિમા અને અમાસ પરિસમાપ્ત

કરે છે, તે યાવત્ શેષમાં પૂર્ણ કરે છે, તે તેને શેષ કહેવાય છે. તેથી તેના અનુરોધથી અમે પણ અહીં તેમજ કહ્યું. જેટલા વળી જેટલા અતિક્રાંત થઈ પૂર્ણ કરે છે, તેટલા જ પૂર્વોક્ત કરણના વશથી કહેવા જોઈએ.

ચંદ્રપ્રજ્ઞપ્તિમાં પણ તેમજ કહીશ. અમાસનો અધિકાર પણ અનંતર તેમજ કહીશું. એ રીતે જે નક્ષત્રો જે પૂર્ણિમાનો યોગ કરે છે, તે કહ્યા.

હવે મંદમતિ માટે કુલાદિ યોજનાને કહે છે –

● સૂત્ર-૪૯ :-

*તે શ્રાવિષ્ઠી પૂર્ણિમા કુલનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરે છે કે કુલોપકુલનો યોગ કરે છે ? તે કુલનો યોગ કરે કે ઉપકુલનો યોગ કરે કે કુલપકુલનો યોગ કરે છે. કુલનો યોગ કરતાં ધનિષ્ઠા નક્ષત્રનો યોગ કરે, ઉપકુલનો યોગ કરતાં શ્રવણ નક્ષત્રનો યોગ કરે છે. કુલોપકુલનો યોગ કરતાં અભિજિત નક્ષત્રનો યોગ કરે છે. [એ રીતે] શ્રાવિષ્ઠી પૂર્ણિમા કુલનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરે છે કે કુલોપકુલનો યોગ કરે છે. કુલ-ઉપકુલ કે કુલોપકુલ સાથે જોડાયેલ શ્રાવિષ્ઠી પૂર્ણિમા જોડાયેલ કહેવી.*

*તે પ્રૌષ્ઠપદી પૂર્ણિમા શું કુલનો યોગ કરે, ઉપકુલનો યોગ કરે કે કુલોપકુલનો યોગ કરે છે ? તે કુલનો, ઉપકુલનો કે કુલોપકુલનો યોગ કરે છે. કુલનો યોગ કરતાં ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્રનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરતાં પૂર્વા પ્રૌષ્ઠપદનક્ષત્રનો યોગ કરે છે, કુલોપકુલનો યોગ કરતા શતભિષજ નક્ષત્રનો યોગ કરે છે. [એ રીતે] પ્રૌષ્ઠપદી પૂર્ણિમાને કુલ, ઉપકુલ કે કુલોપકુલનો યોગ કરે છે. કુલ-ઉપકુલ કે કુલોપકુલ સાથે જોડાયેલ પ્રૌષ્ઠપદી પૂર્ણિમાને જોડાયેલી કહેવી.*

*આસોજ પૂર્ણિમા શું કુલનો યોગ કરે, ઉપકુલનો યોગ કરે કે કુલોપકુલનો યોગ કરે છે ? કુલોપકુલનો યોગ પામતા નથી. કુલનો યોગ કરતાં અશ્વિની નક્ષત્રમાં યોગ કરે છે. ઉપકુલનો યોગ કરતાં રેવતી નક્ષત્રનો યોગ કરે છે. [એ રીતે] આસોજ પૂર્ણિમા કુલ કે ઉપકુલનો યોગ કરે છે. કુલની સાથે યુક્ત કે ઉપકુલની સાથે યુક્ત આસોજ પૂર્ણિમા યુક્ત છે તેમ કહેવાય છે.*

*પોષપૂર્ણિમા અને જ્યેષ્ઠામૂલ પૂર્ણિમા કુલોપકુલનો યોગ કરે છે. બાકીની પૂર્ણિમાને કુલોપકુલ નથી.*

*શ્રાવિષ્ઠી અમાવાસ્યા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રનો યોગ કરે છે. તે આ - આશ્લેષા અને મઘા. એ પ્રમાણે આ અભિલાપ વડે જાણવું કે પ્રૌષ્ઠપદી બે નક્ષત્રનો યોગ કરે છે – પૂર્વ ફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની. અશ્વયુજી હસ્ત અને ચિત્રનો, કાર્તિકી સ્વાતિ અને વિશાખાનો. મૃગશીર્ષી અનુરાધા અને જ્યેષ્ઠા મૂલીનો, પોષી પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢાનો, માઘી અભિજિત શ્રવણ અને ધનિષ્ઠાનો, ફાલ્ગુની શતભિષજ્ અને પૂર્વ પ્રૌષ્ઠપદા અને ઉત્તર પ્રૌષ્ઠપદાનો. ચૈત્રી રેવતી, અશ્વિનીનો. વૈશાખી ભરણી અને કૃતિકાનો, જ્યેષ્ઠામૂલી*



*રોહિણી અને મૃગશીર્ષ નક્ષત્રનો યોગ કેર છે.*

*આષાઢી અમાવાસ્યા કેટલાં નક્ષત્રનો યોગ કરે છે ? તે ત્રણ નક્ષત્રનો યોગ કરે છે. તે આ – આર્દ્રા, પુનર્વસુ, પુષ્યનો.*

*તે શ્રાવિષ્ઠી અમાવાસ્યા શું કુલનો યોગ કરે છે, ઉપકુલનો યોગ કરે છે કે કુલોપકુલનો યોગ કરે છે ? કુલનો યોગ કરે છે કે ઉપકુલનો યોગ કરે છે. કુલોપકુલનો યોગ કરતી નથી. કુલનો યોગ કરતાં મઘાનક્ષત્રનો યોગ કરે છે. ઉપકુલનો યોગ કરતાં આશ્લેષનો યોગ કરે છે. કુલ કે ઉપકુલ સાથે યુક્ત શ્રાવિષ્ઠી અમાસ યુક્ત છે તેમ કહેવું. એમ જાણવું. વિશેષ એ કે – મૃગશિર્ષી, માઘી, આષાઢી અમાવાસ્યા કુલોપકુલનો યોગ કરે છે બાકીનીને નથી.*

● વિવેચન-૪૯ :-

શ્રાવિષ્ઠી પૂર્ણિમા શું કુલને જોડે છે, ઉપકુલને જોડે છે, કે કુલોપકુલને જોડે છે ? ભગવંતે કહ્યું – કુલને જોડે છે. 'वा' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. તેથી કુલને પણ જોડે છે અર્થ થાય. એ રીતે ઉપકુલને પણ અને કુલોપકુલને પણ જોડે છે. તેમાં કુલને જોડતાં ધનિષ્ઠાનક્ષત્રને જોડે છે. તે જ કુલપણે પ્રસિદ્ધ થયેલ શ્રાવિષ્ઠી પૂર્ણિમાને. ઉપકુલને જોડતાં શ્રવણનક્ષત્રને જોડે છે. કુલોપકુલને જોડતાં અભિજિત નક્ષત્રને જોડે છે. તે જ ત્રીજી શ્રાવિષ્ઠા પૂર્ણિમામાં બાર મુહૂર્તમાં કંઈક સમ અધિક બાકીમાં ચંદ્ર સાથે યોગ કરે છે. પછી શ્રવણની સાથે સહચરત્વથી સ્વયં પણ તે પૂર્ણિમાના પર્યન્તવર્તી હોવાથી તેને પણ તે પરિસમાપ્ત કરે છે, એમ વિવક્ષિતત્વથી જોડે છે, એમ કહે છે. હવે ઉપસંહાર કહે છે – જે કારણે એ પ્રમાણે ત્રણે કુલાદિ વડે શ્રાવિષ્ઠી પૂર્ણિમાની યોજના છે, તેથી શ્રાવિષ્ઠી પૂર્ણિમા કુલને પણ જોડે છે, ઉપકુલને પણ જોડે છે, કુલોપકુલને પણ જોડે છે. એમ સ્વશિષ્યોને પ્રતિપાદન કરવું અથવા કુલથી પણ યુક્ત થઈ શ્રાવિષ્ઠી પૂર્ણિમા, ઉપકુલ વડે કે કુલોપકુલ વડે યુક્ત છે તેમ કહેવું. એ પ્રમાણે બાકીના સૂત્રનું નિગમન કરવું યાવત્ એ પ્રમામે બાકીની પણ પૂર્ણિમાઓ પણ જાણવી, અર્થાત્ પાઠક્રમ વડે કહેવો જોઈએ. - - -

- - - વિશેષ એ કે પૌષી પૂર્ણિમા અને જ્યેષ્ઠામૂલી પૂર્ણિમા કુલોપકુલને જોડે છે. બાકીની પૂર્ણિમાઓમાં કુલોપકુલ નક્ષત્ર નથી હોતું એમ ભાવના કરીને કહેવું જોઈએ. તે આ પ્રમાણે - કાર્તિકી પૂર્ણિમાં શું કુલને જોડે છે કે ઉપકુલને જોડે છે ? તે કુલને પણ જોડે છે અને ઉપકુલને પણ જોડે છે. કુલોપકુલને જોડતાં નથી. કુલનો યોગ કરતાં કૃતિકાનક્ષત્રમાં યોગ કરે છે. ઉપકુલનો યોગ કરતાં ભરણી નક્ષત્રનો યોગ કરે છે. તે કાર્તિકી પૂર્ણિમા કુલને અને ઉપકુલનો પણ યોગ કરે છે. કુલ કે ઉપકુલ સાથે યુક્ત કાર્તિકી પૂર્ણિમાનો યોગ કરે છે, તેમ કહેવું. એ પ્રમાણે આષાઢી પૂર્ણિમા સુધી સૂત્ર કહેવું.

એ પ્રમાણે પૂર્ણિમા સંબંધી વક્તવ્યતા કહી. હવે અમાવાસ્યા સંબંધી વક્તવ્યતા કહેવી.

બાર અમાસો કહેલી છે – શ્રાવિષ્ઠી, પૌષ્ઠપદી ઈત્યાદિ. તેમાં માસના

પરિસમાપકથી શ્રવિષ્ઠા નક્ષત્રથી ઉપલક્ષિત જે શ્રાવણ માસ, તે પણ ઉપચારથી શ્રાવિષ્ઠામાં થાય તો શ્રાવિષ્ઠી. શું કહેવા માંગે છે ? શ્રવિષ્ઠા નક્ષત્ર પરિસમાપ્યમાન શ્રાવણમાસભાવિની. એ પ્રમાણે. પૌષ્ઠપદી પ્રૌષ્ઠપદા નક્ષત્ર પરિસમાપ્યમાન ભાદ્રપદ-માસ ભાવિની. એ પ્રમાણે સર્વત્ર પણ વાક્યાર્થે કહેવો.

શ્રાવિષ્ઠી અમાવાસ્યા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? કેટલા નક્ષત્રો યોગ મુજબ ચંદ્ર સાથે જોડાઈને શ્રાવિષ્ઠી અમાવાસ્યાને પરિસમાપ્ત કેર છે ? ભગવંતે કહ્યું – બે નક્ષત્રમાં યોગ કરે છે તે આ પ્રમાણે - આશ્લેષા અને મઘા. આ વ્યવહારનયમતથી જે નક્ષત્રમાં પૂર્ણિમા થાય છે, તેથી આરંભીને પૂર્વના પંદર નક્ષત્રમાં અમાવાસ્યા થાય છે. જે નક્ષત્રમાં અમાવાસ્યા છે, ત્યાંથી આરંભીને પછી પંદર નક્ષત્રમાં પૂર્ણિમા આવે. તેમાં શ્રાવિષ્ઠી પૂર્ણિમામાં શ્રવણમાં ધનિષ્ઠામાં કહેલ છે, તેથી અમાવાસ્યામાં પણ આ શ્રાવિષ્ઠામાં આશ્લેષા અને મઘા કહ્યા છે. લોકમાં તિથિ ગણિત અનુસાર ગયેલ અમાવાસ્યામાં વર્તમાનમાં પણ એકમમાં જે અહોરાત્રમાં પહેલાથી અમાવાસ્યા થાય, તે સર્વ પણ અહોરાત્ર અમાવાસ્યા છે તેવો વ્યવહાર થાય છે. તેથી મઘાનક્ષત્ર પણ એ પ્રમાણે વ્યવહારથી અમાવાસ્યાને પ્રાપ્ત કરે છે, તેથી કોઈ વિરોધ નથી. પરમાર્થથી વળી આ અમાવાસ્યાને શ્રાવિષ્ઠી આ ત્રણ નક્ષત્રો પરિસમાપ્ત કરે છે તે આ - પુનર્વસુ, પુષ્ય અને આશ્લેષા.

તેથી જ કહે છે કે – અમાવાસ્યા ચંદ્રયોગ પરિજ્ઞાનાર્થ કરણ પૂર્વે કહેલ છે. તેમાં તે ભાવના કરાય છે. કોઈક પૂછે છે – યુગની આદિમાં પહેલી શ્રાવિષ્ઠી અમાવાસ્યા ક્યાં ચંદ્રયુક્ત નક્ષત્ર વડે યુક્ત થઈ સમાપ્તિને પામે છે ?

તેમાં પૂર્વોદિત સ્વરૂપ અવધારીને જે રાશિ છે તે ૬૬-મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના $^{૫}/_{૬૨}$ ભાગ અને $^{૧}/_{૬૨}$ ભાગના $^{૧}/_{૬૭}$ ભાગ એ પ્રમાણે કરીને તેને એક વડે ગુણીએ. - x - એક વડે ગુણતા તે જ રાશિ થાય છે. તેથી તે ૨૨ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના $^{૪૬}/_{૬૨}$ એ પરિમાણ પુનર્વસુ શોધનક શોધાય છે. તેમાં ૬૬ મુહૂર્ત્તો વડે ૨૨-મુહૂર્ત્તો શુદ્ધ થાય છે. તેથી રહે છે - ૪૪-તેમાંથી એક મુહૂર્ત્ત ખેંચી લઈને તેના ૬૨ ભાગો કરાય છે. કરીને તે ૬૨ ભાગ રાશિ મધ્યે ઉમેરાય છે. તેથી થશે- ૬૭ સંખ્યા. તેના વડે ૪૬ શુદ્ધ થાય છે. શેષ રહે છે - ૨૧. પછી ૪૩ મુહૂર્ત્તો વડે ૩૦ મુહૂર્ત્તથી પુષ્ય શુદ્ધ થાય છે. ત્યારપછી રહેશે ૧૩-મુહૂર્ત્તો. આશ્લેષા નક્ષત્ર દ્વિક્ષેત્ર છે, તેથી ૧૫-મુહૂર્ત્ત પ્રમાણ છે. તેનાથી આ આવે છે - આશ્લેષા નક્ષત્ર એક મુહૂર્ત્તમાં એક મુહૂર્ત્તના $^{૪૦}/_{૬૨}$ ભાગ અને $^{૧}/_{૬૨}$ ભાગના ૬૭ ભેદે છેદતાં ૬૬ સંખ્યા ભાગો બાકી રહેતા પહેલી અમાવાસ્યા સમાપ્તિ પામે છે તથા કહેવાય છે કે – આ પાંચ સંવત્સરોમાં પહેલી અમાવાસ્યામાં ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ?

આશ્લેષાનો [યોગ કરે છે] આશ્લેષા, એક મુહૂર્ત્તના $^{૪૦}/_{૬૨}$ ભાગ મુહૂર્ત્તના ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૬ ચૂર્ણિ ભાગો બાકી રહે છે. જ્યારે બીજી અમાવાસ્યાને વિચારીએ ત્યાર તે યુગની આદિથી આરંભીને ૧૩ થાય છે. તે ધ્રુવરાશિ ૬૬ / $^{૫}/_{૬}$ / $^{૧}/_{૬૭}$ ને તેર વડે ગુણીએ છીએ, ત્યારે મુહૂર્ત્તોના ૮૫૮ થાય છે. એક મુહૂર્ત્તના





$^{૬૫}/_{૬૨}$ ભાગો છે. ૬૫ અને $^{૧}/_{૬૨}$ ભાગના $^{૧૩}/_{૬૭}$ ભાગ તે ૧૩ થાય. તેમાં ૪૪૨ મુહૂર્ત્ત વડે $^{૪૬}/_{૬૨}$ ભાગો વડે ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે. પછી રહે છે - મુહૂર્ત્તના ૪૧૬ ભાગ. એક મુહૂર્ત્તના $^{૧૯}/_{૬૨}$ ભાગ થાય અને $^{૧}/_{૬૨}$ ભાગના હોવાથી $^{૧૩}/_{૬૭}$ ભાગ થતાં સંખ્યા આ રીતે આવશે – ૪૧૬ / $^{૧૯}/_{૬૨}$ / $^{૧૩}/_{૬૭}$. તેથી આ ૩૯૯ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ અને $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ થતાં આ સંખ્યા આવશે - ૩૯૯ / $^{૨૪}/_{૬૨}$ / $^{૬૬}/_{૬૭}$

તેમાં ૪૧૬થી ૩૯૯ બાદ કરાતા પછી રહેશે ૧૭-મુહૂર્ત્તો. તેમાંથી એક મુહૂર્ત્ત ગ્રહણ કરીને તેના ૬૨ ભાગો કરાય છે. કરીને ૬૨ ભાગ રાશિ ઉમેરીએ, તેથી ૮૧ થશે. તેના ૨૪ શુદ્ધ કરાતા પછી રહે છે - ૫૭, તેના એકને લઈને ૬૭ ભાગો કરાય છે તેથી ૬૬ શુદ્ધ કરાતાં પછી એક સંખ્યા રહેશે. તે ૬૭ ભાગ રાશિમાં ઉમેરવામાં આવે. તો થશે $^{૧૪}/_{૬૭}$ ભાગ. આવશે પુષ્ય નક્ષત્ર-૧૬ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના $^{૫૬}/_{૬૨}$ ભાગોમાંથી $^{૧}/_{૬૨}$ ભાગના $^{૧૪}/_{૬૭}$ ભાગ અતિક્રાંત થતાં બીજી શ્રાવિષ્ઠા અમાવાસ્યા પૂર્ણ થાય છે.

જ્યારે ત્રીજી અમાવાસ્યાને વિચારીએ. તે યુગાદિના આરંભથી ૨૫મી છે. તે ધ્રુવરાશિ ૬૬ / $^{૫}/_{૬૨}$ / $^{૧}/_{૬૭}$ ને ૨૫ વડે ગુણીએ છીએ. તેથી થાય છે ૧૬૫૦ મુહૂર્ત્તો. તેમાં એક મુહૂર્ત્તના $^{૧૨૫}/_{૬૨}$ ભાગ થાય. તેમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૫}/_{૬૭}$ ભાગ થાય છે. તેમાં ૪૪૨ મુહૂર્ત્તમાં એક મુહૂર્ત્તના $^{૪૬}/_{૬૨}$ ભાગ વડે પહેલા ઉત્તરાષાઢા સુધી શોધનક શોધાયું. પછી રહે છે - મુહૂર્ત્તના ૧૨૦૮ અને ૬૨ ભાગો. મુહૂર્ત્તના ૭૯ અને $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૫}/_{૬૭}$ ભાગ થાય.

ત્યારપછી ૮૧૯ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ વડે $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ વડે એક નક્ષત્રપર્યાય શોધાય છે. પછી રહે છે - ૩૮૯ મુહૂર્ત્તો. તેમાં એક મુહૂર્ત્તના $^{૫૪}/_{૬૨}$ ભાગો છે. $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૬}/_{૬૭}$ ભાગ થાય છે. પછી ફરી ૩૦૯ મુહૂર્ત્તમાં એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ વડે $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગો વડે અભિજિતાદિથી રોહિણિકા સુધીના શોધિત થાય છે.

ત્યારપછી રહેશે - ૮૦ મુહૂર્ત્તો. એક મુહૂર્ત્તના $^{૨૯}/_{૬૨}$ ભાગો અને $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૭}/_{૬૭}$ ભાગ છે. તે આ રીતે - ૮૦ / $^{૨૯}/_{૬૨}$ / $^{૨૭}/_{૬૭}$ પછી ૩૦ મુહૂર્ત્તો વડે મૃગશિર નક્ષત્ર શોધિત થતાં બાકી રહેશે ૫૦ મુહૂર્ત્તો. તેમાંથી ૧૫-વડે આર્દ્રા શોધાય છે. તેથી રહેશે ૩૫ મુહૂર્ત્ત. તેથી આવશે પુનર્વસુ નક્ષત્ર. આ ૩૫ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના $^{૨૯}/_{૬૨}$ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૭}/_{૬૭}$ ભાગો જતાં ત્રીજી શ્રાવિષ્ઠી અમાવાસ્યા પૂર્ણ થાય છે.

એ પ્રમાણે ચોથી શ્રાવિષ્ઠી અમાવાસ્યા આશ્લેષા નક્ષત્ર છે, પહેલા મુહૂર્ત્તના $^{૭}/_{૬૨}$ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૪૧}/_{૬૭}$ ભાગો અર્થાત્ $^{૭}/_{૬૨}$ / $^{૪૧}/_{૬૭}$ જતાં અમાસ પૂર્ણ થાય છે.

પાંચમી શ્રાવિષ્ઠી અમાવાસ્યાને પુષ્યનક્ષત્ર [પૂર્ણ કરે] ત્રણ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના $^{૪૨}/_{૬૨}$ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૫૪}/_{૬૭}$ ભાગો જતાં અર્થાત્ ૩ / $^{૪૨}/_{૬૨}$

/ ૫૪/૬૭ થી પૂર્ણ કરે છે.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી અનંતરોક્ત આલાવા વડે બાકીની પણ અમાવાસ્યાને જાણી લેવી.

વિશેષથી કહે છે — પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને કેટલાં નક્ષત્રો યોગ કરે છે ? તે બે નક્ષત્રોનો યોગ કરે છે - પૂર્વા ફાલ્ગુની અને ઉત્તરા ફાલ્ગુની આ પણ વ્યવહારથી કહે છે. પરમાર્થથી તો ત્રણ નક્ષત્રો પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને સમાપ્ત કરે છે. તે આ પ્રમાણે - મઘા, પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની.

તેમાં પહેલી પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ચાર મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૨૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨/૬૭ ભાગ અતિક્રાંત થતાં અર્થાત્ ૪ / ૨૬/૬૨ / ૨/૬૭ જતાં બીજી પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને પૂર્વફાલ્ગુની નક્ષત્ર સાત મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૬૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૫/૬૭ ભાગ જતાં અર્થાત્ ૭ / ૬૧/૬૨ / ૧૫/૬૭ જતાં અમાસ પૂર્ણ થાય છે.

ત્રીજી પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને મઘા નક્ષત્ર અગિયાર મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૩૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૮/૬૭ ભાગ જતાં અર્થાત્ ૧૧ / ૩૪/૬૨ / ૨૮/૬૭ ભાગ જતાં અમાસ પૂર્ણ થાય છે.

ચોથી પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર એકવીશ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૧૨/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૨/૬૭ ભાગ જતાં અર્થાત્ ૨૧ / ૧૨/૬૨ / ૪૨/૬૭ જતાં અમાસ પૂર્ણ થાય.

પાંચમી પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને મઘા નક્ષત્ર ચોવીશ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૪૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૫/૬૭ ભાગો અતિક્રાંત થતાં અર્થાત્ ૨૪ / ૪૭/૬૨ / ૫૫/૬૭ જતાં અમાસ પૂર્ણ થાય.

આસોજ્ અમાવાસ્યા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? તે બે નક્ષત્રનો યોગ કરે છે. તે આ - હસ્ત અને ચિત્રા. આ પણ વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી તો અશ્વયુજ્ અમાવાસ્યાને ત્રણ નક્ષત્ર સમાપ્ત કરે છે. તે આ - ઉત્તરાફાલ્ગુની, હસ્ત અને ચિત્રા.

તેમાં પહેલી આસેજા અમાવાસ્યાને હસ્તનક્ષત્ર પચીશ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૩૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩/૬૭ ભાગો જતાં અર્થાત્ ૨૫ / ૩૧/૬૨ / ૩/૬૭ જતાં અમાસ પૂર્ણ થાય. બીજી આસોજા અમાસ ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર વડે ૪૪-મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૬/૬૭ ભાગો જતાં બીજી અમાસ પૂર્ણ થાય.

ત્રીજી આસોજા અમાવાસ્યાને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર ૧૭-મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૩૯/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૯/૬૭ ભાગ અર્થાત્ ૧૭ / ૩૯/૬૨ / ૨૯/૬૭ ભાગ જતાં પૂર્ણ થાય છે. ચોથી આસોજા અમાસને હસ્ત નક્ષત્ર બાર મુહૂર્ત્તમાં એક મુહૂર્ત્તના ૧૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૩/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે. પાંચમી આસોજા અમાસને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર ત્રીશ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૫૨/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૪/૬૭ ભાગ જતાં - ૩૦ / ૫૨/૬૨ / ૫૪/૬૭ જતાં સમાપ્ત



કરે છે.

કાર્તિકી અમાવાસ્યા કેટલા નક્ષત્રનો યોગ કરે છે ? બે નક્ષત્રોનો યોગ કરે છે - સ્વાતિ અને વિશાખા. આ પણ વ્યવહાર નયના મતથી છે, નિશ્ચયથી તો ત્રણ નક્ષત્રો કાર્તિક અમાસને પરિસમાપ્ત કરે છે. તે આ — સ્વાતિ, વિશાખા અને ચિત્રા.

તેમાં પહેલી કાર્તિકી અમાસને વિશાખા નક્ષત્ર ૧૬-મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૩૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪/૬૭ ભાગોમાં અર્થાત્ ૧૬ / ૩૬/૬૨ / ૪/૬૭ જતાં અમાસને પૂર્ણ કરે છે.

બીજી કાર્તિકી અમાસને સ્વાતિ નક્ષત્ર પાંચ મુહૂર્ત્તમાં એક મુહૂર્ત્તના ૨૨/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૭/૬૭ ભાગોમાં એટલે ૫ / ૨૨/૬૨ / ૧૭/૬૭ જતાં અમાસને પૂર્ણ કરે છે.

ત્રીજી કાર્તિકી અમાસને ચિત્રાનક્ષત્ર આઠ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૨૨/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૦/૬૭ ભાગો અર્થાત્ ૮ / ૪૪/૬૨ / ૩૦/૬૭ જતાં અમાસને પૂર્ણ કરે છે.

ચોથી કાર્તિકી અમાસને વિશાખા નક્ષત્રને ૧૩ મુહૂર્ત્તમાં એક મુહૂર્ત્તમાં ૨૨/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૪/૬૭ ભાગ જતાં એટલે ૧૩ / ૫૭/૬૨ / ૫૭/૬૭ જતાં અમાસને પૂર્ણ કરે છે.

મૃગશિર્ષ અમાસનો કેટલા નક્ષત્ર યોગ કરે છે ? તે ત્રણ નક્ષત્રનો યોગ કરે છે — અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ. આ પણ વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી વળી આ ત્રણ નક્ષત્રો માર્ગશિર્ષ અમાસને પરિસમાપ્ત કરે છે - વિશાખા, અનુરાધા અને જ્યેષ્ઠા. તેમાં પહેલી મૃગશિર્ષી અમાસને જ્યેષ્ઠા નક્ષત્ર સાત મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૪૧/૬૨ ભાગના ૧/૬૨ ભાગના ૫/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે.

બીજી માર્ગશિર્ષી અમાસને અનુરાધા નક્ષત્રને ૧૧-મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૧૪/૬૨ ભાગના ૧/૬૨ ભાગના ૧૮/૬૭ અર્થાત્ ૧૧ / ૧૪/૬૨ / ૧૮/૬૭ જતાં અમાસને પૂર્ણ કરે છે.

ત્રીજી માર્ગશિર્ષી અમાસને વિશાખા નક્ષત્ર ૨૯-મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૪૯/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૧/૬૭ ભાગ એટલે ૨૯ / ૪૯/૬૨ / ૩૧/૬૭ ભાગ જતાં અમાસને પૂર્ણ કરે છે.

ચોથી માર્ગશિર્ષી અમાસને અનુરાધા નક્ષત્ર ૨૪-મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૨૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૫/૬૭ ભાગ અર્થાત્ ૨૪ / ૨૭/૬૨ / ૪૫/૬૭ જતાં અમાસને પૂર્ણ કરે છે.

પાંચમી માર્ગશિર્ષી અમાસને વિશાખાનક્ષત્ર ૪૩-મુહૂર્ત્તમાં એક મુહૂર્ત્તના ૧/૬૨ ભાગના ૫૮/૬૭ ભાગો જતાં પૂર્ણ થાય.

પૌષી અમાસનો કેટલા નક્ષત્ર યોગ કરે છે ? બે નક્ષત્રો યોગ કરે છે - પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા. આ પણ વ્યવહાર થકી કહ્યું. નિશ્ચયથી વળી ત્રણ નક્ષત્રો પરિસમાપ્ત કરે છે તે આ — મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા. તેથી કહે છે — પહેલી

પૌષી અમાસને પૂર્વાષાઢા નક્ષત્ર ૨૮ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૪૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૬/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

બીજી પૌષી અમાસને પૂર્વાષાઢાનક્ષત્ર બે મુહૂર્તના એક મુહૂર્તના ૧૯/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૧૯/૬૭ ભાગ અતિક્રાંત થતા પૂર્ણ કરે છે. ત્રીજી અધિકમાસ ભાવિની પૌષી અમાસને ઉત્તરાષાઢા નક્ષત્ર ૧૧-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૯/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૩/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

ચોથી પૌષી અમાસને પૂર્વાષાઢા નક્ષત્ર પંદર મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૬/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે. પાંચમી પૌષી અમાસને મૂળ નક્ષત્ર ૨૧-મુહૂર્તમાં મુહૂર્તના ૫/૬૨ ભાગોના ૫૯/૬૨ ભાગ જતાં અર્થાત્ ૨૧ / ૫/૬૨ / ૫૯/૬૨ ભાગ જતાં સમાપ્ત કરે છે.

માઘી અમાસનો કેટલાં નક્ષત્રો યોગ કરે છે ? ત્રણ નક્ષત્રો યોગ કરે છે. તે આ – અભિજિત, શ્રવણ અને ધનિષ્ઠા. આ પણ વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી વળી આ ત્રણ નક્ષત્રો માઘી અમાસને પરિસમાપ્ત કરે છે – ઉત્તરાષાઢા, અભિજિત્ અને શ્રવણ. તેથી કહે છે – પહેલી માઘી અમાસને શ્રવણનક્ષત્ર દશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૮/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

બીજી માઘી અમાસને અભિજિત્ નક્ષત્ર ત્રણ મુહૂર્તમાં એક મુહૂર્તના ૨૬/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૨૦/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે. ત્રીજી માઘી અમાસને શ્રવણનક્ષત્ર ૨૩ મુહૂર્તમાં એક મુહૂર્તના ૩૯/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૫/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

ચોથી માઘી અમાસને અભિજિત નક્ષત્ર છ મુહૂર્તમાં એક મુહૂર્તના ૩૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૭/૬૭ ભાગો જતાં પૂર્ણ કરે છે. પાંચમી માઘી અમાસને ઉત્તરાષાઢા નક્ષત્ર ૨૫-મુહૂર્તમાં એક મુહૂર્તના ૧૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૬૦/૬૭ ભાગો જતાં પૂર્ણ કરે છે.

ફાલ્ગુની અમાસનો કેટલા નક્ષત્રો યોગ કરે છે ? બે નક્ષત્રો યોગ કરે છે – શતભિષજ અને પૂર્વા ભાદ્રપદ. આ પણ વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી વળી આ ત્રણ નક્ષત્રો ફાલ્ગુની અમાસને પરિસમાપ્ત કરે છે. તે આ – ધનિષ્ઠા, શતભિષા અને પૂર્વા ભાદ્રપદ. તેમાં પહેલી ફાલ્ગુની અમાસને પૂર્વાભાદ્રપદ નક્ષત્ર છ મુહૂર્તમાં એક મુહૂર્તના ૩૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૭/૬૭ ભાગો જતાં અર્થાત્ ૬ / ૩૧/૬૨ / ૯/૬૭ ને પૂર્ણ કરે છે.

બીજી ફાલ્ગુની અમાસને ધનિષ્ઠા નક્ષત્ર ૨૦ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૨/૬૭ ભાગ વ્યતિક્રાંત થતાં પૂર્ણ કરે છે. ત્રીજી ફાલ્ગુની અમાસને પૂર્વાષાઢા નક્ષત્ર ૧૪-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૪૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૬/૬૭ ભાગો જતાં પૂર્ણ કરે છે.

ચોથી ફાલ્ગુની અમાસને શતભિષાનક્ષત્ર ત્રણ મુહૂર્તમાં એક મુહૂર્તના ૧૭/



૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૯/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે. પાંચમી ફાલ્ગુની અમાસને ધનિષ્ઠા નક્ષત્ર છ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૨/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૬૨/૬૭ ભાગ જતાં અર્થાત્ ૬ / ૫૨/૬૨ / ૬૨/૬૭ જતાં પૂર્ણ કરે છે.

ચૈત્રી અમાસનો કેટલાં નક્ષત્રો યોગ કરે છે ? ત્રણ નક્ષત્રો યોગ કરે છે. તે આ – ઉત્તરાભાદ્રપદ, રેવતી અને અશ્વિની. આ પણ વ્યવહારથી કહ્યું, નિશ્ચયથી વળી આ ત્રણ નક્ષત્રો ચૈત્રી અમાસને સમાપ્ત કરે છે. તે આ – પૂર્વભાદ્રપદ, ઉત્તર ભાદ્રપદ અને રેવતી. તેમાં પહેલી ચૈત્રી અમાસને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર ૨૭-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૦/૬૭ ભાગ જતાં અર્થાત્ ૨૭ / ૩૬/૬૨ / ૧૦/૬૭ જતાં પૂર્ણ કરે છે.

બીજી ચૈત્રી અમાસને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રને ૧૧-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૯/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૩/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે. ત્રીજી ચૈત્રી અમાસને રેવતી નક્ષત્ર પાંચ મુહૂર્તોમાં એક મુહૂર્તમાં ૪૯/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૭/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે. ચોથી ચૈત્રી અમાસને ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર ૨૩-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૨/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૦/૬૭ ભાગો જતાં પૂર્ણ કરે છે. પાંચમી ચૈત્રી અમાસ પૂર્વા ભાદ્રપદ નક્ષત્ર ૨૭-મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૬૩/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

વૈશાખી અમાસને કેટલા નક્ષત્રો યોગ કરે છે ? તે નક્ષત્રો યોગ કરે છે – ભરણી અને કૃત્તિકા. આ પણ વ્યવહારથી છે. નિશ્ચયથી વળી ત્રણ નક્ષત્રો વૈશાખી અમાસને પરિસમાપ્ત કરે છે. તે આ છે – રેવતી, અશ્વિની, ભરણી. તેમાં પહેલી વૈશાખી અમાસમાં અશ્વિની નક્ષત્ર ૨૮-મુહૂર્તમાં એક મુહૂર્તના ૪૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૧/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

બીજી વૈશાખી અમાસને અશ્વિની નક્ષત્ર બે મુહૂર્તમાં એક મુહૂર્તના ૩૯/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૩/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે. ત્રીજી વૈશાખી અમાસને ભરણીનક્ષત્ર ૧૧-મુહૂર્તમાં એક મુહૂર્તના ૫૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૮/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

ચોથી વૈશાખી અમાસને અશ્વિની નક્ષત્ર ૧૫ મુહૂર્તમાં એક મુહૂર્તના ૨૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૧/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે. પાંચમી વૈશાખી અમાસને રેવતી નક્ષત્ર ૨૧ મુહૂર્તમાંના એક મુહૂર્તના બાસઠ ભાગના ૬૪/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

જ્યેષ્ઠા મૂલી અમાવાસ્યા કેટલાં નક્ષત્રો સાથે યોગ કરે છે ? તે બે નક્ષત્રો સાથે યોગ કરે છે. તે આ – રોહિણી, મૃગશિર્ષ. આ પણ વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી તો બે નક્ષત્ર જ્યેષ્ઠામૂલી અમાવાસ્યાને પૂર્ણ કરે છે – રોહિણી અને કૃત્તિકા.

તેમાં પહેલી જ્યેષ્ઠા મૂલી અમાવાસ્યાને રોહિણીનક્ષત્ર ઓગણીશ મુહૂર્તમાં એક મુહૂર્તના ૪૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગોના ૧૨/૬૭ ભાગ – ૧૯ / ૪૬/૬૨ /

૧૨/૬૭ જતાં પૂર્ણ કરે છે.

બીજી જ્યેષ્ઠા મૂલી અમાવાસ્યાને કૃતિકા નક્ષત્ર ત્રેવીશ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૧૯/૬૨ ભાગોના ૧/૬૨ ભાગના ૨૫/૬૭ ભાગ અર્થાત્ ૨૩ / ૧૯/૬૨ / ૨૫/૬૭ જતાં પૂર્ણ કરે છે.

ત્રીજી જ્યેષ્ઠા મૂલી અમાવાસ્યાને રોહિણી નક્ષત્ર બાવીશ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૫૯/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૩૯/૬૭ ભાગ અર્થાત્ ૩૨ / ૫૯/૬૨ / ૩૯/૬૭ જતાં પૂર્ણ કરે છે.

ચોથી જ્યેષ્ઠામૂલી અમાવાસ્યાને રોહિણી નક્ષત્ર છ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૩૨/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૫૨/૬૭ ભાગમાં અર્થાત્ ૬ / ૩૨/૬૨ / ૫૨/૬૭ માં પૂર્ણ કરે છે.

પાંચમી જ્યેષ્ઠામૂલી અમાવાસ્યાને કૃતિકા નક્ષત્ર દશ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૫/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૬૫/૬૭ ભાગ જતાં અર્થાત્ ૧૦ / ૫/૬૨ / ૬૫/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

આષાઢી અમાવાસ્યા કેટલા નક્ષત્રોનો યોગ કરે છે ? ભગવંતે કહ્યું — ત્રણ નક્ષત્રો યોગ કરે છે — આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય. આ પણ વ્યવહારથી કહ્યું છે. પરમાર્થથી તો આ ત્રણ નક્ષત્રો અષાઢી અમાસને પૂર્ણ કરે છે — મૃગશિર્ષ, આર્દ્રા, પુનર્વસુ.

તેમાં પ્રથમ આષાઢી અમાસને આર્દ્રા નક્ષત્ર બાર મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૫૧/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૩/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

બીજી આષાઢી અમાવાસ્યાને મૃગશિર્ષ નક્ષત્ર ચૌદ મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૨૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૬/૬૭ ભાગ અતિક્રાંત થતાં પૂર્ણ કરે છે.

ત્રીજી આષાઢી અમાવાસ્યાને પુનર્વસુ નક્ષત્ર નવ મુહૂત્તોમાં એક મુહૂર્તના ૨/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૦/૬૭ ભાગ જતાં પૂર્ણ કરે છે.

ચોથી આષાઢી અમાવાસ્યાને મૃગશિર્ષ નક્ષત્ર ૨૭-મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૩૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૩/૬૭ ભાગો જતાં પૂર્ણ કરે છે.

પાંચમી આષાઢી અમાવાસ્યાને પુનર્વસુ નક્ષત્ર ૨૨-મુહૂર્તોમાં એક મુહૂર્ત્તના ૧૬/૬૨ ભાગો સમતિક્રાંત થતાં અર્થાત્ ૨૨ / ૧૬/૬૨ / ૦ ને પરિસમાપ્ત કરે છે.

એ પ્રમાણે બારે પણ અમાવાસ્યાના ચંદ્ર યોગથી યુક્ત નક્ષત્ર વિધિ કહી. હવે કુલાદિ યોજના કહે છે —

શ્રાવિષ્ઠી - શ્રાવણ માસ ભાવિની અમાવાસ્યા શું કુલને જોડે છે, ઉપકુલને જોડે છે કે કુલોપકુલને જોડે છે ?

ભગવંતે કહ્યું — તે કુલને પણ જોડે છે. [illegible] શબ્દ અહીં. [illegible] શબ્દના અર્થમાં છે. ઉપકુલને પણ જોડે છે. પણ યોગને આશ્રીને કુલોપકુલને જોડતી નથી. તેમાં [illegible] કુલ સંજ્ઞક નક્ષત્ર, શ્રાવિષ્ઠી અમાસને મઘાનક્ષત્ર જોડે છે. આ વ્યવહાર થકી કહ્યું. વ્યવહારથી જ ગયેલ અમાવાસ્યામાં વર્તમાનમાં પણ એકમે જે અહોરાત્ર



મૂળમાં અમાવાસ્ય સંબદ્ધ છે, તે સર્વે પણ અહોરાત્ર અમાસનું છે તેવો વ્યવહાર છે.

તેથી એ પ્રમાણે વ્યવહારથી શ્રાવિષ્ઠી અમાસ મઘા નક્ષત્રના સંભવથી કહ્યું કે કુલને જોડતાં મઘા નક્ષત્રને જોડે છે. પરમાર્થથી વળી કુલને જોડતાં પુષ્ય નક્ષત્રને જોડે છે, તેમ જાણવું. તે જ કુલ પ્રસિદ્ધિથી પ્રસિદ્ધ શ્રાવિષ્ઠી અમાવાસ્યાના સંભવથી આમ કહ્યું — આ પૂર્વે કહ્યું જ છે. ઉત્તરસૂત્ર પણ વ્યવહારનયને આશ્રીને યથાયોગ વિચારવું.

ઉપકુલને જોડતાં આશ્લેષા નક્ષત્ર જોડે છે. હવે ઉપસંહારમાં કહે છે — જે કારણે ઉક્તપ્રકારથી કુલ-ઉપકુલ બંને વડે શ્રાવિષ્ઠી અમાવાસ્યામાં ચંદ્રયોગ સમ થાય છે, કુલોપકુલ સાથે યોગ ન થાય. તેથી શ્રાવિષ્ઠી અમાસમાં કુલ પણ જોડાય છે અને ઉપકુલ પણ જોડાય છે. એમ કહેવું. કુલ વડે યુક્ત અને ઉપકુલ વડે પણ યુક્ત શ્રાવિષ્ઠી અમાસ યુક્ત એમ કહેવું.

ઉકત પ્રકારે બાકીની અમાવાસ્યાઓ પણ કહેવી. વિશેષ એ કે — માર્ગશીર્ષી, માઘી, ફાલ્ગુની, આષાઢી અમાવાસ્યામાં કુલોપકુલને જોડે છે, તેમ કહેવું. બાકીની અમાવાસ્યામાં કુલોપકુલ નથી. હવે પાઠકના અનુગ્રહને માટે સૂત્રાલાપક બતાવે છે —

પ્રૌષ્ઠપદી અમાવાસ્યાને શું કુલ જોડે છે, ઉપકુલ જોડે છે કે કુલોપકુલ જોડે છે ? કુલને જોડે છે અને ઉપકુલને પણ જોડે છે પરંતુ કુલોપકુલને જોડતાં નથી. કુલને જોડતાં ઉત્તરાફાલ્ગુનીને જોડે છે. ઉપકુલને જોડતાં પૂર્વાફાલ્ગુનીને જોડે છે. તે પ્રૌષ્ઠપદી અમાસ એ રીતે કુલને જોડે છે, ઉપકુલને પણ જોડે છે. તેથી કુલ વડે પણ અને ઉપકુલ વડે પણ જોડાયેલ પ્રૌષ્ઠપદી અમાવાસ્યા યુક્ત છે, તેમ કહેવું જોઈએ.

આસોજા અમાવાસ્યા શું કુલને જોડે છે, ઉપકુલને જોડે છે કે કુલોપકુલને જોડે છે ? તે કુલને પણ જોડે, ઉપકુલને પણ જોડે છે, પણ કુલોપકુલને જોડતા નથી. કુલને જોડતા ચિત્રા નક્ષત્રમાં જોડે છે. ઉપકુલને જોડતાં હસ્ત નક્ષત્રને જોડે છે તે આસોજા અમાવાસ્યાને કુલ જોડે છે, ઉપકુલ જોડે છે. કુલ કે ઉપકુલ વડે જોડાયેલી આસોજા અમાસ કહેવી જોઈએ.

કાર્તિકી અમાવાસ્યાને કુલ પણ જોડે છે, ઉપકુલ પણ જોડે છે, કુલોપકુલ પણ જોડે છે ? તે કુલને જોડે છે, ઉપકુલને પણ જોડે છે પણ કુલોપકુલને જોડતાં નથી. કુલને જોડતાં વિશાખા નક્ષત્રને જોડે છે, ઉપકુલને જોડતાં સ્વાતી નક્ષત્રને જોડે છે, એ રીતે કુલ અને ઉપકુલ વડે જોડાયેલ કાર્તિકી અમાવાસ્યા યુક્ત છે તેમ કહેવું જોઈએ.

મૃગશિર્ષી અમાવાસ્યા શું કુલને જોડે છે, ઉપકુલને જોડે છે કે કુલોપકુલને જોડે છે ? તે કુલને પણ જોડે છે, ઉપકુલને પણ જોડે છે, કુલોપકુલને પણ જોડે છે. કુલને જોડતાં મૂળ નક્ષત્રમાં જોડે છે, ઉપકુલને જોડતાં જ્યેષ્ઠા નક્ષત્રમાં જોડે છે, કુલોપકુલને જોડતા અનુરાધાનક્ષત્રને જોડે છે. કુલ વડે, ઉપકુલ વડે, કુલોપકુલ વડે

પણ મૃગશિર્ષા અમાસયુક્ત છે તેમ કહેવું.

પૌષી અમાવાસ્યા શું કુલને જોડે છે, ઉપકુલને જોડે છે કે કુલોપકુલને જોડે છે ? કુલને પણ જોડે, ઉપકુલને પણ જોડે, પરંતુ કુલોપકુલનો યોગ પ્રાપ્ત ન થાય. કુલને જોડતાં પૂર્વાષાઢા નક્ષત્રને જોડે છે, ઉપકુલને જોડતા ઉત્તરાષાઢા નક્ષત્રને જોડે છે. તે કુલ અને ઉપકુલ વડે પણ જોડાયેલ પૌષી અમાવાસ્યા કહેવી જોઈએ.

નિશ્ચયથી વળી કુલાદિ યોજના પૂર્વોક્ત ચંદ્રયોગને આશ્રીને સ્વયં વિચારવું જોઈએ.

૦ પ્રાભૃતપ્રાભૃત-૬-નો સટીક અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x --



## ❀ પ્રાભૃત-૧૦, પ્રાભૃત-પ્રાભૃત-૭ ❀

એ પ્રમાણે દશમાં પ્રાભૃતના છટ્ઠા પ્રાભૃતપ્રાભૃતને કહ્યું હવે સાતમાનો આરંભ કરે છે. તેનો આ અર્થાધિકાર છે – ''પૌર્ણમાસી અને અમાવાસ્યાનો ચંદ્રયોગને આશ્રીને સંનિપાત'' કહેવો. તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે –

● **સૂત્ર-૫૦ :-**

**કઈ રીતે તે સન્નિપાત કહેલ છે, તેમ કહેવું ? જ્યારે શ્રાવિષ્ઠી પૂર્ણિમા હોય છે, ત્યારે અમાવાસ્યા મઘા નક્ષત્ર યુક્ત હોય છે. જ્યારે મઘાયુક્ત પૂર્ણિમા હોય ત્યારે શ્રાવિષ્ઠી અમાસ હોય છે. જ્યારે પ્રૌષ્ઠપદી પૂર્ણિમા હોય છે, ત્યારે ફાલ્ગુની અમાસ હોય છે. જ્યારે ફાલ્ગુની પૂર્ણિમા હોય છે, ત્યારે પ્રૌષ્ઠપદી અમાસ થાય છે. જ્યારે આસોજા પૂર્ણિમા હોય છે, ત્યારે ચૈત્રી અમાવાસ્યા થાય છે, જ્યારે ચૈત્રી પૂર્ણિમા હોય છે, ત્યારે આસોજા અમાસ થાય છે. જ્યારે કાર્તિકા પૂર્ણિમા હોય, તયારે વૈશાખી અમાવાસ્યા હોય છે. જ્યારે મૃગશિર્ષી પૂર્ણિમા હોય ચે ત્યારે જ્યેષ્ઠામૂલી અમાવાસ્યા થાય છે, જ્યારે જ્યેષ્ઠામૂલી પૂર્ણિમા હોય ત્યારે મૃગશિર્ષી અમાસ થાય છે. જ્યારે પૌષી પૂર્ણિમા હોય છે, ત્યારે અષાઢી અમાવાસ્યા થાય છે, જ્યારે આષાઢી પૂર્ણઇમા હોય છે, ત્યારે પૌષી અમાવાસ્યા થાય છે.**

● **વિવેચન-૫૦ :-**

ભગવન્ ! કયા પ્રકારે આપે ચંદ્રયોગને આશ્રીને પૂર્ણિમા અને અમાસનો સન્નિપાત કહેલો છે તેમ કહેવું ? એમ પૂછતા ભગવંતે કહ્યું – અહીં વ્યવહારનયના મતથી જે ક્ષેત્રમાં પૂર્ણિમા થાય, ત્યાંથી આરંભી પૂર્વના પંદરમાં કે ચૌદમાં નક્ષત્રમાં નિયમથી અમાવાસ્યા (કહેવી). તેથી જ્યારે શ્રાવિષ્ઠી - શ્રવિષ્ઠા નક્ષત્ર યુક્ત પૂર્ણિમા થાય છે, ત્યારે તેની પર્વેની અમાવાસ્યા મઘા નક્ષત્રયુક્ત થાય છે. મઘા નક્ષત્રથી આરંભીને શ્રવિષ્ઠા નક્ષત્રના ૧૫મું હોવાથી કહ્યું અને આ શ્રાવણમાસને આશ્રીને કહેવું અને જ્યારે મઘા નક્ષત્ર યુત પૂર્ણિમા હોય, ત્યારે પાછળની અમાસ શ્રવિષ્ઠાયુક્ત થાય છે. મઘાથી આરંભીને પૂર્વે શ્રવિષ્ઠાનક્ષત્ર ૧૫મું હોવાથી કહ્યું. આ માઘમાસને આશ્રીને જાણવું.

જ્યારે પ્રોષ્ઠપદી - ઉત્તર ભાદ્રપદાયુક્ત પૂર્ણિમા હોય છે. ત્યારે પૂર્વવત્ પાશ્ચાત્ય અમાવાસ્યા ફાલ્ગુની - ઉત્તર ફાલ્ગુની નક્ષત્રયુક્ત થાય છે. ઉત્તર ભાદ્રપદથી આરંભીને પૂર્વે ઉત્તર-ફાલ્ગુની નક્ષત્રના પંદરમાં પણાથી કહ્યું. જે અપાંતરાલમાં અભિજિત્ નક્ષત્ર છે, તે થોડાં કાળ માટે હોવાથી પ્રાયઃ વ્યવહારમાર્ગમાં સ્વીકારાતું નથી. સમવાયાંગ સૂત્રમાં કહ્યું – ''જંબૂદ્વીપ દ્વીપમાં અભિજિતને વર્જીને ૨૭-નક્ષત્રથી વ્યવહાર વર્તે છે.'' તેથી તેની ગણના કરી નથી, તેથી ઉત્તરાભાદ્રપદથી પૂર્વે પંદરમું પૂર્વાફાલ્ગુની નક્ષત્ર જાણવું. આ ભાદરવા માસને આશ્રીને જાણવું.

જ્યારે ફાલ્ગુની - ઉત્તરાફાલ્ગુની નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે પાશ્ચાત્ય

અમાવાસ્યા પ્રૌષ્ઠપદી-ઉત્તરાભાદ્રપદ યુક્ત હોય છે. ઉત્તરાફાલ્ગુનીથી આરંભીને પૂર્વે ઉત્તર બાદ્રપદ નક્ષત્રનો ચૌદમો ક્રમ હોવાથી કહ્યું. આ ફાલ્ગુન માસને આશ્રીને કહેલું જાણવું.

જ્યારે અશ્વયુજ્ નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે ત્યારે પાશ્ચાત્ય અનંતર અમાવાસ્યા ચિત્રા નક્ષત્ર સમન્વિત હોય છે. અશ્વિનીથી આરંભીને પૂર્વે ચિત્રા નક્ષત્રનો પંદરમો ક્રમ છે અને તે વ્યવહાર નયને આશ્રીને જાણવું. નિશ્ચયથી એક અશ્વયુજ્ માસ ભાવિની અમાવાસ્યાાં ચિત્ર નક્ષત્રનો સંભવ હોવાથી અને તે પૂર્વે જ કહેલું છે. જ્યારે ચિત્રા નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય છે, ત્યારે પછી પાશ્ચાત્ય અનંતર અમાવાસ્યા અશ્વયુજ્ નક્ષત્રયુક્ત હોય છે. આ પણ વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી એક ચૈત્રમાસ ભાવિની અમાવાસ્યામાં અશ્વિની નક્ષત્રનો અસંભવ છે, આ સૂત્ર અશ્વયુજ્ ચૈત્ર માસને આશ્રીને પ્રવૃત્ત કહેવું.

જ્યારે કૃતિકા નક્ષત્રયુક્ત પૌર્ણમાસી હોય ત્યારે વિશાખા નક્ષત્રયુક્ત અમાસ હોય છે, કેમકે કૃતિકાથી પૂર્વે વિશાખા પંદરમું છે. જ્યારે વિશાખા નક્ષત્રયુક્ત પૂર્ણિમા હોય ત્યારે અનંતર પાશ્ચાત્ય અમાવાસ્યા કાર્તિકી-કૃતિકા નક્ષત્રયુક્ત હોય છે કેમકે વિશાખાથી પૂર્વે કૃતિકાનક્ષત્ર ૧૪-મું છે. આ કાર્તિક વૈશાખ માસને આશ્રીને કહ્યું. એ પ્રમાણે ઉત્તરસૂત્ર પણ જાણવું.

૦ પ્રાભૃતપ્રાભૃત-૭-નો સટીક અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x --



## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૮

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું સાતમું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું. હવે આઠમું આરંભીએ છીએ. તેનો આ અર્થાધિકાર છે – 'નક્ષત્રોના સંસ્થાનની વક્તવ્યતા'' તદ્વિષયક પ્રશ્નસૂત્ર –

● સૂત્ર-૫૧ :-

તે નક્ષત્ર સંસ્થિતિ કઈ રીતે કહી છે ? આ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર કયા આકારે છે ? ગોશીર્ષની પંક્તિ આકારે છે. શ્રવણનક્ષત્ર કયા આકારે છે ? તે કાહાર આકારે છે. ધનિષ્ઠા નક્ષત્ર કયા આકારે છે ? તે શકુની પલીનક આકારે છે. શતભિષજા નક્ષત્ર કયા આકારે છે ? પુષ્પોપચાર આકારે છે. પૂર્વપ્રૌષ્ઠપદા નક્ષત્ર કયા આકારે છે ? અર્ધવાપી આકારે છે. એ પ્રમાણે ઉત્તરપ્રૌષ્ઠપદા પણ જાણવું.

રૈવતી નક્ષત્ર કયા આકારે છે ? નૌકા આકારે છે. અશ્વિની નક્ષત્ર કયા આકારે છે ? અશ્વસ્કંધ આકારે છે. ભરણીનક્ષત્ર કયા આકારે છે ? ભગ આકારે છે. કૃતિકા નક્ષત્ર કયા આકારે છે ? અસ્ત્રાની ધારના આકારે છે. રોહિણીનક્ષત્ર કયા આકારે છે ? ગાડાની ઉંધના આકારે છે. મૃગશિર્ષ નક્ષત્ર કયા આકારે છે ? મૃગના શિરની પંક્તિ આકારે ચે. આર્દ્રાનક્ષત્ર કયા આકારે છે ? લોહીના બિંદુ આકારે છે. પુનર્વસુ નક્ષત્ર કયા આકારે છે ? તુલા આકારે છે. પુષ્પ નક્ષત્ર કયા આકારે છે ? વર્દ્ધમાન આકારે છે.

આશ્લેષા નક્ષત્ર કયા આકારે છે ? પતાકા આકારે છે. મઘા નક્ષત્ર કયા આકારે છે ? પ્રાકાર આકારે છે. પૂર્વાફાલ્ગુની નક્ષત્ર કયા આકારે છે ? અર્દ્ધ પલ્યંક આકારે છે. એ પ્રમાણે ઉત્તરા ફાલ્ગુની પણ જાણવું. હસ્તનક્ષત્ર કયા આકારે છે ? હસ્ત આકારે છે. ચિત્રાનક્ષત્ર કયા આકારે છે ? પ્રસન્ન મુખ આકારે છે. સ્વાતિ નક્ષત્ર કયા આકારે છે ? ખીલા સમાન છે. વિશાખા નક્ષત્ર કયા આકારે છે ? દામની આકારે છે. અનુરાધા નક્ષત્ર કયા આકારે છે ? એકાવલિ આકારે છે. જ્યેષ્ઠા નક્ષત્ર કયા આકારે છે ? ગજદંત આકારે છે. મૂલનક્ષત્ર કયા આકારે છે ? વીંછીની પુંછના આકારે છે. પૂર્વાષાઢા નક્ષત્ર કયા આકારે છે ? ગજ વિક્રમ આકારે છે. ઉત્તરાષાઢા નક્ષત્ર કયા આકારે છે ? સ્વાતિ આકારે છે.

● વિવેચન-૫૧ :-

કયા પ્રકારે ભગવન્ ! નક્ષત્રોના સંસ્થાન કહેલા છે તેમ કહેવું ? એ પ્રમાણે કહીને ફરી પ્રત્યેક પ્રશ્નને ધારણ કરવા. આ અનંતરોક્ત ૨૮ નક્ષત્રો મધ્યે જે અભિજિત્ નક્ષત્ર છે તે કોના જેવા આકારે કહેલ છે ? ભગવંતે કહ્યું - x - આ અનંતરોક્ત ૨૮-નક્ષત્રોની મધ્યે અભિજિત નક્ષત્ર ગોશીર્ષની પંક્તિ આકારે છે.

ગાયનું મસ્તક, તેની પંક્તિ - તે પુદ્‌ગલોની દીર્ઘરૂપ શ્રેણિ, તેના જેવો આકાર કહેલ છે. એમ બાકીના સૂત્રો પણ કહેવા.

વિશેષ એ કે — ॥ પશુ બંધન, બાકી પ્રાયઃ સુગમ છે. સંસ્થાન સંગ્રાહિકા આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની ત્રણ ગાથા છે — ગોશીર્ષાવલિ, કાહાર, શકુની, પુષ્પોપચાર, વાપી, નૌકા, અશ્વનો સ્કંધક, ભગ, અસ્ત્રાની ધાર ઈત્યાદિ - x - x - x -

૦ પ્રાભૃતપ્રાભૃત-૮-નો સટીક અનુવાદ પૂર્ણ ૦

— x — x — x — x — x —



## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૯ ❁

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું આઠમું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે નવમું આરંભે છે. તેનો આ અર્થાધિકાર છે — “પ્રતિ નક્ષત્ર તારા પ્રમાણની વક્તવ્યતા.” તેથી તદ્‌વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

● સૂત્ર-૫૨ :-

કઈ રીતે તે તારાઓનું પ્રમાણ કહેલ છે ? આ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર કેટલાં તારાવાળું છે ? ત્રણ તારાવાળું છે. શતભિષજ્ નક્ષત્ર કેટલાં તારાવાળું છે ? સાત તારાવાળું છે. પૂર્વ પ્રૌષ્ઠપદા કેટલાં તારાવાળું છે ? બે તારક છે. એ રીતે ઉત્તરા પ્રૌષ્ઠપદા પણ જાણવું. રેવતી નક્ષત્ર કેટલાં તારાવાળું છે ? બત્રીશ તારક છે. અશ્વિની નક્ષત્ર કેટલાં તારાવાળું છે ? ત્રિતારક છે. એ પ્રમાણે બધે જ પૂછવું જોઈએ.

ભરણી ત્રિ તારક, કૃતિકા છ તારક, રોહિણી પંચ તારક, શ્રવણ ત્રિતારક, આર્દ્રા એક તારક, પુનર્વસુ પંચ તારક, પુષ્ય નક્ષત્ર ત્રિ તારક, આશ્લેષા છ તારક, મઘા સાત તારક, પૂર્વાફાલ્ગુની બે તારક, એ પ્રમાણે ઉત્તરા ફાલ્ગુની પણ જાણવું. હસ્ત પાંચ તારક, ચિત્રા એક તારક, સ્વાતિ એક તારક, વિશાખા, પાંચ તારક, અનુરાધા પાંચ તારક, જ્યેષ્ઠા ત્રિતારક, મૂલ એક મારક, પૂર્વાષાઢા ચાર તારક અને ઉત્તરાષાઢા નક્ષત્ર ચાર તારાવાળું કહેલ છે.

● વિવેચન-૫૨ :-

કયા પ્રકારે ભગવન્ ! આપે નક્ષત્રોનું તારાપ્રમાણ કહેલ છે, તેમ કહેવું ? એમ સામાન્ય પ્રશ્ન કરીને હવે પ્રતિનક્ષત્ર પૂછે છે — આ ૨૮ નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર ત્રણ તારાવાળું કહેલ છે. એ પ્રમાણે બાકીના પ્રશ્ન અને ઉત્તર સૂત્રો કહેવા.

તારાઓના પ્રમાણની સંગ્રાહિકા આ ગાથાઓ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં છે — ત્રણ, ત્રણ, પાંચ, સાત, બે, બે, બત્રીશ, ત્રણ, ત્રણ, છ, પાંચ, ત્રણ, એક, પાંચ, ત્રણ, એક, સાત, બે, બે, પાંચ, એક, એક, પાંચ, ચાર, ત્રણ, અગિયાર, ચાર, ચાર એ પ્રમાણે તારાઓનું પ્રમાણ કહેલ છે.

૦ પ્રાભૃતપ્રાભૃત-૯નો સટીક અનુવાદ પૂર્ણ

— x — x — x — x — x —

## ❀ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૦ ❀

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું નવમું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે દશમું આરંભે છે – તેના આ અર્થાધિકાર છે - ‘‘કેટલા નક્ષત્રો સ્વયં અસ્તગમન વડે અહોરાત્ર પરિસમાપ્તિ કરીને કયા માસને લઈ જાય છે ?’’ તદ્‌વિષયક પ્રશ્નસૂત્ર કહે છે–

● સૂત્ર-૫૩ :-

કઈ રીતે નક્ષત્રરૂપ નેતા કહેલ છે ? વર્ષાના પહેલા માસને કેટલાં નક્ષત્રને પૂર્ણ કરે છે ? ચાર નક્ષત્રને, તે આ – ઉત્તરાષાઢા, અભિજિત્, શ્રવણ અને ધનિષ્ઠા. ઉત્તરાષાઢા ચૌદ અહોરાત્રથી પૂર્ણ થાય, અભિજિત્ સાત અહોરાત્રથી, શ્રવણ આઠ અહોરાત્રથી, ધનિષ્ઠા નક્ષત્ર એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં ચાર અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના ચરિમ દિવસમાં બે પાદ અને ચાર અંગુલો પોરિસિ થાય છે.

તે વર્ષાના બીજા માસને કેટલાં નક્ષત્રો પૂર્ણ કરે છે ? ચાર નક્ષત્રો - ધનિષ્ઠા, શતભિષજા, પૂર્વપ્રૌષ્ઠપદા, ઉત્તરપ્રૌષ્ઠપદા. ધનિષ્ઠા ચૌદ અહોરાત્રથી, શતભિષજા સાત અહોરાત્રથી, પૂર્વાભાદ્રપદા આઠ અહોરાત્રથી અને ઉત્તરા પ્રૌષ્ઠપદા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં આઠ અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના ચરિમ દિવસે બે પાદ અને આઠ આંગળ પોરિસિ હોય છે.

તે વર્ષાનો ત્રીજો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? તેને ત્રણ નક્ષત્રો પૂર્ણ કરે છે – ઉત્તરપ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની. ઉત્તરાપૌષ્ઠપદા ચૌદ અહોરાત્રથી, રેવતી પંદર અહોરાત્રથી, અશ્વિની એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં બાર અંગુલ પોરિસિછાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પદોની પોરિસિ થાય છે.

તે વર્ષાનો ચોથો માસ કેટલાં નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – અશ્વિની, ભરણી, કૃતિકા. અશ્વિની ચૌદ અહોરાત્રથી, ભરણી પંદર અહોરાત્રથી, કૃતિકા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં ૧૬ અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પાદ અને ચાર અંગુલ પોરિસિ હોય છે.

તે હેમંતના પહેલા માસને કેટલાં નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – કૃતિકા, રોહિણી, સંસ્થાન. કૃતિકા ચૌદ અહોરાત્રથી, રોહિણી પંદર અહોરાત્રથી, સંસ્થાન એક અહોરાત્રથી પૂર્ણ કરે છે, તે જ માસમાં વીશ અંગુલ પોરિસી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પદો અને આઠ અંગુલ પોરિસી થાય છે.

તે હેમંતના બીજા માસને કેટલા નક્ષત્રો પૂર્ણ કેર છે ? ચાર નક્ષત્રો – સંસ્થાન, આર્દ્રા, પુનર્વસ, પુષ્ય. સંસ્થાન ચૌદ અહોરાત્રથી, આર્દ્રા સાત અહોરાત્રથી, પુનર્વસુ આઠ અહોરાત્રથી, પુષ્ય એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં ૨૪ અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે તે માસના છેલ્લા દિવસે રેખા સ્થાની ચાર પદ પોરિસિ થાય છે.



તે હેમંતના ત્રીજા માસને કેટલા નક્ષત્રો પૂર્ણ કેર છે ? ત્રણ નક્ષત્રો પૂર્ણ કરે છે – પુષ્ય, આશ્લેષા, મઘા, પુષ્ય ચૌદ અહોરાત્રથી. આશ્લેષા પંદર અહોરાત્રથી, મઘા એક અહોરાત્રથી પૂર્ણ કરે ચે. તે માસમાં વીશ અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પદ અને આઠ અંગુલ પોરિસિ થાય છે.

તે હેમંતનો ચોથો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – મઘા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની. મઘા ચૌદ અહોરાત્રથી, પૂર્વા ફાલ્ગુની. પંદર અહોરાત્રથી, ઉત્તરા ફાલ્ગુની એક અહોરાત્રથી પૂર્ણ રે છે. તે માસમાં ૧૬ અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે ત્રણ પાદ, ચાર અંગુલ પોરિસિ હોય.

તે ગ્રીષ્મનો પહેલો માસ કેટલા નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા. ઉત્તરા ફાલ્ગુની ચૌદ અહોરાત્રથી, હસ્ત પંદર અહોરાત્રથી, ચિત્રા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં બાર અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે રેખાસ્થાયી ત્રણ પદ પોરિસિ થાય છે.

તે ગ્રીષ્મનો બીજો માસ કેટલાં નક્ષત્રો પૂર્ણ કેર છે ? ત્રણ નક્ષત્રો – ચિત્રા, સ્વાતી, વિશાખા, ચિત્રા ચૌદ અહોરાત્રથી, સ્વાતી પંદર અહોરાત્રથી, વિશાખા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં આઠ અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે બે પદ આઠ અંગુલ પોરિસિ હોય છે.

ગ્રીષ્મનો ત્રીજો માસ કેટલાં નક્ષત્રો પૂર્ણ કરે છે ? ત્રણ નક્ષત્રો – વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠામૂલી, વિશાખા ચૌદ અહોરાત્રથી, અનુરાધા સાત [પંદર] અહોરાત્રથી, જ્યેષ્ઠામૂલ એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં ચાર અંગુલ પોરિસિ છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે બે પાદ અને ચાર અંગુલ પોરિસિ થાય છે.

ગ્રીષ્મના ચોથો માસ કેટલાં નક્ષત્રો પૂર્ણ કરે છે ? તે ત્રણ નક્ષત્રો – મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા. મૂલ ચૌદ અહોરાત્રથી, પૂર્વાષાઢ પંદર અહોરાત્રથી, ઉત્તરાષાઢા એક અહોરાત્રથી પૂર્ણ કરે છે. તે માસમાં વૃત્ત - સમચતુરસ્ર સંસ્થિત-ન્યગ્રોધ પરિમંડલ-સકાય અનુરંગિણી છાયાથી સૂર્ય પાછો ફરે છે. તે માસના છેલ્લા દિવસે રેખા સ્થાયી બે પાદ પોરિસિ થાય છે.

● **વિવેચન-૫૩ :-**

કયા પ્રકારે ભગવન્ ! આપે સ્વયં અસ્ત થઈને અહોરાત્ર પરિ સમાપ્ત કરનાર નક્ષત્રરૂપ નેતા કહેલ છે, તેમ કહેવું ? આ જ વાત પ્રતિમાસ માટે પૂછવાને માટે કહે છે — વર્ષાકાળના ચાર માસ પ્રમાણમાં પહેલો માસ શ્રાવણ નામે છે તેને કેટલા નક્ષત્ર સ્વયં અસ્ત થઈને અહોરાત્રને પરિસમાપ્તિ પ્રતિ લઈ જાય છે ? ભગવંતે કહ્યું — ચાર નક્ષત્રો સ્વયં અસ્ત થઈને અહોરાત્રને પરિસમાપ્તપણે ક્રમથી લઈ જાય છે. તે આ પ્રમાણે — ઉત્તરાષાઢા, અભિજિત્, શ્રવણ અને ધનિષ્ઠા.

તેમાં ઉત્તરાષાઢા પહેલા ચૌદ અહોરાત્રને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને પરિસમાપ્તિપણે લઈ જાય છે પછી અભિજિત્ નક્ષત્ર સાત અહોરાત્રથી લઈ જાય છે. પછી શ્રવણનક્ષત્ર આઠ અહોરાત્રથી લઈ જાય છે. એ પ્રમાણે સર્વ સંકલનાથી શ્રાવણ માસના ૨૯-અહોરાત્ર થાય છે. પછી શ્રાવણ માસ સંબંધી છેલ્લા એક અહોરાત્રને ધનિષ્ઠાનક્ષત્ર સ્વયં અસ્ત થઈ અહોરાત્ર પરિસમાપકપણે લઈ જાય છે. એ પ્રમાણે ચાર નક્ષત્રો શ્રાવણ માસને પૂર્ણ કરે છે.

તે શ્રાવણમાસમાં ચાર અંગુલ અધિક પૌરુષી છાયાથી સૂર્ય પ્રતિદિવસ પરાવર્તિત કરે છે. અર્થાત્ શ્રાવણમાસમાં પ્રથમ અહોરાત્રથી આરંભીને પ્રતિદિન અન્યાન્ય મંડલ સંક્રાંતિ વડે તે રીતે કંઈક પણ પરાવર્તિત કરે છે. જેથી તે શ્રાવણ માસના અંતે ચાર અંગુલ અધિક બે પાદ પોરિસિ હોય છે. તે જ સૂત્રકારશ્રી કહે છે કે — તે શ્રાવણ માસના છેલ્લા દિવસ બે પાદ ચાર અંગુલ પોરિસિ થાય છે.

તે વર્ષાકાળના ચતુર્માસ પ્રમાણમાં બીજા ભાદ્રપદ નામે માસને કેટલાં નક્ષત્રો પૂર્ણ કરે છે ? આ વાક્યનો ભાવાર્થ પૂર્વવત્ કહેવો, ભગવંત કહે છે — ચાર નક્ષત્રો પૂર્ણ કરે છે. તે આ રીતે — ધનિષ્ઠા, શતભિષજ, પૂર્વપ્રૌષ્ઠપદા અને ઉત્તરાપ્રૌષ્ઠપદા. તેમાં ધનિષ્ઠા, તે ભાદ્રપદ માસમાં પહેલા ચૌદ અહોરાત્રને સ્વયં અસ્ત થઈને અહોરાત્રને પૂર્ણતા પ્રતિ લઈ જાય છે. ત્યારપછી શતભિષક્ નક્ષત્ર સાત અહોરાત્રથી, પછી પરમ આઠ અહોરાત્રથી પૂર્વ પ્રૌષ્ઠપદા, પછી એક અહોરાત્રથી ઉત્તર પ્રોષ્ઠપદા, એ પ્રમાણે ભાદ્રપદ માસને ચાર નક્ષત્રો પૂર્ણ કરે છે.

તે ભાદ્રપદ માસને આઠ અંગુલ અધિક પૌરુષીછાયાથી સૂર્ય પ્રતિ દિવસ પરાવર્તિત કરે છે. અહીં પણ આ ભાવાર્થ છે - ભાદરવા માસમાં પ્રથમ અહોરાત્રથી આરંભીને પ્રતિદિવસ અન્યાન્ય મંડલ સંક્રાંતિ વડે તેવી કોઈક રીતે પરાવર્તિત કરે છે, જેથી તે ભાદ્રપદ માસના અંતે આઠ અંગુલ પોરિસિ થાય છે. - x -

આ પ્રમાણે બાકીના માસગત સૂત્રો પણ વિચારવા. વિશેષ એ કે — लेहत्थाइं - રેખા એટલે પાદ પર્યન્તવર્તિની સીમા, તે સ્થાનયુક્ત ત્રણ પાદ પોરિસિ થાય છે. અર્થાત્ પરિપૂર્ણ ત્રણ પાદ પોરિસિ થાય છે. આ ચાર અંગુલ પ્રતિમાસ વૃદ્ધિ ત્યાં સુધી જાણવી જ્યાં સુધી પૌષ માસ આવે છે. ત્યારપછી પ્રતિમાસ ચાર અંગુલની હાનિ કહેવી. તે ત્યાં સુધી, જ્યાં સુધી અષાઢ માસ આવે તે રીતે અષાઢ પર્યન્ત બે પાદ





પોરિસિ થાય છે.

આ પોરિસિ પ્રમાણ વ્યવહારથી કહ્યું. નિશ્ચયથી સાર્દ્ધ ત્રીશ અહોરાત્ર વડે ચાર અંગુલની વૃદ્ધિ કે હાનિ જાણવી. તથા નિશ્ચય થકી પોરિસિ પ્રમાણ પ્રતિપાદનાર્થે આ પૂર્વાચાર્ય પ્રદર્શિત કરણ ગાથાઓ છે. *[અહીં વૃત્તિકારશ્રીએ આઠ ગાથાઓ નોંધી છે. પછી આઠ ગાથાની ક્રમથી વ્યાખ્યા કહી છે. તે વ્યાખ્યાનો અનુવાદ આ છે.]*

યુગના મધ્યમાં જે પર્વમાં, જે તિથિમાં પોરિસિ પ્રમાણ જાણવાને ઈચ્છે છે, તે પૂર્વ યુગની આદિથી આરંભીને જેટલા પર્વો અતિક્રાંત કરે છે, તે ગ્રહણ થાય છે. પછી તેને પંદર વડે ગુણીએ છીએ. ગુણીને વિવક્ષિત તિથિથી જે પૂર્વે અતિક્રાંત તિથિઓ છે, તેના સહિત કરાય છે. કરીને ૧૮૬ વડે તેનો ભાગ કરાય છે.

અહીં એકમાં લઈ જવા ૧૮૩ મંડલ પરિમાણમાં ચંદ્ર નિષ્પાદિત તિથિના ૧૮૬ થાય છે. તેથી તે ભાગ વડે વિભાગ કરીને જે ભાગ પ્રાપ્ત થાય છે, તે જાણીને સમ્યગ્ અવધારવી.

તેમાં જો લબ્ધ વિષમ થાય છે, જેમ એક, ત્રિક, પંચક, સપ્તક, નવક, ત્યારે તેનું પર્યન્તવર્તી દક્ષિણ અયન જાણવું. હવે ‘સમ’ પ્રાપ્ત થાય છે, તે આ રીતે — બે, ચાર, છ, આઠ, દશ. ત્યારે તે પર્યન્તવર્તી ઉત્તરાયણ જાણવું.

એ પ્રમાણે દક્ષિણાયન અને ઉત્તરાયણ પરિજ્ઞાનોપાય કહ્યો.

હવે ૧૮૬ ભાગથી ભાગ કરાયેલ જે શેષ બાકી રહે છે, અથવા ભાગ અસંભવથી જે શેષ રહે છે, તેની વિધિ કહે છે —

જે પૂર્વ ભાગથી હરાતા કે ભાગના અસંભવથી શેષી ભૂત અયનગત તિથિ રાશિ વર્તે છે તે ચાર વડે ગુણીએ. ગુણીને પર્વપાદથી - યુગમધ્યે જે સર્વ સંખ્યાથી ૧૨૪ પર્વો, તેના પાદ-ચતુર્થાંશ અંશથી ૩૧ થાય છે. તે ભાગ વડે હરાતા જે પ્રાપ્ત થાય તે અંગુલો च કારથી અંગુલાંશ પોરિસિની ક્ષય વૃદ્ધિ જાણવી.

દક્ષિણાયનમાં પદ ધ્રુવ રાશિની ઉપર વૃદ્ધિ જાણવી અને ઉત્તરાયણમાં પદ ધ્રુવરાશિથી ક્ષય જાણવો જોઈએ.

હવે આ ગુણાકારની કે ભાગાકારની ઉત્પત્તિ કઈ રીતે થાય છે ? તે કહે છે — જો ૧૮૬ તિથિ વડે ૨૪-અંગુલ ક્ષય કે વૃદ્ધિ પ્રાપ્ત થાય છે, તો એક તિથિમાં શું વૃદ્ધિ કે ક્ષય થાય. રાશિ ત્રણની સ્થાપના - ૧૮૬ । ૨૪ । ૧. અહીં અંત્ય રાશિ વડે એક લક્ષણથી મધ્યમ રાશિ ચોવીશને ગુણીએ. તો ૨૪-જ આવશે. પછી આદ્ય રાશિ ૧૮૬ રૂપ સંખ્યા વડે ભાંગવામાં આવે. તેમાં ઉપરિતન રાશિથી થોડાપણાંથી ભાગ કરી શકાતો નથી. તેથી છેદ-છેદક રાશિની છ સંખ્યા વડે અપવર્તના કરાય છે. તેનાથી ઉપરની રાશિ ચાર [૨૪ - ૬] અને નીચેની રાશિ એકત્રીશ [૧૮૬-૬] થાય છે.

એક તિથિમાં ૪/૩૧ ભાગ પ્રાપ્ત થાય છે. તેટલી ક્ષય કે વૃદ્ધિથી ચતુષ્ક ગુણાકાર ઉક્ત ૩૧ ભાગહાર. અહીં જે પ્રાપ્ત થયા, તે અંગુલ ક્ષય કે વૃદ્ધિમાં

જાણવા, તેમ કહ્યું.

તેમાં કયા અયનમાં, કેટલા પ્રમાણ ધ્રુવરાશિની ઉપર વૃદ્ધિ કે કયા અયનમાં કેટલો પ્રમાણ ધ્રુવરાશિનો ક્ષય થાય, તેની નિરૂપણાર્થે કહે છે — દક્ષિણાયનમાં બે પાદ - બે પદની ઉપર અંગુલની વૃદ્ધિ જાણવી. ઉત્તરાયણમાં ચાર પાદ વડે અંગુલની હાનિ થાય.

તેમાં યુગમધ્યે પહેલાં સંવત્સરમાં દક્ષિણાયનમાં જે દિવસથી આરંભીને વૃદ્ધિ છે, તેનું નિરૂપણ કરે છે - યુગના પહેલા સંવત્સરમાં શ્રાવણ માસમાં વદ પક્ષમાં એકમે પોરિસિ બે પાદ પ્રમાણ ધ્રુવ હોય છે. પછી તે એકમથી આરંભીને પ્રતિતિથિના ક્રમથી ત્યાં સુધી વધે છે, જ્યાં સુધી સૂર્ય માસ વડે સાર્દ્ધ ત્રીશ અહોરાત્ર પ્રમાણથી ચંદ્રમાસની અપેક્ષાથી ૩૧ તિથિ અર્થ થાય છે. ચાર અંગુલ વધે છે. તે કઈ રીતે જાણવું ?

જેમ સૂર્ય માસથી સાર્દ્ધ ત્રીશ અહોરાત્ર પ્રમાણથી એકત્રીશ તિથ્યાત્મક વડે આ કહે છે — જે કારણે એક તિથિમાં ચાર એકત્રીશાંશ [$^{૪}/_{૩૧}$] ભાગ વધે છે અને આ પૂર્વવત્ વિચારવું. પરિપૂર્ણ થતાં દક્ષિણાયનમાં વૃદ્ધિ ચાર પદો પરિપૂર્ણ થાય છે. પછી સૂર્ય માસથી સાર્દ્ધ ત્રીશ અહોરાત્ર વડે એકત્રીશ તિથ્યાત્મક વડે કહેલ છે. એ પ્રમાણે વૃદ્ધિ કહી.

હવે હાનિને કહે છે — યુગના પહેલાં સંવત્સરમાં માઘ માસના કૃષ્ણપક્ષમાં સાતમીથી આરંભીને ચોથા પાદથી પ્રતિ તિથિ એકત્રીશ ભાગ ચતુષ્ટ્ય હાનિ [$^{૪}/_{૩૧}$ ભાગ હાનિ] ત્યાં સુધી જાણવી, જ્યાં સુધી ઉત્તરાયન પર્યન્તમાં બે પાદ પોરિસિ છે. આ પહેલી સંવત્સરગત વિધિ કહી.

બીજા સંવત્સરમાં શ્રાવણ માસના કૃષ્ણ પક્ષમાં તેરશને આદિમાં કરીને વૃદ્ધિ [કહેવી]. માઘ માસમાં શુક્લ પક્ષમાં ચોથને આદિ કરીને ક્ષય [કહેવો.]

ત્રીજા સંવત્સરમાં શ્રાવણ માસમાં શુક્લપક્ષમાં દશમ એ વૃદ્ધિની આદિ છે. માઘ માસમાં કૃષ્ણ પક્ષમાં એકમ ક્ષયની આદિ છે.

ચોથા સંવત્સરમાં શ્રાવણ માસમાં કૃષ્ણ પક્ષમાં સાતમ વૃદ્ધિની આદિ છે. માઘ માસમાં કૃષ્ણ પક્ષમાં તેરસ ક્ષયની આદિ છે.

પાંચમાં સંવત્સરમાં શ્રાવણ માસમાં શુક્લપક્ષમાં ચોથ વૃદ્ધિની આદિ છે. માઘ માસમાં શુક્લ પક્ષમાં દશમ એ ક્ષયની આદિ કહી છે. આ કરણ ગાથા ગ્રહણ કરી, તો પણ પૂર્વાચાર્ય પ્રદર્શિત વ્યાખ્યાનથી જાણવી. હવે ઉપસંહાર કહે છે —

ઉક્ત પ્રકારથી પોરિસિ વિષયમાં વૃદ્ધિ-ક્ષય યથાક્રમે દક્ષિણાયન-ઉત્તરાયણમાં જાણવો. એ પ્રમાણે અક્ષરાર્થને આશ્રીને કરણગાથાની વ્યાખ્યા કરી.

હવે આ કરણની ભાવના કરીએ છીએ. કોઈ પણ પૂછે છે — યુગમાં આદિથી આરંભીને ૮૫માં પર્વમાં પંચમી તિથિમાં કેટલી પોરિસિ થાય છે ? તેમાં ૮૪ ગ્રહણ કરાય છે. તેની નીચેથી પંચમી તિથિમાં પૂછ્યું, તેથી પાંચ, ૮૪ ને ૧૫ વડે ગુણવામાં



આવતા થાય છે - ૧૨૬૦. આમાં નીચેના પાંચ ઉમેરવામાં આવે. તેનાથી ૧૨૬૫ની સંખ્યા આવશે. તેને ૧૮૬ ભાગો વડે વિભાગ કરાય છે. તેથી પ્રાપ્ત થશે છ. આવેલ છ અયનને અતિક્રમીને સાતમાં અયનમાં વર્તે છે. તેમાં શેષ વધી છે ૧૪૯. આ શેષને ચાર વડે ગુણીએ. [૧૪૯ x ૪] તેનાથી ૫૯૬ આવશે. તેમાંથી ૩૧ ભાગ વડે ભાગાકાર કરતાં પ્રાપ્ત થશે ૧૯ અને શેષ વધે છે સાત.

તેમાં બાર અંગુલ પાદ, તેથી ૧૯ના ૧૨ વડે પદ પ્રાપ્ત થાય અને શેષ રહે છે સાત અંગુલ. છ અયન-ઉત્તરાયન, તેમાં સાતમું જતા દક્ષિણાયન વર્તે છે - પછી એક પદ સાત અંગુલ પ્રમાણ એવા બે પદ પ્રમાણ ધ્રુવરાશિમાં ઉમેરીએ. તેથી ત્રણ પદો અને સાત અંગુલ થાય. જે $^{૭}/_{૩૧}$ ભાગ શેષ રૂપે વર્તે છે. તેના 'યવ' કરીએ. તેમાં આઠ યવે એક અંગુલ થાય, તે માપથી સાતને આઠ વડે ગુણીએ, ત્યારે છપ્પન થશે. તેના ૩૧ ભાગ કરાતા એક યવ થશે. બાકી રહે છે યવના $^{૨૫}/_{૩૧}$ ભાગો. તેનાથી આવશે ૮૫માં પર્વમાં પાંચ વડે ત્રણ પદો અને સાત અંગુલ, એક યવ અને એક યવના $^{૨૫}/_{૩૧}$ ભાગ. આટલી પોરિસિ રહે છે.

તથા બીજો કોઈ પૂછે છે કે — ૯૭ માં પર્વમાં પાંચમની તિથિમાં કેટલા પાદ પોરિસિ થાય ? તેમાં ૯૬ને લેવામાં આવે. તેની નીચેથી પાંચ. ૯૬ ને પણ ૧૫ વડે ગુણીએ, તો થશે ૧૪૪૦. તેમાં નીચેના પાંચ ઉમેરીએ. તેનાથી સંખ્યા આવશે ૧૪૪૫. તેના ૧૮૬ ભાગ વડે ભાગાકાર કરતાં પ્રાપ્ત થશે સાત અયનો. શેષ વધે છે ૧૪૩. તે ૧૪૩ને ચાર વડે ગુણીએ. તેથી આવશે ૫૭૨. આ ૫૭૨ને ૩૧ વડે ભાંગવામાં આવતા પ્રાપ્ત થશે ૧૮ અંગુલ. તેમાં ૧૨ અંગુલ વડે પદથી પ્રાપ્ત થશે એક પદ અને છ અંગુલ. ઉપરના અંશો ઉદ્ધરતા ૧૪ આવશે. તેના યવ કરવાને માટે આઠ વડે ગુણતાં થશે ૧૧૨. આ ૧૧૨ને ૩૧ વડે ભાંગતા ત્રણ યવ આવશે અને શેષ વધે છે યવના $^{૧૯}/_{૩૧}$ ભાગ. સાત અયનોને ઓળંગી જતાં આઠમું અયન વર્તે છે. આ આઠમું અયન ઉત્તરાયન છે.

ઉત્તરાયણમાં ચાર પદ રૂપ ધ્રુવરાશિથી હાનિ કહેવી.

તેથી એક પદ, સાત અંગુલ, ત્રણ યવ અને એક યવના $^{૧૯}/_{૩૧}$ ભાગ થાય, તે ચાર પદથી પાતિત કરાતા, શેષ રહે છે - બે પદ, પાંચ અંગુલ, ચાર યવ, એક યવના $^{૧૨}/_{૩૧}$ ભાગ. આટલા યુગમાં આદિથી આરંભીને ૯૭માં પર્વમાં પાંચમી તિથિમાં પોરિસિ છે. એ પ્રમાણે બધે વિચારવું.

હવે પોરિસિ પ્રમાણથી અયનગત પરિમાણ જાણવાને માટે આ કરણગાથા છે — પોરિસિમાં જેટલી વૃદ્ધિ કે હાનિ જોઈ, તેના હોવાથી દિવસ જતાં કે પ્રવર્તતા ત્રૈરાશિક કર્માનુસારણથી જે પ્રાપ્ત થાય તે અયનનું તેટલું પ્રમાણ જાણવું. આ કરણગાથાનો અક્ષરાર્થ કહેલ છે.

ભાવના આ પ્રમાણે છે — તેમાં દક્ષિણાયનમાં બે પદની ઉપર ચાર આંગળની વૃદ્ધિ કહેવી.

પછી કોઈ પણ પૂછે છે — દક્ષિણાયનના કેટલા જતાં ? અહીં ત્રૈરાશિક કર્માવતાર છે. જો ચાર અંગુલનયા એકત્રિશ ભાગ વડે એક તિથિ પ્રાપ્ત થાય, તો ચાર અંગુલ વડે કેટલી તિથિ પ્રાપ્ત થાય ? રાશિત્રય સ્થાપના - ૪ । ૧ । ૪

અહીં અંત્ય રાશિ અંગુલરૂપ ૩૧ ભાગ કરવાને માટે ૩૧ વડે ગુણીએ. તેથી ૧૨૪ સંખ્યા આવશે. તેના વડે મધ્ય રાશિ ગુણીએ. ત્યારે પણ ૧૨૪ આવશે કેમકે ૧૨૪ x ૧ = ૧૨૪ જ થાય. તેનો ચાર લક્ષણ આદિ રાશિ વડે ભાગ કરાતા, પ્રાપ્ત થશે ૩૧-તિથિઓ. તેનાથી આવશે દક્ષિણાયનમાં ૩૧મી તિથિમાં ચાર અંગુલ પોરિસિની વૃદ્ધિ. [એ પ્રમાણે જાણવું.]

તથા ઉત્તરાયણમાં ચાર પદથી અંગુલ આઠ હીન એ પૌરિસિ પ્રાપ્ત થતાં કોઈ પૂછે છે - ઉત્તરાયણની કેટલી છે ?

અહીં પણ ત્રૈરાશિક - જો ચાર અંગુલના એકત્રીશ ભાગ વડે એક તિથિ થાય છે તેને આઠ અંગુલ વડે હીનથી કેટલી તિથિ પ્રાપ્ત થાય છે ? રાશિત્રય સ્થાપના - ૪ । ૧ । ૮

અહીં અંત્ય રાશિના ૩૧ ભાગ કરવાને માટે ૩૧ વડે ગુણીએ તેનાથી થાય ૨૪૮. આ ૨૪૮ને મધ્ય રાશિ એક વડે ગુણવામાં આવતા થાય છે - ૨૪૮. તે ૨૪૮ને આદ્ય રાશિ ચાર છે, તેના વડે ભાગાકાર કરતાં પ્રાપ્ત થશે ૬૨. તેથી આવે છે - ઉત્તરાયણમાં ૬૨મી તિથિમાં આઠ અંગુલ પોરિસિ હીન.

તે અષાઢ માસમાં પ્રકાશ્ય વસ્તુના વૃત્તની વૃત્તતા, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિતની સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિતા, ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાનની ન્યગ્રોધ પરિમંડલની ન્યગ્રોધ પરિમંડલ વડે ઉપલક્ષણથી આ શેષ સંસ્થાન સંસ્થિત પ્રકાશ્ય વસ્તુના શેષ સંસ્થાન સંસ્થિતાથી, અષાઢ માસમાં પ્રાયઃ બધી પણ પ્રકાશ્ય વસ્તુના દિવસનો ચોથો ભાગ અતિ ક્રાંત થતાં કે શેષ રહેતા સ્વ પ્રમાણ છાયા થાય છે. નિશ્ચયથી વળી અષાઢ માસના છેલ્લાદિને. તેમાં પણ સર્વાભ્યંતર મંડલમાં વર્તતો સૂર્ય, તેથી જે પ્રકાશ્ય વસ્તુનું જે સંસ્થાન થાય છે, તેની છાયા પણ તેવું સંસ્થાન ઉપજાવે છે. તેથી કહ્યું - વૃત્તની વૃત્તતા આદિ.

એ જ વાત કહે છે — સ્વકાયમનુરંગિન્યા - પોતાની છાયા નિબંધન વસ્તુના શરીર તે સ્વકાય, તેને અનુકાર ધારણ કરે છે, એવું શીલ. તે સ્વકાય અનુરંગિણી છાયા વડે સૂર્ય પ્રતિ દિવસ પરાવર્તિત થાય છે - પાછો ફરે છે. એવું કહે છે કે — અષાઢના પહેલા અહોરાત્રથી આરંભીને પ્રતિદિવસ અન્ય અન્ય મંડલ સંક્રાંતિ વડે, તે પ્રમાણે કંઈક પણ સૂર્ય પાછો ફરે છે, જે રીતે બધી જ પ્રકાશ્ય વસ્તુના દિવસનો ચોથો ભાગ અતિક્રાંત થતા બાકીની અથવા સ્વ અનુત્તર અને સ્વપ્રમાણ છાયા થાય છે.

**૦ પ્રાભૃતપ્રાભૃત-૧૦નો સટીક અનુવાદ પૂર્ણ ૦**

—— x —— x —— x —— x —— x ——



## ❀ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૧ ❀

૦ એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું દશમું પ્રાભૃત પ્રાભૃત કહ્યું. હવે અગિયારમાંનો આરંભ કરે છે, તેનો આ અર્થાધિકાર છે. ‘‘નક્ષત્રને આશ્રીને ચંદ્રમાર્ગની વક્તવ્યતા.’’ તદ્‌વિષયક પ્રશ્ન સૂત્ર —

● **સૂત્ર-૫૪ :-**

*તે ચંદ્રમાર્ગ કઈ રીતે કહેલો છે તેમ કહેવું ? આ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે, જે સદા ચંદ્રને દક્ષિણેથી યોગ કરે છે એવા પણ નક્ષત્રો છે, જે સદા ચંદ્રને ઉત્તરથી યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણથી પણ અને ઉત્તરથી પણ પ્રમર્દરૂપ છતાં પણ યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણથી પણ પ્રમર્દરૂપ, છતાં પણ યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે જે ચંદ્રને સદા પ્રમર્દરૂપ યોગ કરે છે.*

*તે અઠ્ઠાવીશ નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો જે સદા દક્ષિણથી યોગ કરે છે, પૂર્વવત્ યાવત્ કેટલા નક્ષત્રો છે, જે સદા ચંદ્રને પ્રમર્દરૂપ યોગ કરે છે ?*

*આ ૨૮-નક્ષત્રોમાં જે નક્ષત્રો સદા ચંદ્રને દક્ષિણેથી યોગ કરે છે, તે છ છે, તે આ રીતે — સંસ્થાન, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત, મૂલ. તેમાં જે નક્ષત્રો સદા ચંદ્રને ઉત્તરથી યોગ કરે છે, તે બાર છે. તે આ છે — અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજ્, પૂર્વા ભાદ્રપદ, ઉત્તરપ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની અને સ્વાતિ.*

*તેમાં જે નક્ષત્રો ચંદ્રને દક્ષિણથી પણ, ઉત્તરથી પણ પ્રમર્દરૂપ પણ યોગ કરે છે, તે સાત છે — કૃત્તિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા. તેમાં જે નક્ષત્રો ચંદ્રને દક્ષિણેથી પ્રમર્દરૂપ યોગ કરે છે, તે બે આષાઢાઓ છે. તે સર્વ બાહ્ય મંડલમાં યોગ કર્યો હતો, કરે છે અને યોગ કરશે. તેમાં જે નક્ષત્ર જે સદા ચંદ્રને પ્રમર્દ યોગ કરે છે તે એક છે - જ્યેષ્ઠા.*

● **વિવેચન-૫૪ :-**

કયા પ્રકારે નક્ષત્રોના દક્ષિણથી, ઉત્તરથી, પ્રમર્દથી અથવા સૂર્ય નક્ષત્રથી વિરહિતપણે - અવિરહિતપણે ચંદ્રનો માર્ગ-ચંદ્રનો મંડલગતિથી પરિભ્રમણરૂપ કે મંડલરૂપ માર્ગ કહેલો છે તેમ કહેવું ? ભગવંતે કહ્યું — આ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો છે, જે સદા ચંદ્રની દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે સદા ચંદ્રની ઉત્તર દિશામાં રહીને યોગ કરે છે. તથા એવા પણ નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણ દિશામાં પણ રહીને અને ઉત્તર દિશામાં પણ રહીને યોગ કરે છે.

પ્રમર્દ - પ્રમર્દરૂપ યોગ કરે છે - તથા એવા પણ નક્ષત્રો છે, જે ચંદ્રને દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે - પ્રમર્દ રૂપ યોગ કરે છે. તેવા પણ નક્ષત્ર છે, જે સદા ચંદ્રને પ્રમર્દરૂપ યોગ કરે છે. એ પ્રમાણે સામાન્યથી ભગવંતે કહ્યું ત્યારે ગૌતમ

સ્વામીએ વિશેષ બોધને માટે ફરી પૂછે છે - x -

ભગવંતે કહ્યું – આ પૂર્વે કહેલા અઠ્ઠાવીશ નક્ષત્રોમાં જે નક્ષત્રો સદા ચંદ્રની દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે. તે છ છે. તે આ રીતે – મૃગશિર્ષ, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત અને મૂલ. આ બધાં પણ નક્ષત્રો પંદરમાં ચંદ્રમંડલની બહાર ચાર ચરે છે, તેથી કરણ વિભાવનામાં કહ્યું છે – પંદરમાં ચંદ્રમંડલની બહાર મૃગશિર્ષ, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત, મૂલ.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં પણ કહ્યું છે – સંસ્થાન, આર્દ્રા, પુષ્ય, આશ્લેષા, હસ્ત અને મૂલ. બાહ્ય મંડલની બહાર છ નક્ષત્રો છે.

તેથી સદૈવ દક્ષિણ દિશામાં રહેલ તે ચંદ્રની સાથે યોગ કરતાં રહે છે, અન્યથા નહીં. તથા તે અઠ્ઠાવીશ નક્ષત્રોમાં જે તેવા નક્ષત્રો છે જે સદા - સર્વકાળ ચંદ્રની ઉત્તર દિશામાં રહીને યોગ કરે છે. તે બાર છે, તે આ પ્રમાણે - અભિજિત્ આદિ. આ જ બાર નક્ષત્રો સર્વાભ્યંતર ચંદ્રમંડલમાં ચાર ચરે છે.

તથા કરણ વિભાવનામાં કહ્યું છે – તે પહેલાં સર્વ અભ્યંતર ચંદ્રમંડલમાં નક્ષત્રો છે તે આ – અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા,, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, સ્વાતિ.

જ્યારે આની સાથે ચંદ્રનો યોગ થાય, ત્યારે સ્વભાવથી ચંદ્ર, બાકીના જ મંડલોમાં વર્તે છે. તેથી સદૈવ આટલા ઉત્તર દિશા વ્યવસ્થિત જ ચંદ્રમાની સાથે યોગને જોડે છે.

તથા તે અઠ્ઠાવીશ નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો છે, જે નક્ષત્રો ચંદ્રની દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે. ઉત્તર દિશામાં પણ રહીને યોગ કરે છે, પ્રમર્દરૂપ યોગ પણ કરે છે, તે સાત છે – કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, અનુરાધા, કેટલાંક વળી જ્યેષ્ઠા નક્ષત્રને પણ દક્ષિણ-ઉત્તર-પ્રમર્દ યોગ કરનાર માને છે. તેથી લોકશ્રિયામાં કહેલ છે – પુનર્વસુ, રોહિણી, ચિત્રા, મઘા, જ્યેષ્ઠા, અનુરાધા, કૃતિકા, વિશાખા એ આઠ નક્ષત્રો ચંદ્રના ઉભય યોગી છે. 'ઉભયયોગી'ની વ્યાખ્યા–

આટલા નક્ષત્રો ઉભયયોગી - ચંદ્રને ઉત્તરથી અને દક્ષિણ યોગ કરે છે. ક્યારેક ભેદને પણ પામે છે અને તે વક્ષ્યમાણ જ્યેષ્ઠા સૂત્રની સાથે વિરોધી છે, એમ પ્રમાણ નથી.

તથા તે અઠ્ઠાવીશ નક્ષત્રો મધ્યે જે નક્ષત્રો સદા ચંદ્રને દક્ષિણ દિશામાં રહીને યોગ કરે છે, પ્રમર્દરૂપ યોગ યુક્ત છે. તે બે અષાઢા છે - પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા. તે પ્રત્યેક ચાર તારાવાળા છે. તથા પૂર્વે પણ કહેલ છે – પૂર્વાષાઢા ચાર તારાવાળું કહેલ છે. તેમાં બબ્બે તારા સર્વબાહ્ય પંદરમાં મંડલના અભ્યંતરથી બબ્બે બહાર છે. તેથી કરણ વિભાવનામાં કહ્યું છે – પૂર્વ, ઉત્તરના અષાઢના બબ્બે તારાઓ અભ્યંતર, બબ્બે સર્વબાહ્ય મંડલની બહાર છે. તેથી જે બબ્બે તારા, અભ્યંતરથી તેની મધ્યેથી ચંદ્ર જાય છે, ત્યારે તેની અપેક્ષાએ પ્રમર્દયોગ કરે છે.



જે બબ્બે તારા બહાર છે, તે ચંદ્રના પંદરમાં મંડલમાં ચાર ચરે છે. ત્યારે સદા દક્ષિણ દિશામાં રહે છે. તેથી તે અપેક્ષાથી દક્ષિણથી યોગ કરે છે, તેમ કહ્યું.

હવે આ બંનેના પ્રમર્દયોગ ભાવનાર્થે કંઈક કહે છે – તે પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢારૂપે બંને નક્ષત્ર ચંદ્ર સાથે યોગને જોડેલ હતો, જોડે છે અને જોડશે. સદા સર્વબાહ્ય મંડલમાં રહે છે, તેથી જો પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા સાથે ચંદ્ર યોગ કરે છે. ત્યારે નિયમથી અભ્યંતર તારકો મધ્યે જાય છે. તેની અપેક્ષાથી પ્રમર્દ યોગ જોડે છે, એમ કહેલ છે.

તથા તે અઠ્ઠાવીશ નક્ષત્રો મધ્યે જે-તે નક્ષત્ર જે સદા ચંદ્રને પ્રમર્દરૂપ યોગ જોડે છે, તે એક જ્યેષ્ઠા છે.

એ પ્રમાણે મંડલગતિથી પરિભ્રમણરૂપ ચંદ્રમાર્ગ કહ્યો.

હવે મંડલરૂપ ચંદ્રમાર્ગને કહેવાને માટે પહેલા તેના વિષયના પ્રશ્નસૂત્રને કહે છે–

**● સૂત્ર-૫૫ :-**

***તે ચંદ્રમંડલો કેટલા કહેલા છે ? તે પંદર ચંદ્રમંડલ કહેલા છે. આ પંદર ચંદ્રમંડલોમાં એવા ચંદ્રમંડલો છે, જે સદા નક્ષત્રથી વિરહિત છે. એવા પણ ચંદ્ર મંડલો છે, જે સૂર્ય-ચંદ્ર-નક્ષત્રોને સામાન્ય હોય છે. એવા પણ મંડલો છે, જે સદા સૂર્યથી વિરહિત છે.***

***આ પંદર ચંદ્રમંડલોમાં કયા ચંદ્રમંડલો છે, જે સદા નક્ષત્રોથી અવિરહિત છે યાવત્ કેટલાં ચંદ્ર મંડલો છે, જે સદા સૂર્યવિરહિત છે ?***

***આ પંદર ચંદ્રમંડલોમાં જે ચંદ્રમંડલો છે, જે સદા નક્ષત્રથી અવિરહિત છે, તે આઠ છે – પહેલું ચંદ્રમંડલ, ત્રીજું ચંદ્રમંડલ, છટ્ઠું ચંદ્રમંડલ, સાતમું ચંદ્રમંડલ, આઠમું ચંદ્રમંડલ, દશમું ચંદ્રમંડલ, અગિયારમું ચંદ્રમંડલ, પંદરમું ચંદ્રમંડલ.***

***તેમાં જે ચંદ્રમંડલો છે, જે સદા નક્ષત્રોથી વિરહિત રહે છે, તે સાત છે – બીજું ચંદ્રમંડલ, ચોથું ચંદ્રમંડલ, પાંચમું ચંદ્રમંડલ, નવમું ચંદ્રમંડલ, બારમું ચંદ્રમંડલ, તેરમું ચંદ્રમંડલ, ચૌદમું ચંદ્રમંડલ.***

***તેમાં જે તે ચંદ્રમંડલ, જે ચંદ્ર-સૂર્ય-નક્ષત્રોમાં સમાન હોય છે, તે ચાર છે. તે આ પ્રમાણે – પહેલું ચંદ્રમંડલ, બીજું ચંદ્રમંડલ, અગિયારમું ચંદ્રમંડલ, પંદરમું ચંદ્રમંડલ.***

***તેમાં જે ચંદ્રમંડલો, જે સદા સૂર્ય વિરહિત છે, તે પાંચ છે – છટ્ઠું ચંદ્રમંડલ, સાતમું ચંદ્રમંડલ, આઠમું ચંદ્રમંડલ, નવમું ચંદ્રમંડલ, દશમું ચંદ્રમંડલ.***

**● વિવેચન-૫૫ :-**

કેટલી સંખ્યામાં ચંદ્રમંડલો કહેલા છે ? ભગવંતે કહ્યું – પંદર ચંદ્રમંડલો કહેલા છે. તેમાં પાંચ ચંદ્રમંડલો જંબૂદ્વીપમાં અને બાકીના દશ મંડલો લવણ સમુદ્રમાં

છે તથા જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહેલ છે કે — "ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં કેટલું અવગાહીને કેટલાં ચંદ્રમંડલો કહ્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપમાં ૧૮૦ યોજન જઈને અહીં પાંચ ચંદ્રમંડલો કહેલા છે.

ભગવન્ ! લવણ સમુદ્રમાં કેટલું જઈને કેટલાં ચંદ્રમંડલો કહ્યા છે ? ગૌતમ ! લવણસમુદ્રમાં ૩૩૦ યોજન જઈને અહીં દશ ચંદ્રમંડલો કહેલા છે.

આ પ્રમાણે પૂર્વાપરથી જંબૂદ્વીપ અને લવણ સમુદ્રમાં થઈને પંદર ચંદ્રમંડલો થાય છે, એમ કહેવું.

આ પંદર ચંદ્ર મંડલોની મધ્યે એવા પણ ચંદ્રમંડલો છે જે સદા નક્ષત્રોથી વિરહિત છે. તથા એવા પણ ચંદ્રમંડલો છે જે સદા નક્ષત્રોથી વિરહિત છે. તથા એવા પણ ચંદ્રમંડલો પણ છે, જે સૂર્ય-ચંદ્ર-નક્ષત્રોમાં સાધારણ છે. શું કહે છે ?

સૂર્ય પણ તે મંડલમાં જાય, ચંદ્ર પણ અને નક્ષત્ર પણ.

એવા પણ મંડલો છે, જે ચંદ્રમંડલો સદા સૂર્યોથી વિરહિત રહે છે. જેમાં ક્યારેય પણ બે સૂર્યોમાંથી એક પણ સૂર્ય જતો નથી.

આ પ્રમાણે ભગવંતે સામાન્યથી કહેતા ગૌતમસ્વામી વિશેષ બોધ માટે ફરી પ્રશ્ન પૂછે છે - સુગમ છે.

ભગવંત કહે છે — આ પંદર ચંદ્રમંડલોમાં જે - જે ચંદ્ર મંડલો સદા નક્ષત્રથી રહિત હોય છે, તે આઠ છે, તે આ પ્રમાણે - પહેલું ચંદ્ર મંડલ ઈત્યાદિ. તેમાં પહેલાં ચંદ્રમંડલમાં અભિજિતાદિ બાર નક્ષત્રો છે. તેની સંગ્રહણી ગાથા — અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજ્, બંને ભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી બંને ફાલ્ગુની, સ્વાતિ. આ બાર નક્ષત્ર પહેલાં મંડલમાં હોય.

ત્રીજા ચંદ્ર મંડલમાં પુનર્વસુ, મઘા. છઠ્ઠા ચંદ્રમંડલમાં કૃતિકા, સાતમામાં રોહિણી-ચિત્રા, આઠમામાં વિશાખા, દશમામાં અનુરાધા, અગિયારમામાં જ્યેષ્ઠા, પંદરમામાં મૃગશીર્ષ - આર્દ્રા - પુષ્ય-આશ્લેષા-હસ્ત-મૂલ-પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા. તેમાં પહેલા છ નક્ષત્રો જો કે પંદરમાં મંડલની બહરા ચરે છે, તો પણ તે તેની નીકટના હોવાથી તેમાં ગણેલ છે.

તે પંદર ચંદ્રમંડલોમાં જે - તે ચંદ્રમંડલો સદા નક્ષત્રથી વિરહિત છે, તે સાત છે. તે આ પ્રમાણે - બીજું ચંદ્ર મંડલ આદિ.

તે પંદર ચંદ્રમંડલોમાં જે ચંદ્રમંડલો સૂર્ય-ચંદ્ર-નક્ષત્રોમાં સામાન્ય છે, તે પૂર્વવત્ ચાર છે. તે આ પ્રમાણે - પ્રથમ ચંદ્રમંડલ ઈત્યાદિ [સૂત્રવત્ જાણવા.]

તે પંદર ચંદ્રમંડલોમાં જે ચંદ્રમંડલોમાં જે ચંદ્રમંડલો સદા સૂર્યોથી વિરહિત છે, તેવા પાંચ છે. તે આ પ્રમાણે — છટ્ઠું ચંદ્રમંડલ ઈત્યાદિ સુગમ છે અને આમ કહેવાથી જે અભ્યંતર પાંચ ચંદ્રમંડલો છે, તે આ પ્રમાણે — પહેલું, બીજું, ત્રીજું, ચોથું, પાંચમું. જે સર્વબાહ્ય ચંદ્રમંડલો છે, તે આ પ્રમાણે — અગિયારમું, બારમું, તેરમું, ચૌદમું, પંદરમું. આ દશે નક્ષત્રો સૂર્યના પણ સાધારણ છે. તથા અન્યત્ર પણ કહ્યું



છે કે — દશ મંડલો અભ્યંતર-બાહ્ય સૂર્ય ચંદ્રમાં સામાન્ય છે તેમ નિયમથી જાણવું.

ઉક્ત ગાથાની અક્ષરગમનિકા - પાંચ અભ્યંતર અને પાંચ બાહ્ય સર્વસંખ્યાથી દશમંડલો નિયમથી સૂર્ય-ચંદ્રમાં સાધારણ છે, બાકીના જે ચંદ્રમંડલો છ થી દશ પર્યન્ત છે, તે પ્રત્યેક અર્થાત્ અસાધારણ, ચંદ્રના જ છે. તે મંડલોમાં ચંદ્ર જ જાય છે, પણ ક્યારેય સૂર્ય જતો નથી, એવું કહેવાનો ભાવ છે.

અહીં કયું ચંદ્રમંડલ, કેટલા ભાગથી સૂર્યમંડલ વડે સ્પર્શીત થતું નથી, અથવા કેટલા ચંદ્રમંડલના અપાંતરાલમાં સૂર્ય મંડલો કઈ રીતે છ આદિ દશ પર્યન્ત પાંચ ચંદ્રમંડલ સૂર્ય વડે સ્પર્શીત થતાં નથી. એ વિચારણામાં વિભાગ દર્શન પૂર્વાચાર્ય વડે કરાયેલ છે. તે શિષ્યજનના ઉપકાર માટે કહે છે —

તેમાં પહેલાં આની વિભાવના માટે વિકંપ ક્ષેત્ર કાષ્ઠાનું નિરૂપણ કરાય છે. અહીં સૂર્યની વિકંપક્ષેત્ર કાષ્ઠા ૫૧૦ યોજન છે તેથી કહે છે — જો સૂર્યનો એક અહોરાત્રથી વિકંપ બે યોજનમાં એક યોજના ૪૮/૬૧ ભાગ પ્રાપ્ત થાય, પછી ૧૮૩ અહોરાત્ર વડે શું પ્રાપ્ત થાય ? રાશિત્રય સ્થાપના - ૧/ ૪૮/૬૧ / ૧૮૩. અહીં સવર્ણનાર્થે બે યોજનને ૬૧ વડે ગુણીએ. ગુણીને ઉપરના ૪૮/૬૧ ભાગને ઉમેરીએ. તેનાથી સંખ્યા આવશે - ૧૭૦. તેને ૧૮૩ અંત્ય રાશિ વડે ગુણવામાં આવે, તો સંખ્યા આવશે ૩૧,૧૧૦. પછી આ રાશિના યોજન લાવવાને માટે ૬૧ વડે ભાગાકાર કરવામાં આવે તો પ્રાપ્ત થશે - ૫૧૦. આ સૂર્યની વિકંપક્ષેત્ર કાષ્ઠા છે.

ચંદ્રમાની વિકંપ ક્ષેત્ર કાષ્ઠા ૫૦૯ યોજન અને એક યોજનના ૫૩/૬૧ ભાગ છે. તેથી કહે છે — જો ચંદ્રમાં એક અહોરાત્રથી વિકંપ ૩૬-યોજન અને એક યોજનના ૨૫/૬૧ ભાગમાં ૧/૬૧ ભાગના ૪/૭ ભાગ પ્રાપ્ત થાય છે. તેને ૧૪ અહોરાત્ર વડે શું પ્રાપ્ત થાય ?

અહીં સવર્ણનાર્થે પહેલાં ૩૬ને ૬૧ વડે ગુણીએ. પછી ગુણીને ઉપરિતન ૨૫/૬૧ ભાગ તેમાં ઉમેરીએ, તેથી થશે ૨૨૨૧. આને સાત વડે ગુણીએ, ગુણીને ઉપરના ૪/૭ ભાગ તેમાં ઉમેરીએ, તેનાથી સંખ્યા પ્રાપ્ત થશે ૧૫,૫૫૧. તેના યોજન કરવાને માટે છેદ રાશિ પણ ૬૧-સંખ્યાને સાત વડે ગુણીએ. તેનાથી સંખ્યા પ્રાપ્ત થશે - ૪૨૭. પછી ઉપરિતન રાશિ ચૌદ વડે અંત્ય રાશિ રૂપ વડે ગુણીએ. તેનાથી આવશે - ૨,૧૭,૭૧૫. પછી છેદ્ય-છેદક રાશિઓને સાત વડે અપવર્તના કરીએ. ત્યારે ઉપરિતન રાશિ આવશે - ૩૧,૧૦૨ અને છેદ રાશિ આવે છે - ૬૧.

ત્યારપછી તે ૬૧ વડે ભાગાકાર કરતાં આવશે ૫૦૯ યોજન અને એક યોજનના ૫૩/૬૧ ભાગ. આટલી ચંદ્રમાની વિકંપ ક્ષેત્ર કાષ્ઠા કહેલી છે.

સૂર્યમંડલનું સૂર્યમંડલથી પરસ્પર અંતર બબ્બે યોજન છે. ચંદ્રમંડલનું ચંદ્રમંડલથી પરસ્પર અંતર ૩૫ યોજન અને એક યોજનના ૩૦/૬૧ ભાગ, તથા ૧/૬૧ તે ભાગના ૪/૭ ભાગ છે.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં કહેલું છે કે — "ભગવન્ ! એક સૂર્યમંડલનું બીજા

સૂર્યમંડલથી કેટલું અવ્યાબાધ અંતર કહેલ છે ? ગૌતમ ! એક સૂર્યમંડલથી બીજા સૂર્યમંડલનું અબાધાથી અંતર બે યોજન કહેલ છે તથા ભગવન્ ! ચંદ્રમંડલનું બીજા ચંદ્રમંડલથી અંતર અવ્યાબાધથી કેટલું કહ્યું છે ? ગૌતમ ! ૩૫-યોજન અને એક યોજનના $^{૩૦}/_{૬૧}$ ભાગોમાં $^{૧}/_{૬૧}$ ભાગને સાત વડે છેદીને ચાર ચૂર્ણિકા ભાગો શેષ ચંદ્રમંડલનું અબાધા અંતર કહેલ છે.

આ સૂર્ય મંડલ અને ચંદ્રમંડલના સ્વ-સ્વ મંડલ વિષ્કંભ પરિમાણયુક્ત સૂર્ય અને ચંદ્રનું વિકંપ પરિમાણ જાણવું અહીં વૃત્તિકારે મૂકેલ ગાથાની અક્ષરગમનિકા —

એક સૂર્ય વિકંપ થાય છે. અનંતર જ આંતર્ય. - x - x - મંડલની આંતરિકા તે મંડલાંતરિકા. અહીં મંડલ શબ્દથી મંડલ વિષ્કંભ કહે છે. પરિમાણમાં પરિમાણવત્ ઉપચારથી આમ કહ્યું. તેથી મંડલ સાથે - મંડલ વિષ્કંભ પરિમાણથી પરિમાણ વડે વર્તે છે, તેથી સમંડલ, શું કહેવા માંગે છે ?

એક સૂર્યમંડલ અંતરનું જે પરિમાણ બે યોજનરૂપ છે, તે એક સૂર્યમંડલ વિષ્કંભ પરિમાણથી $^{૪૮}/_{૬૧}$ ભાગ લક્ષણથી સહિત એક સૂર્યમંડલના વિકંપ પરિમાણ છે. તથા મંડલાંતરિકા ચંદ્ર મંડલાંતર પરિમાણ ૩૫-યોજન અને એક યોજનના $^{૩૦}/_{૬૧}$ ભાગના $^{૧}/_{૬૧}$ ભાગના $^{૪}/_{૭}$ ભાગ, એ પ્રમાણે એવા મંડલવિષ્કંભ પરિમાણથી સહિત એક ચંદ્ર વિકંપ થાય છે.

જો વિકંપ ક્ષેત્રકાષ્ઠા દર્શનથી વિકંપ પરિમાણ જાણવાને ઈચ્છે છે, તે પ્રતિ આ પૂર્વાચાર્ય ઉપદર્શિત કરણગાથા છે - x - x - જેની અક્ષરગમનિકા આ પ્રમાણે છે - જે ચંદ્ર કે સૂર્યના વિકંપા. કેવા સ્વરૂપના છે ? તે કહે છે — સ્વસ્વ મંડલ વિષ્કંભ પરિમાણ સહિત સ્વસ્વ મંડલાંતરિકારૂપ. - x - સ્વસ્વવિકંપ યોગ્ય ક્ષેત્ર પરિમાણના - x - સ્વસ્વમંડલ સંખ્યા વડે ભાગાકાર કરતાં જે પ્રાપ્ત થાય ત્યાં સુધી પરિમાણ તે સ્વ વિકંપ થાય છે.

તેથી જ કહે છે — સૂર્યની વિકંપ ક્ષેત્ર કાષ્ઠા ૫૧૦ યોજન છે. તેના ૬૧ ભાગ કરવાને માટે ૬૧ વડે ગુણીએ. તેનાથી થશે ૩૧,૧૧૦. સૂર્યના મંડલનું વિકંપ ક્ષેત્ર ૧૮૩ છે. તેથી તેના યોજન લાવવાને માટે ૧૮૩ મંડલને ૬૧ વડે ગુણીએ. તેનાથી સંખ્યા આવશે - ૧૧,૧૬૩. આના વડે પૂર્વ રાશિનો ભાગાકાર કરાતા પ્રાપ્ત થાય છે - બે યોજન અને ઉપરની શેષ રહે છે - ૮૭૮૪.

ત્યારપછી હવે ૬૧ ભાગોને લાવવા માટે નીચેની છેદરાશિ જે ૧૮૩ છે. તેના વડે ભાગાકાર કરાતા પ્રાપ્ત થશે - ૪૮. આટલું એકૈક સૂર્ય વિષ્કંભનું પરિમાણ છે.

તથા ચંદ્રની વિકંપક્ષેત્ર કાષ્ઠા ૫૦૯ યોજન અને એક યોજના $^{૫૩}/_{૬૧}$ ભાગ છે. તેમાં યોજનના ૬૧ ભાગ કરવાને માટે ૬૧ વડે ગુણીએ. તેનાથી પ્રાપ્ત સંખ્યા છે. ૩૧,૦૪૯, પછી ઉપરના $^{૫૩}/_{૬૧}$ ભાગ ઉમેરીએ. તેનાથી સંખ્યા આવશે ૩૧,૧૦૨. ચંદ્રના વિકંપક્ષેત્ર મધ્યે મંડલ ૧૪, તેથી યોજન લાવવાને માટે ૧૪ને ૬૧ વડે ગુણવામાં આવે, તો તેનાથી આવશે ૮૫૪ તેના વડે પૂર્વ રાશિનો ભાગાકાર કરાય



છે, તેનાથી આવે છે ૩૬ અને શેષ વધે છે ૩૫૮. હવે આગળના ૬૧ ભાગ લાવવા જોઈએ. પછી ૧૪-રૂપ નીચેની છેદરાશિ છે. તેના વડે ભાગાકાર કરાતા પ્રાપ્ત થશે ૨૫ અને શેષ વધે છે આઠ. સાત ભાગ કરવાને માટે સાત વડે ગુણીએ, ત્યારે આવે છે - ૫૬. તેને ૧૪-ભાગ વડે ભાગાકાર કરાતા આવે છે - ચાર. તેથી $^{૪}/_{૭}$ ભાગ થયા. આટલું પરિમાણ એ એક-એક ચંદ્રની વિકંપક્ષેત્ર કાષ્ઠા જાણવી.

એ પ્રમાણે ચંદ્રની અને સૂર્યની વિકંપક્ષેત્ર કાષ્ઠા અને ચંદ્રમંડલોનું તથા સૂર્યમંડલોનું પરસ્પર અંતર કહ્યું.

હવે પ્રસ્તુતને જણાવે છે - તેમાં સર્વાભ્યંતર ચંદ્રમંડલમાં સર્વાભ્યંતર સૂર્યમંડલ સર્વથા પ્રવેશે છે. કેવલ $^{૮}/_{૬૧}$ ભાગ ચંદ્રમંડલની બહાર શેષ વર્તે છે. ચંદ્રમંડલથી સૂર્યમંડલના $^{૮}/_{૬૧}$ ભાગ હીનપણે હોવાથી એમ કહ્યું.

પછી બીજા ચંદ્રમંડલની પૂર્વના અપાંતરાલમાં બાર સૂર્ય માર્ગો છે. તેથી કહે છે — બે ચંદ્રમંડલનું અંતર ૩૫ યોજનો અને એક યોજનના $^{૩૦}/_{૬૧}$ ભાગ અને તે $^{૧}/_{૬૧}$ ભાગના $^{૪}/_{૭}$ ભાગો છે. તેમાં યોજનોના ૬૧-ભાગ કરણાર્થે ૬૧ વડે ગુણીએ. ગુણીને ઉપરિતન $^{૩૦}/_{૬૧}$ ભાગ ઉમેરીએ. તેનાથી સંખ્યા પ્રાપ્ત થશે - ૨૧૬૫. સૂર્યનો વિકંપ બે યોજન અને એક યોજનના $^{૪૮}/_{૬૧}$ ભાગ છે. તેમાં બે યોજનને ૬૧ વડે ગુણવામાં આવે છે. તેથી પ્રાપ્ત થસે - ૧૨૨. પછી ઉપરિતન $^{૪૮}/_{૬૧}$ ભાગ યોજનના છે, તે ઉમેરીએ. તેનાથી ૧૭૦ સંખ્યા આવશે, તેના વડે પૂર્વરાશિનો ભાગાકાર કરીએ. તેનાથી ૧૨-સંખ્યા આવશે. આટલા અપાંતરાલમાં સૂર્ય માર્ગ થાય છે. - -

- - ત્યારપછી શેષ વધે છે - ૧૨૫. તેમાં ૧૨૨ વડે બારમાં સૂર્યમાર્ગની ઉપર બે યોજન પ્રાપ્ત થતાં શેષ વધે છે $^{૩}/_{૬૧}$ ભાગ. જે પણ પહેલાં ચંદ્રમંડલમાં સૂર્યમંડલથી શેષ $^{૮}/_{૬૧}$ ભાગો છે, તે પણ અહીં ઉમેરીએ. તેનાથી થશે $^{૧૧}/_{૬૧}$ ભાગ. તેનાથી અહીં આવશે બારસમાં સૂર્ય માર્ગથી પછી બીજા ચંદ્રમંડલથી પૂર્વે બે યોજન અને એક યોજનના $^{૧૧}/_{૬૧}$ ભાગ. તેમાંના $^{૧}/_{૬૧}$ ભાગના $^{૪}/_{૭}$ ભાગ એવી સંખ્યા પ્રાપ્ત થશે.

તેમાં બે યોજન પછી સૂર્યમંડલવાળા બીજા ચંદ્રમંડલથી પૂર્વે અભ્યંતર પ્રવિષ્ટ સૂર્યમંડલ $^{૧૧}/_{૬૧}$ ભાગના હોતા $^{૪}/_{૭}$ ભાગ. પછી $^{૩૬}/_{૬૧}$ ભાગ અને તેમાંના $^{૧}/_{૬૧}$ ભાગના $^{૩}/_{૭}$ ભાગ. એ પ્રમાણે આટલું પરિમાણ સૂર્યમંડલ ચંદ્રમંડલ સંમિશ્ર છે.

પછી સૂર્યમંડલથી આગળ બહાર નીકળતું ચંદ્રમંડલ $^{૧૯}/_{૬૧}$ ભાગ અને તેમાંના $^{૧}/_{૬૧}$ ભાગના $^{૪}/_{૭}$ ભાગ. તેનાથી પછી ફરી ત્રીજા ચંદ્રમંડલની પૂર્વે યથોક્ત પરિમાણ અંતર. તે આ પ્રમાણે —

— ૩૫ યોજન અને એક યોજનના $^{૩૦}/_{૬૧}$ ભાગ. તેમાંના $^{૧}/_{૬૧}$ ભાગના $^{૪}/_{૭}$ ભાગ લેવા. આટલું અંતર બાર સૂર્ય માર્ગનું પ્રાપ્ત થાય. ઉપરના બે યોજન અને એક યોજનના $^{૩}/_{૬૧}$ ભાગ અને તેમાંના $^{૧}/_{૬૧}$ ભાગના $^{૪}/_{૭}$ ભાગ. તેથી અહીં પૂર્વોક્ત બીજા ચંદ્રમંડલના હોતાં સૂર્ય મંડલથી બહાર નીકળતા $^{૧૯}/_{૬૧}$ ભાગ,

તેમાંના ૧/૬૧ ભાગના ૪/૭ ભાગ ઉમેરીએ. તેથી પ્રાપ્ત થશે ૨૩/૬૧ ભાગ, તેમાંના ૧/૬૧ ભાગ હોતા તેના ૧/૭ ભાગ લેવા, તેનાથી અહીં આવશે - બીજા ચંદ્રમંડલથી પછીનો બારમો સૂર્યમાર્ગ.

આ બારમાં સૂર્યમાર્ગથી પછી બે યોજન અતિક્રમ્યા પછી સૂર્યમંડલ અને તે ત્રીજા ચંદ્રમંડલની પૂર્વેના અભ્યંતર પ્રવિષ્ટ ૨૩/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના ૧/૭ ભાગ આવે.

ત્યારપછી બાકીના ૨૪/૬૧ ભાગમાંના ૧/૬૧ ભાગના ૬/૭ ભાગ લેવા. તે સૂર્યમંડલના ત્રીજા ચંદ્રમંડલ સંમિશ્ર છે.

ત્યારપછી ત્રીજા ચંદ્રમંડલ, સૂર્યમંડલથી બહાર નીકળતા ૩૧/૬૧ ભાગો, તેમાંના ૧/૬૧ ભાગના ૧/૭ ભાગ લેવા.

ત્યારપછી ફરી પણ યથોક્ત ચંદ્રમંડલ પછી, તેમાં બાર સૂર્યમાર્ગ પ્રાપ્ત થાય છે. બારમાં સૂર્ય માર્ગની ઉપરના બે યોજન અને એક યોજનના ૩/૬૧ ભાગમાંના ૧/૬૧ ભાગના ૪/૭ ભાગ લેવા. ત્યારપછી જે અહીં ત્રીજું મંડલ હોતા સૂર્ય મંડલથી બહાર નીકળેલા એક યોજનના ૩૧/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના ૧/૭ ભાગને તેમાં ઉમેરીએ. તેનાથી આવશે - ૩૪/૬૧ ભાગ. અને તેમાંના ૧/૬૧ ભાગના ૫/૭ ભાગ આવે.

તેનાથી આ વસ્તુતત્ત્વ આવશે - ત્રીજા ચંદ્રમંડલથી આગળ બાર સૂર્ય માર્ગ અને બારમાં સૂર્યમાર્ગથી આગળ બે યોજન અતિક્રમ્યા પછી સૂર્યમંડલ અને તે ચોથા ચંદ્રમંડલની પૂર્વે અભ્યંતર પ્રવિષ્ટ ૩૪/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના ૫/૭ ભાગ.

ત્યારપછી શેષ સૂર્યમંડલના ૧૩/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના બે ભાગો આવે છે. આટલું ચોથું ચંદ્રમંડલ સંમિશ્ર કહેવાયેલ જાણવું.

ચોથા ચંદ્રમંડલના સૂર્યમંડલથી બહાર નીકળતા ૪૨/૬૧ ભાગોમાંના ૧/૬૧ ભાગોના ૫/૭ ભાગ થાય.

ત્યારપછી ફરી પણ યથોદિત પરિમાણ ચંદ્રમંડલાંતર છે. તેમાં બાર સૂર્ય માર્ગો પ્રાપ્ત થાય છે. બારમાં સૂર્ય માર્ગની ઉપર બે યોજન અને એક યોજનના ૩/૬૧ ભાગ, તથા તેમાંના ૧/૬૧ ભાગના ૪/૭ ભાગ લેવા. તેમાં પહેલા ચોથા ચંદ્રમંડલના સૂર્યમંડલથી બહાર નીકળતા ૪૨/૬૧ ભાગ, અને તેમાંના ૧/૬૧ ભાગના ૫/૭ ભાગ લઈ, અહીં રાશિમાં ઉમેરવા.

ત્યારપછી આવશે ૪૬/૬૧ ભાગ અને ૨/૬૧ ભાગના હોતા સાત ભાગો લેવા. તેથી એ પ્રમાણે વસ્તુ સ્વરૂપ જાણવું –

ચોથા મંડલથી આગળ બાર સૂર્ય માર્ગ અને બારમાં સૂર્ય માર્ગથી આગળ બે યોજન અતિક્રમ્યા પછી સૂર્યમંડલ.

અને તે પાંચમાં ચંદ્રમંડલથી પૂર્વે અભ્યંતર પ્રવિષ્ટ ૪૬/૬૧ ભાગોના બે માંના



૧/૬૧ ભાગના સપ્તમાંશ ભાગ છે.

બાકીના સૂર્ય મંડલના ૧/૬૧ ભાગ અને એકના ૧/૬૧ ભાગના ૫/૭ ભાગો, એટલું આ પરિમાણ પંચમ ચંદ્રમંડલ સંમિશ્ર છે.

તે પાંચમાં ચંદ્રમંડલના સૂર્યમંડલથી બહાર નીકળતા ૫૪/૬૧ ભાગો, તેમાંના ૧/૬૧ ભાગના ૨/૭ ભાગ. એ પ્રમાણે પાંચ સર્વાભ્યંતર ચંદ્રમંડલ અને સૂર્યમંડલ સંમિશ્ર છે.

ચોથા ચંદ્રમંડલાંતરમાં બાર-બાર સૂર્યમાર્ગો એ રીતે જાણવા. હવે છ થી દશ પર્યન્ત પાંચ ચંદ્રમંડલ-સૂર્યમંડલ સંસ્પૃષ્ટ ભાવિત કરવું જોઈએ.

તેમાં પાંચમાં ચંદ્રમંડલથી પછી ફરી છટ્ઠું ચંદ્રમંડલ, તેને આશ્રીને અંતર ૩૫-યોજન અને એક યોજનના ૩૦/૬૧ ભાગોના ૧/૬૧ ભાગના હોવાથી ૪/૭ ભાગો છે.

તેમાં ૩૫-યોજનોના ૬૧ ભાગ કરવાને માટે ૬૧ વડે ગુણવામાં આવે. ગુણીને ઉપરિતન ૩૦/૬૧ ભાગો ઉમેરીએ, તેનાથી સંખ્યા આવશે - ૨૧૬૫.

જે પણ પાંચમા ચંદ્ર મંડલના સૂર્યમંડલથી બહાર નીકળતા ૫૪/૬૧ ભાગો અને બેમાંના ૬૧ ભાગના હોતા સાત ભાગો છે, તેને અહીં ઉમેરવામાં આવે છે, તેનાથી સંખ્યા આવે છે - ૨૨૧૯.

સૂર્યનો વિકંપ બે યોજન અને એક યોજનના ૪૮/૬૧ ભાગ અધિક છે તેમાં બે યોજનને ૬૧ વડે ગુણીએ, તેનાથી આવે છે ૨૨/૬૧ ભાગો. પછી ઉપરિતન ૪૮/૬૧ ભાગો તેમાં ઉમેરવામાં આવે, તેનાથી પ્રાપ્ત સંખ્યા - ૧૭૦ છે. તેના વડે પૂર્વ રાશિનો ભાગાકાર કરતાં પ્રાપ્ત થશે - ૧૩ અને શેષ વધશે - નવ એકના એકસઠ ભાગ, તેના હોતા ૬/૭ ભાગ આવશે.

તેનાથી આ આવે છે - પાંચમાં ચંદ્ર મંડલથી પછી તેર સૂર્યમાર્ગ અને તેરમાં સૂર્ય માર્ગની ઉપર છટ્ઠા ચંદ્રમંડલથી પૂર્વે અંતર ૯/૬૧ યોજન અને એક યોજનના ૬૧ ભાગના હોવાથી તેના ૬/૭ ભાગ સંખ્યા પ્રાપ્ત થશે.

ત્યારપછી છટ્ઠું ચંદ્રમંડલ. તે ૫૬/૬૧ ભાગાત્મક છે તેથી આગળ સૂર્યમંડલની પૂર્વે અંતર આવશે ૫૬/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના ૧/૭ ભાગ થાય.

ત્યારપછી સૂર્યમંડલ અને તેનાથી આગળ ૬૧ ભાગોના ૧૦૪ વડે એકના એકસઠ ભાગના હોવાથી સાત ભાગ વડે હીન, તે યથોક્ત પ્રમાણ ચંદ્રમંડલ પછી પ્રાપ્ત થાય, એ પ્રમાણે તે સૂર્યમંડલથી આગળ બીજા બાર સૂર્ય માર્ગો પ્રાપ્ત થાય.

ત્યારપછી સર્વસંકલનાથી તે જ અંતરમાં તેર માર્ગો અને તે તેરમાં સૂર્યમાર્ગની ઉપર સાતમાં ચંદ્રમંડલથી પૂર્વે અંતર એકવીશ એકસઠાંશ ભાગ અને એકના એકસઠ ભાગના ૩/૭ ભાગો પ્રાપ્ત થાય છે. [અને]

ત્યારપછી સાતમું ચંદ્રમંડલ અને તે સાતમાં ચંદ્ર મંડલથી આગળ ૪૪/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના ૪/૭ ભાગ પછી સૂર્યમંડલની પ્રાપ્તિ થશે.

ત્યારપછી ૯૨ સંખ્યા વડે ૬૧ ભાગથી ચાર ભાગ વડે એકના એકસઠ

ભાગના હોવાથી સાત ભાગ વડે ન્યૂન યથોક્ત પ્રમાણ ચંદ્રમંડલ અંતર આવે છે.

ત્યારપછી પરમ એવા બીજા પણ બાર સૂર્યમાર્ગો આવે.

ત્યારે તે અંતરમાં સર્વસંકલના વડે તેર સૂર્યમાર્ગો અને તેરમાં સૂર્યમાર્ગની બહાર આઠમાં ચંદ્રમંડલની પૂર્વે અંતર તેત્રીશ-એકસઠાંશ ભાગ આવે.

ત્યારપછી આઠમું ચંદ્રમંડલ, તે આઠમાં ચંદ્રમંડલથી આગળ ૩૩/૬૧ ભાગ વડે સૂર્યમંડલ. પછી ૮૧ સંખ્યા વડે ૬૧ ભાગથી ન્યૂન યથોક્ત પ્રમાણ ચંદ્રમંડલ અંતર આગળ વિદ્યમાન છે.

તેનાથી આગળ અન્ય પણ બાર સૂર્યમાર્ગો છે. તેથી તે પણ અંતરમાં સર્વ સંકલનાથી તેર સૂર્ય માર્ગો અને તેરમાં સૂર્ય માર્ગથી આગળ નવમાં ચંદ્રમંડલથી પૂર્વે અંતર ૪૪/૬૧ ભાગ અને એકના એકસઠ ભાગના ૪/૭ ભાગો છે.

ત્યારપછી નવમાં ચંદ્રમંડલ અને તે નવમાં ચંદ્ર મંડલથી આગળ ૨૧/૬૧ ભાગ વડે અને એકના એકસઠ ભાગના ૩/૭ ભાગ વડે સૂર્યમંડલ, તેથી ૬૯ સંખ્યા વડે-૬૧ ભાગથી એકના ૬૧-ભાગના ૩/૭ ભાગ વડે પરિહીન યથોક્ત પ્રમાણ ચંદ્ર મંડલાંતર, તેમાં બીજા બાર સૂર્ય માર્ગો.

એ પ્રમાણે આ અંતરમાં સર્વ સંકલનાથી તેર સૂર્યમાર્ગો. તે તેરમાં સૂર્યમાર્ગની ઉપર દશમાં ચંદ્રમંડલથી પૂર્વે અંતર છે - ૫૬/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના ૧/૭ ભાગ.

ત્યારપછી દશમું ચંદ્રમંડલ અને તે દશમાં ચંદ્રમંડલથી આગળ ૯/૬૧ ભાગો વડે અને તેમાંના ૧/૬૧ ભાગના ૬/૭ ભાગ વડે સૂર્યમંડલ આવે. પછી ૫૭/૬૧ ભાગ વડે અને તેમાંના ૧/૬૧ ભાગના ૬/૭ ભાગ વડે ન્યૂન પૂર્વોક્ત પરિમાણ ચંદ્રમંડલાંતર.

ત્યારપછી ફરી પણ બાર સૂર્ય માર્ગો પ્રાપ્ત થાય છે. તેથી તે અંતરમાં પણ સર્વ સંકલનાથી તેર સૂર્ય માર્ગો છે. તેથી તેરમાં સૂર્યમાર્ગની ઉપર અને અગિયારમાં ચંદ્રમંડલથી પૂર્વે અંતર ૬૭/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના ૫/૭ ભાગ.

એ પ્રમાણે પાંચ ચંદ્રમંડલો, છઠ્ઠા આદિથી દશમાં સુધીના સૂર્ય સંમિશ્ર કહ્યા. છટ્ઠા ચંદ્રમંડલાંતરમાં તેર સૂર્યમાર્ગો એ પ્રમાણે થયેલા છે.

હવે આનાથી અનંતર કહે છે – તેમાં અગિયારમાં ચંદ્ર મંડલમાં ૫૪/૬૧ ભાગ અને એકના એકસઠ ભાગના ૨/૭ ભાગ, એ પ્રમાણે આટલું સૂર્યમંડલથી અભ્યંતર પ્રવિષ્ટ એક-એકસઠ ભાગ અને એકના એકસઠભાગના પાંચ-સપ્તમાંશ ભાગો. એટલા પ્રમાણમાં સૂર્યમંડલ સંમિશ્ર અગિયારમાં ચંદ્રમંડલથી બહાર નીકળતું સૂર્યમંડલ, ૪૬/૬૧ ભાગ અને એકના એકસઠભાગના બે સપ્તમાંશ ભાગ, તે આટલા હીન પછી ચંદ્રમંડલાંતર હોય છે, એ રીતે બાર સૂર્યભાગો પ્રાપ્ત થાય છે.

ત્યારપછી પરમ ૭૯/૬૧ ભાગો વડે, તેમાંના ૧/૬૧ ભાગના ૨/૭ ભાગે બારમું ચંદ્રમંડલ છે અને તે બારમું ચંદ્રમંડલ. સૂર્ય મંડલથી અભ્યંતર પ્રવિષ્ટ ૪૨/૬૧ ભાગોના એકના ૬૧ ભાગોના પાંચ-સપ્તમાંશ ભાગ થાય. બાકીના ૧૩/૬૧ ભાગ



યોજનના એકના એકસઠ ભાગના બે-સપ્તમાંશ ભાગ, એ પ્રમાણે આટલા પ્રમાણમાં સૂર્યમંડલ સંમિશ્ર થાય.

તે બારમાં ચંદ્રમંડલથી બહાર નીકળતાં સૂર્યમંડલ ૩૪/૬૧ ભાગ યોજનના એક ભાગના ૬૧-ભાગોના ૫/૭ ભાગો છે. તેથી આટલા માત્રથી હીન, તેથી આગળ ચંદ્રમંડલાંતર.

તેમાં બાર સૂર્ય માર્ગો પ્રાપ્ત થાય છે અને બારમાં સૂર્યમાર્ગથી આગળ ૯૦ સંખ્યા વડે ૬૧-ભાગો વડે એકના ૬૧-ભાગના હોવાથી ૬/૭ ભાગ વડે તેરમું ચંદ્રમંડલ આવે.

તે તેરમું ચંદ્રમંડલ, સૂર્યમંડલથી અભ્યંતર પ્રવિષ્ટ છે. ૩૧/૬૧ ભાગોમાં એકના એકસઠમાં ભાગના ૧/૭ ભાગ થયા પછી બાકી રહે છે - ૨૪/૬૧ ભાગ. એકના ૬૧-ભાગના ૬/૭ ભાગ, એ રીતે આટલાં પ્રમાણમાં સૂર્યમંડલ સંમિશ્ર અને તે તેરમાં ચંદ્રમંડલથી બહાર સૂર્યમંડલથી નીકળતાં ૨૩/૬૧ ભાગોમાં એકના ૬૧-ભાગના હોતાં ૧/૭ ભાગ કરવા, ત્યારપછી આટલો હીન થતાં આગળ ચંદ્રમંડલાંતર આવે છે.

તેમાં બાર સૂર્યમાર્ગો છે અને બારમાં સૂર્યમાર્ગથી આગળ ૬૧-ભાગોના ૧૦૨ વડે એકના એકસઠ ભાગના ૩/૭ વડે ચૌદમું ચંદ્રમંડલ આવે છે (અને) –

તે ચૌદમું ચંદ્રમંડલ સૂર્યમંડલથી અભ્યંતર પ્રવિષ્ટ ૧૯/૬૧ ભાગ અને તેમાંના ૧/૬૧ ભાગના ૪/૭ ભાગો થાય. તેથી આટલું હીન યથોક્ત પરિમાણ ચંદ્રમંડલાંતર છે અને તેમાં બાર સૂર્યમાર્ગો [કહેલા છે, વળી તે –]

બારમાં સૂર્યમાર્ગથી આગળ એકસઠ ભાગોના ૧૧૪ સંખ્યા વડે પંદરમું ચંદ્રમંડલ આવે છે અને તે –

પંદરમું ચંદ્રમંડલ સૌથી છેલ્લા સૂર્યમંડલની પૂર્વે અભ્યંતર પ્રવિષ્ટ ૮/૬૧ (આઠે-એકસઠાંશ) ભાગો છે. બાકી શેષ રહેશે ૪૮/૬૧ ભાગ સૂર્યમંડલ સંમિશ્ર.

એ પ્રમાણે આ અગિયારથી પંદર સુધીના પાંચ ચંદ્ર મંડલો સૂર્યમંડલ સંમિશ્ર હોય છે. ચોથા ચરમમાં ચંદ્રમંડલાંતરમાં બાર-બાર સૂર્ય માર્ગો છે. એ પ્રમાણે જે અન્યત્ર ચંદ્રમંડલાંતરમાં સૂર્યમાર્ગ પ્રતિપાદન કર્યુ છે. - x - x -

**૦ પ્રાભૃતપ્રાભૃત-૧૧નો સટીક અનુવાદ પૂર્ણ ૦**

-- x -- x -- x -- x -- x --

## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૨ ❁

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું અગિયારમું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે બારમાંનો આરંભ કરો છો. તેનો આ અર્થાધિકાર છે – "દેવતાના અધ્યયનોની વક્તવ્યતા" તે વિષયમાં પ્રશ્ન સૂત્ર કહે છે –

● સૂત્ર-૫૬ :-

*કઈ રીતે તે દેવતાના અધ્યયનો કહેલા છે, તેમ કહેવું ? આ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રના દેવતા કોણ કહ્યાં છે ? બ્રહ્મદેવતા કહેલ છે. શ્રવણનક્ષત્રના દેવતા કોણ કહ્યા છે ? વિષ્ણુ દેવતા કહ્યા છે. ધનિષ્ઠા નક્ષત્રના દેવતા કોણ કહ્યા છે ? વસુદેવતા કહેલ છે. શતભિષજ નક્ષત્રના દેવતા કોણ કહ્યા છે ? વરુણદેવતા કહેલ છે. પૂર્વા પ્રૌષ્ઠપદાના કોણ દેવતા કહ્યા છે ? અજ દેવતા કહેલ છે. ઉત્તરાપ્રૌષ્ઠપદાના દેવતા કોણ કહ્યા છે ? અભિવૃદ્ધિ દેવતા કહેલ છે. એ પ્રમાણે બધે પ્રશ્નો કરવા જોઈએ.*

*રેવતીના પુષ્ય દેવતા, અશ્વિનીના અશ્વ વતા, ભરણીના યમ દેવતા, કૃતિકાના અગ્નિ દેવતા, રોહિણીના પ્રજાપતિ દેવતા, સંસ્થાન અર્થાત્ મૃગશિર્ષના સોમ દેવતા, આર્દ્રાના રુદ્ર દેવતા, પુનર્વસુના અદિતિ દેવતા, પુષ્યના બૃહસ્પતિ દેવતા, આશ્લેષાના સર્પ દેવતા, મઘા નક્ષત્રના પિતૃ દેવતા કહેલ છે. [પછી–]*

*એ રીતે પૂર્વાફાલ્ગુનીના ભગ દેવતા, ઉત્તરાફાલ્ગુનીના અર્યમાં દેવતા, હસ્તના સવિતૃ દેવતા, ચિત્રના તક્ષ કે તષ્ટૃ દેવતા, સ્વાતીના વાયુ દેવતા, વિશાખાના ઈન્દ્રાગ્નિ દેવતા, અનુરાધાના મિત્ર દેવતા, જ્યેષ્ઠાના ઈન્દ્ર દેવતા, મૂલના નિઋતિ દેવતા, પૂર્વાષાઢાના આયુ દેવતા, ઉત્તરાષાઢા નક્ષત્રના વિશ્વ દેવતા કહેલ છે.*

● વિવેચન-૫૬ :-

ભગવન્ ! કયા પ્રકારથી આપે નક્ષત્રાધિપતિ દેવતાના અધ્યયનો-ભણાય છે, જ્ઞાન થાય છે જેના વડે તે અધ્યયનોના નામો કહેલા છે, તેમ [સ્વશિષ્યોને] કહેવું ?

એમ પ્રશ્ન કરાતા ભગવંતે કહ્યું – આ અનંતરોક્ત અઠ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત્ નક્ષત્ર કયા નામના દેવતા કહેલ છે ? ભગવંતે કહ્યું. 'તા' ઈત્યાદિ પૂર્વવત્.

બ્રહ્મદેવતા - બ્રહ્મ નામે દેવતા કહેલ છે. શ્રવણ નક્ષત્રનો કયો દેવતા કહેલ છે ? ભગવંતે કહ્યું – તેના વિષ્ણુ નામે દેવતા કહેલ છે. એ પ્રમાણે બાકીના પણ સૂત્રો વિચારવા.

દેવતાના નામની સંગ્રાહિકા આ ત્રણ પ્રવચન પ્રસિદ્ધા સંગ્રહણી ગાથાઓ





કહેલી છે – બ્રહ્મા, વિષ્ણુ, વરુણ, અજ, ત્યારપછી – અભિવૃદ્ધિ, પૂષ્ય, ગંધર્વ, તેના પછી "યમ" હોય છે.

અગ્નિ, પ્રજાપતિ, સોમ, રુદ્ર, અદિતી, બૃહસ્પતિ. નાગ, પિતૃ, ભાગ, અર્યમા, સવિતૃ, તષ્ટૃ અને વાયુ.

ઈન્દ્રાગ્નિ, મિત્ર અને ઈન્દ્ર, નિર્ઋતિ, આયુ અને વિશ્વ. એ નામના દેવતાઓ હોય છે. જે નક્ષત્રોના ક્રમથી જાણવા.

૦ પ્રાભૃતપ્રાભૃત-૧૨-નો સટીક અનુવાદ પૂર્ણ ૦

–– x –– x –– x –– x –– x ––

## ❀ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૩ ❀

એ પ્રમાણે દશમા પ્રાભૃતનું બારમું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું, હવે તેરમાનો આરંભ કરે છે. તેનો આ અર્થાધિકાર છે — ‘‘મુહૂર્ત્તોના નામોની વક્તવ્યતા.’’ તે વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે —

**● સૂત્ર-૫૭ થી ૬૦ :-**

***[૫૭] કઈ રીતે તે મુહૂર્ત્તોના નામો કહેલા છે, તે કહેવું ? એક-એક અહોરાત્રના ત્રીશ મુહૂર્ત્તો કહેલા છે —***

***[૫૮ થી ૬૦] રૌદ્ર, શ્રેયાન્, મિત્ર, વાયુ, સુપીત, અભિચંદ્ર, માહેન્દ્ર, બલવાન્, બ્રહ્મ, બહુસત્ય અને ઈશાન... ત્વષ્ટ્રા અને ભાવિતાત્મા, વૈશ્રમણ, વરુણ અને આનંદ, વિજય, વિશ્વસેન, પ્રજાપતિ અને ઉપશમ... ગંધર્વ, અગ્નિવેશ, શતવૃષભ, આતપ અને અમમ, ઋણવાન્ અને ભોગ, ઋષભ, સર્વાર્થ, રાક્ષસ.***

**● વિવેચન-૫૭ થી ૬૦ :-**

ભગવન્ ! કયા પ્રકારે આપે મુહૂર્ત્તોના નામધેય-નામો જ - x - કહેલા છે, તેમ [સ્વશિષ્યોને] કહેવું ? ભગવંતે કહ્યું — ‘‘ता एगमेगस्स णं’’ ઈત્યાદિ પૂર્વવત્.

એક એક અહોરાત્રના ત્રીશ મુહૂર્ત્તો, કહેવાનાર નામોથી યુક્ત છે. તે જ નામોને હવે કહે છે — ‘રૌદ્ર’ આદિ ત્રણ ગાથા.

તેમાં પહેલું મુહૂર્ત્ત રુદ્ર, બીજું શ્રેયાન્, ત્રીજું મિત્ર, ચોથું વાયુ, પાંચમું સુપીત, છટ્ઠું ચંદ્ર, સાતમું મહેન્દ્ર, આઠમું બલવાન્, નવમું બ્રહ્મા, દશમું બહુસત્ય ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

**૦ પ્રાભૃતપ્રાભૃત-૧૩નો સટીક અનુવાદ પૂર્ણ ૦**

-- x -- x -- x -- x -- x --



## ❀ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૪ ❀

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું તેરમું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે ચૌદમું આરંભે છે. તેનો આ અર્થાધિકાર છે - ‘‘દિવસ રાત્રિ પ્રરૂપણા કરવી જોઈએ.’’ તદ્‌વિષયક પ્રશ્ન સૂત્ર —

**● સૂત્ર-૬૧ થી ૬૭ :-**

***[૬૧] કઈ રીતે તે દિવસો કહેલા છે ? એક-એક પક્ષના પંદર દિવસ કહેલા છે, તે આ પ્રમાણે - પ્રતિપતા દિવસ, દ્વિતીય દિવસ યાવત્ પંદરમો દિવસ. આ ૧૫ દિવસના ૧૫ નામો આ રીતે —***

***[૬૨ થી ૬૪] પૂર્વાંગ, સિદ્ધમનોરમ, પછી મનોહર અને યશોભદ્ર અને યશોધર, સર્વકામ સમૃદ્ધ... ઈન્દ્રમૂર્દ્ધાભિષિક્ત અને સૌમનસ, ધનંજય જાણવા, અર્થસિદ્ધ, અભિજાત, અત્યાશન અને શતંજય... અગ્નિવેશ્મ, ઉપશમ એ દિવસના નામો છે.***

***[૬૪ થી ૬૭] કઈ રીતે તે રાત્રિઓ કહેલી છે ? એક એક પક્ષની પંદર રાત્રિઓ કહેલી છે, તે આ પ્રમાણે — પ્રતિપદારાત્રિ, દ્વિતીયા રાત્રિ યાવત્ પંદરમી રાત્રિ. આ પંદર રાત્રિના પંદર નામો કહ્યા છે. તે આ પ્રમાણે - ઉત્તમા અને સુનક્ષત્રા, એલા પત્યા, યશોધરા અને સોમનસા તથા શ્રી સંભૂતા જાણવી... વિજયા, વિજયંતા, જયંતિ અને અપરાજિતા અને ગચ્છા [ઈચ્છા], સમાહારા અને તેજા તથા અતિતેજા... દેવાનંદા, આ રાત્રિઓના નામો છે.***

**● વિવેચન-૬૧ થી ૬૭ :-**

કયા પ્રકારે અર્થાત્ કયા ક્રમથી હે ભગવન્ ! આપે દિવસો કહેલા છે એમ કહેવું ? ભગવંતે કહ્યું — એક એક - x - પક્ષના પંદર-પંદર દિવસો કહેલા છે, તે વક્ષ્યમાણ ક્રમયુક્ત છે. તે જ ક્રમને કહે છે, તે આ પ્રમાણે — પ્રતિપત્ - પહેલો દિવસ, દ્વિતીય - બીજો દિવસ, તૃતીય - ત્રીજો દિવસ, એ પ્રમાણે પંદરમો દિવસ. તેમાં આ પંદર દિવસોના ક્રમથી પંદર નામો કહ્યા છે, તે આ રીતે —

પહેલો પ્રતિપત્ લક્ષણ પૂર્વાંગ નામે, બીજો સિદ્ધમનોરમ, ત્રીજો મનોહર, ચોથો યશોભદ્ર, પાંચમો યશોધર, છટ્ઠો સર્વકામ-સમૃદ્ધ, સાતમો ઈન્દ્રમૂર્દ્ધાભિષિક્ત, આઠમો સૌમનસ, નવમો-ધનંજય, દશમો અર્થસિદ્ધ, અગિયારમો અભિજાત, બારમો અત્યશન, તેરમો શતંજય, ચૌદમો અગ્નિવેશ્મ, પંદરમો ઉપશમ. - x -

કયા પ્રકારે-કયા ક્રમથી રાત્રિઓ કહેલ છે તેમ કહેવું ? ભગવંતે કહ્યું — એક એક પક્ષની પંદર પંદર રાત્રિઓ કહી છે તે આ પ્રમાણે —

પ્રતિપદા સંબંધી પહેલી રાત્રિ, દ્વિતીય દિવસ સંબંધી દ્વિતીયા રાત્રિ, એ પ્રમાણે પંદરમાં દિવસ સંબંધી પંદરમી રાત્રિ. આ કર્મ માસની અપેક્ષાએ જાણવી. તેમાં જ

પક્ષે-પક્ષે પરિપૂર્ણ ૧૫-અહોરાત્ર સંભવે છે, માટે તેમ કહ્યું.

તેમાં આ પંદર રાત્રિના યથાક્રમે આ પંદર નામો કહેલા છે, તે આ પ્રમાણે – પ્રથમા પ્રતિપત્ સંબંધી રાત્રિ ઉત્તમા-ઉત્તમા નામે છે. દ્વિતીયા-સુનક્ષત્રા, ત્રીજી એલાપત્યા, ચોથી યશોધરા, પાંચમી-સૌમનસી ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

**૦ પ્રાભૃતપ્રાભૃત-૧૪-નો સટીક અનુવાદ પૂર્ણ ૦**

-- x -- x -- x -- x -- x --



## પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૫

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું ચૌદમું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે પંદરમું આરંભે છે, તેનો આ અર્થાધિકાર છે – ''તિથિઓની વક્તવ્યતા.'' તેના વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે –

**● સૂત્ર-૬૮ :-**

*તે તિથિ કઈ રીતે કહેલ છે, તેમ કહેવું ? તેમાં નિશ્ચે આ બે ભેદે તિથિ કહેલી છે, તે આ રીતે – દિવસતિથિ, રાત્રિતિથિ.*

*કઈ રીતે તે દિવસતિથિ કહેલી છે, તેમ કહેવું ? તે એકએક પક્ષમાં પંદર-પંદર દિવસ તિથિઓ કહેલી છે. તે આ પ્રમાણે – નંદા, ભદ્રા, જયા, તુચ્છા, પૂર્ણા તે પક્ષની પાંચમી તિથિ છે. ફરી પણ નંદા, ભદ્રા, જયા, તુચ્છા અને પક્ષની દશમી તિથિ-પૂર્ણા. ફરી પણ નંદા, ભદ્રા, જયા, તુચ્છા અને પક્ષની પંદરમી તિથિ-પૂર્ણા.*

*એ પ્રમાણે બધાં દિવસોની ત્રિગુણા તિથિઓ છે.*

*કઈ રીતે તે રાત્રિતિથિ કહેલ છે, તેમ કહેવું ? એક-એક પક્ષની પંદર-પંદર રાત્રિ તિથિઓ કહેલી છે, તે આ પ્રમાણે – ઉગ્રવતી, ભોગવતી, યશસ્વતી, સર્વસિદ્ધા, શુભનામા. ફરી પણ ઉગ્રવતી, ભોગવતી, યશસ્વતી, સર્વ સિદ્ધા, શુભનામા. ફરી પણ ઉગ્રવતી, ભોગવતી, યશસ્વતી, સર્વસિદ્ધા અને શુભનામા. એ પ્રમાણે બધી રાત્રિની આ ત્રિગુણ તિથિઓ છે.*

**● વિવેચન-૬૮ :-**

ભગવન્ ! કયા પ્રકારે, કયા ક્રમથી તિથિઓ કહેલી છે, તેમ [સ્વ શિષ્યોને] કહેવું ?

૦ શંકા - દિવસથી તિથિઓમાં શું વિશેષ/ભેદ છે, જેથી તેને અલગથી પૂછેલ છે ? કહે છે – અહીં સૂર્ય વડે નિષ્પાદિત અહોરાત્ર છે અને ચંદ્ર વડે નિષ્પાદિત તિથિઓ છે. તેમાં ચંદ્ર વડે વૃદ્ધિ અને હાનિઓ થકી તિથિઓને નિષ્પાદિત કરે છે.

તથા કહે છે – તું રાત્રિસુરુચિ, કુમુદશ્રી સત્પ્રભ ચંદ્રની પૂજાને રચાવ. લોકમાં ''તિથિ''એ પ્રમાણે નિયત કહેવાય છે, જેની વૃદ્ધિ વડે અને હાનિ વડે [તિથિ કહી.]

તેમાં વૃદ્ધિ-હાનિ ચંદ્રમંડલની છે, સ્વરૂપથી નહીં. પણ રાહુ વિમાનાવરણ-અનાવરણથી કરાયેલ છે. તેથી કહે છે –

રાહુ અહીં બે ભેદે છે – પર્વરાહુ અને ધ્રુવરાહુ. તેમાં જે પર્વરાહુ છે, તદ્‌ગત વિચારણા અહીં અનુપયોગી છે, તેથી આગળ કહીશું. અથવા ક્ષેત્ર સમાસ ટીકાથી જાણી લેવી.

જે ધ્રુવરાહુ છે, તેનું વિમાન કૃષ્ણ છે અને તે ચંદ્રમંડલ નીચેથી ચાર અંગુલ

ન પામીને ચાર ચરે છે તેમાં ચંદ્રમંડલ બુદ્ધિ વડે ૬૨-સંખ્યા ભાગથી કલ્પવામાં આવે છે. કલ્પીને તેના ભોગને ૧૫ ભાગ વડે ભાગ દેતાં, પ્રાપ્ત સંખ્યા ૪/૬૨ છે અને શેષ બે ભાગ રહે છે. તે બે ભાગ સદા વૃદ્ધિ-અનાવૃત્ત રહે છે. આ ચંદ્રમાની સોળ કળારૂપે પ્રસિદ્ધિ પામેલ છે.

તેમાં કૃષ્ણપક્ષમાં એકમે ધ્રુવરાહુ વિમાન જે કૃષ્ણ છે, અને તે ચંદ્રમંડલની નીચે ચાર અંગુલને ન પામીને ચાર ચરે છે. તે પોતાના પંદર ભાગ વડે બે-બાસઠ ભાગો, જે સદા અનાવાર્ય સ્વભાવી છે, તેને છોડીને બાકીના સાઈઠ ભાગરૂપ ચંદ્રમંડલને એક-ચતુર્ભાગાત્મક, પંદરમાં ભાગને આવરે છે.

બીજે પોતાના બે-પંદર ભાગો વડે, બે પંદરાંશ ભાગને ત્રીજે પોતાના ત્રણ-પંદર ભાગો વડે ત્રણ-પંદરાંશ ભાગોને, એ પ્રમાણે અમાવાસ્યા સુધીમાં પંદર ભાગોને આવરે છે.

ત્યારપછી શુક્લપક્ષમાં પ્રતિપદામાં ૧/૧૫ ભાગને પ્રગટ કરે છે, બીજમાં ૨/૧૫ ભાગોને, ત્રીજમાં ૩/૧૫ ભાગોને એ પ્રમાણે પૂર્ણિમા [પંદરમી તિથિમાં] પંદર ભાગોને પણ અનાવૃત્ત કરે છે, ત્યારે સર્વથા પરિપૂર્ણ ચંદ્રમંડળ લોકમાં પ્રગટ થાય છે. આ અર્થને આગળ પણ સૂત્રમાં કહ્યો છે –

તેમાં જે ધ્રુવરાહુ છે, તે કૃષ્ણ પક્ષની પ્રતિપદાને પંદર ભાગ વડે૦ ઈત્યાદિ કહેલ છે.

તેમાં જેટલા કાળ વડે કૃષ્ણ પક્ષમાં સોળ ભાગ/બાસઠ ભાગ વડે ચાર ભાગરૂપ હાનિને પામે છે, તે તેટલાં કાળ વિશેષને તિથિ એમ કહે છે. તથા જેટલા કાળ વડે શુક્લ પક્ષમાં ૧૬ ભાગ/બાસઠ ભાગથી ચાર ભાગ પ્રમાણથી વધે છે. તેટલું પ્રમાણ - કાળ વિશેષ તેને તિથિ કહેવાય છે.

કહ્યું પણ છે કે – સોળ ભાગો કરીને ચંદ્ર પંદર ભાગ ઘટાડવામાં આવે, તેટલા માત્ર ભાગથી વળી જ્યોત્સ્ના વૃદ્ધિ પામે. કાળ વડે જે સોળ ભાગો ઘટે છે, તે તિથિ કહેવાય છે. તે પ્રમાણે જ વૃદ્ધિમાં પણ એ રીતે તિથિની ઉત્પત્તિ જાણવી.

ઉક્ત ગાથામાં 'જ્યોત્સ્ના'નો અર્થ શુક્લ પક્ષ કરવો. બાકીની ગાથા સુગમ છે.

અહીં પૂર્વાચાર્યની પરંપરાથી આવેલ ઉપદેશ આ છે – અહોરાત્રના બાસઠ ભાગ પ્રવિભક્તના જે એકસઠ ભાગો છે, તેટલાં પ્રમાણમાં ''તિથિ'' [એમ કહ્યું.]

હવે અહોરાત્ર ત્રીશ મુહૂર્ત્ત પ્રમાણ સુપ્રતીત છે. પૂર્વે જ સૂત્રકારશ્રીએ તેના તેટલા પ્રમાણપણાથી અભિધાન છે.

તિથિ કેટલા મુહૂર્ત્ત પ્રમાણ છે ? કહે છે. પરિપૂર્ણ ૨૯-મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૩૨/૬૨ ભાગો છે. તે કઈ રીતે જાણવું ?

અહીં અહોરાત્રના બાસઠ ભાગ કરીએ તેમાં ૬૧ ભાગપ્રમાણ એ તિથિ કહેવાય છે. તેમાં ૬૧ને ૩૦ વડે ગુણવામાં આવતા થયા-૧૮૩૦. આ બાસઠ ભાગી કરાયેલ સર્વ તિથિગત મુહૂર્ત્તથી અંશો. તેથી મુહૂર્ત્ત લાવવાને માટે, તેને ૬૨ ભાગ



વડે ભાગ કરાતા, પ્રાપ્ત ૨૯ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૩૨/૬૨ ભાગો. આટલા મુહૂર્ત્ત પ્રમાણને ''તિથિ'' કહેવાય છે.

આટલા કાળ વડે ચંદ્રમંડલગત પૂર્વોક્ત પ્રમાણ-સોળ ભાગ હાનિને પામે છે. તેથી આટલો જ તિથિનો પરિમાણકાળ છે. તેથી એ પ્રમાણે અહોરાત્રથી તિથિમાં વિશેષતા છે. એ પ્રમાણે તિથિ વિષયક પૃથક્ પ્રશ્ન કહ્યો.

ગૌતમ વડે પ્રશ્ન કરાતા ભગવંતે કહ્યું – તે તિથિના વિચારના વિષયમાં નિશ્ચે આ વક્ષ્યમાણ સ્વરૂપા બે પ્રકારની તિથિઓ કહેલી છે, તે આ પ્રમાણે - દિવસ તિથિ અને રાત્રિ તિથિ. તેમાં તિથિનો જે પૂર્વાર્દ્ધ ભાગ છે, તે દિવસ તિથિ કહેવાય છે અને જે પશ્ચાર્દ્ધ ભાગ છે તે રાત્રિતિથિ.

કયા પ્રકારે - કયા નામો વડે (તિથિની) પરિપાટી છે ? અર્થાત્ દિવસની તિથિ કહેલી છે, તે અમને કહો. ત્યારે ભગવંતે કહ્યું કે – એક એક પક્ષમાં પંદર દિવસ તિથિઓ કહેલી છે. તે આ પ્રમાણે છે – પહેલી નંદા, બીજી ભદ્રા, ત્રીજી જયા, ચોથી તુચ્છા, પાંચમી પૂર્ણા. ફરી પણ છ થી દશ તિથિના નામો નંદાથી લઈને પૂર્ણા સુધી કહેવા. ત્રીજી વખત પણ અગિયારથી પંદરમી તિથિના નામો નંદાથી પૂર્ણા સુધી એમ જ કહેવા.

એ પ્રમાણે ઉક્ત પ્રકારે - x - x - આ અનંતરોક્ત તિથિઓ નંદાદિ - નંદા આદિ અન્ય, અન્યતર કહેલ તિથિનામો છે. તે ત્રિગુણિત કહેલા છે. જે બધાં જ પક્ષમાં અંતર્વર્તિની દિવસની તિથિના નામો છે.

કયા પ્રકારે, કયા નામોની પરિપાટી વડે, હે ભગવન્ ! આપે રાત્રિની તિથિઓ કહેલા છે, તેમ કહેવું ?

ભગવંતે કહ્યું - x - x - એકએક પક્ષની પંદર-પંદર રાત્રિ તિથિઓ કહેલી છે ? તે આ પ્રમાણે છે –

પહેલી ઉગ્રવતી, બીજી ભોગવતી, ત્રીજી યશોમતી, ચોથી સર્વસિદ્ધા, પાંચમી શુભનામા. ત્યારપછી છઠ્ઠીથી દશમી તિથિમાં આ જ ઉગ્રવતીથી શુભનામા નામે પાંચ તિથિઓ કહેવી. ફરી પણ અગિયારમીથી પંદરમી તિથિમાં આ જ ઉગ્રવતી આદિ પાંચ નામો સૂત્રકારશ્રીએ બતાવેલા છે, તે જાણવું.

એ પ્રમાણે આ ત્રિગુણ તિથિનામો કહેલા છે. બધી રાત્રિ તિથિઓમાં આ નામો કહેવા જોઈએ.

૦ પ્રાભૃતપ્રાભૃત-૧૫-નો સટીક અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x --

## ❀ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૬ ❀

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું પંદરમું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે સોળમાંનો આરંભ કરે છે. તેના આ અર્થાધિકાર છે – “ગોત્રોની વક્તવ્યતા” તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર–

● સૂત્ર-૬૯ :-

*કઈ રીતે તે [નક્ષત્રોના] ગોત્ર કહેલા છે, તેમ કહેવું ? આ અટ્ઠાવીશ નક્ષત્રોમાં અભિજિત નક્ષત્રનું કયું ગોત્ર છે ? તેનું ગોત્ર મુદ્ગલાયન કહેલ છે. શ્રવણ નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? તેનું સંખ્યાયન ગોત્ર કહેલ છે. ધનિષ્ઠા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? તે અગ્રતાપસ કહેલ છે. શતભિષા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? તે કર્ણલોચન ગોત્ર કહેલ છે.*

*પૂર્વા પ્રૌષ્ઠપદા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? જાતુકર્ણિક ગોત્ર કહેલ છે. ઉત્તરાપ્રૌષ્ઠપદા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ધનંજય ગોત્ર કહેલ છે. રેવતી નક્ષત્રનું શું ગોત્ર કહેલ છે ? પુષ્યાયન ગોત્ર કહેલ છે. અશ્વિની નક્ષત્રનું શું ગોત્ર કહેલ છે ? આશ્વાયન ગોત્ર કહેલ છે. ભરણીનક્ષત્રનું શું ગોત્ર કહેલ છે ? ભાગવિશ ગોત્ર કહેલ છે. કૃતિકાનક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? તેનું અગ્નિવેશ નામે ગોત્ર કહેલું છે.*

*રોહિણીનક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ગૌતમ ગોત્ર કહેલ છે. સંસ્થાન [મૃગશિર્ષ] નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ભારદ્વાજ ગોત્ર કહેલ છે. આર્દ્રા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? લોહિત્યાયન ગોત્ર કહેલ છે. પુનર્વસુ નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? વાશિષ્ઠ ગોત્ર કહેલ છે. પુષ્ય નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ઉજ્જાયણ ગોત્ર કહેલ છે. આશ્લેષા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? તેનું માંડવ્યાયન નામક ગોત્ર કહેલ છે.*

*મઘાનક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? પિંગલાયન ગોત્ર કહેલ છે. પૂર્વાફાલ્ગુની નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ગોવલ્લાયણ ગોત્ર કહેલ છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ગોવલ્લાયણ ગોત્ર કહેલ છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? કાશ્યપ ગોત્ર કહેલ છે. હસ્તનક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? કૌશિક ગૌત્ર કહેલ છે. ચિત્રા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? દર્ભિયાયણ ગોત્ર કહેલ છે. સ્વાતી નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ચામરચ્છાયણ ગોત્ર કહેલ છે. વિશાખા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? શ્રૃંગાયન ગોત્ર કહેલ છે. અનુરાધા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ગોલવ્યાયણ ગોત્ર કહેલ છે જ્યેષ્ઠાનક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? ચિકિત્સાયન ગોત્ર કહેલ છે. મૂલનક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે. કાત્યાયન ગોત્ર કહેલ છે. પૂર્વાષાઢા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? કાત્યાયન ગોત્ર કહેલ છે. પૂર્વાષાઢા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ?*



*વાત્સ્યાયન ગોત્ર કહેલ છે. ઉત્તરાષાઢા નક્ષત્રનું કયું ગોત્ર કહેલ છે ? વ્યાઘ્રાયન ગોત્ર કહેલ છે.*

● વિવેચન-૬૯ :-

અહીં નક્ષત્રોમાં સ્વરૂપથી ગોત્રનો સંભવ નથી, જેથી આ ગોત્રનું સ્વરૂપ લોકપ્રસિદ્ધિથી સ્વીકારેલ છે - પ્રકાશક આધપુરુષના અભિધાનથી, તેના અપત્ય સંતાન તે ગોત્ર. જેમ - ગર્ગના અપત્ય સંતાનનું ગર્ગ નામે ગોત્ર છે. આવું સ્વરૂપ નક્ષત્રોના ગોત્રનું ન સંભવે, કેમકે તેનું ઔપપાતિકત્વ છે.

તેથી અહીં ગોત્રનો સંભવ બતાવે છે – જે નક્ષત્રમાં શુભ કે અશુભ ગ્રહ વડે સમાન જે ગોત્રનું યથાક્રમે શુભ કે અશુભ થાય છે, તે તેનું ગોત્ર, તેથી પ્રશ્નની ઉપપત્તિ કહી.

આપે કઈ રીતે નક્ષત્રોના ગોત્રો કહ્યા છે, તે કહેવું ? ભગવંતે કહ્યું – આ અઠ્ઠાવીશ નક્ષત્રો મધ્યે અભિજિત્ નક્ષત્ર મોદ્ગલાયન ગોત્ર - મોદ્ગલ્યાયન સાથે ગોત્ર વર્તે છે. તે શ્રવણ નક્ષત્ર શાંક્યાયન ગોત્ર છે. એ પ્રમાણે બાકીના પણ સૂત્રો કહેવા.

ક્રમથી ગોત્રસંગ્રાહિકા આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની ચાર ગાથા બતાવે છે – મૌદ્ગલ્લાયણ, શંખાયણ, અગ્રભાવ, કર્ણલ્લ, જોતુકર્ણ, ધનંજય... પુષ્યાયન, અશ્વાયન, ભગ્નવેશ્મ, અગ્નિવેશમ, ગૌતમ, ભારદ્વાજ, લોહિત્ય, વાશિષ્ઠ... ઉજ્જાયણ, મંડવાયણ, પિંગાયણ, ગોવલ્લ, કાશ્યપ, કૌશિક, દર્ભિક, ચામરચ્છા, શ્રૃંગાય... ગોલવ્વાયણ, તિગિંછાયન, કાત્યાયન, વાત્સ્યાયન, વ્યાઘ્રાપત્ય. નામક [નક્ષત્રોના અઠ્ઠાવીશ] ગોત્ર ક્રમથી કહેલા છે.

૦ પ્રાભૃતપ્રાભૃત-૧૬-નો સટીક અનુવાદ પૂર્ણ ૦

-- x -- x -- x -- x -- x --

## ❀ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૭ ❀

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું ૧૬મું પ્રાભૃતપ્રાભૃત કહ્યું હવે ૧૭માંનો આરંભ કરે છે. તેનો આ અર્થાધિકાર છે — ''ભોજનનું કથન'' તેથી તદ્‌વિષયક પ્રશ્ન સૂત્ર કહે છે —

● **સૂત્ર-૭૦ :-**

*કઈ રીતે તે [નક્ષત્રોનું] ભોજન કહેલ છે, તેમ કહેવું ? આ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં કૃતિકામાં દહીં-ભાત ખાઈને કાર્ય સાધવું. રોહિણીમાં ધતુરાનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. મૃગશિર્ષમાં ઈન્દ્રાવારુણી ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. આર્દ્રામાં માખણ ખાઈને કાર્ય સાધવું પુનર્વસુમાં ઘી ખાઈને કાર્ય સાધવું. પુષ્યમાં ખીર ખાઈને કાર્ય સાધવું. આશ્લેષામાં અજમાનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું.*

*મઘામાં કસ્તુરી ખાઈને કાર્ય સાધવું, પૂર્વાફાલ્ગુનીમાં મંડુક પર્ણિકા ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. ઉત્તરા ફાલ્ગુનીમાં વાઘનખીનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. હસ્તમાં ચોખાની કાંજી ખાઈને કાર્ય સાધવું. ચિત્રામાં મગનું સુપ ખાઈને કાર્ય સાધવું. સ્વાતીમાં ફળો ખાઈને કાર્ય સાધવું. વિશાખામાં અગસ્તિ ખાઈને કાર્ય સાધવું. અનુરાધામાં મિશ્રિકૃત્ કુર ખાઈને કાર્ય સાધવું.*

*જ્યેષ્ઠામાં બોરનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. પૂર્વાષાઢામાં આમળાનું ચૂર્ણ ખાઈને કાર્ય સાધવું. ઉત્તરાષાઢામાં બિલ્વફળ ખાઈને કાર્ય સાધવું. અભીજિતમાં પુષ્પ ખાઈને કાર્ય સાધવું. શ્રવણમાં ખીર ખાઈને કાર્ય સાધવું. શતભિષામાં તુવેર ખાઈને કાર્ય સાધવું. પૂર્વ પ્રૌષ્ઠપદામાં કારેલા ખાઈને કાર્ય સાધવું, ઉત્તરાપ્રૌષ્ઠપદામાં વરાહકંદ ખાઈને કાર્ય સાધવું.*

*રેવતીમાં જલચર વનસ્પતિ ખાઈને કાર્ય સાધવું. અશ્વિનીમાં તિત્તિર કે વૃત્તક વનસ્પતિ ખાઈને કાર્ય સાધવું, ભરણીમાં તલ તંદુલક ખાઈને કાર્ય સાધવું.*

● **વિવેચન-૭૦ :-**

*[વૃત્તિકારશ્રીની વૃત્તિનો અનુવાદ કરતાં પૂર્વે એક સ્પષ્ટતા આવશ્યક છે - કેમકે વૃત્તિકારશ્રીએ ભોજનના શબ્દોના અર્થો બતાવ્યા નથી. સૂત્રમાં પ્રયોજાયેલ શબ્દોનો પ્રત્યક્ષ અર્થ કરવા જઈએ તો જૈન ધર્મની પાયાની માન્યતાથી વિસંગત અર્થ નિષ્પન્ન થઈ જશે. જેમકે - અનેક ભોજનમાં ''મંસ'' શબ્દ પ્રયોજાયેલ છે, જેનો સીધો અર્થ કોઈપણ 'માંસ' એવો જ કરે. વળી* मिगमंसं *એટલે મૃગનું માંસ '*मेढकमंसं *એટલે મેંઢકનું માંસ એવા અર્થો નીકળે, જે અર્થો ઉચિત નથી. અમે અહીં ગ્રંથાતરથી અર્થો કર્યા છે, વૃત્તિકારશ્રીએ કર્યા જ નથી. સત્ય અર્થ શું હોઈ શકે તે તો બહુશ્રુત જ કહી શકે.]*

- x - x - x -

કયા પ્રકારે નક્ષત્ર વિષયક ભોજન કહેલા છે, તેમ કહેવું ? ભગવંતે કહ્યું - x - આ અનંતર કહેલ અઠ્ઠાવીશ નક્ષત્રોમાં કૃતિકા વડે પુરુષ દહીં સાથે ભાત ખાઈને



કાર્ય સાધવામાં આવે છે. અર્થાત્ શું કહેવા માંગે છે ? કૃતિકા નક્ષત્રમાં પ્રારબ્ધ કાર્ય દહીં ખાઈને પ્રાયઃ નિર્વિઘ્ને સિદ્ધિને પામે છે.

એ પ્રમાણે બાકીના સૂત્રોમાં પણ ભાવના કરવી.

**૦ પ્રાભૃતપ્રાભૃત-૧૭-નો સટીક અનુવાદ પૂર્ણ ૦**

-- x -- x -- x -- x -- x --

## ❀ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૮ ❀

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું ૧૭મું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું. હવે અઢારમું આરંભે છે. તેનો આ અર્થાધિકાર છે – "ચંદ્ર-સૂર્ય ચારની વક્તવ્યતા." તેના વિષયનું પ્રશ્ન સૂત્ર કહે છે –

● **સૂત્ર-૭૧ :-**

***કઈ રીતે તે ચાર [ગતિ ભેદ] કહેલો છે, તેમ કહેવું ? તેમાં નિશ્ચે આ બે ભેદે ચાર કહેલ છે. તે આ પ્રમાણે – સૂર્યનો ચાર અને ચંદ્રનો ચાર [ગતિભેદ]***

***કઈ રીતે તે ચંદ્રચાર કહેલ છે, તેમ કહેવું ? પંચ સંવત્સર વડે એક યુગ થાય, તેમાં અભિજિત નક્ષત્ર ૬૭ ચાર વડે ચંદ્રની સાથે યોગ કરે છે. શ્રવણ નક્ષત્ર ૬૭-ચાર વડે ચંદ્રની સાથે યોગ કરે છે. એ પ્રમાણે યાવત્ ઉત્તરાષાઢા નક્ષત્ર ૬૭-ચાર વડે ચંદ્રની સાથે યોગ કરે છે. [તેમ જાણવું.]***

***કઈ રીતે તે સૂર્યનો ચાર કહેલ છે, તેમ કહેવું ? તે પાંચ સંવત્સરનો એક યુગ થાય છે. તેમાં અભિજિત્ નક્ષત્ર પાંચ ચાર વડે સૂર્યની સાથે યોગ કરે છે. એ પ્રમાણે યાવત્ ઉત્તરાષાઢા નક્ષત્ર પાંચ ચાર વડે સૂર્યની સાથે યોગ કરે છે.***

● **વિવેચન-૭૧ :-**

કયા પ્રકારે, કયા પ્રમાણની સંખ્યા વડે ચાર કહેલ છે ? ભગવંતે કહ્યું - x - ચારના વિચારના વિષયમાં નિશ્ચે વક્ષ્યમાણ-સ્વરૂપે-બે પ્રકારે ચાર કહેલ છે. તે દ્વૈવિધ્યને કહે છે – સૂર્યનોચાર અને ચંદ્રનો ચાર. 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

તેમાં પહેલાં ચંદ્રચારના પરિજ્ઞાનાર્થે તે વિષયમાં પ્રશ્ન સૂત્ર કહે છે. - x - કયા પ્રકારે, કઈ સંખ્યા વડે, આપે હે ભગવન્ ! ચંદ્ર ચાર કહેલ છે ? ભગવંતે કહ્યું - x - પંચ સાંવત્સરિક – ચંદ્ર, ચંદ્ર, અભિવર્દ્ધિત, ચંદ્ર, અભિવર્ધિત રૂપ પાંચ સંવત્સર પ્રમાણ યુગમાં અભિજિત્ નક્ષત્ર ૬૭ ચાર સુધી ચંદ્રની સાથે યોગ કરે છે. અર્થાત્ ચંદ્ર અભિજિત્ નક્ષત્ર સાથે સંયુક્ત યુગમધ્યે ૬૭-સંખ્યામાં ચાર ચરે છે. આ કઈ રીતે જાણવું ?

અહીં યોગને આશ્રીને સર્વ નક્ષત્રમંડલ પરિસમાપ્તિમાં એક નક્ષત્ર માસ વડે થાય છે અને નક્ષત્ર માસ યુગમાં ૬૭ છે. આ વાત આગળ વિચારીશું. પછી પ્રતિક્ષત્રપર્યાય ઐકૈક ચાર અભિજિત નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ સંભવે છે - x - બધાં નક્ષત્રો કહેવા.

હવે સૂર્યના ચાર વિષયક પ્રશ્ન સૂત્ર કહે છે - x - કયા પ્રમાણ સંખ્યા વડે ભગવન્ ! આપે સૂર્યનો ચાર કહેલ છે ?

ભગવંતે કહ્યું – પંચ સાંવત્સરિક - ચંદ્રાદિ પંચ સંવત્સર પ્રમાણ યુગ મધ્યે અભિજિત્ નક્ષત્ર પાંચ ચાર સુધી સૂર્યની સાથે યોગ જોડે છે. અહીં પણ આ ભાવાર્થ



છે – અભિજિત નક્ષત્ર સંયુક્ત સૂર્ય યુગમધ્યે પાંચ સંખ્યક ચાર ચરે છે.

આ કઈ રીતે જાણવું ? અહીં યોગને આશ્રીને સૂર્યના સર્વ નક્ષત્રમંડલની પરિસમાપ્તિ એક સૂર્ય સંવત્સરથી થાય છે. એક યુગમાં પાંચ સૂર્યસંવત્સર થાય છે. તેથી પ્રતિ નક્ષત્ર પર્યાય ઐકૈક વખત અભિજિત નક્ષત્ર સાથે યોગના સંભવથી ઘટી શકે છે. અભિજિત નક્ષત્ર સાથે સંયુક્ત સૂર્ય યુગમાં પાંચ ચાર ચરે છે. એ પ્રમાણે શેષ નક્ષત્રમાં પણ ભાવના ભાવવી.

મુનિ દીપરત્નસાગરે કરેલ
પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૮નો સટીક અનુવાદ પૂર્ણ

# 卐 ભાગ-૨૩-સમાપ્ત 卐

-- ० -- ० -- ० -- ० -- ० --

| ક્રમ | ભાગ | વિભાગીકરણ |
|---|---|---|
| ૧ | ૨૩ | પ્રાભૃત-૧ થી પ્રાભૃતપ્રાભૃત-૧૦/૧૮ |
| ૨ | ૨૪ | પ્રાભૃતપ્રાભૃત-૧૦/૧૯થી સંપૂર્ણ |
| | | તથા |
| | | ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગસૂત્ર |

## આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |

॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૨૪

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

## સૂર્યપ્રજ્ઞપ્તિ-૨ – ચંદ્રપ્રજ્ઞપ્તિ

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૨૪ માં છે...

૦ સૂર્યપ્રજ્ઞપ્તિ-ઉપાંગસૂત્ર-૫ ના...

–૦– પ્રાભૃત-૧૦ના...

પ્રાભૃતપ્રાભૃત-૧૯ થી ૨૨

–૦– પ્રાભૃત-૧૧ થી સંપૂર્ણ આગમ

૦ ચંદ્રપ્રજ્ઞપ્તિ-ઉપાંગસૂત્ર-૬

– સંપૂર્ણ આગમ

–– x –– x –– x –– x –– x –– x –– x ––

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ० વંદના એ મહાન્ આત્માને ०

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

### પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ० કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ०

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન-

### પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

### પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



## આગમ સટીક અનુવાદના

**આ ભાગ ૨૪ ની**

## સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

**પ.પૂ. આ.દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના**

**સમુદાયવર્તી**

***પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી***

## તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી ગિરિરાજ સોસાયટી - આદિનાથ જૈન સંઘ**

**બોટાદ**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
**પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે**
**નીચેના સંઘો સહાયક થયા છે.**

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ ''આગમદીપ'' સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ५. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની "આગમ-ડીક્ષનેરી" જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ६. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ "આગમ નામકોશ". આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દેષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દેષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છઠ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

**(૧) વ્યાકરણ સાહિત્ય :-**

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

**(૨) વ્યાખ્યાન સાહિત્ય :-** [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

**(૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-**

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૨૪ :-

આ ભાગમાં સોળમું આગમ કે જે ઉપાંગસૂત્રોમાં પાંચમું ઉપાંગ છે તેવા ''સૂર્યપ્રજ્ઞપ્તિ-સૂત્ર''નો બીજો ભાગ તેમજ ''ચંદ્રપ્રજ્ઞપ્તિ-સૂત્ર'' જે છટ્ઠું [સાતમું] ઉપાંગ છે તેનો સમાવેશ કરાયેલ છે. સૂર્યપ્રજ્ઞપ્તિને પ્રાકૃતમાં 'सूरपन्नत्ति' કહે છે અને ચંદ્રપ્રજ્ઞપ્તિને ''चंदपन्नत्ति'' કહે છે. સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષામાં અનુક્રમે સૂર્યપ્રજ્ઞપ્તિ અને चन्द्रप्रज्ञप्ति નામે પ્રસિદ્ધ છે. આ બંને ઉપાંગો અમુક અંગ સૂત્રના છે, તેવો કોઈ ઉલ્લેખ પૂ.મલયગિરિજી મ.સા. ટીકામાં કરેલ નથી, તેમજ તેમના ક્રમ સંબંધે પણ મતભેદ પ્રવર્તે છે.

આ ઉપાંગો વર્તમાનકાળે સંપૂર્ણતયા સમાન મળે છે. માત્ર આરંભિક ત્રણ શ્લોક ચંદ્રપ્રજ્ઞપ્તિમાં વધારે છે. કયા કાળે બંને આગમો એકરૂપ થઈ ગયા, તે વિશે અમે કશું જાણી શક્યા નથી. પૂ.મલયગિરિજીની ટીકા પણ બંનેમાં સમાન જ મળી છે. સૂર્યપ્રજ્ઞપ્તિની પૂ.મલયગિરિકૃત્ ટીકાતો પૂ.સાગરનંદસૂરિજીએ છપાવેલી જ છે. ચંદ્રપ્રજ્ઞપ્તિ માટે અમે ''લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી''માંથી હસ્તપ્રતનો સહારો લીધો છે.

આ બંને પ્રજ્ઞપ્તિમાં ગણિતાનુયોગની પ્રાધાન્યતા છે. જેના અધ્યયનો ''પ્રાભૃત'' શબ્દથી ઓળખાય છે. અધ્યયનનો પેટા વિભાગ ''પ્રાભૃત-પ્રાભૃત'' નામે દર્શાવાયો છે. એવા કુલ ૨૦-પ્રાભૃતો છે અને ત્રણ પ્રાભૃતોમાં પેટા-પેટા પ્રાભૃતો પણ છે. ભાગ-૨૩માં પ્રાભૃત-૧ થી પ્રાભૃત-૧૦ના પ્રાભૃતપ્રાભૃત-૧૮ સુધી છે. આ ભાગમાં પ્રાભૃતપ્રાભૃત-૧૯ થી પ્રાભૃત ૨૦ સુધી અર્થાત્ સૂર્યપ્રજ્ઞપ્તિના અંત સુધી છે તથા ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગ વિષય સૂચનાત્મક નોંધ છે.

વિશેષમાં ભાગ-૨૩ની પ્રસ્તાવના જોવી.





# ૧૬ સૂર્યપ્રજ્ઞપ્તિ-ઉપાંગસૂત્ર-૫/૨

## અનુવાદ તથા ટીકાનુસારી - વિવેચન

૦ પ્રાભૃત-૧-થી પ્રાભૃત-૧૦ ના પ્રાભૃતપ્રાભૃત-૧૮ સુધી ભાગ-૨૩માં છે. અહીં પ્રાભૃત-૧૦ના પ્રાભૃતપ્રાભૃત-૧૯થી આગળ આપેલ છે.

## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૧૯ ❁

૦ એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું અઢારમું પ્રાભૃત-પ્રાભૃત કહ્યું. હવે ઓગણીશમાંનો આરંભ કરે છે, તેનો અર્થાધિકાર આ છે – ''માસ પ્રરૂપણા કરવી જોઈએ'' તદ્‌વિષયક પ્રશ્ન સૂત્ર કહે છે –

● **સૂત્ર-૭૨ થી ૭૪ :-**

*[૭૨] તે માસના નામો કયા કહ્યા છે, તે કહો ? તે એક સંવત્સરના બાર માસ કહ્યા છે, તેના બે ભેદે નામો કહ્યા છે – લૌકિક, લોકોત્તરિક. તેમાં લૌકિક નામો છે – શ્રાવણ, ભાદ્રપદ, આસો યાવત્ આષાઢ.*

*લોકોત્તરિક નામો આ પ્રમાણે છે–*

*[૭૩,૭૪] અભિનંદ, સુપ્રતિષ્ઠ, વિજય, પ્રીતિવર્દ્ધન, શ્રેયાંસ, શિવ, શિશિર, હૈમવાન્... વસંત, કુસુમસંભવ, નિદાઘ અને બારમું વનવિરોધિ.*

● **વિવેચન-૭૨ થી ૭૪ :-**

કયા પ્રકારે અર્થાત્ કયા નામની પરિપાટી વડે ભગવન્ ! તમે માસના નામો કહ્યા છે. ભગવંતે કહ્યું કે – એકૈક વર્ષના બાર માસો કહ્યા છે - તે બાર માસોના બે ભેદો કહ્યા છે - લૌકિક અને લોકોત્તર. તેમાં લૌકિક નામો લોકમાં પ્રસિદ્ધ છે લોકોત્તર નામો, તે લોકમાં પ્રસિદ્ધ નથી, પરંતુ પ્રવચનમાં જ છે.

તેમાં લૌકિક અને લોકોત્તરો મધ્યે લૌકિક નામો આ છે – શ્રાવણ, ભાદરવો. લોકોત્તર નામો આ છે – પહેલો શ્રાવણ રૂપ માસ તે અભિનંદ, બીજો સુપ્રતિષ્ઠ, ત્રીજો વિજય, ચોથો પ્રીતિવર્દ્ધન ઈત્યાદિ.

૦ પ્રાભૃતપ્રાભૃત-૧૯નો સટીક અનુવાદ પૂર્ણ ૦

## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૨૦ ❁

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું એકવીસમું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે વીસમું આરંભે છે. તેનો આ અર્થાધિકાર છે – ''જે રીતે પાંચ સંવત્સરો પ્રતિપાદિત કર્યા.'' તેથી

તદ્‌વિષય પ્રશ્ન સૂત્રને કહે છે –

● **સૂત્ર-૭૫,૭૬ :-**

***[૭૫] ભગવન્ કેટલાં સંવત્સરો કહેલા છે તેમ કહેવું ? તે પાંચ સંવત્સરો કહેલા છે – નક્ષત્ર સંવત્સર, યુગ સંવત્સર, પ્રમાણ સંવત્સર, લક્ષણ સંવત્સર, શનૈશ્ચર સંવત્સર.***

***[૭૬] તે નક્ષત્ર સંવત્સર બાર પ્રકારે કહેલ છે – શ્રાવણ, ભાદ્રપદ યાવત્ અષાઢ.***

***બૃહસ્પતિ સંવત્સર બાર સંવત્સરમાં બધાં નક્ષત્રમંડલને પૂર્ણ કરે છે.***

● **વિવેચન-૭૫,૭૬ :-**

કેટલી સંખ્યામાં સંવત્સરો કહેલા છે ? ભગવંત કહે છે – પાંચ સંવત્સરો કહ્યા છે. તે આ રીતે - નક્ષત્ર સંવત્સર ઈત્યાદિ. તેમાં જેટલા કાળે અઠ્ઠાવીશ નક્ષત્રો સાથે ક્રમથી યોગથી પરિસમાપ્તિ થાય, તેટલા કાળવિશેષને બાર વડે ગુણીને નક્ષત્ર સંવત્સર થાય.

અહીં ૨૯ નક્ષત્રપર્યાય યોગ છે, એક નક્ષત્ર માસ ૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૨૧}/_{૬૭}$ ભાગ. આ રાશિ જો બાર વડે ગુણીએ ત્યારે ૩૨૦ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૫૧}/_{૬૭}$ ભાગ, આટલા પ્રમાણ નક્ષત્ર સંવત્સર થાય છે.

યુગ પાંચ વર્ષાત્મક છે, તેનાથી પૂરક સંવત્સર તે યુગ સંવત્સર થાય. યુગનો પ્રમાણ હેતુ સંવત્સર તે પ્રમાણ સંવત્સર થાય. લક્ષણ વડે યથાવસ્થિત યુક્ત સંવત્સર તે લક્ષણ સંવત્સર. શનૈશ્ચર વડે નિષ્પાદિત તે શનૈશ્ચર સંવત્સર શનૈશ્ચર સંભવ છે.

એ પ્રમાણે પાંચે પણ સંવત્સર નામથી જણાવીને હવે આ જ સંવત્સરોના ભેદોને યથાક્રમે કહે છે – પૂર્વવત્ નક્ષત્ર સંવત્સર બાર પ્રકારે છે. તે આ પ્રમાણે – શ્રાવણ, ભાદરવો ઈત્યાદિ.

અહીં એક સમસ્તનક્ષત્ર યોગ પર્યાયને બાર વડે ગુણના નક્ષત્ર સંવત્સર થાય. પછી જે નક્ષત્ર સંવત્સરના પૂરક બાર સમસ્ત નક્ષત્ર યોગ પર્યાયો શ્રાવણ, ભાદરવો આદિ નામથી છે, તે પણ અવયવમાં સમુદાયના ઉપચારથી નક્ષત્ર સંવત્સર છે. તેથી શ્રાવણાદિ બાર ભેદથી બાર ભેદે નક્ષત્ર સંવત્સર. અહીં વા શબ્દ પક્ષાંતર સૂચવવા છે. અથવા જે સમસ્ત નક્ષત્ર મંડલ બૃહસ્પતિ મહાગ્રહ યોગને આશ્રીને બાર સંવત્સર વડે ભ્રમણ કરીને સમાપન કરે છે, તે આ નક્ષત્ર સંવત્સર છે. અર્થાત્ જેટલા કાળથી બૃહસ્પતિ નામે મહાગ્રહ યોગને આશ્રીને અભિજિતાદિ ૨૮-નક્ષત્રોને પરિપૂર્ણ કરે છે, તેટલો કાળ વિશેષ, તે બાર વર્ષ પ્રમાણ નક્ષત્ર સંવત્સર.

● **સૂત્ર-૭૭ :-**

***તે યુગ સંવત્સર પાંચ ભેદે કહેલ છે. તે આ – ચંદ્ર, ચંદ્ર, અભિવર્દ્ધિત, ચંદ્ર, અભિવર્ધિત. તે પહેલા ચંદ્ર સંવત્સરના ૨૪-પર્વો કહેલા છે. બીજા ચંદ્ર સંવત્સરના ૨૪-પર્વો કહ્યા છે. ત્રીજા અભિવર્ધિત સંવત્સરના ૨૬- પર્વો કહ્યા છે.***



***ચોથા ચંદ્ર સંવત્સરના ૨૪- પર્વો કહ્યા છે. પાંચમાં અભિવર્ધિત સંવત્સરો ૨૬- પર્વો કહ્યા છે. એ પ્રમાણે બધાં મળીને યુગમાં ૧૨૪-પર્વો થાય છે, તેમ કહેલ છે.***

● **વિવેચન-૭૭ :-**

યુગ સંવત્સર-યુગપૂરક સંવત્સર પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે – ચાંદ્ર, ચાંદ્ર, અભિવર્દ્ધિત, ચાંદ્ર, અભિવર્ધિત. કહ્યું છે કે – ત્રિલોકદર્શીએ ચંદ્રાદિ પાંચ સહિત યુગ કહેલ છે. - x -

તેમાં બાર પૂર્ણમાસી પરાવર્ત જેટલા કાળથી પરિસમાપ્તિ પામે છે, તેટલા કાળ વિશેષને ચંદ્ર સંવત્સર કહે છે - x - એક પૂર્ણમાસી પરાવર્તથી એક ચંદ્રમાસ, તે ચાંદ્રમાસમાં રાત્રિ-દિવસ પરિમાણની વિચારણામાં ૨૯ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૩૨}/_{૬૨}$ ભાગ છે. તેને ૧૨-વડે ગુણવાથી, ૩૫૪ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૧૨}/_{૬૨}$ ભાગ થાય છે. એ ચંદ્રસંવત્સરનું પરિમાણ છે.

તથા અધિક સંવત્સરમાં અધિકમાસના સંભવથી તેર ચંદ્રમાસ થાય છે, તે અભિવર્ધિત સંવત્સર છે.

એક ચંદ્રમાસમાં ૨૯ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૩૨}/_{૬૨}$ ભાગ થાય છે. આ પૂર્વે કહ્યું છે. આ રાશિને ૧૩ વડે ગુણીએ, તો ૩૮૩ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૪૪}/_{૬૨}$ ભાગ થાય. આટલા અહોરાત્ર પ્રમાણ અભિવર્ધિત સંવત્સરના થાય.

અધિકમાસનો સંભવ કઈ રીતે છે, જેથી અભિવર્ધિત સંવત્સર થાય છે ? તે કહે છે. આ યુગ – ચંદ્ર, ચંદ્ર, અભિવર્દ્ધિત, ચંદ્ર, અભિવર્ધિતરૂપ પાંચ સંવત્સર સૂર્ય સંવત્સરની અપેક્ષાથી વિચારતા અન્યૂનાતિરિક્ત પાંચ વર્ષનો થાય છે. સૂર્ય માસ સાર્દ્ધ ૩૦-અહોરાત્ર પ્રમાણ ચંદ્રમાસ ૨૯ દિવસ અને દિવસના $^{૩૨}/_{૬૨}$ ભાગ થાય. તેથી ગણિત સંભાવનાથી સૂર્ય સંવત્સર ૩૦ માસ અતિક્રમના એક ચંદ્રમાસ અધિક પ્રાપ્ત થાય છે. તે જે રીતે પ્રાપ્ત થાય તે જણાવવા માટે પૂર્વાચાર્ય પ્રદર્શિત આ કરણ ગાથા છે – [તેની વ્યાખ્યા આ છે–]

સૂર્ય સંવત્સર સંબંધી માસની મધ્યે ચંદ્રમાસનો જે વિશ્લેષ થાય છે, આ વિશ્લેષ કરાતા જે બાકી રહે છે, તે પણ ઉપચારથી વિશ્લેષ છે. તે ૩૦ વડે ગુણતાં એક અધિકમાસ થાય છે. તેમાં સૂર્યમાસના પરિમાણથી સાર્દ્ધ-૩૦ અહોરાત્રરૂપ ચંદ્રમાસ પરિમાણ સાર્દ્ધ ૨૯ દિવસ $^{૩૨}/_{૬૨}$ ભાગદિન રૂપે શોધિત કરીએ. તેથી ૫૦ દિન રહે. એકૈક વડે ૬૨ ભાગ ન્યૂન. તે દિવસને ૩૦ વડે ગુણીએ. તેથી થશે ૩૦ દિવસ. $^{૧}/_{૬૨}$ ભાગને ૩૦ વડે ગુણતાં થશે $^{૩૦}/_{૬૨}$ ભાગ. તેને ૩૦ દિવસ વડે શોધિત કરીએ. તેથી રહેશે શેષ ૨૯ દિવસ અને એક દિવસના $^{૩૨}/_{૬૨}$ ભાગ. આટલું ચાંદ્રમાસનું પરિમાણ છે. સૂર્ય સંવત્સરના ૩૦ માસ ઓળંગતા એક અધિક માસ, યુગમાં ૬૦ સૂર્યમાસ છે, તેથી ફરી પણ સૂર્યસંવત્સરના ૩૦ માસ અતિક્રમના બીજો અધિકમાસ થાય છે. - x -

બીજી ગાથાની અક્ષર ગમનિકા-એક યુગમાં અનંતરોક્ત સ્વરૂપે ૬૦ પક્ષો જતાં અર્થાત્ ૬૦ પક્ષો જતાં. આ અવસરમાં યુગાર્દ્ધ પ્રમાણમાં એક અધિક માસ થાય છે.

બીજો અધિકમાસ ૧૨૨ પર્વો અતિક્રાંત થતા, યુગના અંતે થાય છે. તેથી યુગમધ્યમાં ત્રીજા સંવત્સરમાં અધિક માસ અથવા બે યુગમાં પાંચ અભિવર્દ્ધિત સંવત્સર થાય.

હવે યુગમાં સર્વસંખ્યાથી જેટલા પર્વો થાય છે, તેટલા જણાવવા માટે પ્રતિવર્ષ પર્વ સંખ્યાને કહે છે — તેમાં યુગમાં પહેલાં ચાંદ્ર સંવત્સરના ૨૪ પર્વો કહેલા છે. ચાંદ્ર સંવત્સર બારમાસરૂપ છે. એક એક માસમાં બબ્બે પર્વો છે. તેથી સર્વસંખ્યા વડે ચાંદ્ર સંવત્સરમાં ૨૪-પર્વો થાય છે.

બીજા ચાંદ્ર સંવત્સરના પણ ૨૪-પર્વો થાય છે. અભિવર્દ્ધિત સંવત્સરના ૨૬-પર્વો થાય છે, કેમકે તેના ૧૩-માસ છે, ચોથા ચાંદ્ર સંવત્સરના ૨૪-પર્વો છે. પાંચમાં અભિવર્દ્ધિત સંવત્સરના ૨૬-પર્વો થાય છે. કારણ પૂર્વે કહ્યું.

આ પ્રમાણે પૂર્વાપર ગણિતના મેળથી પાંચ સાંવત્સરિક યુગમાં ૧૨૪- પર્વો થાય છે, તેમ મેં અને બધાં તીર્થંકરોએ કહેલ છે. અહીં કયા અયનમાં, કયા મંડલમાં કયું પર્વ સમાપ્તિને લાવે છે, તે વિચારણામાં પૂર્વાચાર્યો વડે પવકરણ ગાથા કહી છે. તે શિષ્યજનના ઉપકાર માટે કહે છે —

આ ઉક્ત ચાર ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે —

જે પર્વમાં અયનમંડલાદિ વિષય જાણવાની ઈચ્છા હોય, તેના વડે ધ્રુવરાશિ ગુણવી. તે આ ધ્રુવરાશિ શું છે ? તે કહે છે — અહીં ધ્રુવરાશિ પ્રતિપાદક આ પૂર્વાચાર્યે બતાવેલી ગાથા છે, તે ગાથાની અક્ષરયોજના આ પ્રમાણે—

એક મંડલ અને એક મંડલના ૬૭ ભાગ અને ૪/૯ ચૂર્ણિકા ભાગ અને ૧/૬૭ ભાગના ૩૧ છેદ કરતા, જે ચૂર્ણિકા ભાગ, આટલા પ્રમાણમાં ધ્રુવરાશિ છે. આ પર્વગત ક્ષેત્રથી અયનગત ક્ષેત્ર બાદ કરાતા શેષરૂપ છે. આટલાની ઉત્પત્તિ માત્ર અમે વિચારીએ છીએ. તેથી આ પ્રમાણે ધ્રુવરાશિ વડે ઈચ્છિત પર્વ વડે ગુણીને તેના પછીના અયનને રૂપાધિક કરવું જોઈએ. તે રીતે ગુણિત મંડલરાશિથી જો ચંદ્રમાનું અયનક્ષેત્ર પરિપૂર્ણ કે અધિક સંભવતું હોય, તેથી આ ઈપ્સિત સંખ્યા ગુણવાથી મંડલરાશિ ચંદ્રમાનું અયનક્ષેત્ર શોધ્ય થાય છે.

જેટલી સંખ્યાના અયનો શોધિત થાય છે, તેટલા વડે યુક્ત પર્વો વડે અયનો કરાય છે. કરીને ફરી રૂપ સંયુક્ત કરવા, જો ફરી પરિપૂર્ણ મંડલ શોધિત થાય અને પછી રાશિ નિર્લેપ થાય ત્યારે તે અયન સંખ્યા વડે નિરંશ થતા રૂપયુક્ત નથી. તે અયનરાશિમાં રૂપ ન ઉમેરવા. તથા પરિપૂર્ણ રાશિમાં થાય છે, તેમાં એક રૂપ મંડલરાશિમાં ઉમેરવું. - x - બે રૂપ મંડલ રાશિમાં ઉમેરવું. પ્રક્ષેપ કરાતા જેટલી મંડલ રાશિ થાય છે તેટલા મંડલોથી ઈચ્છિત પર્વો થાય છે.



તથા જે ઈચ્છિત પર્વ વડે વિષમલક્ષણ વડે ગુણાકાર થાય છે. તેથી આદિના અભ્યંતર મંડલમાં જાણવું જોઈએ. યુગમમાં - સમ ગુણાકારમાં આદિનું બાહ્ય મંડલ જાણવું જોઈએ. આ કરણગાથા સમૂહનો અક્ષરાર્થ છે. ભાવના આ પ્રમાણે છે - કોઈ પૂછે છે, યુગની આદિમાં પ્રથમ પર્વ કયા અયનમાં, કયા મંડલમાં સમાપ્તિને લઈ જાય છે ?

તેમાં પહેલાં પર્વ પૂછ્યું. ડાબા પડખે પર્વસૂચક એકની સ્થાપના કરાય. પછી તેની અનુશ્રેણિમાં દક્ષિણ પાર્શ્વમાં એક અયન, તેની અનુશ્રેણિ એક મંડલ. તે મંડલની નીચેથી ૪/૬૭ ભાગ, તેની પણ નીચે ૯/૩૧ ભાગ. આ બધી પણ ધ્રુવરાશિ છે અને ઈચ્છિત એક પર્વ વડે ગુણીએ. તેથી તે જ રાશિ આવશે. પછી એકરૂપ અયનમાં ઉમેરીએ. મંડલ રાશિમાં અયન શોધિત થતું નથી. પછી મંડલ રાશિમાં બે રૂપ ઉમેરીએ. તેથી આ પહેલું પર્વ ત્રીજા મંડલનું બીજું અયન છે. - -

- - અભ્યંતરવર્તી ૪/૬૭ ભાગમાં ૧/૬૭ ભાગના ૯/૩૧ ભાગો જતાં સમાપ્તિને પામે છે. અહીં અયન ચંદ્રાયન જાણવું અને યુગની આદિમાં પહેલું ઉત્તરાયન અને બીજું દક્ષિણાયન. બીજા અયનમાં અભ્યંતરવર્તી ત્રીજા મંડલનું છે, તેમ જાણવું.

તથા કોઈક પૂછે છે — બીજું પર્વ કયા અયનમાં કેટલામાં મંડલમાં સમાપ્તિને પામે છે. તેમાં બીજું પર્વ પૂછેલ. તે જ પૂર્વોક્ત ધ્રુવરાશિ સમસ્ત પણ બે વડે ગુણીએ. તેનાથી બે અયનમાં બે મંડલમાં ૮/૬૭ ભાગના ૧૮/૩૧ ભાગો, તે અયનમાં ઉમેરીએ, મંડલરાશિમાં અયન શોધિત ન કરીએ, પછી મંડલરાશિમાં બે ઉમેરીએ, તેથી ત્રીજા અયનમાં ચોથા મંડલનું બીજું પર્વ આવશે. બાહ્ય મંડલથી પૂર્વવર્તી ૮/૬૭ ભાગમાં ૧/૬૭ ભાગના ૧૮/૩૧ અતિક્રાંત થતા પરિસમાપ્તિને પામે છે.

કોઈક પ્રશ્ન કરે છે — ચૌદમું પર્વ કેટલી સંખ્યાના અયન કે મંડલમાં સમાપ્તિને પામે છે. તે જ પૂર્વોક્ત ધ્રુવરાશિ સમસ્ત પણ ૧૪ વડે ગુણીએ. તેનાથી અયન પણ ચૌદ અને મંડલ પણ ચૌદ, ૪/૬૭ ભાગને ૧૪ વડે ગુણીએ, તો ૫૬ થાય. ૯/૩૧ ભાગને ૧૪ વડે ગુણીએ, તેથી આવશે ૧૨૬. તેમાં ૧૨૬ના ૩૧ ભાગોનો ભાગ આપવામાં આવે તો ૪/૬૭ ભાગ અને બે ચૂર્ણિકા ભાગ રહે. ૪/૬૭ ભાગ ઉપરિતમ ૬૭ ભાગ રાશિમાં ઉમેરીએ, તેનાથી ૬૦/૬૭ ભાગ આવશે.

ચૌદમાં મંડલથી તેરમાં મંડલ વડે. ૧૩/૬૭ ભાગથી અયન શોધાશે. તેના વડે પૂર્વના અયનો ચૌદ યુક્ત કરાય છે પછી તેમાં એક ઉમેરીએ. તેનાથી ૧૬ અયનો થશે, ૬૭ ભાગો અને ૫૪ સંખ્યા મંડલ રાશિમાં ઉદ્ધરિત થાય છે. તે ૬૭ ભાગ રાશિમાં ૬૦ ઉમેરીએ. તેનાથી ૧૧૪ થશે. તેને ૬૭ ભાગો વડે ભાગ કરાતા એક મંડલ પ્રાપ્ત થશે. પછી રહેશે ૪૭/૬૭ ભાગો.

ત્યારપછી મંડલરાશિમાં બે ઉમેરીએ. તેનાથી ત્રણ મંડલ થશે, અહીં ૧૪ વડે ગુણિત કરીએ. જો કે ચૌદ રાશિ યુગ્મરૂપ છે, તો પણ અહીં મંડલરાશિથી એક અયન અધિક પ્રવિષ્ટ થતાં ત્રણ મંડલ, અભ્યંતર મંડલથી આરંભીને જાણવું. તેથી

આવે છે ચૌદમું પર્વ. સોળમાં અયનમાં અભ્યંતર મંડલથી આરંભીને ત્રીજા મંડલમાં ૪૭/૬૭ ભાગો જતાં ૧/૬૭ ભાગના ૨/૩૧ ભાગ જતાં પરિસમાપ્તિ આવે.

તથા ૬૨માં પર્વ જિજ્ઞાસામાં તે પૂર્વોક્ત ધ્રુવરાશિ ૬૨-વડે ગુણીએ. તેનાથી થશે ૬૨-અયન, ૬૨ મંડલ. ૨૪૮/૬૭ ભાગોના ૫૫૮/૩૧ ભાગો. તેમને ૩૧-ભાગો વડે ભાગ અપાતા પ્રાપ્ત થાય પરિપૂર્ણ ૧૮/૬૭ ભાગો. તે ઉપરિતન ૬૭ ભાગ રાશિમાં ઉમેરીએ. તેનાથી ૨૬૬ આવશે અને ઉપર ૬૨ મંડલો. તેનાથી ૨૫૦ મંડલ વડે ૨૫૦ અને એક મંડલના ૬૭ ભાગ વડે ચાર અયન પ્રાપ્ત થાય. તે અયન રાશિમાં ઉમેરીએ. તેનાથી થશે ૬૬, પછી રહે છે નવ મંડલ અને એક મંડલના ૧૫/૬૭ ભાગ. - - તેમાં ૧૫/૬૭ ભાગો ૬૭ ભાગ રાશિમાં ઉમેરીએ. તેથી આવશે ૨૮૧. તેને ૬૭ ભાગ વડે ભાગ કરાતા પ્રાપ્ત થશેચાર મંડલ અને શેષ રહેશે મંડલના ૧૩/૬૭ ભાગ. તે મંડલ રાશિમાં ઉમેરીએ, તેનાથી તેરમું મંડલ આવશે.

તેરમાં મંડલ વડે ૧૩/૬૭ ભાગ વડે પરિપૂર્ણ એક અયન પ્રાપ્ત થશે. તે અયન રાશિમાં ઉમેરીએ. તેનાથી થશે ૬૭ અયન. - x - અયન રાશિમાં ન ઉમેરતા, કેવલ એક નાંખી, ૬૨ વડે અહીં ગુણાકાર કરતાં "૬૨' રૂપ રાશિ યુક્ત, જેમાં ચાર અયનો પ્રવિષ્ટ, તે પણ યુગ્મરૂપ અહીં અધિક એક ઉમેરતાં નથી. એ રીતે પાંચમું અયન, તે સ્થાને જોવું. એ રીતે બાહ્ય મંડલાદિ જોવું જોઈએ. તેથી આવે છે ૬૨ મું પર્વ, ૬૭ અયનો પરિપૂર્ણ થતાં બાહ્ય મંડલમાં પ્રથમ રૂપે પરિસમાપ્તિ પામે.

આ પ્રમાણે બધાં પર્વો કહેવા.

કેવલ શિષ્યજનોના અનુગ્રહને માટે પર્વ-અયન પ્રસ્તાર કંઈક અંશે જણાવીએ છીએ.

તેમાં પહેલું પર્વ બીજા અયનમાં ત્રીજા મંડલમાં, ત્રીજા મંડલના ૪/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૯/૩૧ ભાગો જતાં સમાપ્ત થાય, એ રીતે ધ્રુવરાશિ કરીને પર્વ-અયન મંડલોમાં પ્રત્યેક ઐકૈક રૂપે ઉમેરવા. ભાગમાં ત્યાં સુધી સંખ્યાક ભાગો થાય.

મંડલ અને અયન ક્ષેત્રમાં પરિપૂર્ણ ૧૩-મંડલો અને એક મંડલના ૧૩/૬૭ ભાગ, એટલા પ્રમાણમાં અયન ક્ષેત્ર શોધીને અયન રાશિમાં ઉમેરીએ. આ ક્રમ વડે વક્ષ્યમાણ પ્રસ્તાર સારી રીતે પરિભાવિત કરવો.

તે પ્રસ્તાર આ છે – પહેલું પર્વ, બીજું અયન, ત્રીજું મંડલ, ત્રીજા મંડલના ૪/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૯/૩૧ ભાગ જતાં સમાપ્ત થાય છે.

બીજું પર્વ ત્રીજા અયનમાં ચોથા મંડલમાં, ચોથા મંડલના ૧૩/૬૭ ભાગોમાં ભાગના ભાગમાં થાય.

ત્રીજું પર્વ ચોથા અયનમાં પાંચમાં મંડલમાં, પાંચમાં મંડલના ૧૨/૬૭ ભાગમાં ૧/૬૭ ભાગના ૨૭/૩૧ ભાગોમાં થાય.

ચોથું પર્વ પાંચમાં અયનમાં છઠ્ઠા મંડલમાં, છટ્ઠા મંડલના ૧૭/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૫/૩૧ ભાગોમાં થાય.



પાંચમું પર્વ છઠ્ઠા અયનમાં સાતમાં મંડલમાં, સાતમાં મંડલના ૨૧/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૧૪/૩૧ ભાગોમાં થાય.

છટ્ઠું પર્વ સાતમાં અયનમાં આઠમાં મંડલમાં આઠમાં મંડલના ૨૫/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૨૩/૩૧ ભાગોમાં થાય.

સાતમું પર્વ આઠમાં અયનમાં નવમાં મંડલમાં, નવમાં મંડલના ૩૦/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૧/૩૧ ભાગોમાં થાય.

આઠમું પર્વ નવમાં અયનમાં દશમાં મંડલમાં દશમાં મંડલના ૩૪/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૧૦/૩૧ ભાગોમાં થાય.

નવમું પર્વ દશમા અયનમાં ૧૧મું મંડલ, ૧૧માં મંડલના ૩૮/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૧૯/૩૧ ભાગોમાં થાય.

દશમું પર્વ અગિયારમું અયન, બારમાં મંડલમાં, બારમાં મંડલના ૪૨/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૨૮/૩૧ ભાગોમાં થાય.

અગિયારમું પર્વ, બારમું પર્વ તેરમાં મંડલમાં. તેરમાં મંડલના ૪૭/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૧૫/૩૧ ભાગોમાં થાય.

બારમું પર્વ ચૌદમાં અયનમાં પહેલાં મંડલમાં, પહેલા મંડલના ૩૮/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૧૫/૩૧ ભાગોમાં થાય.

તેરમું પર્વ, ૧૫મું અયન, બીજું મંડલ. આ બીજા મંડલના ૪૨/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૨૪/૩૧ ભાગોમાં થાય.

ચૌદમું પર્વ સોળમાં અયનમાં ત્રીજા મંડલમાં, ત્રીજા મંડલના ૪૭/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૨/૩૧ ભાગોમાં થાય.

પંદરમું પર્વ ૧૭માં અયનમાં ચોથા મંડલમાં, ચોથા મંડલના ૫૧/૬૭ ભાગોમાં ૧/૬૭ ભાગના ૧૧/૩૧ ભાગોમાં થાય.

એ પ્રમાણે બાકીના પર્વોમાં અયનમંડલ પ્રસ્તાર કહેવો. ગ્રંથ મોટા થવાના ભયે લખતા નથી.

હવે કયું પર્વ, કયા ચંદ્રનક્ષત્ર યોગમાં પરિસમાપ્તિને પામે છે, તે વિચારણામાં પૂર્વાચાર્ય વડે કરણ દર્શાવાયેલ છે. હવે તે બતાવે છે – આ વિષયમાં વૃત્તિકારશ્રીએ ત્રણ ગાથાઓ નોંધેલી છે. ત્રૈરાશિક વિધિમાં ૧૨૪-પ્રમાણ રાશિ કરીને ૬૭ રૂપ ફલરાશિ કરે. કરીને ઈચ્છિત પર્વ વડે ગુણાકાર કરવો જોઈએ. કરીને આદ્ય રાશિ વડે ૧૨૪ ભાગ કરતા જે પ્રાપ્ત થાય તે પર્યાયો જાણવા. પછી જે શેષ રહે છે, તે ૧૮૩૦ વડે ગુણવામાં આવે, ગુણીને તેમાં ૧૩૦૨ વડે અભિજિત નક્ષત્ર શોધવું. અભિજિત ભોગ્યોના ૨૧/૬૭ ભાગોને ૬૨-વડે ગુણતાં આટલા શોધનક પ્રાપ્ત થતાં હોવાથી તેમ કહ્યું. તેથી તે શોધનમાં ૬૭ સંખ્યાના જે ૬૨, તેને સર્વાગ્રથી જે થાય તે અર્થાત્ ૬૭ને ૬૨થી ગુણિત કરાતાં જે થાય તેના વડે ભાગાકાર કરતાં જે પ્રાપ્ત થાય. તેટલાં નક્ષત્રો શોધિત થયા. વળી જે પછી પણ ભાગ કઢાતા બાકી રહે, તેટલું

નક્ષત્ર જાણવું, જેમાં વિવક્ષિત પર્વ સમાપ્ત થાય છે.

એ રીતે કરણ ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ભાવના આ રીતે જો ૧૨૪-પર્વથી ૬૭ પર્યાયો પ્રાપ્ત થાય, તો એક પર્વ વડે શું પ્રાપ્ત થાય ? - x - અંત્યરાશિ વડે મધ્ય રાશિને ગુણીએ, તો ૬૭ x ૧ = ૬૭ જ થશે. અહીં ૧૨૪-રાશિ વડે ૬૭ને ભાંગવામાં આવે તો તેના ભાગાકાર ન થાય. તેથી નક્ષત્ર લેવા માટે ૧૮૩૦ વડે ૬૭ ભાગને ગુણીએ. પછી ગુણાકાર છેદ રાશિની અર્દ્ધ વડે અપવર્તના કરતાં ગુણાકાર રાશિ ૯૧૫ આવે, છેદરાશિ-૬૨ થાય. ૬૭ ને ૯૧૫ વડે ગુણતાં ૬૧,૩૦૫ આવશે. એમાંથી અભિજિત ૧૩૦૨ બાદ કરીએ, તો બાકી રહેશે ૬૦,૦૦૩. તેમાં છેદહાશિ ૬૨ને ૬૭ વડે ગુણીએ, તો ૪૧૫૪ આવે. ભાગ કરાતાં ૧૪-પ્રાપ્ત થાય, તેનાથી શ્રવણાદિ પુષ્ય પર્યન્ત ૧૪-નક્ષત્રો શોધિત થાય, શેષ રહેશે-૧૮૪૭. તેના મુહૂર્ત કરવા માટે ૩૦ વડે ગુણીએ. તેનાથી પ્રાપ્ત સંખ્યા છે - ૫૫,૪૧૦. તેનો ભાગ કરાતા ૧૩-મુહૂર્ત પ્રાપ્ત થશે, શેષ વધે છે - ૧૪૦૮.

ઉક્ત સંખ્યાના ૬૨ ભાગ લાવવા માટે ૬૨ વડે ગુણવામાં આવે, ગુણાકાર-છેદ રાશિઓની ૬૨ વડે અપવર્તના કરાય છે. તેમાં ગુણાકાર રાશિ થાય ૧/૬૭ એક વડે ગુણતાં ઉપરની રાશિ તે જ થશે. તેના ૬૭ ભાગોથી ભાગ કરાતા ૨૧ આવશે, પછી રહેશે ૧/૬૭ ભાગ અને ૧/૬૭ ભાગ. આવશે પહેલું પર્વ, આશ્લેષાના ૧૩-મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૧/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૧/૬૭ ભાગને ભોગવીને સમાપ્ત થાય.

તથા જો ૧૨૪ પર્વથી ૬૭ પર્યાયો પ્રાપ્ત થાય, તો બે પર્વ વડે કેટલાં પ્રાપ્ત થાય ? અહીં અંત્ય રાશિ વડે મધ્ય રાશિને ગુણતાં ૬૭ x ૨ = ૧૩૪ થાય. તેને આધ રાશિ ૧૨૪ વડે ભાગ કરવામાં આવે તો એક નક્ષત્ર પર્યાય અને શેષ દશ વધે. તેથી આના નક્ષત્રને લાવવા માટે ૧૮૩૦ વડે ૬૭ ભાગ વડે ગુણીએ. એ રીતે ગુણાકાર-છેદ રાશિઓને અર્દ્ધ વડે અપવર્તના કરતાં, ગુણાકાર રાશિ ૯૧૫ અને છેદ રાશિ ૬૨ થશે. તેમાં ૯૧૫ને ૧૦ વડે ગુણતાં ૯૧૫૦ આવે. તેના વડે ૧૩૦૨ અભિજિત શોધિત થતાં, રહે છે ૭૮૪૮. તેમાં ૬૨ છેદરાશિ ૬૭ વડે ગુણીએ. તેથી થશે ૪૧૫૪. તેનો ભાગાકાર કરાતાં શ્રવણ નક્ષત્ર પ્રાપ્ત થશે. શેષ રહેશે ૩૬૯૪. તેના મુહૂર્ત કરવા માટે ૩૦ વડે ગુણીએ તેનાથી ૧,૧૦,૮૨૦ આવશે. તે છેદ રાશિ વડે ભાગાકાર કરાતા પ્રાપ્ત ૨૬ મુહૂર્તો છે. શેષ વધે છે - ૨૮૧૬. એના ૬૨-ભાગ લાવવાને માટે ૬૨ વડે ગુણીએ. તેમાં ગુણાકાર-છેદ રાશઓ ૬૨-વડે અપવર્તના કરતાં, ગુણકાર રાશિ એક રૂપ છેદરાશિ થશે-૬૭, તેમાં એક ઉપરની રાશિ ગુણિત થતા આ ૬૭ વડે ભાગાકાર કરાતાં ૪૨/૬૨ ભાગના ૧/૬૨ ભાગના ૨/૬૭ - -

- - આવશે બીજું પર્વ ધનિષ્ઠા નક્ષત્રના ૨૬-મહૂર્ત, એક મુહૂર્તના ૪૨/૬૨ ભાગોના ૧/૬૨ ભાગના ૨/૬૭ ભાગ ભોગવીને સમાપ્તિને પામે છે. એ પ્રમાણે બાકીના પર્વમાં સર્વે નક્ષત્રો વિચારવા. તેની સંગ્રાહિકા, આ પૂર્વાચાર્ય પ્રદર્શિત પાંચ



ગાથા છે - આ પાંચ ગાથાની વ્યાખ્યા આ છે –

(૧) પહેલાં પર્વની સમાપ્તિમાં સર્પ દેવતા ઉપલક્ષિત નક્ષત્ર-આશ્લેષા. (૨) બીજામાં ધનિષ્ઠા, (૩) ત્રીજામાં અર્યમા દેવતા ઉપલક્ષિત ઉત્તર ફાલ્ગુની, (૪) ચોથામાં અભિવૃદ્ધિ દેવતા ઉપલક્ષિત ઉત્તરાભાદ્રપદા, (૫) પાંચમામાં ચિત્રા.

(૬) છઠ્ઠામાં અશ્વદેવતા ઉપલક્ષિત અશ્વિની, (૭) ઈન્દ્રાગ્નિ દેવતા ઉપલક્ષિત વિશાખા, (૮) રોહિણી, (૯) જ્યેષ્ઠા, (૧૦) મૃગશિર, (૧૧) વિશ્વદેવતા ઉપલક્ષિતા ઉત્તરાષાઢા, (૧૨) અદિતિ ઉપલક્ષિત પુનર્વસુ, (૧૩) શ્રવણ, (૧૪) પિતૃ દેવા-મઘા.

(૧૫) અજ દેવતા ઉપલક્ષિત પૂર્વભાદ્રપદા, (૧૬) અર્યમા દેવતા ઉપલક્ષિત-ઉત્તરાફાલ્ગુની (૧૭) અભિવૃદ્ધિ દેવતા ઉપલક્ષિત ઉત્તરાભાદ્રપદા, (૧૮) ચિત્રા, (૧૯) અશ્વ દેવતા ઉપલક્ષિત અશ્વિની, (૨૦) વિશાખા, (૨૧) રોહિણી, (૨૨) મૂલ, (૨૩) આર્દ્રા, (૨૪) વિષ્વક્ દેવતા ઉપલક્ષિતા ઉત્તરાષાઢા, (૨૫) પુષ્ય, (૨૬) ધનિષ્ઠા (૨૭) ભગ દેવતા ઉપલક્ષિત પૂર્વાફાલ્ગુની.

(૨૮) અજ દેવતા ઉપલક્ષિત પૂર્વભાદ્રપદ, (૨૯) અર્યમ દેવતા-ઉત્તરાફાલ્ગુની, (૩૦) પુષ્ય દેવતાકા-રેવતી, (૩૧) સ્વાતિ, (૩૨) અગ્નિ દેવતા ઉપલક્ષિત કૃતિકા, (૩૩) મિત્ર નામે દેવ જેનો છે તે તથા અનુરાધા, (૩૪) રોહિણી, (૩૫) પૂર્વાષાઢા, (૩૬) પૂનર્વસુ, (૩૭) વિષ્વક્ દેવતા-ઉત્તરાષાઢા.

(૩૮) અહિ દેવતા ઉપલક્ષિતા આશ્લેષા, (૩૯) વસુ દેવતા ઉપલક્ષિતા ધનિષ્ઠા, (૪૦) ભગદેવતા-પૂર્વફાલ્ગુની, (૪૧) અભિવૃદ્ધિ દેવતા ઉપલક્ષિતા ઉત્તરાભાદ્રપદા, (૪૨) હસ્ત, (૪૩) અશ્વ દેવા-અશ્વિની, (૪૪) વિશાખા, (૪૫) કૃતિકા, (૪૬) જ્યેષ્ઠા, (૪૭) સોમ દેવતા ઉપલક્ષિત મૃગશિર નક્ષત્ર.

(૪૮) આયુર્દેવ-પૂર્વાષાઢા, (૪૯) રવિ નામક દેવોપલક્ષિત પુનર્વસ નક્ષત્ર, (૫૦) શ્રવણ, (૫૧) પિતૃદેવા-મઘા, (૫૨) વરુણદેવ ઉપલક્ષિત-શતભિષક્ નક્ષત્ર, (૫૩) ભગદેવ-પૂર્વાફાલ્ગુની, (૫૪) અભિવૃદ્ધિ દેવ-ઉત્તર ભાદ્રપદા, (૫૫) ચિત્રા, (૫૬) અશ્વદેવ-અશ્વિની, (૫૭) વિશાખા, (૫૮) અગ્નિદેવ ઉપલક્ષિત કૃતિકા.

(૫૯) મૂલ, (૬૦) આર્દ્રા, (૬૧) વિષ્વગ્ દેવા-ઉત્તરાષાઢા, (૬૨) પુષ્ય.

આનો ઉપસંહાર કહે છે –

આટલા નક્ષત્રો યુગના પૂર્વાર્દ્ધમાં જે ૬૨-પર્વો છે, તેમાં ક્રમથી જાણવા. એ પ્રમાણે પૂર્વે કહેલ કરણના વશથી ઉત્તરાર્દ્ધમાં પણ ૬૨-સંખ્યામાં પર્વમાં જાણવા.

હવે કયા સૂર્યમંડલમાં કયું પર્વ સમાપ્તિને પામે છે, તે વિચારણામાં જે પૂર્વાચાર્યો વડે ઉપદર્શિત કરણ છે, તે કહે છે – અહીં એક ગાથા છે, તેની આ વ્યાખ્યા છે–

સૂર્યનો પણ પર્વવિષયક મંડલ વિભાગ સ્વકીય અયન વડે જાણવો. શું કહે છે ? સૂર્યના સ્વકીય અયન અપેક્ષાથી તે તે મંડલમાં તે-તે પર્વની પરિસમાપ્તિ અવધારવી. તે અયનમાં શોધિત કરતાં જે દિવસો ઉદ્ધરિત વર્તે છે, તે સંખ્યામાં

અધિક મંડલમાં તે ઈચ્છિત પર્વ પરિસમાપ્ત થાય છે, તેમ જાણવું. આ કરણ ગાથાની અક્ષર ઘટના કહી.

ભાવાર્થ આ પ્રમાણે છે – અહીં જે પર્વ કયા મંડલમાં સમાપ્ત થાય, તેમ જાણવાને ઈચ્છે છે, તે સંખ્યા ધારણ કરીને ૧૫-વડે ગુણવી, ગુણીને રૂપાધિક કરવી. પછી સંભવતઃ અવમ રાત્રિથી પાતિત કરવા, પછી જો ૧૮૩ ભાગ પતિત થાય, તે જ ભાગથી ભાગાકાર વડે જે પ્રાપ્ત થાય, તેટલા અયનો જાણવા. માત્ર જે પછીની દિવસ સંખ્યા રહે, તે અંતિમ મંડલમાં વિવક્ષિત પર્વ સમાપ્ત થાય તે જાણવું. ઉત્તરાયણમાં વર્તમાન બાહ્ય મંડલને આદિ કરીને દક્ષિણાયનમાં સર્વથી અભ્યંતર છે [તેમ જાણવું]

હવે ભાવના કરાય છે – ત્યારે કોઈક પૂછે છે, કયાં મંડલમાં સ્થિત સૂર્ય યુગમાં પહેલું પર્વ સમાપ્તિ કરે છે ? અહીં પહેલું પર્વ પૂછ્યું, તેથી એક એક ધરાય છે. તે ૧૫ વડે ગુણતાં થાય છે - ૧૫. અહીં એક પણ અવમરાત્રિ સંભવતી નથી. તેથી કંઈપણ પાતિત ન કરાય. તે ૧૫-રૂપ અધિક કરીએ. થાય-૧૬. યુગની આદિમાં પહેલું પર્વ દક્ષિણાયન છે. તેથી આવે સર્વ અભ્યંતર મંડલને આદિ કરીને ૧૬માં મંડલમાં પહેલાં પર્વની પરિસમાપ્તિ [એમ જાણવું]

તથા બીજા પૂછે છે – ચોથા પર્વમાં કયા મંડલમાં પરિસમાપ્ત થાય ? તેમાં ચાર લઈએ. લઈને ૧૫-વડે ગુણીએ. તેથી ૬૦-થાય. અહીં એક અવમરાત્રિ સંભવે છે, તેથી એક ઘટાડીએ, તેથી થાય - ૫૯. તે પણ વળી એકરૂપ યુક્ત કરીએ તો ૬૦-થાય. આવેલ-સર્વાભ્યંતર મંડલને આદિ કરીને ૬૦માં મંડલમાં ચોથું પર્વ સમાપ્ત થાય.

તથા ૨૫-માં પર્વ જિજ્ઞાસામાં ૨૫-સ્થાપીએ. તે ૧૫-વડે ગુણીએ. તેથી થશે-૩૭૫. અહીં છ અવમ રાત્રિ થઈ, તેથી છ વડે શોધીએ. તેથી થશે-૩૬૯. તેમાં ૧૮૩ વડે ભાગ દઈએ. તેથી બે આવે, પછી રહેશે ત્રણ. તે રૂપયુક્ત કરીએ. તો ચાર આવશે. જે બે આવ્યા, તેન વડે બે અયન દક્ષિણાયન અને ઉત્તરાયણ રૂપે શોધિત થાય. તેથી આવેલ ત્રીજા દક્ષિણાયન રૂપ સર્વાભ્યંતર મંડલની આદિ કરીને ચોથા મંડલમાં પચીશમું પર્વ પરિસમાપ્ત થાય છે.

૧૨૪માં પર્વની જિજ્ઞાસામાં ૧૨૪ને સ્થાપીએ. તે ૧૫-વડે ગુણીએ. આવશે-૧૮૬૦. પછી ૧૨૪ પર્વમાં ૩૦ અધિક રાત્ર થાય. તેથી ૩૦ ઘટાડીએ. તેથી ૧૮૩૦ આવશે. તેટલાથી યુક્ત કરીએ. તેથી આવશે ૧૮૩૧. તેમાં ૧૮૩ ભગાથી ભાગ કરાતા પ્રાપ્ત થાય ૧૦-અયનો. પછી એક રહેશે અને દશમું અયન યુગ પર્યન્તમાં ઉત્તરાયણ. તેથી આવેલ ઉત્તરાણ પર્યન્તમાં સર્વાભ્યંતર મંડલમાં ૧૨૪મું પર્વ સમાપ્ત થાય.

હવે કયું પર્વ કયા સૂર્ય નક્ષત્રમાં સમાપ્તિને પામે છે, તેની નિરૂપણાર્થે જે પૂર્વાચાર્ય વડે કરણ કહ્યું, તે બતાવે છે. તેમાં વૃત્તિકારે ત્રણ ગાથા બતાવી છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે બતાવે છે–

ત્રૈરાશિક વિધિમાં ૧૨૪-પ્રમાણને પ્રમાણ રાશિ કરીને પાંચ પર્યાયોના ફળને



કરીએ. કરીને ઈચ્છિત પર્વ વડે ગુણ-ગુણાકાર કરવો જોઈએ. કરીને આદ્ય રાશિ વડે ૧૨૪ રૂપ ભાગથી ભાગાકાર કરીએ, તો જે પ્રાપ્ત થાય તે પર્યાયો. શુદ્ધ જાણવા. જે વળી શેષ બાકી રહે, તે ૧૮૩૦ વડે ગુણીએ. ગુણ્યા પછી તેમાં ૨૭૨૮ શુદ્ધ થતાં પુષ્ય શોધિત થાય. તે શુદ્ધ થતાં ૬૭ સંખ્યા-જે-૬૨-તે સર્વાગ્રથી જે થાય, અર્થાત્ ૬૭ ને ૬૨ વડે ગુણતં જે થાય, તેના વડે ભાગાકાર કરાતાં જે પ્રાપ્ત થાય, તેટલાં નક્ષત્રો શોધિત થયેલ જાણવા.

જે વળી તેથી પણ-ભાગ કર્યા પછી શેષ રહે, તે સૂર્યના સંબંધી જાણવા, જેમાં વિવક્ષિત પર્વ સમાપ્ત થાય. આ ત્રણ કરણ ગાથાનો અક્ષરાર્થ છે. ભાવના આ પ્રમાણે –

જો ૧૨૪-પર્વથી પાંચ સૂર્યનક્ષત્ર પર્યાય પ્રાપ્ત થાય, તે એક પર્વ વડે શું પ્રાપ્ત થાય ? અહીં અંત્ય રાશિ વડે મધ્ય રાશિ ગુણીએ. તેથી ૫ x ૧ = ૫ સંખ્યા થશે. તેમાં આદ્ય રાશિ ૧૨૪ સંખ્યા વડે ભાગાકાર કરવો. તેથી થોડી હોવાથી ભાગ અપાતો નથી. તેથી નક્ષત્ર લાવવાને માટે *૧૮૩૦/૬૭* ભાગ વડે ગુણીએ. એ રીતે ગુણાકાર-છેદ રાશિની અર્દ્ધ વડે અપવર્તના કરતાં ગુણાકાર રાશિ થશે-૯૧૫. છેદ રાશિ થશે-૬૨. પછી ૯૧૫ને ૫ વડે ગુણીએ, તો થશે ૪૫૭૫. પુષ્યના ૪૪ ભાગો ૬૨ વડે ગુણીએ. તેથી થશે-૨૭૨૮, આ પૂર્વરાશિથી શોધિત કરતાં રહેશે ૧૮૪૭. તેમાં છેદરાશિ-૬૨ રૂપ-૬૭ વડે ગુણીએ. તેથી આવશે-૪૧૫૪. તેના વડે ભાગાકાર કરીએ. તેમાં રાશિના અલ્પપણામાં ભાગ થતો નથી. તેથી દિવસો લાવવા. તેમાં છેદરાશિ ૬૨-રૂપ, પરિપૂર્ણ નક્ષત્ર લાવવા માટે ૬૨ને ૬૭ વડે ગુણતાં, પરિપૂર્ણ આ નક્ષત્ર ન આવે. તેથી મૂળ જ ૬૨- રૂપ છેદરાશિ, કેવળ *૫/૬૭* ભાગ વડે અહોરાત્ર થાય છે. પછી દિવસ લાવવાને ૬૨ને પાંચથી ગુણતાં-૩૧૦ થાય. તેના વડે ભાગાકાર કરાતા પાંચ દિવસ આવે છે. શેષ રહે છે - ૨૯૭. તેના મુહૂર્ત્ત કરવાને ૩૦ વડે ગુણીએ - -

- - તેમાં ગુણાકાર-છેદ રાશિઓની શૂન્ય વડે અપવર્તના કરાતા ગુણાકાર રાશિત્રિક રૂપ છેદ રાશિ-૩૧, તેમાં ત્રિક વડે ઉપરની રાશિ વડે ગુણીએ, તો ૮૯૧ આવશે. તેમાં ૩૧ વડે ભાગાકાર કરીએ, તો ૨૮-મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના *૨૩/૩૧* ભાગ થાય. તેથી આવેલ પહેલું પર્વ આશ્લેષા નક્ષત્રના પાંચ દિવસ અને એક દિવસના ૨૮ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના *૨૩/૩૧* ભાગ ભોગવીને સમાપ્ત થાય છે - -

- - અથવા પુષ્ય શોધિત થતાં પછી ૧૮૪૭, તેના સૂર્ય મુહૂર્ત્ત લાવવાને ૩૦ વડે ગુણીએ, તો થશે-૫૫૪૧, તેમાં પૂર્વે કહેલ છેદરાશિ ૪૧૫૪ વડે ભાગાકાર કરીએ, તો ૧૩-મુહૂર્ત્તો આવે અને શેષ વધે છે - ૧૪૦૮. પછી એના ૬૨ ભાગ લાવવાને માટે ૬૨-વડે ગુણવા. ગુણાકાર-છેદ રાશિઓ વડે ૬૨થી અપવર્તના કરીએ. તેમાં ગુણાકાર રાશિ એક રૂપ અને છેદરાશિ-૬૭ રૂપ થાય. તેમાં એક વડે ગુણતાં તે જ રાશિ આવે. તેથી ૧૪૦૮ રહે. તેને ૬૭ વડે ભાગાકાર કરતાં પ્રાપ્ત થાય-૨૧ અને ૬૨ ભાગ

મુહૂર્ત્તના *૧/૬૨* ભાગના *૧/૬૭* ભાગ. તેથી આવેલ યુગની આદિમાં પહેલું પૂર્વ અમાવાસ્ય લક્ષણ આશ્લેષા નક્ષત્રન ૧૩-મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના *૨૧/૬૨* ભાગો, અને *૧/૬૨* ભાગના *૧/૬૭* ભાગ ભોગવીને સૂર્ય સમાપ્ત કરે છે તેથી જ કહે છે - X - X - X -

તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? આશ્લેષા વડે કરે. આશ્લેષના એક મુહૂર્ત્ત *૪૦/૬૨* મુહૂર્ત્તના ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૬ ચૂર્ણિકા શેષ રહે છે.

તથા જો ૧૨૪-પર્વ વડે પાંચ સૂર્ય નક્ષત્ર પર્યાય પ્રાપ્ત થાય, પછી બે પર્વ વડે શું પ્રાપ્ત થાય ? અહીં અંત્ય રાશિ વડે મધ્યરાશિ ગુણવામાં આવે, તો ૨ X ૫ = ૧૦ થશે. તેમાં આદ્ય રાશિ વડે ભાગાકાર કરીએ, તો તે અલ્પ હોવાથી ભાગ ન દેવાય. તેથી નક્ષત્ર લાવવાને માટે ૧૮૩૦ વડે ગુણીને, ગુણાકાર-છેદક રાશિની અડધા વડે અપવર્તના કરીએ. તો ગુણાકાર રાશિ ૯૧૫-થશે અને છેદરાશિ-૬૨-થશે. તેમાં ૯૧૫ને ૧૦ વડે ગુણતાં-૯૧૫૦ આવશે. તેના વડે-૨૭૨૮ પુષ્યના શોધિત કરતાં, રહેશે ૬૪૨૨. છેદરાશિ ૬૨-રૂપને ૬૭ વડે ગુણીએ. તેથી આવશે-૪૧૫૪. તેના વડે ભાગાકાર કરાતાં એક નક્ષત્ર આવે. તે આશ્લેષા રૂપ આશ્લેષા નક્ષત્ર અર્ધક્ષેત્ર આટલું જતાં ૧૫-સૂર્યમુહૂર્ત્તો અધિક જાણવા. - -

- - તેથી શેષ રહેશે-૨૨૬૮. તેના મુહૂર્ત્ત લાવવાને માટે ૩૦ વડે ગુણીએ, તેથી ૬૮૦૪૦ આવશે. તેમાં છેદરાશિ વડે ૪૧૫૪ ભાગથી ભાગ દેતા, આવશે ૧૬-મુહૂર્ત્ત. શેષ રહેશે-૧૫૭૬. તેના ૬૨-ભાગ લાવવાને માટે ૬૨ વડે ગુણવા. ગુણાકાર-છેદ રાશિઓને ૬૨ વડે અપવર્તના કરીએ તો *૧/૬૭* આવશે. તેમાં ઉપરની રાશિ એક વડે ગુણીએ તો તેટલાં જ આવશે. તેના ૬૭ વડે ભાગ આપતાં પ્રાપ્ત થાય - *૨૩/૬૨* ભાગ. તેમાં *૧/૬૨* ભાગના *૩૫/૬૭* ભાગ છે. તેમાં પ્રાપ્ત ૧૬-મુહૂર્ત્તો ઉધ્દ્રિત કરતાં પછી ૧૫-મુહૂર્ત્તો એકત્ર કરાતાં થશે-૩૧. તેમાં ૩૦થી મઘા શોધિત થયું. પછી એક સૂર્યમુહૂર્ત્ત આવે. ત્યારે આવેલ બીજું પર્વ શ્રાવણ માસભાવિ પૂર્ણિમા રૂપ પૂર્વ ફાલ્ગુની નક્ષત્રના એક મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના *૨૩/૬૨* ભાગોમાં *૧/૬૨* ભાગના *૩૫/૬૭* ભાગોને ભોગવી સૂર્ય પરિસમાપ્ત થયા છે.

તેથી કહે છે કે — આ પાંચ સંવત્સરોમાં પહેલો પૂર્ણમાસી ચંદ્ર કયા નક્ષત્રથી યોગ કરે છે ? ધનિષ્ઠાથી. ધનિષ્ઠા ત્રણ મુહૂર્ત્ત અને *૧૯/૬૨* ભાગ મુહૂર્ત્તના *૬૨/૬૭* છેદીને ૬૫ ચૂર્ણિકા ભાગ શેષ રહે. તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે ? તે પૂર્વા ફાલ્ગુનીથી, પૂર્વા ફાલ્ગુની ૨૮-મુહૂર્ત્ત અને *૨૮/૬૨* ભાગ મુહૂર્ત્તના *૬૨/૬૭* ભાગ છેદીને ૩૨-ચૂર્ણિકા ભાગ રહેતા.

જો ૧૨૪ પર્વથી પાંચ સૂર્ય નક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય, તો ત્રણ વડે કેટલાં પ્રાપ્ત થાય ? અહીં અંત્યરાશિ ત્રણને મધ્યરાશિ પાંચ રૂપે ગુણીએ. તો થાય-૧૫. તેને આદ્ય રાશિ વડે ભાગ દેવાતા, રાશિના અલ્પપણાથી ભાગ પ્રાપ્ત ન થાય. તેથી નક્ષત્ર લાવવાને માટે ૧૮૩૦ વડે ૬૭ ભાગથી ગુણીએ. પછી ગુણાકાર-છેદ રાશિને અર્દ્ધ



વડે અપવર્તના કરીએ. તેથી ગુણાકાર રાશિ થશે ૯૧૫ અને છેદરાશિ-૬૨. તેમાં ૯૧૫ને ૧૫ વડે ગુણીએ. તેથી આવશે - ૧૩,૭૨૫. તેના વડે ૨૭૨૮ પુષ્ય હોતાં શોધિત કરીએ, તો રહેશે ૧૦,૯૯૭. છેદરાશિ-૬૨ને ૬૭ વડે ગુણતાં થશે - ૪૧૫૪. તેના વડે ભાગદેવાતા પ્રાપ્ત થાય બે નક્ષત્ર-આશ્લેષા અને મઘા.

આશ્લેષા નક્ષત્ર અર્દ્ધ ક્ષેત્ર જઈને ૧૫ સૂર્યમુહૂર્ત્તો ઉદ્ધરિત જાણવા. બાકી રહે છે - ૨૬૮૯. તેના મુહૂર્ત્ત લાવવાને માટે ૩૦ વડે ગુણીએ. તેનાથી આવશે - ૮૦,૬૭૦. તેમાં છેદરાશિ ૪૧૫૪ વડે ભાગ દેવાતા પ્રાપ્ત થાય - ૧૯, અને બાકી રહે છે - ૧૭૪૪. એના ૬૨-ભાગ લાવવાને માટે ૬૨ વડે ગુણવા. એ રીતે ગુણાકાર-છેદરાશિને ૬૨ વડે અપવર્તના કરતાં થશે *૧/૬૭* તેમાં ઉપરની રાશિ, એક વડે ગુણીએ, તેનાથી આવશે - ૧૪૪૪. તેને ૬૭ ભાગ દેવાતા, પ્રાપ્ત થાય *૨૬/૬૨* અને *૨/૬૭* ભાગ. તેમાં જે પ્રાપ્ત ૧૯-મુહૂર્ત્ત, તે ઉદ્ધરિત થતાં પછી ૧૫-મુહૂર્ત્તો એકત્ર મળે છે. તેથી આવશે ૩૦-મુહૂર્ત્તો. તેમાં ૩૦ વડે પૂર્વાફાલ્ગુની શોધિત થાય. બાકી રહે છે ચાર મુહૂર્ત્ત. તેથી આવેલ ત્રીજું પર્વ ભાદ્રપદગત અમાવાસ્યરૂપ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રના ચાર મુહૂર્ત્ત. એક મુહૂર્ત્તના *૨૬/૬૨* ભાગોના *૧/૬૨* ભાગના *૨/૬૭* ભાગ ભોગવીને સૂર્ય સમાપ્ત થાય.

તેથી કહે છે કે — આ પાંચમાં સંવત્સરની બીજી અમાસ ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? તે ઉત્તરાફાલ્ગુની વડે. ઉત્તરા ફાલ્ગુની ૪૦ મુહૂર્ત્ત અને મુહૂર્ત્તના *૩૫/૬૨* ભાગ અને ૬૭ વડે છેદીને ૬૫-ચૂર્ણિકા ભાગો બાકી રહે. તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે યોગ કરે ? ઉત્તરાફાલ્ગુની સાથે કરે. બાકી ચંદ્ર મુજબ. એ પ્રમાણે બાકીના પર્વ સમાપ્ત કરનારા સૂર્ય નક્ષત્રો આણવા.

અથવા આ પૂર્વમાં સૂર્યનક્ષત્રના પરિજ્ઞાન માટે પૂર્વાચાર્યે કહેલ કરણ ગાથાઓ આ પ્રમાણે છે — અહીં વૃત્તિકારશ્રીએ નોંધેલી સાત ગાથાઓની વ્યાખ્યા આ રીતે છે —

૩૩-મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના *૨/૬૨* ભાગોમાંના *૧/૬૨* ભાગના ૩૪-ચૂર્ણિકા ભાગો. આ બધાં પણ પર્વોમાં પર્વીકૃત્ - એક પર્વ વડે નિષ્પાદિત ઋક્ષધ્રુવ રાશિ - સૂર્ય નક્ષત્ર વિષયક ધ્રુવરાશિ. તેની ઉત્પત્તિ કઈ રીતે છે ? તે કહે છે.

તે આ ત્રિરાશિ છે — જો ૧૨૪ પર્વ વડે પાંચ સૂર્ય-નક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય, તો એક પર્વ વડે શું પ્રાપ્ત થાય ? અહીં અંત્ય રાશિ વડે મધ્ય રાશિને ગુણીએ. તો ૧ X ૫ = ૫ થશે. તેને ૧૨૪ પર્વ ભાગ વડે ભાગ દેતા ઉપરની રાશિ થોડી હોવાથી ભાગ પ્રાપ્ત થતો નથી. એક સૂર્ય નક્ષત્ર પર્યાયના ૫૨૪ ભાગો પ્રાપ્ત થાય. તેમાં નક્ષત્રો કરતા *૧૮૩૦/૬૭* ભાગ વડે પાંચને ગુણીએ. એ રીતે ગુણાકાર અને છેદ રાશિની અર્દ્ધ વડે અપવર્તના થાય. તેનાથી ગુણાકાર રાશિ ૯૧૫ અને છેદરાશિ ૬૨ થાય. તેમાં ૯૧૫ને પાંચ વડે ગુણતાં આવે ૪૫૭૫. આ સંખ્યાના મુહૂર્ત્તો લાવવાને માટે ૩૦ વડે ગુણીએ. તો થશે - ૧,૩૭,૨૫૦ અને ૬૨ રૂપ છેદરાશિ-૬૭ વડે ગુણતાં-૪૧૫૪ સંખ્યા આવશે. તેના વડે ભાગાકાર કરાતાં ૩૩ મુહૂર્ત્તો આવશે અને શેષ

વધશે-૧૬૮. તેના ૬૨ ભાગો લાવવા માટે ૬૨ વડે ગુણવા જોઈએ. ગુણાકાર અને છેદ રાશિઓ ૬૨-વડે અપવર્તના કરાતા, પ્રાપ્ત થશે *૧/૬૭* એક વડે ગુણતાં તે જ આવે છે. પછી ૧૬૮ થાય. તેને ૬૭ વડે ભાગ દેવાતા, પ્રાપ્ત થશે *૨/૬૨* ભાગ. તેમાં *૧/૬૨* ભાગના *૩૪/૬૭* ભાગો થાય.

ઈચ્છા વિષય જે પર્વ સંખ્યાન્ તે ઈચ્છા પર્વ. તેનો ગુણાકાર જે ધ્રુવરાશિથી છે તેનાથી. અર્થાત્ ઈચ્છિત જે પર્વ, તે સંખ્યા વડે ગુણતાં ધ્રુવરાશિના પુષ્યાદિ નક્ષત્રોના ક્રમથી શોધન કરવું, જે રીતે અનંતજ્ઞાની વડે કહેવાયેલ છે, કઈ રીતે કહેલ છે ? ૧૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના *૪૩/૬૨* ભાગોમાં *૧/૬૨* ભાગની-૩૩ ચૂર્ણિકા. આટલા પ્રમાણમાં પુષ્ય શોધનક, કઈ રીતે આટલા પુષ્ય શોધનકની ઉત્પત્તિ છે, તે કહે છે —

અહીં પાશ્ચાત્ય યુગની પરિસમાપ્તિમાં પુષ્યના *૨૩/૬૭* ભાગ જતાં ૪૪ રહે છે. તેથી તે મુહૂર્ત્ત લાવવા માટે ૩૦ વડે ગુણીએ. તેથી આવશે ૧૩૨૦. તેમાં ૬૭ ભાગ વડે ભાંગતા, ૧૯ મુહૂર્ત્ત આવે. બાકી રહે છે - ૪૭ તે ૬૨-ભાગ લાવવાને ૬૨ વડે ગુણીએ. ૨૯૧૪ આવશે. તેને આ ૬૭ ભાગો વડે ભાગ દઈએ. *૪૩/૬૨* ભાગ આવશે. તેમાંના *૧/૬૨* ભાગના *૩૩/૬૭* ભાગો થાય.

૧૩૯ ઉત્તરાફાલ્ગુની પર્યન્ત નક્ષત્રોને શોધવા. ૨૫૯ વિશાખા પર્યન્તમાં શોધવા. ૪૦૯ ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રોને શોધવા. આ બધાં પણ શોધનમાં જે પુષ્યના મુહૂર્ત્તો વડે બાકી - *૪૩/૬૨* ભાગ મુહૂર્ત્તના *૧/૬૨* ભાગના *૩૩/૬૭* ભાગો, તે પ્રત્યેક એ રીતે શોધવા. તથા અભિજિત ૪૧૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના *૬/૬૨* ભાગના *૧/૬૨* ભાગના *૩૨/૬૭* ભાગો શોધવા. આટલી પુષ્યાદિથી અભિજિત સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે.

તથા ૫૬૯ મુહૂર્ત્ત ઉત્તરભાદ્રપદ સુધીના શોધવા તથા ૭૧૯ રોહિણી પર્યન્તના શોધવા. પુનર્વસુ પર્યન્ત ૮૦૯ શોધવા.

૮૧૯ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના *૨૪/૬૨* ના *૧/૬૨* ભાગના *૬૬/૬૭* ભાગો, એ રીતે પુષ્યનું શોધનક છે. આટલો પરિપૂર્ણ એક નક્ષત્ર પર્યાય શુદ્ધ થયા છે, એ તાત્પર્યાર્થ છે. આ કરણગાથા અક્ષરાર્થ કહ્યો. હવે કરણભાવના કરાય છે—

તેમાં કોઈક પૂછે છે — પ્રથમ પર્વ કયા સૂર્યનક્ષત્રમાં પરિસમાપ્તિ પામે છે ? તેમાં ધ્રુવરાશિ-૩૩ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના *૨/૬૨* ભાગમાં *૧/૬૨* ભાગના *૩૪/૬૭* ભાગ. એ પ્રમાણે ઘટાડાય છે. તેમ કરીને એક વડે ગુણીએ, એક વડે ગુણતાં તે જ થાય છે.

ત્યારપછી પુષ્ય શોધનક ૧૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના *૪૩/૬૨* ભાગો અને *૧/૬૨* ભાગના *૩૩/૬૭* ભાગો, એ પ્રમાણે શોધીએ. તેથી રહેશે ૧૩-મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના *૨૧/૬૨* ભાગ અને *૧/૬૨* ભાગના *૧/૬૭* ભાગ. તેથી આવેલ આટલા આશ્લેષા નક્ષત્રના સૂર્ય ભોગવીને પહેલું પર્વ શ્રાવણમાસ ભાવિ અમાસને પરિસમાપ્ત કરે છે.



બીજા પર્વ ચિંતામાં તે જ ધ્રુવરાશિને બે વડે ગુણતા આવે છે ૬૬ મુહૂર્ત્તો. એક મુહૂર્ત્તના *૫/૬૨* ભાગોના *૧/૬૨* ભાગોના *૧/૬૭* ભાગ થાય. આટલાં યથોક્ત પ્રમાણ ૧૯/૪૬/૩૩ પુષ્ય શોધનક શોધિત કરાય છે. તેનાથી પછી રહેશે ૪૬ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના *૨૩/૬૨* ભાગો, તેમાં *૧/૬૨* ભાગના *૩૫/૬૭* ભાગો છે.

ત્યારપછી ૧૫-મુહૂર્ત્ત વડે આશ્લેષા શોધિત થાય, ૩૦ વડે મઘા, પછી રહે છે, એક મુહૂર્ત્ત. તેથી આવેલ બીજું પર્વ પૂર્વા ફાલ્ગુની નક્ષત્રના એક મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના *૧/૬૨* ભાગોના *૩૫/૬૭* ભાગ ભોગવીને સૂર્ય સમાપ્ત થયા છે.

ત્રીજા પર્વની વિચારણામાં તે જ ધ્રુવરાશિ ૩૩/૨/૩૪ ત્રણ વડે ગુણીએ. તેથી થાય ૯૯ મુહૂર્ત્તો. એક મુહૂર્ત્તના *૭/૬૨* ભાગો અને *૧/૬૨* ભાગના *૩૫/૬૭* ભાગો. આ વડે પુષ્ય શોધન ૧૯/૪૩/૩૩ શોધિત કરાય છે. તેથી રહે છે ૬૯ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના *૨૬/૬૨* ભાગ, *૧/૬૨* ભાગના *૨/૬૭* ભાગમાં ૬૯/૨૬/૨.

ત્યારપછી ૧૫-મુહૂર્ત્ત વડે આશ્લેષા, ૩૦ વડે મઘા, ત્રીશ વડે પૂર્વા ફાલ્ગુની. તેથી પછી રહે છે ચાર મુહૂર્ત્ત આવેલ ત્રીજું પર્વ ભાદ્રપદ અમાસ રૂપ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના ચાર મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના *૨૬/૬૨* ભાગો. *૧/૬૨* ભાગના *૨/૬૭* ભાગો ભોગવીને સૂર્ય પરિસમાપ્ત કરે છે.

એ પ્રમાણે બાકીના પર્વોમાં સૂર્યનક્ષત્રો જાણવા.

તેમાં યુગ પૂર્વાર્દ્ધ ભાવિ ૬૨-પર્વગત સૂર્યનક્ષત્ર સૂચિકા આ પૂર્વાચાર્ય દર્શિત ગાથા. અહીં વૃત્તિકારશ્રીએ ચાર ગાથાઓ કહી છે, પછી તેની વ્યાખ્યા આ રીતે છે —

(૧) પહેલા પર્વની સમાપ્તિમાં સૂર્યનક્ષત્ર સર્પ દેવતા ઉપલક્ષિત આશ્લેષા, (૨) બીજામાં ભગદેવ ઉપલક્ષિત પૂર્વાફાલ્ગુની, (૩) પછી અર્યમા-દ્વિક એ ત્રીજા પર્વની અર્યમા દેવતા ઉપલક્ષિતા ઉત્તરા ફાલ્ગુની, (૪) ચોથી પણ ઉત્તરાફાલ્ગુની.

(૫) પાંચમાંની હસ્ત, (૬) છઠ્ઠાની ચિત્રા, (૭) સાતમાની વિશાખા, (૮) આઠમાંની મિત્રદેવતા ઉપલક્ષિતા અનુરાધા.

ત્યારપછી જ્યેષ્ઠાદિ છ ક્રમથી કહેવા. તે આ પ્રમાણે — (૯) જ્યેષ્ઠા, (૧૦) મૂલ, (૧૧) પૂર્વાષાઢા, (૧૨) ઉતરાષાઢા, (૧૩) શ્રવણ, (૧૪) ધનિષ્ઠા, (૧૫) અજદેવતા ઉપલક્ષિત પૂર્વભાદ્રપદા, (૧૬) અભિવૃદ્ધિ દેવતા ઉપલક્ષિતા ઉત્તરા ભાદ્રપદા.

(૧૭) ઉત્તરા ભાદ્રપદા, (૧૮) પુષ્ય દેવતા ઉપલક્ષિતા રેવતી, (૧૯) અશ્વદેવતા ઉપલક્ષિતા અશ્વિની.

પછી કૃતિકાદિ છ, તેમાં (૨૦) કૃતિકા, (૨૧) રોહિણી, (૨૨) મૃગશિર, (૨૩) આર્દ્રા, (૨૪) પુનર્વસુ, (૨૫) પુષ્ય, (૨૬) પિતૃદેવતા ઉપલક્ષિત મઘા. (૨૭) ભગ દેવતા ઉપલક્ષિત પૂર્વાફાલ્ગુની, (૨૮) અર્યમ દેવતા સંબંધી ઉત્તરાફાલ્ગુની, (૨૯) ઉત્તરાફાલ્ગુની.

(૩૦) ચિત્રા, (૩૧) વાયુદેવતા ઉપલક્ષિત સ્વાતિ, (૩૨) વિશાખા, (૩૩) અનુરાધા, (૩૪) જ્યેષ્ઠા, (૩૫) આયુદેવતા ઉપલક્ષિત પૂર્વાષાઢા (૩૬) વિષ્વગ્ દેવ

સંબંધી ઉત્તરાષાઢા, (૩૭) પણ ઉત્તરાષાઢા, (૩૮) શ્રવણ, (૩૯) ધનિષ્ઠા, (૪૦) અંજદેવતા ઉપલક્ષિતા પૂર્વાભાદ્રપદા (૪૧) અભિવૃદ્ધિ દેવા-ઉત્તરા ભાદ્રપદા.

(૪૨) પણ ઉત્તરા ભાદ્રપદા, (૪૩) અશ્વદેવા સંબંધી અશ્વિની, (૪૪) યમદેવા સંબંધી ભરણી, (૪૫) બહુલા-કૃતિકા, (૪૬) રોહિણી, (૪૭) સોમ દેવતા ઉપલક્ષિત મૃગશિર, (૪૮) અદિતિ દ્વિક એટલે ૪૮મું અદિતિ દેવ ઉપલક્ષિત પુનર્વસુનક્ષત્ર (૪૯) તે પ્રમાણે જ એટલે કે પુનર્વસુ નક્ષત્ર જાણવું.

(૫૦) પુષ્ય, (૫૧) પિતૃદેવા-મઘા, (૫૨) ભગદવતોપલક્ષિતા પૂર્વાફાલ્ગુની, (૫૩) અર્યમા દેવતા ઉપલક્ષિત ઉત્તરાફાલ્ગુની, (૫૪) હસ્ત. અહીંથી આગળ ચિત્રા આદિથી અભિજિત સુધી, જ્યેષ્ઠાને છોડીને આઠ નક્ષત્રો ક્રમથી કહેવા. તે આ –

(૫૫) સ્વાતિ, (૫૬) ચિત્રા, (૫૭) વિશાખા, (૫૮) અનુરાધા, (૫૯) મૂલ, (૬૦) પૂર્વાષાઢા, (૬૧) ઉત્તરાષાઢા, (૬૨) અભિજિત્.

આટલા નક્ષત્રો યુગના પૂર્વાર્દ્ધમાં ૬૨-સંખ્યક પર્વમાં યથાક્રમે યુક્ત છે. એ પ્રમાણે કરણવશ યુગના ઉત્તરાર્દ્ધમાં પણ ૬૨-સંખ્યક પર્વમાં જાણવા જોઈએ.

કયું પર્વ ચરમદિવસમાં કેટલા મુહૂર્તો જતાં સમાપ્તિ પામે, આ વિષયમાં પૂર્વાચાર્ય વડે જે કરણ કહેવાયલ છે તે સંબંધે ત્રણ ગાથા વૃત્તિકારશ્રી નોંધે છે, તેની વ્યાખ્યા –

પર્વરાશિમાં ચાર ભક્ત હોતા જ્યારે એક શેષ રહે છે, ત્યારે તે રાશિ કલ્યોજ કહેવાય છે. બંને શેષમાં દ્વાપરયુગ્મ, ત્રણ શેષ વધે તો ત્રેતા, ચાર શેષ વધે તો કૃતયુગ્મ.

તેમાં કલ્યોજરૂપ રાશિમાં ૯૩ પ્રક્ષેપણીય રાશિ, દ્વાપર યુગ્મમાં-૬૨, ત્રેતૌજમાં ૩૧, કૃતયુગ્મમાં પ્રક્ષેપ નથી.

એ પ્રમાણે પ્રક્ષિપ્ત પ્રક્ષેપ પર્વ રાશિના હોવાથી ૧૨૪ ભાગ વડે ભાગાકાર કરતાં જે શેષ વધે, તેની આ વિધિ છે–

શેષને ૧૨૪ ભાગ વડે ભાગ દેતાં અવશિષ્ટના અડધાં કરીએ. કરીને ત્રીશ વડે ગુણીએ, ગુણીને ૬૨ વડે ભાંગીએ. ભાંગતા જે પ્રાપ્ત થાય. તેને મુહૂર્તો જાણવા. શેષ મુહૂર્ત ભાગો પ્રાપ્ત થાય. તેથી એ પ્રમાણે સ્વશિષ્યોને પ્રરૂપણા કરવી. તે વિવક્ષિત પર્વ છેલ્લ અહોરાત્રમાં સૂર્યોદયથી તેટલાં મુહૂર્તોમાં, તેટલા મુહૂર્ત ભાગો વ્યતીત થતાં પરિસમાપ્તિ થાય. આ કરણગાથાર્થ.

ભાવના આ પ્રમાણે છે – પહેલું પર્વ છેલ્લા અહોરાત્રમાં કેટલા મુહૂર્તો અતિક્રમીને સમાપ્ત થાય, એ જિજ્ઞાસામાં એક લઈએ આ કદાચ કલ્યોજ રાશિ, તેથી તેમાં ૯૩ ઉમેરીએ. તેથી ૯૪-થશે. આને ૧૨૪ ભાગ વડે ભાગ દઈએ. તે ભાગ સંખ્યા અલ્પ હોવાથી ભાગ ન થાય. પછી યથાસંભવ કરણ લક્ષણ કરવા.

તેમાં ૯૪નું અર્દ્ધ કરીએ. તેથી ૪૭-આવશે. તેને ૩૦-વડે ગુણીએ. તેનાથી આવશે-૧૪૧૦. તેમાં ૬૨ ભાગ વડે ભાગ કરીએ. તેથી પ્રાપ્ત થશે - ૨૨, પછી શેષ





રહેશે-૪૬. પછી છેદ્ય-છેદક રાશિની અર્દ્ધ વડે અપવર્તના કરવી. તેનાથી *૨૩/૩૧* સંખ્યા પ્રાપ્ત થશે. એ રીતે આવેલ પહેલું પર્વ, છેલ્લા અહોરાત્રમાં ૨૨-મુહૂર્તો અને એક મુહૂર્ત્તના *૨૩/૩૧* ભાગોને અતિક્રમીને સમાપ્તિને પામે છે.

બીજા પર્વની જિજ્ઞાસામાં દ્વિક લઈએ. તે કદાચ દ્વાપરયુગ્મ રાશિ છે, તેથી ૬૨-ઉમેરીએ. તેથી ૬૪-આવશે. તેને ૧૨૪ વડે ભાગી ન શકાય. તેથી તેનું અર્દ્ધ કરીએ. તેથી ૩૨-આવે. તેને ૩૦ વડે ગુણીએ. તો આવશે ૯૬૦. તેમાં ૬૨ ભાગ વડે ભાગ દઈએ. ૧૫-મુહૂર્ત્ત પ્રાપ્ત થશે. પછી રહેશે-૩૦, પછી છેદ્ય-છેદક રાશિઓને અડધા કરી અપવર્તના કરીએ. તેથી *૧૫/૩૧* ભાગ થશે. આવેલ દ્વિતીય પર્વ ચરમ-અહોરાત્રમાં પંદર મુહૂર્ત અને એક મુહૂર્ત્તના ૧૫/૩૧ ભાગ અતિક્રમીને બીજું પર્વ પૂરું થાય.

ત્રીજા પર્વની જિજ્ઞાસામાં ત્રણ લઈએ. તે કદાચ ત્રૈતોજ રાશિ થાય, તેથી તેમાં ૩૧-ઉમેરીએ. તેથી ૩૪-સંખ્યા આવે તેને ૧૨૪ વડે ભાગ દઈ ન શકાય. તેથી તેનું અડધું કરીએ. તો આવશે-૧૭. તે સંખ્યાને ૩૦ વડે ગુણીએ. તેનાથી પ્રાપ્ત થશે-૫૧૦. તેમાં ૬૨-ભાગ વડે ભાગ કરીએ. તેથી આઠ આવશે. બાકી રહેશે-૧૪. પછી છેદ્ય-છેદક રાશિની અર્દ્ધ વડે અપવર્તના કરતાં આવશે ૭/૩૧ ભાગ. એ રીતે આવેલ ત્રીજું પર્વ, છેલ્લા અહોરાત્રમાં આઠ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના ૭/૩૧ ભાગોને અતિક્રમીને સમાપ્તિને પામે છે.

ચોથા પર્વની જિજ્ઞાસામાં ચાર લઈએ. તે કદાચ કૃતયુગ્મરાશિ છે, તેથી તેમાં કંઈ જ ન ઉમેરીએ. ચારને ૧૨૪ વડે ભાગ ન દઈ શકાય. તેથી તેનું અડધું કરીએ. તેથી બે આવશે તે બે ને ૩૦ વડે ગુણીએ, તો ૬૦ આવશે. તેને ૬૨ ભાગ વડે ભાગ દઈએ. ભાગ થઈ શકશે નહીં. એ રીતે છેદ્ય-છેદકરાશિની અડધાથી અપવર્તના કરતાં આવશે ૩૦/૬૧. એ રીતે આવેલ ચોથું પર્વ છેલ્લા અહોરાત્રમાં મુહૂર્ત્તના ૩૦/૩૧ ભાગને અતિક્રમીને સમાપ્તિને પામે છે.

આ પ્રમાણે બાકીના પર્વોમાં પણ વિચારવું.

૧૨૪માં પર્વની જિજ્ઞાસામાં ૧૨૪ લઈએ. તેને કદાચ ચાર ભાગ વડે ભાંગીએ. કંઈપણ શેષ રહેશે નહીં. તેથી કૃતયુગ્મ રાશિ. તેથી આમાં કંઈપણ ન ઉમેરીએ. તેથી ૧૨૪ વડે ભાગ કરીએ તો રાશિ નિર્લેપ થશે. એ રીતે આવેલ પરિપૂર્ણ ચરમ અહોરાત્રને ભોગવીને ૧૨૪મું પર્વ સમાપ્તિ પામે.

તે પ્રમાણે જેમ પૂર્વાચાર્ય વડે આ જ પર્વસૂત્રને આશ્રીને પર્વ વિષય વ્યાખ્યાન કર્યુ, તે રીતે મેં વિનેયજનના અનુગ્રહ માટે સ્વમતિ અનુસાર કહ્યું.

હવે પ્રસ્તુતને અનુસરીએ છીએ – તેમાં યુગ સંવત્સર કહ્યા, હવે પ્રમાણ સંવત્સર કહે છે –

● **સૂત્ર-૭૮ :-**

***તે પ્રમાણ સંવત્સર પાંચ ભેદે કહેલ છે, તે આ પ્રમાણે-નક્ષત્ર સંવત્સર,***

***ઋતુ સંવત્સર, ચંદ્ર સંવત્સર, સૂર્ય સંવત્સર અને અભિવર્ધિત સંવત્સર.***

● **વિવેચન-૭૮ :-**

પ્રમાણ સંવત્સર પાંચ ભેદે કહેલ છે — નક્ષત્ર સંવત્સર, ઋતુસંવત્સર ઈત્યાદિ.

તેમાં નક્ષત્ર, ચંદ્ર અને અભિવર્દ્ધિત સંવત્સરોનું સ્વરૂપ પૂર્વે કહેલ છે, હવે ઋતુ સંવત્સર અને સૂર્ય સંવત્સર, બંનેનું સ્વરૂપ કહીએ છીએ. તે આ છે —

બે ઘટિકાનું એક મુહૂર્ત, ૩૦-મુહૂર્ત્તનું અહોરાત્ર, પરિપૂર્ણ પંદર અહોરાત્રનો એક પક્ષ, બે પક્ષનો માસ, બાર માસનો સંવત્સર. જે સંવત્સરમાં ૩૬૦ પરિપૂર્ણ અહોરાત્ર થાય તે ઋતુ સંવત્સર.

ઋતુઓ લોકપ્રસિદ્ધ વસંતાદિ છે. તે વડે પ્રધાન તે ઋતુ સંવત્સર. આના બીજા પણ બે નામો છે. તે આ પ્રમાણે — કર્મ સંવત્સર, સવન સંવત્સર.

તેમાં કર્મ સંવત્સર લૌકિક વ્યવહારથી પ્રધાન સંવત્સર છે, તે કર્મ સંવત્સર. લોકો જ પ્રાયઃ બધાં, આ જ સંવત્સર વડે વ્યવહાર કરે છે. તથા આમાં રહેલ માસને આશ્રીને બીજે પણ કહેલ છે કે — નિરંસતાથી કર્મ માસ વ્યવહારકારક લોકમાં છે, બાકીના સંસયથી વ્યવહાર દુષ્કર છે.

સવન - કર્મમાં પ્રેરણ, તેથી પ્રધાન સંવત્સર તે સવન સંવત્સર એવું. તેનું નામ છે. કહ્યું છે કે — બે નાલિકા મુહૂર્ત્ત, ન્યૂન ૬૦ નાલિકા અહોરાત્ર, પંદર અહોરાત્રનો પક્ષ, ૩૦ દિવસનો માસ. બાર માસનો સંવત્સર. તેના ૨૪-પક્ષો થાય. ૩૬૦ અહોરાત્ર થાય. આ કર્મ કહેલ છે, નિયમા કર્મનો સંવત્સર છે. કર્મ, સાવણ અને ઋતુ એ તેના નામો છે.

તથા જેટલા કાળથી છ એ પ્રાવૃષ્ આદિ ઋતુ પરિપૂર્ણ પ્રાવૃત્ત થાય છે, તેટલો કાળ વિશેષ આદિત્ય [સૂર્ય] સંવત્સર છે. કહ્યું છે કે છ ઋતુ પરિવર્ત્ત, આ સંવત્સર આદિત્ય છે. તેમાં જો કે લોકમાં ૬૦ અહોરાત્ર પ્રમાણ પ્રાવૃષ્ આદિ ઋતુ પ્રસિદ્ધ છે, તો પણ પરમાર્થથી તે ૬૧ અહોરાત્ર પ્રમાણ જાણવી. કેમકે તે પ્રમાણે ઉત્તરકાળનું અવ્યભિચાર દર્શન છે. તેથી આ સંવત્સરમાં ૩૬૬ રાત્રિ દિવસના બાર માસ વડે સંવત્સર થાય છે.

તથા બીજે પણ પાંચે સંવત્સરોમાં જે કહ્યું તે રાત્રિદિવસનું પરિમાણ કહેવું — ૩૬૬ અહોરાત્રનું ભાસ્કર વર્ષ થાય છે. ૩૬૦નું વળી કર્મ સંવત્સર થાય છે ૩૫૪ અહોરાત્રનું નિયમથી ચંદ્ર સંવત્સર $^{૧૨}/_{૬૨}$ ભાગ અધિકથી છે. ૩૨૭ અહોરાત્રનું નક્ષત્ર સંવત્સર $^{૫૧}/_{૬૭}$ ભાગથી અધિક છે. ૩૮૩ અહોરાત્ર અને $^{૪૪}/_{૬૨}$ ભાગ અધિક અભિવૃદ્ધિ સંવત્સર થાય.

આ ચારે પણ ગાથા સુગમ છે.

આ પ્રત્યેક સંવત્સરનું અહોરાત્ર પ્રમાણ આગળ પણ કહીશું પરંતુ અહીં પ્રસ્તાવથી કહ્યું.

હવે શિષ્યજનના અનુગ્રહને માટે સંવત્સર સંખ્યાથી માસ સંખ્યા દર્શાવીએ



છીએ.

તેમાં સૂર્ય સંવત્સરના પરિમાણ ૩૬૬ અહોરાત્ર અને બારમાસ વડે સંવત્સર થાય. તેમાં ૩૬૬ને ૧૨ ભાગ વડે ભાગ દેવાથી પ્રાપ્ત થશે-૩૦. બાકી રહે છે છ. તેને અડધા કરતાં થશે બાર. તેથી પ્રાપ્ત એક દિવસના અર્દ્ધ, એટલા પ્રમાણ સૂર્યમાસ.

કર્મ સંવત્સરનું પરિમાણ ૩૬૦ અહોરાત્ર. તેના બાર ભાગ કરાતા પ્રાપ્ત ૩૦-અહોરાત્ર, આટલું કર્મમાસ પરિમાણ છે.

ચંદ્ર સંવત્સરનું પરિમાણ ૩૫૪ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૧૨}/_{૬૨}$ ભાગ છે. તેમાં ૩૫૪ને ૧૨ વડે ભાગ દેવાતા પ્રાપ્ત ૨૯ અહોરાત્ર અને શેષ વધે છે ૬-અહોરાત્ર. તેના ૬૨ ભાગ કરવાને ૬૨ વડે ગુણીએ, તેથી ૩૭૨ આવશે. જે $^{૧૨}/_{૬૨}$ ભાગની ઉપરની રાશિ, તેમાં ઉમેરીએ, તેથી થશે ૩૮૪. તેમાં ૧૨ વડે ભાગ દેવાતા પ્રાપ્ત થશે $^{૩૨}/_{૬૨}$ ભાગ. તે ચંદ્રમાસ પરિમાણ.

નક્ષત્ર સંવત્સરનું પરિમાણ ૩૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૫૧}/_{૬૭}$ ભાગ. તેમાં ૩૨૭ને ૧૨ વડે ભાગ દેવાતા પ્રાપ્ત થશે ૨૭ અહોરાત્ર. શેષ વધે છે ત્રણ. તેથી તેના પણ ૬૭ ભાગ કરવાને ૬૭ વડે ગુણીએ, તો થશે ૨૦૧. જે પણ ઉપરના ભાગ ૫૧-છે, તેને તેમાં ઉમેરીએ, તો થશે ૨૫૨. તે પણ ૧૨ વડે ભાંગતા પ્રાપ્ત થશે $^{૨૧}/_{૬૭}$ ભાગ. આટલું નક્ષત્ર માસ પરિમાણ છે.

અભિવર્દ્ધિત સંવત્સરનું પરિમાણ ૩૮૩ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૪૪}/_{૬૨}$ ભાગ. તેમાં ૩૮૩ને બાર વડે ભાગ દેવાતા પ્રાપ્ત થશે ૩૧-અહોરાત્ર અને શેષ રહેશે ૧૧ અહોરાત્ર. તેના ૧૨૪ ભાગ કરવાને માટે ૧૨૪ વડે ગુણીએ. તેથી આવશે ૧૩૬૪. જે પણ ઉપરના $^{૪૪}/_{૬૨}$ ભાગ છે, તે પણ ૧૨૪ ભાગ કરવા માટે બે વડે ગુણીએ, તેથી થશે-૮૮. તે અનંતર રાશિમાં ઉમેરીએ. તેથી આવશે ૧૪૫૨. તેને ૧૨-વડે ભાગ કરીએ. તો ૧૨૧ સંખ્યા આવશે અને ૧૨૪ ભાગ થશે. આટલું અભિવર્દ્ધિત માસ પરિમાણ છે.

તેથી કહ્યું છે — સૂર્ય માસ સાર્દ્ધત્રીશ, સાવણ ત્રીશ, ચંદ્ર-૨૯ અને $^{૩૨}/_{૬૨}$ ભાગ. નક્ષત્ર માસ ૨૭-અહોરાત્ર અને $^{૨૧}/_{૬૭}$. અભિવર્દ્ધિત માસ ૩૧-અહોરાત્ર અને $^{૧૨૧}/_{૧૨૪}$ ભાગ.

હવે આ પાંચ સંવત્સરથી પૂર્વોક્ત સ્વરૂપ યુગ-પાંચ સંવત્સરાત્મક માસને આશ્રીને મપાય છે.

તેમાં યુગ-પૂર્વોક્ત સ્વરૂપ જો સૂર્ય માસ વડે ભાગ કરાય, તેથી ૬૦ સૂર્ય માસનો યુગ થાય. કહે છે — સૂર્યમાસમાં આર્દ્ધ-૩૦ અહોરાત્રનો યુગ અને અહોરાત્ર ૧૮૩૦ થાય છે. આ કઈ રીતે જાણવું ? તે કહે છે —

આ યુગમાં ત્રણ ચંદ્ર સંવત્સર, બે અભિવર્દ્ધિત સંવત્સર, એકૈક ચંદ્ર સંવત્સરમાં અહોરાત્ર ૩૫૪ તથા એક અહોરાત્રના $^{૧૨}/_{૬૨}$ ભાગ થાય. આને ત્રણ વડે ગુણીએ, તેનાથી ૧૦૬૨ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૩૬}/_{૬૨}$ ભાગ.

અભિવર્દ્ધિત સંવત્સરમાં એકૈક અહોરાત્રમાં ૩૮૩-અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૪૪}/_{૬૨}$ ભાગ. પછી આને બે વડે ગુણતાં થશે ૭૬૭ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૨૬}/_{૬૨}$ ભાગ.

એ પ્રમાણે ત્રણ ચંદ્ર સંવત્સર અને બે અભિવર્દ્ધિત સંવત્સરના અહોરાત્રના મળવાથી ૧૮૩૦ અહોરાત્ર થશે.

સૂર્યમાસના પૂર્વોક્ત રીતે સાર્દ્ધત્રીશ અહોરાત્રમાન થાય, તેનો ભાગ કરાતા સ્પષ્ટ ૬૦ની પ્રાપ્તિ. તે કહે છે – ૧૮૩૦નું અર્દ્ધ કરવા માટે બે વડે ગુણતાં ૩૬૬૦ અને ૩૦ ને અર્દ્ધિકરણ માટે બે વડે ગુણતાં ૬૦ થાય. એક ઉમેરતાં ૬૧. તેના વડે પૂર્વોક્ત રાશિનો ભાગ કરાતા પ્રાપ્ત થાય-૬૦. તેથી એક યુગમાં સૂર્યમાસો સાઈઠ રહેશે.

સાવન માસના ૬૧, કેમકે ૩૦ દિનમાન છે. તેના ૧૮૩૦ના ૩૦ વડે ભાગ દેવાથી ૬૧ પ્રાપ્ત થાય.

ચંદ્રમાસ-૬૨. કેમકે ૧૯ અહોરાત્ર વડે $^{૨૯}/_{૬૨}$ ભાગથી અધિકમાસ. કેમકે યુગદિનોના તે વડે ભાગના ૬૨-આવે. કઈ રીતે ? ૧૮૩૦ના ૬૨-ભાગ કરવા માટે ગુણાકારમાં ૧,૧૩,૧૬૬. ચંદ્રમાસના પણ ભાગ કરવાને માટે ૬૨ વડે ૨૯ ગુણતાં અને ઉમેરતાં ૧૮૩૦ થાય તે ભાવ છે ઈત્યાદિ - x -

નક્ષત્રમાસ-૬૭, કઈ રીતે ? નક્ષત્ર માસ ૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૨૧}/_{૬૭}$ ભાગ વડે છે. તેમાં ૨૭-અહોરાત્રના ૬૭-ભાગ કરવાને માટે ૬૭ વડે ગુણીએ. તેથી થશે-૧૮૦૯. પછી ઉપરના $^{૨૧}/_{૬૭}$ ભાગો તેમાં ઉમેરીએ. તેથી થશે ૧૮૩૦. યુગના પણ સંબંધી ૧૮૩૦ અહોરાત્રો ૬૭ વડે ગુણીએ. તેથી ૧,૨૨,૬૧૦ સંખ્યા આવશે. આ સંખ્યાને ૧૮૩૦ નક્ષત્ર માસ હોતા ૬૭ ભાગ વડે ભાગ દેતા, આવશે-૬૭ ભાગ.

તથા જો યુગને અભિવર્દ્ધિત માસ વડે ભાંગીએ, ત્યારે અભિવર્દ્ધિત માસ યુગમાં થાય છે ૭૫૭ અહોરાત્ર, ૧૧-મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના $^{૨૩}/_{૬૨}$ ભાગ. તેથી કહે છે –

અભિવર્દ્ધિત માસ પરિમાણ ૩૧-અહોરાત્ર, $^{૧૨૧}/_{૧૨૪}$ ભાગ એક અહોરાત્રના અધિક. તથી કહે છે – અભિવર્દ્ધિત માસ પરિમાણ જે કહ્યું - x -. તેના ૩૧ અહોરાત્રના ૧૨૪ ભાગ કરવા માટે ૧૨૪ વડે ગુણીએ. તેનાથી થશે-૩૮૪૪. પછી ઉપરના ૧૨૧ ભાગોને તેમાં ઉમેરીએ. તેથી આવશે-૩૯૬૫. જે એક યુગમાં ૧૮૩૦ અહોરાત્રો છે, તેને ૧૨૪ વડે ગુણીએ. તેનાથી આવશે ૨,૨૬,૯૨૦. પછી આ સંખ્યાને ૩૯૬૫ અભિવર્દ્ધિત માસ હોતાં ૧૨૪ ભાગરૂપે ભાગ દઈએ. પ્રાપ્ત થશે-૫૭ માસ. બાકી રહેશે ૯૧૫. તેના અહોરાત્ર કરવા માટે ૧૨૪ વડે ભાગ દઈએ. પ્રાપ્ત થશે સાત રાત્રિદિવસ. શેષ રહેશે $^{૪૭}/_{૧૨૪}$ ભાગ. તેમાં ચાર ભાગ વડે એક ભાગના $^{૪}/_{૩૦}$ ભાગ વડે મુહૂર્ત્ત થાય છે.

તેથી કહે છે – એક અહોરાત્રમાં ૩૦ મુહૂર્ત્તો અને અહોરાત્રના ૧૨૪ ભાગો



કલ્પિત કરી, પછી તે ૧૨૪ને ૩૦ ભાગ વડે ભાગ દેતા પ્રાપ્ત ચાર ભાગ અને એક ભાગના $^{૪}/_{૩૦}$ ભાગો. તેમાં ૪૫ ભાગ વડે એક ભાગના હોતાં $^{૧૪}/_{૩૦}$ ભાગ વડે ૧૧-મુહૂર્ત્તો પ્રાપ્ત થતા, બાકી રહેશે એક ભાગ અને એક ભાગના હોતા $^{૧૬}/_{૩૦}$ ભાગ. અર્થાત્ શું કહે છે ?

$^{૪૬}/_{૩૦}$ ભાગમાં એક ભાગના હોતા શેષ રહે છે અને તે મુહૂર્ત્તના ૧૨૪ ભાગરૂપ, પછી $^{૪૬}/_{૧૨૪}$ ની બે વડે અપવર્તના કરીએ તો, મુહૂર્ત્તના $^{૨૩}/_{૬૨}$ ભાગ પ્રાપ્ત થશે.

અન્યત્ર પણ આ કહ્યું છે – તેમાં, પાંચ માન સંવત્સર-પ્રમાણ સંવત્સર વડે - સૂર્ય, ચંદ્ર સંવત્સરથી. પૂર્વે પ્રતિસંખ્યાત સ્વરૂપ વડે પ્રતિગણ્યમાન સૂર્યાદિ માસ વડે વિભાગ કરતા જે માસ થાય, તે કહેવો.

આદિત્ય સાઈઠ માસથી, ઋતુના ૬૧, ચંદ્રના-૬૨, નક્ષત્રના-૬૭, અભિવૃદ્ધિના ૫૭ માસ અને ૭-અહોરાત્ર તથા ૧૧-મુહૂર્ત્તો, $^{૨૩}/_{૬૨}$ ભાગ જાણવા.

હવે લક્ષણ સંવત્સર કહે છે –

**● સૂત્ર-૭૯ થી ૮૫ :-**

***[૭૯] તે લક્ષણ સંવત્સર પાંચ ભેદે છે – નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય, અભિવૃદ્ધિ.***

***તે નક્ષત્ર સંવત્સર પાંચ ભેદે કહેલ છે, તે આ –***

***[૮૦] સમગ્ર નક્ષત્ર યોગ કરે છે, સમગ્ર ઋતુ પરિણમે છે. અતિઉષ્ણ-અતિશીત નહીં એવા બહૂદક નક્ષત્ર હોય છે.***

***[૮૧] ચંદ્ર સમગ્ર પૂર્ણમાસીમાં વિષમચારી નક્ષત્રથી યોગ કરે છે, કટુક બહૂદક પણ, તેને ચંદ્ર સંવત્સર કહે છે.***

***[૮૨] વિષમ પ્રવાલ પરિણમે છે, ઋતુ રહિત પુષ્પફળ આપે છે, વર્ષા બધે સમ ન વરસે, તે કર્મ સંવત્સર છે.***

***[૮૩] આદિત્ય સંવત્સરમાં પૃથ્વી અને પાણીનો રસ તથા પુષ્પ-ફળ આપે છે. અલ્પ વર્ષાથી પણ સસ્યની સારી નિષ્પત્તિ થાય છે.***

***[૮૪] અભિવર્દ્ધિત સંવત્સરમાં સૂર્યનો તાપ તેજ હોય છે. ક્ષણલવ દિવસમાં ઋતુ પરિવર્તિત થાય છે. નિમ્ન થલજની પૂર્તિ કરે છે, તેને અભિવર્દ્ધિત જાણવું.***

***[૮૫] તે શનૈશ્ચર સંવત્સર અઠ્ઠાવીશ પ્રકારે છે. તે આ – અભિજિત્, શ્રવણ યાવત્ ઉત્તરાષાઢા, અથવા શનૈશ્ચર મહાગ્રહ ૩૦-સંવત્સર વડે સર્વ નક્ષત્રમંડલને સમાપ્ત કરે છે.***

**● વિવેચન-૭૯ થી ૮૫ :-**

લક્ષણ સંવત્સર પાંચ ભેદે કહેલ છે. તે પંચવિધત્વ પૂર્વે કહેલ જ જાણવું. તે આ પ્રમાણે - નક્ષત્ર સંવત્સર ઈત્યાદિ.

અહીં શું કહે છે? કેવળ આ નક્ષત્ર આદિ સંવત્સરો જ યથોક્ત અહોરાત્ર

પરિમાણવાળા થતા નથી. પણ તેનાથી પૃથક્‌ભૂત બીજા પણ લક્ષણોથી યુક્ત છે. તેથી લક્ષણ સંવત્સર પૃથક્ પાંચ ભેદે થાય છે. તેમાં પહેલાં નક્ષત્ર સંવત્સર કહે છે—

તેમાં નક્ષત્ર સંવત્સરને આશ્રીને પાંચ ભેદે કહેલ છે અર્થાત્ નક્ષત્ર સંવત્સરના પંચવિધ લક્ષણો કહેલા છે. તે આ — જે સંવત્સરમાં સમક-એક કાળે જ ઋતુ સાથે જતાં ઉત્તરાષાઢા આદિ નક્ષત્રો ચંદ્રની સાથે યોગ કરે છે. એ રીતે તે પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે. તથા સમક-એક કાળે જ તેના-તેના વડે પરિસમાપ્ત કરતાં પૂર્ણિમા સાથે નિદાઘ આદિ ઋતુઓ પરિસમાપ્તિને લઈ જાય છે.

અહીં આ ભાવના છે - જે સંવત્સરમાં નક્ષત્ર માસ સદૃશનામક વડે તે-તે ઋતુનો પર્યન્તવર્તી માસ પરિસમાપ્ત થાય છે. તેમાં તે-તે પૂર્ણિમાને પરિસમાપ્તિમાં તે-તે પૂર્ણિમા સાથે ઋતુ પણ નિદાઘાદિને પરિસમાપ્ત કરે છે.

જેમ ઉત્તરાષાઢા નક્ષત્ર આષાઢી પૂર્ણિમાને પૂરી કરે છે, તે આષાઢીપૂર્ણિમા સાથે નિદાઘ ઋતુ પણ સમાપ્તિને પામે છે, તે નક્ષત્ર સંવત્સર, નક્ષત્રના અનુરોધથી તેના તથા તથા પરિણમમાનપણાથી કહેલ છે. આના દ્વારા બે લક્ષણો કહેલા જાણવા. - તથા -

જેમાં ઉષ્ણરૂપ પરિતાપ વિદ્યમાન નથી, તે ન અતિ ઉષ્ણ તથા જેમાં અતિશય શીત વિદ્યમાન નથી, તે ન અતિશીત, ઘણું ઉદક જેમાં છે તે બહૂદક, એ રૂપ પાંચ સમગ્ર લક્ષણ વડે યુક્ત નક્ષત્ર સંવત્સર થાય છે.

હવે ચંદ્ર સંવત્સર લક્ષણ કહે છે — જે સંવત્સરમાં નક્ષત્રો, વિષમચારી-માસ વિસદૃશનામો, ચંદ્રની સાથે યોગને પામે છે. તે-તે પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે. જે કટુક-શીત, આતપ રોગાદિ દોષ બહુલતાથી પરિણામ દારુણ અને બહૂદક, તેને મહર્ષિઓએ ચંદ્ર સંબંધી સંવત્સર કહેલ છે. ચંદ્રના અનુરોધથી તેમાં માસોની પરિસમાપ્તિ ભાવથી છે, માસ સદૃશ નામના નક્ષત્રના અનુરોધથી નહીં.

હવે કર્મ સંવત્સર લક્ષણ કહે છે — જે સંવત્સરમાં વનસ્પતિઓ વિષમકાળ પલ્લવ અંકુર, તેની યુક્તતાથી પરિણમે છે તથા સ્વ-સ્વ ઋતુના અભાવમાં પણ પુષ્પ અને ફળને આપે છે. તથા જે સંવત્સરમાં મેઘ સમ્યક્ પાણી વર્ષાવતો નથી, તેને મહર્ષિઓએ કર્મ સંવત્સર કહેલ છે.

હવે સૂર્ય સંવત્સરલક્ષણ કહે છે — પૃથ્વીના ઉદકના તથા પુષ્પો અને ફળોના રસ, આદિત્ય સંવત્સર આપે છે, તથા થોડી પણ વર્ષા વડે સસ્ય [એક ધાન્ય]નું નિષ્પાદન કરે છે. - x - અર્થાત્ શું કહે છે ?

જે સંવત્સરમાં પૃથ્વી તથાવિધ ઉદકના સંપર્કથી અતીવ સ-રસ થાય છે, ઉદક પણ પરિણામે સુંદર રસયુક્ત પરિણમે છે, મધૂકાદિ સંબંધી પુષ્પો, ચૂતફલાદિ ફળો પ્રચુર રસ સંભવે, થોડી જ વર્ષા વડે ધાન્ય બધે સમ્યક્ નિષ્પન્ન થાય, તે આદિત્ય સંવત્સર છે, તેમ પૂર્વ ઋષિ કહે છે.

અભિવર્દ્ધિત સંવત્સર લક્ષણ કહે છે — જે સંવત્સરમાં ક્ષણલવ દિવસો



ઋતુઓ આદિત્યના તેજથી કરીને અતીવ તપ્તપણે પરિણમે છે અને જે બધાં જ નિમ્ન સ્થાનો છે, તે જળ વડે પૂરી દે છે. તે સંવત્સરને અભિવર્દ્ધિત સંવત્સર જાણ, તેમ પૂર્વ ઋષિઓએ કહેલ છે.

એ પ્રમાણે લક્ષણ સંવત્સર કહ્યું.

હવે શનૈશ્ચર સંવત્સરને કહે છે — શનૈશ્ચર સંવત્સર અઠ્ઠાવીસ ભેદે કહેલ છે. તે આ પ્રમાણે — અભિજિત્ શનૈશ્ચર સંવત્સર, શ્રવમ શનૈશ્ચર સંવત્સર એ પ્રમાણે યાવત્ ઉત્તરાષાઢા શનૈશ્ચર સંવત્સર. તેમાં જે સંવત્સરમાં અભિજિત નક્ષત્રની સાથે શનૈશ્ચર યોગને પામે છે, તે અભિજિત્ શનૈશ્ચર સંવત્સર, શ્રવણ નક્ષત્ર સાથે જે સંવત્સરમા ંયોગને પામે છે, તે શ્રવણ શનૈશ્ચર સંવત્સર. એ પ્રમાણે બધે જ ભાવના કરવી જોઈએ.

'वा' શબ્દ બીજા પ્રકારને જણાવવા માટે છે. તે સર્વ નક્ષત્ર મંડલ શનૈશ્ચર મહાગ્રહ ત્રીશ સંવત્સર વડે પૂર્ણ કરે છે. આટલો કાળ વિશેષ ૩૦ વર્ષ પ્રમાણ શનૈશ્ચર સંવત્સર છે.

**૦ પ્રાભૃતપ્રાભૃત-૨૦નો સટીક અનુવાદ પૂર્ણ ૦**

## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૨૧ ❁

૦ એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું વીસમું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે એકવીસમાંનો આરંભ કરે છે. તેના આ અર્થાધિકાર છે. જેમકે "નક્ષત્રચક્રના દ્વારો કહેવા." તે વિષયક સૂત્ર —

● **સૂત્ર-૮૬ :-**

***ભગવન્ ! નક્ષત્ર જ્યોતિષ્‌ના દ્વાર કઈ રીતે કહ્યા છે ? તેમાં આ પાંચ પ્રતિપત્તિઓ કહી છે —***

***તેમાં (૧) એક એ પ્રમાણે કહે છે કે — કૃત્તિકાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે. (૨) બીજો વળી એમ કહે છે કે — મઘાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે. (૩) ત્રીજો વળી એમ કહે છે કે — ધનિષ્ઠા આદિ સાત નક્ષત્રો પૂર્વ દ્વારિકા કહેલા છે. (૪) ચોથો વળી એમ કહે છે કે — અશ્વિની આદિ સાત નક્ષત્રો પૂર્વ દ્વારિકા કહેલા છે અને (૫) પાંચમો વળી કોઈ કહે છે કે — ભરણી આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા અર્થાત્ પૂર્વદ્વારવાળા કહેલા છે.***

***તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે — કૃત્તિકાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે, તેઓ એમ કહે છે કે — કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય અને આશ્લેષા.***

***સાત નક્ષત્રો દક્ષિણદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે — મઘા, પૂર્વાફાલ્ગુની,***

*ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા.*

*અનુરાધા આદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત્ અને શ્રવણ.*

*ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – ધનિષ્ઠા, શતભિષજ, પૂર્વાપ્રૌષ્ઠપદા, ઉત્તરાપ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની અને ભરણી.*

*તેમાં જેઓ એ પ્રમાણે કહે છે કે – મઘાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે, તેઓ એમ કહે છે કે – મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતી, વિશાખા, [ઉત્તરા ફાલ્ગુની]*

*અનુરાધાદિ સાત નક્ષત્રો દક્ષિણ દ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત્ અને સાતમું શ્રવણ નક્ષત્ર.*

*ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિકા કહેલા છે, તે આ પ્રમાણે – ધનિષ્ઠા, શતભિષજ્, પૂર્વા પ્રૌષ્ઠપદા, ઉત્તરાપ્રૌષ્ઠપદા, રેવતી, અશ્વિની અને ભરણી.*

*કૃતિકાદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલ છે. તે આ રીતે – કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા.*

*તેમાં જેઓ એમ કહે છે કે – ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલ છે, તેઓ એમ કહે છે – ધનિષ્ઠા, શતભિષજ્, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, રેવતી, અશ્વિની, ભરણી.*

*કૃતિકાદિ સાત નક્ષત્રો દક્ષિણ દ્વારિકા કહેલા છે, તે આ રીતે – કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા.*

*મઘાદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિકા કહેલા છે, તે આ રીતે – મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા.*

*અનુરાધાદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલ છે, તે આ રીતે – અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત્, શ્રવણ.*

*તેમાં જેઓ એમ કહે છે કે – અશ્વિની આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે, તેઓ આ પ્રમાણે કહે છે – અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ.*

*પુષ્ય આદિ સાત નક્ષત્રો દક્ષિણદ્વારિકા કહેલા છે, તે આ – પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા.*

*સ્વાતિ આદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિકા કહેલા છે, તે આ રીતે – સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા.*

*અભિજિત્ આદિ સાત નક્ષત્રો ઉત્તર દ્વારિકા કહ્યા છે, તે આ – અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજ, પૂર્વાભાદ્રપદા, ઉત્તરા ભાદ્રપદા અને રેવતી.*



*તેમાં જેઓ એમ કહે છે કે – તે ભરણી આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહ્યા છે, તે આ પ્રમાણે – ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય.*

*આશ્લેષાદિ સાત નક્ષત્રો દક્ષિણ દ્વારિકા કહ્યા છે, તે આ – આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ.*

*વિશાખાદિ સાત નક્ષત્રો પશ્ચિમદ્વારિકા કહેલા છે, તે આ – વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજત.*

*શ્રવણાદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલા છે, તે આ રીતે – શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજા, પૂર્વા-ઉત્તરા પ્રૌષ્ઠપદ, રેવતી, અશ્વિની.*

*જ્યારે અમે [ભગવંત] એમ કહે છે કે – અભિજિત્ આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારિકા કહેલા છે – અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષજ્, પૂર્વાપ્રૌષ્ઠપદા, ઉત્તરાપ્રૌષ્ઠપદા, રેવતી. અશ્વિની આદિ સાત નક્ષત્રો દક્ષિણદ્વારિકા કહેલા છે – અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશિર, આર્દ્રા, પુનર્વસુ. પુષ્ય આદિ સાત નક્ષત્રો પશ્ચિમ દ્વારિકા કહેલા છે, તે આ રીતે – પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ આદિ સાત નક્ષત્રો ઉત્તરદ્વારિકા કહેલા છે – સ્વાતિ, વિશાખા, અનુરાધા, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા.*

**● વિવેચન-૮૬ :-**

ક્યા ક્રમથી જ્યોતિષ્-નક્ષત્ર ચક્રના દ્વારો કહેલા છે ? એમ પૂછતા ભગવંત આ વિષયમાં જેટલી પરતીર્થિકોની પ્રતિપત્તિઓ છે, તેટલી દર્શાવે છે – દ્વાર વિચાર વિષયમાં વક્ષ્યમાણ સ્વરૂપની પાંચ પરતીર્થિક પ્રતિપત્તિઓ કહી છે. તે ક્રમથી કહે છે –

તે પાંચ પરતીર્થિક સંઘાતમાં એક કહે છે – કૃતિકાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારક કહેલા છે. અહીં જે નક્ષત્રોમાં પૂર્વ દિશામાં જતાં પ્રાયઃ શુભ થાય, તે પૂર્વદ્વારો. એ પ્રમાણે દક્ષિણાદિ કહેવા.

અહીં ઉપસંહારમાં કહે છે – એક એ પ્રમાણે કહે છે.

વળી એક કહે છે – અનુરાધાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારવાળા કહેલા છે. - x - ઉપસંહાર વાક્ય બધે જોડવું. વળી એક એમ કહે છે – ધનિષ્ઠાદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારવાળા છે. વળી એક કહે છે – અશ્વિની આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારક છે. વળી એક કહે છે – ભરણી આદિ સાત નક્ષત્રો પૂર્વદ્વારવાળા છે. પાંચે મતોની ભાવનિક સુગમ છે.

ભગવંત સ્વમત કહે છે – તે પાઠસિદ્ધ છે.

**૦ પ્રાભૃતપ્રાભૃત-૨૧-નો સટીક અનુવાદ પૂર્ણ ૦**

## ❁ પ્રાભૃત-૧૦, પ્રાભૃતપ્રાભૃત-૨૨ ❁

એ પ્રમાણે દશમાં પ્રાભૃતનું ૨૧-મું પ્રાભૃતપ્રાભૃત કહ્યું. હવે બાવીશમું આરંભે છે - તેનો આ અર્થાધિકાર છે — ''નક્ષત્રોનો વિચય કહેવો.'' તેથી તે વિષયક પ્રશ્ન સૂત્ર કહે છે —

● **સૂત્ર-૮૭ :-**

*તે નક્ષત્રવિચય કઈ રીતે કહેલ છે ? આ જંબૂદ્વીપ દ્વીપ યાવત્ પરિક્ષેપથી છે. જંબૂદ્વીપ દ્વીપમાં બે ચંદ્રો પ્રભાસિત થયા, પ્રભાસિત થાય છે, પ્રભાસિત થશે. બે સૂર્યો તપ્યા, તપે છે, તપશે. ૫૬ નક્ષત્રોએ યોગ કર્યો - કરે છે - કરશે. તે આ પ્રમાણે —*

*બે અભિજિત્, બે શ્રવણ, બે ધનિષ્ઠા, બે શતભિષજ્, બે પૂર્વાપ્રૌષ્ઠપદા, બે ઉત્તરાપ્રૌષ્ઠપદા, બે રેવતી, બે અશ્વિની, બે ભરણી, બે કૃતિકા, બે રોહિણી, બે મૃગશિર, બે આર્દ્રા, બે પૂનર્વસુ, બે પુષ્ય, બે આશ્લેષા, બે મઘા, બે પૂર્વાફાલ્ગુની, બે ઉત્તરાફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે સ્વાતિ, બે અનુરાધા, બે જ્યેષ્ઠા, બે મૂલ, બે પૂર્વાષાઢા, બે ઉત્તરાષાઢા.*

*આ ૫૬-નક્ષત્રોમાં એવા પણ નક્ષત્રો છે, જે નવ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના $^{૨૭}/_{૬૭}$ ભાગ ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ૧૫ મુહૂર્ત્ત ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે ત્રીશ મુહૂર્ત્ત છે, જે ચંદ્ર સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે જે ૪૫-મુહૂર્ત્ત ચંદ્ર સાથે યોગ કરે છે.*

*આ ૫૬-નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે, જે નવ મુહૂર્ત્ત અને મુહૂર્ત્તના $^{૨૭}/_{૬૭}$ ભાગ ચંદ્ર સાથે યોગ કરે છે ? કેટલાં નક્ષત્રો પંદર મુહૂર્ત્ત ચંદ્ર સાથે યોગ કરે છે ?, કેટલા નક્ષત્રો છે, જે ૩૦-મુહૂર્ત્ત ચંદ્ર સાથે યોગ કરે છે ? કેટલાં નક્ષત્રો છે, જે ૪૫-મુહૂર્ત્ત ચંદ્ર સાથે યોગ કરે છે ?*

*આ ૫૬-નક્ષત્રોમાં જે નક્ષત્રો ૯-$^{૨૭}/_{૬૭}$ મુહૂર્ત્તથી ચંદ્ર સાથે યોગ કરે છે, તે નક્ષત્રો-બે અભિજિત છે.*

*જે નક્ષત્રો ૧૫-મુહૂર્ત્તથી ચંદ્ર સાથે યોગ કરે છે, તેવા ૧૨-છે. તે આ પ્રમાણે - બે શતભિષજ્, બે ભરણી, બે આર્દ્રા, બે આશ્લેષા, બે સ્વાતિ અને બે જ્યેષ્ઠા.*

*જે નક્ષત્રો ૩૦ મુહૂર્ત્તથી ચંદ્ર સાથે યોગ કરે છે, તે ૩૦-છે. તે આ રીતે — બે શ્રવણ, બે ધનિષ્ઠા, બે પૂર્વભાદ્રપદ, બે રેવતી, બે અશ્વિની, બે કૃતિકા, બે મૃગશિર, બે પુષ્ય, બે મઘા, બે પૂર્વા ફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે અનુરાધા, બે મૂલ, બે પૂર્વાષાઢા.*

*જે નક્ષત્રો ૪૫-મુહૂર્ત્ત ચંદ્ર સાથે યોગ કરે છે, તે બાર છે. તે આ રીતે — બે ઉત્તરાપ્રૌષ્ઠપદા, બે રોહિણી, બે પુનર્વસુ, બે ઉત્તરાફાલ્ગુની, બે વિશાખા, બે ઉત્તરાષાઢા.*



*આ ૫૬-નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે, જે ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત્તોમાં સૂર્યની સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે છ અહોરાત્ર અને ૨૧-મુહૂર્ત્ત સૂર્ય સાથે યોગ કરે છે. એવા પણ નક્ષત્રો છે, જે વીસ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત્તમાં સૂર્ય સાથે યોગ કરે છે.*

*આ ૫૬-નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો છે, જે૦ ઈત્યાદિ બધું પૂર્વવત્ કહેવું. - - - આ ૫૬-નક્ષત્રોમાં જે નક્ષત્રો ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત્તોમાં સૂર્ય સાથે યોગ કરે છે, તે બે અભિજિત્ છે. જે નક્ષત્રો છ અહોરાત્ર અને ૨૧-મુહૂર્ત્તમાં સૂર્ય સાથે યોગ કરે છે તે બાર છે. તે આ રીતે — બે શતભિષજ્, બે આર્દ્રા, બે આશ્લેષા, બે સ્વાતિ, બે વિશાખા, બે જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો તેર અહોરાત્ર, બાર મુહૂર્ત્તમાં સૂર્ય સાથે યોગ કરે છે, તે ત્રીશ છે. તે આ — બે શ્રવણ યાવત્ બે પૂર્વાષાઢા. તેમાં જે નક્ષત્રો ૨૦-અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત્તમાં સૂર્ય સાથે યોગ કરે છે, તે બાર છે — બે ઉત્તરા પ્રૌષ્ઠપદા યાવત્ બે ઉત્તરાષાઢા.*

● **વિવેચન-૮૭ :-**

ક્યા નક્ષત્ર સ્વભાવથી સ્વરૂપ નિર્ણયમાં વર્તે છે બીજે પણ કહ્યું છે — વિચય - તેના અર્થનો નિર્ણય. નક્ષત્રવિચય-નક્ષત્રોનો સ્વરૂપ નિર્ણય કહેલો છે, તેમ કહેવું ? ભગવંતે કહ્યું — આ જંબૂદ્વીપ૦ વાક્ય પરિપૂર્ણ સ્વયં વિચારવું.

તેમાં જંબૂદ્વીપમાં બે ચંદ્રો પ્રભાસિત થયા - છે - થશે. બે સૂર્યો તપ્યા હતા - છે - તપશે. ૫૬ નક્ષત્રોએ ચંદ્રાદિ સાથે યોગ કરેલો - કરે છે - કરશે. તે જ ૫૬-નક્ષત્રો બતાવેલ છે.

આ ભરતક્ષેત્રમાં પ્રતિદિન ૨૮-નક્ષત્રો ચાર ચરે છે. તેથી પૂર્વે આ દશમા પ્રાભૃતના બીજા પ્રાભૃતપ્રાભૃતમાં ૨૮-નક્ષત્રોએ ચંદ્ર અને સૂર્ય સાથે યોગ પરિમાણ વિચારેલ. હવે સર્વ જંબૂદ્વીપને આશ્રીને નક્ષત્રોની વિચારણા વર્તે છે. તેની સંખ્યા-૫૬- છે.

તેથી તે બધાં ચંદ્ર, સૂર્ય સાથે યોગ કરીને મુહૂર્ત્ત પરિમાણ વિચારતા આ કહ્યું છે — તે પૂર્વોક્ત બીજા પ્રાભૃતપ્રાભૃતત્વ વિચારવું. આ પ્રમાણે કાળને આશ્રીને ચંદ્ર અને સૂર્ય સાથે યોગ પરિમાણ વિચારવું.

હવે ક્ષેત્રને આશ્રીને તે વિચારવા પહેલાં સીમાવિષ્કંભ વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

● **સૂત્ર-૮૮,૮૯ :-**

*[૮૮] તે સીમા વિષ્કંભ કઈ રીતે કહેલો છે, તેમ કહેવું ? આ ૫૬-નક્ષત્રોમાં એવા નક્ષત્રો છે, જેનો ૬૩૦ અને $^{૩૦}/_{૬૭}$ ભાગ સીમા વિષ્કંભ છે. એવા નક્ષત્રો છે, જે ૧૦૦૫ અને $^{૩૦}/_{૬૭}$ ભાગના સીમા વિષ્કંભવાળા છે. એવા*

*નક્ષત્રો છે, જેનો ૨૦૧૦ અને ${}^{30}/_{67}$ ભાગ સીમાવિષ્કંભ છે. એવા નક્ષત્રો છે, જેનો ૩૦૧૫ અને ${}^{30}/_{67}$ ભાગ સીમાવિષ્કંભ છે.*

*આ ૫૬-નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો છે, જે ૬૩૦ ઈત્યાદિ ઉપર મુજબ કહેવું. (યાવત્) આ ૫૬-નક્ષત્રોમાં કેટલાં નક્ષત્રો છે, જે ૩૦૧૫ અને ${}^{30}/_{67}$ ભાગ સીમા વિષ્કંભવાળા છે ?*

*આ ૫૬-નક્ષત્રોમાં જે નક્ષત્રો ૬૩૦ અને ${}^{30}/_{67}$ ભાગથી સીમા વિષ્કંભવાળા છે, તે બે અભિજિત્ છે. જે નક્ષત્રો ૧૦૦૫ અને ${}^{30}/_{67}$ ભાગ સીમા વિષ્કંભવાળા છે, તે બાર છે. તે આ — બે શતભિષા યાવત્ બે જ્યેષ્ઠા. તેમાં જે નક્ષત્રો ૨૦૧૦ અને ${}^{30}/_{67}$ ભાગ સીમાવિષ્કંભવાળા છે, તેવા-૩૦ છે. તે આ — બે શ્રવણ યાવત્ બે પૂર્વાષાઢા. તેમાં જે નક્ષત્રો ૩૦૧૫ અને ${}^{30}/_{67}$ ભાગ સીમા વિષ્કંભવાળા છે, તે બાર છે — બે ઉત્તરપ્રૌષ્ઠપદા યાવત્ બે ઉત્તરાષાઢા.*

*[૮૯] આ ૫૬-નક્ષત્રોમાં સદા પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરે છે તેવા નક્ષત્રો છે ? આ ૫૬-નક્ષત્રોમાં શું સદા સંધ્યાકાળે ચંદ્ર સાથે યોગ કરે છે, તેવા નક્ષત્રો છે ? આ ૫૬-નક્ષત્રોમાં શું સદા ઉભય કાળે પ્રવેશી-પ્રવેશીને ચંદ્ર સાથે યોગ કરે છે, એવા નક્ષત્રો છે ? આ ૫૬-નક્ષત્રોમાં શું સદા ઉભય કાળે પ્રવેશી-પ્રવેશીને ચંદ્ર સાથે યોગ કરે છે, એવા નક્ષત્રો છે ?*

*આ ૫૬-નક્ષત્રોમાં એવા કોઈ નક્ષત્ર નથી, જે સદા પ્રાતઃકાળે ચંદ્ર સાથે યોગ કરતાં કોઈ જ નક્ષત્ર નથી. સદા સંધ્યાકાળે ચંદ્ર સાથે યોગ કરતાં પણ કોઈ નથી. સદા ઉભયકાળે પ્રવેશી-પ્રવેશીને ચંદ્ર સાથે યોગ કરતાં નક્ષત્ર પણ કોઈ નથી. માત્ર અભિજિત્ સિવાય.*

*આ બે અભિજિત્ નક્ષત્ર પ્રાતઃકાળે - પ્રાતઃકાળે ૪૪-૪૪ અમાવાસ્યા સાથે યોગ કરે છે, પરંતુ પૂર્ણિમા સાથે નહીં.*

● **વિવેચન-૮૮,૮૯ :-**

કયા પ્રકારે અર્થાત્ કેટલી વિભાગ સંખ્યાથી, ભગવન્ ! આપે સીમા વિષ્કંભ કહેલો છે, તેમ કહેવું ? ભગવંતે કહ્યું — આ ૨૮-નક્ષત્રો વડે સ્વગતિથી સ્વ સ્વ કાળ પરિમાણથી ક્રમશઃ યાવત્ ક્ષેત્રને બુદ્ધિથી વ્યાપ્યમાન સભવે, ત્યાં સુધી એક અર્દ્ધ મંડલની કલ્પના કરવી. આટલાં પ્રમાણમાં જ બીજું અર્દ્ધમંડલ છે, એ રીતે આ પ્રમાણને બુદ્ધિ પરિકલ્પિત એક પરિપૂર્ણ મંડલ છે.

તે મંડલના "મંડલને ૧ લાખ વડે ૧૯૮ થી છેદીને આ નક્ષત્ર ક્ષેત્ર પરિમાણ નક્ષત્ર વિચય પ્રાભૃતમાં કહેલ છે." આ વક્ષ્યમાણ વચનથી ૧૯૮ને એક લાખ વિભાગથી વિભાગ કરાય. કઈ રીતે આ સંખ્યાના ભાગોની કલ્પનાનું નિબંધન છે ? તે કહે છે — અહીં નક્ષત્રો ત્રણ પ્રકારના છે, તે આ —

સમક્ષેત્ર, અર્દ્ધક્ષેત્ર, દ્વ્યર્દ્ધક્ષેત્ર. તેમાં જેટલાં પ્રમાણ ક્ષેત્ર અહોરાત્ર નક્ષત્ર વડે જણાય છે, તેટલું પ્રમાણ ચંદ્ર સાથે યોગ કરે છે, તેટલા નક્ષત્રો સમક્ષેત્ર જાણવા.



તે-૧૫-છે. તે આ પ્રમાણે — શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વભાદ્રપદા, રેવતી, અશ્વિની, કૃતિકા, મૃગશિર, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ, પૂર્વાષાઢા.

જે અહોરાત્ર પ્રમિત ક્ષેત્રના અર્દ્ધ ચંદ્ર સાથે યોગ કરે છે તે અર્દ્ધ ક્ષેત્ર નક્ષત્ર. તે છ છે - તે આ, શતભિષજ્, ભરણી, આર્દ્રા, આશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા.

તથા બીજું અર્દ્ધ જેનું છે, તે દ્વ્યર્દ્ધ અર્થાત્ સાર્દ્ધ દ્વ્યર્ધ - અર્દ્ધ અધિક ક્ષેત્ર અહોરાત્ર પ્રમિત ચંદ્ર યોગ યોગ્ય જેના છે, તે દ્વ્યર્દ્ધ ક્ષેત્ર, તેવા નક્ષત્રો છ છે. તે આ રીતે — ઉત્તરાભાદ્રપદા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરાષાઢા, રોહિણી, પુનર્વસુ, વિશાખા.

તેમાં સીમા પરિમાણ વિચારણામાં અહોરાત્રના ૬૭ ભાગ કરાય છે, એ રીતે સમક્ષેત્રોના ક્ષેત્ર પ્રત્યેકના ૬૭-ભાગો પરિકલ્પવામાં આવે છે. અર્દ્ધક્ષેત્રોના ૩૦ અને અર્દ્ધ, દ્વ્યર્દ્ધ ક્ષેત્રોના ૧૦૦ અને અર્દ્ધઃ અભિજિત્ નક્ષત્રના ${}^{21}/_{67}$ ભાગ, સમક્ષેત્ર નક્ષત્રો ${}^{15}/_{67}$ તેને ૧૫-વડે ગુણીએ તો ૧૦૦૫ થશે.

અર્દ્ધક્ષેત્ર છ છે, તેથી સાર્દ્ધ ૩૩ને છ વડે ગુણીએ, તો ૨૦૧ થશે. દ્વ્યર્દ્ધક્ષેત્ર છ છે, તેથી સાર્દ્ધ-૧૦૦ને ૬ વડે ગુણતાં ૬૦૩ આવશે. અભિજિત્ નક્ષત્રના ૨૧. સર્વસંખ્યાથી ૧૮૩૦ થશે.

આટલા પ્રમાણનું એક અર્દ્ધ મંડલ અને આટલાં જ ભાગ બીજું અર્દ્ધ મંડલ, એ રીતે ૧૮૩૦ થશે, તેને બે વડે ગુણતાં થશે ૩૬૬૦, એકૈક અહોરાત્રમાં જો ૩૦ મુહૂર્ત્ત હોય. પ્રત્યેક આ ૩૬૬૦ ભાગોમાં ૩૦ ભાગની કલ્પનામાં ૩૦ વડે ગુણીએ. તો ૧,૦૯,૮૦૦ની ગુણક સંખ્યા આવશે. તેથી આ મંડલના ભાગોને કલ્પીને ભગવન્ પ્રતિવચન-ઉત્તર કહે છે —

તેમાં આ ૫૬-નક્ષત્રો મધ્યે - X - ૬૩૦ અને ${}^{30}/_{67}$ ભાગ સીમા વિષ્કંભ-સીમા પરિમાણ. એવા નક્ષત્રો છે જેમાં પ્રત્યેક ૧૦૦૫ અને ${}^{30}/_{67}$ ભાગ સીમા વિષ્કંભ છે. એવા નક્ષત્રો છે, જેમાં પ્રત્યેક ૨૦૧૦ અને ${}^{30}/_{67}$ ભાગ સીમા વિષ્કંભ છે. એવા નક્ષત્રો છે, જેમાં પ્રત્યેક ૩૦૧૫ અને ${}^{30}/_{67}$ ભાગ સીમા વિષ્કંભ છે.

એ પ્રમાણે ભગવંતે સામાન્યથી કહેતા, ગૌતમસ્વામી વિશેષ બોધ નિમિત્તે ફરી પ્રશ્ન કરે છે — તેમાં આ ૫૬-નક્ષત્રોમાં કેટલા નક્ષત્રો છે, જેનો ૬૩૦ - ${}^{30}/_{67}$ ભાગ સીમા વિષ્કંભ છે. તે અનંતર કહેવાયેલ ઉક્ત પ્રકારથી ઉચ્ચારવા જોઈએ. તે આ રીતે — "कयरे नक्खत्ता" ઈત્યાદિ, આ ત્રણે સૂત્રો સુગમ છે.

ભગવંતે કહ્યું — તે આ ૫૬-નક્ષત્રોમાં જે નક્ષત્રો ૬૩૦ - ${}^{30}/_{67}$ વિષ્કંભવાળા છે, તેવા બે અભિજિત્ નક્ષત્ર છે. તે કઈ રીતે જાણવું ? અહીં એકૈક અભિજિત નક્ષત્રના ૬૭ ખંડીકૃત્ અહોરાત્ર ગમ્ય ક્ષેત્રના હોતાં ૨૧ ભાગ ચંદ્રયોગ યોગ્ય છે. એકૈક ભાગમાં ૩૦-ભાગની પરિકલ્પનાથી ૨૧ને ૩૦ વડે ગુણીએ. તેથી ૬૩૦ થશે.

તથા તેમાં ૫૬-નક્ષત્રોની મધ્યે જે નક્ષત્રો પ્રત્યેક ૧૦૦૫ અને ${}^{30}/_{67}$ ભાગો સીમા વિષ્કંભ છે, તે બાર છે — બે શતભિષા, બે ભરણી, બે આર્દ્રા, બે આશ્લેષા,

બે સ્વાતિ, બે જ્યેષ્ઠા. તેથી કહે છે – આ બાર નક્ષત્રોમાં પ્રત્યેકના ૬૭ ખંડીકૃત્ અહોરાત્ર ગમ્ય ક્ષેત્રના હોતા સાર્દ્ધ ૩૩-ભાગ ચંદ્ર યોગમાં યોગ્ય છે, તેને ૩૦ વડે ગુણીએ તેથી પ્રાપ્ત સંખ્યા છે - ૯૯૦ અડધાંને ૩૦ વડે ગુણતાં-૧૫ પ્રાપ્ત થાય, તેથી સર્વ સંખ્યા થશે ૧૦૦૫.

તેમાં ૫૬-નક્ષત્રો મધ્યે જે નક્ષત્રો ૨૦૧૦ - ૩૦/૬૭ ભાગ સીમા વિષ્કંભવાળા છે, તે ૩૦ છે. તે આ પ્રમાણે - બે શ્રવણ, બે ધનિષ્ઠા, બે પૂર્વભાદ્રપદા, બે રેવતી, બે અશ્વિની, બે કૃતિકા, બે મૃગશિર, બે પુષ્ય, બે મઘા, બે પૂર્વાફાલ્ગુની, બે હસ્ત, બે ચિત્રા, બે અનુરાધા, બે મૂલ, બે પૂર્વાષાઢા. તેથી કહે છે – આ નક્ષત્રો સમક્ષેત્ર છે. તેથી આના ૬૭ ખંડીકૃત્ અહોરાત્ર ગમ્ય ક્ષેત્રના હોતા પરિપૂર્ણ-૬૭ ભાગો છે. પ્રત્યેક ચંદ્રયોગ યોગ્ય છે. તે ૬૭ વડે ગુણીએ. તેથી આવશે ૨૦૧૦.

તથા તે ૫૬-નક્ષત્રોમાં જે નક્ષત્રો એવા છે, જેમાં પ્રત્યેક-૩૦૧૫ અને ૩૦/૬૭ ભાગ સીમાવિષ્કંભ છે, તેવા ૧૨-નક્ષત્રો છે. તે આ પ્રમાણે – બે ઉત્તરા પ્રૌષ્ઠપદા, બે રોહિણી, બે પુનર્વસુ, બે ઉત્તરાફાલ્ગુની બે વિશાખા, બે ઉત્તરાષાઢા. આટલા નક્ષત્રો જ દ્વયર્દ્ધક્ષેત્ર છે. તેથી ૬૭-ખંડીકૃત્ અહોરાત્ર ક્ષેત્રના હોતાં ચંદ્રયોગ યોગ્ય ભાગો સાર્દ્ધ-૧૦૦ છે, તે પ્રત્યેકને જાણવા. તેમાં ૧૦૦ને ૩૦ વડે ગુણીએ, તો ૩૦૦૦ થશે. અર્દ્ધને પણ ૩૦ વડે ગુણીને અર્થાત્ બે ભાગ કરતાં-૧૫ થશે. તેથી ૩૦૧૫ થશે.

તેમાં ૫૬-નક્ષત્રોમાં કયા નક્ષત્ર છે, જે સદા પ્રાતઃકાળે ચંદ્રની સાથે યોગ જોડે છે ? કયા નક્ષત્રો છે જે સદા સંધ્યાકાળે-દિવસના અવસાન સમયે ચંદ્ર સાથે યોગને જોડે છે. કયા નક્ષત્રો છે જે સદા દ્વિધા-સવારે અને સાંજે પ્રવેશી-પ્રવેશીને ચંદ્રની સાથે યોગ જોડે છે ? ભગવંતે ઉત્તર આપ્યો –

આ ૫૬-નક્ષત્રોમાં એવું કોઈ નક્ષત્ર નથી કે જે સદા સવારે ચંદ્રની સાથે યોગને જોડે છે, શું સર્વથા નથી ? ના, તેમ નથી. આ નિષેધ બે અભિજિત નક્ષત્રને છોડીને કહેવો. કઈ રીતે ? તે ૫૬-નક્ષત્રો મધ્યે આ અનંતરોહિત બે અભિજિત નક્ષત્રમાં યુગે-યુગે સવારે-સવારે ૪૪-૪૪ અમાસમાં ચંદ્રની સાથે યોગ પામીને અમાસને પરિસમાપ્ત કરે છે, પૂર્ણિમાને નહીં.

હવે આ કઈ રીતે જાણવું ? જેમ યુગે યુગમાં ચુંમાલીશ-ચુંમાલીશમી અમાસમાં સદા પ્રાતઃકાળે અભિજિત્ નક્ષત્ર ચંદ્ર સાથે યોગ પામીને પરિસમાપ્ત કરે છે ? તે કહે છે – પૂર્વાચાર્ય ઉપદર્શિત કરણના વશથી, તેથી કહે છે – તિથિ લાવવાને માટે. તે કરણ આ પ્રમાણે – [વૃત્તિકારશ્રીએ નોંધેલ ગાથાની અક્ષર ગમનિકા આ રીતે છે–]

જે યુગમધ્યમાં ચંદ્રમાસ અતિક્રાંત છે, તે તિથિ રાશિ લાવવાને માટે ૩૦ વડે ગુણીએ. ગુણીને તે રાશિ ભાગ ૬૨-વડે ભાગ કરવામાં આવે. ત્યારપછી જે રહે, તેમાં ૬૧ વડે ગુણીને ૬૨-વડે વિભાગ કરતાં જે અંશો ઉદ્ધરિત થાય, તે વિવક્ષિત દિવસમાં વિવક્ષિત તિથિ પરિસમાપ્ત થાય છે.



તેથી ૪૪-મી અમાસમાં વિચારતાં ૪૩ ચંદ્રમાસ અને એક ચંદ્રમાસનું પર્વ પ્રાપ્ત થાય. તેથી ૪૩ને ૩૦ વડે ગુણીએ. તેથી ૧૨૯૦ આવશે. તેથી ઉપરિતન પર્વગત ૧૫-ઉમેરીએ. તેથી આવશે ૧૩૧૫ સંખ્યા. તેમાં ૬૨-ભાગ વડે ભાગ કરતાં ૨૧-આવશે. તેનો ત્યાગ કરતાં શેષ રહેશે ત્રણ. તેને ૬૧-વડે ગુણતાં ૧૮૩ સંખ્યા આવશે. તેને ૬૨ વડે ભાગ દેવાતા પ્રાપ્ત થશે-બે. તેને છોડીને શેષ રહેશે-૫૯. આવેલ ૫૯/૬૨ ભાગ તે દિવસ અમાવાસ્યા.

અમાસ અને પૂર્ણિમામાં નક્ષત્ર લાવવાને માટે પૂર્વે કહેલ જ કરણ, તેમાં ધ્રુવરાશિ, ૬૬-મુહૂર્તો અને એક મુહૂર્તના ૫/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૧/૬૭ ભાગ.

તેમાં ૪૪-મી અમાવાસ્યાને વિચારવાનું આરંભીએ-તેથી ૪૪-વડે તે ગુણીએ. તેથી સંખ્યા આવશે ૨૯૦૪ મુહૂર્તો અને એક મુહૂર્તના બાસઠ ભાગોના ૨૨૦ અને ૧/૬૨ ભાગના ૪૪/૬૭ આવે.

તેમાં પુનર્વસુ આદિ ઉત્તરાષાઢા પર્યન્ત ૪૪૨ મુહૂર્તોના એક મુહૂર્તના ૪૬/૬૨ ભાગ એ રીતે આ પ્રમાણ શોધિત થાય છે. તેથી મુહૂર્તો આવશે - ૨૪૬૨ અને એક મુહૂર્તના ૧૭૪/૬૨ થશે. તેથી અભિજિતાદિ સર્વ નક્ષત્ર મંડલ શોધનક ૮૧૯ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ અને તે ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ. એ રીતે આ પ્રમાણ જ્યાં સુધી સંભવ હોય તે શોધવું.

તેમાં ત્રણગણાં પણ શુદ્ધિમાસથી આવે, એ રીતે ત્રણગણું કરીને શોધિત થાય. ત્યારપછી રહે છે – છ મુહૂર્તો અને એક મુહૂર્તના ૩૭/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૪૭/૬૭ ભાગો છે. તેથી આવેલ ચુંમાલીશમી અમાસને અભિજિત નક્ષત્ર છ મુહૂર્તમાં અને સાતમાં મુહૂર્તના ૩૭/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૪૭/૬૭ ભાગ જતાં પરિસમાપ્ત કરે છે. [તે પ્રમાણે જાણી લેવું.]

હવે અમાસ-પૂર્ણિમાના ક્રમથી તેની પ્રરૂપણા –

● **સૂત્ર-૯૦ :-**

***તેમાં આ ૬૨-પૂર્ણિમા અને ૬૨-અમાસો કહેલી છે.***

***આ પાંચ સંવત્સરોમાં પહેલી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશથી યોગ કરે છે ? જે દેશમાં ચંદ્ર છેલ્લી - બાસઠમી પૂર્ણિમાનો યોગ કરે છે, ત્યાંથી તે પૂર્ણિમા સ્થાનથી મંડલને ૧૨૪થી છેદીને બે બત્રીશ ભાગમાં લઈ જાય, અહીં તે ચંદ્ર પહેલી પૂર્ણિમાનો યોગ કરે છે, તે આ પંચ સંવત્સરાત્મક, બીજી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશંશથી યોગ કરે છે ? [તે કહે છે–]***

***જે દેશમાં ચંદ્ર પહેલી પૂર્ણિમાનો યોગ કરે છે. તે તે પૂર્ણિમા સ્થાનથી ૧૨૪ મંડલથી છેદીને, બે બત્રીશ ભાગમાં લી જાય. અહીં તે ચંદ્ર બીજી પૂર્ણિમાનો યોગ કરે છે.***

***તે આ પાંચ સંવત્સરોની ત્રીજી પૂર્ણિમાને ચંદ્ર કયાં દેશમાં યોગ કરે છે ?***

*તે જે દેશમાં ચંદ્ર બીજી પૂર્ણિમાનો યોગ કરે છે. તે પૂર્ણિમા સ્થાનથી મંડલ ૧૨૪ છેદીને બે બત્રીશ ભાગમાં લઈ જાય છે. અહીં ત્રીજો ચંદ્ર પૂર્ણિમાનો યોગ કરે છે.*

*તે આ પંચ સંવત્સરની બારમી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશમાં જોડે છે ? તે જે દેશમાં ચંદ્ર ત્રીજી પૂર્ણિમાનો યોગ કરે છે. તે પૂર્ણિમા સ્થાન મંડલને ૧૨૪ વડે છેદીને ૨૮૮ ભાગમાં લઈ જાય છે. અહીં ચંદ્ર બારમી પૂર્ણિમાનો યોગ કરે છે.*

*આ પ્રમાણે આ ઉપાય વડે તે-તે પૂર્ણિમા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને બે-બત્રીશ ભાગમાં લઈ જાય છે અને તે-તે દેશમાં તે-તે પૂર્ણિમાને ચંદ્ર યોગ કરે છે.*

*તે આ પાંચમાં સંવત્સરની છેલ્લી બાસઠમી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશમાં યોગ જોડે છે ? તે જંબૂદ્વીની પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવાથી મંડલને ૧૨૪ વડે છેદીને દક્ષિણદિશાના ચતુર્ભાગ મંડલમાં ૪/૨૭ ભાગ લઈ જાય છે પછી અઠ્ઠાવીસમાં ભાગમાં ૨૦ વડે છેદી, અઢારમાં ભાગમાં લઈ જાય છે. ત્રણ ભાગ અને બે કલા વડે પશ્ચિમ દિશામાં ચતુર્ભાગ મડંલને અસંપ્રાપ્ત રહે છે. અહીં ચંદ્ર છેલ્લી ૬૨-મી પૂર્ણિમાનો યોગ કરે છે.*

● **વિવેચન-૯૦ :-**

તે યુગમાં આ-વક્ષ્યમાણ સ્વરૂપ ૬૨-પૂર્ણિમા અને ૬૨-અમાવાસ્યા કહેલી છે. એમ ભગવંતે કહેતા. ગૌતમસ્વામી પૂછે છે — તે યુગમાં આ અનંતરોક્ત ચંદ્રાદિ પાંચ સંવત્સરો મધ્યે પહેલી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશમાં સમાપ્ત કરે છે ?

ભગવંતે કહ્યું — તેમાં જે દેશમાં ચંદ્ર ચરમ પાશ્ચાત્ય યુગના અંત સુધી વર્તતી ૬૨મી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી - ચરમ ૬૨મી પૂર્ણિમાના પરિસમાપ્તિ સ્થાનથી પછીના મંડલને ૧૨૪ વડે ભાંગીને તેમાં રહેલ ૩૨-ભાગ ગ્રહણ કરીને અહીં બત્રીશમાં ભાગરૂપ દેશમાં ચંદ્ર પહેલી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે.

ફરી પ્રશ્ન કરે છે - x - તે યુગમાં આ અનંતરોક્ત પાંચ સંવત્સર મધ્યે જે બીજી પૂર્ણિમાને તે ચંદ્ર કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ? ભગવંતે કહ્યું —

તેમાં જે દેશમાં ચંદ્ર પહેલી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી- પહેલી પૂર્ણિમા પરિસમાપ્તિ સ્થાનથી પછી મંડલને ૧૨૪ વડે છેદીને તેમાં રહેલ બત્રીશ ભાગને ગ્રહણ કરીને આ પ્રદેશમાં ચંદ્ર બીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે.

એ પ્રમાણે ત્રીજી પૂર્ણિમા વિષયક સૂત્રની પણ વ્યાખ્યા કરવી. એ પ્રમાણે બારમાં પૂર્ણિમા વિષયક પણ. વિશેષ એ કે — ત્રીજી પૂર્ણિમાથી આગલ બારમી પૂર્ણિમા નવમી થાય છે. તેથી નવ વડે બત્રીશને ગુણતાં ૨૨૮ સંખ્યા આવે.

હવે અતિદેશ કહે છે — ઉક્ત પ્રકારથી નિશ્ચિત આ અનંતરોક્ત ઉપાયથી જે-જે પૂર્ણિમાને જે-જે દેશમાં સમાપ્ત કરે છે, તે - તે પૂર્ણમાસીની પછી અનંતર પૂર્ણિમાને તેનાથી પાશ્ચાત્ય પૂર્ણિમા પરિસમાપ્તિ સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને





પછીના તદ્‌ગત બત્રીશ-બત્રીશ ભાગો ગ્રહણ કરીને તે-તે દેશમાં ચંદ્ર પરિસમાપ્ત કરે છે. તે એ પ્રમાણે પરિસમાપ્ત કરતા ત્યાં સુધી કહેવું જ્યાં સુધી ફરી પણ છેલ્લી- ૬૨મી પૂર્ણિમાને તે દેશમાં સમાપ્ત કરે છે, જે દેશમાં પાશ્ચાત્ય યુગમાં છેલ્લી-૬૨મી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે.

આ કઈ રીતે જાણવું ? ગણિત ક્રમના વશથી. તેથી કહે છે — પાશ્ચાત્ય યુગની છેલ્લી ૬૨-મી પૂર્ણિમા પરિસમાપ્તિ સ્થાનથી આગળ મંડલને ૧૨૪ વડે વિભાગ કરતાં બત્રીશમો ભાગ અતિક્રમતા તે-તે પૂર્ણિમાની પરિસમાપ્તિ.

એક યુગમાં સર્વ સંખ્યાથી ૬૨-પૂર્ણિમા છે, તેથી ૩૨ને ૬૨ વડે ગુણીએ. સંખ્યા આવશે - ૧૯૮૪. તેમાં ૧૨૪ વડે ભાગ કરાતા, પ્રાપ્ત ૧૬ સકલ મંડલ પરાવર્તના. સમસ્ત રાશિથી નિર્લેપી ભવનથી આવેલ જે દેશમાં પાશ્ચાત્ય યુગ સંબંધી છેલ્લી ૬૨-મી પૂર્ણિમાની પરિસમાપ્તિ.

છેલ્લી ૬૨-મી પરિસમાપ્તિ દેશને પૂછે છે — તે યુગમાં આ અનંતરોક્ત પાંચમા સંવત્સરોની મધ્યે છેલ્લી ૬૨-મી પૂર્ણિમાને ચંદ્ર કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ?

ભગવંતે કહ્યું — જંબૂદ્વીપ દ્વીપની ઉપર પૂર્વ-પશ્ચિમ લાંબી, અહીં [illegible]શબ્દ ગ્રહણથી “ઉત્તર પૂર્વ” લેવું. [illegible]શબ્દ ગ્રહણથી “દક્ષિણ પશ્ચિમ” લેવું. તેનો આ અર્થ છે - ઈશાન નૈઋત્ય લાંબી, અગ્નિ-વાયવ્ય લાંબી જીવા વડે અર્થાત્ પ્રત્યંચા કે દવરિકા વડે એમ અર્થ કરવો.

મંડલને ૧૨૪ વડે છેદીને ફરી ચાર વડે વિભાગ કરીએ. તેથી દક્ષિણ દિશાના ચતુર્ભાગ મંડલમાં ૩૧-ભાગ પ્રમાણમાં ૨૭-ભાગ ગ્રહણ ન કરીને ૨૮ મા ભાગને ૨૦ ભેદે છેદીને, તદ્‌ગત ૧૮ ભાગ ગ્રહણ ન કરીને બાકીના ત્રણ ભાગ વડે ચોથા ભાગને બે કલા વડે પાશ્ચાત્ય ચતુર્ભાગ મંડલ અસંપ્રાપ્ત, આ પ્રદેશમાં ચંદ્ર ૬૨મી ચરમા પૂર્ણિમાને સમાપ્ત કરે છે.

એ પ્રમાણે ચંદ્રનો પૂર્ણિમા પરિસમાપ્તિ દેશ કહ્યો. હવે સૂર્યનો પૂર્ણિમા પરિસમાપ્તિ દેશ પ્રતિપાતિદ કરવા માટે તે વિષયમાં પ્રશ્ન સૂત્ર કહે છે —

● **સૂત્ર-૯૧ થી ૯૩ :-**

*[૯૧] આ પાંચ સંવત્સરમાં પહેલી પૂર્ણિમાને સૂર્ય કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં સૂર્ય છેલ્લી-૬૨મી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી મંડલને ૧૨૪થી છેદીને ૯૪ ભાગને ગ્રહણ કરીને, અહીં તે સૂર્ય પહેલી પૂર્ણિમા પરિસમાપ્ત કરે છે.*

*આ પાંચ સંવત્સરમાં બીજી પૂર્ણિમાને સૂર્ય કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ?*

*જે દેશમાં સૂર્ય પહેલી પૂર્ણિમાને સમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને બે-૯૪ ભાગમાં ગ્રહણ કરીને અહીં તે સૂર્ય બીજી પૂર્ણિમાને પૂર્ણ કરે છે.*

આ પાંચ સંવત્સરોમાં ત્રીજી પૂર્ણિમાને સૂર્ય ક્યાં દેશમાં સમાપ્ત કરે છે ? જે દેશમાં સૂર્ય બીજી પૂર્ણિમાંને પૂર્ણ કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ચોરાણું ભાગ ગ્રહણ કરીને, અહીં સૂર્ય ત્રીજી પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

આ પાંચ સંવત્સરમાં બારમી પૂર્ણિમાને૦ પરિપૂર્ણ કરે છે ? તે પૂર્ણિમા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ૧૪૮ ભાગ ગ્રહણ કરવા. અહીં તે સૂર્ય બારમી પૂર્ણિમા પૂર્ણ કરે.

એ પ્રમાણે આ ઉપાયથી તે-તે પૂર્ણિમા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ચોરાણુ-ચોરાણુ ભાગ ગ્રહણ કરીને તે-તે દેશમાં તે-તે પૂર્ણિમાને સૂર્ય પરિસમાપ્ત કરે છે.

આ પાંચ સંવત્સરોમાં છેલ્લી બાસઠમી પૂર્ણિમાને સૂર્ય ક્યા દેશમાં સમાપ્ત કરે છે ? જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવા વડે મંડલને ૧૨૪ થી છેદીને પૂર્વના ચતુર્ભાગ મંડલમાં ૨૭ ભાગ ગ્રહણ કરીને ૨૮-માં ભાગને ૨૦ વડે છેદીને ૧૮માં ભાગને ગ્રહણ કરીને ત્રમ ભાગ અને બે કલા વડે દક્ષિણદિશાના ચતુર્ભાગ મંડલને અસંપ્રાપ્ત, અહીં સૂર્ય છેલ્લી ૬૨-મી પૂર્ણિમા સમાપ્ત કરે છે.

[૯૨] આ પાંચ સંવત્સરોમાં પહેલી અમાવાસ્યાને ચંદ્ર કેટલા દેશમાં સમાપ્ત કરે છે ? જે દેશમાં ચંદ્ર છેલ્લી-૬૨મી અમાસને સમાપ્ત કરે છે, તે અમાવાસ્યા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને બે-બત્રીશ ભાગ ગ્રહણ કરીને, અહીં તે ચંદ્ર પહેલી અમાસને પરિસમાપ્ત કરે છે.

એ પ્રમાણે જે આલાવાથી ચંદ્રનો પૂર્ણિમા સાથેનો યોગ કહ્યો, તે જ આલાવાથી અમાવાસ્યાનો પણ કહેવો. તેમાં બીજી, ત્રીજી, બારમી [અમાસ કહેવી.]

એ પ્રમાણે આ ઉપાયથી તે-તે અમાવાસ્યા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને બે-વીશ વીશ ભાગો ગ્રહણ કરીને તે-તે દેશમાં તે-તે અમાસને ચંદ્ર સમાપ્ત કરે છે.

આ પાંચ સંવત્સરમાં છેલ્લી અમાસને ચંદ્ર કલા દેશમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં ચંદ્ર છેલ્લી-૬૨મી પૂર્ણિમાનું સમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી મંડલને ૧૨૪ ભાગ કરી ૧૬ ભાગ છોડીને અહીં ચંદ્ર ૬૨-મી અમાસને સમાપ્ત કરે છે.

[૯૩] આ પાંચ સંવત્સરોમાં પહેલા સૂર્ય ક્યા દેશમાં [અમાસનેં] પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં સૂર્ય છેલ્લી ૬૨-મી અમાસને પરિસમાપ્ત કરે છે, તે અમાવાસ્યા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ૯૪ ભાગ ગ્રહણ કરીને, અહીં તે સૂર્ય પહેલી અમાવાસ્યાને સમાપ્ત કરે.

એ પ્રમાણે જે આલાવાથી સૂર્ય પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે, તેના વડે



જ અમાવાસ્યાને કરે છે. તે આ પ્રમાણે – બીજી, ત્રીજી અને બારમી.

એ પ્રમાણે આ ઉપાય વડે તે અમાવાસ્યા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ચોરાણું-ચોરાણું ભાગ ગ્રહણ કરીને જે દેશમાં સૂર્ય છેલ્લી-૬૨મી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી [?] મંડલને ૧૨૪ વડે છેદીને ૪૭-ભાગ છોડીને, અહીં સૂર્ય છેલ્લી ૬૨-મી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે.

● વિવેચન-૯૧ થી ૯૩ :-

તે યુગમાં આ અનંતરોક્ત સંવત્સરો મધ્યે પહેલી પૂર્ણિમાને સૂર્ય કયા દેશમાં રહીને પરિસમાપ્ત કરે છે ?

ભગવંતે કહ્યું – તે જે દેશમાં રહીને સૂર્ય છેલ્લી પાશ્ચાત્ય યુગવર્તી બાસઠમી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે. તે પૂર્ણિમા સ્થાનથી - છેલ્લી બાસઠમી પૂર્ણિમા પરિસમાપ્તિના નિબંધન સ્થાનથી આગળ મંડલને ૧૨૪ વડે છેદીને-ભાગ કરીને તેમાંના ૯૪ ભાગોને ગ્રહણ કરીને સૂર્ય પહેલી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે. અહીં શું કારણ છે ?

અહીં પરિપૂર્ણ ૩૦-અહોરાત્રમાં પરિસમાપ્ત કરતા, તે જ સૂર્ય, તે જ દેશમાં વર્તતો પ્રાપ્ત થાય છે, થોડાં પણ ન્યૂન ભાગમાં પ્રાપ્ત થતો નથી અને પૂર્ણિમા ચંદ્ર માસ પર્યન્તમાં પરિસમાપ્તિને પામે છે.

ચંદ્રમાસનું પરિમાણ ૨૯-અહોરાત્ર અને અહોરાત્રના- ૩૨/૬૨ ભાગ, પછી ત્રીશમાં અહોરાત્રમાં ૩૨/૬૨ ભાગ ગયા પછી સૂર્ય છેલ્લી-બાસઠમી પૂર્ણિમાની પરિસમાપ્તિના નિબંધન સ્થાનથી ૧૨૪ ભાગ અતિક્રાંત થતાં ૯૪-માં ભાગમાં પહેલી પૂર્ણિમા પરિસમાપ્તિને લાવે છે.

અહીં શું કહેવા માંગે છે ? ૩૦ ભાગ વડે તે જ દેશને અપ્રાપ્ત થઈ પામે છે. ૩૦/૬૨ ભાગ અહોરાત્રના હજી પણ સ્થિતત્વ થકી તેમ કહ્યું. ફરી પ્રશ્ન કરે છે – તે યુગમાં આ પાંચ સંવત્સરો મધ્યે બીજી પૂર્ણિમાને સૂર્ય કયા દેશમાં રહીને જોડે છે - અર્થાત્ - પરિસમાપ્ત કરે છે ?

ભગવંતે કહ્યું – તે જે દેશમાં રહીને સૂર્ય પહેલી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે, તે પૂર્ણિમા સ્થાનથી - પહેલી પૂર્ણિમા-પરિસમાપ્તિ નિબંધન સ્થાનથી આગળ મંડલને ૧૨૪ વડે છેદીને તદ્‌ગત ૯૪ ભાગોને ગ્રહણ કરીને આ દેશમાં રહીને સૂર્ય બીજી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે.

એ પ્રમાણે ત્રીજી પૂર્ણિમા વિષયક સૂત્ર કહેવું.

એ પ્રમાણે બારમી પૂર્ણિમા વિષયક પણ કહેવું. વિશેષ એ કે - x - ત્રીજી પૂર્ણિમાથી આગળ બારમી પૂર્ણિમા નવમી થાય. પછી ૯૪ને નવ વડે ગુણીએ. તેનાથી-૮૪૬-સંખ્યા આવશે.

હવે બાકીની પૂર્ણિમા વિષયક અતિદેશને કહે છે - x - એ પ્રમાણે ઉક્ત

પ્રકારથી નિશ્ચિત આ અનંતરોક્ત ઉપાયથી જે-જે પૂર્ણિમાને જે-જે દેશમાં પરિસમાપ્ત કરે છે, તે-તે પૂર્ણિમાના તે-તે અનંતર-અનંતર પૂર્ણિમાને તે-તે પાછળ-પાછળની પૂર્ણિમા-પરિસમાપ્તિ નિબંધન સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને આગળ તેમાં રહેલ ૯૪ ભાગ ગ્રહણ કરીને તે-તે દેશમાં રહીને સૂર્યને પરિસમાપ્ત કરે છે. તે એ પ્રમાણે પરિસમાપ્ત કરતાં ત્યાં સુધી કહેવું જ્યાં સુધી ફરી પણ છેલ્લી-બાસઠમી પૂર્ણિમા તે દેશમાં પરિસમાપ્ત કરે છે, જે દેશમાં પાછળના યુગ સંબંધી છેલ્લી-૬૨-મી પૂર્ણિમા પરિસમાપ્ત થાય.

ઉક્ત કથન ગણિતના ક્રમને વશ થઈ જાણવું. તેથી કહે છે – પાછળના યુગની છેલ્લી-૬૨મી પૂર્ણિમા પરિસમાપ્તિ નિબંધન સ્થાનથી આગળ મંડલના ૧૨૪ વડે ભાગ કરીને ચોરાણું-ચોરાણું ભાગ અતિક્રમીને તે-તે પૂર્ણિમાની પરિસમાપ્તિ છે. તેથી ૯૪ને ૬૨-વડે ગુણીએ. તેથી આવશે-૫૮૨૮. તેને ૧૨૪ ભાગથી ભાગાકાર કરતાં, પ્રાપ્ત થશે-૪૭ સકલ મંડલ પરાવર્તના. પણ તેના વડે પ્રયોજન નથી. કેવળ રાશિના નિર્લેપ થવાથી આવેલ જે દેશમાં રહીને પાછળના યુગ સંબંધી છેલ્લી બાસઠમી પૂર્ણિમા પરિસમાપક તે જ દેશમાં વિવક્ષિત યુગની છેલ્લી-બાસઠમી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે.

હવે છેલ્લી-બાસઠમી પૂર્ણિમા પરિસમાપ્તિ નિબંધન દેશ વિશે પૂછે છે - x - તે સુગમ છે.

ભગવંતે કહ્યું - x - જંબૂદ્વીપ દ્વીપની પૂર્વ-પશ્ચિમ લાંબી, અહીં પણ 'પ્રાચીન' શબ્દના ગ્રહણથી 'ઉત્તર-પૂર્વ' દિશા ગ્રહણ કરવી. 'અપ્રાચીન' શબ્દના ગ્રહણથી 'દક્ષિણ-પશ્ચિમ' લેવી.

તેનો અર્થ આ પ્રમાણે છે – ઉત્તરપૂર્વથી દક્ષિણ પશ્ચિમ લાંબી, એ પ્રમાણે ઉત્તરદક્ષિણ લાંબી અર્થાત્ પશ્ચિમઉત્તરથી દક્ષિણપૂર્વ લાંબી જીવા-પ્રત્યંચા વડે મંડલને ૧૨૪ વડે છેદીને ફરી પણ ચાર વડે ભાંગીને પૂર્વ દિશાવર્તી ચતુર્ભાગ મંડલમાં ૩૧-ભાગ પ્રમાણમાં ૨૭-ભાગને ગ્રહણ ન કરીને અટ્ઠાવીસમાં ભાગને ૨૦ વડે છેદીને તેમાં રહેલ ૧૮-ભાગ ગ્રહણ ન કરીને બાકીના ત્રણ ભાગ વડે ચોથા ભાગની બે કળા વડે વીસમું, તેના વડે અને દક્ષિણ દિશા સંબંધી ચતુર્ભાગ મંડલ ન પામીને તે પ્રદેશમાં તે સૂર્ય છેલ્લી-બાસઠમી પૂર્ણિમાને સમાપ્ત કરે.

એ પ્રમાણે સૂર્ય અને ચંદ્ર પૂર્ણિમા પરિસમાપ્તિ દેશ કહ્યો. હવે તે બંને અમાવાસ્ય પરિસમાપ્તિ દેશને પ્રતિપાદિત કરવા માટે પહેલાં ચંદ્ર વિષયક પ્રશ્ન સૂત્ર કહે છે –

તે યુગમાં આ અનંતરોક્ત પાંચ સંવત્સરો મધ્યે પહેલી અમાવાસ્યામાં ચંદ્ર કયા દેશમાં રહીને પરિસમાપ્ત કરે છે ?

ભગવંત કહે છે – તે જે દેશમાં રહીને ચંદ્ર છેલ્લી-બાસઠમી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. પછી અમાવાસ્યા સ્થાનથી અર્થાત્ અમાવાસ્ય પરિસમાપ્તિ સ્થાનથી આગળ મંડલને ૧૨૪ વડે છેદીને તદ્ગત ૩૨-ભાગોને ગ્રહણ કરીને, આ પ્રદેશમાં ચંદ્ર પહેલી અમાસને પરિસમાપ્ત કરે છે.



એ પ્રમાણે ઉક્ત પ્રકારથી જે આલાવા વડે ચંદ્રની પૂર્ણિમા કહી, તે જ આલાવાથી અમાવાસ્યા પણ કહેવી. તે આ રીતે – બીજી, ત્રીજી અને બારમી. તે આ પ્રમાણે – આ પાંચ સંવત્સરોમાં બીજી અમાવાસ્યાને ચંદ્ર કયા દેશમાં પૂર્ણ કરે છે ?

જે દેશમાં ચંદ્ર પહેલી અમાવાસ્યાને પૂર્ણ કરે છે, તે અમાવાસ્ય સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને બે-બત્રીશ ભાગ ગ્રહણ કરીને અહીં ચંદ્ર બીજી અમાસને પૂર્ણ કરે.

આ પાંચ સંવત્સરની ત્રીજી અમાવાસ્યાને ચંદ્ર કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં ચંદ્ર બીજી અમાવાસ્યાને સમાપ્ત કરે છે, તે અમાવાસ્યસ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને બે-બત્રીશ ભાગ ગ્રહણ કરીને, અહીં તે ચંદ્ર ત્રીજી અમાસને પૂર્ણ કરે છે.

આ પાંચ સંવત્સરમાં બારમી અમાસને ચંદ્ર કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં ચંદ્ર ત્રીજી અમાસને પરિસમાપ્ત કરે છે, તે અમાવાસ્યા સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ૨૨૮ ભાગને ગ્રહણ કરીને, અહીં ચંદ્ર બારમી અમાવાસ્યાને સમાપ્ત કરે છે.

હવે બાકીની અમાવાસ્યાનો અતિદેશ કહે છે - x - તેની વ્યાખ્યા પૂર્વવત્ કરવી.

હવે છેલ્લી-બાસઠમી અમાવાસ્યા પરિસમાપ્તિ નિબંધન દેશને પૂછે છે - x - તે સુગમ છે.

ભગવંત કહે છે – તેમાં જે દેશમાં રહીને ચંદ્ર બાસઠમી છેલ્લી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે, તે પૂર્ણિમા પરિસમાપ્તિ સ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને, પૂર્વના ૧૬- ભાગોને છોડીને છેલ્લી-૬૨મી અમાવાસ્યા અને છેલ્લી બાસઠમી પૂર્ણિમા પશ્ચાત્ પક્ષથી અને વિવક્ષિત પ્રદેશથી ચંદ્ર ૧૬/૧૨૪ ભાગથી આગળ પ્રરૂપણા કરે છે. માસ વડે બત્રીશ ભાગથી આગળ વર્તમાનના પ્રાપ્ત થવાથી કહ્યું. પછી સોળ ભાગોને પૂર્વે છોડીને કહેલ, આ પ્રદેશમાં રહીને ચંદ્ર છેલ્લી-બાસઠમી અમાવાસ્યાને પરિસમાપ્ત કહે છે.

હવે સૂર્યના અમાવાસ્યા પરિસમાપ્તિ નિબંધન દેશને પૂછવાની ઈચ્છાથી કહે છે - x - આની પૂર્વવત્ વ્યાખ્યા કરવી.

એ પ્રમાણે ઉક્ત પ્રકારે જે આલાવાથી સૂર્યની પૂર્ણિમા કહી, તે જ આલાવાથી અમાવાસ્યા પણ કહેવી. તે આ પ્રમાણે – બીજી, ત્રીજી અને બારમી. તે આ પ્રમાણે –

આ પાંચ સંવત્સરોમાં બીજી અમાવાસ્યાને સૂર્ય કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં સૂર્ય પહેલી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે, તે અમાવાસ્યાસ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ૯૪ ભાગને ગ્રહણ કરીને, અહીં સૂર્ય બીજી અમાવાસ્યાને

પૂર્ણ કરે છે.

આ પાંચ સંવત્સરમાં ત્રીજી અમાવાસ્યાને સૂર્ય કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં બીજી અમાવાસ્યાને પૂર્ણ કરે છે, તે અમાવાસ્યાસ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ૯૪ ભાગ ગ્રહણ કરીને ત્રીજી અમાવાસ્યાને પૂર્ણ કરે છે.

આ પાંચ સંવત્સરમાં બારમી અમાવાસ્યાને સૂર્ય કયા દેશમાં પરિસમાપ્ત કરે છે ? જે દેશમાં સૂર્ય ત્રીજી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે, તે અમાવાસ્યાસ્થાનથી મંડલને ૧૨૪ વડે છેદીને ૮૪૬ ભાગ ગ્રહણ કરીને, અહીં સૂર્ય બારમી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે.

હવે બાકીની અમાવાસ્યામાં અતિદેશ કરે છે - x - તેની વ્યાખ્યા પૂર્વવત્ કરવી.

હવે છેલ્લી-બાસઠમી અમાવાસ્યા પરિસમાપ્તિ નિબંધન દેશને પૂછે છે - x - પ્રશ્ન સુગમ છે. ભગવંત કહે છે - x - જે દેશમાં રહીને સૂર્ય છેલ્લી-બાસઠમી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે. તે પૂર્ણિમા પરિસમાપ્તિ નિબંધન દેશથી મંડલને ૧૨૪ વડે છેદીને, પૂર્વેના ૪૭-ભાગોને છોડીને, આ પ્રદેશમાં રહીને સૂર્ય છેલ્લી-બાસઠમી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે.

હવે કઈ પૂર્ણિમા, કયા નક્ષત્રથી યુક્ત ચંદ્ર કે સૂર્ય પરિસમાપ્ત કરે છે, એમ પ્રશ્ન કરવાને કહે છે —

**● સૂત્ર-૯૪ :-**

*આ પાંચ સંવત્સરોમાં પહેલી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? ધનિષ્ઠા વડે. ધનિષ્ઠા નક્ષત્રના ત્રણ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૯/૬૨ ભાગ અને ૬૨- માં ભાગને ૬૭ વડે છેદીને ૬૫ ચૂર્ણિક ભાગ બાકી રહેતા [જોડે છે.]*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે ? તે પૂર્વાફાલ્ગુનીને ૨૮ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૮/૬૨ ભાગ તતા ૬૨ ભાગને ૬૭ વડે છેદીને બે-બત્રીશ ચૂર્ણિકા ભાગ રહેતા*

*આ પાંચ સંવત્સરોમાં બીજી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્ર વડે સમાપ્ત કરે છે ? ઉત્તરપ્રૌષ્ઠપદા વડે. ઉત્તરપ્રૌષ્ઠપદા નક્ષત્ર ૨૭- મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૪/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૨- ચૂર્ણિકા ભાગ બાકી રહેતા [પૂર્ણ કરે]*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? ઉત્તરાફાલ્ગુની વડે. ઉત્તરાફાલ્ગુનીના સાત મુહૂર્તો અને એક મુહૂર્તના ૩૩/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ ભાગથી છેદીને ૨૧-ચૂર્ણિકા ભાગો બાકી રહેતા [પૂર્ણ કરે છે]*

*આ પાંચ સંવત્સરમાં ત્રીજી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્રથી સમાપ્ત કરે છે ? અશ્વિની વડે. અશ્વિનીના ૨૧-મુહૂર્તો અને એક મુહૂર્તના ૯/૬૨ ભાગ તથા ૬૨/*



*૬૭ ભાગથી ૬૩ ચૂર્ણિકા ભાગો બાકી રહેતા [પૂર્ણ કરે છે.]*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી ત્રીજી પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? ચિત્રા વડે. ચિત્રા નક્ષત્રનું એક મુહૂર્ત અને મુહૂર્તના ૨૮/૬૨ ભાગો અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૩૦-ચૂર્ણિકા ભાગ રહેતા.*

*આ પાંચ સંવત્સરોમાં બારમી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્ર વડે સમાપ્ત કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના ૨૬ મુહૂર્તો અને મુહૂર્તના ૨૬/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૫૪-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા પૂર્ણિમાને પૂર્ણ કરે છે.*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી પૂર્ણિમાને સમાપ્ત કરે છે ? પુનર્વસુ વડે. પુનર્વસુ નક્ષત્રના ૧૬ મુહૂર્તો અને મુહૂર્તના ૮/૬૨ ભાગ તથા ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૨૦-ચૂર્ણિકા ભાગ રહેતા.*

*આ પાંચ સંવત્સરમાં છેલ્લી-બાસઠમી પૂર્ણિમાંને ચંદ્ર કયા નક્ષત્રથી સમાપ્ત કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના ચરમ સમયે [પૂર્ણ કરે છે.]*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી બાસઠમી પૂર્ણિમાને પૂર્ણ કરે છે ? પુનર્વસુ વડે. પુનર્વસુના ૧૬-મુહૂર્તો અને એક મુહૂર્તના ૮/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૨૦ ચૂર્ણિકા ભાગ રહેતા.*

*આ પાંચ સંવત્સરોમાં છેલ્લી બાસઠમી પૂર્ણિમાને ચંદ્ર કયા નક્ષત્ર વડે સમાપ્ત કરે છે ? પુષ્યથી, પુષ્યના ૨૧-મુહૂર્તો અને એક મુહૂર્તના ૪૩/૬૨ ભાગ તથા ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૩૩-ચૂર્ણિકા ભાગ રહેતા પૂર્ણિમાને સમાપ્ત કરે છે.*

**● વિવેચન-૯૪ :-**

ત્યાં યુગમાં આ અનંતરોક્ત પાંચ સંવત્સરો મધ્યે પહેલી પૂર્ણિમાને ચંદ્ર અને ઉપલક્ષણથી સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરીને પરિસમાપ્ત કરે છે ? ભગવંતે કહ્યું — ધનિષ્ઠા વડે. તેમાં તે પાંચ સંવત્સર મધ્યે પહેલી પૂર્ણિમાને ચંદ્ર ધનિષ્ઠા વડે સમાપ્ત કરે છે. અહીં ધનિષ્ઠાના પાંચ તારાની અપેક્ષાએ બહુવચન છે, અન્યથા તો એકવચન જ જાણવું.

તે ધનિષ્ઠાના ત્રણ મુહૂર્તો અને એક મુહૂર્તના ૨૯/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૫-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા. તથા — પૂર્ણિમા વિષયક ચંદ્રનક્ષત્ર યોગના પરિજ્ઞાનાર્થે કરણ પૂર્વે કહેલ છે. તેમાં ૬૬ મુહૂર્તો અને એક મુહૂર્તના ૫/૬૨ ભાગ અને ૧/૬૭ ભાગ એટલે કે — ૬૬|૫/૬૨|૧/૬૭ એ પ્રમાણે ધ્રુવરાશિ લેવી.

પછી - પહેલી પૂર્ણિમામાં ચંદ્ર નક્ષત્ર યોગ જાણવા માટે એક વડે ગુણીએ. એક વડે ગુણતાં તે જ સંખ્યા આવે. તેનાથી અભિજિત નવ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ અને ૧/૬૨ ના ૬૬/૬૭ ભાગ, એ રીતે એ પ્રમાણે શોધનક

શોધિત કરાય છે.

તેમાં ૬૬માંથી નવ મુહૂર્ત શોધિત થતાં પછી રહેશે - ૫૭, તેમાંથી એક મુહૂર્ત લઈને ૬૨-ભાગી કરાતા અને ૬૨-ને પણ બાસઠ ભાગ રાશિમાં પાંચ રૂપે ઉમેરતાં થશે ૬૭ના ૬૨ ભાગો. તેમાંથી ૨૪ શોધિત કરાતા રહેશે-૪૩. તેમાં એક સંખ્યા લઈને ૬૭-ભાગ કરીએ અને તે ૬૭-ભાગો પણ ૬૭ ભાગમાં ઉમેરીએ તો ૬૮/૬૭ ભાગ થશે. તેમાંથી ૬૬ને શોધિત કરાતા રહેશે ૨/૬૭ ભાગ. પછી તે ૩૦-મુહૂર્તો વડે શ્રવણ નક્ષત્ર આવે.

ત્યારપછી રહેશે ૨૬-મુહૂર્ત. પછી આ આવેલ ધનિષ્ઠા નક્ષત્રના ત્રણ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૧૯/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૬/૬૭ ભાગ રહેતાં પહેલી પૂર્ણિમા પરિસમાપ્તિને પામે છે. હવે સૂર્ય નક્ષત્ર યોગ પૃચ્છા —

તે સમયમાં કે જે સમયે ધનિષ્ઠા નક્ષત્ર ચંદ્ર વડે યુક્ત થઈ યથોક્ત શેષને પરિસમાપ્ત કરે છે, તે ક્ષણે. સૂર્ય કયા નક્ષત્ર વડે યુક્ત થઈ પહેલી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે ? ભગવંતે કહ્યું — ત્યારે પૂર્વાફાલ્ગુની વડે - x - ત્યારે પૂર્વા ફાલ્ગુનીના ૨૮ મુહૂર્તો અને એક મુહૂર્તના ૩૮/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને, તે રીતે ૩૨-ચૂર્ણિકા ભાગો રહેતા. તેથી કહે છે — તે જ ૬૬-મુહૂર્તો અને એક મુહૂર્તના ૫/૬૨ ભાગના ૧/૬૨ ભાગના ૧/૬૨ ભાગ, એ રીતે આ પ્રમાણે ધ્રુવરાશિ - ૬૬|૫|૧ લેવી. લઈને એક વડે ગુણીએ, એક વડે ગુણતાં તે જ થાય છે. પચી તેથી પુષ્ય શોધનક ૧૯ મુહૂર્તો અને એક મુહૂર્તના ૪૩/૬૨ ના ૧/૬૨ ભાગના ૩૩/૬૭ ભાગ — ૧૯/૪૩/૩૩ એ પ્રમાણે શોધિત થાય.

હવે આટલા પ્રમાણના પુષ્ય શોધનકની ઉત્પત્તિ કઈ રીતે છે, તે કહે છે — અહીં પૂર્વયુગ પરિસમાપ્તિ વેળામાં પુષ્યના ૨૩/૬૭ ભાગ પરિસમાપ્ત થયા અને ૪૪ બાકી રહ્યા. પછી તે ૪૪/૬૭ ભાગના મુહૂર્ત કરવા માટે ૩૦ વડે ગુણીએ. તેથી આવશે - ૧૩૨૦, તેને ૬૭ વડે ભાગાકાર કરતાં પ્રાપ્ત થાય-૨૧-મુહૂર્તો શેષ રહેશે - ૪૭. તેના ૬૨ ભાગ લાવવા માટે ૬૨ વડે ગુણીએ, તેથી આવશે - ૨૯૧૪. તેને ૬૭ વડે ભાંગતા પ્રાપ્ત થશે ૪૩/૬૨ તેમાં ૧/૬૨ ભાગના ૩૩/૬૭ ભાગ. આ ધ્રુવરાશિ શોધિત કરવી. તે આ રીતે —

૬૬-મુહૂર્તથી ૧૯ મુહૂર્ત શુદ્ધ થતાં પછી રહેલ ૪૭માંથી એક મુહૂર્ત લઈએ. પછી રહે છે - ૪૬. ગૃહિત મુહૂર્તના ૬૨-ભાગ કરીને ૬૨ ભાગ રાશિમાં પંચક રૂપ ઉમેરીએ. થશે ૬૨/૬૭ તેમાંથી ૪૩ શોધિત કરતાં પછી રહેલ ૨૪માંથી એક સંખ્યા ગ્રહણ કરતાં રહે-૨૩. ગૃહિત સંખ્યાના ૬૭-ભાગો કરાય છે અને કરીને ૬૭-ભાગ એકમાં ઉમેરીએ. તેથી આવશે - ૬૮/૬૭ ભાગ. તેમાંથી ૩૩ શોધિત કર્યા. પછી રહેશે - ૩૫. ત્યારપછી ૧૫-મુહૂર્ત વડે આશ્લેષા અને ૩૦ મુહૂર્ત વડે મઘા શોધિત થાય છે. ત્યારપછી રહેલ એક મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૩/૬૨ ભાગો, તેમાંના ૧/૬૨ ભાગના ૩૫/૬૭ ભાગ. અર્થાત્ સંખ્યા આવશે — ૧|૨૩|૩૫.



ઉક્ત સંખ્યાથી આવેલ - પૂર્વા ફાલ્ગુનીનક્ષત્રના અઠ્ઠાવીસ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૨/૬૭ ભાગ બાકી રહેતાં સૂર્ય પહેલી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે.

આ સૂર્ય મુહૂર્ત છે, એવા સ્વરૂપના ૩૦-સૂર્ય મુહૂર્ત વડે તેર અહોરાત્ર અને એક અહોરાત્રના બાર વ્યવહારિક મુહૂર્તો થાય. આ પ્રમાણે એક દિવસની ભાગ ગણના કરી, શેષ સ્થિત દિવસ ગણના પૂર્વ ફાલ્ગુની નક્ષત્રની સ્વયં કરવી જોઈએ. એ પ્રમાણે ઉત્તર સૂત્રોમાં પણ સૂર્ય નક્ષત્ર યોગની ભાવના કરવી.

પછીનું પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું - x - x - ઉત્તરાપ્રૌષ્ઠપદા વડે. - x - તે પ્રૌષ્ઠપદાના ૨૭ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૪/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને, તેનાથી ૬૪-ચૂર્ણિકા ભાગો શેષ રહે છે. તેથી કહે છે — તે જ ધ્રુવરાશિ ૬૬/૫/૧ થાય છે. હવે તેને બીજી પૂર્ણિમાની વિચારણામાં બે વડે ગુણવામાં આવે છે. તેથી મુહૂર્તો આવે છે - ૧૩૨. એક મુહૂર્તના ૧૦/૬૨ ભાગો અને ૧/૬૨ ભાગના ૨/૬૭ ભાગ. ત્યારપછી પૂર્વ રીતિથી અભિજિત નક્ષત્રના નવ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના હોતા ૬૬/૬૭ ભાગો શોધિત કરાય છે. તેથી આવશે ૧૨૨ અને એક મુહૂર્તના ૪૭/૬૨ ભાગો અને ૧/૬૨ ભાગના ૩/૬૭ ભાગ આવશે.

ત્યારપછી ૩૦ મુહૂર્ત વડે શ્રવણ અને ૩૦ મુહૂર્ત વડે ધનિષ્ઠા, ૧૫-મુહૂર્ત વડે શતભિષા, ૩૦ મુહૂર્ત વડે પૂર્વાભાદ્રપદા શોધિત થાય છે. પછી રહે છે - ૧૭ મુહૂર્ત. બાકી પૂર્વવત્ ૧૭/૪૭/૩ અર્થાત્ ૧૭|૪૭/૬૨|૩/૬૭

તેથી આવેલ ઉત્તરભાદ્રપદા નક્ષત્રના ૨૭-મુહૂર્તો અને એક મુહૂર્તના ૧૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૬/૬૭ ભાગ બાકી રહેતા બીજી પૂર્ણિમા પરિસમાપ્ત થાય છે.

હવે આ જ પૂર્ણિમાના સૂર્ય નક્ષત્ર યોગને વિશે પૂછે છે — તે પ્રશ્ન સુગમ છે. ભગવંત કહે છે - x - ઉત્તરા ફાલ્ગુની વડે. ઉત્તરા ફાલ્ગુનીને તે દ્વિતીય પૂર્ણિમા પરિસમાપ્તિ વેળામાં ૭-મુહૂર્તો અને એક મુહૂર્તના ૩૩/૬૨ ભાગ તથા ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને તેના ૩૧-ચૂર્ણિકા ભાગો બાકી રહે છે. તેથી કહે છે, તે જ ધ્રુવરાશિ લેવી — ૬૬|૫|૧, લઈને બીજી પૂર્ણિમાની હવે વિચારણા કરતાં બે વડે ગુણતાં, આવશે ૧૩૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૦/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૨/૬૭ ભાગ. — ૧૩૨/૧૦/૨. પછી આનાથી પુષ્ય શોધનક ૧૯ મુહૂર્તો અને એક મુહૂર્તના ૪૩/૬૨ ભાગો અને ૧/૬૨ ભાગના ૩૩/૬૭ ભાગ — ૧૯|૪૩|૩૩. એ રીતે આ પરિમાણ પૂર્વની રીતિથી શોધિત કરવું.

ત્યારપછી રહેલ ૧૧૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૮/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૩૬/૬૭ ભાગ — ૧૧૨|૨૮|૩૬.

ત્યારપછી ૧૫-મુહૂર્ત વડે આશ્લેષા, ૩૦-મુહૂર્ત વડે મઘા, ૩૦-મુહૂર્ત વડે પૂર્વાફાલ્ગુની શોધિત થશે. પછી મુહૂર્ત રહેશે-૩૭. તે પૂર્વવત્ જાણવું. પછી આવેલ

સૂર્ય વડે યુક્ત ઉત્તર ફાલ્ગુની નક્ષત્રને સાત મુહૂર્તોમાં અને એક મુહૂર્તના ૩૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૧/૬૭ ભાગો બાકી રહેતા બીજી પૂર્ણિમાને પૂર્ણ કરે છે.

હવે ત્રીજી પૂર્ણિમા વિષયમાં ચંદ્ર નક્ષત્ર યોગને પૂછે છે — - x - પ્રશ્ન સુગમ છે. ભગવંત કહે છે - x - x - ત્રીજી પૂર્ણિમાની પરિસમાપ્તિવેળામાં અશ્વિની નક્ષત્રના ૨૧-મુહૂર્તો અને એક મુહૂર્તના ૯/૬૨ ભાગો, તેમાંના ૧/૬૨ ભાગને ૬૭ ભાગથી છેદીને, તેના હોવાથી ૩૩-ચૂર્ણિકા ભાગ બાકી રહે છે. તેથી કહે છે — તે જ ધ્રુવરાશિ ૬૬/૫/૧ ત્રીજી પૂર્ણિમાને વિચારતા વર્તે છે, તેથી ત્રણ વડે ગુણીએ, તેથી પ્રાપ્ત સંખ્યા થશે-૧૯૮ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૫/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૩/૬૭ ભાગ — ૧૯૮/૧૫/૩. - x - પછી ૧૫૯ મુહૂર્ત વડે ૨૪/૬૨ ભાગ વડે અને ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે અભિજિતાદિથી ઉત્તર ભાદ્રપદા સુધીના છ નક્ષત્રો શુદ્ધ થાય છે.

ત્યારપછી રહે છે — ૩૮ મુહૂર્તો અને એક મુહૂર્તના ૫૨/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૪/૬૭ ભાગ — ૩૮|૫૨|૪. પછી ૩૦-મુહૂર્ત વડે રેવતી નક્ષત્ર શુદ્ધ થાય છે. પછી આઠ મુહૂર્ત રહે છે. પછી આવેલ ચંદ્રયુક્ત અશ્વિની નક્ષત્ર ૨૧-મુહૂર્તો અને એક મુહૂર્તના ૯/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૩/૬૭ ભાગમાં બાકીનાને પરિસમાપ્ત કરે છે.

હવે આ ત્રીજી પૂર્ણિમાને સૂર્ય નક્ષત્ર યોગને પૂછે છે — - x - પ્રશ્ન સૂત્ર સુગમ છે. ભગવંત કહે છે - x - ચિત્રા વડે યુક્ત સૂર્ય પરિસમાપ્ત કરે છે. ત્યારે ત્રીજી પૂર્ણિમાની પરિસમાપ્તિ વેલામાં ચિત્રામાં એક મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૮/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને તેના હોતા ૩૦-ચૂર્ણિકા ભાગ બાકી રહે છે. તેથી કહે છે — તે જ ધ્રુવરાશિ — ૬૬|૫|૧.

હવે ત્રીજી પૂર્ણિમા વિચારણા છે, માટે ત્રણ વડે ગુણીએ. તેથી આવશે - ૧૯૮ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૫/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૩/૬૭ ભાગ — ૧૯૮/૧૫/૩. પછી આ પુષ્ય શોધનક — ૧૯/૪૩/૩૩ને પૂર્વોક્ત પ્રકારથી શોધિત થાય છે.

ત્યારપછી રહે છે — ૧૭૮ મુહૂર્ત અને એક મુહૂર્તના ૩૩/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૩૭/૬૭ ભાગ — ૧૭૮|૩૩|૩૭. પછી ૧૦૫ મુહૂર્ત વડે આશ્લેષાદિથી હસ્ત સુધીના પાંચ નક્ષત્રો શુદ્ધ થાય છે. બાકીના ૨૮ મુહૂર્તો રહે છે. બાકી પૂર્વવત્ ૨૮/૩૩/૩૭, પછી ચિત્રા નક્ષત્ર સૂર્ય સાથે યુક્ત થાય.

ચિત્રા નક્ષત્ર એક મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૮/૬૨ અને ૧/૬૨ ભાગના ૩૦/૬૭ ભાગ બાકી રહેતા ત્રીજી પૂર્ણિમા પૂરી થાય.

હવે બારમી પૂર્ણિમામાં ચંદ્ર નક્ષત્રયોગને પૂછે છે — - x - ભગવંત ઉત્તર આપે છે - x - ઉત્તરાષાઢા વડે બારમી પૂર્ણિમા ચંદ્રને પરિસમાપ્ત કરે છે. તે ઉત્તરાષાઢાના ૨૬ મુહૂર્તો અને એક મુહૂર્તના ૨૬/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૬૨/૬૭ ભાગ વડે ૫૪-ચૂર્ણિકા ભાગો બાકી રહે છે. તેથી કહે છે, તે જ ધ્રુવરાશિ છે —



૬૬/૫/૧. અહીં બારમી પૂર્ણિમાને વિચારીએ છીએ તેથી બાર વડે ગુણીએ. તેથી આવશે ૭૯૨ મુહૂર્તો અને એક મુહૂર્તના ૬૦/૬૨ ભાગો અને તેમાંના ૧/૬૨ ભાગના ૧૨/૬૭ ભાગો થતાં રાશિ આવશે — ૭૯૨|૬૦|૧૨.

પછી ૭૪૨ મુહૂર્તો અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગો વડે અભિજિત્ આદિથી મૂળ સુધીના નક્ષત્રો શોધિત થાય છે.

પછી ૩૦ મુહૂર્ત વડે પૂર્વાષાઢા શુદ્ધ થતાં શેષ રહે છે ૧૮-મુહૂર્તો અને એક મુહૂર્તના ૩૫/૬૨ ભાગો અને તેમાંના ૧/૬૨ ભાગના ૧૩/૬૭ ભાગ. રાશિ આ છે — ૧૮/૩૫/૧૩.

પછી આવેલ ચંદ્ર સાથે યુક્ત ઉત્તરાષાઢા નક્ષત્ર બારમી પૂર્ણિમા ૨૬ મુહૂર્તો અને એક મુહૂર્તના ૨૬/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૫૪/૬૭ ભાગ બાકી રહેતા પરિસમાપ્ત કરે છે.

હવે આ જ બારમી પૂર્ણિમામાં સૂર્ય નક્ષત્રનો યોગ પૂછે છે — તે સુગમ છે. ભગવંતે કહ્યું - x - પુનર્વસુથી યુક્ત સૂર્ય પરિસમાપ્ત કરે છે. ત્યારે બારમી પૂર્ણિમા પરિસમાપ્તિ વેળામાં પુનર્વસુનક્ષત્રના ૧૬-મુહૂર્તો અને એક મુહૂર્તના ૮/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૬૨/૬૭ હોતા ૨૦ ચૂર્ણિકા ભાગ બાકી રહે છે. તેથી કહે છે — તે ધ્રુવરાશિ ૬૬|૫|૧ને બાર વડે ગુણીએ. તેથી સંખ્યા આવશે — ૭૯૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૬૦/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૧૨/૬૭ ભાગો અર્થાત્ તે રાશિ થશે — ૭૯૨/૬૦/૧૨.

પછી તેનાથી પુષ્ય શોધનક ૧૯|૪૩|૩૩, પૂર્વોક્ત પ્રકારથી શોધાય છે. પછી રહેશે — ૭૭૩ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૬/૬૨ ભાગ. તેમાંના ૧/૬૨ ભાગના ૪૬/૬૭ ભાગ. ૭૭૩/૧૬/૪૬. પછી આ ૭૪૪ મુહૂર્તો અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે આશ્લેષાથી આર્દ્રા સુધીના નક્ષત્રો શોધિત થાય છે. પછી રહેશે ૨૮ મુહૂર્તો અને એક મુહૂર્તના ૫૩/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૪૭/૬૭ ભાગો છે. તે રાશિ આવે છે — ૨૮|૫૩|૪૭.

તેથી આવેલ પુનર્વસુ નક્ષત્ર સૂર્યની સાથે યોગને પામીને ૧૬-મુહૂર્તો અને એક મુહૂર્તના ૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૦/૬૭ ભાગો બાકી રહેતા બારમી પૂર્ણિમા સમાપ્ત થાય છે.

હવે આ જ બાસઠમી પૂર્ણિમાનો ચંદ્ર નક્ષત્ર યોગ પૂછે છે — તે સુગમ છે. ભગવંતે કહ્યું - x - ઉત્તરાષાઢાથી યુક્ત ચંદ્ર છેલ્લી ૬૨મી પૂર્ણિમાને પરિણમે છે. ત્યારે છેલ્લી ૬૨-મી પૂર્ણિમા પરિસમાપ્તિવેળા ઉત્તરાષાઢાનો છેલ્લો સમય છે, તેથી કહે છે — તે જ ધ્રુવરાશિ ૬૬/૫/૧ છે. છેલ્લી બાસઠમી પૂર્ણિમા હાલ વિચારણામાં વર્તે છે. તેથી ૬૨ વડે ગુણીએ. તેનાથી આવશે — ૪૦૯૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૬૨ ભાગના ૩૧૦ અને ૧/૬૨ ભાગાના ૬૨/૬૭ ભાગ.

ત્યારપછી આ વચન — ૮૧૯ શોધનક ઉત્તરાષાઢાના ૨૪ ભાગ અને ૬૬

ચૂર્ણિકાઓ. એવા પ્રમાણથી એક સર્વ નક્ષત્ર પર્યાય શોધનક પાંચ વડે ગુણીને શોધિત થાય છે અને તે પૂર્વોક્ત પ્રકારથી શોધિત થતાં પરિપૂર્ણ શુદ્ધિને પામે છે. પછી કંઈ જ રહેતું નથી. તેથી આવેલ ઉત્તરાષાઢા નક્ષત્ર ચંદ્ર સાથે યુક્ત છેલ્લા સમયે છેલ્લી-બાસઠમી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે.

હવે આ જ બાસઠમી પૂર્ણિમા સૂર્ય નક્ષત્ર યોગને પૂછે છે - x - સુગમ છે. ભગવંતે કહ્યું – પુષ્ય વડે યુક્ત સૂર્ય છેલ્લી બાસઠમી પૂર્ણિમાને પરિસમાપ્ત કરે છે.

ત્યારે આ બાસઠમી પૂર્ણિમા પરિસમાપ્તિ વેલામાં ૧૯-મુહૂર્તો અને એક મુહૂર્ત્તના ૪૩/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૬૨/૬૭ ભાગને લીધે ૩૩-ચૂર્ણિકા ભાગ બાકી રહે છે. તેથી કહે છે – તે જ ધ્રુવરાશિ – ૬૬|૫|૧ છે. તેને ૬૨ વડે ગુણતાં આવશે – ૪૦૯૨ મુહૂર્તો અને એક મુહૂર્ત્તના ૬૨ ભાગોના ૩૧૦ અને ૧/૬૨ ભાગના ૬૨/૬૭ ભાગ. રાશિ આવશે - ૪૦૯૨|૩૧૦|૬૨ અહીં પુષ્યના ૧૦ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના ૧૮/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૨૪/૬૭ ભાગો અતિક્રાંત થતાં પાશ્ચાત્ય યુગને પરિસમાપ્ત કરે છે.

ત્યારપછી બીજો યુગ પ્રવર્તે છે. પુષ્ય પણ તેટલો જ માત્ર અતિક્રાંત થઈ આગલ ફરી પણ તેટલાં માત્ર પુષ્યના અતિક્રમ સુધી આટલા પ્રમાણમાં એક પરિપૂર્ણ નક્ષત્ર પર્યાય થાય અને તેનું પ્રમાણ ૮૧૯ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના ૨૪/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગો. રાશિ – ૮૧૯|૨૪|૬૬ પછી આને પાંચ વડે ગુણીને પૂર્વોક્ત ધ્રુવરાશિને ૬૨ વડે ગુણીને શોધિત કરાય છે તેથી પરિપૂર્ણ શોધિત થાય અને ત્યારપછી રાશિ નિર્લેપ થાય છે.

ત્યારપછી આવેલ પુષ્યના સૂર્યથી યુક્ત ૧૦ મુહૂર્તો અને એક મુહૂર્ત્તના ૧૮/૬૨ ભાગમાં ૧/૬૨ ભાગના ૩૪/૬૭ ભાગો અતિક્રાંત થતાં ૧૯ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના ૪૩/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગમાંના ૩૩/૬૭ ભાગો બાકી રહેતા છેલ્લી બાસઠમી પૂર્ણિમા પરિસમાપ્ત થાય છે.

તે જ પૂર્ણિમા વિષય ચંદ્રનક્ષત્ર યોગ અને સૂર્ય નક્ષત્ર યોગ કહ્યો.

હવે અમાવાસ્યા વિષય સૂર્યનક્ષત્ર યોગ અને ચંદ્ર નક્ષત્ર યોગને પ્રતિપાદિત કરવા મરાટે પહેલા પહેલી અમાવાસ્યા વિષયક પ્રશ્નસૂત્ર કહે છે –

● સૂત્ર-૯૫ :-

***આ પાંચ સંવત્સરોમાં પહેલી અમાવાસ્યા ચંદ્ર કયા નક્ષત્રથી પરિસમાપ્ત કરે છે? આશ્લેષા વડે. આશ્લેષા એક મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૪૦/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૨-ચૂર્ણિકા બાકી રહેતા.***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી અમાસને પરિસમાપ્ત કરે છે ? આશ્લેષા વડે. આશ્લેષાનું એક મુહૂર્ત્ત અને મુહૂર્ત્તના ૪૦/૬૨ ભાગ, ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૨-ચૂર્ણિકા ભાગ રહેતા.***

***આ પાંચ સંવત્સરોમાં બીજી અમાવાસ્યાને ચંદ્ર કયા નક્ષત્રથી પરિસમાપ્ત***



***કરે છે ? ઉત્તરાફાલ્ગુનીથી. ઉત્તરાફાલ્ગુની ૪૦-મુહૂર્ત્ત અને મુહૂર્ત્તના ૩૫/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૫- ચૂર્ણિકા ભાગો બાકી રહેતા.***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે અમાસને પરિસમાપ્ત કરે છે ? ઉત્તરાફાલ્ગુની વડે. ચંદ્રવત્ કહેવું.***

***આ પાંચ સંવત્સરોની ત્રીજી અમાવાસ્યાને ચંદ્ર કયા નક્ષત્રથી પરિસમાપ્ત કરે છે ? હસ્ત વડે. હસ્તના ચાર મુહૂર્ત અને એક મુહૂર્ત્તના ૩૦/૬૨ ભાગો અને ૬૨ ભાગને ૬૭વડે છેદીને ૬૨ ચૂર્ણિકા ભાગો બાકી રહેતા પૂર્ણ કરે.***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી અમાવાસ્યાને પૂર્ણ કરે છે ? હસ્ત વડે. હસ્તનક્ષત્રનું ચંદ્રવત્ જાણવું.***

***આ પાંચ સંવત્સરમાં બારમી અમાવાસ્યાને ચંદ્ર કયા નક્ષત્ર વડે પરિસમાપ્ત કરે છે ? આર્દ્રા વડે. આર્દ્રાના ચાર મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૧૦/૬૨ ભાગ તથા ૬૨ને ૬૭ વડે છેદીને ૫૪-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા પૂર્ણ કરે.***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે ? આર્દ્રા વડે. બાકી ચંદ્રવત્.***

***આ પાંચ સંવત્સરોમાં છેલ્લી બાસઠમી અમાવાસ્યા ચંદ્ર કયા નક્ષત્રથી પરિસમાપ્ત કરે છે ? પુનર્વસુ વડે. પુનર્વસુના ૨૨-મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૪૨/૬૨ ભાગ બાકી રહેતા.***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી અમાવાસ્યાને પૂર્ણ કરે છે ? પુનર્વસુ વડે. શેષ ચંદ્રવત્ જાણવું.***

● વિવેચન-૯૫ :-

પ્રશ્ન સુગમ છે. ભગવંતે કહ્યું - x - આશ્લેષા સાથે યુક્ત ચંદ્ર પહેલી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. આશ્લેષા નક્ષત્રના છ તારા હોવાથી સૂત્રમાં બહુવચન છે, પહેલી અમાવાસ્યા પરિસમાપ્તિ વેળા આશ્લેષા નક્ષત્રના એક મુહૂર્ત અને મુહૂર્ત્તના ૪૪/૬૨ ભાગ અને ૧/૬૨ ના ૬૨/૬૭ ભાગથી ૬૬-ચૂર્ણિકા ભાગો બાકી રહેતા. તેથી કહે છે – તે જ ધ્રુવરાશિ ૬૬|૫|૧. પહેલી અમાવાસ્યા વિશે હાલ વિચારણા ચાલે છે, તેથી એક વડે ગુણીએ. એક વડે ગુણતાં તે જ સંખ્યા રહે છે. પછી - x - x - ૨૨-મુહૂર્તો અને એક મુહૂર્ત્તના ૪૬/૬૨ ભાગ, એ રીતે એ પ્રમાણથી પુનર્વસુ શોધનક શોધિત કરાય ચે. તેમાં ૬૬ મુહૂર્ત્તની અપેક્ષાથી તેના ૬૨-ભાગો કર્યા. તે ૬૨-ભાગ રાશિ મધ્યે ઉમેરીએ. તેથી થશે ૬૭. તેમાંથી ૪૬ને શોધિત કરતાં બાકી રહેશે-૨૧. પછી ૪૩-મુહૂર્તમાંથી ૩૦ મુહૂર્ત વડે પુષ્ય શુદ્ધ થાય છે.

ત્યારપછી રહે છે - ૧૩ મુહૂર્તો. આશ્લેષાનક્ષત્ર અર્ધક્ષેત્ર, એ રીતે ૧૫-મુહૂર્ત્તપ્રમાણ. તેથી આ આવેલ - આશ્લેષા નક્ષત્રના એક મુહૂર્ત અને મુહૂર્ત્તના ૪૦/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૬૨/૬૭ ભાગોમાં ૬૬ ભાગો રહેતા પહેલી અમાસ પૂર્ણ થાય છે.

હવે આ જ પહેલી અમાવાસ્યા વિશે સૂર્યનક્ષત્ર પૂછે છે – પ્રશ્ન સૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું - x - અહીં જે અમાવાસ્યામાં ચંદ્ર નક્ષત્ર યોગમાં ધ્રુવરાશિનું જે શોધનક છે, તે જ સૂર્યનક્ષત્ર યોગ વિષયમાં પણ ધ્રુવરાશિ, તે જ શોધનક છે, તે જ સૂર્યનક્ષત્ર યોગમાં પણ નક્ષત્ર ત્યાં સુધી જ તે નક્ષત્રની શેષ છે. તેથી જ કહે છે – આશ્લેષા વડે યુક્ત સૂર્ય પહેલા અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. તે પરિસમાપ્તિ વેળાએ આશ્લેષાનું એક મુહૂર્ત અને મુહૂર્તના ૪૪/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ બાકી રહેતા.

બીજી અમાવાસ્યા વિષયક પ્રશ્ન સત્ર સુગમ છે. ભગવંત કહે છે – ઉત્તરાફાલ્ગુની વડે યુક્ત ચંદ્ર બીજી અમાસને પરિસમાપ્ત કરે છે. ત્યારે - અમાવાસ્યા પરિસમાપ્તિ વેળાએ ઉત્તરાફાલ્ગુનીના ૪૪ મુહૂર્તો અને મુહૂર્તના ૩૫/૬૨ ભાગ તથા ૬૨ ભાગને ૬૭ વડે છેદીને તેના હોતાં ૬૫-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા. તેથી જ કહે છે – તે જ ધ્રુવરાશિ – ૬૬/૫/૧. તેને બે વડે ગુણતાં થાય ૧૩૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૦/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૨-ચૂર્ણિકા ભાગો. તે આ રીતે રાશિ – ૧૩૨/૧૦/૨ થાય.

તેમાં પહેલા પુનર્વસુ શોધનક શોધિત થાય છે. ૧૩૨ મુહૂર્તથી ૨૨-મહૂર્તો શુદ્ધ થતાં પછી રહેશે-૧૧૦, તેમાંથી એક મુહૂર્ત લઈને ૬૨ ભાગ કરીએ. કરીને તે ૬૨ ભાગ, ૬૨-ભાગ રાશિમાં ઉમેરીએ. તેથી ૭/૬૨ ભાગો, તેમાંથી ૪૬ શુદ્ધ થતાં પછી રહેશે ૨૬, પછી ૧૦૯ મુહૂર્તથી ૩૦ વડે પુષ્ય શોધિત થાય. પછી રહેશે-૭૯. તેમાંથી પણ ૧૫- મુહૂર્ત વડે આશ્લેષા શોધિત થાય. તેથી રહેશે ૬૪. તેમાંથી પણ ૩૦ મુહૂર્ત વડે મઘા શોધિત થાય. તેથી રહેશે - ૩૪, તેમાંથી પણ ૩૦ મુહૂર્ત વડે પૂર્વાફાલ્ગુની શોધિત થાય. પછી રહેશે-ચાર. ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર દ્વયર્દ્ધક્ષેત્ર છે અને તે ૪૫-મુહૂર્ત પ્રમાણ છે.

તેથી અહીં આવેલ-ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના ચંદ્રયોગ ઉપાગતના ૪૦ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૩૫/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને પછી ૫૬-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા બીજી અમાસની પરિસમાપ્તિને પામે છે.

હવે આ જ બીજી અમાવાસ્યામાં સૂર્ય નક્ષત્ર પૂછે છે – પ્રશ્ન સુગમ છે. ભગવંતે કહ્યું - x - ઉત્તરાફાલ્ગુની વડે યુક્ત સૂર્ય બીજી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. ત્યારે - બીજી અમાવાસ્યા પરિસમાપ્તિ વેળામાં ઉત્તરાફાલ્ગુની વડે, જેમ ચંદ્રના વિષયમાં કહ્યું, તેમજ અહીં પણ કહેવું જોઈએ. તે આ પ્રમાણે-૪૪ મુહૂર્ત અને એક મુહૂર્તના ૩૫/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૫-ચૂર્ણિકા ભાગો બાકી રહે છે. આ બંને ચંદ્ર-સૂર્યના નક્ષત્ર-પરિજ્ઞાન હેતુના કરણના સમાનત્વથી જાણવું.

ત્રીજી અમાવાસ્યા વિષયક પ્રશ્ન સૂત્ર કહે છે - x - તે સુગમ છે. ભગવંત કહે છે - x - હસ્ત વડે યુક્ત ચંદ્ર ત્રીજી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. ત્યારે હસ્તના ચાર મુહૂર્ત અને એક મુહૂર્તના ૩૦/૬૨ ભાગ ૬૨ ભાગને ૧/૬૭ થી છેદીને તેના હોતા ૬૪ ચૂર્ણિકા ભાગ બાકી રહે છે. તેથી કહે છે – તે જ ધ્રુવરાશિ – ૬૬/૫/૧. હાલ ત્રીજી અમાવાસ્યાની વિચારણા છે માટે ત્રણ વડે ગુણીએ છીએ. તેથી પ્રાપ્ત સંખ્યા છે - ૧૯૮ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૫/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૩/૬૭ ભાગ. તેથી સંખ્યા આવશે – ૧૯૮|૧૫|૩. પછી આનાથી ૧૭૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૪૬/૬૨ ભાગ વડે આશ્લેષાદિથી ઉત્તરાફાલ્ગુની સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે. પછી રહે છે. ૨૫-મુહૂર્ત અને એક મુહૂર્તના ૩૧/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૩/૬૭ ભાગ. તેથી પ્રાપ્ત રાશિ આ રીતે – ૨૫/૩૧/૩.



તે રીતે આવેલ હસ્તનક્ષત્રનો ચંદ્ર સાથે યોગ પામીને ચાર મુહૂર્તમાં એક મુહૂર્તના ૩૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૬/૬૭ ભાગ બાકી રહેતા ત્રીજી અમાવાસ્યા પૂરી થાય છે.

અહીં જ સૂર્યવિષયક પ્રશ્નસૂતર્ કહે છે - x - સુગમ છે. ભગવંત કહે છે - x - હસ્ત નક્ષત્ર વડે જ યુક્ત સૂર્ય પણ ત્રીજી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે.

આ બંનેના પણ કરણની સમાનાર્થતાથી જાણવું.

બાકીના પાઠ વિષયમાં અતિદેશ કહે છે – જેમ ચંદ્રના વિષયમાં હસ્તનું શેષ કહ્યું, તેમ સૂર્યના વિષયમાં પણ કહેવું. તે આ પ્રમાણે હસ્તના ચાર મુહૂર્તો અને એક મુહૂર્તના ૩૦/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૨-ચૂર્ણિકા ભાગ રહેતા.

હવે ૧૨-મી અમાવાસ્યા વિષયક પ્રશ્નસૂત્ર કહે છે - x - તે સુગમ છે. ભગવંતે કહ્યું – આર્દ્રા વડે યુક્ત ચંદ્ર બારમી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. ત્યારે આર્દ્રાના ચાર મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૦/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૫૪ ચૂર્ણિકા ભાગ રહેતા. તેથી જ તે જ ધ્રુવરાશિ - ૬૬/૫/૧. બારમી અમાવાસ્યાની વિચારણા વર્તે છે, તેથી બાર વડે ગુણીએ. તો ૭૯૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૬૦/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૧૨/૬૭ ભાગ – ૭૯૨/૬૦/૧૨. આનાથી ૪૪૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૪૬/૬૨ વડે આશ્લેષાદિથી ઉત્તરાષાઢા પર્યન્તના નક્ષત્રો શુદ્ધ થાય છે. પછી રહે છે - ૩૫૦ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૪/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૧૨/૬૭ ભાગ. તેથી આવશે – ૩૫૦|૧૪|૧૨. પછી ૩૦૯ મુહૂર્તોમાંના એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ વડે અને ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે અભિજિતાદિથી રોહિણી પર્યન્તના નક્ષત્રો શોધિત થાય છે.

ત્યારપછી રહે છે – ૪૦ મુહૂર્તો અને એક મુહૂર્તના ૫૧/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૧૩/૬૭ ભાગ. તેથી થશે – ૪૦/૫૧/૧૩. તેમાંથી ૩૦ મુહૂર્ત વડે મૃગશિર શુદ્ધ થતાં પછી રહેશે ૧૫ મુહૂર્તો. બાકી પૂર્વવત્. ૧૦/૫૧/૧૩. તેથી આવેલ આર્દ્રાનક્ષત્રનો ચંદ્ર સાથે સંયુક્ત ચાર મુહૂર્તોમાં એક મુહૂર્તના ૧૦/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૪/૬૭ ભાગોમાં અર્થાત્ ૪|૧૦|૫૪ રહેતા બારમી અમાસ પરિસમાપ્ત થાય છે.

હવે સૂર્યના વિષયમાં પ્રશ્ન કહે છે - x - તે સુગમ છે. ભગવંતે કહ્યું - x - આર્દ્રા વડે યુક્ત સૂર્ય પણ બારમી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. બાકીના પાઠના વિષયમાં અતિદેશ કહે છે – જેમ ચંદ્રના વિષયમાં આર્દ્રાનું શેષ કથન છે, તેમ સૂર્યના વિષયમાં પણ કહેવું. તે આ પ્રમાણે – આર્દ્રા ચાર મુહૂર્ત અને મુહૂર્ત્તના ૧૦/૬૨ ભાગમાં ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૫૪-ચૂર્ણિકા ભાગ રહે છે.

છેલ્લી બાસઠમી અમાવાસ્યાના વિષયમાં પ્રશ્ન કહે છે – - x - તે સુગમ છે. ભગવંતે કહ્યું - x - પુનર્વસુ યુક્ત ચંદ્ર છેલ્લી ૬૨-મી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. તે આ - ચરમ બાસઠમી અમાવાસ્યા પરિસમાપ્તિ વેલામાં પુનર્વસુ નક્ષત્રના ૨૨-મુહૂર્ત્તો અને મુહૂર્ત્તના ૪૬/૬૨ ભાગ મુહૂર્ત બાકી રહેતા. તેથી કહે છે – તે જ ધ્રુવરાશિ – ૬૬|૫|૧ છે. તેને ૬૨ વડે ગુણીએ, તેથી મુહૂર્ત્તોના ૪૦૯૨ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના બાસઠ ભાગોના ૩૧૦ અને ૧/૬૨ ભાગના ૬૨/૬૭ ભાગો – ૪૦૯૨|૩૧૦|૬૨. પછી આમાંથી ૪૦૪૨ મુહૂર્ત્તમાંના એક મુહૂર્ત્તના ૪૬/૬૨ ભાગ વડે પહેલું શોધનક શુદ્ધ થાય છે. - -

- - પછી રહેશે ૩૬૫૦ મુહૂર્ત્તોમાંના એક મુહૂર્ત્તના $^{૨૬૪}/_{૬૨}$ માંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૨}/_{૬૭}$ ભાગ – ૩૬૫૦|૨૬૪|૬૨. તેથી અભિજિત્ આદિથી ઉત્તરાષાઢા પર્યન્તના સર્વ નક્ષત્રપર્યાય વિષય શોધનક ૮૧૯ મુહૂર્ત્તોના એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ માંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગે – ૮૧૯|૨૪|૬૬. એ પ્રમાણે આવા પ્રમાણને ચાર વડે ગુણીને શોધિત કરીએ. - -

- - ત્યારપછી ૩૭૪ મુહૂર્ત્તોના એક મુહૂર્ત્તના ભાગોમાંના $^{૧૬૪}/_{૬૨}$ ભાગોમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગો – ૩૭૪|૧૬૪|૬૬. પછી ફરી પણ ૩૦૯ મુહૂર્ત્તોના એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગે વડે અભિજિતાદિથી રોહિણી પર્યન્તના શોધિત થાય છે.

ત્યારપછી રહેશે - ૬૭ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના $^{૧૬}/_{૬૨}$ ભાગ – ૬૭/૧૬/. પછી ૩૦ મુહૂર્ત વડે મૃગશિર, ૧૫ મુહૂર્ત વડે આર્દ્રા પણ શોધિત થાય છે. પછી બાકી રહેશે – ૨૨ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના $^{૧૬}/_{૬૨}$ ભાગ. તેથી આવેલ ચંદ્ર સાથે સંયુક્ત પુનર્વસુ નક્ષત્ર - ૨૨ મુહૂર્ત્તોમાં અને એક મુહૂર્ત્તના $^{૪૬}/_{૬૨}$ ભાગો બાકી રહેતાં બાસઠમી અમાવાસ્યા પૂર્ણ કરે છે.

હવે સૂર્ય વિષયક પ્રશ્નસૂત્ર કહે છે - x - તે સુગમ છે. ભગવંતે કહ્યું - x - સૂર્ય પણ પુનર્વસુની સાથે યોગ પામીને છેલ્લી બાસઠમી અમાવાસ્યાને પરિસમાપ્ત કરે છે. શેષ વિષયમાં અતિદેશ કહે છે - x - ચંદ્રના વિષયમાં પુનર્વસુ વિશે કહ્યું, તેમજ સૂર્યના વિષયમાં પણ કહેવું. તે આ પ્રમાણે – પુનર્વસુના ૨૨-મુહૂર્ત્તો અને $^{૪૬}/_{૬૨}$ મુહૂર્ત બાકી રહેતા.

● **સૂત્ર-૯૬ :-**

***જે આદ્ય નક્ષત્ર સાથે જે દેશમાં ચંદ્ર યોગ કરે છે, તે આ ૮૧૯ મુહૂર્ત્તો***





***અને મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગમાં ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૨-ચૂર્ણિકા ભાગ ગ્રહણ કરીને ફરી તે ચંદ્ર અન્ય સદૃશ નક્ષત્ર સાથે અન્ય દેશમાં યોગ કરે છે.***

***જે આદ્ય નક્ષત્ર સાથે જે દેશમાં ચંદ્ર યોગ કરે છે, તે આ ૧૬૩૮ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના $^{૪૯}/_{૬૨}$ ભાગમાં ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૫-ચૂર્ણિકા ભાગ ગ્રહણ કરીને ફરી પણ તે ચંદ્ર તે જ નક્ષત્ર સાથે અન્ય દેશમાં યોગ કરે છે.***

***જે આદ્ય નક્ષત્ર સાથે જે દેશમાં ચંદ્ર યોગ કરે છે, તે આ – ૫૪,૯૦૦ મુહૂર્ત્તો ગ્રહણ કરીને ફરી પણ તે ચંદ્ર અન્ય તાદૃશ એવા તે દેશમાં યોગ કરે છે.***

***જે આદ્ય નક્ષત્રમાં જે-જે દેશમાં ચંદ્ર યોગ કરે છે. તે આ છે ૧,૦૯,૮૦૦ મુહૂર્ત્ત ગ્રહણ કરીને ફરી પણ તે ચંદ્ર તે નક્ષત્ર સાથે, તે દેશમાં યોગ કરે છે.***

***જે આજના નક્ષત્રથી જે દેશમાં સૂર્ય સાથે યોગ કરે છે, તે આ છે – ૩૬૦ અહોરાત્રને ગ્રહણ કરીને ફરી પણ તે સૂર્ય બીજા તેવા પ્રકારના નક્ષત્ર વડે તે દેશમાં યોગ કરે છે.***

***જે આજના નક્ષત્રથી સૂર્ય તે દેશમાં યોગ કરે છે, તે આ છે – ૭૨૦ અહોરાત્ર ગ્રહણ કરીને ફરી પણ તે સૂર્ય તે જ નક્ષત્ર વડે તે દેશમાં યોગ કરે છે.***

***જે નક્ષત્ર વડે સૂર્ય જે દેશમાં યોગ કરે છે, તે આ છે – ૧૮૩૦ અહોરાત્ર ગ્રહણ કરીને ફરી પણ સૂર્ય અન્ય નક્ષત્ર વડે તે દેશમાં યોગ કરે છે.***

***જે આજના નક્ષત્ર વડે સૂર્ય જે દેશમાં યોગ કરે છે, તે આ ૩૬૬૦ અહોરાત્ર ગ્રહણ કરીને ફરી પણ તે સૂર્ય તે જ નક્ષત્ર વડે તે દેશમાં યોગ કરે છે.***

● **વિવેચન-૯૬ :-**

હવે જે નક્ષત્ર તેવા પ્રકારના નામનું કે તે જ દેશમાં અથવા બીજામાં જેટલાં કાળથી ફરી ચંદ્ર સાથે યોગ પામે છે. તેટલો કાળ દર્શાવવા માટે કહે છે –

જે નક્ષત્રની સાથે ચંદ્ર આજે - વિવક્ષિત દિવસે યોગ કરે છે, અને જે દેશમાં કરે છે, તે ચંદ્ર આ – વક્ષ્યમાણ સંખ્યક, તે જ કહે છે – ૮૧૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગોમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગોને ગ્રહણ કરીને - અતિક્રમીને. ફરી પણ તે ચંદ્ર અન્ય બીજા સદૃશ નામના નક્ષત્ર વડે યોગ જે દેશમાં કરે છે. અહીં આ ભાવના છે –

અહીં ચંદ્ર, સૂર્ય નક્ષત્રો મધ્યે નક્ષત્રો સર્વ શીઘ્ર છે, તેનાંથી પણ મંદગતિવાળા સૂર્યો, તેનાથી પણ મંદગતિવાળા ચંદ્રો છે અને તે આગળ સ્વયં જ કહેશે.

૫૬-નક્ષત્રો પ્રતિનિયત તાપાંતરાલ દેશો ચક્રવાલ મંડલપણે વ્યવસ્થિત હંમેશાં એકરૂપપણે પરિભ્રમણ કરે છે તેમાં યુગની આદિમાં અભિજિત નક્ષત્ર સાથે ચંદ્ર યોગને પામે છે અને તે યોગ પામેલ એવો ધીમે-ધીમે પાછળ ખસતા તે નક્ષત્રથી અતિ મંદગતિપણાથી જાય છે.

પછી નવ મુહૂર્તોમાંના એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૫૬/૬૭ ભાગોને અતિક્રમીને આગળ શ્રવણ સાથે યોગ કરે છે. ત્યારપછી પણ ધીમે ધીમે ઘટતા ૩૦-મુહૂર્તથી શ્રવણ સાથે યોગને સમાપ્ત કરીને આગળ ધનિષ્ઠા સાથે યોગને પામે છે.

એ પ્રમાણે સ્વ-સ્વ કાળને આશ્રીને બધાં પણ નક્ષત્રો સાથે યોગ ત્યાં સુધી કહેવો. જ્યાં સુધી ઉત્તરાષાઢા નક્ષત્ર યોગ આવે આટલા કાળથી ૮૦૦ [૮૧૯ ?] મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગો થાય છે. તેથી કહે છે - છ નક્ષત્રો ૪૫ મુહૂર્તવાળા છે, તેથી ૬ને ૪૫ વડે ગુણતાં થાય છે - ૨૭૦.

છ નક્ષત્રો ૧૫-મુહૂર્તોવાળા છે ફરી છને ૧૫ વડે ગુણીએ એટલે થશે ૯૦ પંદર નક્ષત્રો ૩૦-મુહૂર્તવાળા છે, તેથી ૧૫ને ૩૦ વડે ગુણીએ, આવે છે - ૪૫૦.

અભિજિત્ નવ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગો અને તેમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગો થાય છે.

ઉક્ત બધી સંખ્યાને એકઠી કરતાં યથોક્ત મુહૂર્ત સંખ્યા થાય છે — ૮૧૯ — ૨૪/૬૨|૬૬/૬૭ આટલો નક્ષત્ર માસ થાય.

તેથી ત્યારપછી જે અભિજિત્ નક્ષત્રને અતિક્રાંત થઈને તે પછીના બીજા અભિજિત નક્ષત્ર સાથે નવ મુહૂર્તાદિકાળ યોગને પામે છે. પછી પરમ અપર બીજા ૨૮ સંબંધી શ્રવણ સાથે યોગ પામે. એ પ્રમાણે પૂર્વવત્ ઉત્તરાષાઢા સુધી કહેવું.

ત્યારપછી ફરી પ્રથમથી જ અભિજિત નક્ષત્ર સાથે યોગને પામે છે. તેથી પૂર્વોક્ત ક્રમથી શ્રવણાદિ વડે [યોગ થાય] એ પ્રમાણે સર્વકાળ પણ જાણવું.

તેથી વિવક્ષિત દિવસમાં જે દેશમાં જે નક્ષત્ર સાથે યોગ કરીને ચંદ્ર, તે યથોક્ત મુહૂર્ત સંખ્યાતિક્રમથી ફરી તેવા જ બીજા નક્ષત્ર સાથે બીજા દેશમાં યોગ કરે છે, પરંતુ તે જ નક્ષત્ર અને તે જ દેશમાં કરતો નથી - તથા -

अद्य - વિવક્ષિત દિવસમાં જે નક્ષત્ર સાથે યોગ જે-જે દેશમાં ચંદ્ર જોડે છે. તે આ વક્ષ્યમાણ સંખ્યક છે. તે જ કહે છે — ૧૬૩૮ મુહૂર્ત અને એક મુહૂર્તના ૪૯/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને તેના હોતા ૫૬-ચૂર્ણિકા ભાગોને અતિક્રમીને ફરી પણ તે ચંદ્ર તે જ નક્ષત્ર સાથે યોગ કરે છે. પરંતુ બીજા દેશમાં, તે જ દેશમાં નહીં કઈ રીતે ? તેનો ઉત્તર આપે છે —

અહીં ફરી તે જ દેશમાં તે જ નક્ષત્ર સાથે યોગ બે યુગ કાળ અતિક્રમી યથાર્થ કેવળ વેદથી જ્યોતિષ્ ચક્રગતની પ્રાપ્તિ છે, જંબૂદ્વીપમાં ૫૬ જ નક્ષત્રો છે, તેથી વિવક્ષિત નક્ષત્ર યોગ હોતા, ત્યાંથી આરંભી ૫૬ નક્ષત્ર અતિક્રમીને તે જ નક્ષત્ર સાથે યોગ કરે છે. ૫૬-નક્ષત્ર અતિક્રમીને પૂર્વોક્ત ૨૮- નક્ષત્રમુહૂર્ત સંખ્યાદિ ગુણ સંખ્યાથી, તેથી કહ્યું — ૧૬૩૮ આદિ.

તેથી તેવા જ કે તે નક્ષત્ર સાથે બીજા દેશમાં જેટલા કાળથી ફરી પણ યોગ



થાય છે, તેટલો કાળ વિશેષ કહ્યો. હવે તે જ દેશમાં, તેવા પ્રકાર કે તે નક્ષત્ર સાથે ફરી પણ યોગ જેટલા કાળથી થાય છે, તેટલા કાળ વિશેષને કહે છે —

વિવક્ષિત દિવસમાં જે નક્ષત્ર સાથે યોગ જે દેશમાં ચંદ્ર કરે છે તે ચંદ્ર આ વક્ષ્યમાણ સંખ્યક છે, તેને કહે છે — ૫૪,૯૦૦ મુહૂર્ત અતિક્રમીને ફરી પણ તે ચંદ્ર અન્ય તેવા જ નક્ષત્ર સાથે તે જ દેશમાં યોગ કરે છે, અહીં આ ભાવના છે —

વિવક્ષિત યુગમાં વિવક્ષિત ૨૮-નક્ષત્રો મધ્યે જે નક્ષત્ર સાથે, જે દેશમાં જ્યારે ચંદ્રનો યોગ થાય, ફરી તે જ દેશમાં ત્યાં જ, તે નક્ષત્ર સાથે યોગ વિવક્ષિત યુગથી આરંભીને ત્રીજા યુગમાં, બીજામાં નહીં. કઈ રીતે ? પૂછતાં કહે છે —

અહીં યુગાદિથી આરંભીને પહેલાં નક્ષત્રમાસમાં જે એક આદિથી ૨૮-નક્ષત્રોને સમતિક્રમે છે, બીજા નક્ષત્ર માસથી, તેનાથી અપર દ્વિતીય, તેથી ફરી ત્રીજા નક્ષત્ર માસથી તે જ પ્રથમાદિ ૨૮-નક્ષત્રો ચોથા વડે ફરી તે જ બીજામાં, એ પ્રમાણે સર્વકાળ, યુગમાં ૬૭-નક્ષત્ર માસ છે, તે ૬૭-સંખ્યા વિષમા છે, તેથી વિવક્ષિત યુગ પરિસમાપ્તિમાં બીજા યુગના આરંભે જે વિવક્ષિત યુગની આદિમાં ભોગવેલ નક્ષત્રો, તેનાથી બીજા જ દ્વિતીયોને ભોગમાં લે છે, પણ તે જ નક્ષત્રો નહીં.

બે યુગમાં ૧૩૪ નક્ષત્રમાસ હોય છે. તે ૧૩૪ નક્ષત્ર માસ સંખ્યા સમ છે, તેથી બીજા યુગની પરિસમાપ્તિમાં ૫૬ નક્ષત્રો સમાપ્તિને પામે છે.

ત્યારપછી વિવક્ષિત યુગથી આરંભીને ત્રીજા યુગમાં તે જ નક્ષત્રથી તે જ દેશમાં ત્યારે ચંદ્રનો યોગ છે. યુગમાં ૧૮૩૦ અહોરાત્ર અને ઐકૈક અહોરાત્રમાં ૩૦ મુહૂર્તો છે. તેથી ૧૮૩૦ ને ૩૦ વડે ગુણતાં યથોક્ત મુહૂર્ત સંખ્યા થાય છે. યથોક્ત મુહૂર્ત સંખ્યા અતિક્રમતા તેવા જ નક્ષત્ર સાથે યોગ, તે જ દેશમાં ચંદ્ર કરે છે. પણ તે નક્ષત્રથી બીજામાં કે બીજા દેશમાં નહીં.

ता जेणं ઈત્યાદિ. સૂત્ર અક્ષરાર્થને આશ્રીને સુગમ છે, ભાવના પૂર્વવત્ કરવી. વિશેષ આ — બે યુગકાળ ૩૬૬૦ અહોરાત્રોના ઐકૈક અહોરાત્રમાં ૩૦-મુહૂર્ત, તે રીતે ૩૬૬૦ ને ૩૦ વડે ગુણતા યથોક્ત મુહૂર્ત સંખ્યા થાય છે.

તે જ તેવા પ્રકારના કે તે નક્ષત્ર સાથે બીજા કે તે જ દેશમાં ચંદ્રનું યોગકાળ પ્રમાણ કહેલ છે.

હવે સૂર્યના વિષયમાં તે કહે છે - X - अद्य - વિવક્ષિત દિવસમાં જે નક્ષત્ર સાથે સૂર્ય જે દેશમાં યોગ કરે છે, તે આ ૩૬૬-અહોરાત્રને અતિક્રમીને ફરી પણ તે સૂર્ય, તે જ દેશમાં, તેવા પ્રકારે જ કે અન્ય નક્ષત્ર સાથે યોગ કરે છે, તેની સાથે જ નહીં. કઈ રીતે ? એમ પૂછતા ઉત્તર આપે છે —

અહીં ચંદ્ર નક્ષત્ર માસથી એકાદિ ૨૮ નક્ષત્રો ભોગવીને, સૂર્ય પણ ૩૬૬ અહોરાત્ર વડે એક સૂર્ય સંવત્સર છે. પછી બીજી ૩૬૬ અહોરાત્રો વડે અન્ય દ્વિતીયા-૨૮ નક્ષત્રોને ભોગવે છે ત્યારપછી ફરી તે જ પ્રથમા-૨૮ નક્ષત્રોને ત્યાં સુધી અહોરાત્ર સંખ્યા વડે ક્રમથી યોગ કરે છે.

ત્યારપછી ૩૬૬ અહોરાત્રને અતિક્રમીને સૂર્યના તે જ દેશમાં, તેવા પ્રકારે કે બીજા નક્ષત્ર સાથે યોગ કરે છે, તેની સાથે જ નહીં.

ता जेणं ઈત્યાદિ, આ સૂત્રનો અક્ષરાર્થ પ્રતીત અને સુગમ છે. ભાવના પણ પૂર્વવત્ કરવી. - x - अद्य - વિવક્ષિત દિને જે નક્ષત્ર સાથે સૂર્ય જે દેશમાં યોગ કરે છે, તે આ ૧૮૩૦ અહોરાત્ર અતિક્રમીને ફરી પણ તે જ દેશમાં અન્ય જ તેવા પ્રકારના નક્ષત્ર સાથે યોગ કરે છે, પણ તેની જ સાથે નહીં.

કઈ રીતે ? તે કહે છે – અહીં ૧૮૩૦ અહોરાત્રનો એક યુગ થાય છે. તેમાં સૂર્ય વિવક્ષિત દિવસથી આરંભીને તે જ દેશમાં તે જ દિવસે, તે જ નક્ષત્ર સાથે યોગમાં ત્રીજા સંવત્સરમાં આવે છે અને યુગમાં સૂર્ય વર્ષ પાંચ છે. તેથી ત્રીજા કે પાંચમાં સૂર્ય સંવત્સરમાં સૂર્યના તે જ નક્ષત્રથી, તે જ કાળમાં યોગ કરે છે, પણ યુગાતિક્રમીને છઠ્ઠા વર્ષમાં નહીં.

ता जेण० ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ કે – ૩૬૬૦ અહોરાત્ર બે યુગમાં થાય છે. બે યુગમાં દશ સૂર્ય નક્ષત્રો, તેથી બે યુગ અતિક્રમીને અગિયારમાં વર્ષમાં સૂર્ય તે જ નક્ષત્ર સાથે, તે જ દેશમાં યોગ ઉત્પન્ન થાય છે.

આ જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્યો. એકૈક ચંદ્ર ભિન્ન ગ્રહાદિ પરિવાર છે, એમ સાંભળીને કોઈ એમ પમ માને કે જેમ ભિન્નકાળ મંડલોમાં ચંદ્રાદિની ગતિ અને ભિન્નકાળ, તે નક્ષત્રાદિ સાથે યોગ કરે છે. તેથી તે આશંકાને દૂર કરવા કહે છે–

● **સૂત્ર-૯૭ :-**

***જ્યારે આ ચંદ્ર ગતિ સમાપન્ન હોય છે, ત્યારે બીજો પણ ચંદ્ર ગતિસમાપન્ન થાય છે. જ્યારે બીજો પણ ચંદ્ર ગતિ સમાપન્ન થાય છે, ત્યારે આ ચંદ્ર પણ ગતિસમાપન્ન થાય છે.***

***જ્યારે આ સૂર્ય ગતિ સમાપન્ન થાય છે, ત્યારે બીજો પણ સૂર્ય ગતિ સમાપન્ન થાય છે. જ્યારે બીજો સૂર્ય ગતિસમાપન્ન હોય છે ત્યારે આ સૂર્ય પણ ગતિ સમાપન્ન હોય છે.***

***એ પ્રમાણે ગ્રહ અને નક્ષત્ર પણ જાણવા.***

***જ્યારે આ ચંદ્ર યુક્ત યોગથી થાય, ત્યારે બીજો ચંદ્ર પણ યુક્ત યોગથી થાય છે. બીજો ચંદ્રયુક્ત યોગથી થાય ત્યારે આ ચંદ્ર પણ યુક્ત યોગ થાય છે એ પ્રમાણે સૂર્ય, ગ્રહ, નક્ષત્ર પણ છે. સદાને માટે ચંદ્ર - x - સૂર્ય - x - ગ્રહ - x - નક્ષત્રો યોગ વડે યુક્ત હોય છે. બંને બાજુથી પણ ચંદ્ર - x - સૂર્ય - x - ગ્રહ - x - નક્ષત્ર યોગથી યુક્ત છે.***

***મંડલ, લાખને ૯૮૦૦ વડે છેદીને, આ નક્ષત્ર ક્ષેત્ર પરિભાગ નક્ષત્ર વિજય પ્રાભૃતમાં કહેલ છે – તેમ હું કહું છું.***

● **વિવેચન-૯૭ :-**

જે કાળમાં આ પ્રત્યક્ષ ઉપલભ્યમાન ભરતક્ષેત્રને પ્રકાશતા વિવક્ષિત ચંદ્ર, વિવક્ષિત મંડલમાં ગતિયુક્ત હોય છે. તે કાળમાં બીજો ઐરાવત ક્ષેત્રને પ્રકાશતો વિવક્ષિત ચંદ્ર તે જ વિવક્ષિત મંડલમાં ગતિ સમાપન્ન થાય છે. એમ બીજા સૂત્રો પણ કહેવા. વિશેષ એ કે ઉક્ત પ્રકારે ગ્રહણ અને નક્ષત્રમાં પણ બબ્બે આલાવાઓ કહેવા. - x - x - x - x - ઉભયથી-દક્ષિણ અને ઉત્તરના કે પૂર્વ અને પશ્ચિમના.



આ નક્ષત્ર વિચય નામના બાવીશમાં પ્રાભૃતપ્રાભૃતમાં આ નક્ષત્ર ક્ષેત્ર પરિભાગ કહેલ છે. મંડલને સ્વસ્વકાળથી ૫૬ નક્ષત્રો વડે જેટલું ક્ષેત્ર વ્યાપ્યમાન સંભાવ્યા છે, તેટલા માત્ર બુદ્ધિ પરિકલ્પિત લાખને ૯૮૦૦ વડે છેદીને વ્યાખ્યા કરેલ છે, તે પૂર્વવત્.

આ અનંતરોક્ત-ભગવંતના ઉપદેશથી કહું છું. આ ગ્રંથકારનું વચન છે, અથવા આ ભગવદ્‌વચન શિષ્યોને દૃઢતા ઉપજાવવા છે. તેથી આ બધું સત્ય છે, તેવો વિશ્વાસ રાખવો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૦-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પ્રાભૃત-૧૧ ❁

— x — x —

૦ એ પ્રમાણે દસમું પ્રાભૃત કહ્યું, હવે અગિયારમું આરંભે છે, તેનો આ અર્થાધિકાર છે — "સંવત્સરોની આદિની વક્તવ્યતા". તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

● સૂત્ર-૯૮ :-

*તે સંવત્સરની આદિ કઈ રીતે કહી છે, તેમ કહેવું ? તેમાં નિશ્ચે આ પંચ સંવત્સરો કહેલા છે, તે આ પ્રમાણે — (૧) ચંદ્ર, (૨) ચંદ્ર, (૩) અભિવર્ધિત, (૪) ચંદ્ર, (૫) અભિવર્ધિત. તો આ પાંચ સંવત્સરોમાં પહેલા ચંદ્ર સંવત્સરની આદિ શું કહેલી છે ?*

*જે પાંચમાં અભિવર્ધિત સંવત્સરનું પર્યવસાન છે, તે પહેલા સંવત્સરની કે જે અનંતર પુરસ્કૃત્ સમય છે, તેની આદિ છે.*

*જે બીજા ચંદ્ર સંવત્સરની આદિ છે, તે પહેલા ચંદ્ર સંવત્સરનો અનંતર પશ્ચાત્કૃત્ સમયનું પર્યવસાન છે.*

*તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ઉત્તરાષાઢા સાથે. ઉત્તરાષાઢા નક્ષત્રના ૨૬ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૨૬}/_{૬૨}$ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને જે ૫૪ ચૂર્ણિકા ભાગ બાકી રહે ત્યારે.*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પુનર્વસુ સાથે પુનર્વસુના સોળ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૮}/_{૬૨}$ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદતા ૨૦ ચૂર્ણિકાભાગ બાકી રહેતા.*

*આ પાંચ સંવત્સરોના બીજા સંવત્સરની આદિ શું કહી છે તેમ કહેવું ? જે પહેલાં સંવત્સરનું પર્યવસાન, તે બીજા ચંદ્ર સંવત્સરની આદિ, પહેલાના અનંતર પશ્ચાત્કૃત્ સમયને કહેવી.*

*તો તેનું પર્યવસાન શું કહેલ છે, તેમ કહેવું ? જે ત્રીજા અભિવર્દ્ધિત સંવત્સરની આદિ છે, તે બીજા સંવત્સરનો અનંતર પશ્ચાત્કૃત્ સમયનું પર્યવસાન છે.*

*તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પૂર્વાષાઢા સાથે. પૂર્વાષાઢાના સાત મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૫૩}/_{૬૨}$ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદતા સાત ચૂર્ણિકા ભાગ રહેતા કરે છે.*

*આ પાંચ સંવત્સરોમાં ત્રીજા અભિવર્દ્ધિત સંવત્સરની આદિ શું કહેલી કહેવી ? જે બીજા ચંદ્ર સંવત્સરનું પર્યવસાન છે, તે અનંતર પશ્ચાત્કૃત્ સમય એ ત્રીજા અભિવર્ધિત સંવત્સરની આદિ છે.*

*[ત્રીજા સંવત્સરનું] પર્યવસાન શું કહેલ છે, તેમ કહેવું ? જે ચોથા ચંદ્રસંવત્સરની આદિ છે, તે ત્રીજા અભિવર્ધિત સંવત્સરના પર્યવસાનનો અનંતર*



*પશ્ચાત્કૃત્ સમય છે.*

*તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ઉત્તરાષાઢા સાથે. ઉત્તરાષાઢાના ૧૩ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૧૩}/_{૬૨}$ ભાગ તથા તે ૬૨ ભાગને ૬૭ વડે છેદીને રહેતા ૨૭ ચૂર્ણિકા ભાગે કરે.*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પુનર્વસુ સાથે. પુનર્વસુના બે મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૫૬}/_{૬૨}$ ભાગ તથા ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૦ ચૂર્ણિકા ભાગ બાકી રહેતા.*

*આ પાંચ સંવત્સરોમાં ચોથા સંવત્સરની આદિ શું કહી છે તેમ કહેવું ? જે ત્રીજા અભિવર્ધિત સંવત્સરના પર્યવસાનનો અનંતર પશ્ચાત્કૃત્ સમય છે, તે ચોથા સંવત્સરની આદિ છે.*

*[ચોથા સંવત્સરનું] પર્યવસાન શું કહેવું? જે છેલ્લા અભિવર્ધિત સંવત્સરની આદિ, તે ચોથા સંવત્સરના પર્યવસાનમાં અનંતર પશ્ચાત્કૃત્ સમય છે, તેમ કહેવું.*

*તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ઉત્તરાષાઢાથી. ઉત્તરાષાઢા નક્ષત્રના ૪૦-મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૪૦}/_{૬૨}$ ભાગ તથા ૬૨ ભાગને ૬૭ વડે છેદતા ૬૪ ચૂર્ણિકા ભાગ બાકી રહેતા.*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પુનર્વસુ સાથે પુનર્વસુના ૨૯-મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૨૧}/_{૬૨}$ ભાગ તથા ૬૨ ભાગને ૬૭ વડે છેદતા ૪૭-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા.*

*આ પાંચ સંવત્સરોમાં પાંચમાં અભિવર્દ્ધિત સંવત્સરની આદિ શું કહેલી છે, તેમ કહેવું ? જે ચોથા ચંદ્ર સંવત્સરના પર્યવસાનનો અનંતરપશ્ચાત્કૃત્ સમય છે, તે પાંચમાં સંવત્સરની આદિ છે.*

*[પાંચમાં સંવત્સરનું] પર્યવસાન શું કહેલ છે? જે પહેલા ચંદ્રસંવત્સરની આદિ છે, તે પાંચમાં અભિવર્દ્ધિત સંવત્સરના પર્યવસાનનો અનંતર પશ્ચાત્કૃત્ સમય છે.*

*તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ઉત્તરાષાઢા સાથે. ઉત્તરાષાઢા નક્ષત્રના છેલ્લા સમયે.*

*તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પુષ્ય સાથે. પુષ્યના ૨૧ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૪૩}/_{૬૨}$ માં ૬૨ ભાગને ૬૭ વડે છેદતાં ૪૩-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા.*

● વિવેચન-૯૮ :-

કયા પ્રકારે ભગવન્ ! આપે સંવત્સરોની આદિ કહેલી છે ? ભગવંતે કહ્યું - x - સંવત્સરના વિચારના વિષયમાં નિશ્ચે આ પાંચ સંવત્સરો કહેલા છે, તે આ પ્રમાણે — ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર અને અભિવર્દ્ધિત, આનું સ્વરૂપ પૂર્વે કહેલ છે.

ફરી પ્રશ્ન કરે છે - x - આ પાંચ સંવત્સરમાં પહેલાં ચંદ્ર સંવત્સરની શું આદિ કહેલી છે ? ભગવંતે કહ્યું - x - જે પાશ્ચાત્ય યુગવર્તી પાંચમાં અભિવર્દ્ધિત સંવત્સરના પર્યવસાન સમય, તેથી અનંતર પુરસ્કૃત્-ભાવી જે સમય, તે પહેલા ચંદ્ર સંવત્સરની આદિ છે, તે જ પ્રથમ સંવત્સરની આદિ જાણવી.

હવે પર્યવસાન સમય પૂછે છે - x - તે પ્રથમ ચંદ્ર સંવત્સરનું પર્યવસાન શું કહેલ છે ? ભગવંતે કહ્યું - x - જે બીજા ચાંદ્ર સંવત્સરની આદિ-આદિ સમય, તે અનંતર જે અતીત સમય, તે પહેલા ચાંદ્ર સંવત્સરનો પર્યવસાન સમય છે.

તે ચાંદ્ર સંવત્સર પર્યવસાનરૂપ સમયમાં ચંદ્ર કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ભગવંતે કહ્યું — ઉત્તરાષાઢા સાથે. આ બારમી પૂર્ણિમા વડે ચંદ્ર સંવત્સર થાય છે. તેથી જે પૂર્વે બારમી પૂર્ણિમામાં ચંદ્રનક્ષત્રયોગ પરિમાણ અને સૂર્યનક્ષત્ર યોગ પરિમાણ કહ્યો, તે જ અન્યૂનારિક્ત અહીં પણ જાણવું. તે પ્રમાણેની જ ગણિતભાવના કરવી જોઈએ.

એ પ્રમાણે બાકીના સંવત્સરગત-આદિ પર્યવસાન સૂત્રોની ભાવના પ્રાભૃતની સમાપ્તિ સુધી કરવી. વિશેષ એ કે અહીં ગણિત ભાવના કરીએ છીએ.

તેમાં બીજા સંવત્સરની પરિસમાપ્તિ એ ચોવીશમી પૂર્ણિમાની પરિસમાપ્તિ છે. તેમાં ધ્રુવરાશિ-૬૬ મુહૂર્ત અને એક મુહૂર્તના ૫/૬૨ ભાગ અને ૧/૬૨ ભાગના ૧/૬૭ ભાગ છે. આ પ્રમાણને ૨૪ વડે ગુણીએ તેથી આવશે ૧૫૮૪ મુહૂર્તો અને મુહૂર્તગત ૬૨ ભાગના ૧૨૦માં ૧/૬૨ ભાગના ૨૪/૬૭ ભાગ અર્થાત્ - ૧૫૮૪|૧૨૦|૨૪.

ત્યારપછી આ ૮૧૯ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે એક પરિપૂર્ણ નક્ષત્રપર્યાય શોધિત થાય છે. તેથી પછી ૭૬૫ મુહૂર્ત અને મુહૂર્તગત ૬૨-ભાગોના ૯૫ અને ૧/૬૨ ભાગના ૨૫/૬૭ ભાગ અર્થાત્ ૭૬૫/૯૫/૨૫ ત્યારપછી ૭૪૪ મુહૂર્તમાં એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે અભિજિતથી મૂળપર્યન્તના નક્ષત્રો શોધિત થાય છે.

પછી રહેશે-૨૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૮/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૨૬/૬૭ ભાગ. તેથી આવેલ બીજા ચાંદ્રસંવત્સરના પર્યવસાન સમયે પૂર્વાષાઢા નક્ષત્રના સાત મુહૂર્ત અને એક મુહૂર્તના ૫૩/૬૨ ભાગ. તેમાંના ૧/૬૨ ભાગના ૪૧/૬૭ ભાગ શેષ રહે છે ત્યારે સૂર્ય વડે યુક્ત પુનર્વસુના ૪૨-મુહૂર્ત અને એક મુહૂર્તના ૩૫/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૭/૬૭ ભાગ રહે.

તેથી કહે છે, તે જ ધ્રુવરાશિ ૬૬|૫|૧ને ૨૪ વડે ગુણતા થશે ૧૫૮૪ મુહૂર્તો અને મુહૂર્તગત ૬૨ ભાગોના ૧૨૦ અને તેમાંના ૧/૬૨ ભાગના ૨૪/૬૭ ભાગ. અર્થાત્ ૧૫૮૪/૧૨૦/૨૪. પછી આ ૮૧૯ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે એક પરિપૂર્ણ નક્ષત્રપર્યાય શોધિત થાય.



ત્યારપછી રહેશે - ૭૬૫ મુહૂર્તોમાં એક મુહૂર્તગત બાસઠ ભાગોના-૯૫, તેમાં ૧/૬૨ ભાગના ૨૫/૬૭ ભાગ, તેથી પ્રાપ્ત રાશિ — ૭૬૫|૯૫|૨૫. તેનાથી ૧૯ મુહૂત્ત વડે એક મુહૂર્ત્તના ૩૦/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૩૩/૬૭ ભાગ વડે પુષ્ય શોધિત થાય છે. તેથી પછી રહેશે — ૭૪૬ મુહૂર્ત અને એક મુહૂર્તના ૫૧/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૫૯/૬૭ ભાગ.

પછી ફરી પણ આ ૬૭૪૪ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગો વડે આશ્લેષાદિથી આર્દ્રા સુધીના શોધિત થયા. પછી રહે છે, બે મુહૂર્તના એક મુહૂર્તના ૨૬/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગો — ૨/૨૬/૬૦ રાશિ છે, આવેલ બીજા ચંદ્ર સંવત્સર પર્યવસાન સમયમાં પુનર્વસુ નક્ષત્રના ૪૨ મુહૂર્ત અને એક મુહૂર્તના ૩૫/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૭/૬૭ ભાગ રહેતા.

તથા ત્રીજા અભિવર્ધિત નામક સંવત્સરની સમાપ્તિ, ૩૭મી પૂર્ણિમા થાય. તેથી ધ્રુવરાશિ ૬૬/૫/૧ને ૩૭ વડે ગુણીએ. તેથી આવશે- ૨૪૪૨ મુહૂર્ત, મુહૂર્ત્તના ૧૮૫/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૩૭/૬૭ રાશિ. — ૨૪૪૨|૧૮૫|૩૭.

પછી આમાંથી ૮૧૯ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ. એ રીતે એક નક્ષત્ર પર્યાય પરિમાણને બે વડે ગુણીને શોધિત કરાય છે.

પછી રહેલ ૮૦૪ મુહૂર્ત અને મુહૂર્તના ૧૩૫/૬૨ ભાગોના ૧/૬૨ ભાગના ૩૯/૬૭ ભાગ. — ૮૦૪/૧૩૫/૩૯ રાશિ આવે. પછી એમાંથી ૭૬૪ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગોમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે અભિજિતથી પૂર્વાષાઢા પર્યન્તના નક્ષત્રો શોધિત થતાં, પછી રહે છે — ૩૧ મુહૂર્તો અને એક મુહૂર્તના ૪૮/૬૨ ભાગ અને તેમાંના ૧/૬૨ ભાગમાંના ૪૦/૬૭ ભાગ. તેથી પ્રાપ્ત રાશિ — ૩૧|૪૮|૪૦.

તેથી આવેલ ત્રીજા અભિવર્દ્ધિત સંવત્સરના પર્યવસાન સમયમાં ઉત્તરાષાઢા નક્ષત્રના ૧૩ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૩/૬૨ ભાગો, તેમાંના ૧/૬૨ ભાગના ૨૭/૬૭ ભાગ રહે.

ત્યારે સૂર્ય વડે સમ્પ્રયુક્ત પુનર્વસુ નક્ષત્રના બે મુહૂર્તના ૫૬/૬૨ ભાગો, તેમાંના ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને તેના હોતાં ૬૦ ચૂર્ણિકા ભાગ રહેતા, તેથી કહે છે. તે જ ધ્રુવરાશિ — ૬૬/૫/૧. તેને ૩૭ વડે ગુણીએ. તેથી આવશે ૨૪૪૨ મુહૂર્તો અને એક મુહૂર્તના ૧૮૫/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૩૭/૬૭ ભાગો — ૨૪૪૨|૧૮૫|૩૭ રાશિ આવે.

તેથી એમાંથી પૂર્વવત્ સર્વ નક્ષત્ર પર્યાય પરિમાણને બમણા કરીને શોધિત કરાય છે. પછી રહેશે — ૮૦૪ મુહૂર્ત અને એક મુહૂર્તના ૧૩૫/૬૨ ભાગમાંના ૧/૬૨ ભાગના ૩૯/૬૭ ભાગ. તેથી પ્રાપ્ત રાશિ આવશે — ૮૦૪|૧૩૫|૩૯.

પછી એમાંથી ૧૯ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૪૩}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૩૩}/_{૬૭}$ ભાગ વડે પુષ્ય શુદ્ધ થાય. પછી રહેશે - ૭૮૫ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૯૨}/_{૬૨}$ ભાગ અને તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬}/_{૬૭}$ ભાગ — ૭૮૫|૯૨|૬.

પછી ફરી આ - ૭૪૪ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬}/_{૬૭}$ તેથી રાશિ આવી - ૭૮૫/૯૨/૬. પછી ફરી પણ એમાંથી - ૭૪૪ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ તથા તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ વડે આશ્લેષાથી આર્દ્રા સુધીના નક્ષત્રો શોધિત થાય.

ત્યારપછી રહેશે - ૪૨ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૫}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૭}/_{૬૭}$ ભાગ. તેથી - ૪૨/૫/૭ રાશિ આવશે. તેથી આવેલ ત્રીજા અભિવર્દ્ધિત નામના સંવત્સરનો પર્યવસાન સમય, સૂર્ય સાથે સંયુક્ત પુનર્વસુ બે મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૫૬}/_{૬૨}$ ભાગમાંના $^{૧}/_{૬૨}$ ભાગના ૬૦ ચૂર્ણિકા ભાગ બાકી રહેતા. - તથા -

ચોથા ચાંદ્ર સંવત્સર પર્યવસાન ૪૯મી પૂર્ણિમાની પરિસમાપ્તિમાં પછી તે જ ધ્રુવરાશિમાં - ૬૬|૫|૧. તેને ૪૯ વડે ગુણીએ. તેનાથી ૩૨૩૪ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૨૪૫}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૪૯}/_{૬૭}$ ભાગ — ૩૨૩૪|૨૪૫|૪૯. પછી એથી પૂર્વોક્ત સર્વ નક્ષત્ર પર્યાય પરિમામ ત્રણ વડે ગુણીને શોધીએ.

પછી રહેલ ૭૭૭ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૧૭૦}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૫૨}/_{૬૭}$ ભાગ. - ૭૭૭|૧૭૦|૫૨. પછી ૭૪૭ મુહૂર્તો અને એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગોમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગો વડે ફરી અભિજિત્‌થી પૂર્વાષાઢા સુધીના નક્ષત્રો શોધીત થાય છે - પછી રહેશે —

પાંચ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૨૧}/_{૬૨}$ ભાગ અને $^{૧}/_{૬૨}$ ભાગના $^{૫૩}/_{૬૭}$ ભાગ. તેથી આવેલ ચોથા ચાંદ્ર સંવત્સરના પર્યવસાન સમયમાં ઉત્તરાષાઢા નક્ષત્રના ચંદ્રયુક્તના ૩૯ મુહૂર્તો અને એક મુહૂર્ત્તના $^{૪૦}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૧૪}/_{૬૭}$ ભાગ બાકી રહેતા. ત્યારે સૂર્ય સાથે યુક્ત પુનર્વસુ નક્ષત્રના ૨૯-મુહૂર્તો, અને એક મુહૂર્ત્તના $^{૨૧}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગને ૬૭ વડે છેદતા ૪૭ ચૂર્ણિકા ભાગ બાકી રહેશે.

તેથી કહે છે — તે જ ધ્રુવરાસિ, ૪૯ વડે ગુણીએ. ગુણીને પછી પૂર્વોક્ત સર્વ નક્ષત્ર પર્યાય પરિમાણને ત્રણ વડે ગુણીને શોધિત કરાય છે. રહે છે - ૭૭૭ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૧૭૦}/_{૬૨}$ ભાગમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૫૨}/_{૬૭}$ ભાગ.

પછી એમાંથી ૧૯ મુહૂર્ત અને મુહૂર્ત્તના $^{૪૩}/_{૬૨}$ ભાગના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૩૩}/_{૬૭}$ ભાગથી પુષ્ય શુદ્ધ થાય. પછી રહે છે ૭૫૮ મુહૂર્ત અને $^{૧૨૭}/_{૬૨}$ મુહૂર્ત, તેના $^{૧૯}/_{૬૭}$ ભાગ. પછી ૭૪૪ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગો વડે આશ્લેષાથી આર્દ્રા સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે.

પછી રહે છે ૧૫-મુહૂર્ત અને $^{૪૪}/_{૬૨}$ મુહૂર્ત. તેમાંના $^{૧}/_{૬૨}$ ના $^{૨૦}/_{૬૭}$ ભાગ.



તેથી આવેલ ચોથા ચાંદ્ર સંવત્સર પર્યવસાન સમય, પુનર્વસુ નક્ષત્રના ૨૯ મુહૂર્ત અને $^{૨૧}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ના $^{૪૭}/_{૬૭}$ ભાગ બાકી રહેતા.

પાંચમો અભિવર્ધિત સંવત્સર પર્યવસાન બાસઠમી પૂર્ણિમા પરિસમાપ્તિ સમયે જે રીતે પૂર્વે ૬૨-મી પૂર્ણિમાના પરિસમાપ્તિ સમયમાં ચંદ્ર-સૂર્ય નક્ષત્ર યોગ પરિમાણ કહેલ, તેજ અહીં અન્યૂનારિક્ત કહેવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૧-નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## ❁ પ્રાભૃત-૧૨ ❁

— x — x —

૦ એ પ્રમાણે અગિયારમું પ્રાભૃત કહ્યું. હવે બારમું કહે છે. તેનો આ અર્થાધિકાર છે – “કેટલાં સંવત્સરો હોય છે ?” તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે –

● **સૂત્ર-૯૯ :-**

*કેટલાં સંવત્સરો કહેલા છે, તેમ કહેવું ? તેમાં આ પાંચ સંવત્સરો કહેલા છે, તે આ પ્રમાણે – નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, સૂર્ય અને અભિવર્દ્ધિત.*

*તે આ પાંચ સંવત્સરોમાં પહેલાં નક્ષત્ર સંવત્સરના નક્ષત્રમાસમાં ૩૦ મુહૂર્ત વડે અહોરાત્રથી માપતા કેટલાં અહોરાત્રથી કહેલ છે ? તે ૨૭ અહોરાત્ર, એક અહોરાત્રના ૨૧/૬૭ ભાગ, અહોરાત્ર વડે કહેલ છે, તેમ કહેવું.*

*તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલ છે ? તે ૮૧૯ મુહૂર્ત અને મુહૂર્ત્તના ૨૭/૬૭ ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેલ છે.*

*આ કાળને બાર ગણો કરવાથી નક્ષત્ર સંવત્સર થાય.*

*તે કેટલાં અહોરાત્રથી કહેલ છે ? તે ૩૨૭ અહોરાત્ર અને અહોરાત્રના ૫૧/૬૭ ભાગ અહોરાત્રાગ્રથી કહેલ છે.*

*તે કેટલાં મુહૂર્ત્તાગ્રથી કહેલ છે ? તે ૯૮૩૨ મુહૂર્ત અને મુહૂર્ત્તના ૫૬/૬૭ ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેલ છે.*

*આ પાંચ સંવત્સરોમાં બીજા ચંદ્ર સંવત્સરના ચંદ્ર માસ ૩૦ મુહૂર્ત વડે - અહોરાત્રથી ગણવામાં આવતા કેટલાં અહોરાત્રાગ્રથી કહેવા ? તે ૨૯ અહોરાત્ર અને અહોરાત્રના ૩૨/૬૨ ભાગ અહોરાત્રાગ્રથી કહેવા.*

*તે કેટલાં મુહૂર્તાગ્રથી કહેવા ? તે ૮૫૦ મુહૂર્ત અને મુહૂર્ત્તના ૩૩/૬૬ ભાગ મુહૂર્તાગ્રથી કહેવા.*

*આ કાળને બારગણો કરતાં ચંદ્ર સંવત્સર આવે.*

*તે કેટલાં અહોરાત્રથી કહેવું ? તે ૩૫૪ અહોરાત્ર અને અહોરાત્રના ૧૨/૬૨ ભાગ અહોરાત્રાગ્રથી કહેવું.*

*તે કેટલાં મુહૂર્ત્તાગ્રથી કહેવું ? તે ૧૦,૬૨૫ મુહૂર્ત અને મુહૂર્ત્તના ૫૦/૬૨ ભાગથી કહેવું.*

*આ પાંચ સંવત્સરોમાં ત્રીજા ઋતુ સંવત્સરના ઋતુ માસમાં ત્રીસ-ત્રીસ મુહૂર્ત્તથી ગણતા કેટલા અહોરાત્રાગ્રથી કહેલ છે, તેમ કહેવું ? તે ૩૦ અહોરાત્રને અહોરાત્રાગ્રથી કહેવું.*

*તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલ છે, તેમ કહેવું ? તે ૯૦૦ મુહૂર્ત્તને મુહૂર્ત્તાગ્રથી કહેવું.*

*આટલા કાળને બાર ગણો કરતાં ઋતુ સંવત્સર આવે. તે કેટલા અહોરાત્રાગ્રથી કહેલ કહેવું ? તે ૩૬૦ અહોરાત્રને અહોરાત્રાગ્રથી કહેવું. તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલ છે તેમ કહેવું ? તે ૧૦,૮૦૦ મુહૂર્ત્તાગ્રથી કહેલું કહેવું.*



*આ પાંચ સંવત્સરોમાં ચોથા આદિત્ય સંવત્સરનો સૂર્યમાસ ૩૦-૩૦ મુહૂર્ત્તથી અહોરાત્ર વડે ગણતાં કેટલાં અહોરાત્ર કહેલા કહેવા ? તે ૩૦ અહોરાત્ર અને સાર્દ્ધ અહોરાત્રના અહોરાત્રાગ્રથી કહેવું. તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેલું કહેવું ? તે ૯૧૫ મુહૂર્ત્તાગ્રથી કહેવું. આ કાળને બારગણું કરતાં આદિત્ય સંવત્સર થાય. તે કેટલા અહોરાત્રાગ્રથી કહેલું કહેવું ? તે ૩૬૬ અહોરાત્રથી કહેવું. તે કેટલા મુહૂર્ત્તાગ્રથી કહેવું ? તે ૧૦,૯૮૦ મુહૂર્ત મુહૂર્ત્તાગ્રથી કહેવા.*

*આ પાંચ સંવત્સરોમાં પાંચમા અભિવર્ધિત સંવત્સરના અભિવર્ધિત માસમાં ૩૦-૩૦ મુહૂર્ત ગણતાં કેટલાં અહોરાત્રાગ્રથી કહેલું કહેવું ? તે ૩૧ અહોરાત્ર અને ૩૧ મુહૂર્ત તથા ૧૭/૬૨ મુહૂર્ત્તના અહોરાત્રાગ્રથી કહેલ કહેવું. તે કેટલાં મુહૂર્ત્તાગ્રથી કહેલું કહેવું ? તે ૯૫૯ મુહૂર્ત અને મુહૂર્ત્તના ૧૭/૬૨ ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેલું કહેવું. તે આ કાળને બારગણું કરી અભિવર્દ્ધિત સંવત્સર થાય.*

*તે કેટલાં અહોરાત્રાગ્રથી કહેલ છે ? ૩૮૩ અહોરાત્ર અને ૨૧ ૧૮/૬૨ મુહૂર્ત્તના અહોરાત્રથી કહેલ છે. તે કેટલાં મુહૂર્ત્તાગ્રથી કહેલ છે ? ૧૧,૫૧૧ મુહૂર્ત અને મુહૂર્ત્તના ૧૮/૬૨ ભાગ મુહૂર્ત્તાગ્રથી કહેલ છે, તેમ કહેવું.*

● **વિવેચન-૯૯ :-**

ભગવન્ ! આપે કેટલા સંવત્સર કહેલા છે, તેમ કહેવું ? ભગવંતે કહ્યું – સંવત્સર વિચાર વિષયમાં નિશ્ચે આ પાંચ સંવત્સરો કહેલાં છે, તે આ પ્રમાણે – નક્ષત્ર૦ ઈત્યાદિ.

નક્ષત્ર સંવત્સરાદિ પાંચેમાં પણ સંવત્સરનું સ્વરૂપ પૂર્વે વર્ણવેલું જ છે. - x - આ પાંચ સંવત્સરોની મધ્યે પ્રથમ નક્ષત્ર સંવત્સરના જે નક્ષત્રમાસ, તે ૩૦-મુહૂર્ત્ત પ્રમાણ અહોરાત્રથી ગણતાં કેટલાં અહોરાત્ર પરિમાણથી કહેલ છે ?

ભગવંતે કહ્યું - x - ૨૭ અહોરાત્ર અને અહોરાત્રના ૨૧/૬૭ ભાગ અહોરાત્ર પરિમાણથી કહેલ છે. તેથી કહે છે – યુગમાં નક્ષત્રમાસ ૬૭-છે અને આ પૂર્વે જ કહેલ છે. યુગમાં ૧૮૩૦ અહોરાત્ર છે. પછી તે ૬૭-ભાગ વડે ભાગ કરતાં પ્રાપ્ત ૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના ૨૧/૬૭ ભાગ – ૨૭/૨૧/૬૭

તે નક્ષત્ર માસ કેટલાં મુહૂર્ત પરિમાણથી કહેલ છે ? ભગવંતે કહ્યું – ૮૧૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૨૭/૬૭ ભાગ – ૮૧૯ / ૨૭/૬૭ મુહૂર્ત્ત પરિમાણથી કહેલ છે. તેથી – નક્ષત્ર માસ પરિમાણને ૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના ૨૧/૬૭ ભાગ. પછી સવર્ણનાર્થે ૨૭ અહોરાત્રને ૬૭ વડે ગુણીએ. ગુણીને ઉપરના ૨૧/૬૭ ભાગો ઉંરીએ. તેનાથી આવશે ૧૮૩૦/૬૭ ભાગ. તેના મુહૂર્ત્ત લાવવા માટે ૩૦ વડે ગુણીએ તેથી આવશે ૫૪,૯૦૦. પછી તેને ૬૭ ભાગથી ભાગ દેતાં પ્રાપ્ત થશે – ૮૧૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્તના ૨૭/૬૭ ભાગ.

આ અનંતર કહેલ નક્ષત્ર માસ રૂપ કાળને બાર વખતથી ગુણતાં નક્ષત્ર

સંવત્સર થાય છે.

હવે સર્વ નક્ષત્ર સંવત્સરગત અહોરાત્ર પરિમાણમુહૂર્ત્ત પરિમાણ વિષય પ્રશ્ન-ઉત્તર સૂત્રો કહે છે - x - સુગમ છે. વિશેષ એ કે – અહોરાત્રની વિચારણામાં નક્ષત્ર માસ અહોરાત્ર પરિમાણ, મુહૂર્ત્ત વિચારણામાં નક્ષત્ર માસ મુહૂર્ત્ત પરિમાણને બાર વડે ગુણતાં યથોક્ત અહોરાત્ર સંખ્યા અને મુહૂર્ત્ત સંખ્યા થાય છે. - x -

ભગવંત કહે છે – ૩૧ અહોરાત્ર અને અહોરાત્રના ૩૨/૬૨ ભાગ, આટલું પરિમાણ ચંદ્રમાસ અહોરાત્ર વડે કહેવું. તેથી કહે છે – યુગમાં ૬૨ ચંદ્રમાસ છે અને તે પૂર્વે પણ ભાવિત છે. પછી યુગના ૧૮૩૦ અહોરાત્રને ૬૨ વડે ભાંગતા પ્રાપ્ત થશે - ૨૯ અહોરાત્ર અને એક અહોરાત્રના ૩૨/૬૨ ભાગો.

પછી પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંત કહે છે – ૮૮૫ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૩૦/૬૨ ભાગ. આટલું પરિમાણ ચંદ્રમાસનું મુહૂર્ત્ત પરિમાણથી કહેવું. તેથી કહે છે – ચંદ્રમાસ પરિમાણ ૨૯ અહોરાત્ર અને એક અહોરાત્રના ૩૨/૬૨ ભાગ. તેમાં સવર્ણનાર્થ ૨૯ અહોરાત્રને ૬૨ વડે ગુણીએ. ગુણીને ઉપરના ૩૨/૬૨ ઉમેરીએ. તેથી આવશે ૧૮૩૦, પછી તેને ૩૦ વડે ગુણીએ. આવશે - ૫૪,૯૦૦ મુહૂર્ત્ત ગત ૬૨ ભાગો. એ રીતે ૫૪,૯૦૦ને ૬૨ ભાગ વડે ભાગ દેતાં, પ્રાપ્ત થશે - ૮૮૫ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૩૦/૬૨ આ અદ્ધા૦ પૂર્વવત્ કહેવું.

ત્રીજા ઋતુસંવત્સર વિષય પ્રશ્નપત્ર સુગમ છે. ભગવંત ઉત્તરમાં કહે છે - x - ૩૦ અહોરાત્ર પ્રમાણથી ઋતુમાસ કહે છે. તેથી કહે છે – ઋતુમાસ યુગમાં ૬૧ છે. પછી યુગ-૧૮૩૦ અહોરાત્રને ૬૧ વડે ભાંગતા પ્રાપ્ત થશે ૩૦ અહોરાત્ર. મુહૂર્ત્ત વિષયક પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંત કહે છે – તે ૯૦૦ મુહૂર્ત્તના મુહૂર્ત્ત પ્રમાણથી કહેવું તે આ રીતે – ૩૦ અહોરાત્રના ઋતુમાસ પરિમાણ એક-એક અહોરાત્રમાં ૩૦-મુહૂર્ત્ત છે, તે ૩૦ને ૩૦ વડે ગુણતાં ૯૦૦ થાય. - x - શેષ પૂર્વવત્ કહેવું.

ચોથા સૂર્ય સંવત્સર વિષયક પ્રશ્નસૂત્ર, તે સુગમ છે ભગવંત કહે છે - x - ૩૦ અહોરાત્ર, એક અહોરાત્રનો એક અર્દ્ધભાગ. આટલાં પ્રમાણ સૂર્યમાસ અહોરાત્ર પરિમાણથી કહેવું. તેથી કહે છે – સૂર્યમાસ યુગમાં ૬૦ છે, પછી યુગના અહોરાત્રો ૧૮૩૦ને ૬૦ ભાગ વડે ભાંગતા, રહેશે સાર્દ્ધ-૩૦ અહોરાત્ર. મુહૂર્ત્ત વિષય પ્રશ્ન સૂત્ર સુગમ છે, ભગવંત કહે છે – ૯૧૫ મુહૂર્ત્ત પરિમાણથી કહેવા. તેથી કહે છે – સૂર્ય માસ પરિમાણ ૩૦ અહોરાત્ર અને અર્દ્ધ અહોરાત્રાધિક. તેની ૩૦ વડે ગુણીએ. તેથી ૯૦૦ આવશે. અહોરાત્રનું અડધું એટલે ૧૫ મુહૂર્ત્તો. - x - શેષ પૂર્વવત્. - x -

પાંચમા અભિવર્દ્ધિત સંવત્સર પ્રશ્નસૂત્ર-સુગમ છે ભગવંતે કહ્યું - x - તે ૩૧ અહોરાત્ર, ૨૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૧૭/૬૨ ભાગ અહોરાત્ર પરિણામથી કહેવું. તેથી કહે છે – ૧૩ ચંદ્ર માસ વડે અભિવર્ધિત સંવત્સર છે. ચંદ્રમાસનું પરિમાણ ૨૯ અહોરાત્ર અને એક અહોરાત્રના ૩૨/૬૨ ભાગ છે. તેને ૧૩ વડે ગુણીએ. તેથી યથાસંભવ ૬૨ ભાગ અહોરાત્રમાં આ ૩૮૩ અહોરાત્ર અને એક અહોરાત્રના



૪૪/૬૨ ભાગ. આ અભિવર્ધિત સંવત્સરનું પરિમાણ છે. તેથી આને ૧૨-વડે ભાંગીએ. તેમાં ૩૮૩ અહોરાત્રને ૧૨-ભાગ વડે ભાંગતા આવશે ૩૧ અહોરાત્ર. પછી શેષ રહેશે-૧૧ તેના મુહૂર્ત્ત કરવાને માટે ૩૦ વડે ગુણીએ. તેથી આવશે-૩૩૦ અને જે ૪૪/૬૨ ભાગ અહોરાત્ર છે, તેના મુહૂર્ત્તકરણને માટે-૩૦ વડે ગુણીએ. તેનાથી આવશે - ૧૩૨૦. તેને ૬૨ ભાગ વડે ભાંગતા, પ્રાપ્ત થશે-૨૧ મુહૂર્ત્તો. શેષ રહે છે - ૧૮. તેમાં-૨૧ મુહૂર્ત્તો, મુહૂર્ત્તરાશિમાં ઉમેરીએ. તેનાથી મુહૂર્ત્તો થશે - ૩૫૧. તેમાં ૧૨ વડે ભાગ દેવાતાં, પ્રાપ્ત થશે-૨૯ મુહૂર્ત્તો અને શેષ વધે છે - ત્રણ. તે ૬૨-ભાગ કરણને માટે ૬૨-વડે ગુણીએ. તેનાથી આવશે-૧૮૬. પછી પૂર્વોક્ત બાકી રહેલ મુહૂર્ત્તના ૧૮/૬૨ ભાગ ઉમેરીએ. તેથી આવશે - ૨૦૪, તે ૧૨ ભાગ વડે ભાંગતા, પ્રાપ્ત મુહૂર્ત્તના ૧૭/૬૨ ભાગ. - x -

તે અભિવર્ધિત માસ કેટલાં મુહૂર્ત્ત પરિમાણથી કહેવો ? ભગવંત કહે છે – ૯૫૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૧૭/૬૨ ભાગ. તેથી કહે છે – ૩૧ અહોરાત્રને ૩૦ વડે ગુણીએ. તેથી આવે ૯૩૦ મુહૂર્ત્તો. પછી ઉપરના ૨૯ મુહૂર્ત્તો, તેમાં ઉમેરીએ. તેથી આવશે - મુહૂર્ત્તોના ૯૫૯.

ता एस णं ઈત્યાદિ - પૂર્વવત્ કહેવા. અહોરાત્ર વિષયક પ્રશ્ન સૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું – તે ૩૮૩ અહોરાત્ર, ૨૧ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૧૨/૬૨ ભાગ અહોરાત્ર પરિમાણથી કહેવા. તેથી કહે છે – ૩૧ અહોરાત્રને ૧૨-વડે ગુણીએ, તેથી આવશે - ૩૭૨ અહોરાત્ર. પછી ૨૯ મુહૂર્ત્તને ૧૨-વડે ગુણીએ. તેથી આવશે ૩૮૪. તેના અહોરાત્ર કરવાને માટે ૩૦ વડે ભાગ દેવાતા, પ્રાપ્ત થશે ૧૧ અહોરાત્ર, અઢાર રહ્યા. જે ૧૭/૬૨ ભાગ મુહૂર્ત્ત, તેને પણ ૧૨-વડે ગુણીએ. તેથી આવશે ૨૦૪, તેમને ૬૨ ભાગ વડે ભાંગીએ. પ્રાપ્ત થશે-૩-મૂહૂર્ત્તો. તે પૂર્વે કહેલ ૧૮-માં ઉમેરીએ. તેથી આવશે-૨૧-મુહૂર્ત્તો અને બાકી વધશે ૧૮/૬૨ ભાગ મુહૂર્ત્ત.

ता से णं ઈત્યાદિ. પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું – ૧૧૫૧૧ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૧૮/૬૨ ભાગ, મુહૂર્ત્ત પરિણામથી અભિવર્દ્ધિત સંવત્સર કહેવું. તેથી કહે છે – અભિવર્ધિત સંવત્સર પરિમાણ ૩૮૩ અહોરાત્ર અને ૨૧ મુહૂર્ત્ત તથા એક મુહૂર્ત્તના ૧૮/૬૨ ભાગ. તેમાં એક અહોરાત્રમાં ૩૦ મુહૂર્ત્તો, એ રીતે ૩૮૩ અહોરાત્રોને ૩૦ વડે ગુણીએ, ગુણીને ઉપરના ૨૧-મુહૂર્ત્તો, તેમાં ઉમેરીએ. તેથી યથોક્ત મુહૂર્ત્ત સંખ્યા થાય.

હવે આ પાંચ સંવત્સરો ભેગા મળીને જેટલાં પ્રમાણમાં અહોરાત્ર પરિમાણથી થાય છે, તેટલાંનો નિર્દેશ કરવાને માટે પહેલાથી પ્રશ્ન સૂત્ર કહે છે –

- **સૂત્ર-૧૦૦ :-**

***નોયુગ કેટલાં અહોરાત્રથી કહેલ છે, તેમ કહેવું ? તે ૧૭૯૧ અહોરાત્ર અને ૧૯ મુહૂર્ત્ત તથા મુહૂર્ત્તના ૫૭/૬૨ ભાગ, અને ૬૨-ભાગને ૬૭ વડે છેદીને ૫૫-ચૂર્ણિકા ભાગથી અહોરાત્રનું પરિમાણ કહેલ છે, તેમ કહેવું.***

*તે કેટલાં મુહૂર્ત પરિમાણથી કહેલ છે, તેમ કહેવું ? તે ૫૩,૭૪૯ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૫૭}/_{૬૨}$ ભાગ, તથા ૬૨-ભાગને ૬૭ વડે છેદીને-૫૫-ચૂર્ણિકા ભાગ મુહૂર્ત પરિમાણથી કહેલા છે, તેમ કહેવું.*

*તે યુગપ્રાપ્ત અહોરાત્ર પ્રમાણ કેટલું છે તેમ કહેવું ? તે ૩૮-અહોરાત્ર અને ૧૦ મુહૂર્ત તથા એક મુહૂર્તના $^{૪}/_{૬૨}$ ભાગ તેમજ ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૧૨-ચૂર્ણિકા ભાગ અહોરાત્ર પ્રમાણથી કહેલ છે, તેમ કહેવું.*

*તે કેટલા મુહૂર્ત પરિમાણથી કહેલ છે તેમ કહેવું ? તે ૧૧૫૦ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૪}/_{૬૨}$ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને-૧૨-ચૂર્ણિકા ભાગ મુહૂર્ત પરિમાણથી કહેલ કહેવું.*

*તે યુગ કેટલા અહોરાત્રથી કહેલ છે, તેમ કહેવું ? તે ૧૮૩૦ અહોરાત્રના અહોરાત્ર પ્રમાણથી કહેલ છે, તે કેટલાં મુહૂર્ત પરિમાણથી કહેલ છે, તે કહેવું ? તે ૫૪,૯૦૦ મુહૂર્ત મુહૂર્ત પરિમાણથી કહેલ છે તે કેટલા ૬૨ ભાગ મુહૂર્ત પરિમાણથી કહેલ છે, તેમ કહેવું ? તે ૩૪ લાખ અને ૩૮૦૦ બાસઠાંશ ભાગ, બાસઠ ભાગ મુહૂર્તાગ્રથી કહેલ છે.*

**● વિવેચન-૧૦૦ :-**

કેટલાં પ્રમાણમાં આપે ભગવન્ ! નોયુગ - નો શબ્દ દેશ નિષેધ વચન છે, તેનો અર્થ છે કંઈક ન્યૂન. અહોરાત્રના પરિમાણથી કહેલ છે, તેમ કહેવું ? ભગવંત કહે છે - x - નોયુગ જ કંઈક ન્યૂન યુગ છે, અને તે નક્ષત્રાદિ પાંચ સંવત્સર પરિમાણથી નક્ષત્રાદિ પાંચ સંવત્સર પરિમાણોના એકત્ર થવાથી થાય છે, યથોક્ત અહોરાત્ર સંખ્યા. તેથી કહે છે – નક્ષત્ર સંવત્સરનું પરિમાણ ૩૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૫૧}/_{૬૭}$ ભાગ.

ચંદ્ર સંવત્સરનું ૩૫૪ અહોરાત્ર અને અહોરાત્રના $^{૧૨}/_{૬૨}$ ભાગ. ઋતુ સંવત્સરના ૩૬૦ અહોરાત્ર. સૂર્ય સંવત્સરના ૩૬૬ અહોરાત્ર અને અભિવર્દ્ધિત સંવત્સરના ૩૮૩ અહોરાત્ર, ૨૧ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૧૮}/_{૬૨}$ ભાગ.

તેમાં બધાં જ અહોરાત્રના એકત્ર થવાથી થાય છે - ૧૭૦૯ અહોરાત્ર, જે અહોરાત્રના $^{૫૧}/_{૬૭}$ ભાગ, તેના મુહૂર્ત કરવાને માટે ૩૦ વડે ગુણીએ, તેથી થાય છે. ૧૫૩૦. તેને ૬૭ ભાગ વડે ભાંગતા, પ્રાપ્ત ૨૨-મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૫૨}/_{૬૭}$ ભાગ. તે લબ્ધ મુહૂર્તો ૨૧ મુહૂર્તમાં ઉમેરીએ. તેથી આવશે ૪૩-મુહૂર્તો, તેમાં ૩૦ અહોરાત્ર પ્રાપ્ત, એ રીતે થશે અહોરાત્રોના ૧૭૯૧, બાકી રહે છે - ૧૩ મુહૂર્ત.

અહોરાત્રના જે ૬૨-ભાગના-૧૨, તે પણ મુહૂર્ત કરવાને માટે-૩૦ વડે ગુણીએ. તેથી આવશે-૩૬૦. તેને ૬૨ ભાગ વડે ભાગ દેતાં, પ્રાપ્ત પાંચ મુહૂર્ત, તે પૂર્વોક્ત ૧૩-મુહૂર્તોમાં ઉમેરીએ, આવશે-૧૮. શેષ રહે છે – $^{૫૦}/_{૬૨}$ ભાગ મુહૂર્ત અને જે $^{૫૬}/_{૬૭}$ ભાગ ભાગ મુહૂર્ત, તેને ત્રિરાશિ વડે ૬૨ ભાગો એ પ્રમાણે કરીએ – જો $^{૬૭}/_{૬૨}$ ભાગો પ્રાપ્ત થાય, પછી $^{૫૬}/_{૬૭}$ ભાગ કરાતાં કેટલાં ૬૨ ભાગો પ્રાપ્ત થાય ?





ત્રણ રાશિની સ્થાપના-૬૭|૬૨|૫૬. અહીં અંત્ય રાશિ વડે મધ્ય રાશિથી ગુણતાં થશે - ૩૪૭૨. તેમાં આદિ રાશિ વડે ૬૭ ભાગો વડે ભાંગતા - પ્રાપ્ત $^{૫૧}/_{૬૨}$ ભાગ. તે પૂર્વોક્ત $^{૫૦}/_{૬૨}$ ભાગોમાં અંદર ઉમેરીએ. તેથી આવશે-૧૦૧. પછી તેમાં અભિવર્ધિત સંવત્સરના ઉપરના $^{૧૮}/_{૬૨}$ ભાગો ઉમેરીએ. તેથી આવશે ૧૧૯, શેષ રહે છે – $^{૫૫}/_{૬૨}$ ભાગના ૬૭ ભાગ. બાસઠ વડે અને બાસઠ ભાગથી એક મુહૂર્ત પ્રાપ્ત થાય. તે પૂર્વોક્ત ૧૮ મુહૂર્તોમાં ઉમેરીએ. તેથી આવશે-૧૯ મુહૂર્તો. બાકી રહેશે $^{૫૭}/_{૬૨}$ ભાગ.

મુહૂર્ત પરિમાણ વિષયક પ્રશ્નસૂત્ર અને ઉત્તરસૂત્ર સુગમ છે. અહોરાત્ર પરિમાણને ૩૦ વડે ગુણીને, તેના ઉપર શેષ મુહૂર્ત ઉમેરતાં યથોક્ત મુહૂર્ત પરિમાણ આવવાથી કહ્યું.

કેટલાં અહોરાત્ર પ્રમાણથી તે 'નોયુગ' યુગ પ્રાપ્ત કહેલ છે. તેમ કહેવું ? કેટલાં અહોરાત્ર ઉમેરતાં, તે જ 'નોયુગ' પરિપૂર્ણ યુગ થાય છે એવું કહેવાનો ભાવ છે.

ભગવંતે કહ્યું - x - ૩૮ અહોરાત્ર, ૧૦ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૪}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગને ૬૭ વડે છેદીને, તેના હોતા ૧૨-ચૂર્ણિકા ભાગો, એ પ્રમાણે આટલા અહોરાત્ર પરિમાણ વડે યુગપ્રાપ્ત કહેલ છે, તેમ કહેવું. આટલાં અહોરાત્રાદિમાં ઉમેરતા. તે 'નોયુગ' પરિપૂર્ણ યુગ થાય છે, એમ કહેવાનો ભાવ છે.

હવે તે જ નોયુગ મુહૂર્ત પરિમાણાત્મક જેટલાં મુહૂર્ત પરિમાણથી ઉમેરતાં પરિપૂર્ણ યુગ થાય છે. તે વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે – પ્રશ્નસૂતર્ સુગમ છે. ભગવંત કહે છે - x - આ ૩૮-અહોરાત્રોને ૩૦ વડે ગુણતાં શેષ મુહૂર્તાદિ ઉમરેતાં યથોક્ત થાય છે. તેનો આ ભાવાર્થ છે – આટલાં મુહૂર્ત પરિમાણમાં ઉમેરતાં પૂર્વોક્ત નોયુગ મુહૂર્ત પરિમાણ પરિપૂર્ણ યુગ-મુહૂર્ત પરિમાણ થાય છે.

હવે યુગના જ અહોરાત્ર પરિમાણ અને મુહૂર્ત પરિમાણ પ્રતિપાદિત કરવાને માટે પ્રશ્ન અને ઉત્તર સૂત્રો કહે છે – પ્રશ્ન સૂત્ર સુગમ છે. હવે સમસ્ત યુગ વિષયમાં જ મુહૂર્તગત ૬૨-ભાગ પરિજ્ઞાનાર્થે પ્રશ્નસૂત્ર કહે છે – જે સુગમ છે. ભગવંતે કહ્યું - x - આ અક્ષરાર્થને આશ્રીને સુગમ છે. ભાવાર્થ આ પ્રમાણે છે – ૫૪,૯૦૦ ને ૬૨ વડે ગુણન કરાતા, તેથી યથોક્ત ૬૨-ભાગ સંખ્યા થાય છે.

હવે આ ચંદ્રાદિ સંવત્સર, સૂર્યાદિ સંવત્સર સાથે ક્યારે સમ આદિ સમવપર્યવસાન થાય છે, એમ પ્રશ્ન કરે છે –

**● સૂત્ર-૧૦૧ :-**

*આ સૂર્ય-ચંદ્ર સંવત્સરો ક્યારે સમ-આદિ, સમ-અંત કહેલા છે, તેમ કહેવું ? આ ૬૦-સૂર્યમાસો અને ૬૨-ચંદ્રમાસો હોય છે, આ કાળને છ ગણો કરીને ૧૨ વડે વિભક્ત કરતાં ૩૦ આ સૂર્ય-સંવત્સર અને ૩૧-ચંદ્ર સંવત્સરો થાય છે. ત્યારે આ સૂર્ય-ચંદ્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા થાય છે, તેવું કહેલ છે એમ [સ્વ શિષ્યોને] કહેવું.*

*ક્યારે આ સૂર્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા કહેલા છે તેમ કહેવું ? આ ૬૦-સૂર્યમાસ, ૬૧-ઋતુમાસ, ૬૨-ચંદ્રમાસ, ૬૭-નક્ષત્રમાસ. આ કાળને ૧૨ ગણો કરીને ૧૨ વડે વિભક્ત કરતાં આ ૬૦-સૂર્ય સંવત્સર, આ ૬૧-ઋતુ સંવત્સર, આ ૬૨-ચંદ્ર સંવત્સર, આ ૬૭-નક્ષત્ર સંવત્સર, ત્યારે આ સૂર્યઋતુ-ચંદ્ર-નક્ષત્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા કહેલ છે, તેમ [સ્વ શિષ્યોને] કહેવું.*

*આ અભિવર્ધિત, સૂર્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સર ક્યારે સમાન આદિ અને સમન અંતવાળા કહેલા છે તેમ કહેવું ? તે ૫૭ માસ, સાત અહોરાત્ર, ૧૧-મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના $^{૨૩}/_{૬૨}$ ભાગે આ અભિવર્ધિત માસ, આ ૬૦ આદિત્યમાસ, આ ૬૧-ઋતુમાસ, આ ૬૨-ચંદ્રમાસ, આ ૬૭-નક્ષત્ર માસ. આટલા કાળને ૧૫૬-વડે ગુણીને, ૧૨-વડે વિભક્ત કરતાં ૭૪૪ આવે, તે અભિવર્ધિત સંવત્સર, ૭૮૦ એ આદિત્ય સંવત્સરો, ૭૯૩ એ ઋતુ સંવત્સર, ૮૭૬ ચંદ્ર સંવત્સર, ૮૭૧ એટલા નક્ષત્ર સંવત્સરો થાય છે —*

*— ત્યારે આ અભિવર્ધિત, આદિત્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા થાય છે, તેમ કહેલ છે, એમ [સ્વ શિષ્યોને] કહેવું.*

*તે નયાર્થપણે ચંદ્રસંવત્સર ૩૫૪ અહોરાત્ર, અહોરાત્રના $^{૧૨}/_{૬૨}$ ભાગથી કહેલ છે, તેમ કહેવું. તે યથાતથ્યથી ચંદ્ર સંવત્સર ૩૫૪-અહોરાત્ર અને પાંચ મુહૂર્ત તથા $^{૫૦}/_{૬૨}$ ભાગ મુહૂર્ત કહેલ છે, તેમ [સ્વ શિષ્યોને] કહેવું.*

**● વિવેચન-૧૦૧ :-**

પ્રશ્ન સૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું - x - આ એક યુગવર્તી ૬૦-સૂર્યમાસ, એક યુગાંતવર્તી જ ૬૨-ચંદ્રમાસ, આટલા કાળને છ વડે ગુણીએ, ત્યારપછી ૧૨-વડે ભાંગીએ, બાર ભાગ વડે ભાગ દેતા આ ૩૦-સૂર્ય સંવત્સરો થાય છે, આ ૩૧-ચંદ્ર સંવત્સરો થાય છે. ત્યારે આટલા કાળ અતિક્રાંત થતાં સૂર્ય-ચંદ્ર સંવત્સરો સમાદિ-સમાન પ્રારંભવાળા, સમાન પર્યવસાનવાળા કહેલ છે.

સમાન અંતવાળા કઈ રીતે કહેલ છે ? આ ચંદ્ર-સૂર્ય સંવત્સરો વિવક્ષિતની આદિમાં સમ પ્રારંભ-પ્રારબ્ધવાળા છે. તેથી આરંભીને ૬૦-યુગના અંતે સમપર્યવસાન-વાળા છે.

તેથી કહે છે — એક યુગમાં ત્રણ ચંદ્ર સંવત્સર, બે અભિવર્ધિત સંવત્સર, તે બંને પ્રત્યેક ૧૩-ચંદ્ર માસાત્મક છે. તેથી — પહેલાં યુગમાં પાંચ ચંદ્રસંવત્સરો અને બે ચંદ્રમાસ, બીજા યુગમાં ૧૦-ચંદ્ર સંવત્સર અને ચાર ચંદ્રમાસ. એ પ્રમાણે પ્રત્યેક યુગમાં બે માસની વૃદ્ધિથી ૬૦-યુગપર્યન્તે પરિપૂર્ણ ૩૧-ચંદ્ર સંવત્સરો થાય છે.

ક્યારે આદિત્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા કહેવા ? ભગવંતે કહ્યું - x - આ ૬૦ એક યુગાંતવર્તી આદિત્ય માસ, આ ૬૧-ઋતુમાસ, આ-૬૨ ચંદ્રમાસ, આ-૬૭ નક્ષત્રમાસ છે. આટલા પ્રત્યેક કાળને ૧૨ વડે ગુણીને, પછી સંવત્સર લાવવા માટે ૧૨-વડે ભાંગીને પછી આ ૬૦-આદિત્ય સંવત્સર, ૬૧-ઋતુ સંવત્સર, ૬૨-ચંદ્ર સંવત્સર, ૬૭-નક્ષત્ર સંવત્સરો થાય ત્યારે બાર યુગાતિક્રમ.



આ સૂર્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર સંવત્સરો સમાનાદિ અને સમાનાંતવાળા કહેલા છે. અર્થાત્ કહે છે — વિવક્ષિત યુગની આદિમાં આ ચારે પણ સમારબ્ધ પ્રારંભવાળા થઈ , પછી આરંભીને ૧૨-યુગપર્યન્ત સમાનાંત વાળા હોય છે. પૂર્વે ચારેમાંના કોઈના અવશ્ય ભાગથી કેટલાં માસોના અધિકપણાથી એકસાથે બધાં સમાન અંતપણાંના સંભવથી કહ્યું.

પછી પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંત કહે છે — તે ૫૭ માસ, સાત અહોરાત્ર, ૧૧-મુહૂત્તો અને એક મુહૂર્તના $^{૨૩}/_{૬૨}$ ભાગો, આટલાં પ્રમાણમાં આ એક યુગાંતર્વર્તી અભિવર્ધિત માસ-૬૦-આ સૂર્યમાસ, ૬૧-આ ઋતુમાસ, ૬૨-આ ચંદ્રમા, ૬૭-આ નક્ષત્ર માસ. આટલાં પ્રત્યેક કાળ ૧૫૬ ગણો કરીએ. કરીને ૧૨ વડે ભાંગીએ. પછી ૧૨-વડે ભાગ દેવાતાં [આવે છે—]

૭૪૪-આ અભિવર્ધિત સંવત્સરો, ૭૮૦ એ આદિત્ય સંવત્સરો, ૭૯૩-એ ઋતુસંવત્સરો, ૮૦૬ એ ચંદ્ર સંવત્સરો, ૮૭૧-નક્ષત્ર સંવત્સરો, ત્યારે આ અભિવર્ધિત-આદિત્ય-ઋતુ-ચંદ્ર-નક્ષત્ર સંવત્સરો સમાન આદિ અને સમાન અંતવાળા કહેલા છે. કેમકે પૂર્વે કોઈના પણ કેટલાં માસ અધિકત્વથી એક સાથે બધાંના સમાન પર્યવસાનત્વનો સંભવ છે.

હવે યથોક્ત જ ચંદ્ર સંવત્સર પરિમાણ ગણિત ભેદને આશ્રીને બે પ્રકાર વડે કહે છે —

નયાર્થપણે - પરતીર્થિકોના પણ સંમત નયની ચિંતા વડે ચંદ્ર સંવત્સર ૩૫૪ અહોરાત્રો અને એક અહોરાત્રના $^{૧૨}/_{૬૨}$ ભાગ કહેલા છે. યાથાતથ્યથી ફરી વિચારતાં ચંદ્ર સંવત્સર ૩૫૪ અહોરાત્ર, પાંચ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૫૦}/_{૬૨}$ ભાગ. એટલા પ્રમાણને કહેલ છે. તેમાં અહોરાત્ર પરિમાણ બંને અહીં પણ એકરૂપ છે. જે ઉપરના $^{૧૨}/_{૬૨}$ ભાગ અહોરાત્રના મુહૂર્ત કરવાને માટે ૩૦-વડે ગુણીએ. તેથી આવશે-૩૬૦. તેને ૬૨ ભાગ વડે ભાગ દેવાતાં, પ્રાપ્ત થશે પાંચ મુહૂર્ત. બાકી રહે છે $^{૫૦}/_{૬૨}$ મુહૂર્ત.

એ પ્રમાણે સંવત્સરની વક્તવ્યતા પ્રપંચસહિત કહી, હવે ઋતુમાસ વક્તવ્યતા કહે છે —

**● સૂત્ર-૧૦૨,૧૦૩ :-**

*[૧૦૨] તેમાં નિશ્ચે આ છ ઋતુઓ કહેલ છે, તે આ પ્રમાણે — પ્રાવૃષ્, વર્ષારાત્ર, શરદ, હેમંત, વસંત, ગ્રીષ્મ.*

*તે સર્વે પણ આ ચંદ્ર, ઋતુ બંને માસ, પ્રમાણ થાય છે. ૫૪-૫૪ આદાન વડે ગણતાં સાતિરેક ૫૯-૫૯ અહોરાત્રને અહોરાત્ર પ્રમણથી કહેલ છે, તેમ કહેવું.*

***તેમાં નિશ્ચે આ છ ઓમરાત્ર - ઘટતી રાત્રિ કહેલી છે, તે આ પ્રમાણે — ત્રીજા પર્વમાં, સાતમાં પર્વમાં, અગિયારમું પર્વ, પંદરમું પર્વ, ઓગણીસમું પર્વ, તેવીશમાં પર્વમાં.***

***તેમાં નિશ્ચે આ છ અતિરાત્ર-અધિકરાત્રિ કહેલી છે, તે આ પ્રમાણે — ચોથા પર્વમાં, આઠમાં પર્વમાં, બારમાં પર્વમાં, સોળમાં પર્વમાં, વીસમાં પર્વમાં, ચોવીશમાં પર્વમાં.***

***[૧૦૩] સૂર્યમાસની અપેક્ષાએ છ અતિરાત્ર અને ચંદ્ર માસની અપેક્ષાએ છ અવમરાત્રિના માનથી હોય છે.***

**● વિવેચન-૧૦૨,૧૦૩ :-**

તેમાં આ મનુષ્યલોકમાં પ્રતિ સૂર્યાયન, પ્રતિ ચંદ્રાયન સંબંધી આ છ ઋતુઓ કહી છે, તે આ પ્રમાણે — પ્રાવૃષ્, વર્ષારાત્ર, શરદ્, હેમંત, વસંત અને ગ્રીષ્મ.

આ લોકમાં અન્યથા નામથી ઋતુઓ પ્રસિદ્ધ છે, તે આ પ્રમાણે — પ્રાવૃષ્, શરદ્, હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ.

જિનમતમાં યથોક્ત નામથી જ ઋતુઓ છે, તેથી કહેલ છે — પ્રાવૃષ્, વર્ષાઋતુ, શરદ્, હેમંત, વસંત અને ગ્રીષ્મ. નિશ્ચે આ ઋતુ જિનેશ્વરે ઉપદેશેલ છે.

આ ઋતુઓ બે પ્રકારે છે, તે આ પ્રમાણે — સૂર્ય ઋતુઓ અને ચંદ્ર ઋતુઓ. તેમાં પહેલાં સૂર્ય ઋતુની વક્તવ્યતા રજૂ કરે છે. તેમાં એકૈક સૂર્યઋતુનું પરિમાણ બે સૂર્યમાસ અર્થાત્ ૬૧-અહોરાત્ર છે. એકૈક સૂર્યમાસના સાર્દ્ધ ૩૦-અહોરાત્ર પ્રમાણપણાથી કહેલ છે. અન્યત્ર પણ કહેલ છે કે —

બે આદિત્ય માસ, ૬૧-અહોરાત્રથી થાય છે, આ ઋતુ પરિમાણને અવગતમાન જિનેશ્વરે કહ્યું. અહીં પૂર્વાચાર્ય વડે ઈચ્છિત સૂર્ય ઋતુ લાવા માટે કરણ કહ્યા. તે શિષ્ય જનોના અનુગ્રહને માટે દર્શાવાય છે —

અહીં બે + એક એમ ત્રણ ગાથા વૃત્તિકારશ્રીએ કહેલ છે. પછી તે ગાથાની વ્યાખ્યા કરી છે, તે આ છે —

સૂર્યસંબંધી ઋતુના લવાયેલ પર્વ સંખ્યાને નિયમા પંદર સંગુણ કરવી જોઈએ. પર્વના પંદર તિથિપણાથી આમ કહ્યું. અહીં ભાવના આ પ્રમાણે છે — જો કે ઋતુઓ આષાઢાદિ પ્રભવ છે, તો પણ યુગ શ્રાવણવદ પક્ષ એકમથી આરંભીને પ્રવર્તે છે. પછી યુગાદિથી પ્રવૃત્ત જેટલા પર્વો છે, તેની સંખ્યા ૧૫-ગુણી કરાય છે, કરીને પર્વની ઉપર જે વિવક્ષિત દિનને વ્યાપીને તિથિઓ છે, તે ત્યાં સંક્ષેપિત કરાય છે.

પ્રત્યેક અહોરાત્ર એકૈકને બાસઠ ભાગ ઘટાડવા વડે જે નિષ્પન્ન અવમરાત્રિ છે, તે પણ ઉપચારથી ૬૨-ભાગ વડે ઘટાડવા વડે જે નિષ્પન્ન અવમરાત્ર છે, તે પણ ઉપચારથી-૬૨-ભાગો છે, તેના વડે પરીહીન પર્વસંખ્યા કરવી જોઈએ. પછી તેને બે વડે ગુણીએ, ગુણીને ૬૧-વડે યુક્ત કરાય છે. પછી ૧૨૨-વડે ભાંગાકાર કરાતા જે પ્રાપ્ત થાય, તે સંખ્યાને છ ભાગ વડે ભાગ દેવાતા, જે શેષ, તે ઋતુ અનંતર-અતીત



થાય છે. જે પણ શેષ અંશો ઉદ્ધરિત થાય, તેમને બે ભાગ વડે ભાગ દેવાતા, જે પ્રાપ્ત થાય, તે દિવસો પ્રવર્તમાન ઋતુને જાણવી. આ કરણગાથાનો અક્ષરાર્થ કહ્યો. હવે કરણ ભાવના કરીએ છીએ —

તેમાં યુગમાં પહેલા દીપોત્સવમાં કોઈએ પણ પૂછ્યું — અનંતર અતીત સૂર્ય ઋતુ કઈ છે ? હાલ કઈ વર્તે છે ? તેમાં યુગની આદિથી સાત પર્વો અભિક્રાંત થયા, તેથી સાત લઈએ. તેને ૧૫-વડે ગુણીએ. તેથી આવશે-૧૦૫. આટલા કાળમાં બે અવમ-હીન રાત્રિ થયેલ હોય. તેથી બે દિવસ તેમાંથી ઘટાડતાં પ્રાપ્ત સંખ્યા થશે-૧૦૩. તેને બે વડે ગુણતાં આવશે-૨૦૬. તેમાં ૬૧ ઉમેરીએ. તેથી આવે-૨૬૭. તેમને ૧૨૨ ભાગ વડે ભાગ દેવાય છે. પ્રાપ્ત થશે-બે. તે બંને છ ભાગ વડે સહેવાતા નથી. તેથી તે બંને છ વડે ભાગ દેવાતો નથી. બાકી અંશો ઉદ્ધરતા ત્રેવીશ, તેના અડધાં કરાતાં સાડા અગિયાર આવે. આષાઢાદિક સૂર્ય ઋતુ આવે છે, બે ઋતુ અતિક્રમીને હવે ત્રીજી ઋતુ વર્તે છે અને તેના પ્રવર્તમાન ૧૧-દિવસ અતિક્રમતા બારમો વર્તે છે. [એ પ્રમાણે જાણવું.]

તથાયુગમાં પહેલી અક્ષયતૃતીયામાં કોઈએ પૂછ્યું — કેટલી ઋતુઓ પૂર્વે અતિક્રાંત થયેલી છે ? અત્યારે કઈ વર્તે છે ? તેમાં પહેલી અક્ષયતૃતીયાના પૂર્વે યુગની આદિથી આરંભને ૧૯-પર્વો અતિક્રાંત થયા. તેથી ૧૯ લઈને ૧૫-વડે ગુણીએ, તેથી આવે છે - ૨૮૫. અક્ષયતૃતીયામાં પૂછેલ, તેથી પર્વની ઉપર ત્રણ તિથિ ઉમેરતા-૨૮૮ થાય છે. તેટલા કાળમાં પાંચ અવમરાત્રિ થાય છે. તેથી પાંચ ઘટાડીએ. તેથી આવશે-૨૮૩. તેને બે વડે ગુણીએ, તેથી આવે છે - ૫૬૬. તેને ૬૧-સહિત કરાય છે, તેનાથી પ્રાપ્ત સંખ્યા આવશે-૬૨૭. તેમને ૧૨૨-વડે ભાગ દેતાં, પ્રાપ્ત તશે-પાંચ. તે છ વડે ભાગ દેવાતા નથી. તેથી તેનો છ વડે ભાગ કરાતો નથી. બાકીના અંશો ઉદ્ધરે છે - ૧૭. તેના અડધાં કરાતા થશે સાર્દ્ધ-આઠ. આવેલ-પાંચ ઋતુઓ અતિક્રાંત થતાં છઠ્ઠી ઋતુના પ્રવર્તમાનના આઠ દિવસ જતાં નવમો દિવસ વર્તે છે.

તથા યુગમાં બીજો દીપોત્સવ કોઈએ પણ પૂછેલ - કેટલી ઋતુઓ અતિક્રાંત થઈ, કેટલી અત્યારે વર્તે છે ? તેમાં આટલા કાળમાં પર્વો અતિક્રાંત થયા-૩૧. તેને ૧૫-વડે ગુણીએ. તેથી પ્રાપ્ત સંખ્યા આવશે - ૪૬૫. અવમરાત્રિ આટલા કાળમાં આઠ વ્યતીત થાય છે. તેથી ૮-ઘટાડવામાં આવે, તેથી રહે છે — શેષ-૪૫૭. તેને બમણાં કરીએ. તેથી આવે છે - ૯૧૪. તેમાં ૬૧-ભાગ ઉમેરતાં આવે છે - ૯૭૫. તેમને ૧૨૨ વડે ભાગ દેવાતા, પ્રાપ્ત થશે સાત. ઉપરના ૧૮ ઉદ્ધરતાં આવે છે -૧૨૧. તેને બે ભાગ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત સાર્દ્ધ-૬૦. સાત ઋતુને છ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત થશે એક, ઉપર રહેશે એક. આવેલ એક, સંવત્સર અતિક્રાંત થતાં અને એક સંવત્સરની ઉપર પહેલી ઋતુ પ્રાવૃષ્, વીતી ગઈ અને બીજીના ૬૦ દિવસો અતિક્રાંત થયા, ૬૧-મો વર્તે છે, એ પ્રમાણે બીજે પણ ભાવના કરવી જોઈએ.

હવે આ ઋતુઓ મધ્યે કઈ ઋતુ કઈ તિથિમાં સમાપ્તિને પામે છે, એ પર

પ્રશ્નના અવકાશની આશંકાથી તેને જાણવાને માટે પૂર્વાચાર્યો વડે આ કરણ કહેલ છે –

વૃત્તિકાર નિર્દિષ્ટ ગાથાની વ્યાખ્યા તેઓ પોતે કહે છે – જે ઋતુમાં જાણવાની ઈચ્છા છે, તે ઈચ્છાઋતુ, તે ઋતુ લેવી એવો અર્થ છે, પછી તેને બમણી કરીએ. અર્થાત્ બે વડે ગુણીએ. બમણી કરીને તેનો ઘટાડો કરીએ. પછી ફરી પણ તે બે વડે ગુણીએ, ગુણીને પ્રતિરાશિ કરીએ. બે વડે ગુણવાથી જે થાય છે, તેટલાં પર્વો જાણવા. તેને બમણાં કરીને પ્રતિરાશિના અડધાં કરીએ, તેનું અડધું જે થાય છે, તેટલી તિથિઓ જાણવી. જેમાં યુગભાવિની ૩૦ ઋતુઓ સમાપ્ત થાય છે. આ પ્રમાણે ઋતુની સમાપ્તિનો કરણ ગાથા અક્ષરાર્થ કહ્યો.

હવે ભાવના કરાય છે – જો પહેલી ઋતુ જાણવાને ઈચ્છો, જેમકે યુગમાં કઈ તિથિમાં પહેલી પ્રાવૃષ્ ઋતુ સમાપ્તિને પામે છે ? તેમાં એક લેવા, તેને બે વડે ગુણવા. થયાં બે. તે બેનો ઘટાડો કરીએ. તેથી એક આવે તે ફરી પણ બે વડે ગુણીએ. તેથી બે આવશે. તે આ પ્રતિરાશિ. તેના અડધાં કરાતાં થશે એક. તેથી આવેલ-યુગાદિમાં બે પર્વો અતિક્રમીને પહેલી તિથિ એકમમાં પહેલી ઋતુ-પ્રાવૃષ્ નામની છે, તે સમાપ્તિ પામે છે.

તથા બીજી ઋતુ જાણવાની ઈચ્છા છે, તો બે સ્થાપવા, તેને બે વડે ગુણવાથી થાય ચાર, તેનો ઘટાડો કરીએ, તેથી આવશે ત્રણ, ફરી બે વડે ગુણીએ, તેથી આવશે છ, તે પ્રતિરાશિને પ્રતિરાશિ વડે અડધાં કરીએ, તેથી આવસે ત્રણ. આવેલ-યુગાદિથી છ પર્વો અતિક્રમીને ત્રીજી તિથિમાં બીજી ઋતુ સમાપ્તિ પામે.

તથા ત્રીજી ઋતુ જાણવાને ઈચ્છે તો ત્રણ સંખ્યા લેવી. તેને બે વડે ગુણતાં, થાય છે - છ. તે ઘટાડો કરીએ. તેથી આવે છે - પાંચ, તે ફરી બે વડે ગુણતાં, આવે છે દશ, તે પ્રતિરાશિને પ્રતિરાશિ વડે અડધાં પ્રાપ્ત થતાં આવે પાંચ. આવેલ યુગાદિથી આરંભીને દશ પર્વોને અતિક્રમતાં પાંચમી તિથિમાં ત્રીજી ઋતુ સમાપ્તિને પામે છે.

તથા છઠ્ઠી ઋતુ જાણવાને ઈચ્છતા છ સ્થાપીએ, તેને બે વડે ગુમતાં, થાય છે - બાર. તેટલાનો ઘટાડો કરીએ. તો આવશે-૧૧, તેને બે વડે ગુણીએ, તેથી આવશે-૨૨. તે પ્રતિરાશિને પ્રતિરાશિતા વડે અડધાં કરાતા થશે-૧૧. આવેલ-યુગાદિથી આરંભીને બાવીશ પર્વોને અતિક્રમતા એકાદશીમાં છટ્ઠી ઋતુ સમાપ્તિને લઈ જાય છે.

તથા યુગમાં નવમી ઋતુમાં જાણવાને ઈચ્છે છે, તો નવની સ્થાપના કરવી. તેને બે વડે ગુણીએ, તેથી ૧૮-થશે. તેટલો ઘટાડો કરતાં થશે-૧૭, તે ફરી બે વડે ગુણીએ, તેથી ૩૪ આવે. તે પ્રતિરાશિથી પ્રતિરાશિ કરીને તેના અડધાં કરાતા આવશે-૧૭. આવેલ-યુગાદિથી ૩૪ પર્વો અતિક્રમીને બીજા સંવત્સરમાં પૌષમાસમાં શુક્લપક્ષમાં બીજી તિથિમાં નવમી ઋતુ પરિસમાપ્તિને પામે છે.

તથા ૩૦-મી ઋતુમાં જિજ્ઞાસા થાય, તો ૩૦ સંખ્યા લેવી. તેને બમણી કરીએ. આવશે-૬૦. તે રૂપ ઘટાડતાં આવશે ૫૯. તે ફરી બે વડે ગુણીએ, આવશે ૧૧૮. તે પ્રતિરાશિથી પ્રતિરાશિ કરતાં અને તેનું અડધું કરાતા આવશે-૫૯. આવેલ યુગાદિથી



૧૧૮માં પર્વને અતિક્રમીને ૫૯મી તિથિમાં, અર્થાત્ પાંચમાં સંવત્સરમાં પહેલાં અષાઢ માસમાં શુક્લપક્ષમાં-ચૌદમી તિથિમાં ૩૦-મી ઋતુની સમાપ્તિ થાય છે. વ્યવહારથી પહેલાં અષાઢને અંતે, એમ અર્થ જાણવો.

આ જ અર્થને સુખેથી જાણવા આ પૂર્વાચાર્યે દર્શાવેલ ગાથા વૃત્તિકારે નોંધી, તેની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે – આ સૂર્ય ઋતુની વિચારણામાં અષાઢાદિ માસો જાણવા. કેમકે અષાઢમાસથી આરંભીને ઋતુ પહેલાંથી પ્રવર્તે છે. તિથિઓ બધી જ ભાદ્રપદાદિ છે. ભાદ્રપદાદિ મહિનામાં પ્રથમાદિ ઋતુની પરિસમાપ્ત થવાથી આમ કહ્યું. તેમાં જે માસમાં, જે તિથિઓમાં સૂર્યની પ્રાવૃષ્ આદિ ઋતુઓ પરિ સમાપ્તિ પામે છે, તે આષાઢાદિ માસ અને તે ભાદ્રપદાદિ માસાનુગત તિથિઓ જાણવી. બધી એકાંતરિત કહેવી.

તેથી કહે છે – પહેલી ઋતુ ભાદ્રપદ માસમાં પૂર્ણ થાય છે, પછી એક માસ આસોને અપાંતરાલમાં મૂકીને કારતક માસમાં બીજી ઋતુ પરિસમાપ્તિને પામે છે. એ પ્રમાણે ત્રીજી પૌષ માસમાં, ચોથી ફાલ્ગુન માસમાં, પાંચમી વૈશાખ માસમાં, છટ્ઠી અષાઢમાં, એ પ્રમાણે બાકીની પણ ઋતુઓ આ જ માસમાં એકાંતરિતમાં વ્યવહારથી પરિસમાપ્તિને પામે છે, પણ બીજા મહિનાઓમાં નહીં.

તથા પહેલી ઋતુ એકમે સમાપ્તિ પામે, બીજી ઋતુ ત્રીજે, ત્રીજી ઋતે પાંચમે, ચોથી ઋતુ સાતમે પાંચમી નોમે, છઠ્ઠી ઋતુ અગિયારસે, સાતમી ઋતુ તેરશે, આઠમી પંદરમે. આ બધી જ ઋતુઓ કૃષ્ણ પક્ષમાં છે. તેથી નવમી ઋતુ શુક્લપક્ષની બીજે, દશમી ચોથે, અગિયારમી છટ્ઠે, બારમી આઠમે, તેરમી દશમે, ચૌદમી બારસે, પંદરમી ચૌદશે. આ સાતે ઋતુઓ શુક્લ પક્ષમાં છે.

આ કૃષ્ણ-શુક્લ પક્ષભાવી પંદરે ઋતુઓ યુગના અર્દ્ધમાં થાય છે. તેથી ઉક્ત ક્રમે જ બાકીની પણ પંદર ઋતુઓ યુગના અર્દ્ધમાં થાય છે, તે આ પ્રમાણે – સોળમી ઋતુ કૃષ્ણ પક્ષમાં એકમે, ૧૭-મી ત્રીજે, અઢારમી પાંચમે, ૧૯-મી સાતમે, વીસમી-નોમે, ૨૧-મી અગિયારસે, ૨૨-મી તેરસે, ૨૩-મી અમાસે. આ સોળથી તેવીશ સુધી આઠે ઋતુ કૃષ્ણ પક્ષમાં છે.

ત્યારપછી શુક્લપક્ષની બીજે ચોવીસમી, પછી ૨૫મી ઋતુ ચોથે, ૨૬મી ઋતુ છઠ્ઠે, ૨૭-મી આઠમે, ૨૮-મી દશમે, ૨૯-મી બારસે, ૩૦-મી ચૌદશે. એ પ્રમાણે આ બધી ઋતુઓ યુગમાં એકાંતર માસની, એકાંતર તિથિમાં થાય છે.

આ ઋતુઓના ચંદ્ર અને સૂર્ય નક્ષત્ર યોગને જાણવને માટે પૂર્વાચાર્યો વડે કરણ કહેલ છે. તેથી તેને પણ શિષ્યજનના અનુગ્રહને માટે બતાવે છે –

અહીં વૃત્તિકારશ્રી ત્રણ ગાથા દર્શાવીને પછી વ્યાખ્યા રજૂ કરતાં કહે છે – ૩૦૫ અંશ-વિભાગ, કેટલી સંખ્યાથી છેદ કરેલ, તે કહે છે – છેદ ૧૩૪ અર્થાત્ ૧૩૪ છેદ વડે છેદતાં જે અહોરાત્ર, તેના હોતા-૩૦૫ અંશો. આ ધ્રુવરાશિ જાણવી. આ ધ્રુવરાશિ-ઈચ્છિત ઋતુ વડે એકાદિથી ૩૦-પર્યન્તથી બે ઉત્તર વડે એકથી આરંભીને

પછી આગળ દ્વિ-ઉત્તર વૃદ્ધિથી ગુણવામાં આવે. પછી આટલા શોધનકથી શોધિત કરવામાં આવે. તેમાં શોધનકને પ્રતિપાદન અર્થે બીજી ગાથા છે –

અહીં જે નક્ષત્રનું અર્ધક્ષેત્ર, તે ૬૭ વડે શોધિત કરીએ અને જે નક્ષત્ર સમક્ષેત્ર છે, તે બે-ગુણાં ૬૭ વડે ૧૩૪ થાય. તે શોધિત કરીએ. જે વળી નક્ષત્રને દ્વ્યર્દ્ધ ક્ષેત્ર, તે ત્રણગુણાથી ૬૭-એટલે આવે ૨૦૧ વડે શોધિત કરીએ. અહીં સૂર્યના પુષ્યાદિ નક્ષત્રો શોધવા અને ચંદ્રના અભિજિતાદિ. તેમાં સૂર્યનક્ષત્રયોગ વિચારણામાં પુષ્ય વિષયક-૮૮ શોધવા. ચંદ્રનક્ષત્ર યોગ વિચારણામાં અભિજિત્‌માં ૪૨-શોધવા.

આટલાં અર્દ્ધક્ષેત્ર, સમક્ષેત્ર, દ્વ્યર્ધક્ષેત્ર વિષય શોધનક શોધીને જે ઉક્ત પ્રકારથી નક્ષત્ર શેષ રહે છે - સર્વ પ્રકારે શુદ્ધિને પામતા નથી, તે નક્ષત્ર સૂર્યના અને ચંદ્રના નિયમથી જાણવા. ક્યાં ? ત્રીશે ઋતુ સમાપ્તિમાં. આ ત્રણે કરણગાથાનો અક્ષરાર્થ કહ્યો, હવે કરણ ભાવના કરાય છે –

તેમાં પહેલી ઋતુ ક્યા ચંદ્રનક્ષત્રમાં સમાપ્તિને પામે છે, એ જિજ્ઞાસામાં અનંતર કહેલ ૩૦૫ પ્રમાણ ધ્રુવરાશિ લેવી. તે એક વડે ગુણતાં તે જ થાય છે. તે જ ધ્રુવરાશિ થાય. તેમાં અભિજિત્-૪૨થી શુદ્ધ થતાં. પછી રહે છે - ૨૬૩. પછી ૧૩૪ વડે શ્રવણ શુદ્ધ થાય. બાકી રહ્યા - ૧૨૯. તેના વડે ધનિષ્ઠા શુદ્ધ થતું નથી. તેથી આવેલ-૧૨૯ ના ૧૩૪ ભાગના ધનિષ્ઠાને અવગાહીને ચંદ્ર, પહેલી સૂર્યઋતુને પૂર્ણ કરે છે.

જો બીજી સૂર્ય ઋતુની જિજ્ઞાસામાં તે ધ્રુવરાશિ ૩૦૫ પ્રમાણ ત્રણ વડે ગુણીએ, તેથી આવશે-૯૧૫. તેમાં અભિજિત્ ૪૨-શોધિત થયા. પછી રહેશે-૮૭૩. પછી ૧૩૪ વડે શ્રવણ શુદ્ધિને પામે. બાકી રહેશે-૭૩૯. તે પણ ૧૩૪ વડે ધનિષ્ઠા શુદ્ધ થાય. તેથી આવે છે - ૬૦૫. તે પણ ૬૭-વડે શતભિષજ્ શુદ્ધ થાય. પછી રહેશે-૫૩૮. તેમાંથી પણ ૧૩૪-વડે પૂર્વાભાદ્ર-પદ શુદ્ધ થાય. તેથી રહેશે-૪૦૪. તેમાંથી પણ ૨૦૧ વડે ઉત્તરા ભાદ્રપદ શુદ્ધ થાય. બાકી રહેશે-૨૦૩. તેમાંથી પણ ૧૩૪થી રેવતી શુદ્ધ થાય છે. પછી રહે છે - ૬૯. પછી આવેલ અશ્વિની નક્ષત્રના ૬૯ને ૧૩૪ ભાગથી અવગાહીને બીજી સૂર્ય ઋતુને ચંદ્ર પરિસમાપ્ત કરે છે.

એ પ્રમાણે બાકીની ઋતુમાં પણ ભાવના કરવી.

૩૦મી સૂર્ય ઋતુની જિજ્ઞાસામાં તે જ ધ્રુવરાશિ ૩૦૫ સંખ્યાને ૬૯ વડે ગુણીએ. તેથી આવે છે - ૧૭,૯૯૫. તેમાં ૧૩૬ વડે ૬૧ નક્ષત્ર પર્યાય શુદ્ધ થાય છે. પછી ૩૬૬૦ને ચાર વડે ગુણીને પછી શોધિત કરીએ. પછી રહે છે - ૩૩૫૫. તેમાંથી ૩૨૨૫ વડે અભિજિતથી મૂળ પર્યન્તના નક્ષત્રો શુદ્ધ કરાતાં રહે છે ૧૩૦. તેના વડે પૂર્વાષાઢા શુદ્ધ થતું નથી. તેથી આવેલ ૧૩૦/૧૩૪ ને પૂર્વાષાઢાના હોતા અવગાહીને ચંદ્ર ૩૦મી સૂર્યઋતુને પરિસમાપ્ત કરે છે. [તેમ જાણવું.]

હવે સૂર્યનક્ષત્ર યોગ ભાવના કરાય છે. તે જ ૩૦૫ પ્રમાણ ધ્રુવરાશિ, પહેલી સૂર્ય ઋતુ જિજ્ઞાસામાં એક વડે ગુણીએ તેથી તે જ સંખ્યા આવશે. તેથી પુષ્યના



હોતા ૮૮ શુદ્ધ થતાં રહેશે-૨૧૭. પછી ૬૭ વડે આશ્લેષા શુદ્ધ થતાં બાકી રહેશે-૧૫૦. તે પણ ૧૩૪-વડે મઘા શુદ્ધ થાય છે. પચી બાકી રહેશે-૧૬. પછી આવેલ પૂર્વાફાલ્ગુની નક્ષત્રના-૧૬. તે ૧૩૪ ભાગ વડે અવગાહીને સૂર્ય પહેલી સ્વ ઋતુને પૂર્ણ કરે છે.

બીજી સૂર્ય ઋતુની જિજ્ઞાસામાં તે ધ્રુવરાશિ-૩૦૫ પ્રમાણને ત્રણ વડે ગુણીએ, આવશે-૯૧૫. તેથી ૮૮ વડે પુષ્ય શુદ્ધિને પામે છે. પછી રહેશે-૮૩૭. તેમાંથી ૬૭ વડે આશ્લેષા શુદ્ધ થાય છે. બાકી રહેશે-૭૬૦. તેમાંથી ૧૩૪ વડે મઘા શુદ્ધ થાય છે. પછી રહેશે-૬૨૬. તેમાંથી ૧૩૪ વડે પૂર્વા ફાલ્ગુની શુદ્ધ થતાં, પછી રહેશે-૪૯૨. તેમાં પણ-૨૦૧ વડે ઉત્તરા ફાલ્ગુની શુદ્ધ થાય છે. પછી રહેશે-૨૯૧. તેમાંથી પણ ૧૩૪ વડે હસ્ત શુદ્ધ થાય છે. પછી રહે છે - ૧૫૭. તેમાંથી પણ ૧૩૪ વડે ચિત્રા શુદ્ધ થાય છે. પછી રહેશે-૨૩. આવેલ સ્વાતિના - ૨૩/૬૭ ભાગને અવગાહીને સૂર્ય બીજી ઋતુ પૂર્ણ કરે છે.

એ પ્રમાણે બાકીની ઋતુઓ પણ કહેવી.

ત્રીશમી સૂર્યઋતુની જિજ્ઞાસામાં તે જ ધ્રુવરાશિ-૩૦૫ પરિમાણને ૬૯ વડે ગુણતાં આવશે-૧૭,૯૯૫. તેમાં ૧૪,૬૪૦ વડે ચાર પરિપૂર્ણ નક્ષત્ર પર્યાય શુદ્ધ થતાં બાકી રહેશે ૩૩૫૫. તેમાંથી ૮૮ વડે પુષ્ય શોધિત થતાં, બાકી રહેશે - ૩૨૬૭. તેમાંથી ૩૨૫૮ વડે આશ્લેષાદિથી મૃગશિર સુધીના નક્ષત્રો શુદ્ધ થતાં બાકી રહેશે-૯. તેના વડે આર્દ્રા નક્ષત્ર શુદ્ધ ન થાય. તેથી આવેલ ૯/૧૩૪ ભાગથી આર્દ્રાના હોતા નવને ગ્રહીને સૂર્ય ત્રીશમી સ્વ ઋતુ પૂર્ણ કરે છે.

એ પ્રમાણે સૂર્ય ઋતુ કહી.

હવે ચંદ્ર ઋતુના ૪૦૨, તેથી કહે છે – એક નક્ષત્ર પર્યાયમાં ચંદ્રની છ ઋતુઓ થાય છે અને ચંદ્રના નક્ષત્ર પર્યાયો એક યુગમાં-૬૭ સંખ્યક થાય છે. તે ૬૭ને છ વડે ગુણતાં, થાય ૪૦૨. આટલી ચંદ્રઋતુઓ એક યુગમાં થાય. કહ્યું છે કે – એક એક ચંદ્ર ઋતુનું પરિમાણ પરિપૂર્ણ ચાર અહોરાત્ર અને પાંચમાં અહોરાત્રના ૩૭/૬૭ ભાગ – ૪ - ૩૭/૬૭ છે.

આ પ્રમાણ કઈ રીતે જાણવું ? તે કહે છે – અહીં એક નક્ષત્ર પર્યાયમાં છ ઋતુઓ પૂર્વે જ અનંતર કહેલી છે. નક્ષત્ર પર્યાયનું ચંદ્ર વિષયનું પરિમાણ ૨૭ અહોરાત્ર અને એક અહોરાત્રના ૨૧/૬૭ ભાગ છે. તેમાં અહોરાત્રને છ વડે ભાગ દેતાં ચાર અહોરાત્ર પ્રાપ્ત થાય છે. બાકી રહે છે – ત્રણ. તેના ૬૭ ભાગ કરવાને માટે ૬૭ વડે ગુણતાં આવે છે - ૨૦૧. પછી ઉપરના ૨૧/૬૭ ભાગો ઉમેરીએ. તેથી આવશે-૨૨૨. તેને છ ભાગ વડે ભાગ દેતાં પ્રાપ્ત થશે - ૩૭/૬૭ ભાગ. તેની ચંદ્ર ઋતુ લાવવાને માટે પૂર્વાચાર્યો વડે આ કરણ કહેલ છે –

અહીં વૃત્તિકારશ્રીએ બે ગાથાઓ નોંધી પછી તેની વ્યાખ્યા કરેલી છે, તે વ્યાખ્યા આ પ્રમાણે છે –

વિવક્ષિત ચંદ્રઋતુના આનયન કરવામાં યુગાદિથી જે પર્વ સંખ્યાન અતિ સંક્રાન્ત છે, તેને ૧૫ગણું નિયમથી કરવું જોઈએ. પછી તિથિ સંક્ષિપ્ત - જે તિથિઓ પર્વની ઉપર વિવક્ષિત દિવસથી પૂર્વે અતિક્રાંત હોય, તે તેમાં સંક્ષેપ કરાય છે. પછી ૬૨-ભાગ વડે - ૬૨ ભાગ નિષ્પન્ન અવમરાત્રિ વડે પરિહીન-ઘટતી જાણવી. પછી એ સ્વરૂપે ૧૩૪ વડે ગુણિત કરવી. પછી ૩૦૫ વડે સંયુક્ત થયેલ ૧૧૬ વડે વિભાગ કરવો. વિભક્ત કરાતાં જે અંક પ્રાપ્ત થાય, તે ઋતુ જાણવી. આ બે કરણ ગાથાનો અક્ષરાર્થ કહ્યો.

હવે કરણ ભાવના કરીએ છીએ. કોઈક પણ પૂછે છે — યુગની આદિથી પહેલા પર્વમાં પાંચમીએ કઈ ચંદ્ર ઋતુપ્રવર્તે છે ? તેમાં એક પણ પર્વ પરિપૂર્ણ અહીં હજી સુધી હોતું નથી. યુગની આદિથી દિવસો ન્યૂન લેવાના છે. તે ચાર છે, પછી તે ૧૩૪ વડે ગુણીએ, તેથી થશે ૫૩૬. પછી ફરી ૩૦૫ ઉમેરીએ. એટલે થશે-૮૪૧. તેને ૬૧૦ ભાગ વડે ભાગ દેતાં પ્રાપ્ત પહેલી ઋતુના અંશો ઉદ્ધરે છે - ૨૩૧. તેમાં ૧૩૪ ભાગ દેતાં પ્રાપ્ત થશે એક. અંશોને ૧૩૪ વડે ભાગ દેતા, જે પ્રાપ્ત થાય, તેને દિવસો જાણવા. બાકીના અંશો ઉદ્ધરતાં-૯૭ આવશે. તેમાં બે વડે અપવર્તના કરતાં પ્રાપ્ત સાર્દ્ધ ૪૮/૬૭ ભાગો. આવેલ યુગાદિથી પંચમીમાં પહેલી પ્રાવૃટ્ ઋતુ.

આ ઋતુ અતિક્રાંત થતાં બીજી ઋતુનો એક દિવસ જાય અને બીજા દિવસના સાર્દ્ધ ૩૮/૬૭ ભાગ.

તથા કોઈ પણ પૂછે છે કે યુગની આદિથી બીજા પર્વમાં એકાદશીમાં કઈ ચંદ્ર ઋતુ છે ? તેમાં એક પર્વ અતિક્રાંત છે, તેથી એક લઈએ. તે ૧૫-વડે ગુણીએ. તેથી આવે-૧૫. એકાદશીમાં પૂછેલ છે, તેથી તેના પાશ્ચાત્ય દશ, તે દિવસો, તેમાં ઉમેરીએ. તેથી આવશે-૨૫, તેને ૧૩૪ વડે ગુણીએ, આવશે-૩૩૫૦. તેમાં ૩૦૫ ઉમેરીએ. તેથી આવશે-૩૬૫૫. તેમાં ૬૧૦ વડે ભાગ દઈએ. તેથી આવશે પાંચ અને અંશો રહેશે-૬૦૫. તેને ૧૩૪ વડે ભાગ કરતાં પ્રાપ્ત થશે-દિવસો ચાર. શેષ અંશો ઉદ્ધરતાં આવશે-૬૯. તેની બે વડે અવપર્તનામાં પ્રાપ્ત થશે સાર્દ્ધ ૩૪/૬૭ ભાગ.

એ રીતે આવેલ પાંચ ઋતુઓ અતિક્રાંત થઈ, છટ્ઠી ઋતુના ચાર દિવસ, પાંચમાં દિવસના સાર્દ્ધ - ૩૪/૬૭ ભાગ. એ પ્રમાણે બીજા દિવસમાં ચંદ્ર ઋતુ જાણવી.

હવે ચંદ્ર ઋતુ પરિસમાપ્તિ દિવસ લાવવા માટે જે પૂર્વાચાર્ય વડે કરણ કહેવાયું છે, તે જણાવે છે. અહીં નોંધેલ એક ગાથાની વૃત્તિકારશ્રી વ્યાખ્યા આપે છે — અહીં જે પૂર્વે સૂર્ય ઋતુ પ્રતિપાદનમાં ધ્રુવરાશિ કહી છે - ૩૦૫/૧૩૪ ભાગોને તે પૂર્વમાં ગુણવા. અર્થાત્ત - ઈપ્સિત એકાદિથી ૪૦૨માં પર્યન્તથી - દ્વિ ઉત્તર વૃદ્ધિથી એકથી આરંભીને પછી આગળ દ્વિઉત્તરની વૃદ્ધિથી વધતાં ગુણિત કરતાં આત્મીય છેદથી ૧૩૪ રૂપથી વિભાગ કરતાં જે પ્રાપ્ત છે. તે ચંદ્રની ઋતુની સમાપ્તિ જાણવી જોઈએ.—

— જેમ કોઈ પણ પૂછે, ચંદ્રની ઋતુ પહેલાં કઈ તિથિમાં પરિસમાપ્તિમને પામે છે ? તેમાં ધ્રુવરાશિ લેવી-૩૦૫. તે એક વડે ગુણીએ. તેનાથી તે જ ધ્રુવરાશિ આવે.



તેને સ્વકીય ૧૩૪ પ્રમાણ વડે છેદ કરીને ભાગ દેતાં, પ્રાપ્ત બે થાય. શેષ રહે છે — ૩૭, તેની બે વડે અપવર્તના કરતાં આવશે સાર્દ્ધ ૧૮/૬૭ ભાગ. આવેલ યુગાદિથી બે દિવસો અને ત્રીજા દિવસના સાર્દ્ધ - ૧૮/૬૭ ભાગો અતિક્રમીને પહેલી ચંદ્ર ઋતુ પરિસમાપ્તિને પામે છે.

બીજી ચંદ્રઋતુની જિજ્ઞાસામાં તે ધ્રુવરાશિ-૩૦૫ છે. તેને ત્રણ વડે ગુણીએ. તેથી આવશે-૯૧૫. તેને ૧૩૪ ભાગ વડે ભાગ દેતા, પ્રાપ્ત થશે-૬, શેષ ઉદ્ધરે છે-૧૧૧. તેની બે વડે અપવર્તનામાં પ્રાપ્ત થશે. સાર્દ્ધ - ૫૫/૬૭ ભાગ. આવેલ યુગાદિથી છ દિવસો અતિક્રાંત થતાં, તેમાં સાતમાં દિવસના સાર્દ્ધ - ૫૫/૬૭ ભાગો જતાં બીજી ચંદ્રઋતુ પરિસમાપ્તિને પામે છે.

૪૦૨મી ઋતુની જિજ્ઞાસામાં તે જ ધ્રુવરાશિ-૩૦૫ પ્રમાણને ૮૦૩ વડે ગુણીએ - બબ્બે ઉત્તર સંખ્યાની વૃદ્ધિ વડે જ ૪૦૨ના ૮૦૩ પ્રમાણ જ રાશિ થાય છે. તેથી કહે છે — જેના એકથી આગળ પછી બે સંખ્યાની વૃદ્ધિથી રાશિની વિચારણા કરતાં તેના 'બે' સંખ્યા ન્યૂન થાય છે. જેમ દ્વિકની ત્રણ, ત્રિકની પાંચ, ચતુષ્કની સાત, અહીં પણ ૪૦૨ પ્રમાણની રાશિથી ઉત્તર બે સંખ્યાની વૃદ્ધિથી રાશિ વિચારતાં પછી ૮૦૩ થાય છે. એવા પ્રકારની રાશિના ગુણનથી આવે - ૨૪૪૯૧૫. તેના ૧૩૪ વડે ભાગ દેવાતા પ્રાપ્ત-૧૮૨૭ અને અંશો ઉદ્ધરે છે - ૯૭. તેની બે વડે અપવર્તનાથી પ્રાપ્ત સાર્દ્ધ - ૪૮/૬૭. આવેલ યુગાદિથી ૧૮૨૭ દિવસ અતિક્રાંત થતાં પછીના દિવસના સાર્દ્ધ ૪૮/૬૭ સંખ્યક ભાગ જતાં ૪૦૨મી ચંદ્ર ઋતુ પૂર્ણ થાય છે.

આ ચંદ્રઋતુમાં ચંદ્રનક્ષત્ર યોગ પરિજ્ઞાનાર્થે પૂર્વાચાર્યનો આ ઉપદેશ છે — "તે જ ધ્રુવરાશિ અને ગુણરાશિ પણ થાય છે. નક્ષત્ર શોધન પૂર્વે કહેલાં જાણવા. આ ગાથાની વ્યાખ્યા —

ચંદ્રઋતુના ચંદ્ર નક્ષત્ર યોગાર્થે તે જ ૩૦૫ પ્રમાણ ધ્રુવરાશિ જાણવી. ગુણાકાર રાશિ પણ એક આદિથી દ્વિઉત્તર વૃદ્ધિ, તે જ થાય છે, તેમ જાણવું - જે પૂર્વે ઉપદિષ્ટ નક્ષત્ર શોધન પણ જાણવાં. તે જ જે પૂર્વ ભણિત ૪૨-આદિ. તેથી પૂર્વ પ્રકારથી વિવક્ષિત ચંદ્ર ઋતુ નિયત નક્ષત્રયોગ આવે છે.

તેમાં પ્રથમ ચંદ્રઋતુમાં કયો ચંદ્ર નક્ષત્ર યોગ છે ? તે જિજ્ઞાસામાં તે જ ૩૦૫ ધ્રુવરાશિ લેવી. તે એક વડે ગુણતાં તે જ રાશિ થાય છે. તેથી અભિજિતના ૪૨ શુદ્ધ થાય. પછી શેષ રહે છે - ૨૬૩.

પછી ૧૩૪ વડે શ્રવણ શુદ્ધ થાય. પછી બાકી રહે છે - ૧૨૯. તેની બે વડે અપવર્તના કરાતા આવે છે - સાર્દ્ધ ૬૪/૬૭ ભાગ.

આવેલ ધનિષ્ઠાના સાર્દ્ધ ૬૪/૬૭ ભાગોને અવગાહીને ચંદ્રની પહેલી સ્વ ઋતુ પરિસમાપ્ત થાય છે.

બીજી ચંદ્રઋતુની જિજ્ઞાસામાં તે જ ધ્રુવરાશિ - ૩૦૫ પ્રમાણ, તેને ત્રણ વડે ગુણવા. તેથી આવશે ૯૧૫, તેમાં અભિજિતના ૪૨-શોધિત થતાં રહેશે-૮૭૩.

તેમાંથી ૧૩૪ વડે શ્રવણ શુદ્ધિને પામે છે. બાકી રહેશે - ૭૩૯. તેમાં પણ ૧૩૪ વડે ધનિષ્ઠા શોધિત થાય. તેથી આવશે - ૬૦૫.

તેમાંથી પણ ૬૭ વડે શતભિષક્ શોધિત થતાં રહેશે - ૫૩૮. એમાંથી પણ ૧૩૪ વડે પૂર્વાભાદ્રપદ શોધિત થાય. તેથી રહેશે - ૪૦૪.

તેમાંથી પણ ૨૦૧ વડે ઉત્તરાભાદ્રપદ શુદ્ધ થતાં બાકી રહેલ-૨૦૩. તેમાંથી પણ ૧૩૪ વડે રેવતી શોધિત થતાં રહેશે-૬૯.

આવેલ અશ્વિની નક્ષત્રના ૬૯ ને ૧૩૪ ભાગોથી અવગાહીને બીજી સ્વ ઋતુને ચંદ્ર પરિસમાપ્ત કરે છે.

તથા ૪૦૨-મી ચંદ્રઋતુ જિજ્ઞાસામાં તે ધ્રુવરાશિ-૩૦૫ પ્રમાણ લેવી. લઈને ૮૦૩ વડે ગુણીએ. તેથી આવેલ-૨૪૪૯૧૫ સંખ્યા છે, તેમાં સર્વ નક્ષત્ર પર્યાય પરિમાણ-૩૬૬૦.

તેથી કહે છે — છ અર્દ્ધક્ષેત્ર નક્ષત્રમાં પ્રત્યેક ૬૭-અંશો દ્વયર્દ્ધક્ષેત્ર નક્ષત્રમાં પ્રત્યેક ૨૦૧ અંશોના-૧૫ સમક્ષેત્રોમાં પ્રત્યેક ૩૪ને $^{૬}/_{૬૭}$ વડે ગુણીએ. તેથી આવે છે - ૪૦૨. તથા છ ને ૨૦૧ વડે ગુણતાં આવે છે - ૧૨૦૬. તથા ૧૩૪ને ૧૫-વડે ગુણીએ. તેથી આવશે - ૨૦૧૦. આ ત્રણે રાશિને એકઠી કરીએ અને કરીને, તેમાં અભિજિત્‌ના ૪૨-ને ઉમેરીએ. તેથી આવશે-૩૬૬૦.

આટલા એક નક્ષત્ર પર્યાય પરિમાણથી પૂર્વરાશિના ૨૪૪૯૧૫ ભાગો કરવામાં આવે છે. પ્રાપ્ત ૬૬ નક્ષત્ર પર્યાયો છે, પછી રહે છે - ૩૩૫૫. તેમાં અભિજિત્‌ના ૪૨-શોધિત થતાં બાકી રહે છે - ૩૩૧૩.

આ ૩૩૧૩ થી ૩૦૮૨ વડે અનુરાધા સુધીના નક્ષત્રો શોધિત થતાં બાકી રહેશે - ૨૩૧. પછી ૬૭-વડે જ્યેષ્ઠા શોધિત થતાં રહેશે-૧૬૪. તેમાંથી પણ ૧૩૪ વડે મૂલ નક્ષત્ર શોધિત થતાં, પછી રહેશે-૩૦. આવેલ પૂર્વાષાઢા નક્ષત્રના $^{૩૦}/_{૧૩૪}$ ભાગોને અવગાહીને ચંદ્ર ૪૦૨મી સ્વઋતુને પૂરી કરે છે.

એ પ્રમાણે સૂર્ય અને ચંદ્ર ઋતુ પરિમાણ કહ્યું.

હવે લોકરૂઢિથી એક-એક ચંદ્રઋતુનું પરિમાણ સુધી કહે છે - x - x - બધી પણ આ છ સંખ્યક પ્રાવૃટ્ આદિ ઋતુઓ પ્રત્યેક ચંદ્ર ઋતુઓ હોતા બબ્બે માસ જાણવા.

તે બબ્બે માસનું શું પ્રમાણ છે, તે કહે છે - x - ૩૫૪ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૧૨}/_{૬૨}$ ભાગો. બાકી રહે. અર્થાત્ એ પ્રમાણે આવા રૂપે આદાનથી આવા સ્વરૂપે સંવત્સર પ્રમાણ લેવું.

ગણવામાં આવનાર બે માસમાં કંઈક અધિક અહોરાત્રના $^{૨}/_{૬૨}$ ભાગો. એ ભાવ છે. ૫૯-૫૯ અહોરાત્ર, અહોરાત્ર પ્રમાણથી કહેવા.

તેથી કહે છે — બબ્બે માસ પ્રમાણની છ ઋતુઓ છે, એમ ૩૫૪ અહોરાત્રોને છ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત ૫૯-અહોરાત્રોના $^{૧૨}/_{૬૨}$ ભાગોના છ વડે ભાગ કરતાં



$^{૨}/_{૬૨}$ ભાગ.

એ પ્રમાણે હોવાથી કર્મમાસ અપેક્ષાથી એક-એક ઋતુમાં લૌકિક એક-એક ચંદ્રઋતુને આશ્રિને વ્યવહારથી એકૈક અવમરાત્ર થાય છે. સર્વ કર્મસંત્સરમાં છ અવમરાત્રિ થાય છે.

તેથી કહે છે - x - તે કર્મસંવત્સરમાં ચંદ્ર સંવત્સરને આશ્રીને વ્યવહારથી આ વક્ષ્યમાણ ક્રમે છ અવમરાત્રિ કહેલ છે, તે આ પ્રમાણે - x - તે સુગમ છે.

અહીં આ ભાવના છે — આ કાળના સૂર્યાદિ ક્રિયા ઉપલક્ષિતના અનાદિ પ્રવાહ પતિત પ્રતિ નિયત સ્વભાવથી છે, સ્વરૂપથી કોઈ હાનિ પણ નથી કે કોઈ સ્વરૂપ ઉપચય પણ નથી. જે આ અવમરાત્ર કે અતિરાત્રનું પ્રતિપાદન છે, તે પરસ્પર માસ ચિંતાની અપેક્ષાથી છે. તેથી કહે છે — કર્મમાસની અપેક્ષાથી ચંદ્રમાસની વિચારણામાં અવમહીન રાત્રિનો સંભવ છે, કર્મમાસની અપેક્ષાથી સૂર્યમાસની વિચારણામાં અતિરાત્ર-અધિકરાત્રિની કલ્પના છે. તથા કહ્યું છે — કાળની હાનિ કે વૃદ્ધિ ન થાય, કાળ અવસ્થિત છે. એકૈક માસની વૃદ્ધિ-હાનિ થાય છે.

તેમાં અવમ રાત્ર ભાવના કરવાને માટે આ પૂર્વાચાર્યોએ દર્શાવેલી બે ગાથાઓ છે. [વૃત્તિકારશ્રીએ આ બે ગાથા દર્શાવીને પછી તેની વ્યાખ્યા રજૂ કરેલ છે, તે વ્યાખ્યા આ પ્રમાણે છે.]

કર્મમાસ પરિપૂર્ણ ૩૦-અહોરાત્ર પ્રમાણ છે, ચંદ્રમાસ ૨૯-અહોરાત્ર અને એક અહોરાત્રના $^{૩૨}/_{૬૨}$ ભાગ છે. તેથી ચંદ્રમાસના પરિમાણનું અને ઋતુમાસના-કર્મમાસના પરિમાણનો, પરસ્પર વિશ્લેષ કરાય છે, વિશ્લેષ કરાતા જે અંશો ઉદ્ધરિત જણાય છે, તે $^{૩૦}/_{૬૨}$ ભાગરૂપ છે, તે અવમરાત્રના ભાગો છે. તે જ અવમરાત્રના પરિપૂર્ણ બે માસ પર્યન્ત થાય છે. તેથી તેના હોવાથી, તે ભાગો માસના અવસાનમાં જાણવા. -

- - જો ૩૦ દિવસમાં $^{૩૦}/_{૬૨}$ ભાગ અવમરાત્રનું પ્રાપ્ત થાય છે. તો એક દિવસમાં કેટલા ભાગો પ્રાપ્ત થાય ? અહીં રાશિની સ્થાપનતા આ રીતે છે — ૩૦/૩૦/૧. અહીં અંત્ય રાશિ વડે મધ્યમ રાશિને ગુણતાં- ૩૦ x ૧ = ૩૦ જ આવશે, કેમકે એક વડે ગુણતાં તે જ અંક આવે છે. તેનો આદિ રાશિ વડે ભાગ કરતાં ૩૦ને ૩૦ વડે ભાંગવાથી ૧-આવે. આવેલ પ્રતિદિવસના $^{૧}/_{૬૨}$ ભાગ પ્રાપ્ત થાય. તથા કહે છે — ૬૨ ભાગ એકૈક દિવસે દિવસે અવમરાત્રિ થાય છે. - x - x -

એ પ્રમાણે જે એકૈક દિવસમાં એકૈક બાસઠ ભાગ જે અવમરાત્રિ સંબંધી પ્રાપ્ત થાય છે, તો ૬૨-દિવસ વડે એક અવમરાત્ર થાય છે અર્થાત્ શું કહે છે ? દિવસ દિવસમાં અવમરાત્રના હોવાથી એકૈક બાસઠાંશ ભાગની વૃદ્ધિથી ૬૨મો ભાગ સંજાત થતાં ૬૨માં દિવસે મૂલથી જ ૬૩મી તિથિ પ્રવર્તે છે. એ પ્રમાણે હોવાથી જે ૬૧-મી અહોરાત્ર, તેમાં ૬૧મી અને ૬૨મી તિથિ નિધન ઉપગત થતાં ૬૨-મી તિથિ લોકમાં ઘટે છે, તેમ વ્યવહાર થાય છે.

કહ્યું છે કે — એક અહોરાત્રમાં બે તિથિ જેમાં નિધન પામે, તે તિથિની હાનિ

છે. એ પ્રમાણે વર્ષાકાળ-ચતુર્માસ પ્રમાણના શ્રાવણાદિ ત્રીજા પર્વમાં પહેલી અવમરાત્ર છે.

તે જ વર્ષાકાળના સંબંધી સાતમાં પર્વમાં બીજી અવમ રાત્રિ થાય. ત્યારપછી શીતકાળના ત્રીજા પર્વમાં મૂળ અપેક્ષાથી અગિયારમે દિવસે ત્રીજી અવમરાત્ર, તે જ શીતકાળની સાતમાં પર્વમાં મૂલ અપેક્ષાથી પંદરમાં દિને ચોથી, ત્યારપછી ગ્રીષ્મકાળના ત્રીજા પર્વમાં મૂળ અપેક્ષાથી ૧૯માદિને પાંચમી, તેજ ગ્રીષ્મકાળના સાતમાં પર્વમાં મૂળ અપેક્ષાથી ૨૩મા દિવસે છઠ્ઠી અવમરાત્રિ થાય છે.

તથા કહ્યું છે કે – ત્રીજી અવમ રાત્રિ સાતમાં પર્વમાં કરવી. - x - x - અહીં આષાઢાદિ ઋતુ લોકમાં પ્રસિદ્ધિ પામેલ છે. તેથી લૌકિક વ્યવહાર અપેક્ષાથી અષાઢથી આરંભીને પ્રતિદિવસ એકૈક બાસઠાંશ ભાગ હાનિથી વર્ષાકાળાદિ ગત ત્રીજા આદિ પર્વમાં યથોક્ત અવમરાત્રિ પ્રતિપાદિત થાય છે. પરમાર્થથી તો વળી શ્રાવણ પદ એકમ રૂપ લક્ષણથી યુગની આદિથી આરંભીને ચાર-ચાર પર્વાતિક્રમે જાણવી.

હવે યુગની આદિથી કેટલાં પર્વના અતિક્રમમાં કઈ તિથિમાં અવમરાત્રિભૂતમાં તેની સાથે કઈ તિથિ પરિસમાપ્તિને પામે છે, તેની વિચારણમાં આ પૂર્વાચાર્યોએ દર્શાવેલ પ્રશ્ન-ઉત્તર રૂપ ગાથા ત્રણ વૃત્તિકારશ્રીએ નોંધીને પછી ગાથાની વ્યાખ્યા કરેલ છે તે વ્યાખ્યા આ પ્રમાણે છે –

વ્યાખ્યા - અહીં એકમથી આરંભી પંદરમાં દિવસ સુધી આટલી તિથિઓમાં - તેની મધ્યમાં પ્રતિપદિ-અવમરાત્રિરૂપ ક્યાં પર્વમાં-પક્ષમાં બીજી તિથિ પૂર્ણ થાય છે - પ્રતિપદાની સાથે એક અહોરાત્રમાં સમાપ્તિને પામે છે ?

બીજી કે બીજ તિથિમાં અવમરાત્રિરૂપ કયા પર્વમાં ત્રીજી સમાપ્તિને પામે છે ?

ત્રીજી કે ત્રીજી તિથિમાં અવમરાત્રિ સંપન્ન ક્યા પર્વમાં ચોથી અવમરાત્રિ નિધનને પામે છે ?

એ પ્રમાણે બાકીની તિથિમાં વ્યવહારગણિત જોતાં - લોકપ્રસિદ્ધ વ્યવહારગણિત પરિભાવિતમાં પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દશમી, અગિયારમી, બારમી, તેરમી, ચૌદમી, પંદરમી રૂપમાં શિષ્ય પ્રશ્ન કરશે –

જેમ સૂક્ષ્મથી - પ્રતિદિવસ એકૈકથી ૬૨ માં ભાગરૂપ, શ્લક્ષ્ણ ભાગથી ઘટતી તિથિમાં પૂર્વની-પૂર્વની અવમરાત્રિરૂપ તિથિથી અનંતરપણે પરા-પરા [આગળ-આગળ] ની તિથિ કયા પર્વમાં-પક્ષમાં સમાપ્તિને પામરે છે ?

અહીં એવું કહેવા માંગે છે કે – ચોથી તિથિ અવમરાત્રિ રૂપમાં કયા પર્વમાં પાંચમી સમાપ્તિને પામે ? પાંચમી કે છઠ્ઠી, એ પ્રકારે પંદરમી તિથિ સુધીમાં અવમરાત્રિ રૂપ કયા પર્વમાં એકમરૂપ તિથિ સમાપ્તિ પામે ?

શિષ્યના પ્રશ્નને અવધારીને આચાર્ય ઉત્તર કહે છે – અહીં જે શિષ્ય વડે પ્રશ્ન કરતાં તિથિઓ ઉદ્દિષ્ટ કરી, તે બે પ્રકારે છે, તે આ પ્રમાણે – ઓજરૂપ અને યુગ્મરૂપ. ઓજ - વિષમ અને યુગ્મ - સમઃ તેમાં જે ઓજ રૂપ છે, તે પહેલાં રૂપાધિક કરવી. પછી બમણી કરવી, પછી તેની-તેની તિથિના યુગ્મ પર્વો નિર્વચનરૂપ સારી રીતે આવેલા થાય છે.



જે પણ યુગ્મરૂપ તિથિઓ, તેમાં પણ એમજ - પૂર્વોક્ત પ્રકારથી કરણ પ્રવર્તાવવું. વિશેષ એ કે – બમણી કર્યા પછી ૩૧-યુક્ત થઈ પર્વો નિર્વચનરૂપ થાજ છે.

અહીં આ ભાવના છે – જો આ પ્રશ્ન – ''કયા પર્વમાં એકમમાં અવમરાત્રિરૂપ બીજી સમાપ્ત થાય છે ?'' ત્યારે એકમને ઉદ્દિષ્ટા, તે પ્રથમા તિથિ, એટલે કે લઈએ. તે રૂપાધિક કરીએ. તેથી બે થાય. તેને પણ બમણી કરીએ, એટલે ચાર થાય. આવશે ચાર પર્વ. તેનો આ અર્થ છે –

યુગની આદિથી ચોથા પર્વમાં પ્રતિપદા અવમરાત્રિરૂપ બીજી સમાપ્તિને પામે છે. આ યુક્ત છે, તેથી કહે છે – પ્રતિપદા ઉદ્દિષ્ટામાં ચાર પર્વો અને સમાગત પર્વ પંદર તિથ્યાત્મક છે. તેથી પંદરને ચાર વડે ગુણીએ, તો આવશે-૬૦. પ્રતિપદામાં દ્વિતિયા સમાપ્ત થાય, તેથી બે રૂપ તેમાં અધિક ઉમેરતાં થશે ૬૨. તે ૬૨ વડે ભાંગતા નિરંશ ભાગ આપે છે. પ્રાપ્ત થાય એક. એ રીતે આવેલ પહેલી અવમરાત્ર, એમ અવિસંવાદિ કરણ.

ક્યા પર્વમાં બીજી અવમરાત્રિ ભૂતમાં ત્રીજી સમાપ્ત થાય, એ પ્રશ્ન જ્યારે છે, ત્યારે છ, ૩૧ યુક્ત કરતાં થાય-૩૭. આવશે નિર્વચનરૂપ ૩૭-પર્વો. અર્થાત્ શું કહે છે ? યુગની આદિથી ૩૭-મું પર્વ જતાં બીજી અવમરાત્રિરૂપ ત્રીજી સમાપ્ત થાય. આનું પણ કરણ સમીચીન છે.

તેથી કહે છે – બીજીને ઉદ્દિષ્ટમાં ૩૭ પર્વો સમાગત છે. પછી ૧૫ને ૩૭ વડે ગુણીએ. તેથી આવશે-૫૫૫. બીજી નાશ પામી, ત્રીજી થઈ. તેથી ત્રણ રૂપ સંખ્યા તેમાં ઉમેરીઓ તેથી આવશે-૫૫૮. આ પણ રાશિ ૬૨ વડે ભાંગતા નિરંશ ભાગ આપે છે, પ્રાપ્ત થાય છે નવ. એ રીતે આવેલ નવમી અવમરાત્રિ એ પ્રમાણે સમીચીન કરણ છે.

એ પ્રમાણે બધી જ તિથિમાં કરણભાવના કરણસમીચીનત્વ ભાવના અને અવમરાત્ર સંખ્યા સ્વયં વિચારવી.

પર્વ નિર્દેશ માત્ર કરીએ છીએ - તેમાં ત્રીજમાં ચોથીની સમાપ્તિ, આઠમું પર્વ જતાં ચોથમાં પાંચમી ૪૧માં પર્વમાં, પાંચમીમાં છટ્ઠી બારમાં પર્વમાં, છટ્ઠમાં સાતમી ૩૫માં પર્વમાં, સાતમામાં આઠમી સોળમામાં, આઠમામાં નવમી ૪૯માં પર્વમાં, નવમીમાં દશમી ૨૦માં પર્વમાં, દશમમાં અગિયારમી ૫૩માં પર્વમાં, ઈત્યાદિ એ - x - x - x - રીતે યુગના પૂર્વાર્દ્ધ-ઉત્તરાર્દ્ધમાં જાણવી.

એ પ્રમાણે અવમરાત્રિ કહી.

હવે અતિરાત્રિ પ્રતિપાદનાર્થે કહે છે – તેમાં એક સંવત્સરમાં નિશ્ચે આ છ અતિરાત્રિ કહેલી છે, તે આ પ્રમાણે – અહીં કર્મ માસની અપેક્ષાથી સૂર્ય માસની વિચારણામાં એકૈક સૂર્ય ઋતુ પરિસમાપ્તિમાં એકૈક અધિક અહોરાત્ર પ્રાપ્ત થાય છે. તેથી કહે છે – ૩૦ અહોરાત્ર વડે એક કર્મમાસ. સાર્દ્ધ ૩૦-અહોરાત્ર વડે એક

સૂર્યમાસ. બે માસની એક ઋતુ, પછી એક સૂર્યઋતુ પરિસમાપ્તિમાં બે કર્મમાસની અપેક્ષાથી એક અધિક અહોરાત્ર પ્રાપ્ત થાય છે. સૂર્ય ઋતુ આષાઢાદિક છે, તેથી અષાઢથી લઈને ચોથું પર્વ જતાં એક અધિક અહોરાત્રમાં થાય છે, આઠમું પર્વ જતાં બીજી, ત્રીજી બાર પર્વમાં, ચોથી સોળમાં, પાંચમી ૨૦માં પર્વમાં, છટ્ઠી ચોવીશમાં પર્વમાં.

અવમરાત્ર બે કર્મમાસ અપેક્ષાથી ચંદ્રમાસ વિચારણામાં અને ચંદ્રમાસ શ્રાવણાદિ છે, તેથી વર્ષાકાળના શ્રાવણ આદિ એમ પૂર્વે કહ્યું. હવે જે અપેક્ષાથી અતિરાત્ર અને જે અપેક્ષાથી અવમરાત્રિ થાય છે, તેનું પ્રતિપાદન કરે છે —

છ અતિરાત્ર આદિત્યના માનથી થાય છે. છ અવમરાત્ર ચંદ્રના માનથી થાય છે. - x - અર્થાત્ - સૂર્યની અપેક્ષાથી કર્મમાસ વિચારણામાં પ્રતિવર્ષ છ અતિરાત્રિ થાય છે, તેમ જાણવું. છ અવમરાત્રિ ચંદ્રની અપેક્ષાથી થાય છે - x - તેમ જાણવું.

એ પ્રમાણે અવમરાત્રિ અને અતિરાત્રિ કહી. હવે આવૃત્તિની વિવક્ષા માટે આમ કહે છે —

**● સૂત્ર-૧૦૪ :-**

***તેમાં નિશ્ચે આ પાંચ વર્ષાકાલિકી અને પાંચ હૈમંતિક એ દશ આવૃત્તિઓ કહેલી છે.***

***તે આ પાંચ સંવત્સરોમાં પહેલી વર્ષાકાલિકી આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? તે અભિજિત્ નક્ષત્ર સાથે. અભિજિત્ નક્ષત્રના પહેલાં સમય વડે, [યોગ કરે છે.]***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે ? પુષ્યથી પુષ્યના ૧૯ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૪૩}/_{૬૨}$ ભાગ તથા ૬૨-ભાગને ૬૭ વડે છેદીને ૩૩-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા યોગ કરે છે.***

***આ પાંચ સંવત્સરોમાં બીજી વર્ષાકાલિકી આવૃત્તિનો ચંદ્ર કયા નક્ષત્રથી યોગ કરે છે ? મૃગશિર્ષ નક્ષત્ર વડે. મૃગશિર્ષ નક્ષત્રના ૧૧-મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{૩૯}/_{૬૨}$ ભાગ, તથા ૬૨-ભાગને ૬૭ વડે છેદીને ૫૩-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા યોગ કરે.***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? પુષ્યથી. પુષ્યનું વર્ણન પહેલી વર્ષાકાલિકીવત્ કરવું.***

***આ પાંચ સંવત્સરોમાં ત્રીજી વર્ષાકાલિકી આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? વિશાખા વડે. વિશાખાના ૧૩-મુહૂર્તો અને એક મુહૂર્ત્તના $^{૫૪}/_{૬૨}$ ભાગ અને ૬૨-ભાગને ૬૭ વડે છેદીને ૪૪ ચૂર્ણિકા ભાગ બાકી રહેતા યોગ કરે છે.***

***તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર વડે યોગ કરે છે ? પુષ્ય વડે. પુષ્યસંબંધી યોગ પૂર્વવત્ જ કહેવો.***





***આ પાંચ સંવત્સરોમાં ચોથી વર્ષાકાલિકી આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્રથી યોગ કરે છે ? રેવતી વડે. રેવતીના ૨૫-મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૬૨-ભાગો તથા ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૩૨-ચૂર્ણિકા ભાગો રહેતા યોગ કરે છે.***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરે છે ? પુષ્ય વડે. પુષ્ય સંબંધી યોગ પૂર્વવત્ જ કહેવો.***

***આ પાંચ સંવત્સરોમાં પાંચમી વર્ષાકાલિકી આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? પૂર્વાફાલ્ગુની વડે. પૂર્વા ફાલ્ગુનીના ૧૨-મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના $^{૪૭}/_{૬૨}$ ભાગના ૬૨ ભાગનો ૬૭ ભાગ વડે છેદીને ૧૩-ચૂર્ણિકા ભાગ બાકી રહેતા, યોગ કરે.***

***તે સમયે સૂર્ય કયા નક્ષત્રથી યોગ કરે છે ? પુષ્ય વડે. પુષ્ય સંબંધી યોગ પૂર્વવત્.***

**● વિવેચન-૧૦૪ :-**

તે યુગમાં આ વક્ષ્યમાણ સ્વરૂપની પાંચ વર્ષાકાળ ભાવિની અને પાંચ હૈમંતિકી-શીતકાળ ભાવિની. સર્વ સંખ્યાથી સૂર્યની દશ આવૃત્તિ કહેલી છે.

અહીં ભાવના આ પ્રમાણે છે — આવૃત્તિ એટલે ફરી-ફરી દક્ષિણ ઉત્તર ગમનરૂપ, તે બે ભેદે છે — તે આ પ્રમાણે - એક સૂર્યની આવૃત્તિઓ, બીજી ચંદ્રની આવૃત્તિઓ. તેમાં એક યુગમાં સૂર્યની આવૃત્તિઓ દશ હોય છે અને ચંદ્રની આવૃત્તિ-૧૩૪.

કહ્યું છે કે — એક યુગમાં સૂર્યની અયનસમ આવૃત્તિ દશ હોય છે, અને ચંદ્રની આવૃત્તિ-૧૩૪ હોય છે.

હવે એક યુગમાં સૂર્યની ૧૦-આવૃત્તિઓ અને ચંદ્રની ૧૩૪ આવૃત્તિઓ કઈ રીતે જાણવી ? તે કહે છે — કહેલી આવૃત્તિ-ફરી ફરી દક્ષિણોત્તર ગમનરૂપ છે, તેથી સૂર્યના કે ચંદ્રના જેટલાં અયનો છે, તેટલી આવૃત્તિઓ છે.

સૂર્યના અયનો દશ છે, આ ત્રૈરાશિક રાશિના બળથી જાણવું. તેથી કહે છે — જો ૧૮૩ દિસવોનું એક અયન થાય. તો ૧૮૩૦ દિવસના કેટલાં અયન થાય ? તેની રાશિ સ્થાપના આ રીતે છે — ૧૮૩|૧|૧૮૩૦ અહીં અંત્ય રાશિ વડે મધ્યમ રાશિને ગુણતાં એકના ગુણવાથી તે જ સંખ્યા આવે, તેથી ૧૮૩૦ x ૧ = ૧૮૩૦. તેમાં આદ્ય રાશિથી ૧૮૩ ૧૮૩ = ૧૦. આવેલ યુગમાં સૂર્યના ૧૦-અયનો થાય છે અને તેની આવૃત્તિઓ પણ-૧૦ [દશ] થાય છે.

તથા જો ૧૩ દિવસ અને $^{૪૪}/_{૬૭}$ ભાગ વડે એક ચંદ્રનું અયન થાય તો ૧૮૩૦ દિવસ વડે કેટલાં ચંદ્ર અયનો થાય છે ? તેમાં આદ્ય રાશિમાં સવર્ણન કરવા માટે ૧૩ દિવસોને ૬૭-વડે ગુણીએ. ગુણીને ઉપરના $^{૪૪}/_{૬૭}$ ભાગો ઉમેરીએ. તો પ્રાપ્ત સંખ્યા થશે ૯૧૫. જે ૧૮૩૦ સંખ્યા છે, તેને પણ સવર્ણન કરવા માટે ૬૭ વડે ગુણીએ. તેથી આવશે - ૧,૨૨,૬૧૦ અને તે આ સ્વરૂપની અંત્ય રાશિ વડે મધ્યમ

રાશિને એકરૂપે ગુણવી. એક વડે ગુણવાથી, તે જ રાશિ આવશે. ત્યારપછી તે પ્રાપ્ત રાશિને ૯૧૫ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત રાશિ આવશે-૧૩૪. આટલાં ચંદ્ર અયનો એક યુગમાં થાય છે અને ચંદ્રની આવૃત્તિ પણ આટલી જ થાય છે.

હવે સૂર્યની કઈ આવૃત્તિ, કઈ તિથિમાં થાય છે, તે વિચારણામાં જે પૂર્વાચાર્યો વડે ઉપદર્શિત કરણ છે, તેને જણાવવા વૃત્તિમાં બે ગાથા છે. વૃત્તિકારશ્રી સ્વયં આ બે ગાથાની વ્યાખ્યા વૃત્તિમાં બે ગાથા છે. વૃત્તિકારશ્રી સ્વયં આ બે ગાથાની વ્યાખ્યા વૃત્તિમાં કરતાં કહે છે –

વ્યાખ્યા - આવૃત્તિ વડે એક ન્યૂન કરી ગુણતાં-૧૮૩ થાય. અહીં શું કહેવા માંગે છે ? જે આવૃત્તિ વિશિષ્ટ તિથિયુક્ત જાણવા ઈચ્છે છે, તે સંખ્યા એક ન્યૂન કરીએ. પછી તે ૧૮૩ને ગુણીએ. ગુણીને, જે અંક વડે ગુણિત-૧૮૩-છે, તે અંક સ્થાનને ત્રણ ગણાં કરીને રૂપાધિક કરી, તે પૂર્વ રાશિમાં ઉમેરીએ. પછી પંદર ભાગ વડે ભાગાકાર કરીએ, કરીને જે ભાગ પ્રાપ્ત થાય, તેટલી સંખ્યામાં પર્વ અતિક્રાંત થતાં તે વિવક્ષિતા આવૃત્તિ થાય છે. જે અંશો પછી ઉદ્ધરિત થાય, તે દિવસો જાણવા. તે દિવસમાં ચરમ દિવસે આવૃત્તિ થાય છે, તેવો ભાવ છે.

અહીં આવૃત્તિના જ ક્રમ-યુગમાં પહેલી આવૃત્તિ-શ્રાવણ માસમાં, બીજી-માઘમાસમાં, ત્રીજી-ફરી શ્રાવણ માસમાં, ચોથી-માઘ માસમાં, ફરી પણ પાંચમી-શ્રાવણમાં, છઠ્ઠી માઘ માસમાં, ફરી સાતમી શ્રાવણમાં, આઠમી માઘમાં, નવમી શ્રાવણમાં, દશમી માઘમાં. તેમાં પહેલી આવૃત્તિ કઈ તિથિમાં થાય છે, એ પ્રમાણે જો જિજ્ઞાસા થાય ત્યારે પહેલી આવૃત્તિ સ્થાનમાં એક લેવો. તે સંખ્યા ન્યૂન કરવી. એટલે કંઈપણ પશ્ચાદ્રૂપે પ્રાપ્ત ન થાય. - -

- - પછી પાશ્ચાત્ય યુગ ભાવિની જે દશમી આવૃત્તિ, તે સંખ્યા દશકરૂપ લેવી. તેના વડે ૧૮૩ને ગુણતાં પ્રાપ્ત સંખ્યા-૧૮૩૦, દશક વડે ગુણતાં-૧૮૩, તે દશને ત્રિગુણા કરતાં, થાય-૩૦, તે રૂપ અધિક કરતાં, થશે-૩૧, તેને પૂર્વ રાશિમાં ઉમેરતાં-થશે ૧૮૬૧. તેને ૧૫ ભાગ વડે ભાગ દેવાતાં, પ્રાપ્ત ૧૨૪ અને શેષ રહેશે-એક.

તે રીતે આવેલ ૧૨૪મું પર્વ પાશ્ચાત્ય યુગ અતિક્રાંત થઈ, અભિનવ યુગમાં પ્રવર્તમાન પહેલી આવૃત્તિ પહેલ તિથિમાં પ્રતિપદા અર્થાત્ એકમ થાય છે.

તથા કઈ તિથિમાં બીજી માઘમાસ-ભાવિની આવૃત્તિ થાય. એવી જો જિજ્ઞાસા છે, તો બે લેવા. તે રૂપ ન્યૂન કરવા, તેથી આવેલ એક, તેના વડે ૧૮૩ને ગુણીએ. એક વડે ગુણવાથી તે જ થાય છે. એ રીતે થયેલ ૧૮૩, એક વડે ગુણિત ૧૮૩ છે. એકને ત્રિગુણ કરીએ. તેથી આવે ત્રણ. તે રૂપાધિક કરીએ. તેથી ચાર થાય. તેને પૂર્વરાશિમાં ઉમેરીએ. તેથી પ્રાપ્ત સંખ્યા થશે - ૧૮૭. તેને ૧૫ વડે ભાગ દેતાં, પ્રાપ્ત-૧૨ અને શેષ વધે છે સાત. એ રીતે આવલે યુગમાં બારમું પર્વ અતિક્રાંત થતાં માઘ વદમાં સાતમી તિથિમાં બીજી માઘમાસ ભાવિની મધ્યે પહેલી આવૃત્તિ થાય છે.

તથા ત્રીજી આવૃત્તિ કઈ તિથિમાં થાય છે, એ જિજ્ઞાસામાં ત્રણ સંખ્યા લઈએ.



તે રૂપ ન્યૂન કરવી જોઈએ, એ રીતે થશે-બે. તેના વડે ૧૮૩ વડે ગુણીએ. તેથી આવશે-૩૬૬. કેમકે બે વડે-૧૮૩ ગુણીએ છીએ. પછી બે સંખ્યાને ત્રણગુણી કરાય છે, તેથી આવે-૬. તેને રૂપાધિક કરીએ. તેથી આવશે-૭. તેને પૂર્વરાશિમાં ઉમેરીએ. તેથી આવશે-૩૭૩. તેને ૧૫-ભાગ વડે ભાગ દેતાં પ્રાપ્ત સંખ્યા-૨૪ છે અને શેષ બાકી રહે છે - ૧૩. આવેલ યુગમાં ત્રીજી આવૃત્તિ, શ્રાવણમાસ ભાવિનીની મધ્યે બીજી ચોવીશમી પર્વાત્મક પહેલો સંવત્સર અતિક્રાંત થતાં શ્રાવણ વદમાં ૧૩મી તિથિમાં થાય છે.

એ પ્રમાણે બીજી આવૃત્તિમાં કરણવશથી વિવક્ષિત તિથિ લાવવી. તેમાં આ યુગમાં માઘમાસ ભાવિનીની મધ્યે દ્વિતીયા, શુક્લ પક્ષમાં ચતુર્થીમાં પંચમી શ્રાવણ માસ ભાવિનીની મધ્યે ત્રીજી શુક્લ પક્ષમાં દશમીમાં છટ્ઠી માઘ માસ ભાવિનીની મધ્યે ત્રીજી, માઘમાસ કૃષ્ણ પક્ષમાં એકમમાં સાતમી શ્રાવણમાસ ભાવિની મધ્યે ચોથી, શ્રાવણ માસ કૃષ્ણ પક્ષમાં સાતમામાં આઠમી માઘમાસ ભાવિનીની મધ્યમાં ચોથા માઘમાસ કૃષ્ણપક્ષમાં તેરસમાં નવમી શ્રાવણમાસ ભાવિની મધ્યમાં પંચમી, શ્રાવણ માસમાં શુક્લ પક્ષમાં ચોથે દશમી માઘમાસ ભાવિની મધ્યે પાંચમ માઘમાસ શુક્લ પક્ષમાં દશમી.

તથા આ જ પાંચ શ્રાવણમાસ ભાવિનીમાં પાંચ માઘમાસ ભાવિનીમાં તિથિઓ બીજે પણ કહેલી છે –

પહેલી વદ એકમે, બીજી વદ તેરસમાં દિને, શુક્લની દશમી અને વદની સાતમી, શુક્લ ચોથે પાંચમી આવૃત્તિ પ્રવર્તે છે. આ બધી આવૃત્તિઓ શ્રાવણ માસમાં છે.

વદ સાતમે પહેલી, સુદની ચોથે, વદની એકમે અને વદની તેરસમાં દિવસે, સુદની દશમીએ પાંચમી આવૃત્તિ પ્રવર્તે છે. આ બધી આવૃત્તિઓ માઘમાસમાં જાણવી.

આ સૂર્ય આવૃત્તિમાં અને ચંદ્ર નક્ષત્ર યોગ પરિજ્ઞાનાર્થે આ કરણ છે – [અહીં વૃત્તિકાર મહર્ષિએ સાત કરણ-ગાથા નોંધેલી છે, પછી સાત ગાથાની વ્યાખ્યા વૃત્તિકારશ્રીએ પોતેજ કહેલી છે. તે સાત ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે –]

વ્યાખ્યા – ૫૭૩ પરિપૂર્ણ મુહૂર્ત્તોના થાય છે - $^{૩૬}/_{૬૨}$ ભાગ અને છ ચૂર્ણિકા ભાગ, $^{૧}/_{૬૨}$ ભાગના હોતા $^{૬}/_{૬૭}$ ભાગો. આટલાં વિવક્ષિત કરણમાં ધ્રુવરાશિ છે. આની કઈ રીતે ઉત્પત્તિ છે ? એમ પૂછતાં, કહે છે – અહીં જો દશ સૂર્ય-અયન વડે - ૬૭ ચંદ્ર નક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય છે. તો એક સૂર્ય અયન વડે શું પ્રાપ્ત થાય છે. અહીં રાશિ ત્રણની સ્થાપના - ૧૦|૬૭|૧.

અહીં અંત્ય રાશિ વડે એકથી મધ્યની રાશિના-૬૭-સંખ્યાના ગુણનને એક વડે ગુણિતથી તે જ સંખ્યા આવશે. ૬૭ x ૧ = ૬૭. તેના દશ વડે ભાગ દેવાતા પ્રાપ્ત છ પર્યાયો અને એક પર્યાયના $^{૭}/_{૧૦}$ ભાગો, તદ્ગત મુહૂર્ત્ત પરિમાણને આશ્રીને ગાથામાં મૂકેલ છે, એ કઈ રીતે જાણવું કે આટલા મુહૂર્ત્તો તેમાં છે ?

આ પ્રશ્નનો ઉત્તર ત્રૈરાશિક કર્માવતાર બળથી કહે છે – જો ૧૦ ભાગ વડે,

૨૭-દિવસો અને એક દિવસના $^{21}/_{67}$ ભગો પ્રાપ્ત થાય, તો ૭-ભાગ વડે કેટલા પ્રાપ્ત થાય ?

ત્રણ રાશિની સ્થાપના — ૧૦/૨૭ $^{21}/_{67}$/૭. અહીં અંત્ય રાશિ વડે સાત સંખ્યાથી મધ્યની રાશિ ૨૭-દિવસને ગુણીએ, તેથી આવશે-૧૮૯, તેના આદ્ય રાશિ વડે દશક લક્ષણ વડે ભાગથી ભાગ દેતા આવશે ૧૮ દિવસો, તેના મુહૂર્ત્ત લાવવાને માટે ૩૦ વડે ગુણીએ. તેથી આવશે-૫૪૦ મુહૂર્ત્તો. બાકી ઉપર શેષ રહેશે-૯. તે નવના મુહૂર્ત કરવાને માટે ૩૦-વડે ગુણીએ, તેથી આવશે-૨૭૦. તેને ૧૦ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત-૨૭ મુહૂર્ત્તો. તેને પૂર્વની મુહૂર્ત્તરાશિમાં ઉમેરીએ. તેનાથી આવશે-૫૬૭. અને જે પણ દિવસના $^{21}/_{67}$ ભાગ છે, તે પણ મુહૂર્ત્ત ભાગ કરણાર્થે ૩૦-વડે ગુણીએ. તેથી આવશે-૬૩૦. તેને સાત વડે ગુણીએ. તેનાથી પ્રાપ્ત સંખ્યા આવશે-૪૪૧૦. તેને ૧૦ વડે ભાગ દેવાતા પ્રાપ્ત સંખ્યા આવશે-૪૪૧. તેના ૬૭ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત સખ્યા આવશે-૬ મુહૂર્ત્તો, તેને પૂર્વ મુહૂર્ત્ત રાશિમાં ઉમેરીએ. તેનાથી સર્વ સંખ્યા વડે મુહૂર્ત્તોના-૫૭૩. શેષ વધે છે - ૩૯. તે સંખ્યાને ૬૨-વડે ગુણીએ. તેથી આવશે-૨૪૧૮. તેને ૬૭ વડે ભાગ દેવાતા, પ્રાપ્ત થશે $^{36}/_{67}$ ભાગ, પછી શેષ રહે છે - ૬, તે અને એકના બાસઠ ભાગના હોતા ૬૭ ભાગ, આ અતિશ્લક્ષણરૂપ ભાગો, એ પ્રમાણે ચૂર્ણિકા ભાગનો વ્યપદેશ કરાય છે. એમ ધ્રુવરાશિ કહી.

હવે કરણ કહે છે — જે જે આવૃત્તિમાં નક્ષત્રયોગ જાણવા ઈચ્છે છે, તે-તે આવૃત્તિ વડે એકરૂપહીનથી ગુણતાં અનંતરોક્ત સ્વરૂપ થાય છે. જેટલા આ મુહૂર્ત્ત પરિમાણ છે, તેથી આગળ હું શોધનકને કહું છું, અહીં પહેલાં અભિજિત નક્ષત્રનું શોધનક કહે છે —

અભિજિત નક્ષત્રનું શોધનક- નવ મુહૂર્ત અને એક મુહૂર્ત્તના $^{24}/_{62}$ ભાગ, તેમાંના $^{1}/_{62}$ ભાગના ૬૭ છેદ કરતાં પરિપૂર્ણ ૬૬ ભાગ, એની ઉત્પત્તિ કઈ રીતે ? તે કહે છે —

આ અભિજિત્ અહોરાત્રના $^{21}/_{67}$ ભાગ ચંદ્ર વડે યોગ થાય, પછી અહોરાત્રના ૩૦-મુહૂર્ત્તો. એમ મુહૂર્ત્ત કરવાને માટે તે ૨૧ને ૩૦ વડે ગુણીએ, તેથી આવશે-૬૩૦, તેને ૬૭ વડે ભાગ દેતા, પ્રાપ્ત થશે નવ મુહૂર્ત્તો. બાકી રહેશે-૨૭. તેને ૬૨-ભાગ કરવાને માટે ૬૨ વડે ગુણીએ, તેથી પ્રાપ્ત સંખ્યા થશે-૧૬૭૪. તેને ૬૭ ભાગ વડે ભાગ દેતાં, પ્રાપ્ત થશે-$^{24}/_{67}$ ભાગ અને શેષ રહેશે ૬૬. તે - $^{1}/_{62}$ ભાગના ૬૭ ભાગ.

હવે બાકીના નક્ષત્રોના શોધનક કહે છે — [આ વિષયક ત્રણ ગાથા છે-] ૧૫૯ ઉત્તરાભાદ્રપદા, શું કહે છે ? ૧૫૯ વડે અભિજિત્થી લઈને ઉત્તરાભાદ્રપદ સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે. તેથી કહે છે — અભિજિત નક્ષત્રના ૯ મુહૂર્ત્તો, શ્રવણના-૩૦, ધનિષ્ઠાના-૩૦, શતભિષાના-૧૫, પૂર્વાભાદ્રપદાના-૩૦, ઉત્તરાભાદ્રપદાના-૧૫. એ પ્રમાણે ૧૫૯-વડે ઉત્તરાભાદ્રપદ સુધીના શુદ્ધ થાય છે.



તથા ૩૦૯માં રોહિણી સુધીના શુદ્ધ થાય છે. તેથી કહે છે — ૧૫૯ વડે ઉત્તરાભાદ્રપદા સુધીના શુદ્ધ થાય છે. પછી ૩૦-મુહૂર્ત્ત વડે રેવતી નક્ષત્ર, ૩૦ વડે અશ્વિની, ૧૫ વડે ભરમઈ, ૩૦ વડે કૃત્તિકા, ૪૫ વડે રોહિણી નક્ષત્ર શુદ્ધ થાય.

તથા ૩૯૯ મુહૂર્ત્ત વડે પુનર્વસુ નક્ષત્ર સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે. તેમાં ૩૦૯ વડે રોહિણી સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે. પછી ૩૦-મુહૂર્ત્ત વડે મૃગશિર, ૧૫ વડે આર્દ્રા, ૪૫-મુહૂર્ત્તો વડે પુનર્વસુ નક્ષત્ર શુદ્ધ થાય છે. [તેમ જાણવું]

તથા ૫૪૯ મુહૂર્ત્તો વડે ઉત્તરા ફાલ્ગુની સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે, અર્થાત્ શું કહે છે ? ૫૪૯ મુહૂર્ત્તો વડે ઉત્તરાફાલ્ગુની પર્યન્તના નક્ષત્રો શુદ્ધ થાય છે, તે આ રીતે - ૩૯૯ મુહૂર્ત્તોથી પુનર્વસુ સુધીના નક્ષત્રો શુદ્ધ થાય. પછી ૩૦ મુહૂર્ત્તો વડે પુષ્ય, ૧૫ વડે આશ્લેષા, ૩૦-વડે મઘા, ૩૦-વડે પૂર્વાફાલ્ગુની, ૪૫ મુહૂર્ત્તો વડે ઉત્તરાફાલ્ગુની નક્ષત્રો શુદ્ધ થાય છે.

તથા ૬૬૯ મુહૂર્ત્તો વડે વિશાખા સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે. તે આ રીતે - ઉત્તરાફાલ્ગુની સુધીના ૫૪૯ શોધ્યા. પછી ૩૦ વડે હસ્ત, ૩૦ વડે ચિત્રા, ૧૫ વડે સ્વાતિ, ૪૫ વડે વિશાખા શુદ્ધ થાય.

તથા મૂલનક્ષત્રમાં ૭૪૪ શુદ્ધ થાય, તેમાં ૬૬૯ મુહૂર્ત્તો સુધી વિશાખા સુધીના નક્ષત્રો શોધિત થયા. પછી ૩૦-મુહૂર્ત્તોથી અનુરાધા, ૧૫ મુહૂર્ત્તો વડે જ્યેષ્ઠા, ૩૦ મુહૂર્ત્ત વડે મૂળ નક્ષત્ર શુદ્ધ થાય છે. તથા ૮૨૧ મુહૂર્ત્તો સમાહત થયા.

અહીં શું કહે છે ? ૮૨૧ મુહૂર્ત્તો વડે ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રોને શોધવા. તે આ રીતે - મૂલનક્ષત્ર સુધીના નક્ષત્રો શોધતાં ૭૪૪-મુહૂર્ત્તો શુદ્ધ થયા. તેમાં ૩૦ મુહૂર્ત્તો વડે પૂર્વાષાઢા નક્ષત્રની શુદ્ધિ, ૪૫-વડે ઉત્તરાષાઢાની શુદ્ધિ થઈ.

તથા બધાં જ આ શોધનકોની ઉપર અભિજિત્ સંબંધી $^{24}/_{62}$ ભાગો શોધવા. $^{1}/_{62}$ ભાગના ૬૬ ચૂર્ણિકા ભાગો.

આટલાં અનંતરોક્ત શોધનકો યથાસંભવ શોધીને જે શેષ ઉદ્ધરે છે, તેમાં યથાયોગ અપાંતરાલવર્તિ નક્ષત્રોમાં શોધિત કરવામાં જે નક્ષત્ર શુદ્ધ ન થાય, તે નક્ષત્ર ચંદ્ર વડે સમાયુક્ત વિવક્ષિત આયામ આવૃત્તિમાં જાણવું.

તેમાં પહેલી આવૃત્તિમાં પહેલાથી પ્રવર્તમાન કયા નક્ષત્ર વડે યુક્ત ચંદ્ર વિશે જો જિજ્ઞાસા હોય તો - પછી પ્રથમા વૃત્તિ સ્થાને એક લેવા, તે રૂપોન કરાય છે, એ પ્રમાણે પાછળ કંઈ જ રહેતું નથી.

તેથી પાશ્ચાત્ય યુગ ભાવિની આવૃત્તિ મધ્યે જે દશમી આવૃત્તિ છે, તે સંખ્યા દશકરૂપે લેવી. તેના વડે પ્રાચીન સમસ્ત પણ ધ્રુવરાશિ-૫૭૩ મુહૂર્ત્તોમાં એક મુહૂર્ત્તના $^{36}/_{62}$ ભાગ, તેમાંના $^{1}/_{62}$ ભાગના $^{6}/_{67}$ ભાગો - ૫૭૩/૩૬/$^{6}/_{67}$. એ રીતે આ પ્રકારના પ્રમાણમાં ૧૦ વડે ગુણીએ. તેમાં મુહૂર્ત રાશિમાં ૧૦ વડે ગુણતાં, પ્રાપ્ત સંખ્યા આવે છે - ૫૭૩૦. જે પણ $^{36}/_{62}$ ભાગો છે, તે પણ ૧૦ વડે ગુણતાં પ્રાપ્ત સંખ્યા આવશે - ૩૬૦. તેમાં ૬૨-વડે ભાગ દેતાં, પ્રાપ્ત-પાંચ મુહૂર્ત્તોને પૂર્વરાશિમાં

ઉમેરીએ. તેથી પૂર્વરાશિ થશે - ૫૭૩૫. પછી શેષ બાકી રહેશે $^{૫૦}/_{૬૨}$ ભાગ. જે પણ છ ચૂર્ણિકા ભાગો છે, તે પણ દશ વડે ગુણીએ, તેથી આવશે-૬૦, પછી આના વડે શોધનકોને શોધવા જોઈએ.

તેમાં ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રોના શોધનક-૮૧૯. તે યથોક્ત રાશિમાં સાતગણા કરીને શુદ્ધિને પામે છે, તેથી સાત વડે ગુણીએ. તેથી પ્રાપ્ત સંખ્યા થશે - ૫૭૩૩. તે ૫૭૩૫ સંખ્યામાંથી બાદ કરીએ. તેથી પછી રહેશે બે મુહૂર્ત તે બે મુહૂર્ત્તના ૬૨ ભાગ કરણને માટે ૬૨-વડે ગુણીએ. તેથી આવશે-૧૨૪. તે પૂર્વોક્ત $^{૫૦}/_{૬૨}$ ભાગ રાશિમાં ઉમેરીએ. તેથી આવશે $^{૧૭૪}/_{૬૨}$ ભાગો.

તથા જે અભિજિત્ સંબંધી $^{૨૪}/_{૬૨}$ ભાગો શોધિત કર્યા, તે સાત વડે ગુણીએ, તેથી આવશે - ૧૬૮. તે ૧૭૪ વડે શોધિત કરાતા શેષ બાકી રહે છે - $^{૬}/_{૬૨}$ ભાગ. તે ચૂર્ણિકા ભાગ કરણને માટે ૬૭ વડે ગુણીએ, ગુણીને જે પૂર્વોક્ત $^{૬૦}/_{૬૭}$ ભાગો, તેમાં ઉમેરીએ. તેથી આવે ૪૬૨. પછી જે અભિજિત્ સંબંધી ૬૬-ચૂર્ણિકા ભાગો શોધિ કર્યા. તે પણ સાત વડે ગુણવા. તેથી આવશે-૪૬૨. તેને અનંતરોક્ત રાશિથી શોધિત કરતાં પછી રહેશે શૂન્ય.

તેથી આવેલ સાકલ્યથી ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્ર વડે ભોગવાતા ત્યારપછી અભિજિત નક્ષત્રના પહેલાં સમયમાં યુગમાં પહેલી આવૃત્તિ પ્રવર્તે છે. આ જ પ્રશ્ન-ઉત્તરની રીતિથી પ્રતિપાદિત કરે છે – ''एएसि णं इत्यादि.''

આ અનંતરોદિત ચંદ્રાદિના પાંચ સંવત્સરોમાં પહેલી વાર્ષિકી-વર્ષાકાળ સંબંધી અર્થાત્ શ્રાવણ માસ ભાવિની. આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે જોડે છે ? કયા નક્ષત્ર સાથે યોગ પામીને પ્રવર્તે છે ? એમ ગૌતમે પૂછતાં, ભગવંતે કહ્યું –

અભિજિત્ નક્ષત્ર વડે જોડે છે, આજ વાતને વિશેષથી કહે છે - અભિજિત્ નક્ષત્રના પ્રથમ સમયે જોડે છે. તે જ ચંદ્ર નક્ષત્રને જાણીને પછી સૂર્ય નક્ષત્રના વિષયમાં પ્રશ્ન કરે છે –

તે સમયમાં, સૂર્ય કયા નક્ષત્રથી જોડે છે ? - કયા નક્ષત્ર સાથે યોગને પામીને તે પહેલી આવૃત્તિમાં પ્રવર્તે છે ? ભગવંતે કહ્યું – તે પુષ્ય નક્ષત્ર વડે યુક્ત થઈ પહેલી આવૃત્તિમાં યોગ કરે છે. આ જ સવિશેષ કહે છે –

ત્યારે પુષ્યના-૧૯ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના $^{૪૩}/_{૬૨}$ ભાગો, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગને ૬૭ વડે છેદીને, તેના હોતા ૩૩-ચૂર્ણિકા ભાગો બાકી રહેશે. આ કઈ રીતે જાણવું, એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે – ત્રૈરાશિકના બળથી. તે આ રીતે -જો-૧૦ અયન વડે પાંચ સૂર્યકૃત્ નક્ષત્રપર્યાયો પ્રાપ્ત થાય, તો એક અયન વડે શું પ્રાપ્ત થાય ?

રાશિત્રય સ્થાપના - ૧૦/૫/૧. અહીં અંત્ય રાશિ વડે એક સંખ્યાથી મધ્યની રાશિને પંચક રૂપનું ગુણન કરતાં પાંચ જ આવશે. તેને ૧૦ વડે ભાંગતા, અર્દ્ધ પર્યાય પ્રાપ્ત થશે. તેમાં નક્ષત્ર પર્યાય ૬૭ ભાગરૂપ ૧૮૩૦. તે આ રીતે –



છ નક્ષત્રો શતભિષક્ આદિ અર્દ્ધનક્ષત્રવાળા છે. તેથી તેના પ્રત્યેકના સાર્દ્ધ $^{૩૩}/_{૬૭}$ ભાગો. તે સાર્દ્ધ ૩૩ને છ વડે ગુણીએ. તેથી આવશે-૨૦૧. છ નક્ષત્રો ઉત્તરાભાદ્રપદાદિ દ્વ્યર્દ્ધક્ષેત્ર છે, તેથી તેના પ્રત્યેકના $^{૧૦૦}/_{૬૭}$ ભાગોમાં $^{૧}/_{૬૭}$ ભાગના અડધાં, એ છ વડે ગુણીએ, તેથી આવશે-૬૦૩, બાકીના-૧૫ નક્ષત્રો સમક્ષેત્ર છે. તેના પ્રત્યેકના ૬૭-ભાગો, તે ૬૭ને ૧૫ વડે ગુણીએ, તેથી આવશે-૧૦૦૫, ૨૧-અભિજિતના ૬૭ ભાગો. સર્વ સંખ્યાથી ૬૭ ભાગોના ૧૮૩૦. આ પરિપૂર્ણ ૬૭ ભાગાત્મક નક્ષત્રપર્યાય છે.

ઉક્ત સંખ્યાના અડધાં કરતાં-૯૧૫ થાય. તેમાંથી-૨૧ અભિજિત્ સંબંધી શુદ્ધ થયા, બાકી રહે છે - ૮૯૪. તેમાં ૬૭ ભાગથી ભાગો આપતાં, પ્રાપ્ત થશે-૧૩, શેષ વધે છે - ૨૩. તથા ૨૩-વડે પુનર્વસુ સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે અને જે બાકીના રહે છે તે ૨૩-ભાગો. તેના મુહૂર્ત કરવાને માટે ૩૦ વડે ગુણીએ. તેથી આવશે-૬૯૦. તેના ૬૭-ભાગ વડે ભાગ દેતાં, પ્રાપ્ત થશે-૧૦ મુહૂર્ત્તો. - -

- - શેષ રહે છે - ૨૦, તે ૬૨ ભાગ કરવાને માટે ૬૨-વડે ગુણીએ, ત્યારે આવશે-૧૨૪૦. તેને ૬૭ વડે ભાગ દેતાં, પ્રાપ્ત થશે-$^{૧૮}/_{૬૨}$ ભાગ. શેષ વધે છે - $^{૩૪}/_{૬૨}$ ભાગના ૬૭ ભાગ.

તે રીતે આવેલ પુષ્યના દશ મુહૂર્ત્તોમાં, એક મુહૂર્ત્તના $^{૧૮}/_{૬૨}$ ભાગોમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૩૪}/_{૬૭}$ ભાગ જતાં ૧૯ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના $^{૪૩}/_{૬૨}$ ભાગોમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૩}/_{૬૭}$ ભાગો બાકી રહેતાં પહેલી શ્રાવણમાસ-ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે.

હવે બીજી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિ વિષયક પ્રશ્નસૂત્ર કહે છે - x - આ અનંતરોક્ત ચંદ્રાદિ પાંચ સંવત્સરોની મધ્યે બીજી વાર્ષિકી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિને ચંદ્ર કયા નક્ષત્ર વડે જોડે છે - કયા નક્ષત્ર વડે યુક્ત થઈ ચંદ્ર બીજી આવૃત્તિને આરંભે છે ? એમ પ્રશ્ન કરાતા ભગવંતે કહ્યું –

તે સંસ્થાન-મૃગશિર વડે. - x - સંસ્થાન શબ્દ વડે મૃગશિર નક્ષત્ર જાણવું. તે પ્રમાણે પ્રવચનમાં પ્રસિદ્ધ છે. તેથી મૃગશિર નક્ષત્ર વડે યુક્ત ચંદ્રમાં બીજી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે. ત્યારે આ મૃગશિર નક્ષત્રના ૧૧-મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના $^{૩૯}/_{૬૨}$ ભાગમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૫૩}/_{૬૭}$ ભાગ બાકી રહે છે.

તે આ રીતે – આ જે બીજી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિ, તે પૂર્વે પ્રદર્શિત કર્મ અપેક્ષાથી ત્રીજી, તેથી તે સ્થાનમાં ત્રણ લેવા. તે રૂપન્યૂન કરવા, તેથી આવેલ બે સંખ્યાને પૂર્વોક્ત ધ્રુવરાશિ - ૫૭૩ મુહૂર્ત્તોમાંના એક મુહૂર્ત્તના $^{૩૬}/_{૬૨}$ ભાગો, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬}/_{૬૭}$ ભાગ અર્થાત્ ૫૭૩/$^{૩૬}/_{૬૨}$/$^{૬}/_{૬૭}$.

એ ઉક્ત પ્રમાણ ગુણીએ. તેથી આવશે-૧૧૪૬ મુહૂર્ત્તો. ૭૨ના એક મુહૂર્ત્તના ૬૨ ભાગો. $^{૧}/_{૬૨}$ ભાગના $^{૧૨}/_{૬૭}$ ભાગ. પછી આ મુહૂર્ત્તોના ૮૧૯ના એક મુહૂર્ત્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ વડે એક પરિપૂર્ણ નક્ષત્ર

પર્યાય શુદ્ધ થાય છે પછી રહેલા મુહૂર્તોના ૩૨૭માંના એક મુહૂર્તના નક્ષત્રપર્યાય શુદ્ધ થાય છે પછી રહેલા મુહૂર્તોના ૩૨૭માંના એક મુહૂર્તના $^{૪૭}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૧૩}/_{૬૭}$ ભાગ. પછી એમાંથી ૩૦૯ મુહૂર્તના એક મુહૂર્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ વડે $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ વડે અભિજિત્‌થી રોહિણી પર્યન્તના નક્ષત્રો શુદ્ધ તયા.

પછી રહેલ ૧૮ મુહૂર્તોના એક મુહૂર્તના $^{૨૨}/_{૬૨}$ ભાગો, એકના ૬૨ ભાગના $^{૧૪}/_{૬૭}$ ભાગો અર્થાત્ ૧૮/$^{૨૨}/_{૬૨}$/$^{૧૪}/_{૬૭}$ આટલા વડે મૃગશિર શુદ્ધ ન થાય. તેથી આવેલ મૃગશિર નક્ષત્ર ૧૧-મુહૂર્તોમાં એક મુહૂર્તના $^{૩૯}/_{૬૨}$ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૫૩}/_{૬૭}$ ભાગ બાકી રહેતા બીજી શ્રાવણ માસ-ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે.

હવે સૂર્યનક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્ર-નિર્વચનસૂત્ર કહે છે — તે સમયે સૂર્ય કયા નક્ષત્ર સાથે યોગ કરીને, તે બીજી વાર્ષિકી આવૃત્તિ જોડે છે ? ભગવંતે કહ્યું - x - પુષ્ય વડે યુક્ત છે. - x - પુષ્યના ૧૯ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૪૩}/_{૬૨}$ ભાગના ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૩૩-ચૂર્ણિકા ભાગો બાકી રહેતા. આ સૂર્યના દશ અયન વડે પાંચ સૂર્યનક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય છે. બે અયન વડે એક.

તેમાં ઉત્તરાયણ કરતાં બધાં જ અભિજિત્ નક્ષત્ર સાથે યોગ કરે છે. દક્ષિણાયન કરતાં પુષ્ય સાથે કરે છે. તે પુષ્યના ૧૯ મુહૂર્તોમાં એક મુહૂર્તના $^{૪૩}/_{૬૨}$ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૩૩}/_{૬૭}$ ભાગો બાકી રહેતા. તથા કહ્યું છે કે — સૂર્ય પુષ્ય યોગથી ઉપગતથી અભ્યંતર લઈ જાય છે, બધી આવૃત્તિઓને શ્રાવણ માસમાં કરે છે. તેથી પુષ્ય સાથે ઈત્યાદિ કહેલ છે.

હવે ત્રીજી શ્રાવણમાસ ભાવિ આવૃત્તિ વિષયક પ્રશ્નસૂત્ર કહે છે — તે સુગમ છે. ભગવંત કહે છે — તે વિશાખાનક્ષત્ર સાથે જોડાઈ ચંદ્ર ત્રીજી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિને પ્રવર્તાવે છે.

ત્યારે ત્રીજી આવૃત્તિ પ્રવર્તન સમયે વિશાખા નક્ષત્રના ૧૩-મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૫૪}/_{૬૨}$ ભાગમાં એકના ૬૨ ભાગને ૬૭ વડે છેદીને તેના હોતાં ૪૪-ચૂર્ણિકા ભાગ બાકી રહે છે.

તે આ રીતે - ત્રીજી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિ પૂર્વ-પ્રદર્શિત ક્રમની અપેક્ષાથી પાંચમી, તેથી તે સ્થાને પાંચ લેવા. તે રૂપન્યૂન કરવા. તેથી આવશે-ચાર, તેના વડે પૂર્વોક્ત ધ્રુવરાશિ ૫૭૩/$^{૩૩}/_{૬૨}$/$^{૬}/_{૬૭}$/ ગુણીએ. તેથી આવશે ૨૨૯૨ મુહૂર્તોના ૪૪ મુહૂર્તગત ૬૨ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૪}/_{૬૭}$ ભાગ - ૨૨૯૨/૧૪૪ $^{૨૪}/_{૬૭}$.

પછી આમાંથી ૧૬૩૮ મુહૂર્ત અને $^{૪૮}/_{૬૨}$ મુહૂર્ત વડે ૬૨ ભાગ ગતના ૬૭ ભાગોના ૩૨૦૦ વડે બે પરિપૂર્ણ નક્ષત્ર પર્યાયો શુદ્ધ થાય છે. પછી રહે છે - ૬૫૪ મુહૂર્ત અને મુહૂર્તગતના ૬૨ ભાગોના ૯૪ના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૬}/_{૬૭}$ ભાગ - ૬૫૪/૯૪/૨૬.

પછી આમાંથી ૫૪૯ મુહૂર્તોમાંના એક મુહૂર્તના $^{૨૪}/_{૬૨}$ ભાગમાંના $^{૧}/_{૬૨}$



ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગો વડે અભિજિતાદિથી ઉત્તર ફાલ્ગુની સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે.

પછી રહે છે - ૧૦૫ મુહૂર્ત અને મુહૂર્તગતના ૬૨ ભાગોના ૬૯માંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૭}/_{૬૭}$ ભાગો. તેમાં ૬૨ વડે ૬૨ ભાગોથી એક મુહૂર્ત પ્રાપ્ત થાય છે, પછી રહે છે - $^{૭}/_{૬૨}$ ભાગ. પ્રાપ્ત મુહૂર્ત મુહૂર્ત રાશિમાં ઉમેરીએ. તેથી આવશે ૧૦૬ મુહૂર્ત.

પછી ૭૫ મુહૂર્તો વડે હસ્તથી સ્વાતિ સુધીના ત્રણ નક્ષત્રો શુદ્ધ થાય છે. પછી બાકી રહે છે - ૩૧ મુહૂર્તો, આવેલ વિશાખાનક્ષત્રના ૧૩ મુહૂર્તોમાં એક મુહૂર્તના $^{૫૪}/_{૬૨}$ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૪૪}/_{૬૭}$ ભાગો બાકી રહેતા ચંદ્ર ત્રીજી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે.

હવે સૂર્ય નક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્ર અને નિર્વચન સૂત્ર કહે છે — પ્રશ્ન અને ઉત્તર સૂત્ર બંને સુગમ છે.

હવે ચોથી આવૃત્તિના વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે, તે સુગમ છે. ભગવંતે કહ્યું — રેવતી વડે યુક્ત ચંદ્ર ચોથી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિને પ્રવર્તાવે છે. ત્યારે રેવતીનક્ષત્રના ૨૫-મુહૂર્તો $^{૩૨}/_{૬૨}$ ભાગ મુહૂર્તના $^{૧}/_{૬૨}$ ભાગને ૬૭ વડે છેદીને, તેના ૨૬-ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે. તે આ રીતે —

પૂર્વે કહેલ ક્રમની અપેક્ષાથી શ્રાવણમાસ ભાવિની ચોથી આવૃત્તિ સપ્તમી છે. તેથી ૭ લઈએ. તે રૂપ ન્યૂન કરીએ. તેથી આવે છ. તેના વડે પૂર્વોક્ત ધ્રુવરાશિ - ૫૭૩/૩૬/૬. તેની સાથે ગુણીએ તેથી આવશે - ૩૪૩૮ મુહૂર્તોના, મુહૂર્તગતના ૬૨ ભાગોના ૨૧૬. તેમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૩૬}/_{૬૭}$ ભાગો.

પછી આમાંથી ૩૨૬૭ મુહૂર્તોના અને મુહૂર્તગતના ૬૨-ભાગોના $^{૯૬}/_{૬૨}$ ભાગના હોતા ૬૭ ભાગોના ૨૬૪ સહિતથી ચાર નક્ષત્ર પર્યાયો શુદ્ધ થાય. પછી રહેશે ૧૬૨ મુહૂર્ત અને મુહૂર્તગતના ૬૨ ભાગના ૧૧૬ અને $^{૧}/_{૬૨}$ ભાગના $^{૪૪}/_{૬૭}$ ભાગો.૧૬૨/૧૧૬/૪૦.

પછી ૧૫૯ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૨૪}/_{૬૨}$ ભાગો વડે $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગો વડે - ૧૫૯/૨૪/૬૬ અભિજિત્‌થી ઉત્તર ભાદ્રપદા સુધીના નક્ષત્રો ફરી શુદ્ધ થાય છે.

પછી રહેશે - ત્રણ મુહૂર્ત અને મુહૂર્તગત $^{૯૧}/_{૬૨}$ ભાગ, તેમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૪૧}/_{૬૭}$ ભાગ. ૬૨ વડે ૬૨ ભાગથી એક મુહૂર્ત પ્રાપ્ત થાય. તે મુહૂર્ત રાશિમાં ઉમેરીએ. ચાર મુહૂર્ત થાય. એક મુહૂર્તના $^{૨૯}/_{૬૨}$ ભાગ. તેમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૪૧}/_{૬૭}$ ભાગો. ૪/૨૯/૪૧.

તેથી આવેલ રેવતી નક્ષત્ર-૨૫ મુહૂર્તોમાં અને એક મુહૂર્તના $^{૩૨}/_{૬૨}$ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૬}/_{૬૭}$ ભાગો બાકી રહેતાં ચોથી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે.

તે સમયે સૂર્યનક્ષત્ર વિષય પ્રશ્ન-નિર્વચન બંને સૂત્રોને પૂર્વવત્ ભાવના કરી લેવી.

હવે પાંચમી શ્રાવણમાસ ભાવિ આવૃત્તિ વિષયક પ્રશ્નસૂત્ર કહે છે — તે સુગમ છે. ભગવાન્ કહે છે — તે પૂર્વાફાલ્ગુની વડે યુક્ત ચંદ્ર પાંચમી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે. ત્યારે તે પૂર્વાફાલ્ગુની નક્ષત્રના બાર મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૪૭/૬૨ ભાગો, તેમાંના ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને, તેના હોતાં ૧૩-ચૂર્ણિકા ભાગો બાકી રહે છે.

તે આ રીતે — પાંચમી શ્રાવણમાસ ભાવિની આવૃત્તિ પૂર્વે દર્શાવેલ ક્રમની અપેક્ષાથી નવમી, તેથી તે સ્થાને નવ સંખ્યા લેવી. તેને રૂપ ન્યૂન કરવા જોઈએ. તેથી આવશે આઠ. તેના વડે પૂર્વોક્ત ધ્રુવરાશિ - ૫૭૩/૩૬/૬૨/૬/૬૭ ગુણવા જોઈએ. તેથી આવશે - ૪૫૮૪ મુહૂર્ત્તો અને મુહૂર્ત્તગત - ૨૮૮/૬૨ ભાગો, તેમાંના ૧/૬૨ ભાગના ૪૮/૬૭ ભાગો તેથી - ૪૫૮૪|૨૮૮|૪૮.

પછી આમાંથી ૪૪૯૫ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૧૨૦/૬૨ ભાગોના ૧/૬૨ ભાગના હોતાં ૬૭-ભાગોના ૩૩૦ વડે પાંચ નક્ષત્ર - પર્યાયો શોધિત થાય. ત્યારપછી રહેશે - ૪૮૯ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૧૬૩/૬૨ ભાગો, તેમાંના ૧/૬૨ ભાગના ૫૩/૬૭ ભાગ.

પછી એમાંથી ફરી ૩૯૦ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૨૪/૬૨ ભાગોથી અને તેમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગ વડે અભિજિત્‌થી પુનર્વસુ સુધીના નક્ષત્રો શોધિત થાય છે.

પછી રહેશે - ૯૦ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૧૩૮/૬૨ ભાગ, તેમાંના ૧/૬૨ ભાગના ૫૪/૬૭ ભાગો - ૯૦/૧૩૮/૫૪. તેમાં ૧૨૪/૬૨ ભાગ વડે બે મુહૂર્ત્તો પ્રાપ્ત થયા. પછી રહ્યા ૧૪/૬૨ ભાગ. લબ્ધ મુહૂર્ત્તને મુહૂર્ત્તરાશિમાં ઉમેરીએ, તેથી મુહૂર્ત્ત આવશે - ૯૨/૧૨/૫૪ તેમાં ૭૫-મુહૂર્ત્તો વડે પુષ્યથી મઘા સુધીના ત્રણ નક્ષત્રો શોધિત થાય છે. પછી રહે છે - ૧૭/૧૪/૫૪ મુહૂર્ત્તો.

પરંતુ ઉક્ત મુહૂર્ત્ત વડે પૂર્વાફાલ્ગુની શોધિત થતું નથી. તેથી આવેલ પૂર્વા ફાલ્ગુની નક્ષત્રના બાર મુહૂર્ત્તોમાં અને એક મુહૂર્ત્તના ૪૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૧૩/૬૭ ભાગો બાકી રહેતા, પાંચમી શ્રાવણ માસ ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે.

સૂર્ય નક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્ર અને ઉત્તરસૂત્ર બંને પૂર્વવત્ ભાવના કરવી જોઈએ.

તે રીતે ચંદ્રનક્ષત્રયોગ વિષયમાં અને સૂર્યનક્ષત્રયોગ વિષયમાં પાંચે પણ વર્ષાકાલિકી આવૃત્તિ પ્રતિપાદિત કરીને હવે હેમંતકાલિકી આવૃત્તિ પ્રતિપાદિત કરવાને માટે તદ્‌ગત પહેલી આવૃત્તિ વિષયક પ્રશ્નસૂત્રને કહે છે —

● **સૂત્ર-૧૦૫ :-**

***તે આ પાંચ સંવત્સરોમાં પહેલી હૈમંતકાલિકી આવૃત્તિ ચંદ્ર ક્યા નક્ષત્ર વડે યોગ કરે છે ? હસ્ત વડે. હસ્તના પાંચ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૫૦/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૬૦ ચૂર્ણિકા ભાગો બાકી રહેતા, [યોગ કરે છે.]***

***તે સમયે સૂર્ય ક્યા નક્ષત્રથી યોગ કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે.***

***તે આ પાંચ સંવત્સરોમાં બીજી હૈમંતિકી આવૃત્તિનો ચંદ્ર ક્યા નક્ષત્ર વડે યોગ કરે છે ? શતભિષા વડે. શતભિષજા બે મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૨૮/૬૨ ભાગ અને ૬૨ ભાગને ૬૭ વડે છેદીને ૪૬-ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે.***

***તે સમયે સૂર્ય ક્યા નક્ષત્રથી યોગ કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે કરે.***

***તે પાંચ સંવત્સરોમાં ત્રીજી હૈમંતિકી આવૃત્તિને ચંદ્ર ક્યા નક્ષત્ર વડે યોગ કરે છે ? પુષ્ય વડે. પુષ્યના ૧૯ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૪૩/૬૨ ભાગો અને તે ૬૨ ભાગના ૬૭ ભાગ છેદીને-૩૩ ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે.***

***તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? તે ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે.***

***તે આ પાંચ સંવત્સરોમાં ચોથી હૈમંતિકી આવૃત્તિને ચંદ્ર ક્યા નક્ષત્ર વડે યોગ કરે છે ? મૂલ વડે. મૂળના છ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૫૮/૬૨ ભાગો અને ૬૨-ભાગને ૬૭ વડે છેદતા ૨૦ ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે છે.***

***તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર વડે યોગ કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે.***

***આ પાંચ સંવત્સરોમાં પાંચમી હૈમંતિકી આવૃત્તિને ચંદ્ર ક્યા નક્ષત્રથી યોગ કરે છે ? કૃતિકા વડે. કૃતિકાના ૧૮-મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૩૬/૬૨ ભાગો અને ૬૨ ભાગને ૬૭ વડે છેદતાં છ ચૂર્ણિકા ભાગો બાકી રહેતા યોગ કરે છે.***

***તે સમયે સૂર્ય ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ઉત્તરાષાઢા વડે. ઉત્તરાષાઢાના છેલ્લા સમયે.***

● **વિવેચન-૧૦૫ :-**

- x - આ અનંતરોક્ત ચંદ્રાદિના પાંચ સંવત્સરોમાં પહેલી હૈમંતિકી આવૃત્તિને ચંદ્ર ક્યા નક્ષત્ર સાથે યોગ કરે છે ? ક્યા નક્ષત્ર સાથે યોગ પામીને પ્રવર્તે છે.

ભગવંતે કહ્યું - x - હસ્તનક્ષત્ર વડે યુક્ત ચંદ્ર પ્રવર્તે છે, ત્યારે હસ્તનક્ષત્રના પાંચ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના ૫૦/૬૨ ભાગો અને તેમાંના ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને તેના હોતા ૬૦ ચૂર્ણિકા ભાગો બાકી રહેતા, યોગ કરે છે.

તે આ રીતે - હૈમંતિકી પહેલી આવૃત્તિ પૂર્વોક્ત ક્રમની અપેક્ષાથી દ્વિતીયા. તેથી તે સ્થાને બે સંખ્યા લેવી. પછી એક ન્યૂન કરવો, તેથી આવશે એક. તેના વડે પૂર્વોક્ત ધ્રુવરાશિ - ૫૭૩/૩૬/૬૨/૬/૬૭/ વડે ગુણીએ. એક વડે ગુણતાં તે જ સંખ્યા

રહે છે. તેથી તે જ ધ્રુવરાશિ પ્રાપ્ત થાય છે.

પછી એમાંથી ૫૪૯ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૨૪}/_{૬૨}$ ભાગ વડે $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ વડે અભિજિત્‌થી ઉત્તરાફાલ્ગુની પર્યન્તના નક્ષત્રો શોધિત થાય છે.

પછી રહે છે — ૨૪ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૧૧}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૭}/_{૬૭}$ ભાગો — ૨૪/૧૧/૭.

તેથી આવેલ હસ્તનક્ષત્રના પાંચ મુહૂર્તોમાં એક મુહૂર્તના $^{૫૦}/_{૬૨}$ ભાગોમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬}/_{૬૭}$ ભાગો બાકી રહેતા પહેલી હૈમંતિકી આવૃત્તિમાં ચંદ્ર પ્રવર્તે છે.

સૂર્યનક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્ર કહે છે — તે સમયમાં સૂર્ય કયા નક્ષત્ર સાથે યુક્ત થઈ, તે પહેલી હૈમંતિકી આવૃત્તિને જોડે છે - અથવા તેમાં પ્રવર્તે છે ?

ભગવંતે કહ્યું — ઉત્તરાષાઢા વડે. ત્યારે ઉત્તરાષાઢાનો ચરમ સમય છે, સમકાલે ઉત્તરાષાઢા નક્ષત્રને ભોગવીને અભિજિત્ નક્ષત્રના પહેલા સમયે પહેલી હૈમંતિકી આવૃત્તિને સૂર્ય પ્રવર્તે છે, [તેવું કહેવાનો] ભાવ છે, તે આ રીતે —

જો દશ અયન વડે પાંચ સૂર્યકૃતથી નક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય છે, તો એક અયન વડે કેટલાં પ્રાપ્ત થાય છે ? રાશિત્રય સ્થાપના - ૧૦/૫/૧. અહીં અંત્ય રાશિ વડે-એક સંખ્યા વડે મધ્યના પાંચ-રૂપ રાશિને ગુણતાં, પ્રાપ્ત થશે-પાંચ જ. તેને દશ ભાગ વડે ભાગ દેતાં, પ્રાપ્ત એક-અર્દ્ધ પર્યાયના, અર્દ્ધ પર્યાયના ૬૭ ભાગરૂપ-૯૧૫.

તેમાં જે $^{૨૦}/_{૬૭}$ ભાગો પાશ્ચાત્ય અયનમાં પુષ્યના જતાં બાકી - $^{૪૭}/_{૬૭}$ ભાગો રહેતા. તે વર્તમાનકાળે આ રાશિથી શોધિત કરતાં રહેશે - ૮૭૧. તેમને ૬૭ ભાગો વડે ભાગ દેતા, પ્રાપ્ત થશે - ૧૩, પછી કંઈપણ રહેતું નથી.

તેર વડે આશ્લેષાથી ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે. તેથી આવેલ-અભિજિત્ નક્ષત્રના પહેલા સમયે માઘમાસભાવિની પહેલી આવૃત્તિ પ્રવર્તે છે.

એ પ્રમાણે બધી પણ માઘમાસભાવિની આવૃત્તિઓ સૂર્ય નક્ષત્રયોગને આશ્રીને જાણવી. કહ્યું છે કે — બહાર પ્રવેશતો સૂર્ય અભિજિત્ યોગને પામીને સર્વે આવૃત્તિઓ કરે છે, તે માઘમાસમાં છે.

બીજી હૈમંતિક વૃત્તિ વિષયક પ્રશ્નસૂત્ર કહે છે — તે સુગમ છે. ભગવંતે કહ્યું - x - x - શતભિષજ્ યુક્ત ચંદ્ર બીજી હૈમંતિકી આવૃત્તિને પ્રવર્તાવે છે અને ત્યારે શતભિષજ્ નક્ષત્રના બે મુહૂર્તમાંના એક મુહૂર્તના $^{૨૮}/_{૬૨}$ ભાગ અને $^{૧}/_{૬૨}$ ભાગને ૬૭-વડે છેદીને, તેના હોતા-૪૬-ચૂર્ણિકા ભાગ રહેતા. -

તે આ રીતે — પૂર્વે કહેલ ક્રમની અપેક્ષાથી બીજી માઘ માસ ભાવિની આવૃત્તિ ચતુર્થી છે, તેથી તેના સ્થાને ચાર સંખ્યા લેવી, તેને એક ન્યૂન કરતાં, આવશે - ત્રણ. તેના વડે પૂર્વોક્ત ધ્રુવરાશિ-૫૭૩/૩૬/૬ને ગુણીએ. તેનાથી આવશે - ૧૭૧૯ મુહૂર્તો અને મુહૂર્તગત-$^{૧૦૮}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૧૮}/_{૬૭}$ ભાગ.

પછી આમાંથી ૧૬૩૮ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૪૮}/_{૬૨}$ ભાગ વડે $^{૧}/_{૬૨}$



ભાગને લેતાં $^{૧૩૨}/_{૬૭}$ ભાગો વડે બે નક્ષત્ર પર્યાયો શુદ્ધ થાય છે. પછી રહેશે-૮૧ મુહૂર્તોમાંના એક મુહૂર્તના $^{૫૮}/_{૬૨}$ ભાગ અને તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૦}/_{૬૭}$ ભાગો - ૮૧/૫૮/૨૦.

પછી ફરી નવ મુહૂર્તો વડે એક મુહૂર્તના $^{૨૪}/_{૬૨}$ ભાગથી $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ વડે અભિજિત્ નક્ષત્ર શુદ્ધ થાય.

પછી રહેશે-૭૨ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૩૩}/_{૬૨}$ ભાગના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૨૧}/_{૬૭}$ ભાગો - ૭૨/૩૩/૨૧.

પછી ૩૦ મુહૂર્ત વડે શ્રવણ શુદ્ધ થાય, ૩૦ મુહૂર્ત વડે ધનિષ્ઠા નક્ષત્ર શુદ્ધ થાય, પછી રહે છે - ૧૨ મુહૂર્ત.

શતભિષજ્ નક્ષત્ર અર્દ્ધનક્ષત્ર છે, તેથી આવેલ શતભિષજ્ નક્ષત્રના બે મુહૂર્તોના એક મુહૂર્તના $^{૨૮}/_{૬૨}$ ભાગમાં $^{૧}/_{૬૨}$ ભાગના $^{૪૬}/_{૬૭}$ ભાગો બાકી રહેતાં બીજી હૈમંતિકી આવૃત્તિ પ્રવર્તે છે.

સૂર્ય નક્ષત્ર યોગ વિષય પ્રશ્નસૂત્ર અને નિર્વચન-ઉત્તર સૂત્ર સુગમ છે, પૂર્વે કહેલ છે.

હવે ત્રીજી માઘમાસભાવિની આવૃત્તિ વિષયક પ્રશ્નસૂત્ર કહે છે. - x - તે સૂત્ર સુગમ છે.

ભગવંત કહે છે - x - પુષ્ય વડે યુક્ત ચંદ્ર ત્રીજી માઘમાસભાવિની આવૃત્તિને પ્રવર્તાવે છે. ત્યારે પુષ્યના ૧૯ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૪૩}/_{૬૨}$ ભાગો, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગને ૬૭ વડે છેદીને. તેના હોવાથી-૩૩-ચૂર્ણિકા ભાગો બાકી રહેતા.

તે આ રીતે — પૂર્વે દર્શાવેલ ક્રમની અપેક્ષાથી ત્રીજી માઘમાસ ભાવિની આવૃત્તિ-છઠ્ઠી. પછી તેના સ્થાનમાં છ સંખ્યા લેવી. તેમાં એક ન્યૂન કરવાથી આવશે-પાંચ, તેના વડે પૂર્વોક્ત ધ્રુવરાશિ-૫૭૩/૩૬/૬ ગુણીએ. તેનાથી પ્રાપ્ત - ૨૮૬૫ મુહૂર્તો, મુહૂર્ત ગત - $^{૧૮૦}/_{૬૨}$ ભાગો અને એકના બાસઠ ભાગના $^{૩૦}/_{૬૭}$ ભાગો - પ્રાપ્ત રાશિ આવશે - ૨૮૬૫/૧૮૦/૩૦.

પછી એમાંથી ૨૪૫૭ મુહૂર્તના એક મુહૂર્તગત બાસઠ ભાગોના ૭૨ અર્થાત્ $^{૭૨}/_{૬૨}$ તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૧૯૮}/_{૬૭}$ ભાગ અર્થાત્ ૨૪૫૭/૭૨/૧૯૮ વડે ત્રણે નક્ષત્રપર્યાયો શુદ્ધ થાય છે.

પછી રહે છે - ૪૦૮ મુહૂર્ત અને મુહૂર્તગત $^{૧૦૫}/_{૬૨}$ ભાગ, તેમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૩૪}/_{૬૭}$ ભાવ - ૪૦૮/૧૦૫/૩૪, પછી એમાંથી-૩૯૯ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૨૪}/_{૬૨}$ ભાગમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૬૬}/_{૬૭}$ ભાગ વડે અભિજિતાદિથી પુનર્વસુ સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે.

પછી રહેલા નવ મુહૂર્તો અને મુહૂર્તગત $^{૮૦}/_{૬૨}$ ભાગમાંના $^{૧}/_{૬૨}$ ભાગના $^{૩૪}/_{૬૭}$ ભાગો, ૬૨ વડે ૬૨ ભાગથી એક મુહૂર્ત પ્રાપ્ત થાય, તે મુહૂર્ત રાશિમાં ઉમેરીએ, તેથી આવે ૧૦-મુહૂર્તો, શેષ રહે છે $^{૧૮}/_{૬૨}$ ભાગ - ૧૦/૧૮/૩૪. પછી

આવેલ પુષ્યના ૧૯ મુહૂર્તો એક મુહૂર્તના ૪૩/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૩૩/૬૭ ભાગો બાકી રહેતા ત્રીજી માઘમાસ ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે.

સૂર્યનક્ષત્રયોગ વિષયક પ્રશ્નસૂત્ર અને નિર્વચનસૂત્ર બંને સુગમ છે. [પૂર્વે કહેલા છે]

ચોથી માઘમાસ ભાવિ આવૃત્તિ વિષયક પ્રશ્નસૂત્ર કહે છે – તે સુગમ છે. ભગવંત કહે છે - x - મૂલ વડે યુક્ત ચંદ્ર ચોથી હૈમંતિકી આવૃત્તિ પ્રવર્તે છે.

ત્યારે મૂલ નક્ષત્રના છ મુહૂર્તો અને એક મુહૂર્તના ૫૮/૬૨ ભાગો અને ૧/૬૨ ભાગના ૬૭ વડે છેદીને, તેના હોવાથી ૨૦-ચૂર્ણિકા ભાગો બાકી રહેતા (યોગ કરે)

તે આ રીતે – ચોથી માઘમાસ ભાવિની આવૃત્તિ પૂર્વે કહેલ ક્રમની અપેક્ષાથી અષ્ટમી છે, તેના સ્થાને આઠ સંખ્યા લઈએ. તેમાં એક ન્યૂન કરીએ. તેથી આવશે-સાત. તેના વડે પૂર્વોક્ત ધ્રુવરાશિ-૫૭૩/૩૬/૬૨/૬/૬૭ ને ગુણીએ. તેથી - ૪૦૧૧ મુહૂર્ત અને મુહૂર્તગત ૨૫૨/૬૨ અને તેમાંના ૧/૬૨ ભાગના ૪૨/૬૭ ભાગો. પ્રાપ્ત સંખ્યારાશિ આવશે - ૪૦૧૧/૨૫૨/૪૨.

પછી એમાંથી - ૩૨૬૭ મુહૂર્ત અને મુહૂર્તગત - ૯૬/૬૨ થી ૬૨-ભાગોના હોવાથી - ૨૬૮/૬૭ ભાગો વડે ચાર નક્ષત્ર પર્યાય શોધિત થતાં, પછી બાકી રહેશે - ૭૩૫ મુહૂર્ત અને મુહૂર્તગત ૧૫૨/૬૨ ભાગો. તેમાંના ૧/૬૨ ભાગોના ૪૬/૬૭ ભાગ.

પછી એમાંથી ફરી - ૬૬૯ મુહૂર્ત અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ વડે ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગો વડે અભિજિતાદિથી વિશાખા સુધીના નક્ષત્રો શોધિત થાય છે.

પછી રહે છે - ૬૬ મુહૂર્તો અને મુહૂર્તગત ૧૨૭/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૪૭/૬૭ ભાગો. ૧૨૪/૬૨ ભાગ વડે બે મુહૂર્ત પ્રાપ્ત થાય. તે મુહૂર્તરાશિમાં ઉમેરતાં થશે-૬૮ મુહૂર્તો, બાકી રહે છે - ૩/૬૨ ભાગ. - ૬૮/૩/૪૭. પછી ૪૫ મુહૂર્ત વડે અનુરાધા, જ્યેષ્ઠા શુદ્ધ થાય. પછી રહેશે ૨૩-મુહૂર્તો.

તેથી આવેલ મૂળના છ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૫૮/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૨૦/૬૭ ભાગો બાકી રહેતાં ચોથી માઘમાસભાવિની આવૃત્તિ પ્રવર્તે છે.

સૂર્ય નક્ષત્ર યોગ વિષયક પ્રશ્ન અને ઉત્તરસૂત્ર સુગમ છે.

પાંચમી માઘમાસ ભાવિની આવૃત્તિ વિષયક પ્રશ્નસૂત્ર કહે છે – - x - તે સુગમ છે. ભગવંત કહે છે - x - કૃતિકા વડે યુક્ત ચંદ્ર પાંચમી હૈમંતિકી - માઘમાસ ભાવિની આવૃત્તિ પ્રવર્તે છે.

ત્યારે કૃતિકાનક્ષત્રના ૧૮-મુહૂર્તો અને એક મુહૂર્તના ૩૬/૬૨ ભાગો અને ૧/૬૨ ભાગને ૬૭ વડે છેદીને, તેના હોવાથી છ-ચૂર્ણિકા ભાગો, બાકી રહેતા.

તે આ રીતે – પાંચમી માઘમાસ ભાવિની આવૃત્તિ પૂર્વે દર્શાવેલ ક્રમની



અપેક્ષાથી દશમી છે. તેથી તેના સ્થાને દશ સંખ્યા લેવી. તેમાં એક ન્યૂન કરવા, તેથી આવશે-નવ. તેના વડે પૂર્વોક્ત ધ્રુવરાશિ - ૫૭૩/૩૬/૬ને ગુણીએ. તેથી આવશે ૫૧૫૭ મુહૂર્તોના અને મુહૂર્તગત - ૩૨૪/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૫૪/૬૭ ભાગ. તે આ રીતે આવે - ૫૧૫૭/૩૨૪/૫૪.

પછી એમાંથી ૪૯૧૪ મુહૂર્ત અને મુહૂર્તગત ૧૪૪/૬૨ ભાગોના ૬૨ ભાગના ૬૭ ભાગોને ૩૯૬ વડે છ નક્ષત્રપર્યાયો શુદ્ધ થાય. પછી રહે છે - ૨૪૩ મુહૂર્તોના અને મુહૂર્તગત ૧૭૪/૬૨ ભાગોના ૧/૬૨ ભાગના ૬૦/૬૭ ભાગો. ૨૪૩/૧૭૪/૬૦.

પછી ૧૬૯ મુહૂર્ત વડે અને એક મુહૂર્તના ૨૪/૬૨ ભાગ વડે, તેમાંના ૧/૬૨ ભાગના ૬૬/૬૭ ભાગોથી અભિજિત્‌થી લઈને ઉત્તરાભાદ્રપદ સુધીના નક્ષત્રો શુદ્ધ થાય.

પછી રહેલા ૮૪ મુહૂર્તો અને એક મુહૂર્તના ૧૪૯/૬૨ ભાગોના ૧/૬૨ ભાગના ૬૧/૬૨ ભાગો - ૮૪/૧૪૯/૬૧. પછી ૧૨૪/૬૨ વડે બે મુહૂર્ત પ્રાપ્ત થાય છે.

પછી રહેલા ૨૫/૬૨ ભાગો. પ્રાપ્ત બે મુહૂર્ત, મુહૂર્તરાશિમાં ઉમેરીએ. તેથી આવે ૮૬ મુહૂર્તો.

પછી ૭૫ મુહૂર્તો વડે રેવતી, અશ્વિની, ભરણી શુદ્ધ થાય.

પછી રહેલા ૧૧ મુહૂર્તો, બાકી પૂર્વવત્ ૧૧/૨૫/૬૧. તેથી આવેલ-કૃતિકા નક્ષત્રના ૧૮ મુહૂર્તમાં એક મુહૂર્તના ૩૬/૬૨ ભાગોમાં ૧/૬૨ ભાગના ૬/૬૭ ભાગો બાકી રહેતા, પાંચમી હૈમંતિક આવૃત્તિ પ્રવર્તે છે. (તેમ જાણવું)

સૂર્યનક્ષત્ર યોગ વિષયમાં પ્રશ્ન-નિર્વચન સૂત્રસુગમ છે.

એ પ્રમાણે દશે પણ નક્ષત્રયોગને આશ્રીને સૂર્યની આવૃત્તિઓ કહી. હવે ચંદ્રની વક્તવ્યતા –

તેમાં જે નક્ષત્રમાં વર્તતા સૂર્ય દક્ષિણ કે ઉત્તરમાં આવૃત્તિ કરે છે, તે જ નક્ષત્રમાં વર્તતો ચંદ્ર પણ દક્ષિણ અને ઉત્તરની આવૃત્તિ કરે છે. પછી જે ઉત્તરાભિમુખ આવૃત્તિઓ યુગમાં ચંદ્રની જોઈ, તે સર્વે પણ નિયત અભિજિત્ નક્ષત્ર સાથે યોગમાં કહેવી અને જે દક્ષિણાભિમુખ આવૃત્તિ છે, તે પુષ્ય વડે યોગમાં છે.

કહ્યું છે કે – ચંદ્રની પણ આવૃત્તિઓ યુગમાં જે દૃષ્ટ છે. અભિજિત વડે, પુષ્ય વડે નિયમા નક્ષત્ર શેષથી જાણવું.

અહીં નક્ષત્રાર્દ્ધ માસથી૦ શેષ સુગમ છે. તેમાં અભિજિત્ ઉત્તરાભિમુખ આવૃત્તિઓ ભાવિત કરીએ છીએ. જો ૧૩૪ અયન વડે ચંદ્રના ૬૭-નક્ષત્ર પર્યાયો પ્રાપ્ત થાય છે, તો પહેલાં અયનમાં શું પ્રાપ્ત થાય છે ? રાશિ સ્થાપના - ૧૩૪/૬૭/૧.

અહીં અંત્ય રાશિ વડે - એક સંખ્યાની મધ્યની રાશિના ૬૭-રૂપનું ગુણન કરતાં ૬૭ જ આવશે. તેમાં ૬૭ને ૧૩૪ ભાગ વડે ભાગ દેતાં, પ્રાપ્ત થશે એક અર્દ્ધ પર્યાય. તે અડધામાં ૯૧૫/૬૭ ભાગ થાય છે. તેમાં ૨૩/૬૭ ભાગમાં પુષ્ય નક્ષત્રને

ભોગવીને દક્ષિણાયન ચંદ્ર કરે છે. બાકીના ૪૪/૬૭ ભાગ વડે અનંતરોક્ત રાશિ શોધવી.

બાકી રહેલા-૮૭૧, તેમાં ૬૭ વડે ભાગ દેતાં, અહીં કેટલાંક નક્ષત્રો અર્દ્ધક્ષેત્ર છે, તે સાર્દ્ધ ૩૩/૬૭ ભાગ પ્રમાણ કેટલાં સમક્ષેત્ર છે, તે પરિપૂર્ણ ૬૭ ભાગ પ્રમાણ છે. કેટલાંક દ્વ્યર્દ્ધ ક્ષેત્ર છે, તે અર્દ્ધ ભાગાધિક સો સંખ્યક ૬૭ ભાગ પ્રમાણ છે. ગાત્રને આશ્રીને ૬૭ વડે શુદ્ધ થાય છે, તેથી ૬૭ ભાગ લઈ લેતાં, પ્રાપ્ત થશે-૩૩. રાશિનો ઉપરનો ભાગ નિર્લેપ થઈ શુદ્ધ થયો. તે તેર વડે આશ્લેષાદિથી ઉત્તરાષાઢા સુધીના નક્ષત્રો શુદ્ધ થાય છે.

ત્યારે આવેલ અભિજિત્ નક્ષત્રના પહેલા સમયે ચંદ્ર ઉત્તરાયણ કરે છે. એ પ્રમાણે બધાં પણ ચંદ્રના ઉત્તરાયણો જાણવા. કહ્યું છે કે — પંદર મુહૂર્તમાં ઉત્તરાષાઢામાં યુક્ત થઈને એક અહોરાત્રમાં ચંદ્ર અભ્યંતર પ્રવેશે છે.

હવે પુષ્યમાં દક્ષિણસંબંધી આવૃત્તિઓની ભાવના કરીએ છીએ. જો ૧૩૪ અયન વડે ચંદ્રના ૬૭ પર્યાયો પ્રાપ્ત થાય છે. પછી એક અયન વડે શું પ્રાપ્ત થાય છે ? રાશિ ત્રણની સ્થાપના - ૧૩૪/૬૭/૧. અહીં અંત્ય રાશિ વડે એક સંખ્યા વડે મધ્યની રાશિ-૬૭ સંખ્યાને ગુણીએ, તેથી પ્રાપ્ત ૬૭ સંખ્યા જ આવે. તેના ૧૩૪ વડે ભાગાકારથી એક અડધો પર્યાય પ્રાપ્ત થશે અને તે ૬૭ ભાગ રૂપ-૯૧૫, પછી અભિજિત્ સંબંધી - ૨૧/૬૭ ભાગ શોધે છે.

પછી રહે છે - ૮૯૪, તેમાં ૬૭ વડે ભાગ દેવાતા પ્રાપ્ત સંખ્યા છે-૧૩, તે તેર વડે પુનર્વસુ સુધીના નક્ષત્રો શુદ્ધ થાય, બીજા ૨૩-બાકી રહે છે. આ અહોરાત્રના ૬૭-ભાગ છે, પછી તેના મુહૂર્ત કરવાને માટે ૩૦ વડે ગુણીએ, તેથી પ્રાપ્ત થશે ૬૯૦, તેમાં ૬૭ વડે ભાગ દેવાતા પ્રાપ્ત મુહૂર્ત થશે-૧૦.

પછી બાકી રહે છે - ૨૦/૬૭ ભાગ. તેથી આવેલા આ પુનર્વસુ નક્ષત્રને સર્વપણે ભોગવીને પુષ્યના દશ મુહૂર્તોમાં એક મુહૂર્તના ૨૦/૬૭ ભાગો ભોગવીને સર્વાભ્યંતર મંડલથી બહાર ચંદ્ર નીકળે છે.

એ પ્રમાણે બધાં પણ દક્ષિણાયનો ભાવવા.

કહ્યું છે કે — દશ મુહૂર્તમાં સર્વ મુહૂર્ત ભાગમાં ૨૦થી પુષ્ય વિષયક અભિગત ચંદ્ર બહાર નીકળે છે.

એ પ્રમાણે નક્ષત્ર યોગને આશ્રીને ચંદ્રની પણ આવૃત્તિ કહી, હવે યોગને જ સામાન્યથી પ્રરૂપે છે —

● **સૂત્ર-૧૦૬ :-**

***તેમાં નિશ્ચે આ દશ ભેદે યોગ કહેલ છે, તે આ રીતે — વૃષભાનુજાત, વેણુકાનુજાત, મંચ, મંચાતિમંચ, છત્ર, છત્રાતિછત્ર, યુગનદ્ધ, ઘનસંમર્દ, પ્રીણિત, મંડકપ્લુત.***

***આ પાંચ સંવત્સરોમાં છત્રાતિછત્ર યોગને ચંદ્ર કયા દેશમાં જોડે છે ? તે***





***જંબૂદ્વીપ દ્વીપના પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ લાંબી જીવા વડે ૧૨૪ મંડલ વડે છેદીને દક્ષિણ-પશ્ચિમ ચતુર્ભાગ મંડલમાં ૨૭ ભાગ ગ્રહણ કરીને ૧૨૮ વડે છેદીને-૧૮ ભાગ ગ્રહણ કરીને ત્રણ ભાગ ગ્રહણ કરીને ૧૨૮ વડે છેદીને-૧૮ ભાગ ગ્રહણ કરીને ત્રણ ભાગ અને બે કલા વડે દક્ષિણ પશ્ચિમમાં ચતુર્ભાગ મંડલ અસંપ્રાપ્તમાં, અહીં તે ચંદ્ર છત્રાતિછત્ર યોગને જોડે છે ઉપર ચંદ્ર, મધ્યમાં નક્ષત્ર અને નીચે સૂર્ય.***

***તે સમયે ચંદ્ર કયા નક્ષત્ર વડે યોગ કરે છે ? તે ચરમ સમયે ચિત્રા વડે યોગ કરે છે.***

● **વિવેચન-૧૦૬ :-**

તે યુગમાં નિશ્ચે આ વક્ષ્યમાણ દશ ભેદે યોગ કહેવા. તે આ પ્રમાણે — વૃષભાનુ જાત. અહીં અનુજાત શબ્દ સદૃશવચન છે. વૃષભના અનુજાત-સદૃશ તે વૃષભાનુજાત. વૃષભ આકારથી ચંદ્ર-સૂર્ય-નક્ષત્રો, જે યોગમાં રહે છે, તે વૃષભાનુજાત, એમ ભાવના છે, એ પ્રમાણે બધે કહેવું.

વેણુ - વંશ, તદનુજાત-તેના જેવું. તે વેણુકાનુજાત. મંચ મંચસમાન. મંચથી-વ્યવહાર પ્રસિદ્ધ બીજી કે ત્રીજી ભૂમિકા ભાવથી અતિશાયી મંચ, તે મંચાતિમંચ, તેના સમાન યોગ પણ મંચાતિમંચ કહેવાય છે.

છત્ર-પ્રસિદ્ધ છે, તદાકાર યોગો પણ છત્ર. છત્રથી-સામાન્યરૂપથી ઉપર અન્યાન્ય છત્રના ભાવથી અતિશાયી છત્ર, તે છત્રાતિછત્ર, તેના આકાર યોગથી તે પણ છત્રાતિછત્ર.

યુગ માફક નદ્ધ તે યુગનદ્ધ, જેમ યુગ, વૃષભના સ્કંધ ઉપર આરોપિત વર્તે છે, તેની જેમ યોગ પણ દેખાય છે, તે યુગનદ્ધ એમ કહેવાય છે. ઘન સંમર્દરૂપ જેમાં ચંદ્ર કે સૂર્ય ગ્રહ કે નક્ષત્ર મધ્યમાં જાય છે. પ્રીણિત-ઉપચયને નીત, તે પહેલાથી ચંદ્ર કે સૂર્યમાં એકના ગ્રહ કે નક્ષત્ર વડે એકતર થાય, ત્યારપછી બીજા સૂર્યાદિ વડે ઉપચયને પામે, તે પ્રીણિત.

મંડૂક પ્લુત નામક દશમો, તેમાં મંડૂક ગતિથી જે યોગ થાય તે મંડુકપ્લુત, તે ગ્રહ સાથે જાણવા. કેમકે બીજાના માંડુક પ્લુત ગતિગમન અસંભવ છે.

કહ્યું છે કે — ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, પ્રતિનિયતગતિવાળા છે, જ્યારે ગ્રહો અનિયતગતિવાળા છે.

તેમાં અહીં યથાવબોધ દશે યોગોની સ્વરૂપમાત્ર-ભાવના કરી, અથવા સંપ્રદાય મુજબ અન્યથા કહેવું.

તેમાં યુગમાં છત્રાતિ છત્ર વર્જીને બાકીના નવે યોગો પ્રાયઃ ઘણાં દેશોમાં થાય છે. છત્રાતિછત્ર યોગ ક્યારેક કોઈક દેશમાં થાય, તેથી તે વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે — આ અનંતરોક્ત ચંદ્રાદિ પાંચ સંવત્સરોમાં છત્રાતિછત્ર યોગ ચંદ્ર કયા દેશમાં જોડે છે ? ભગવંતે કહ્યું — જંબૂદ્વીપ ઉપર પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ લાંબા -

x - x - x - જીવા અર્થાત્ પ્રત્યંચા વડે, ૧૨૪ મંડલ છેદીને,

અહીં આ ભાવના છે - એક જીવા વડે બુદ્ધિથી કલ્પિત પૂર્વ-પશ્ચિમ લાંબા અને એક દક્ષિણ-ઉત્તર લાંબા મંડલને સમકાળને વિભાગ કરે છે અને વિભક્ત સમાન ચતુર્ભાગપણે થાય. તે આ પ્રમાણે - એક ભાગ ઉત્તરપૂર્વમાં, એક ભાગ દક્ષિણ-પૂર્વમાં, એક ભાગ દક્ષિણ-પશ્ચિમમાં અને એક ભાગ પશ્ચિમ ઉત્તરમાં.

તેમાં દક્ષિણ પૂર્વ ચતુર્ભાગમાત્ર મંડલમાં અર્થાત્ મંડલનો ચતુર્ભાગ.

૩૧-ભાગ પ્રમાણમાં ૨૭-ભાગો ગ્રહણ કરીને આક્રમિત કરે, ૨૮માં ભાગને ૨૦ વડે છેદીને, તેના હોતા ૧૮ ભાગોને આક્રમીને બાકીના $^{3}/_{31}$ ભાગો વડે બે કળા અને $^{1}/_{31}$ ભાગના હોતા બે વડે ૨૦માં ભાગો વડે દક્ષિણપશ્ચિમ ચતુર્ભાગમંડલ અસંપ્રાપ્ત, જે પ્રદેશમાં તે ચંદ્ર છત્રાતિછત્રરૂપ યોગને કરે છે. - x - ઉપર ચંદ્ર, મધ્યે નક્ષત્ર, નીચે આદિત્ય.

અહીં મધ્યે નક્ષત્ર કહ્યા, તેથી નક્ષત્ર વિશેષ પ્રતિપત્તિ માટે પ્રશ્ન કરે છે - તે સમયે ચંદ્ર કયા નક્ષત્રથી યોગ કરે છે ? ભગવંતે કહ્યું – તે સમયમાં ચિત્રા સાથે યોગ કરે છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૨-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## ❁ પ્રાભૃત-૧૩ ❁

–– x –– x ––

૦ એ પ્રમાણે બારમું પ્રાભૃત કહ્યું. હવે તેરમું આરંભે છે, તેનો આ અર્થાધિકાર છે – ''ચંદ્રની વૃદ્ધિ-હાનિ વક્તવ્યતા'' તેથી તે વિષયનું પ્રશ્નસૂત્ર કહે છે –

**● સૂત્ર-૧૦૭ :-**

***કઈ રીતે તે ચંદ્રમાની વૃદ્ધિ-હાનિ કહેલા છે, તેમ કહેવું ? તે ૮૮૫ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના $^{30}/_{62}$ ભાગના શુક્લપક્ષ થકી અંધકાર પક્ષમાં ગમન કરતો ચંદ્ર-૪૪૨ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના $^{46}/_{62}$ ભાગમાં જેટલો ચંદ્ર જાય છે, તે આ પ્રમાણે –***

***પહેલા દિવસે પહેલો ભાગ, બીજે દિવસે બીજો ભાગ યાવત્ પંદરમે દિવસે પંદરમો ભાગ, છેલ્લા સમયે ચંદ્ર રક્ત થાય છે, બાકીના સમયમાં ચંદ્ર રક્ત અને વિરક્ત પણ થાય.***

***આ અમાવાસ્યા, આ અમાવાસ્યાનું પહેલું પર્વ છે. તે અંધાર અર્થાત્ કૃષ્ણપક્ષ છે.***

***તે જ્યોત્સના-શુક્લ પક્ષમાં ગતિ કરતાં ચંદ્ર ૪૪૨-મુહૂર્ત્ત અને મુહૂર્ત્તના $^{46}/_{62}$ ભાગમાં ચંદ્ર વિરક્ત થાય છે, તે આ પ્રમાણે – પહેલા દિવસે પહેલો ભાગ, બીજા દિવસે બીજો ભાગ યાવત્ પંદરમે દિવસે પંદરમો ભાગ. છેલ્લા સમયમાં ચંદ્ર વિરક્ત થાય છે, બાકીના સમયમાં ચંદ્ર રક્ત કે વિરક્ત થાય છે.***

***આ પૂર્ણિમા છે, આ પૂર્ણિમામાં બીજું પર્વ છે.***

**● વિવેચન-૧૦૭ :-**

કયા પ્રકારે ભગવન્ ! આપે ચંદ્રમાની વૃદ્ધિ કે હાનિ કહેલી છે, તેમ કહેવું ? અર્થાત્ કટલો કાળ સુધી ચંદ્રમાની વૃદ્ધિ અને કેટલો કાળ સુધી હાનિ, આપ ભગવંત વડે કહેવાયેલ છે, તેમ [સ્વ શિષ્યોને] કહેવું ?

એમ પૂછતા ભગવંતે કહ્યું - x - ૮૮૫ મુહૂર્ત્તો અને એક મુહૂર્ત્તના $^{30}/_{62}$ ભાગો સુધી વૃદ્ધિ-હાનિ સમુદાય વડે કહેલ છે - જેમકે એક ચંદ્રમાસની મધ્યે એક પક્ષમાં ચંદ્રમાની વૃદ્ધિ અને એક પક્ષમાં હાનિ થાય છે.

ચંદ્રમાસનું પરિમાણ ૨૯ અહોરાત્ર અને એક અહોરાત્રના $^{32}/_{62}$ ભાગો અને અહોરાત્રના-૩૦ મુહૂર્ત્ત કરણાર્થે ૩૦ વડે ગુણીએ, તેનાથી પ્રાપ્ત થશે-૮૭૦ મુહૂર્ત્તો અને જે પણ $^{32}/_{62}$ ભાગો અહોરાત્રના છે, તેના મુહૂર્ત્ત ભાગ કરણાર્થે ૩૦ વડે ગુણીએ-તેનાથી પ્રાપ્ત થશે-૯૬૦.

ઉક્ત-૯૬૦ને ૬૨ વડે ભાગ દેવાતા, પ્રાપ્ત થયા-૧૫ મુહૂર્ત્તો. તે પંદરને મુહૂર્ત્ત રાશિમાં ઉમેરીએ. તેથી આવશે-૮૮૫ મુહૂર્ત્તો અને શેષ ઉદ્ધરે છે - એક મુહૂર્ત્તના $^{30}/_{62}$ ભાગો.

આ જ વાત વિશેષ અવબોધને માટે વૈવિકત્યથી સ્પષ્ટ કરતાં કહે છે - x - x - જ્યોત્સ્ના પ્રધાન પક્ષ તે જ્યોત્સના પક્ષ અર્થાત્ શુક્લપક્ષ. ત્યાંથી અંધકારપક્ષ-કૃષ્ણ પક્ષ જતાં ચંદ્ર-૪૪૨ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૪૬}/_{૬૨}$ ભાગો સુધી હાનિને પામે છે, એમ બાકી વાક્ય સમજવું.

જે યથોક્ત સંખ્યક સો મુહૂર્ત સુધી ચંદ્ર, રાહુવિમાન પ્રભા વડે રંજિત થાય છે. કઈ રીતે રંજિત થાય ?

એ પ્રમાણે તે જ રાગ પ્રકારને તે આ પ્રમાણે ઈત્યાદિ પ્રગટ કરે છે. પહેલામાં – ''એકમ''રૂપ તિથિમાં પરિસમાપ્તિ કરીને પ્રથમ-પરિપૂર્ણ-પંદરમાં ભાગ સુધી રંજિત કરે છે.

બીજા દિવસે પરિસમાપ્તિ કરનારી તિથિમાં પરિપૂર્ણ બીજો પંદરમા ભાગ સુધી. એ પ્રમાણે પંદરમી તિથિ પરિસમાપ્તિ કરતાં પરિપૂર્ણ પંદર ભાગ સુધી રંજિત કરે છે.

તે પંદરમી તિથિથી છેલ્લા સમયે ચંદ્ર સર્વથારૂપે રાહુ વિમાનની પ્રભાથી રંગાઈ જાય છે. અર્થાત્ તિરોહિત થાય છે. [દેખાતો બંધ થઈ જાય છે.]

જે ૧૬-મો ભાગ $^{૨}/_{૬૨}$ ભાગરૂપ અનાવૃત્ત રહેલ છે. તે અલ્પ હોવાથી કે અદૃશ્યત્વથી ગણેલ નથી.

તે પંદરમી તિથિનો છેલ્લો સમય છોડીને અંધકારપક્ષ-કૃષ્ણ પક્ષના પહેલાં સમયથી આરંભીને બાકી બધાં પણ સમયોમાં ચંદ્ર રંજિત કે વિરક્ત થાય છે અર્થાત્ કેટલાંક અંશો રાહુ વડે આવૃત્ત અને કેટલાંક અંશો અનાવૃત્ત થાય.

કૃષ્ણપક્ષની વક્તવ્યતાનો ઉપસંહાર - x - આ કૃષ્ણ પક્ષમાં પંદરમી તિથિ, અમાવાસ્યા નામે આ યુગમાં પહેલું પર્વ અમાવાસ્યા છે. અહીં મુખ્યવૃત્તિથી પર્વ શબ્દ નામથી અમાવાસ્યા અને પૂર્ણિમા છે. ઉપચારથી પક્ષમાં પર્વ શબ્દની પ્રવૃત્તિ છે. તેથી કહ્યું છે - x -

હવે કઈ રીતે ૪૪૨ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૪૬}/_{૬૨}$ ભાગો છે? તેમ પૂછતા - કહે છે – અહીં શુક્લપક્ષ કે કૃષ્ણપક્ષ ચંદ્રમાસનું અડધો છે. તેથી પક્ષનું પ્રમાણ ચૌદ અહોરાત્ર અને એક અહોરાત્રના - $^{૪૭}/_{૬૨}$ ભાગ. અહોરાત્રનું પ્રમાણ ૩૦-મુહૂર્તો છે, તેથી ૩૦ વડે ગુણીએ. તેથી ૪૨૦ મુહૂર્તો છે. જે અહોરાત્રના $^{૪૭}/_{૬૨}$ ભાગ છે, તે પણ મુહૂર્ત ભાગ કરણાર્થે ૩૦ વડે ગુણીએ, તેથી આવશે-૧૪૧૦ તેને ૬૨ વડે ભાગ દેતાં પ્રાપ્ત થશે-૨૨ મુહૂર્તો. તેને મુહૂર્ત રાશિમાં ઉમેરીએ, તો આવશે-૪૪૨ મુહૂર્તો અને શેષ રહે છે મુહૂર્તના $^{૪૬}/_{૬૨}$ ભાગ. એ પ્રમાણે જેટલો કાળ ચંદ્રમાની હાનિ, તેટલો કાળ પ્રતિપાદન કર્યું. હવે વૃદ્ધિનો કાળ કહે છે –

- x - અંધકાર પક્ષથી - x - જ્યોત્સના પક્ષ-શુક્લપક્ષે ગમન કરતો ચંદ્ર ૪૪૨ મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૪૬}/_{૬૨}$ ભાગો સુધી વૃદ્ધિને પામે છે. તે વાક્ય



શેષ છે.

યથોક્ત સંખ્યક સો મુહૂર્ત સુધી ચંદ્ર ધીમે ધીમે વિરક્ત અર્થાત્ રાહુ વિમાનથી અનાવૃત્ત થાય છે.

વિરાગના પ્રકારો કહે છે – તે આ પ્રમાણે-વિરાગ પ્રકાર દર્શાવવામાં પહેલા દિવસમાં એકમ રૂપ તિથિમાં પહેલા ૧૫-ભાગ સુધી ચંદ્ર વિરક્ત થાય છે.

બીજા દિવસે બીજા પંદર ભાગ સુધી એ પ્રમાણે ૧૫-૧૫ ભાગ સુધી. તેમાં પંદરમી પૂર્ણિમા રૂપ તિથિના છેલ્લા સમયે ચંદ્ર વિરક્ત થાય છે. અર્થાત્ સર્વથા રાહુવિમાન વડે અનાવૃત્ત થાય છે, એમ કહેવાનો ભાવ છે.

તે પંદરમો ચરમ સમય છોડીને શુક્લપક્ષને પહેલાં સમયથી આરંભીને બાકીના સમયોમાં ચંદ્ર રક્ત પણ હોય અને વિરક્ત પણ હોય. દેશથી રક્ત અને દેશતી વિરક્ત હોય છે, એવું કહેવાનો ભાવ છે. [તેમ જાણવું]

મુહૂર્તસંખ્યા ભાવના પૂર્વવત્ કરવી.

શુક્લપક્ષ વક્તવ્યતાનો ઉપસંહાર કહે છે – આ અનંતર કહેલ પંદરમી તિથિ પૂર્ણિમા નામે આ યુગમાં છે, તે બીજી પર્વ પૂર્ણિમા જાણવી.

હવે એવા સ્વરૂપે યુગમાં કેટલી અમાવાસ્યા અને કેટલી પૂર્ણિમા છે, તેમાં રહેલ સર્વ સંખ્યા કહે છે –

● **સૂત્ર-૧૦૮ :-**

***તેમાં નિશ્ચે આ ૬૨-પૂર્ણિમા અને ૬૨-અમાવાસ્યાઓ કહેલી છે. ૬૨ મી પૂર્ણિમા સંપૂર્ણ વિરક્ત અને ૬૨મી અમાસ સંપૂર્ણ રક્ત-અવરાયેલી છે.***

***આ ૧૨૪-પર્વ, આ ૧૨૪ સંપૂર્ણ રક્ત-વિરક્ત છે. જેટલા પાંચ સંવત્સરોના સમયો ૧૨૪-સમયથી ન્યૂન છે, એટલા પરિત્ત અસંખ્યાતા દેશ રક્ત-વિરક્ત થાય છે.***

***અમાવાસ્યાથી પૂર્ણિમા ૪૪૨-મુહૂર્તો અને મુહૂર્તના $^{૪૬}/_{૬૨}$ ભાગ કહેલ છે, તેમ કહેવું.***

***તે પૂર્ણિમાથી અમાવાસ્યા ૪૪૨ મુહૂર્તો અને મુહૂર્તના $^{૪૬}/_{૬૨}$ ભાગ કહેલ છે, તેમ કહેવું.***

***તે અમાવાસ્યાથી અમાવાસ્યા ૮૮૫ મુહૂર્ત અને એક મુહૂર્તના $^{૩૦}/_{૬૨}$ ભાગ કહેલ છે, તેમ કહેવું.***

***તે પૂર્ણિમાથી પૂર્ણિમા-૮૮૫ મુહૂર્ત અને મુહૂર્તના $^{૩૦}/_{૬૨}$ ભાગ કહેલા છે, તેમ કહેવું.***

***આ આટલો ચંદ્રમાસ, આટલો સર્વ યુગ છે.***

● **વિવેચન-૧૦૮ :-**

ત્યાં યુગમાં નિશ્ચે આ સ્વરૂપે ૬૨-પૂર્ણિમાઓ અને ૬૨-અમાવાસ્યાઓ કહેલી છે, તથા યુગમાં ચંદ્રમા આ - અનંતરોક્ત સ્વરૂપ પરિપૂર્ણ રંજિત ૬૨-મી અમાવાસ્યાના

યુગમાં ૬૨-સંખ્યક પ્રમાણત્વથી આમ કહ્યું. કેમકે તેમાંજ ચંદ્રનો પરિપૂર્ણ રાગ સંભવે છે.

આ અનંતરોક્ત સ્વરૂપે યુગમાં ચંદ્રમા સંપૂર્ણ વિરાગરાગનો અભાવ, ૬૨-યુગમાં પૂર્ણિમાની સંખ્યા-૬૨ હોવાથી કહ્યું. તેમાં જ ચંદ્રમાનો પરિપૂર્ણ વિરાગ હોય છે.

તથા યુગમાં સર્વસંખ્યાથી ૧૨૪-પર્વો છે, કેમકે અમાસ અને પૂર્ણિમાનો જ પર્વ શબ્દથી કહેલ છે. તેમના પૃથક્-પૃથક્ ૬૨-સંખ્યાના એકત્ર સંયોગથી ૧૨૪ થાય છે. એ પ્રમાણે જ યુગની મધ્યમાં સર્વ સંકલનાથી ૧૨૪ પૂર્ણ રાગ-વિરાગ થાય છે.

જેટલા પાંચ-ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર અને અભિવર્ધિત રૂપ સમયો ૧૨૪ સમય વડે ન્યૂન, આટલા પરિમિત અસંખ્યાત દેશરાગ-વિરાગ સમયો થાય છે. કેમકે આ બધાં પણ ચંદ્રના દેશથી રાગ અને વિરાગના ભાવથી કહ્યું. જે ૧૨૪ સમયો છે, તેમાં ૬૨માં સમયમાં સંપૂર્ણ રંજિત અને ૬૨માં સમયમાં સંપૂર્ણ વિરક્ત છે, તેના વડે તેનું વર્જન છે, તેમ મારા વડે કહેવાયેલ છે.

આ ભગવંતના વચનની આથી સમ્યક્ શ્રદ્ધા કરવી.

હવે કેટલા મુહૂર્તો જતાં અમાવાસ્યાથી અનંતર પૂર્ણિમા, કેટલા મુહૂર્તો જતાં પૂર્ણિમા પછી અમાવાસ્યા આવે છે તેનું નિરૂપણ કરે છે –

ઉક્ત કથન સુગમ છે. વિશેષ એ કે – અમાવાસ્યાની પછી ચંદ્રમાસનું અડધું જતાં પૂર્ણિમા અને પૂર્ણિમા પછી ચંદ્રમાસના અર્દ્ધમાસ વડે અમાવાસ્યા છે. અમાવાસ્યાથી અમાવાસ્યા પરિપૂર્ણ ચંદ્ર માસથી અને પૂર્ણિમાથી પૂર્ણિમા પણ પરિપૂર્ણ ચંદ્ર માસ વડે યથોક્ત મુહૂર્ત્ત સંખ્યક થાય છે.

ઉપસંહાર કહે છે - x - આ ૮૮૫ મુહૂર્ત્ત અને મુહૂર્ત્તના ૩૨/૬૨ ભાગ આટલું પ્રમાણ ચંદ્રમાસ છે. આટલું પ્રમાણ ખંડરૂપ યુગ ચંદ્રમાસથી માપેલ પૂર્ણ યુગ છે.

હવે ચંદ્ર જેટલા મંડલો ચંદ્રાર્દ્ધમાસથી ચરે છે-ગતિ કરે છે, તેનું નિરૂપણ કરે છે –

● **સૂત્ર-૧૦૯ :-**

*ચંદ્ર અર્ધમાસ વડે કેટલા મંડલો ગતિ કરે છે ? તે ચૌદ અને પંદરમાં મંડલનો ચતુર્ભાગ ગતિ કરે છે અને મંડલના-૧૨૪-ભાગાં [તે ગતિ કરે છે.]*

*સૂર્ય-અર્ધમાસમાં ચંદ્ર કેટલાં મંડલો ગતિ કરે છે ? ૧૬-મંડલો ગતિ કરે છે. સોળ મંડલચારમાં ત્યારે અવરાતા નિશ્ચે બે અષ્ટકોમાં ચંદ્ર કેટલાં અસામાન્યકમાં સ્વયં જ પ્રવેશી-પ્રવેશીને ગતિ કરે છે ?*

*આ તે બે અષ્ટકો છે, જેમાં ચંદ્ર, કોઈ અસામાન્યકમાં સ્વયં જ પ્રવેશી-પ્રવેશીને ગતિ કરે છે. તે આ પ્રમાણે-અમાસના અંતેથી નિષ્ક્રમણ કરતાં અને પૂર્ણિમાસાંતમાં પ્રવેશ કરતાં.*

*નિશ્ચે આ બે અષ્ટકો જ્યારે ચંદ્ર કોઈ અસામાન્યમાં સ્વયં જ પ્રવેશી-*



*પ્રવેશીને ગતિ કરે છે, તે પ્રથમ અયનગત ચંદ્ર દક્ષિણના ભાગથી પ્રવેશ કરતા સાત અર્ધમંડલમાં જે ચંદ્ર દક્ષિણના ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે, નિશ્ચે તે કેટલાં સાત અર્ધમંડલો છે, જેમાં ચંદ્ર દક્ષિણ ભાગથી પ્રવેશ કરતો ગતિ કરેશ્રૂ છે ?*

*નિશ્ચે આ તે સાત અર્ધમંડલો જેમાં ચંદ્ર દક્ષિણ ભાગથી પ્રવેશ કરતાં ગતિ કરે છે, તે બીજું અર્દ્ધમંડલ, ચોથું અર્ધમંડલ, છટ્ઠું અર્ધમંડલ, આઠમું અર્ધમંડલ, દશમું અર્ધમંડલ, બારમું અર્ધમંડલ, ચૌદમું અર્ધમંડલ છે.*

*નિશ્ચે આ સાત અર્ધમંડલો છે, જેમાં ચંદ્ર દક્ષિણ ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે.*

*તે પહેલાં અયનગત ચંદ્ર ઉત્તરના ભાગથી પ્રવેશ કરતો છ અર્ધમંડલ અને અર્ધમંડલના ૧૩/૭૮ ભાગો જેમાં ચંદ્ર ઉત્તરના ભાગથી પ્રવેશ કરતો ચાર ચરે છે. નિશ્ચે કયા તે છ અર્ધમંડલો અને અર્ધમંડલના ૧૩/૭૮ ભાગો છે, જેમાં ચંદ્ર ઉત્તરના ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે ?*

*નિશ્ચે આ તે છ અર્ધમંડલો અને અર્ધમંડલના ૧૩/૬૭ ભાગો છે, જેમાં ચંદ્ર ઉત્તરના ભાગથી પ્રવેશ કરતો ગતિ કરે છે, તે આ પ્રમાણે - ત્રીજા અર્ધમંડલમાં, પાંચમાં અર્ધમંડલમાં, સાતમા અર્ધમંડલમાં, નવમાં અર્ધમંડલમાં, અગિયારમાં અર્ધમંડલમાં, તેરમાં અર્ધમંડલમાં, પંદરમંડલના ૧૩/૭૮ ભાગ. તે આ છ અર્ધમંડલો અને અર્ધમંડલના ૧૩/૭૮ ભાગમાં જ્યાં ચંદ્ર ઉત્તર ભાગથી પ્રવેસ કરતો ચાર ચરે છે.*

*આટલા પ્રમાણમાં પહેલું ચંદ્ર-અયન સમાપ્ત થાય.*

*જે નક્ષત્ર અર્ધમાસ ચંદ્ર અર્ધમાસ નથી, ચંદ્ર અર્ધમાસ તે નક્ષત્ર અર્ધમાસ નથી.*

*તે નક્ષત્ર અર્ધમાસથી તે ચંદ્ર ચંદ્ર અર્ધમાસથી કેટલો અધિક ગતિ કરે છે ? એક અર્ધમંડલ અને અર્ધમંડલના ૪/૭૮ ભાગ, અને ૭૮ ભાગને ૩૧ વડે છેદીને નવ ભાગ [એટલા પ્રમાણમાં] ગતિ કરે છે.*

*તે બીજા અયનગત ચંદ્ર પૂર્વ ભાગથી નીકળતો સાત-ચોપન જઈને ચંદ્ર બીજાએ ચિર્ણ માર્ગને પ્રતિચરે છે અને સાત તેરસ જઈને ચંદ્ર પોતાના ચિર્ણને ચરે છે.*

*તે બીજા અયનગત ચંદ્ર પશ્ચિમ ભાગથી નિષ્ક્રમણ કરતો ૫૪ ભાગ જઈ ચંદ્ર બીજાનો ચિર્ણ માર્ગ પ્રતિચરે છે અને છ-તેરસ જઈને ચંદ્ર સ્વયં ચિર્ણને પ્રતિચરે છે. અપરક નિશ્ચે બે-તેરસ ભાગ જેમાં ચંદ્ર કેટલાં અસામાન્ય માર્ગમાં સ્વયં જ પ્રવેશી-પ્રવેશીને ગતિ કરે છે ? નિશ્ચે કેટલાં તે બે-તેરસક છે, જેમાં ચંદ્ર કેટલાં અસામાન્ય માર્ગમાં પ્રવેશી-પ્રવેશીને ગતિ કરે છે - ચાર ચરે છે તેમ કહ્યું છે ?*

*નિશ્ચે આ તે બે-તેરસક છે, જેમાં ચંદ્ર કેટલાંક અસામાન્ય માર્ગમાં સ્વયં પ્રવેશીને-પ્રવેશીને ગતિ કરે છે - સર્વાભ્યંતર મંડલમાં અને સર્વ બાહ્ય મંડલમાં.*

*નિશ્ચે આ તે બે-તેરસ ભાગ છે, જેમાં ચંદ્ર કેટલાંક યાવત્ ચારને ચરે છે. આટલાં પ્રમાણમાં બીજું ચંદ્ર-અયન સમાપ્ત થાય છે. [તેમ જાણવું]*

*તે નક્ષત્રમાસ, ચંદ્રમાસ નથી અને ચંદ્રમાસ નક્ષત્રમાસ નથી. તે નક્ષત્ર માસથી ચંદ્ર માસ કેટલો અધિક ચરે છે ?*

*તે બે અર્ધમંડલો અને અર્ધમંડલના ૮/૭૮ ભાગો તથા ૭૮ ભાગને ૨૧ વડે છેદીને ૧૮-ભાગ ગતિ કરે છે.*

*તે ત્રીજા અયનમાં રહેલ ચંદ્ર પશ્ચિમ ભાગથી પ્રવેશ કરતો બાહ્ય અનંતર પશ્ચિમના અર્ધમંડલના ૪૧/૭૮ ભાગો જેમાં ચંદ્ર પોતાના કે બીજાના ચીર્ણ માર્ગને ચરે છે. ૧૩/૭૮ ભાગ જેમાં ચંદ્ર બીજાના ચીર્ણને પ્રતિચરે છે. ૧૩/૭૮ ભાગ ચંદ્ર સ્વયં ચીર્ણ માર્ગને પ્રતિચરે છે. આટલામાં બાહ્ય અનંતર પશ્ચિમી અર્ધમંડલ સમાપ્ત થાય છે.*

*તે અયનગત ચંદ્ર પૂર્વ ભાગતી પ્રવેશતા બાહ્ય ત્રીજા પૂર્વના અર્દ્ધમંડલને ૪૧/૭૮ ભાગ જેમાં ચંદ્ર પોતાના અને બીજાના ચિર્ણ માર્ગને પ્રતિચરે છે. ૧૩/૭૮ ભાગ જેમાં ચંદ્ર બીજાનો ચિર્ણ માર્ગ પ્રતિચરે છે અને ૧૩/૭૮ ભાગ, જેમાં ચંદ્ર પોતાના ચિર્ણ માર્ગ પ્રતિચરે છે. આટલામાં બાહ્ય ત્રીજા પૂર્વી અર્ધમંડલમાં સમાપ્ત થાય છે.*

*તે ત્રીજા અયનગત ચંદ્ર પશ્ચિમ ભાગથી પ્રવેશતો બાહ્ય ચોથા પશ્ચિમી અર્ધમંડલના અર્ધ-૭૮ ભાગ અને ૭૮ ભાગને ૨૧-વડે છેદીને-૧૮ ભાગો જેમાં ચંદ્ર પોતાના કે બીજાના ચીર્ણ માર્ગને પ્રતિચરે છે. આટલા કાળમાં બાહ્ય ચોથું પશ્ચિમી અર્ધમંડલ સમાપ્ત થાય છે.*

*એ પ્રમાણે ચંદ્રમાસથી ચંદ્ર તેર-ચોપન, બે-તેરસ જેમાં ચંદ્ર બીજાનો ચીર્ણ માર્ગ પ્રતિચરે છે. તેર-તેર જેમાં ચંદ્ર સ્વયં ચીર્ણ માર્ગને પ્રતિચરે છે.*

*બે-એકતાલીશ, આઠ-અઠ્યોતેર ભાગ, ૭૮-ભાગને ૨૧-વડે છેદીને ૧૮-ભાગો, જેમાં ચંદ્ર પોતાના અને બીજાના ચીર્ણ માર્ગને પ્રતિચરે છે.*

*બીજો ચંદ્ર પણ બે-તેરસ જેમાં ચંદ્ર કોઈ અસામાન્ય માર્ગમાં સ્વયં જ પ્રવેશી-પ્રવેશીને ગતિ કરે છે.*

*એ રીતે આ ચંદ્રમાસ અભિગમન-નિષ્ક્રમણ, વૃદ્ધિહાનિ, અનવસ્થિત સંસ્થાન સંસ્થિતિ, વિકુર્વણગૃદ્ધિ પ્રાપ્ત રૂપી ચંદ્ર દેવ ચંદ્ર દેવ કહેલ છે, તેમ કહેવું.*

**● વિવેચન-૧૦૯ :-**

ચંદ્રના અર્ધમાસ વડે, પૂર્વોક્ત સ્વરૂપથી ચંદ્ર કેટલા મંડલ ગતિ કરે છે ? ભગવંતે કહ્યું - x - ચૌદ મંડલ સંપૂર્ણ અને પંદરમાં મંડલના ચતુર્ભાગ સહિત ગતિ કરે છે. મંડલના ૧૨૪ ભાગ. અહીં શું કહેવા માંગે છે ? પરિપૂર્ણ ચૌદ મંડલો અને



પંદરમાં મંડલનો ચોથો ભાગ અર્થાત્ ૧૨૪ મંડલના હોતાં ૩૧ ભાગ પ્રમાણ. સર્વ સંખ્યાથી બત્રીશ, પંદરમાં મંડલના ૧૨૪ ભાગોને ચરે છે.

આ કઈ રીતે જાણવું, એમ પૂછતાં કહે છે — ત્રૈરાશિક બળથી. તે આ રીતે — જો ૧૨૪ પર્વ વડે ૧૭૬૮ મંડલો પ્રાપ્ત થાય છે, તો એક પર્વ વડે કેટલા પ્રાપ્ત થાય છે ? ત્રણ રાશિની સ્થાપના-૧૨૪/૧૭૬૮/૧.

અહીં અંત્ય રાશિ વડે મધ્યરાશિને ગુણીએ. તો તે જ સંખ્યા રહેશે. ૧૭૬૮ x ૧ = ૧૭૬૮. તેમાં આદ્ય રાશિ વડે ભાગ દેતા - ૧૭૬૮ - ૧૨૪ = ૧૪ અને શેષ રહેશે-૩૨. તેથી ૧૪ ૩૨/૧૨૪ થશે. તેમાં છેદ્ય-છેદક રાશિઓને બે વડે અપવર્તના કરાય છે. તેથી આ સંખ્યા આવશે. ૧૪ મંડલ અને પંદરમાં મંડલના ૧૬/૬૨ ભાગ.

બીજે પણ કહેલ છે કે — ચૌદ મંડલો અને ૧૬/૬૨ ભાગો થાય છે, અર્ધમાસ વડે ચંદ્ર આટલાં ક્ષેત્રને ચરે છે.

આદિત્ય વડે અર્ધમાસથી ચંદ્ર કેટલાં મંડલો ચરે છે ? ભગવંત કહે છે - x - ૧૬ મંડલો ચરે છે, સોળમંડલચારી ત્યારે બીજા બે અષ્ટક અર્થાત્ ૧૨૪ ભાગના અષ્ટક પ્રમાણથી જે કોઈપણ સામાન્ય અર્થાત્ કોઈ વડે પણ આચીર્ણપૂર્વ ચંદ્ર સ્વયં જ પ્રવેશીને ચાર ચરે છે અર્થાત્ ગતિ કરે છે.

પછી પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું — નિશ્ચે આ બે અષ્ટકો, જે કોઈના વડે પણ પૂર્વે આચીર્ણમાં ચંદ્ર સ્વયં જ પ્રવેશીને ચાર ચરે છે. તે આ પ્રમાણે - સર્વ અભ્યંતર મંડલથી બહાર નીકળીને અમાવાસ્યાને અંતે એક અષ્ટક કોઈના વડે પણ આચીર્ણ ચંદ્ર પ્રવેશીને ચાર ચરે છે. સર્વ બાહ્ય મંડલથી અભ્યંતર પ્રવેશતા જ પૂર્ણિમાને અંતે બીજું અષ્ટક કોઈના વડે આચીર્ણમાં ચંદ્ર પ્રવેશીને ચાર ચરે છે.

પછીનું ઉપસંહાર વાક્ય સુગમ છે.

અહીં પરમાર્થથી બે ચંદ્ર એક ચાંદ્ર અર્ધમાસ વડે ચૌદ મંડલો અને પંદરમાં મંડલના ૩૨/૧૨૪ ભાગ ભ્રમણ વડે પૂરિત કરતો, પણ લોકરૂઢિથી વ્યક્તિભેદની અપેક્ષા ન કરીને જાતિભેદ જ કેવળ આશ્રિને ચંદ્ર ચૌદ મંડલો અને પંદરમાં મંડલના ૩૨/૧૨૪ ભાગો ચરે છે, એ પ્રમાણે કહેલ છે.

હવે એક ચંદ્રમાં એક અયનમાં કેટલાં અર્ધમંડલો દક્ષિણ ભાગમાં, કેટલાં ઉત્તર ભાગમાં ભમીને પૂરિત કરે છે તે પ્રતિપાદિત કરવા ભગવંત કહે છે - x - x -

પહેલાં અયનમાં પ્રવેશેલ ચંદ્ર દક્ષિણના ભાગથી અભ્યંતર પ્રવેશ કરે ત્યારે સાત અર્ધમંડલો થાય છે, જ્યારે ચંદ્ર દક્ષિણના ભાગથી અભ્યંતર પ્રવેશતો આક્રમીને ચાર ચરે છે.

પછી પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંત કહે છે - x - નિશ્ચે આ સાત અર્ધમંડલો,

જેમાં ચંદ્ર દક્ષિણના ભાગથી અભ્યંતર પ્રવેશતા આક્રમીને ચાર ચરે છે, તે આ પ્રમાણે - બીજું અર્ધમંડલ ઈત્યાદિ, સુગમ છે. વિશેષમાં અહીં આ ભાવના છે —

સર્વબાહ્ય પંદરમાં મંડલમાં પરિભ્રમણથી પૂરણને આશ્રીને પરિપૂર્ણ પાશ્ચાત્ય યુગ પરિસમાપ્તિ થાય છે. પછી બીજા યુગમાં પહેલાં અયન પ્રવૃત્તિમાં પહેલાં અહોરાત્રમાં એક ચંદ્ર દક્ષિણ ભાગથી અભ્યંતર પ્રવેશતો બીજા મંડલને સંક્રમીને ચાર ચરે છે, તે પાશ્ચાત્ય યુગ પરિસમાપ્તિ દિવસમાં ઉત્તર દિશામાં ચાર ચરે છે, ચાર ચરિતવાન્ જાણવો.

પછી તે બીજા મંડલથી ધીમે ધીમે અભ્યંતર પ્રવેશતો બીજા અહોરાત્રમાં ઉત્તર દિશામાં સર્વબાહ્ય મંડલથી અભ્યંતર ત્રીજા અર્ધમંડલને સંક્રમીને ચાર ચરે છે.

ત્રીજા અહોરાત્રમાં દક્ષિણ દિશામાં, ચોથા અર્ધમંડલને ચોથા અહોરાત્રમાં ઉત્તરદિશામાં, પાંચમું અર્ધમંડલ પાંચમાં અહોરાત્રમાં દક્ષિણ દિશામાં, છટ્ઠું અર્ધમંડલ છટ્ઠા અહોરાત્રમાં ઉત્તર દિશામાં, સાતમું અર્ધમંડલ સાતમાં અહોરાત્રમાં દક્ષિણ દિશામાં, આઠમું અર્ધમંડલ આઠમાં અહોરાત્રમાં ઉત્તર દિશામાં, નવમું અર્ધમંડલ નવમાં અહોરાત્રમાં દક્ષિણ દિશામાં, દશમું અર્ધમંડલ દશમાં અહોરાત્રમાં ઉત્તર દિશામાં, અગિયારમું અર્ધમંડલ અગિયારમાં અહોરાત્રમાં દક્ષિણ દિશામાં, બારમું અર્ધમંડલ બારમાં અહોરાત્રમાં ઉત્તર દિશામાં, તેરમું અર્ધમંડલ તેરમાં અહોરાત્રમાં દક્ષિણ દિશામાં, ચૌદમું અર્ધમંડલ ચૌદમાં અહોરાત્રમાં ઉત્તર દિશામાં, પંદરમું અર્ધમંડલ ૧૩/૭૮ ભાગોને સંક્રમીને ચાર ચરે છે.

આટલા કાળ વડે ચંદ્રનું અયન સમાપ્ત થાય છે.

ચંદ્રાયન જ નક્ષત્ર અર્ધમાસ પ્રમાણ છે, તે નક્ષત્ર અર્ધમાસ વડે ચંદ્રચારમાં સામાન્યથી ૧૩-મંડલો અને ચૌદમાં મંડલના ૧૩/૬૭ ભાગો પ્રાપ્ત થાય છે. તે આ રીતે —

જો ૧૩૪-અયન વડે ૧૭૬૮ મંડલો પ્રાપ્ત થાય છે, તો એક અયન વડે કેટલાં પ્રાપ્ત થાય ? ત્રણ રાશિ સ્થાપના - ૧૩૪/૧૭૬૮/૧ અહીં અંત્ય રાશિ વડે એક સંખ્યારૂપ મધ્યરાશિને ગુણતાં, આવે છે તે જ રાશિ - ૧૭૬૮ x ૧ = ૧૭૬૮. તેથી તેની આધ રાશિ ૧૩૪ વડે ભાગ દેવાતાં ૧૩-સંખ્યા આવે અને શેષ વધે છે - ૨૬. તેમાં છેધ-છેદક રાશિઓને બે વડે અપવર્તના કરતાં પ્રાપ્ત ૧૩/૬૭ પ્રાપ્ત થશે, એ પ્રમાણે જાણવું.

કહ્યું છે કે — ૧૩ મંડલો અને ૧૩/૬૭ ભાગ, ચંદ્ર નક્ષત્ર-અર્ધમાસથી અયન વડે ચાર ચરે છે.

આ પ્રમાણે સામાન્યથી કહ્યું, વિશેષ વિચારણામાં તો એક ચંદ્રના યુગના પહેલાં અયનમાં યથોક્ત પ્રકારથી દક્ષિણ ભાગ અભ્યંતર પ્રવેશમાં દ્વિતીયાદિ એકાંતરિત ચૌદ પર્યન્તના સાત અર્ધમંડલ પ્રાપ્ત થાય છે.

ઉત્તર ભાગથી અભ્યંતર પ્રવેશમાં તૃતીયાદિ એકાંતરિત તેર પર્યન્તના છ



પરિપૂર્ણ અર્ધમંડલ, સાતમાંના પંદરમંડલગતના અર્ધમંડલના ૧૩/૬૭ ભાગો છે. આટલામાં જે કહે છે — ઉત્તર ભાગથી અભ્યંતર પ્રવેશ વિચારણામાં "તૃતીય અર્ધમંડલમાં" ઈત્યાદિ સૂત્ર, તે પણ ભાવિત જ છે.

હવે દક્ષિણ ભાગથી અભ્યંતર પ્રવેશમાં જે સાત અર્ધમંડલો કહેલાં છે, તેનો ઉપસંહાર કહે છે - તે સુગમ છે.

હવે તે જ ચંદ્ર તે જ પહેલાં અયનમાં ઉત્તર ભાગથી અભ્યંતર પ્રવેશમાં જેટલાં અર્ધમંડલો થાય છે, તેટલાની વિવક્ષા કરતાં કહે છે - x - x - પહેલાં અયનગત-યુગની આદિમાં પહેલાં અયનમાં પ્રવેશેલ ચંદ્રમાં ઉત્તરભાગથી અભ્યંતર પ્રવેશે છે, (ત્યારે) છ અર્ધમંડલો થાય છે અને સાતમાં અર્ધમંડલના ૧૩/૬૭ ભાગો, જેમાં ચંદ્ર ઉત્તર ભાગથી અભ્યંતર પ્રવેશી સંક્રમીને ચાર ચરે ચે.

कयराइं खलु० ઈત્યાદિ પ્રશ્ન અને ઉત્તર સૂત્ર સુગમ છે. તે પહેલાં કહેવાઈ ગયેલ છે. - x -

નિગમન વાક્ય પણ સિદ્ધ જ છે. આટલા કાળ વડે પહેલું ચંદ્ર અયન સમાપ્ત થાય છે. તે પણ પૂર્વે કહ્યું છે.

તે રીતે પાશ્ચાત્ય યુગ પરિસમાપ્તિના છેલ્લા દિવસમાં અને ઉત્તર દિશામાં ચાર ચરતા, તેના અભિનવ યુગ પક્ષમાં પહેલાં અયનમાં જેટલાં દક્ષિણ ભાગથી અભ્યંતર પ્રવેશમાં અર્ધમંડલો જેટલાં ઉત્તર ભાગથી અભ્યંતર પ્રવેશમાં અર્ધમંડલો છે, તેટલા સાક્ષાત્ કહ્યા. આ રીતે બીજા પણ ચંદ્રના તે જ પહેલાં ચંદ્ર અયનોમાં અર્ધમંડલો કહેવા જોઈએ. તે આ રીતે —

તે પાશ્ચાત્ય યુગની પરિસમાપ્તિના છેલ્લા દિવસમાં દક્ષિણ દિશા ભાગમાં સર્વ બાહ્ય મંડલમાં ચાર ચરીને અભિનવ યુગના પહેલાં અયનમાં પહેલાં અહોરાત્રમાં ઉત્તર દિશામાં બીજા અર્ધ મંડલમાં પ્રવેશીને ચાર ચરે છે.

બીજા અહોરાત્રમાં દક્ષિણ દિશામાં સર્વ બાહ્યથી ત્રીજા અર્ધમંડલમાં પ્રવેશીને ચાર ચરે છે.

ત્રીજા અહોરાત્રમાં ઉત્તર દિશામાં ચોથું અર્ધમંડલ૦ ઈત્યાદિ પૂર્વે કહ્યા અનુસાર, બધું જ કહેવું જોઈએ.

એ પ્રમાણે આ ચંદ્રના પહેલાં અયનમાં ઉત્તર ભાગ થકી અભ્યંતર પ્રવેશ વિચારણામાં દ્વિતીયાદિ એકાંતરિત ચૌદ સુધીના સાત અર્ધમંડલો થાય છે. દક્ષિણ ભાગથી અભ્યંતર પ્રવેશ વિચારણામાં તૃતીયાદિ એકાંતરિત તેર સુધીના છ અર્ધમંડલો થાય છે. પંદરમાં અર્ધમંડલના ૧૩/૭૮ ભાગ, એ પ્રમાણે હોવાથી જેટલાં ચંદ્રના અર્ધમાસ છે, તેટલા નક્ષત્રના અર્ધમાસ થતાં નથી, પરંતુ તેથી ન્યૂન છે, એ સામર્થ્યથી જાણવું. - x - x -

જો એ પ્રમાણે એક અયનમાં નક્ષત્ર અર્ધમાસરૂપે સામાન્યથી ચંદ્રમાં ૧૩-મંડલો અને ચૌદમાં મંડલના ૧૩/૭૮ ભાગ. તેથી નાક્ષત્ર અર્ધમાસ ચંદ્ર અર્ધમાસ

થતો નથી. ચાંદ્ર અર્ધમાસમાં ચૌદ મંડલો અને પંદરમાં મંડલના $^{32}/_{124}$ ભાગોના પ્રાપ્યમાનપણાથી છે.

આ નાક્ષત્ર અર્ધમાસ, ચંદ્ર અર્ધમાસ થતો નથી, એમ કહ્યું. જે ચાંદ્ર અર્ધમાસ તે કદાચિત્ નાક્ષત્ર અર્ધમાસ થાય છે. જેમ 'પરમાણુ-અપ્રદેશ' એમ કહેવાથી પરમ અણુ-અપ્રદેશ જ છે, જે અપ્રદેશ છે તે પરમાણુ પણ થાય છે અને અપરમાણુ થાય છે. ક્ષેત્ર પ્રદેશથી એ પ્રમાણે શંકા થાય, તો તેને દૂર કરવાને કહે છે –

ચાંદ્ર અર્ધમાસ, નાક્ષત્ર અર્ધમાસ થતો નથી. એમ કહેતા ગૌતમસ્વામી નાક્ષત્ર અર્ધમાસ અને ચાંદ્રાર્ધમાસ એ બંનેમાં વિશેષ પરિજ્ઞાનાર્થે કહે છે - x - નાક્ષત્ર અર્ધમાસથી આપના મતે ભગવન્! ચંદ્ર ચાંદ્ર અર્ધમાસથી શું અધિક ચરે છે?

ભગવંતે કહ્યું – એક અર્ધમંડલને બીજા અર્ધમંડલના $^{4}/_{67}$ ભાગોમાંના $^{1}/_{67}$ ભાગના ૩૧ ભેદે વિભક્ત થતાં નવ ભાગ અધિક ચરે છે. તે કેમ જાણવું ?

ત્રૈરાશિકના બળથી. તે આ રીતે – જો ૧૨૪ વડે ૧૭૬૮ મંડલો પ્રાપ્ત થાય, તો એક પર્વ વડે કેટલાં પ્રાપ્ત થાય? ત્રણ રાશિ-સ્થાપના - ૧૨૪/૧૭૬૮/૧. અહીં અંત્ય રાશિ વડે મધ્યરાશિને ગુણીએ તો તેજ સંખ્યા આવશે. ૧૭૬૮ x ૧ = ૧૭૬૮. પછી આદ્ય રાશિ-૧૨૪ વડે ભાગ દેવાતા અને ત્યારપછી છેદ-છેદક રાશિઓની ચાર વડે અપવર્તના કરતાં પ્રાપ્ત થશે-ચૌદ મંડલો અને $^{8}/_{31}$ ભાગો. આનાથી નક્ષત્રાર્દ્ધમાસ ગમ્ય ક્ષેત્ર-૧૩મંડલ અને એક મંડલના $^{13}/_{67}$ ભાગ. એ રીતે પ્રમાણ શોધિત કરવું.

તેમાં ચૌદમાંથી તેર મંડલો શોધિત કર્યા, પછી એક બાકી રહ્યું. હવે $^{8}/_{31}$ ભાગોમાંથી $^{13}/_{67}$ ભાગ શોધિત કરવા. તેમાં ૬૭ને ૮ વડે ગુણવાથી આવશે-૫૩૬ અને ૩૧ વડે ૧૩ને ગુણતાં આવશે-૪૦૩. આટલા ૫૩૬માંથી શોધવા. તેથી શેષ રહેશે-૧૩૩. પછી એના ૬૭ ભાગ લાવવા ૬૭-વડે ગુણવા. તેથી આવશે-૮૯૧૧. છેદરાશિ મૂળ-૩૧ છે, તે ૬૭ વડે ગુણીએ. તેથી આવે-૨૦૭૭. આ સંખ્યા વડે ભાગ દેતાં આવે છે - $^{4}/_{67}$ ભાગ. શેષ રહે છે - ૬૦૩.

પછી તે છેદ-છેદક રાશિઓની ૬૭ વડે અપવર્તના કરતાં ઉપર-૯ અને નીચે ૩૧-પ્રાપ્ત થશે. $^{1}/_{67}$ ભાગના $^{9}/_{31}$ વડે છેદ કરાયેલ ભાગો. કહ્યું છે – એક મંડલ અને મંડલના $^{4}/_{67}$ ભાગ, નવ-ચૂર્ણિકા ૩૧ કૃત્ છેદથી જાણવી.

આ ભાવનાને કરતાં મંડલને મંડલ એ પ્રમાણે જે કહ્યું. તે સામાન્યથી કે ગ્રન્થાંતરથી જે પ્રસિદ્ધ ભાવના છે, તેના ઉપરોધ વડે જાણવી. પરમાર્થથી વળી અર્ધમંડલ જાણવું. તેમાં સૂત્ર ભાવનાથી કોઈ વિરોધ આવતો નથી.

એ પ્રમાણે એક ચંદ્રાયણ વક્તવ્યતા કહી.

હવે બીજી ચંદ્રાયણં વક્તવ્યતા કહે છે. તેમાં જે પહેલાં ચંદ્રાયણમાં દક્ષિણ ભાગથી અભ્યંતર પ્રવેશતા સાત અર્ધમંડલો ઉત્તર ભાગથી અભ્યંતર પ્રવેશતા છ



અર્ધમંડલો અને સાતમાં અર્ધમંડલના $^{13}/_{67}$ ભાગોને ચરેલા છે. તેને આશ્રીને બીજા અયનની ભાવના કરાય છે.

તેમાં અયનનું મંડલક્ષેત્ર પરિમાણ ૧૩-અર્ધમંડલો અને ચૌદમાંના અર્ધમંડલના $^{13}/_{67}$ ભાગો.

તેમાં પૂર્વે કહેલ અયન ઉત્તર દિશામાં સર્વાભ્યંતર મંડલમાં $^{13}/_{67}$ ભાગ પર્યન્તમાં પરિસમાપ્ત થાય છે.

પછી બીજા અયન પ્રવેશમાં $^{54}/_{67}$ ભાગ વડે સર્વાભ્યંતર મંડલને પરિસમાપ્ત કરીને પછી બીજા મંડલમાં ચાર ચરે છે. તેમાં ૧૩માં ભાગ પર્યન્તમાં એક અર્ધમંડલને બીજા અયનને પરિસમાપ્ત કરે છે. બીજું અર્ધમંડલ ઉત્તરમાં સર્વાભ્યંતર ત્રીજા અર્ધમંડલમાં તેરમાં ભાગ પર્યન્તે ત્રીજા અર્ધમંડલને દક્ષિણ દિશામાં, ચોથું અર્ધમંડલ ઉત્તર દિશામાં સમાપ્ત કરે છે.

એ રીતે પાંચમાં અર્ધમંડલને દક્ષિણ દિશામાં, છટ્ઠા અર્ધમંડલને ઉત્તર દિશામાં, સાતમા અર્ધમંડલને દક્ષિણ દિશામાં આઠમાં અર્ધમંડલને ઉત્તર દિશામાં, નવમાં અર્ધમંડલને દક્ષિણ દિશામાં દશમાં અર્ધમંડલને ઉત્તર દિશામાં, અગિયારમાં અર્ધમંડલને દક્ષિણ દિશામાં, બારમાં અર્ધમંડલને ઉત્તર દિશામાં, તેરમાં અર્ધમંડલને દક્ષિણ દિશામાં, ચૌદમાં અર્ધમંડલને તેરમાં ભાગપર્યન્તમાં પરિસમાપ્ત કરે છે. ત્યારપછી $^{13}/_{67}$ ભાગો બીજા ચરે છે.

આટલા કાળમાં બીજું અયન સમાપ્ત થાય છે.

ચૌદમાં મંડલમાં સંક્રાંત થઈને પહેલી ક્ષણથી આગળ સર્વ બાહ્યમંડલ અભિમુખ ચાર ચરે છે. પછી પરમાર્થથી કેટલા ભાગ ઉલ્લંઘીને પંદરમાં સર્વ બાહ્યમંડલમાં જાણવું.

તે જ આ અયનને પૂર્વભાગથી દ્વિતીયાદિ એકાંતરિત ચૌદ સુધીના સાત અર્ધમંડલો ચીર્ણ થાય છે અને પશ્ચિમ ભાગમાં તૃતીયાદિ એકાંતરિત મંડલ તેર મંડલ સુધી છ અર્ધમંડલો છે. તેમાં પૂર્વભાગમાં કે પશ્ચિમ ભાગમાં જે પ્રતિમંડલ સ્વયં ચીર્ણ કે અન્ય ચીર્ણ મંડલને ચરે છે, તેનું નિરૂપણ કરે છે.

બીજા અયનમાં રહેલ ચંદ્ર પૂર્વથી ભાગોને ઉલ્લંઘે છે. અર્થાત્ પૂર્વ ભાગમાં ચાર ચરે છે. સાત-ચોપન થતાં જે ચંદ્ર પરથી સૂર્યાદિ વડે ચીર્ણને પ્રતિચરે છે. સાત-તેર જે થાય છે, તે ચંદ્ર પોતા વડે ચીર્ણને પ્રતિ ચરે છે.

અહીં ભાવના આ છે – મેરુની પૂર્વ દિશામાં જે ભાગ, તે પૂર્વભાગ અને જે અપર દિશામાં છે, તે પશ્ચિમ ભાગ. તેમાં પૂર્વ ભાગમાં સાતમાં પણ દ્વિતીયાદિ એકાંતરિતમાં ચૌદ પર્યન્તમાં ૬૭ ભાગ પ્રવિભક્તમાં પ્રત્યેક $^{54}/_{67}$ ભાગ ચંદ્ર બીજા-સૂર્યાદિ વડે ચીર્મ ક્ષેત્રને પ્રતિચરે છે. તેર-તેર સડસઠ ભાગ સ્વયં ચીર્ણ છે.

તે જ ચંદ્રમાં બીજા અયનગત પશ્ચિમ ભાગથી નીકળે છે - પશ્ચિમ ભાગમાં ચાર ચરે છે. છ-ચોપન થતાં જે ચંદ્ર ૫ર વડે - સૂર્યાદિ વડે ચીર્ણને પ્રતિચરે છે. છ-

તેર જે ચંદ્ર તે સ્વયં ચીર્ણ પ્રતિચરે છે. અહીં પણ આ ભાવના-પશ્ચિમ ભાગમાં છ માં પણ તૃતિયાદિ એકાંતરિતમાં તેર પર્યન્તના અર્ધમંડલમાં ૬૭ ભાગ પ્રવિભક્તમાં પ્રત્યેક ૫૪-૫૪ સડસઠ ભાગો પરચીર્ણને ચરે છે. ૧૩/૬૭ ભાગોને સ્વયં ચીર્ણને ચરે છે.

બીજા બે-તેર, તે અયનમાં જે ચંદ્ર છે, તે કોઈ વડે પૂર્વે આચીર્ણમાં સ્વયં પ્રવેશીને ચાર ચરે છે.

कयराइं પ્રશ્નસૂત્ર સુગમ છે. इमाइं - નિર્વચનવાક્ય પ્રાયઃ નિગદ સિદ્ધ છે. વિશેષ એ કે જે તેર સર્વાભ્યંતર મંડલમાં તે પાશ્ચાત્ય અયનગત તેરમાંથી આગળ જાણવું.

બીજું સર્વ બાહ્ય મંડલમાં તેનું પર્યન્તવર્તી જાણવું.

एयाइं खलु० આદિ નિગમન વાક્ય સુગમ છે. તે જ એક ચંદ્રને આશ્રીને બીજા અયનની વક્તવ્યતા કહી. આ રીતે જ બીજા પણ ચંદ્રને આશ્રીને બીજા અયનની વક્તવ્યતા વિચારવી. એ પ્રમાણે તેના પશ્ચિમ ભાગમાં સાત-૫૪માં પરચીર્ણ ચરણીય, સાત-તેરમાં સ્વયં ચીર્ણ ચરણીય વક્તવ્ય છે. પૂર્વ ભાગમાં છ-૫૪માં પરચીર્ણ ચરણીય, છ-તેરમાં સ્વયં ચીર્ણ પ્રતિ ચરણીય છે.

આટલા કાળ વડે દ્વિતીય ચંદ્રાયન સમાપ્ત થાય છે.

જો એ રીતે બીજું અયન પણ આટલું પ્રમાણ હોય તો તેથી નાક્ષત્ર માસ ચંદ્ર માસ થતો નથી કે ચાંદ્રમાસ નાક્ષત્રમાસ થતો નથી. હવે નક્ષત્રમાસથી ચંદ્રમાસ કેટલો અધિક છે, એમ જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે - તેમાં નાક્ષત્ર માસથી ચંદ્ર ચંદ્રમાસથી કેટલો અધિક ચરે છે ? એમ પ્રશ્ન કરતાં ભગવંતે કહ્યું —

બે અર્ધમંડલમાં ત્રીજા અર્ધમંડલના ૮/૬૭ ભાગોના ૧/૬૭ ભાગને ૩૧ વડે છેદીને તેના હોવાથી ૧૮ ભાગ અધિક ચરે છે અને આ પૂર્વોક્ત એક અયનમાં અધિક એક મંડલ ઈત્યાદિ બમણું કરીને ભાવના ભાવવી.

હવે જેટલામાં ચંદ્રમાસ પરિપૂર્ણ થાય છે, તેટલા માત્રમાં ત્રીજા અયનની વક્તવ્યતા કહે છે - x - અહીં દ્વિતીય અયનપર્યન્તમાં ચૌદમાં અર્ધમંડલમાં ૨૬/૬૭ ભાગ માત્ર ઉલ્લંઘીને અને તે પરમાર્થ થકી પંદરમું અર્ધમંડલ જાણવું.

ત્યારપછી નીલવત્ પર્વત પ્રદેશમાં સાક્ષાત્ પંદરમું અર્ધમંડલ, તેમાં પ્રવેશી-પ્રવેશીને પહેલી ક્ષણથી આગળ સર્વ બાહ્ય અનંતર પૂર્વેના બીજા મંડલ અભિમુખ ચરે છે.

પછી તેમાં જ સર્વ બાહ્ય અનંતર પૂર્વના બીજા મંડલમાં ચાર ચરતો વિવક્ષિત છે. તેને આશ્રીને સૂત્ર-ઉપનિપાત છે. ત્રીજા અયનગત ચંદ્ર પશ્ચિમ ભાગમાં પ્રવેશે છે. બાહ્ય અનંતરના પૂર્વના ભાગમાં વર્તતો પાશ્ચાત્ય અર્ધમંડલના - ૪૧/૬૭ ભાગો વર્તે છે, જેમાં ચંદ્ર પોતાના અને બીજાના ચીર્ણ ક્ષેત્રને પ્રતિચરે છે. ૧૩/૬૭ ભાગો જે ચંદ્ર બીજાએ ચરેલને પ્રતિચરે છે. બીજા ૧૩/૬૭ ભાગો જે ચંદ્ર સ્વયં કે અન્યએ ચીર્ણ ક્ષેત્રને પ્રતિચરે છે.



આટલા પરિભ્રમણથી બાહ્ય અનંતર પૂર્વના પાશ્ચાત્ય અર્ધમંડલને પરિસમાપ્ત કરે છે.

ત્યારપછી તેમાં જ તૃતીય અયનગત ચંદ્ર પૂર્વભાગમાં પ્રવેશે છે. સર્વ બાહ્યથી પૂર્વના ત્રીજા અર્ધમંડલના ૪૧/૬૭ ભાગો, જેમાં ચંદ્ર પોતાના કે બીજાના ચીર્ણને પ્રતિચરે છે.

ત્યારપછી બીજા તેર ભાગો, જેમાં ચંદ્ર બીજાએ જ ચીર્ણ ક્ષેત્રને પ્રતિચરે છે અને અન્યમાં તે તેર ભાગો, જેમાં ચંદ્ર સ્વયં અને બીજા વડે ચીર્ણને પ્રતિચરે છે.

આટલા સર્વ બાહ્ય મંડલથી પૂર્વેના તૃતીય પૂર્વ દિશાના અર્ધમંડલને પરિસમાપ્ત કરે છે. કેમકે સડસઠે પણ ભાગોને પરિપૂર્ણપણે થઈ ગયેલ હોવાથી કહેલ છે.

પછી તેમાં જ ત્રીજા અયનગત ચંદ્રમાં પશ્ચિમ ભાગમાં પ્રવેશે છે - સર્વ બાહ્ય મંડલથી પૂર્વેના ચોથા પાશ્ચાત્યના અર્ધ મંડલના આઠ-સડસઠાંશ ભાગો અને તેમાંના એક-સડસઠાંશ ભાગને એકત્રીશ વડે છેદીને તેના હોવાથી અઢાર ભાગો વર્તે છે - તેમાં ચંદ્ર પોતાના કે બીજાના ચીર્ણને પ્રતિચરે છે.

આટલા પરિભ્રમણથી ચંદ્રમાસ પરિપૂર્ણ થાય છે.

હવે પૂર્વોક્ત જ સ્મરતા ચંદ્રમાસગત ઉપસંહાર કહે છે — એ રીતે — ઉક્ત પ્રકારથી નિશ્ચિત ચાંદ્રમાસથી ચંદ્ર ૧૩-ચોપનથી થાય છે, બે અને તેર, જેમાં ચંદ્ર બીજા વડે ચીર્ણ પ્રતિચરે છે. અહીં વર્તમાનકાળનો નિર્દેશ સર્વકાળ યુગના પહેલાં ચાંદ્રમાસ. આ રીતે જ કહેવું, તે જાણવા માટે છે.

તેમાં તે પણ ચોપન હોવાથી બીજા અયનમાં, તેમાં પણ સાત-પચાશથી પૂર્વભાગમાં, છ પાશ્ચાત્ય ભાગમાં, જે બે - તેર, તે દ્વિતીય અયનની ઉપર ચંદ્રમાસની અવધિની પૂર્વે જાણવા.

તેમાં એક-તેરશ સર્વ બાહ્યથી પૂર્વે દ્વિતીય પાશ્ચાત્યમાં અર્ધમંડલમાં, દ્વિતીય પૂર્વમાં ત્રીજા અર્ધમંડલમાં તથા તેર-તેરમાં - જેમાં ચંદ્ર પોતાના ચીર્ણને જ પ્રતિચરે છે.

— આ બધાં પણ દ્વિતીય અયનમાં જાણવા.

— તેમાં પણ સાત પૂર્વ ભાગમાં અને સાત પશ્ચિમ ભાગમાં

તથા બે - એકતાલીશ અને બે તેરવાળા આઠ-સડસઠાંશ ભાગો અને એક-સડસઠાંશ ભાગમાં એકત્રીશ વડે છેદીને, તેના હોવાથી અઢાર ભાગો, જેમાં આ ચંદ્ર પોતાના અને બીજાના ચીર્ણક્ષેત્રને પ્રતિચરે છે.

તેમાં એકતાલીશ તથા એક-તેર, બીજા અયન ઉપર સર્વબાહ્ય મંડલની પૂર્વે બીજા પાશ્ચાત્ય અર્ધમંડલમાં બીજા એકતાલીશના હોતા, બીજા-તેર, સર્વ બાહ્ય મંડલની પૂર્વે, ત્રીજા પૂર્વમાં બાકીના પાશ્ચાત્યમાં સર્વ બાહ્યથી પૂર્વના ચોથા અર્ધમંડલમાં, હવે ઉપસંહારને કહે છે —

એ પ્રમાણે આ ચંદ્રમાની સંસ્થિતિ એ પ્રમાણે યોગ કહેલો છે. શું વિશિષ્ટ છે, તે કહે છે —

[હવે આ શબ્દોની વ્યાખ્યા કહે છે –]

[illegible] સર્વ બાહ્ય મંડલથી અભ્યંતર પ્રવેશન, [illegible] સર્વ અભ્યંતર મંડલથી બહાર ગમન, [illegible] ચંદ્રમાનો પ્રગટતામાં ઉપચય. [illegible] યથોક્ત સ્વરૂપ વૃદ્ધિ અભાવ. આના વડે અનવસ્થિત - સંસ્થાન, અભિગમન નિષ્ક્રમણને આશ્રીને અનવસ્થાન, વૃદ્ધિ, નિર્વૃદ્ધિની અપેક્ષાથી સંસ્થાન - આકાર જેનો છે, તે તથારૂપ સંસ્થિતિ, તથા પરિદૃશ્યમાન ચંદ્ર વિમાનના અધિષ્ઠાતા વિકુર્વણ ઋદ્ધિ-પ્રાપ્ત, [illegible] રૂપવાન્, - x - ચંદ્ર દેવ કહેવો - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૩-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**





## ❁ પ્રાભૃત-૧૪ ❁

– – x – – x – –

૦ એ પ્રમાણે તેરમું પ્રાભૃત કહ્યું. હવે ચૌદમું કહે છે. તેનો આ અર્થાધિકાર છે. જેમકે – “ક્યારે જ્યોત્સ્ના પ્રભૂત થાય છે” તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે –

**● સૂત્ર-૧૧૦ :-**

*ક્યારે તે જ્યોત્સ્ના [ચંદ્ર પ્રકાશ] ઘણો કહેલ છે, તે કહેવું ? તે જ્યોત્સના [શુક્લ] પક્ષમાં જ્યોત્સ્ના ઘણી હોય તેમ હેલ છે એવું કહેવું ? તે અંધકાર (કૃષ્ણ) પક્ષ કરતાં જ્યોત્સ્ના ઘણી હોય તેમ કહેલ છે, એમ કહેવું ? શું તે અંધકાર પક્ષથી જ્યોત્સના પક્ષમાં જ્યોત્સ્ના [ચંદ્રપ્રકાશ] ઘણો હોય તેમ કહેલ છે, એવું [સ્વશિષ્યોને] કહેવું ? [ત્યારે કહે છે –]*

*અંધકાર [કૃષ્ણ] પક્ષથી જ્યોત્સ્ના [શુક્લ] પક્ષમાં ગમન કરતો ચંદ્ર ૪૪૨ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૧૪૬/૬૨ ભાગમાં, જેમાં ચંદ્ર વિરક્ત થાય છે. તે આ રીતે –*

*પહેલા દિવસે પહેલો ભાગ, બીજા દિવસે બીજો ભાગ યાવત્ પંદરમાં દિવસે પંદરમો ભાગ, એ પ્રમાણે નિશ્ચે અંધકાર પક્ષથી જ્યોત્સ્ના પક્ષમાં જ્યોત્સ્ના અધિક કહેલી છે.*

*જ્યોત્સ્ના પક્ષમાં તે જ્યોત્સ્ના કેટલી અધિક કહેલી છે તેમ કહેવું ? તે પરિત્ત અસંખ્ય ભાગ છે.*

*તે અંધકારમાં કેટલો અધિક કહેલ છે, તેમ કહેવું ? તે અંધકાર પક્ષમાં ઘણો અંધકાર કહેલ છે.*

*તે અંધકાર પક્ષમાં અંધકાર કેટલો અધિક કેટલો છે, તેમ કહેવું ? તે જ્યોત્સ્ના પક્ષથી અંધકાર પક્ષમાં અંધકાર અધિક કહેલ છે, તેમ [સ્વ શિષ્યોને] કહેવું.*

*તે જ્યોત્સ્ના પક્ષથી અંધકાર પક્ષ અંધકારમાં કેટલો અધિક કહેલ છે, તેમ કહેવું ? તે જ્યોત્સ્ના પક્ષથી અંધકાર પક્ષમાં ગમન કરતો ચંદ્ર ૪૪૨ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૧૪૬/૬૨ ભાગમાં જ્યાં ચંદ્ર રંજિત થાય છે, તે આ પ્રમાણે –*

*પ્રથમ દિવસે પ્રથમ ભાગ, બીજે દિવસે બીજો ભાગ યાવત્ પંદરમાં દિવસે પંદરમો ભાગ.*

*એ પ્રમાણે નિશ્ચે જ્યોત્સ્ના પક્ષથી અંધકારપક્ષમાં અંધકાર અધિક કહેલો છે, તેમ કહેવો.*

*તે કેટલાં અંધકારપક્ષમાં અંધકાર કહેલ છે, તેમ કહેવું ? પરિત્ત, અસંખ્યાત ભાગમાં.*

**● વિવેચન-૧૧૦ :-**

ક્યા કાળે ભગવન્ ! આપે જ્યોત્સ્ના ઘણી કહેલી છે, તેમ કહેવું ? ભગવંતે

કહ્યું - X - જ્યોત્સ્ના પક્ષમાં જ્યોત્સ્ના અધિક કહેલ છે, તેમ કહેવું.

કયા પ્રકારે ભગવન્ ! આપે જ્યોત્સ્ના અધિક છે તેવું કહેલ છે, એમ કહેવું ? ભગવંતે કહ્યું — અંધકાર૦ ઈત્યાદિ સુગમ છે. ફરી પણ પ્રશ્નસૂત્ર કહ્યું તે સિદ્ધ છે.

તે પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે — ઈત્યાદિ - X - અંધકાર પક્ષથી જ્યોત્સ્ના પક્ષમાં ગમન કરતો ચંદ્ર ચારસો બેંતાલીશ મુહૂર્ત અને એક મુહૂર્તના છેંતાલીશ બાસઠાંશ ભાગોને યાવત્ જ્યોત્સ્ના નિરંતર વધે છે.

તેથી કહે છે — જેટલામાં જે ચંદ્ર વિરક્ત થાય છે - ધીમે ધીમે રાહુ વિમાન વડે અનાવૃત્ત સ્વરૂપનો થાય છે, મુહૂર્ત સંખ્યા ગણિત ભાવના પૂર્વવત્ કરવી.

કઈ રીતે અનાવૃત્ત થાય છે, એ પ્રમાણે હવે કહે છે — તે આ પ્રમાણે - એકમરૂપ તિથિમાં પહેલાં પંદર-બાસઠાંશ ભાગ અર્થાત્ ચતુષ્ટ્ય પ્રમાણ સુધી અનાવૃત્ત થાય છે.

દ્વિતીયા-બીજ તિથિમાં બીજો ભાગ યાવત્ એ પ્રમાણે ત્યાં સુધી જાણવું, જ્યાં સુધી પંદરમી તિથિમાં પંદરમો ભાગ સુધી અનાવૃત્ત થાય છે. અર્થાત્ સર્વથા રાહુ વિમાનથી અનાવૃત્ત થાય છે, તેમ કહેવા માંગે છે. ઉપસંહારમાં કહે છે —

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી નિશ્ચિત અંધકાર પક્ષથી જ્યોત્સ્ના પક્ષમાં જ્યોત્સ્ના અધિક કહેલ છે.

અહીં આ ભાવના છે - શુક્લ પક્ષમાં જેમ એકમરૂપ પહેલી તિથિથી આરંભીને, પ્રતિમુહૂર્ત સુધી ધીમે ધીમે ચંદ્ર પ્રગટ થાય છે, તથા અંધકાર પક્ષમાં એકમની પહેલી ક્ષણથી આરંભીને પ્રતિમુહૂર્ત તેટલું માત્ર - તેટલું માત્ર ધીમે-ધીમે ચંદ્ર આવૃત્ત થાય. તેથી જેટલી અંધકાર પક્ષમાં જ્યોત્સ્ના, તેટલી જ શુક્લ પક્ષમાં પણ પ્રાપ્ત થાય. પરંતુ શુક્લ પક્ષમાં જે પંદરમી જ્યોત્સ્ના, તે અંધકાર પક્ષથી અધિક અને અંધકાર પક્ષથી શુક્લ પક્ષમાં જ્યોત્સ્ના અધિક છે, તેમ કહેવું.

કેટલાં જ્યોત્સ્ના પક્ષમાં જ્યોત્સ્ના કહી છે ? ભગવંતે કહ્યું — પરિમિત અને અસંખ્યાત ભાગ નિર્વિભાગ. એ પ્રમાણે અંધકાર સૂત્રો પણ ઉક્તાનુસાર કહેવા. વિશેષ એ - અંધકાર પક્ષમાં અમાવાસ્યામાં જે અંધકાર છે, તે જ્યોત્સ્ના પક્ષથી અધિક છે. જ્યોત્સ્ના પક્ષથી અંધકાર અધિક કહેવો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૪નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



# ❀ પ્રાભૃત-૧૫ ❀

— X — X —

૦ એ પ્રમાણે ચૌદમું પ્રાભૃત કહ્યું. હવે પંદરમું આરંભે છે - તેનો આ અર્થાધિકાર છે - જેમકે — "કેટલા શીઘ્રગતિ કહેલ છે ભગવન્ !" એ રીતે તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

**● સૂત્ર-૧૧૧ :-**

***ભગવન્ ! કઈ રીતે શીઘ્રગતિ વસ્તુ કહેલી છે, તેમ કહેવું ? તે આ ચંદ્ર-સૂર્ય-ગ્રહગણ-નક્ષત્ર-તારારૂપમાં ચંદ્ર કરતાં સૂર્ય શીઘ્રગતિ, સૂર્ય કરતાં ગ્રહો શીઘ્રગતિ, ગ્રહો કરતાં નક્ષત્રો શીઘ્રગતિ, નક્ષત્રો કરતાં તારાઓ શીઘ્રગતિ છે. સર્વ અલ્પ ગતિક ચંદ્ર, સર્વ શીઘ્રગતિક તારા છે.***

***તે એક-એક મુહૂર્તથી ચંદ્ર કેટલાં સો ભાગ થાય છે ? તે જે-જે મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તેના-તેના મંડલ પરિક્ષેપના ૧૭૬૮ ભાગ જાય છે, તે ૧,૦૯,૮૦૦ને છેદીને.***

***તે એક-એક મુહૂર્તથી સૂર્ય કેટલાં સો ભાગ જાય છે. તે જે-જે મંડલને સંક્રમીને ચાર ચરે છે. તે-તે મંડલ પરિક્ષેપના ૧૮૩૦ ભાગ જાય છે. ૧,૦૯,૮૦૦ મંડલને છેદીને.***

***તે એક-એક મુહૂર્તમાં નક્ષત્ર કેટલાં સો ભાગ જાય છે ? તે જે-જે મંડલમાં સંક્રમીને ચાર ચરે છે, તે-તે મંડલના પરિક્ષેપના ૧૮૩૫ ભાગ જાય છે. ૧,૦૯,૮૦૦ મંડલને છેદીને.***

**● વિવેચન-૧૧૧ :-**

કઈ રીતે ભગવન્! આપે ચંદ્ર-સૂર્ય આદિ વસ્તુ શીઘ્ર ગતિ કહેલ છે? ભગવંતે કહ્યું - X - આ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા પાંચેમાં ચંદ્રથી સૂર્ય શીઘ્રગતિ છે, સૂર્યોથી ગ્રહો શીઘ્રગતિક છે. ગ્રહોથી નક્ષત્ર શીઘ્રગતિક છે, નક્ષત્રોથી તારા શીઘ્રગતિક છે.

તેથી આ પાંચેની મધ્યમાં સર્વ અલ્પગતિક ચંદ્ર છે, અને સર્વ શીઘ્રગતિક તારાઓ છે.

આ જ અર્થને સવિશેષ જાણવાને માટે પ્રશ્ન કરે છે — - X - એક એક મુહૂર્ત વડે ચંદ્ર કેટલાં મંડલના સો ભાગ જાય છે ? ભગવંતે કહ્યું - X - જે-જે મંડલમાં સંક્રમીને ચંદ્ર ચાર ચરે છે, તે તે મંડલના સંબંધી પરિક્ષેપ-પરિધિના ૧૭૮૮ ભાગો જાય છે. મંડલ-મંડલ પરિક્ષેપને ૧,૦૯,૮૦૦ વડે છેદીને.

અહીં ભાવના આ છે. — અહીં પહેલાં ચંદ્રમાનો મંડલ કાળ નિરૂપિત કરવો. ત્યારપછી તદ્નુસાર મુહૂર્તગતિ પરિમાણ ભાવના કરવી. તેમાં મંડલ કાલ નિરૂપણાર્થે આ ત્રિરાશિ છે —

જો ૧૭૬૮ વડે સર્વ યુગવર્તી અર્ધમંડલો વડે ૧૮૩૦ અહોરાત્ર પ્રાપ્ત થાય, તો બે

અર્ધમંડલો વડે અર્થાત્ એક મંડલથી કેટલાં અહોરાત્ર પ્રાપ્ત થાય છે ?

ત્રણ રાશિ સ્થાપના - ૧૭૬૮/૧૮૩૦/૨. અહીં અંત્ય રાશિ બે - સંખ્યા વડે મધ્યરાશિને ગુણવી, તેનાથી આવશે - ૩૬૬૦. તેમાં આદ્ય રાશિ વડે ભાગ દેવામાં આવતા, પ્રાપ્ત થશે બે અહોરાત્ર અને શેષ રહેશે - એકસો ચોવીશ. [૧૨૪]

તેમાં એકૈક અહોરાત્રમાં ૩૦-મુહૂર્તો છે, તેથી તેને ૩૦-વડે ગુણતાં આવશે-૩૭૨૦. તેમાં ૧૭૬૮ વડે ભાગ દેવાતા, પ્રાપ્ત થશે-બે મુહૂર્તો. ત્યારપછી —

બાકી છેદ્યરાશિ અને છેદક રાશિઓની અષ્ટકથી અપવર્તના કરતાં છેદ્ય રાશિ-૨૩, છેદક રાશિ-૨૨૧ થતાં, આવેલ એક મુહૂર્ત્તના બસો એકવીસ-તેવીશ ભાગ.

આટલા કાળથી બે અર્ધમંડલ પરિપૂર્ણ ચરે છે. અર્થાત્ આ કાળથી પરિપૂર્ણ એક મંડલ ચંદ્ર ચરે છે.

એ પ્રમાણે મંડલકાળ પરિજ્ઞાન કર્યું. હવે તેના અનુસાર મુહૂર્ત્તગતિ પરિમાણને વિચારીએ —

તેમાં જે બે અહોરાત્ર, તેના મુહૂર્ત્ત કરવાને ૩૦ વડે ગુણીએ, તેથી આવશે-૬૦ મુહૂર્તો. તેથી ઉપરના બે મુહૂર્તો ઉમેરતા થશે - ૬૨. તેને સવર્ણનાર્થે ૨૨૧ વડે ગુણીએ. ગુણીને ઉપરની સંખ્યામાં ૨૩-ઉમેરીએ, તેથી આવશે-૧૩૭૨૫.

આ એક મંડલકાલગત મુહૂર્ત્તથી ૨૨૧ ભાગનું પરિમાણ કહ્યું. તેથી ત્રૈરાશિક કર્મ અવસરમાં - જો ૧૩૭૨૫ વડે ૨૨૧ ભાગોના મંડલ ભાગ ૧,૦૯,૮૦૦ પ્રાપ્ત થાય, તો એક મુહૂર્ત્ત વડે કેટલાં થાય ? ત્રણ રાશિની સ્થાપના - ૧૩૭૨૫/૧૦૯૮૦૦/૧.

અહીં આદ્ય રાશિ મુહૂર્ત્તગત ૨૨૧-ભાગ રૂપ છે, તેથી તેના સવર્ણનાર્થે અંત્ય રાશિ ‘‘એક’’ને ૨૨૧ વડે ગુણીએ. તેથી પ્રાપ્ત થશે - ૨૨૧ x ૧ = ૨૨૧.

ઉક્ત સંખ્યા વડે મધ્ય રાશિને ગુણીએ. તેથી પ્રાપ્ત સંખ્યા આવશે - ૨,૪૨,૬૫,૮૦૦. તેને ૧૩,૭૨૫ વડે ભાગ દેવામાં આવે તો પ્રાપ્ત સંખ્યા આવશે - ૧૭૬૮.

આટલા ભાગો આ કે તે મંડલમાં ચંદ્ર એક મુહૂર્ત્તથી જાય છે. - x - એક એક મુહૂર્ત્તથી સૂર્ય કેટલા સો ભાગ જાય છે? ભગવંતે કહ્યું - x - તે જે-જે મંડલમાં સંક્રમીને સૂર્ય ચાર ચરે છે, તે - તે મંડલ સંબંધી પરિક્ષેપ-પરિધિના ૧૮૩૦ ભાગ અધિક જાય છે. તે મંડલને ૧,૦૯,૮૦૦ વડે છેદીને જાય છે. આ કઈ રીતે જાણવું? તે કહે છે —

ત્રૈરાશિક બળથી જાણવું. તે આ રીતે — જો ૬૦ મુહૂર્ત્ત વડે ૧,૦૯,૮૦૦ મંડલ ભાગો પ્રાપ્ત થાય છે, તો એક મુહૂર્ત્ત વડે કેટલાં ભાગો પ્રાપ્ત થાય છે ? ‘‘એક વડે ગુણવાથી તે જ થાય છે’’ એ વચનથી, તેથી તેની આદ્ય રાશિ વડે ‘‘૬૦’’ સંખ્યાથી ભાગ દેવો અને મધ્ય રાશિ - ૧,૦૯,૮૦૦ને ગુણવા અર્થાત્ ૧,૦૯,૮૦૦ x ૧ ૬૦, તેથી આવશે - ૧૮૩૦.

આટલા મંડલના ભાગોમાં સૂર્ય એકૈક મુહૂર્ત્તથી જાય છે.

એક-એક મુહૂર્ત્ત વડે મંડલના કેટલા ભાગે નક્ષત્ર જાય છે ? ભગવંતે કહ્યું — જે



જે પોતાના કાળ પ્રતિનિયત મંડલને સંક્રમીને ચાર ચરે છે, તે - તે પોતાના મંડલ સંબંધી પરિધિથી - ૧૮૩૫ ભાગ તે જા છે. (કેવી રીતે ?) ૧,૦૯,૮૦૦ વડે મંડલને છેદીને જાય. અહીં પણ પહેલો મંડલકાળ નિરૂપિત કર્યો. કેમકે તદનુસારથી જ મુહૂર્ત્તગતિ પરિમાણ ભાવના છે.

તેમાં મંડલકાળ પ્રમાણ વિચારણામાં આ ત્રિરાશિ જાણવી. જો ૧૮૩૫ વડે સકલ યુગ ભાવિ અર્ધમંડલથી ૧૮૩૦ અહોરાત્રોની પ્રાપ્તિ થાય છે, તો બે અર્ધમંડલો વડે - એકૈક પરિપૂર્ણ મંડલથી કેટલા અહોરાત્રની પ્રાપ્તિ થાય ?

ત્રણ રાશિ સ્થાપના - ૧૮૩૫/૧૮૩૦/૨. અહીં અંત્ય રાશિ વડે મધ્ય રાશિને ગુણતાં પ્રાપ્ત સંખ્યા થશે - ૧૮૩૦ x ૨ = ૩૬૬૦. પછી આદ્ય રાશિ - ૧૮૩૫ - વડે ભાગ દેવામાં આવે તો - ૩૬૬૦ ૧૮૩૫ એટલે આવશે - એક અહોરાત્ર, શેષ વધે છે - ૧૮૨૫.

ત્યારપછી તેના મુહૂર્ત્ત લાવવાને માટે આ ૧૮૨૫ને ૩૦ વડે ગુણીએ - ૧૮૨૫ x ૩૦ = પ્રાપ્ત સંખ્યા થશે - ૫૪૭૫૦. આ સંખ્યાને ૧૮૩૫ ભાગ વડે ભાગ દેતા આવશે - ૨૯ મુહૂર્તો.

ત્યારપછી શેષ રહેલ છેદ્ય-છેદક રાશિઓને પાંચ વડે અપવર્તના કરવી, તેથી ઉપરની રાશિ આવશે - ૩૦૭ અને આ છેદ્ય રાશિની છેદક રાશિ આવશે - ૩૬૭.

ત્યારે આવેલ એક અહોરાત્ર અને એક અહોરાત્રના ૨૯ મુહૂર્તો અને એક મુહૂર્ત્તના ત્રણસો સાત - ત્રણસો સડસઠાંશ. અર્થાત્ - ૧/૨૯/ ૩૦૭/૩૬૭ થશે.

અહીં આ સંખ્યા રાશિ અનુસાર મુહૂર્ત્ત ગતિ પરિમાણની વિચારણા કરીએ. તેમાં અહોરાત્રના ૩૦ મુહૂર્તો થાય છે. તેમાં ઉપરની રાશિમાં ૩૧-મુહૂર્તો ઉમેરીએ, તેથી આવશે - ૫૯ મુહૂર્તો. પછી તે સંખ્યાના સવર્ણનાર્થે ૩૬૭ વડે ગુણીએ. ૫૯ x ૩૬૭ = ૨૧૬૫૩ આવશે. આ ઉપરની સંખ્યા - ૨૧૬૫૩માં ૩૦૭ ઉમેરવામાં આવે તો પ્રાપ્ત સંખ્યા થશે-૨૧૯૬૦.

ત્યારપછી ત્રૈરાશિક ગણિત કરીએ - જો મુહૂર્ત્તગત-૩૬૭ ભાગોના ૨૧૯૬૦ વડે ૧,૦૯,૮૦૦ મંડલ ભાગો પ્રાપ્ત થાય છે, તો એક મુહૂર્ત્ત વડે કેટલાં પ્રાપ્ત થાય ?

રાશિ ત્રણની સ્થાપના - ૨૧૯૬૦/૧૦૯૮૦૦/૧. અહીં આદ્ય રાશિ મુહૂર્ત્તગત ૩૬૭ ભાગ રૂપ છે. તેથી અંત્ય રાશિને પણ ૩૬૭ વડે ગુણીએ, તેથી ૩૬૭ x ૧ = ૩૬૭ આવશે. આવેલ ૩૬૭ વડે મધ્ય રાશિ ૧,૦૯,૮૦૦ને ગુણવામાં આવતા - ૧,૦૯,૮૦૦ x ૩૬૭ કરતાં - ૪,૦૨,૯૬,૬૦૦. [ચાર કરોડ, બે લાખ, છન્નુ હજાર છસો] તેને આદ્ય રાશિ ૧,૦૯,૮૦૦ [એક લાખ નવ હજાર આઠસો] વડે ભાગ દેવાતા પ્રાપ્ત થશે. ૧૮૩૫. [૪,૦૨,૯૬,૬૦૦ - ૧,૦૯,૮૦૦ = ૧૮૩૫] આટલો ભાગ નક્ષત્ર પ્રતિ મુહૂર્ત્ત જાય છે.

એ પ્રમાણે જે કારણે ચંદ્ર આ કે તે મંડલમાં એકૈક મુહૂર્ત્તથી મંડલ પરિક્ષેપના ૧૭૬૮ ભાગ જાય છે. સૂર્ય ૧૮૩૦ ભાગ જાય છે, નક્ષત્ર ૧૮૩૫ ભાગ જાય છે. તેથી ચંદ્ર કરતાં સૂર્ય શીઘ્રગતિ છે, સૂર્ય કરતાં શીઘ્રગતિ નક્ષત્રો છે, ગ્રહો વક્રાનુવક્રાદિ

ગતિ ભાવથી અનિયતગતિ પ્રસ્થાન હોવાથી તેની ઉક્ત પ્રકારે ગતિ પ્રમાણ પ્રરૂપણા કરેલી નથી. કહ્યું છે કે –

(૧) ચંદ્રથી શીઘ્રતર સૂર્ય હોય છે, સૂર્યથી શીઘ્રતર હોય છે - નક્ષત્ર, અનિયતગતિ પ્રસ્થાના બાકીના બધાં ગ્રહો હોય છે. [તેમ જાણવું.]

(૨) મુહૂર્ત્તના ૧૮૩૫ ભાગ નક્ષત્ર જાય છે અને ચંદ્ર મુહૂર્ત્તના ૧૭૬૮ ભાગ જાય છે.

(૩) ૧૮૩૦ ભાગ મુહૂર્ત્તથી સૂર્ય જાય છે, નક્ષત્ર સીમછેદ તે પણ અહીં જાણવો જોઈએ.

આ ત્રણે ગાથા સુગમ છે. વિશેષ એ કે – નક્ષત્ર સીમા છેદ, તે જ અહીં પણ જાણવો જોઈએ. એમ કેમ કહ્યું ? અહીં પણ મંડલ-૧,૦૯,૮૦૦ વડે વિભક્ત કરવું.

હવે ઉક્ત સ્વરૂપ જ ચંદ્ર-સૂર્ય-નક્ષત્રોના પરસ્પર મંડલ ભાગ વિષયને વિશેષથી નિર્ધારિત કરે છે –

● સૂત્ર-૧૧૨ :-

*જ્યારે ચંદ્ર ગતિ સમાપન્નક હોય, ત્યારે સૂર્ય ગતિ સમાપન્નક હોય છે, તે ગતિ માત્રાથી કેટલા વિશેષ હોય ? તે બાસઠ ભાગથી વિશેષ હોય.*

*જ્યારે ચંદ્ર ગતિ સમાપન્નક હોય ત્યારે નક્ષત્ર ગતિ સમાપન્નક હોય છે, તે ગતિમાત્રાથી કેટલા વિશેષ હોય ? તે સડસઠ ભાગથી વિશેષ હોય.*

*જ્યારે સૂર્ય ગતિ સમાપન્નક હોય ત્યારે નક્ષત્ર પણ ગતિ સમાપન્નક હોય છે, તો તે ગતિમાત્રાથી કેટલા વિશેષ હોય ? તે પાંચ ભાગ વિશેષ હોય.*

*જ્યારે ચંદ્ર ગતિ સમાપન્નક હોય, ત્યારે અભિજિત નક્ષત્ર ગતિ સમાપન્નક થઈ પૂર્વ ભાગથી યોગ કરે છે, પૂર્વ ભાગથી યોગ કરતાં નવ મુહૂર્ત્ત અને એક મુહૂર્ત્તના ૨૭/૬૭ ભાગ ચંદ્ર સાથે યોગ કરે છે, યોગ કરતાં, યોગ અનુપરિવર્તીત કરે છે, યોગ અનુપરિવર્તિત કરીને તેને છોડે છે, પછી વિગત યોગી થાય છે.*

*જ્યારે ચંદ્ર ગતિસમાપન્નક હોય, ત્યારે શ્રમણ નક્ષત્ર ગતિસમાપન્નક થઈ, પૂર્વ ભાગથી યોગ કરે છે, પૂર્વ ભાગથી યોગ કરતાં ૩૦ મુહૂર્ત ચંદ્ર સાથે યોગ કરે છે, યોગ કરીને યોગને અનુપરિવર્તીત કરે છે, યોગને અનુપરિવર્તીત કરીને તેને છોડે છે, વિગત યોગી થાય છે.*

*એ પ્રમાણે આ અભિલાપથી જાણવું - પંદર મુહૂર્તો, ત્રીશ મુહૂર્તો, પીસ્તાળીશ મુહૂર્તો ઉત્તરાષાઢા પર્યન્ત કહેવા.*

*જ્યારે ચંદ્ર ગતિ સમાપન્નક હોય ત્યારે ગ્રહો ગતિ સમાપન્નક હોય છે, તે પૂર્વ ભાગથી યોગ કરે છે, પૂર્વ ભાગથી યોગ કરીને ચંદ્રની સાથે યોગથી જોડાય છે, જોડાઈને યોગને અનુપરિવર્તિત કરે છે, અનુપરિવર્તિત કરીને તેને છોડે છે. પછી યોગરહિત થઈ જાય છે.*



*જ્યારે સૂર્ય ગતિ સમાપન્નક હોય ત્યારે અભિજિત્ નક્ષત્ર ગતિ સમાપન્નક થઈ પૂર્વના ભાગથી યોગ કરે છે, પૂર્વના ભાગથી યોગ કરીને ચાર અહોરાત્ર અને છ મુહૂર્ત્ત સૂર્ય સાથે યોગ જોડે છે, જોડીને યોગને અનુપરિવર્તિત કરે છે, કરીને તેને છોડે છે, યોગરહિત થાય છે.*

*એ પ્રમાણે અહોરાત્ર છ અને એકવીશ મુહૂર્ત્ત, તેર અહોરાત્ર અને બાર મુહૂર્ત્ત, વીશ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત્ત બધું કહેવું યાવત્ જ્યારે સૂર્ય ગતિસમાપન્નક હોય ત્યારે ઉત્તરાષાઢા નક્ષત્ર ગતિસમાપન્નક થઈ પૂર્વના ભાગથી યોગ કરે છે. પૂર્વના ભાગથી યોગ કરીને ૨૦ અહોરાત્ર અને ત્રણ મુહૂર્ત્ત સૂર્યની સાથે યોગ જોડે છે, યોગ જોડીને યોગને અનુપરિવર્તિત કરે છે. યોગ અનુપરિવર્તિત કરીને છોડે છે - છોડે છે - છોડે છે અને યોગરહિત પણ થઈ જાય છે.*

*જ્યારે સૂર્ય ગતિસમાપન્નક હોય ત્યારે નક્ષત્ર [ગ્રહ] ગતિ સમાપન્નક થાય છે, પૂર્વના ભાગથી યોગ કરે છે, પૂર્વ ભાગે યોગ કરીને સૂર્યની સાથે યોગ જોડે છે, જોડીને યોગને અનુપરિવર્તિત કરે છે, અનુપરિવર્તિત કરીને યાવત્ છોડે છે, અને યોગરહિત થઈ જાય છે.*

● વિવેચન-૧૧૨ :-

જ્યારે ચંદ્ર ગતિસમાપન્ન અપેક્ષાથી સૂર્ય ગતિ સમાપન્ન વિવક્ષિત હોય છે. અહીં શું કહેવા માંગે છે? પ્રતિમુહૂર્ત્ત ચંદ્રગતિની અપેક્ષાથી સૂર્યગતિ વિચારે છે, ત્યારે સૂર્યગતિ માત્રા વડે - એક મુહૂર્ત્તગત ગતિ પરિણામથી કેટલો ભાગ વિશેષ છે? એક મુહૂર્ત્ત વડે ચંદ્ર આક્રમિત ભાગથી કેટલા અધિક ભાગોને સૂર્ય આક્રમે છે, તેવું કહેવાનો ભાવ છે.

ભગવંતે કહ્યું – બાસઠ ભાગોને વિશેષિત કરે છે. તે આ રીતે – ચંદ્ર એક મુહૂર્ત્ત વડે - ૧૭૬૮ ભાગ જાય છે. જ્યારે સૂર્ય ૧૮૩૦ ભાગ જાય છે. તેથી બાસઠ ભાગ પરસ્પર વિશેષ થાય છે. [૧૮૩૦-૧૭૬૮ = ૬૨]

જ્યારે ચંદ્ર ગતિ સમાપન્ન અપેક્ષાથી નક્ષત્ર ગતિ સમાપન્ન વિવક્ષિત હોય છે, ત્યારે નક્ષત્ર ગતિમાત્રથી - એક મુહૂર્ત્ત ગતિ પરિમાણથી કેટલો વિશેષિત કરે છે ? ચંદ્ર આક્રમિત ભાગ વડે કેટલાં ભાગ અધિક આક્રામે છે, તે ભાવ છે.

ભગવંત કહે છે - ૬૭ ભાગ. નક્ષત્ર એક મુહૂર્ત્ત વડે ૧૮૩૫ ભાગ જાય છે, ચંદ્ર પણ ૧૭૬૮ ભાગ જાય છે. તેથી ૬૭ ભાગ એ રીતે વિશેષ કહ્યા. [૧૮૩૫-૧૭૬૮]

પ્રશ્ન સૂત્ર પૂર્વવત્ કહેવું, ઉત્તરમાં ભગવંત કહે છે – તે પાંચ ભાગોને વિશેષિ કરે છે - સૂર્ય આક્રાંત ભાગ કરતાં નક્ષત્ર આક્રાંત ભાગો પાંચ વડે અધિક છે. તે આ રીતે –

સૂર્ય એક મુહૂર્ત્તમાં ૧૮૩૦ ભાગ જાય છે, નક્ષત્ર ૧૮૩૫ ભાગ જાય છે, તેથી પરસ્પર પાંચ ભાગ વિશેષ કહ્યા.

જ્યારે - x - ચંદ્ર ગતિ સમાપન્ન અપેક્ષાથી અભિજિત્ નક્ષત્ર ગતિસમાપન્ન

થાય છે, ત્યારે પૂર્વના ભાગથી પહેલાંથી અભિજિત્ નક્ષત્ર ચંદ્રમા સાથે યોગ કરે છે અને તે પૂર્વવત્ કહેવું. યોગ કરીને નવ મુહૂર્ત અને દશમાં મુહૂર્તના ૨૭/૬૭ ભાગોને ચંદ્ર સાથે યોગ જોડે છે - કરે છે. આ પણ પૂર્વે કહેલ જ છે. એ પ્રમાણે પ્રમાણ કાળ યોગ કરીને પર્યન્ત સમયમાં યોગને અનુપરિવર્તિત કરે છે, અર્થાત્ શ્રવણ નક્ષત્રને યોગ સમર્પિત કરે છે. પછી યોગને પરાવર્તિત કરીને પોતાની સાથેથી યોગને છોડે છે.

બીજું કેટલું કહીએ ? યોગરહિતપણ થાય છે.

જ્યારે ચંદ્ર ગતિસમાપન્ન અપેક્ષાથી શ્રવણ નક્ષત્ર ગતિસમાપન્ન હોય છે, ત્યારે તે શ્રવણનક્ષત્રને પ્રથમથી પૂર્વના ભાગથી - પૂર્વ ભાગ વડે ચંદ્રનો યોગ કરે છે. સમાસાદિત થઈ ચંદ્ર સાથે સાર્ધ ત્રીશ મુહૂર્તો યાવત્ યોગ જોડે છે. એટલા પ્રમાણ કાળને યાવત્ યોગ યુક્તિ વડે પર્યન્ત સમયે યોગને અનુપરિવર્તિત કરે છે, અર્થાત્ ધનિષ્ઠા નક્ષત્રના યોગને સમર્પણ કરવાનો આરંભ કરે છે, યોગનું અનુપરિવર્તન કરીને પોતાની સાથે યોગને છોડે છે.

બીજું કેટલું કહીએ ? યોગરહિત પણ થાય છે.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી આ અનંતર દર્શાવેલા આલાવા વડે જે ૧૫ મુહૂર્તો શતભિષજ્ આદિ નક્ષત્રોનો જે ૩૦ મુહૂર્તો ધનિષ્ઠા વગેરે, જે પીસ્તાળીશ મુહૂર્તો ઉત્તરા ભાદ્રપદાદિ, તે બધાં પણ ક્રમથી ત્યાં સુધી કહેવા જ્યાં સુધી ઉત્તરાષાઢા આવે. તેનો આલાવો સુગમ હોવાથી સ્વયં કહેવો, ગ્રંથ ગૌરવ ભયથી કહેતા નથી.

હવે ગ્રહને આશ્રીને યોગ વિચારણા કરે છે - x - જ્યારે - x - ચંદ્ર ગતિ સમાપન્નકની અપેક્ષાથી ગ્રહ ગતિસમાપન્ન થાય છે. ત્યારે તે ગ્રહ પૂર્વના ભાગથી - પૂર્વભાગ વડે પહેલાં ચંદ્રને સમાસાદિત થાય છે, થઈને યથા સંભવ યોગ કેર છે. યથાસંભવ યોગ જોડીને પર્યન્ત સમયે યથાસંભવ યોગને અનુપરિવર્તિત કરે છે, યથાસંભવ અન્ય ગ્રહને યોગ સમર્પિત કરવાને આરંભે છે. યોગને અનુવર્તિત કરીને પોતાની સાથે યોગને છોડે છે.

બીજું કેટલું કહીએ ? યોગરહિત પણ થાય છે.

હવે સૂર્યની સાથે નક્ષત્રની યોગ વિચારણા કરે છે - - x - x -જ્યારે સૂર્ય ગતિસમાપન્ન અપેક્ષાથી અભિજિત્ નક્ષત્ર ગતિ સમાપન્ન થાય છે, ત્યારે તે અભિજિત્ નક્ષત્ર પહેલાથી પૂર્વના ભાગથી સૂર્યને સમાસાદિત કરે છે, સમાસાદિત કરીને ચાર પરિપૂર્ણ અહોરાત્ર અને પાંચમાં અહોરાત્રના છ મુહૂર્ત સુધી સૂર્યની સાથે યોગ કરે છે.

એવા પ્રમાણના કાળથી યાવત્ યોગને જોડીને પર્યન્ત સમયે યોગને અનુપરિવર્તિત કરે છે, અર્થાત્ શ્રવણ નક્ષત્રને યોગ સમર્પિત કરવાનું આરંભે છે. અનુપરિવર્તિત કરીને પોતા સહિત યોગને છોડે છે.

બીજું કેટલું કહીએ ? યોગરહિત પણ થાય છે.



એ પ્રમાણે ઉક્ત પ્રકારે પંદર મુહૂર્તો શતભિષક્ આદિ છ અહોરાત્ર અને સાતમાં અહોરાત્રના ૨૧-મુહૂર્તો શતભિષક્ આદિ શ્રવણાદિના તેર અહોરાત્ર અને ચૌદમાં અહોરાત્રના બાર મુહૂર્તો, પીસ્તાળીશ મુહૂર્તોના ઉત્તર ભાદ્રપદાદિના વીશ અહોરાત્ર અને એકવીશમાં અહોરાત્રના ત્રણ મુહૂર્તો ક્રમથી બધાં ત્યાં સુધી કહેવા, જ્યાં સુધી ઉત્તરાષાઢા નક્ષત્ર છે.

તેમાં ઉત્તરાષાઢા નક્ષત્રગત અભિલાપને સાક્ષાત્ દર્શાવે છે - x - સુગમ છે. આ પ્રમાણે બાકીના પણ આલાવા સ્વયં કહેવા, સુગમ હોવાથી કહેતાં નથી.

હવે સૂર્ય સાથે ગ્રહના યોગની વિચારણા કરે છે - x - x - તે સુગમ છે.

હવે ચંદ્રાદિ નક્ષત્ર માસથી કેટલાં મંડલો ચરે છે, તે નિરૂપણ કરવાની ઈચ્છાથી કહે છે —

**● સૂત્ર-૧૧૩ :-**

***તે નક્ષત્ર માસથી ચંદ્ર કેટલા મંડલગતિ કરે છે ? તે તેર મંડલો ગતિ કરે છે.***

***તે નક્ષત્ર માસથી સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે ? તેર મંડલ અને મંડલના ૪૪/૬૭ ભાગ ગતિ કરે છે.***

***તે નક્ષત્ર માસથી નક્ષત્ર કેટલા મંડલ ગતિ કરે છે ? તેર મંડલ અને અર્ધ ૪૪/૬૭ ભાગ મંડલ ગતિ કેર છે.***

***તે ચંદ્રમાસથી ચંદ્ર કેટલા મંડલ ગતિ કરે છે ? સવા ચૌદ મંડલ અને મંડલના ૧/૧૨૪ ભાગ ગતિ કરે છે.***

***તે ચંદ્ર માસથી સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે ? પોણા પંદર મંડલ અને મંડલના ૧/૧૨૪ ભાગ ગતિ કરે છે.***

***તે ચંદ્રમાસથી નક્ષત્ર કેટલાં મંડલ ગતિ કરે છે ? પોણા પંદર મંડલ અને મંડલના ૬/૧૨૪ ભાગ ગતિ કેર છે.***

***તે ઋતુમાસથી ચંદ્ર કેટલાં મંડલ ગતિ કરે છે ? ચૌદ મંડલ અને મંડલના ૩૦/૬૧ ભાગ ગતિ કરે છે.***

***તે ઋતુમાસથી સૂર્ય કેટલાં મંડલ ગતિ કરે છે ? પંદર મંડલ તે સૂર્ય ગતિ કરે છે.***

***તે ઋતુમાસથી નક્ષત્ર કેટલાં મંડલ ગતિ કરે છે ? તે પંદર મંડલ અને ૫/૧૨૨ ભાગ મંડલના, ગતિ કરે છે.***

***તે સૂર્યમાસથી ચંદ્ર કેટલાં મંડલ ગતિ કરે છે ? ચૌદ મંડલ અને મંડલના ૧૧-ભાગ ગતિ કરે છે.***

***તે સૂર્યમાસથી સૂર્ય કેટલાં મંડલ ગતિ કરે છે ? સવા પંદર મંડલ તે સૂર્ય ગતિ કરે છે.***

***તે સૂર્યમાસથી નક્ષત્ર કેટલાં મંડલ ગતિ કરે છે ? સવા પંદર મંડલ અને***

***મંડલના ૩૫/૧૨૪ ભાગ ગતિ કેર છે.***

***તે અભિવર્ધિત માસથી ચંદ્ર કેટલાં મંડલ ગતિ કરે છે ? ૧૫ મંડલ અને મંડલના ૮૩/૧૮૬ ભાગ ગતિ કરે છે.***

***તે અભિવર્ધિત માસથી સૂર્ય કેટલાં મંલ ગિ કરે છે ? ૧૬-મંડલ અને ત્રિભાગન્યૂન ૨/૧૨૮ થી મંડલને છેદીને ગતિ કરે છે.***

***તે અભિવર્ધિત માસથી નક્ષત્ર કેટલાં મંડલ ગતિ કરે છે ? ૧૬-મંડલ અને ૪૭ ભાગ અધિક ૧૪૮૮ મંડલ છેદીને ગતિ કરે છે.***

**• વિવેચન-૧૧૩ :-**

- x - નક્ષત્ર માસથી ચંદ્ર કેટલાં મંડલ ચરે છે, એમ ગૌતમે પ્રશ્ન કરતાં, ભગવંતે કહ્યું — ૧૩ મંડલ અને ચૌદમાં મંડલના ૧૩/૬૭ ભાગ, એ કેવી રીતે જાણવું ? તેના ઉત્તર આપે છે - ત્રૈરાશિક બળથી.

તે આ રીતે — જો ૬૭ નક્ષત્ર માસ વડે ૮૮૪ મંડલો પ્રાપ્ત થાય, તો એક નક્ષત્ર માસથી શું પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના-૬૭/૮૮૪/૧. અહીં અંત્ય રાશિ વડે ગુણતાં, તે જ આવે - ૮૮૪ X ૧ = ૮૮૪. તેને ૬૭ વડે ભાગ દેતા - ૮૮૪ ૬૭ = ૧૩ મંડલ અને ચૌદમાં મંડલના ૧૩/૬૭ ભાગ પ્રાપ્ત થાય છે.

- x - સૂર્ય વિષયક પ્રશ્ન સુગમ છે. ભગવંતે કહ્યું — તેર મંડલ અને ચૌદમાં મંડલના ૪૪/૬૭ ભાગ. તે આ રીતે — જો ૬૭ નક્ષત્ર માસ વડે ૯૧૫ મંડલો સૂર્યના પ્રાપ્ત થાય, તો એક નક્ષત્ર માસ વડે કેટલાં મંડલો પ્રાપ્ત થાય ? રાશિ ત્રણની સ્થાપના - ૬૭/૯૧૫/૧. અહીં અંત્ય રાશિ વડે મધ્યરાશિને ગુણીએ, પછી આધ રાશિ વડે ભાગ દઈએ તો - ૧ X ૯૧૫ - ૬૭ થશે. તે રીતે પ્રાપ્ત થશે - ૧૩ મંડલ અને ચૌદમાં મંડલના ૪૪/૬૭ ભાગ. - ૧૩/૪૪/૬૭ .

- x - નક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્રસુગમ છે. ભગવંતે કહ્યું — તેર મંડલ અને ચૌદમાં મંડલના સાર્ધ - ૪૭/૬૭ ભાગ ચરે છે. તે આ રીતે — જો ૬૭ નક્ષત્ માસ વડે ૧૮૩૫ અર્ધમંડલ નક્ષત્રના પ્રાપ્ત થાય, તો એક નક્ષત્ર માસથી કેટલાં પ્રાપ્ત થાય? ત્રણ રાશિ સ્થાપના - ૬૭/૧૮૩૫/૧ અહીં અંત્ય રાશિ વડે મધ્ય રાશિને ગુણીએ, પછી આધ રાશિ વડે ભાગ દેતા - ૧ X ૧૮૩૫ ૬૭. તેથી પ્રાપ્ત થશે ૨૭ અર્ધમંડલ અને ૨૮માં અર્ધમંડલના ૨૬/૬૭ ભાગ - ૨૭/ ૨૬/૬૭ . પછી બે અર્ધમંડલ વડે એક મંડલ થતાં, તેની રાશિના અડધાં કરતાં પ્રાપ્ત થશે ૧૩-મંડલ અને ચૌદમાં મંડલમાં સાર્દ્ધ - ૪૬/૬૭ ભાગો.

હવે ચંદ્રમાસને આશ્રીને ચંદ્રાદિની મંડલ નિરૂપણાને કરે છે - x - ચંદ્રમાસ વડે પૂર્વોક્ત સ્વરૂપથી ચંદ્ર કેટલાં મંડલ ગતિ કરે છે? ભગવંતે કહ્યું - x - ચતુર્ભાગ સહિત ચૌદ મંડલો અને મંડલના ૧/૧૨૪ ભાગ. અહીં શું કહેવા માંગે છે? પરિપૂર્ણ ચૌદ મંડલ અને પંદરમાં મંડલના ચતુર્ભાગ અર્થાત્ ૧૨૪ના ૩૧ ભાગ પ્રમાણ એક અને ૧૨૪ ભાગ - ૩૨, પંદરમાં મંડલના ૧૨૪ ભાગોમાં ચંદ્ર ગતિ કરે છે, તે આ



રીતે —

જો ૧૨૪-પર્વ વડે ૮૮૪ મંડલો પ્રાપ્ત થાય, તો બે પર્વો વડે કેટલાં પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના - ૧૨૪/૮૮૪/૨. અહીં અંત્ય રાશિ રૂપ-બે વડે મધ્યરાશિને ગુણતાં - ૮૮૪ X ૨ = ૧૭૬૮. સંખ્યા પ્રાપ્ત થશે. તેને ૧૨૪ વડે ભાગ દેતા - ૧૭૬૮ ૧૨૪ તેથી ૧૪-મંડલ અને પંદરમાં મંડલના ૩૨/૧૨૪ ભાગ પ્રાપ્ત થશે. તેથી તે રાશિ આવશે - ૧૪/૩૨/૧૨૪.

- x - સૂર્ય વિષયક પ્રશ્નસૂત્ર સુગમ છે. - x - ચતુર્ભાગ ન્યૂન પંદર મંડલ અને મંડલના ૧/૧૨૪ ભાગ ચરે છે. અહીં શું કહે છે ? ચૌદ મંડલ પરિપૂર્ણ, પંદરમાં મંડલના ૯૪/૧૨૪ ભાગ ચરે છે.

તે આ રીતે — જો ૧૨૪ પર્વ વડે ૯૧૫ મંડલો પ્રાપ્ત થાય, તો બે પર્વ વડે કેટલાં પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના - ૧૨૪/૯૧૫/૨. અહીં અંત્ય રાશિ વડે મધ્ય રાશિને ગુણતાં ૯૧૬ X ૨ = ૧૮૩૦ની સંખ્યા પ્રાપ્ત થશે. આ સંખ્યાને આધ રાશિ - ૧૨૪ વડે ભાગ દેતા - ૧૮૩૦ ૧૨૪. પ્રાપ્ત થશે ૧૪ મંડલ અને પંદરમાં મંડલમાં ૯૪/૧૨૪ ભાગ. અર્થાત્ ૧૪/૯૪/૧૨૪.

- x - નક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્રસુગમ છે. ભગવંતે કહ્યું — - x -ચતુર્ભાગ ન્યૂન પંદર મંડલ અને મંડલના ૬/૧૨૪ ભાગ ચરે છે. અહીં શું કહેવા માંગે છે ? પરિપૂર્ણ ચૌદ મંડલો અને પંદરમાં મંડલમાં ૯૯/૧૨૪ ભાગ અર્થાત્ ૧૪/ ૯૯/૧૨૪ ભાગ ચરે છે. તે આ રીતે —

જો ૧૨૪ પર્વો વડે ૧૮૩૫ અર્ધમંડલો પ્રાપ્ત થાય, તો બે પર્વો વડે કેટલાં પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના - ૧૨૪/૧૮૩૫/૨. અહીં અંત્ય રાશિ 'બે' વડે મધ્ય રાશિને ગુણવી - ૧૮૩૫ X ૨ = ૩૬૭૦ સંખ્યા પ્રાપ્ત થશે. આ સંખ્યાને આધ રાશિ-૧૨૪ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત સંખ્યા થસે-૨૯ અને શેષ વધશે-૭૪. આ અર્ધમંડલગત પરિમાણ છે. બે અર્ધમંડલ વડે એક પરિપૂર્ણ મંડલ થાય. તેથી આ રાશિને બે વડે ભાગ દેતાં પ્રાપ્ત થશે ચૌદ મંડલ અને પંદરમાં મંડલના ૯૯/૧૨૪ ભાગ. તેથી રાશિ - ૧૪/ ૯૯/૧૨૪ થાય.

હવે ઋતુમાસને આશ્રીને - કર્મમાસથી ચંદ્ર કેટલાં મંડલ ચરે છે? ભગવંતે કહ્યું — ચૌદ મંડલ અને પંદરમાં મંડલના ૩૦/૬૧ ભાગ. તે આ રીતે — જો ૬૧-કર્મમાસ વડે ૮૮૪ મંડલો પ્રાપ્ત થાય, તો એક કર્મમાસ વડે કેટલાં મંડલ પ્રાપ્ત થાય? ત્રણ રાશિની સ્થાપના આ રીતે — ૬૧/૮૮૪/૧. અહીં અંત્ય રાશિ એક વડે મધ્ય રાશિને ગુણીએ. ૮૮૪ X ૧ = ૮૮૪ જ પ્રાપ્ત થશે. તેને ૬૧ વડે ભાગ દેતાં ૮૮૪ ૬૧, તેનાથી પરિપૂર્ણ ૧૪ મંડલ અને પંદરમાં મંડલના ૩૦/૬૧ ભાગ પ્રાપ્ત થતાં-રાશિ આવશે - ૧૪/૩૦/૬૧.

- x - સૂર્ય વિષયક પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું — પંદર પરિપૂર્ણ મંડલો ચરે છે. તે આ રીતે — જો ૬૧-કર્મમાસ વડે ૯૧૫ સૂર્ય મંડલો પ્રાપ્ત થાય, તો એક

કર્મમાસ વડે કેટલાં મંડલ પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના - ૬૧/૯૧૫/૧. અહીં અંત્ય રાશિ એક વડે મધ્ય રાશિને ગુણીએ - ૯૧૫ x ૧ = ૯૧૫, તે જ સંખ્યા આવે, તેને ૬૧-વડે ભાગ દેતા પ્રાપ્ત થાય પરિપૂર્ણ-૧૫ મંડલ.

- x - નક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું — તે ૧૫-મંડલ અને સોળમાં મંડલના $^{૫}/_{૧૨૨}$ ભાગો ચરે છે. તે આ રીતે — જો ૧૨૨-કર્મ માસ વડે ૧૮૩૫ નક્ષત્રમંડલો પ્રાપ્ત થાય, તો એક કર્મ માસ વડે કેટલાં મંડલ પ્રાપ્ત થાય ?

અહીં ત્રણ રાશિની સ્થાપના કરતાં - ૧૨૨/૧૮૩૫/૧ આવે છે. અહીં અંત્ય રાશિ એક વડે મધ્યરાશિને ગુણીએ, તો તે જ સંખ્યા આવશે - ૧૮૩૫ x ૧ = ૧૮૩૫. તેને આદ્ય રાશિ વડે ૧૨૨ વડે ભાગ દેતા થશે - ૧૮૩૫ - ૧૨૨, તેથી આવશે ૧૫-મંડલ અને સોળમાં મંડલના - $^{૫}/_{૧૨૨}$ ભાગ. તેથી રાશિ થશે - ૧૫/$^{૫}/_{૧૨૨}$.

હવે સૂર્યમાસને આશ્રીને ચંદ્રાદિ મંડલોને નિરૂપે છે - - x - સૂર્યમાસ વડે ચંદ્ર કેટલાં મંડલો ચરે છે ? ભગવંતે કહ્યું — ચૌદ મંડલ અને પંદરમાં મંડલના અગિયાર - પાંચ ભાગ.

તે આ રીતે — જો ૬૦ સૂર્યમાસ વડે - ૮૮૪ મંડલો ચંદ્રના પ્રાપ્ત થાય, તો એક સૂર્યમાસ વડે કેટલાં પ્રાપ્ત થાય? અહીં ત્રણ રાશિની સ્થાપના કરીએ - ૬૦/૮૮૪/૧. અહીં અંત્ય રાશિ - એક વડે મધ્યરાશિને ગુણતાં તે જ સંખ્યા આવશે - ૮૮૪ x ૧ = ૮૮૪. તેના ૬૦ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત થશે ચૌદ મંડલ અને શેષ રહે છે - ૪૪.

ત્યારપછી તે છેદ્ય-છેદક રાશિઓની ચાર વડે અપવર્તના કરતાં ઉપરની રાશિ-૧૧ અને નીચેની રાશિ-૧૫ પ્રાપ્ત થાય. $^{૪૪}/_{૬૦}$ છેદ ઉડાડતા - $^{૧૧}/_{૧૫}$ આવે. તેથી ૧૪/$^{૧૧}/_{૧૫}$ થાય.

- x - સૂર્ય વિષયક પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું — ચતુર્ભાગ અધિક પંદર મંડલ અર્થાત્ સવા પંદર મંડલ ચરે છે. તે આ રીતે — જો ૬૦ સૂર્યમાસો વડે ૯૧૫ મંડલો સૂર્યના પ્રાપ્ત થાય, તો એક માસ વડે કેટલાં પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના - ૬૦/૯૧૫/૧. અહીં અંત્યરાશિ એક વડે મધ્યરાશિને ગુણીએ. તો તે જ સંખ્યા પ્રાપ્ત થશે. ૯૧૫ x ૧ = ૯૧૫. તેને ૬૦ વડે ભાગ દેતાં ૯૧૫ - ૬૦ તેથી પ્રાપ્ત થશે પંદર મંડલ અને સોળમાં મંડલમાં ૬૦ વડે ભાગ દેતાં પંદર ભાગરૂપ ચતુર્ભાગ - ૧૫/$^{૧૫}/_{૬૦}$ = ૧૫/$^{૧}/_{૪}$ થશે.

- x - નક્ષત્ર વિષય પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું — પંદર મંડલ અને ચતુર્ભાગ અધિક એટલે કે સવાપંદર મંડલ અને $^{૩૫}/_{૧૨૦}$ ભાગ સોળમાં મંડલમાં ચરે છે. તે આ રીતે આવે —

જો ૧૨૦ સૂર્ય માસ વડે ૧૮૩૫ મંડલો નક્ષત્રના પ્રાપ્ત થાય, તો એક માસ વડે કેટલાં મંડલ પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના ૧૨૦/૧૮૩૫/૧. અહીં અંત્ય રાશિ એક વડે મધ્ય રાશિને ગુણતાં તે જ રાશિ આવે - ૧૮૩૫ x ૧ = ૧૮૩૫. તેને ૧૨૦ વડે



ભાગ દેતાં પ્રાપ્ત થશે - પંદર મંડલ અને $^{૩૫}/_{૧૨૦}$ ભાગ.

હવે અભિવર્ધિત માસને આશ્રીને ચંદ્રાદિના મંડલોનું નિરૂપણ કરતાં કહે છે - x - x - અભિવર્ધિત માસ વડે ચંદ્ર કેટલાં મંડલો ચરે છે ? ભગવંત કહે છે - x - પંદર મંડલ અને સોળમાં મંડલના $^{૮૩}/_{૧૮૪}$ ભાગોમાં ચરે છે. તે આ રીતે —

અહીં ત્રિરાશિ મૂકતાં - આ યુગમાં અભિવર્ધિત માસ-૫૭, સાત અહોરાત્ર અને અગિયાર મુહૂર્તો અને એક મુહૂર્તના $^{૨૩}/_{૬૨}$ ભાગો છે, આ રાશિ અંશ સહિત છે, તેથી ત્રૈરાશિક કર્મવિષય ન થાય. તેથી પરિપૂર્ણ માસ પ્રતિપત્તિ માટે આ રાશિને-૧૫૬ વડે ગુણીએ. તેથી આવે પરિપૂર્ણ ૮૯૨૮ અભિવર્ધિત માસના થાય છે. અહીં શું કહે છે?

૧૫૬ સંખ્યામાં યુગમાં આટલાં પરિપૂર્ણ અભિવર્ધિતમાસ પ્રાપ્ત થાય છે અને આ બારમાં પ્રાભૃતમાં સૂત્રકારે જ સાક્ષાત્ કહેલ છે. તેથી ત્રૈરાશિક કર્માવતાર આ રીતે થશે —

જો ૮૯૨૮ અભિવર્ધિત માસ વડે ૧૫૬ સંખ્ય યુગભાવિ વડે ચંદ્રમંડલોમાં ૧,૩૭,૯૦૪ પ્રાપ્ત થાય તો એક અભિવર્ધિત માસ વડે કેટલા પ્રાપ્ત થાય ? રાશિ ત્રય સ્થાપના - ૮૯૨૮/૧૩૭૯૦૪/૧.

અહીં અંત્યરાશિરૂપ એકને મધ્ય રાશિ વડે તાડનથી તે જ રાશિ પ્રાપ્ત થાય છે, તેથી ૧,૩૭,૯૦૪ x ૧ = ૧,૩૭,૯૦૪ થશે. તેને ૮૯૨૮ વડે ભાગ દેવામાં આવે તો - ૧,૩૭,૯૦૪ - ૮૯૨૮. તેનાથી પ્રાપ્ત થશે - પંદર મંડલો અને શેષ ઉદ્ધરે છે - ૩૯૮૪.

પછી છેદ્ય-છેદક બંને રાશિઓને ૪૮ વડે અપવર્તના કરતાં $^{૩૯૮૪}/_{૮૯૨૮}$ બંનેને $^{૪૮}/_{૪૮}$ થી ભાંગતા ઉપરની રાશિ-૮૩ અને નીચેની રાશિ-૧૮૬ આવશે. તેથી $^{૮૩}/_{૧૮૬}$ થશે. એ રીતે આ સોળમાં મંડલની સૂત્રોક્ત રાશિ પ્રાપ્ત થશે.

- x - સૂર્ય વિષયક પ્રશ્નસૂત્ર, તે સુગમ છે. ભગવંતે કહ્યું - x - ૧૬ મંડલો ત્રણ ભાગ વડે ન્યૂન ચરે છે. મંડલને ૨૪૮ વડે છેદીને, તે આ રીતે જાણવું —

જો ૧૫૬ સંખ્યક યુગભાવિ ૮૯૨૮ વડે સૂર્ય મંડલોના ૧,૪૨,૭૪૦ પ્રાપ્ત થાય, તો એક અભિવર્ધિત માસ વડે શું પ્રાપ્ત થાય ? ત્રણ રાશિની સ્થાપના - ૮૯૨૮/૧૪૨૭૪૦/૧.

અહીં અંત્ય રાશિ એક વડે મધ્યરાશિને ગુણીએ, તો તે જ રાશિ પ્રાપ્ત થશે - ૧,૪૨,૭૪૦ x ૧ = ૧,૪૨,૭૪૦. પછી આ રાશિને આદ્ય રાશિ-૮૯૨૮ વડે ભાગ દેવાતા - ૧૪૨૭૪૦ - ૮૯૨૮, તેથી પ્રાપ્ત થશે પંદર મંડલો અને શેષ ઉદ્ધરે છે - ૮૮૨૦.

પછી છેદ્ય-છેદક રાશિ - $^{૮૮૨૦}/_{૮૯૨૮}$ તેની ૨૬ વડે અપવર્તના કરાતા અર્થાત્ $^{૨૬}/_{૨૬}$ વડે ભાગાકાર કરતાં આવશે ઉપરની રાશિ ૨૪૫ અને નીચેની રાશિ ૨૪૮ અર્થાત્ $^{૨૪૫}/_{૨૪૮}$

આવેલ સોળમું મંડલ ત્રણ ભાગ વડે ન્યૂન-૨૪૮ વડે પ્રવિભક્ત છે. [તેમ જાણવું]

- x - નક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું — - x - સોળ મંડલો ૪૭ ભાગ વડે અધિક ૧૪૮૮ મંડલને છેદીને થાય. તે આ રીતે જાણવું —

જો ૧૫૬ સંખ્યક યુગમભાવી અભિવર્ધિત માસ વડે ૮૯૨૮ નક્ષત્રમંડલોના ૧૪૩૧૩૦ મંડલો પ્રાપ્ત થાય, તો એક અભિવર્ધિત માસ વડે કેટલાં પ્રાપ્ત થાય ? રાશિ ત્રણની સ્થાપના - ૮૯૨૮|૧૪૩૧૩૦|૧.

અહીં અંત્ય રાશિ એક વડે મધ્ય રાશિ ૧,૪૩,૧૩૦ને ગુણવામાં આવે તો તે જ સંખ્યા પ્રાપ્ત થશે - ૧,૪૩,૧૩૦ x ૧ = ૧,૪૩,૧૩૦. આ રાશિને આદ્ય રાશિ - ૮૯૨૮ વડે ભાગાકાર કરવામાં આવતાં - ૧,૪૩,૧૩૦ - ૮૯૨૮ તેનાથી પ્રાપ્ત થશે સોળ મંડલ અને શેષ ઉદ્ધરે છે - ૨૮૨.

પછી છેદ્ય - છેદક રાશિ - ૨૮૨/૮૯૨૮ છે. આ બંને રાશિને ૬/૬ અર્થાત્ છ વડે અપવર્તના કરતાં આવશે ઉપર ૪૭ અને નીચેની રાશિ આવશે - ૧૪૮૮ અર્થાત્ ૨૮૨/૧૪૮૮.

હવે એક-એક અહોરાત્ર વડે ચંદ્રાદિ પ્રત્યેક કેટલાં મંડલો ચરે છે, એ નિરૂપણાર્થે કહે છે —

● **સૂત્ર-૧૧૪ :-**

***તે એક-એક અહોરાત્ર વડે ચંદ્ર કેટલાં મંડલોને ચરે છે ? તે એક અર્ધમંડલ અને ૩૧ ભાગ વડે ન્યૂન ૯૧૫ વડે અર્ધમંડલને છેદીને ચરે છે - ગતિ કરે છે.***

***તે એક-એક અહોરાત્ર વડે સૂર્ય કેટલા મંડલ ગતિ કરે છે ? તે એક અર્ધમંડલ ગતિ કરે છે.***

***તે એક-એક અહોરાત્ર વડે નક્ષત્ર કેટલા મંડલ ગતિ કરે છે ? તે એક અર્ધમંડલ અને બે ભાગ વડે અધિક ૭૩૨ અર્ધમંડલોને છેદીને ચરે છે - ગતિ કરે છે.***

***તે એક એક મંડલને ચંદ્ર કેટલા અહોરાત્ર વડે ગતિ કરે છે ? તે બે અહોરાત્ર વડે એકત્રીશ ભાગ અધિક વડે ૪૪૪ અહોરાત્ર વડે છેદીને ચરે છે - ગતિ કરે છે.***

***તે એક એક મંડલને સૂર્ય કેટલાં અહોરાત્ર વડે ગતિ કરે છે ? તે બે અહોરાત્ર વડે ગતિ કરે છે.***

***તે એક એક મંડલને નક્ષત્ર કેટલાં અહોરાત્ર વડે ગતિ કરે છે ? તે બે અહોરાત્ર વડે, બે ન્યૂન વડે ત્રણસો સડસઠ અહોરાત્ર વડે છેદીને ચરે છે - ગતિ કરે છે.***

***તે યુગમાં ચંદ્ર કેટલાં મંડલોમાં ગતિ કરે છે ? તે ૮૮૪ મંડલમાં ચરે છે - ગતિ કરે છે.***

***તે યુગમાં ન.ક્ષત્ર કેટલા મંડલોમાં ગતિ કરે છે ? તે ૧૮૩૫ અર્ધમંડલમાં ચરે છે - ગતિ કરે છે.***

***આ મુહૂર્તગતિ નક્ષત્ર, અતિમાસ, અહોરાત્ર, યુગ મંડલ પ્રવિભક્તા શીઘ્રગતિ વસ્તુ કહેલ છે - તેમ હું કહું છું.***



● **વિવેચન-૧૧૪ :-**

- x - x - એક એક અહોરાત્ર વડે ચંદ્ર કેટલાં મંડલોમાં ગતિ કરે છે ? ભગવંતે કહ્યું - x - એક અર્ધમંડલ અને ૩૧ ભાગો વડે ન્યૂન ૯૧૫ અર્ધમંડલોને છેદીને ચરે છે.

તે આ રીતે — અહોરાત્રોના-૧૮૩૦ વડે ૧૭૬૮ અર્ધમંડલો ચંદ્રના પ્રાપ્ત થાય છે. તો એક અહોરાત્ર વડે કેટલાં પ્રાપ્ત થાય ?

ત્રણ રાશિની સ્થાપના - ૧૮૩૦|૧૭૬૮|૧. અહીં અંત્ય રાશિ એક વડે મધ્યરાશિ-૧૭૬૮ને ગુણતાં તે જ રાશિ આવશે. ૧૭૬૮ x ૧ = ૧૭૬૮. તેને આદ્ય રાશિ ૧૮૩૦ વડે ભાગ દેવાતા ૧૭૬૮ - ૧૮૩૦ થશે. તેમાં ઉપરની રાશિ નીચેની રાશિથી અલ્પ હોવાથી ભાગ પ્રાપ્ત ન થાય.

તેથી છેદ્ય-છેદક રાશિ બંનેને બે વડે અપવર્તના કરાતાં ઉપરની રાશિ-૮૮૪ અને નીચેની રાશિ ૯૧૫ આવશે.

પછી આવેલ ૩૧-ભાગ વડે ન્યૂન એક અર્ધમંડલ-૯૧૫ વડે પ્રવિભક્ત, એમ જાણવું.

- x - સૂર્ય વિષયક પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું — એક અર્ધમંડલ ચરે છે, અને તે સુપ્રતીત જ છે.

- x - નક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્રસુગમ છે. ભગવંતે કહ્યું — એક અર્ધમંડલ બે ભાગો વડે અને ૭૩૨ અર્ધમંડલને છેદીને ચરે છે - ગતિ કરે છે. તે આ રીતે —

જો એક અહોરાત્રના ૧૮૩૦ વડે ૧૮૩૫ નક્ષત્રોના અર્ધમંડલો પ્રાપ્ત થાય છે. તો એક અહોરાત્ર વડે શું પ્રાપ્ત થાય છે. ત્રણ રાશિની સ્થાપના-૧૮૩૦/૧૮૩૫/૧.

અહીં અંત્ય રાશિ "એક" વડે મધ્ય રાશિને ગુણતાં તે જ રાશિ પ્રાપ્ત થાય છે. ૧૮૩૫ x ૧ = ૧૮૩૫. તેને આદ્યરાશિ-૧૮૩૦ વડે ભાગ દેતા. ૧૮૩૫ - ૧૮૩૦ તો એક અર્ધમંડલ પ્રાપ્ત થશે અને શેષ વધે છે - પાંચ.

પછી છેદ્ય-છેદક રાશિ - ૫/૧૮૩૦ તેની અર્ધતૃતીય [અઢી] સંખ્યા વડે અપવર્તના કરતાં પ્રાપ્ત થાય છે - ઉપરની રાશિ-૨-અને નીચેની રાશિ-૭૩૨ અર્થાત્ ૨/૭૩૨ થશે.

હવે એક-એક પરિપૂર્ણ મંડલને ચંદ્ર આદિ પ્રત્યેક કેટલા અહોરાત્રો વડે ચરે છે, તેના નિરૂપણાર્થે કહે છે - x -

- x - એક એક મંડલને ચંદ્ર કેટલાં અહોરાત્ર વડે ચરે છે ? ભગવંતે કહ્યું - x - બે અહોરાત્રો વડે અને ૩૧-ભાગો વડે અધિક, ૪૪૨ અહોરાત્રોને છેદીને ચરે છે.

તે આ રીતે — જો ચંદ્રના મંડલો ૮૮૪ અહોરાત્રો વડે ૧૮૩૦ મંડળોની પ્રાપ્તિ થાય છે, તો એક મંડલ વડે કેટલાં અહોરાત્રોની પ્રાપ્તિ થાય છે ? ત્રણ રાશિની સ્થાપના - ૮૮૪|૧૮૩૦|૧.

અહીં અંત્ય રાશિ વડે મધ્યરાશિને ગુણતાં તે જ રાશિ આવશે. ૧૮૩૦ x ૧ = ૧૮૩૦. તેમાં આદ્ય રાશિ ૮૮૪ વડે ભાગાકાર કરતાં પ્રાપ્ત થશે બે અહોરાત્ર અને શેષ

વધશે-૬૨.

ત્યારપછી છેદ-છેદક રાશિ - $^{૬૨}/_{૮૮૪}$ ની બે વડે અપવર્તના કરતાં ઉપરની રાશિ આવશે ૩૧ અને નીચેની રાશિ આવશે-૪૪૨. તેથી પ્રાપ્ત સંખ્યાય $^{૩૧}/_{૪૪૨}$ થશે. [જે પૂર્વોક્ત છે.]

- x - x - એક એક મંડલ સૂર્ય કેટલાં અહોરાત્ર વડે ચરે છે ? ભગવંત કહે છે - x - બે અહોરાત્ર વડે ચરે છે. તે આ રીતે —

જો સૂર્યના મંડલોના ૯૧૫ વડે ૧૮૩૦ અહોરાત્ર પ્રાપ્ત થાય છે. તો એક મંડલ વડે કેટલાં અહોરાત્રને પ્રાપ્ત કરે છે? ત્રણ રાશિની સ્થાપના - ૯૧૫|૧૮૩૦|૧. અહીં અંત્ય રાશિ વડે મધ્ય રાશિને ગુણતાં તે જ રાશિ પ્રાપ્ત થશે. ૧૮૩૦ x ૧ = ૧૮૩૦. તેને આધ રાશિ વડે - ૯૧૫થી ભાગાકાર કરતાં પ્રાપ્ત થશે - $^{૧૮૩૦}/_{૯૧૫}$ - બે અહોરાત્ર.

- x - x - તે એક એક આત્મીય મંડલને નક્ષત્ર કેટલાં અહોરાત્ર વડે ચરે છે ? ભગવંતે કહ્યું - x - બે અહોરાત્ર અને બે ભાગો વડે હીન અને ત્રણસો સડસઠ અહોરાત્ર વડે છેદીને ચરે છે.

તે આ રીતે — જો નક્ષત્રના મંડલોના ૧૮૩૫ વડે ૩૬૬૦ અહોરાત્રો - પ્રાપ્ત થાય છે, તો એક મંડલ વડે શું પ્રાપ્ત થાય ? ત્રણ રાશિ સ્થાપના - ૧૮૩૫|૩૩૬૦|૧.

અહીં અંત્ય રાશિ વડે મધ્યરાશિને ગુણતાં તે જ રાશિ પ્રાપ્ત થશે - પછી તેને ૧૮૩૫ વડે ભાગ દેતાં પ્રાપ્ત થશે એક અહોરાત્ર અને શેષ રહે છે - ૧૮૨૫. પછી છેદ-છેદક રાશિની પાંચ વડે અપવર્તના કરતાં ઉપરની રાશિ ૩૬૫ અને નીચેની રાશિ-૩૬૭ આવે છે. તેથી આવેલ $^{૩૬૫}/_{૩૬૭}$. બે વડે ૩૬૭ ભાગોથી હીન દ્વિતીય અહોરાત્ર.

હવે ચંદ્રાદિ પ્રત્યેક કેટલાં મંડલો યુગમં ચરે છે, તે કહે છે — યુગ વડે કેટલાં મંડલો ચરે છે ? ભગવંત કહે છે — ૮૮૪ મંડલ ચરે છે. ચંદ્ર ૧,૦૯,૮૦૦ વડે પ્રવિભક્ત મંડલના ૧૭૬૮ સંખ્યક ભાગોમાં એક મુહૂર્ત વડે જાય છે અને યુગમાં મુહૂર્તની સર્વ સંખ્યા ૫૪,૯૦૦ છે. પછી ૧૭૬૮ને ૫૪,૯૦૦ વડે ગુણીએ. તેથી આવે ૯,૭૦,૬૩,૨૦૦. પછી આ રાશિથી ૧,૦૯,૮૦૦ મંડલ લાવવા માટે ભાગ કરાય છે. તેથી ૮૮૪ મંડલોની પ્રાપ્તિ થશે.

- x - સૂર્ય વિષયક પ્રશ્નસૂત્ર કહે છે, તે સુગમ છે. ભગવંતે કહ્યું - x - તે ૯૧૫ મંડલોને ચરે છે. તે આ રીતે જો બે અહોરાત્રો વડે એક સૂર્ય મંડલ પ્રાપ્ત થાય, તો સકલ યુગ ભાવિ ૧૮૩૦ અહોરાત્રો વડે કેટલાં મંડલો પ્રાપ્ત થાય ? રાશિ ત્રણની સ્થાપના - ૨/૧/૧૮૩૦. અહીં અંત્ય રાશિ વડે મધ્યરાશિને ગુણતાં આવશે-૧૮૩૦. તેને આધ રાશિ વડે ભાગ દેવાતાં પ્રાપ્ત થશે - ૯૧૫.

- x - નક્ષત્ર વિષયક પ્રશ્નસૂત્ર કહે છે — ભગવંતે કહ્યું તે ૧૮૩૫ અર્ધમંડલો વડે ચરે છે. તે આ રીતે — નક્ષત્ર ૧,૦૯,૮૦૦ વડે પ્રવિભક્ત મંડલના હોતાં ૧૮૩૫ સંખ્યા





ભાગો એક મુહૂર્ત વડે જાય છે. યુગમાં મુહૂર્તો સર્વ સંખ્યા વડે ૫૪,૯૦૦ છે. તેથી તે ૫૪,૯૦૦ વડે ૧૮૩૫ને ગુણવામાં આવતાં પ્રાપ્ત થશે - ૧૦,૦૭,૪૧,૫૦૦.

જો અર્ધમંડલો અહીં જાણવાની ઈચ્છા હોય તો ૧,૦૯,૮૦૦ ના અડધાં ૫૪,૯૦૦, તેના વડે ભાગ દેવાતાં, પ્રાપ્ત ૧૮૩૫ અર્ધમંડલો.

હવે આખાં પ્રાભૃતનો ઉપસંહાર કહે છે — એ રીતે ઉક્ત પ્રકારથી આ અનંતરોક્ત મુહૂર્તગતિ - પ્રતિમુહૂર્ત ચંદ્ર-સૂર્ય-નક્ષત્રોના ગતિ પરિમાણને તથા નક્ષત્રમાસ, ચંદ્રમાસ, સૂર્યમાસ, અભિવર્ધિત માસ તથા અહોરાત્ર, યુગને આશ્રીને મંડલ પ્રવિભાગ વૈવિક્ત્યથી મંડલ સંખ્યા પ્રરૂપણા, તથા શીઘ્રગતિરૂપ વસ્તુ કહી. - x - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૫-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પ્રાભૃત-૧૬ ❀

— x — x —

૦ એ પ્રમાણે પંદરમું પ્રાભૃત કહ્યું. હવે સોળમાનો આરંભ કરે છે. તેનો આર્થાધિકાર છે - ''કઈ રીતે જ્યોત્સ્ના લક્ષણ કહેલ છે.'' તેથી આવા પ્રકારનાં પ્રશ્નસૂત્ર કહે છે —

**● સૂત્ર-૧૧૫ :-**

***તે જ્યોત્સ્ના લક્ષણ કઈ રીતે કહેલ છે, તેમ કહેવું ? તે ચંદ્ર લેશ્યાદિ અને જ્યોત્સનાદિ કે જ્યોત્સનાદિ અને ચંદ્રલેશ્યાદિનો શો અર્થ અને કયા લક્ષણ છે ? તે એકાર્થક અને એકલક્ષણ છે.***

***તે સૂર્યલેશ્યાદિ અને આતપાદિ કે આતપાદિ અને સૂર્ય લેશ્યાદિનો શો અર્થ અને કયા લક્ષણ છે ? તે એકાર્થક, એકલક્ષણ છે.***

***તે અંધકાર અને છાયા કે છાયા અને અંધકારનો શો અર્થ અને કયા લક્ષણ છે ? તે એકાર્થક-એકલક્ષણ છે.***

**● વિવેચન-૧૧૫ :-**

કયા પ્રકારે ભગવન્ ! આપે જ્યોત્સ્ના લક્ષણ કહેલ છે ? એમ સામાન્યથી પૂછીને વિવક્ષિત પ્રષ્ટવ્યના અર્થને પ્રગટ કરવાને વિશેષ પ્રશ્ન કરે છે - x - ચંદ્ર લેશ્યા તે જ્યોત્સના. આ બંને પદો કે જ્યોત્સ્ના તે ચંદ્રલેશ્યા એ બે પદો, અહીં અક્ષરોની અનાપૂર્વીભેદથી અર્થભેદ જાણવો. જેમકે વેદ-દેવ.

પદોના પણ અનાપૂર્વી ભેદ દર્શનથી અર્થ ભેદ દર્શન જાણવું. જેમકે પુત્રના ગુરુ, ગુરુનો પુત્ર. પછી અહીં પણ કદાચિત્ અનાપૂર્વીભેદથી અર્થભેદ થશે એવી આશંકાથી ચંદ્રલેશ્યા તે જ્યોત્સ્ના એમ કહીને જ્યોત્સ્ના તે ચંદ્રલેશ્યા એમ કહ્યું. આ બંને પદોના આનુપૂર્વીથી કે અનાનુપૂર્વીથી વ્યવસ્થિતમાં શો અર્થ છે ? શું તે બંને પરસ્પર ભિન્ન છે કે અભિન્ન છે ? તે કયા સ્વરૂપે લક્ષ્ય કરાય છે ? - તેનાથી અન્ય વ્યવચ્છેદ વડે જે જણાય તે લક્ષણ - અસાધારણ સ્વરૂપ તે લક્ષણ, એમ પ્રશ્નમાં ભગવંતે કહ્યું —

એકાર્થક એકલક્ષણ છે. ચંદ્રલેશ્યા તે જ્યોત્સ્ના, એ બંને પદો આનુપૂર્વી કે અનાનુપૂર્વીથી રહેલ હોય તો પણ અભિન્ન જ અર્થ છે. જે એક જ પદનો વાચ્ય અર્થ છે, તે જ બીજા પદનો અર્થ છે, તેમ કહેવાનો ભાવ છે. એકલક્ષણ - અભિન્ન અસાધારણ સ્વરૂપ લક્ષણ જેનું છે તે. અહીં શું કહેવા માંગે છે ? જે ચંદ્રલેશ્યા એ પદ વડે વાચ્યનું અસાધારણ સ્વરૂપ જણાય છે, તે જ જ્યોત્સ્ના એ પદનું પણ જણાય છે. જ્યોત્સ્ના એ પદ વડે તે જ ચંદ્રલેશ્યા પદ વડે છે.

એ પ્રમાણે આતપ એ સૂર્યલેશ્યા અથવા સૂર્યલેશ્યા એ જ આતપ તથા અંધકાર એ છાયા, અથવા છાયા એ અંધકાર. તે પદોના વિષયમાં પ્રશ્ન-ઉત્તર સૂત્રો કહેવા.

મુનિ દીપરત્નસાગરે કરેલ
પ્રાભૃત-૧૬નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ



## ❀ પ્રાભૃત-૧૭ ❀

— x — x —

૦ એ પ્રમાણે સોળમું પ્રાભૃત કહ્યું. હવે સત્તરમાનો આરંભ કરે છે, તેના આ અર્થાધિકાર છે — ''ચ્યવન-ઉપપાત'' વક્તવ્યતા. તેથી તે વિષયમાં પ્રશ્નસૂત્ર કહે છે —

**● સૂત્ર-૧૧૬ :-**

***કઈ રીતે તે ચ્યવન અને ઉપપાત કહેલા છે, તેમ કહેવું ? તે વિષયમાં આ પચીશ પ્રતિપત્તિઓ કહેલી છે —***

***(૧) તેમાં એક એમ કહે છે કે — અનુસમય જ ચંદ્ર-સૂર્ય અન્ય સ્થાને ચ્યવી, અન્યત્ર ઉપજે છે.***

***(૨) એક વળી એમ કહે છે કે — અનુમુહૂર્ત્ત જ ચંદ્ર-સૂર્ય અન્ય સ્થાને ચ્યવી, અન્યત્ર ઉપજે છે.***

***(૩ થી ૨૫) એ પ્રમાણે જેમ પૂર્વે કહેલ છે, તેમ યાવત્ એક વળી એમ કહે છે કે — તે અનુ ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં જ ચંદ્ર અને સૂર્ય અન્યત્ર ચ્યવે છે અને અન્યત્ર ઉપજે છે.***

***પરંતુ અમે [ભગવંત] એમ કહીએ છીએ કે — તે ચંદ્ર અને સૂર્ય દેવો મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલી, મહાયશસ્વી, મહાસૌખ્ય, મહાનુભાવ, ઉત્તમ વસ્ત્રધારી, ઉત્તમ માળાધારી, ઉત્તમ ગંધધારી, ઉત્તમ આભરણધારી, અવ્યવચ્છિત્ત નયાર્થતાથી કાળની સમાપ્તિમાં અન્ય સ્થાને ચ્યવી, અન્યત્ર ઉપજે છે.***

**● વિવેચન-૧૧૬ :-**

'ता कहं ते' ઈત્યાદિ. - x - કયા પ્રકારે ભગવન્ ! આપે ચંદ્ર આદિનો ચ્યવન અને ઉપપાત વ્યાખ્યાયિત કરેલ છે, તેમ [સ્વ શિષ્યોને અમારે] કહેવું ?

એ પ્રમાણે પ્રશ્ન કરતાં ભગવંતે આ વિષયમાં જેટલી પ્રતિપત્તિઓ [અન્ય મતો] છે, તેટલાં દર્શાવેલ છે.

તેમાં અર્થાત્ ચ્યવન અને ઉપપાતના વિષયમાં નિશ્ચે વક્ષ્યમાણ સ્વરૂપમાં આ પચીશ પ્રતિપત્તિઓ - પરતીર્થિકોની માન્યતા રૂપ કહેલ છે. તે આ પ્રમાણે —

તેમાં - પચીશ પરતીર્થિકોની મધ્યે એક-પરતીર્થિકોએ પ્રમાણે કહેલ છે કે — તેમાં પહેલાં સ્વ શિષ્યો પ્રતિ અનેક વક્તવ્યતા ઉપક્રમમાં ક્રમ ઉપદર્શનાર્થે કહેલ છે.

અનુસમય જ ચંદ્રો અને સૂર્યો અન્ય-પૂર્વોત્પન્ન ચ્યવે છે - ચ્યવમાન અન્યે - અપૂર્વ સ્થાને ઉત્પન્ન થાય છે - ઉત્પદ્યમાન કહેલા છે, એમ કહેવું.

અહીં ઉપસંહાર કરતાં કહે છે, ''એક એમ કહે છે.''

એક વળી એમ કહે છે કે — અનુમુહૂર્ત્ત જ ચંદ્રો અને સૂર્યો પૂર્વોત્પન્નથી અન્ય સ્થાને ચ્યવે છે - ચ્યવમાન છે. અન્ય અપૂર્વ સ્થાને ઉત્પન્ન થાય છે, એમ કહેલ છે, તેમ કહેવું.

ઉપસંહાર કરતાં કહે છે — એક એમ કહે છે એ પ્રમાણે જેમ પહેલાં કહેલ છે,

તેમ યાવત્૦ ઈત્યાદિ.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી જેમ પૂર્વે છટ્ઠા પ્રાભૃતમાં ઓજઃ સંસ્થિતિમાં વિચારતાં પચીશ પ્રતિપત્તિઓ કહેલી છે, તે પ્રમાણે જ અહીં પણ કહેવું જોઈએ.

યાવત્ અનુઅવસર્પિણી-ઉત્સર્પિણી જ૦ ઈત્યાદિ છેલ્લું સૂત્ર છે. તે આ રીતે કહેવું — (૩) એક વળી એમ કહે છે કે તે અનુ અહોરાત્ર ચંદ્ર અને સૂર્ય અન્યત્ર ચ્યવી, અન્યત્ર ઉપજે છે, તેમ કહેલ છે, એમ કહેવું. એક એ પ્રમાણે કહે છે.

— (૪) એક વળી એમ કહે છે — તે અનુપક્ષ જ ચંદ્ર અને સૂર્ય અન્ય સ્થાને ચ્યવી, અન્યત્ર ઉપજે, તેમ કહેવું.

— (૫) એક વળી એમ કહે છે — તે અનુમાસ જ ચંદ્ર અને સૂર્ય અન્યત્ર ચ્યવે છે, અન્યત્ર ઉપજે છે.

— (૬) એક વળી એમ કહે છે — તે ચંદ્ર અને સૂર્ય અનુઋતુ જ અન્યત્ર ચ્યવે છે, અન્યત્ર ઉપજે છે.

- (૭) એ પ્રમાણે તે અનુઅયન જ૦
- (૮) અનુસંવત્સર જ૦
- (૯) અનુયુગ જ૦
- (૧૦) અનુ સો વર્ષ જ૦
- (૧૧) અનુ હજાર વર્ષ જ૦
- (૧૨) અનુ લાખ વર્ષ જ૦
- (૧૩) અનુ પૂર્વ જ૦
- (૧૪) અનુ સો પૂર્વ જ૦
- (૧૫) અનુ હજાર પૂર્વ જ૦
- (૧૬) અનુ લાખ પૂર્વ જ૦
- (૧૭) અનુ પલ્યોપમ જ૦
- (૧૮) અનુ સો પલ્યોપમ જ૦
- (૧૯) અનુ હજાર પલ્યોપમ જ૦
- (૨૦) અનુ લાખ પલ્યોપમ જ૦
- (૨૧) અનુ સાગરોપમ જ૦
- (૨૨) અનુ સો સાગરોપમ જ૦
- (૨૩) અનુ હજાર સાગરોપમ જ૦
- (૨૪) અનુ લાખ સાગરોપમ જ૦
- (૨૫) પચીશમી પ્રતિપત્તિ વિષયક સૂત્ર તો સાક્ષાત્ સૂત્રકારે જ દર્શાવેલ છે. એ પ્રમાણે પરતીર્થિક પ્રતિપત્તિ કહી.

આ બધી પણ મિથ્યારૂપ છે. તેથી આ બધાંથી અલગ જ સ્વમતને ભગવંત દર્શાવે છે —



वयं पुण૦ ઈત્યાદિ. અમે વળી ઉત્પન્ન કેવળજ્ઞાન વડે, એ પ્રમાણે - વક્ષ્યમાણ પ્રકારથી કહીએ છીએ.

તે આવા પ્રકારે કહે છે — ''ता चंदिम'' ઈત્યાદિ, 'ता' એ પૂર્વવત્ જાણવું. ચંદ્ર અને સૂર્ય, णं એ વાક્યાલંકારથી છે.

દેવો [કેવા પ્રકારના તે ચંદ્ર અને સૂર્ય દેવો છે ? તે વિષયક વિશેષણો સૂત્રકારે જણાવેલા છે, તેની વ્યાખ્યા આ રીતે છે —]

૦ महर्द्धिक - મહાન્ ઋદ્ધિ-વિમાનાદિ અને પરિવારાદિ જેમને છે.

૦ महद्युतिक - મહાન્ દ્યુતિ - શરીર અને આભરણ આશ્રિત જેમને છે.

૦ महाबल - મહા બલ-શરીર, પ્રાણ જેમને છે તે.

૦ महायसा - મહાન્ - વિસ્તીર્ણ, સર્વ પણ જગત્‌માં વિસ્તરેલ હોવાથી વિસ્તીર્ણ કહ્યું. યશ - શ્લાઘા, જેમાં છે તે.

૦ महानुभाव - મહાન્ અનુભાવ - વૈક્રિયકરણાદિ વિષયક અચિંત્ય શક્તિ વિશેષ છે જેમાં તે.

૦ महासौख्य - મોટા અર્થાત્ ભવનપતિ, વ્યંતરથી અતિ પ્રભૂત, તેની અપેક્ષાથી, તેમાં પ્રશાંતત્વથી સૌખ્ય જેમાં છે તે.

૦ ઉત્તમ વસ્ત્રધારી-માળાધારી, ઉત્તમ ગંધધારી, ઉત્તમ આભરણધારી, અવ્યવચ્છિન્ન નયાર્થતા-દ્રવ્યાસ્તિકનયના મતથી.

काले - વક્ષ્યમાણ પ્રમાણ સ્વ-સ્વ આયુનો વ્યવચ્છેદ થવાથી પૂર્વોત્પન્નથી અન્યત્ર ચ્યવે છે - ચ્યવમાન અન્યત્ર, તેવા પ્રકારે જગત્ સ્વાભાવ્યથી છ માસથી, નિયમથી ઉત્પન્ન થાય છે. ઉત્પધમાન કહેલ છે, તેમ સ્વશિષ્યોને કહેવું.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૭-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❁ પ્રાભૃત-૧૮ ❁

— x — x —

૦ તો એ પ્રમાણે સત્તરમું પ્રાભૃત કહ્યું. હવે અઢારમાંનો આરંભ કરે છે, તેનો આ અર્થાધિકાર છે. "ચંદ્ર, સૂર્યાદિના ભૂમિથી ઉર્ધ્વ-ઉચ્ચત્વ પ્રમાણ-વક્તવ્યતા." તેથી તે વિષય પ્રશ્નસૂત્ર —

● **સૂત્ર-૧૧૭ થી ૧૨૨ :-**

*[૧૧૭] કઈ રીતે તે ઉંચાઈ કહેલી છે, તેમ કહેવું ? તેમાં નિશ્ચે આ પચીશ પ્રતિપત્તિઓ કહેલી છે —*

*(૧) તેમાં એક એ પ્રમાણે કહે છે કે — તે ૧૦૦૦ યોજન સૂર્ય ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે અને ચંદ્ર ૧૫૦૦ યોજન છે.*

*(૨) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૨૦૦૦ યોજન અને ચંદ્ર ૨૫૦૦ યોજન ઉપર ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૩) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૩૦૦૦ યોજન અને ચંદ્ર ૩૫૦૦ યોજન ઉપર ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૪) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૪૦૦૦ યોજન અને ચંદ્ર ૪૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૫) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૫૦૦૦ યોજન અને ચંદ્ર ૫૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૬) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૬૦૦૦ યોજન અને ચંદ્ર ૬૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૭) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૭૦૦૦ યોજન અને ચંદ્ર ૭૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૮) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૮૦૦૦ યોજન અને ચંદ્ર ૮૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૯) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૯૦૦૦ યોજન અને ચંદ્ર ૯૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૧૦) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૧૦,૦૦૦ યોજન અને ચંદ્ર ૧૦,૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.*

*(૧૧) એક વળી એમ કહે છે કે — સૂર્ય ૧૧,૦૦૦ યોજન અને ચંદ્ર ૧૧,૫૦૦ યોજન ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.*

*ઉક્ત આલાવા વડે આગળ આ પ્રમાણે જાણવું.*

*- (૧૨) સૂર્ય-૧૨,૦૦૦ અને ચંદ્ર-૧૨,૫૦૦*

*- (૧૩) સૂર્ય-૧૩,૦૦૦ અને ચંદ્ર-૧૩,૫૦૦*

*- (૧૪) સૂર્ય-૧૪,૦૦૦ અને ચંદ્ર-૧૪,૫૦૦*



*- (૧૫) સૂર્ય-૧૫,૦૦૦ અને ચંદ્ર-૧૫,૫૦૦*

*- (૧૬) સૂર્ય-૧૬,૦૦૦ અને ચંદ્ર-૧૬,૫૦૦*

*- (૧૭) સૂર્ય-૧૭,૦૦૦ અને ચંદ્ર-૧૭,૫૦૦*

*- (૧૮) સૂર્ય-૧૮,૦૦૦ અને ચંદ્ર-૧૮,૫૦૦*

*- (૧૯) સૂર્ય-૧૯,૦૦૦ અને ચંદ્ર-૧૯૫૦૦*

*- (૨૦) સૂર્ય-૨૦,૦૦૦ અને ચંદ્ર-૨૦,૫૦૦*

*- (૨૧) સૂર્ય-૨૧,૦૦૦ અને ચંદ્ર-૨૧,૫૦૦*

*- (૨૨) સૂર્ય-૨૨,૦૦૦ અને ચંદ્ર-૨૨,૫૦૦*

*- (૨૩) સૂર્ય-૨૩,૦૦૦ અને ચંદ્ર-૨૩,૫૦૦*

*- (૨૪) સૂર્ય-૨૪,૦૦૦ અને ચંદ્ર-૨૪,૫૦૦ એક એમ કહે છે.*

*- (૨૫) એક વળી એમ કહે છે — સૂર્ય ૨૫,૦૦૦ યોજન અને ચંદ્ર ૨૫,૫૦૦ યોજન ઉર્દ્વ ઉચ્ચત્વથી છે.*

*પરંતુ અમે [ભગવંત] એમ કહે છે કે — આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ૭૯૦ યોજન ઉંચે જઈને નીચે તારા વિમાન ચાર ચરે છે. ૮૦૦ યોજન ઉંચે જઈને સૂર્ય વિમાન ચાર ચરે છે, ૮૮૦ યોજન ઉંચે જઈને ચંદ્ર વિમાન ચાર ચરે છે. ૯૦૦ યોજન ઉંચે જઈને ઉપર તારા વિમાન ચાર ચરે છે.*

*સૌથી નીચે તારા વિમાન, ત્યાંથી ૧૦ યોજન ઉપર જઈને સૂર્ય વિમાન ચાર ચરે છે, ૯૦ યોજન ઉપર જઈને ચંદ્રવિમાન ચાર ચરે છે, ૧૧૦ યોજન ઉંચે જઈને તારા ચાર ચરે છે.*

*સૂર્ય વિમાનથી ૮૦ યોજન ઉંચે જઈને ચંદ્ર વિમાન ચાર ચરે છે, ૧૦૦ યોજન ઉંચે જઈને સૌથી ઉપર તારા ચાર ચરે છે.*

*ચંદ્ર વિમાનથી ૨૦ યોજન ઉપર જઈને સૌથી ઉંચે તારા વિમાન ચાર ચરે છે.*

*એ પ્રમાણે પૂર્વા-પરથી ૧૧૦ યોજન બાહલ્યથી તીર્છા અસંખ્ય જ્યોતિષ્ક વિષય જ્યોતિષ્ક ચાર ચરે છે, તેમ કહ્યું.*

*[૧૧૮] ચંદ્ર-સૂર્ય દેવોના નીચે તારા રૂપ અલ્પ છે, તુલ્ય છે? તે સમ તારારૂપ અણુ પણ છે કે તુલ્ય પણ છે? ઉપર પણ તારારૂપ અણુ પણ છે કે તુલ્ય પણ છે?*

*તે તારારૂપ દેવોનું જે પ્રકારે તપ-નિયમ-બ્રહ્મચર્ય પૂર્વભવમાં હોય, તેમ-તેમ તે દેવો આવા પ્રકારે થાય છે — અણુ કે તુલ્ય. એ પ્રમાણે નિશ્ચે ચંદ્ર-સૂર્ય દેવોના નીચે તારા રૂપ અણુ કે તુલ્ય હોય, એ પ્રમાણે યાવત્ ઉપર પણ તારારૂપ અણુ પણ હોય, તુલ્ય પણ હોય.*

*[૧૧૯] તે એક એક ચંદ્ર-દેવનો કેટલો ગ્રહ પરિવાર કહેલ છે ? કેટલો નક્ષત્ર પરિવાર કહેલ છે ? કેટલો તારા પરિવાર કહેલ છે ? કેટલો તારા પરિવાર*

*કહેલ છે ? તે એકમેક ચંદ્ર દેવના ૮૮ ગ્રહ પરિવાર કહેલ છે, ૨૮ નક્ષત્ર પરિવાર કહેલ છે. (તથા) —*

*[૧૨૦] એક ચંદ્રનો પરિવાર ૬૬,૯૦૫ કોડાકોડી તારા છે.*

*[૧૨૧] તે મેરુ પર્વતને કેટલા અબાધાથી જ્યોતિષ્ક ચાર ચરે છે ? તે ૧૧૨૧ યોજન અબાધાથી જ્યોતિષ્ક ચાર ચરે છે. તે લોકાંતથી કેટલી અબાધાથી જ્યોતિષ્ક કહેલ છે ? તે ૧૧૧૧-યોજન અબાધાથી જ્યોતિષ્ક કહેલ છે.*

*[૧૨૨] તે જંબૂદ્વીપ દ્વીપ કેટલાં નક્ષત્ર સર્વાભ્યંતરથી ચાર ચરે છે? કેટલાં નક્ષત્ર સર્વ બાહ્યથી ચાર ચરે છે? કેટલાં નક્ષત્ર સૌથી નીચે ચાર ચરે છે? અભિજિત્ નક્ષત્ર સર્વાભ્યંતરથી ચાર ચરે છે. મૂલ નક્ષત્ર સર્વ બાહ્યથી ચાર ચરે છે, સ્વાતિ નક્ષત્ર સર્વથી ઉપર ચાર ચરે છે, ભરણી નક્ષત્ર સૌથી નીચે ચાર ચરે છે.*

● વિવેચન-૧૧૭ થી ૧૨૨ :-

કયા પ્રકારે ભગવન્ ! આપે ભૂમિથી ઉર્ધ્વ ચંદ્રાદિનું ઉચ્ચત્વ કહેલ છે ? એ પ્રમાણે પ્રશ્ન કરતાં ભગવંતે આ વિષયમાં જેટલી પ્રતિપત્તિ છે, તેટલી દર્શાવે છે —

ઉચ્ચત્વના વિષયમાં વક્ષ્યમાણ સ્વરૂપે પચીશ પ્રતિપત્તિ-અન્યતીર્થિકોના મતરૂપ કહેલી છે.

તે પચીશ પરતીર્થિકો મધ્યે એક પરતીર્થિક એ પ્રમાણે કહે છે કે — ૧૦૦૦ યોજન ભૂમિથી ઉંચે સૂર્ય રહેલ છે. ૧૫૦૦ યોજન ચંદ્ર ભૂમિથી ઉંચે રહેલ છે, શું કહેવા માંગે છે ? ભૂમિથી ઉંચે ૧૦૦૦ યોજન ગયા પછી આટલા અંતરે સૂર્ય રહેલ છે અને ૧૫૦૦ યોજન ઉંચે જઈને ચંદ્ર રહેલ છે.

સૂત્રમાં યોજન સંખ્યા પદના અને સૂર્યાદિપદના તુલ્ય અધિકરણત્વ નિર્દેશ અભેદ ઉપચારથી છે. જેમ પાટલીપુત્રથી રાજગૃહ નવ યોજન છે, ઈત્યાદિ. એ પ્રમાણે આગળના સૂત્રોમાં પણ કહેવું. હવે ઉપસંહાર કરે છે - એક એમ કહે છે.

વળી એક એમ કહે છે કે — ભૂમિથી ઉંચે ૨૦૦૦ યોજન સૂર્ય રહેલ છે, ૨૫૦૦ યોજન ચંદ્ર રહેલ છે.

એ પ્રમાણે બાકીના સૂત્રો પણ કહેવા.

આ અનંતર કહેલ આલાવા વડે બાકીની પ્રતિપત્તિના સૂત્રો જાણવા. તે આ પ્રમાણે છે —

૦ એક એમ કહે છે — સૂર્ય ૩૦૦૦ યોજન, ચંદ્ર ૩૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૪૦૦૦ યોજન, ચંદ્ર ૪૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૫૦૦૦ યોજન, ચંદ્ર ૫૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૬૦૦૦ યોજન, ચંદ્ર ૬૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૭૦૦૦ યોજન, ચંદ્ર ૭૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૮૦૦૦ યોજન, ચંદ્ર ૮૫૦૦ યોજન —



૦ એક એમ કહે છે — સૂર્ય ૯૦૦૦ યોજન, ચંદ્ર ૯૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૦,૦૦૦ યોજન, ચંદ્ર ૧૦,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૧,૦૦૦ યોજન, ચંદ્ર ૧૧,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૨,૦૦૦ યોજન, ચંદ્ર ૧૨,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૩,૦૦૦ યોજન, ચંદ્ર ૧૩,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૪,૦૦૦ યોજન, ચંદ્ર ૧૪,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૫,૦૦૦ યોજન, ચંદ્ર ૧૫,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૬,૦૦૦ યોજન, ચંદ્ર ૧૬,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૭,૦૦૦ યોજન, ચંદ્ર ૧૭,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૮,૦૦૦ યોજન, ચંદ્ર ૧૮,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૧૯,૦૦૦ યોજન, ચંદ્ર ૧૯,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૨૦,૦૦૦ યોજન, ચંદ્ર ૨૦,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૨૧,૦૦૦ યોજન, ચંદ્ર ૨૧,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૨૨,૦૦૦ યોજન, ચંદ્ર ૨૨,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૨૩,૦૦૦ યોજન, ચંદ્ર ૨૩,૫૦૦ યોજન —

૦ એક એમ કહે છે — સૂર્ય ૨૪,૦૦૦ યોજન, ચંદ્ર ૨૪,૫૦૦ યોજન —

આ ચોવીશે પ્રતિપત્તિઓમાં વૃત્તિકારશ્રીએ સૂત્રકર્તા મહર્ષિને અનુસરીને એક વાક્ય બધી પ્રતિપત્તિઓમાં જોડેલ છે — ‘‘આ બધાં પરતિર્થિક માને છે કે — સૂર્ય અને ચંદ્ર ઉક્ત પ્રમાણથી ઉર્ધ્વ ઉચ્ચત્વથી કહેલ છે.

પ્રત્યેક પ્રતિપત્તિના અંતે ઉપસંહાર કરતાં સૂત્રકારશ્રી મહર્ષિએ કહેલ છે કે — ‘‘એક પરતીર્થિક આમ કહે છે.’’

આ ચોવીશ પ્રતિપત્તિઓને સંક્ષેપ કે અતિદેશરૂપે દર્શાવ્યા બાદ પચીશમી પ્રતિપત્તિ સાક્ષાત્ દર્શાવે છે — વળી એક એમ કહે છે કે૦ ઈત્યાદિ.

આટલા સૂત્રો સુગમ હોવાથી સ્વયં વિચારવા.

આ પ્રમાણે પરપ્રતિપત્તિઓ કહીને, હવે ભગવંત સ્વ મતને દર્શાવતા આમ કહે છે —

અમે વળી ઉત્પન્ન કેવળજ્ઞાનથી વક્ષ્યમાણ પ્રકારથી જે કહીએ છીએ તે જ પ્રકાર કહે છે — આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉર્ધ્વ ૭૯૦ યોજન જઈને આ અંતરમાં નીચે તારા વિમાન ચાર ચરે છે - મંડલ ગતિથી પરિભ્રમણને પ્રતિપાદિત કરે છે - તથા -

આ જ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી ઉર્ધ્વ ૮૦૦ યોજનો જઈને આ અંતરમાં સૂર્ય વિમાન ચાર ચરે છે.

આ જ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉર્ધ્વ પરિપૂર્ણ ૯૦૦ યોજન જઈને આ અંતરમાં સૌથી ઉપર તારા વિમાન ચાર ચરે છે - ભ્રમણ કરે છે.

સૌથી નીચેના તારા વિમાનથી ઉર્ધ્વ ૧૦ યોજન જઈને આ અંતરમાં સૂર્ય વિમાન ચાર ચરે છે.

તે જ સૌથી નીચેના તારા વિમાનથી ૯૦ યોજન ઉર્ધ્વ જઈને આ અંતરમાં ચંદ્ર વિમાન ચાર ચરે છે.

તે જ સૌથી નીચેના તારા વિમાનથી ૧૧૦ યોજન ઉર્ધ્વ જઈને આ અંતરમાં સર્વોપરિ રહેલ તારાવિમાન ચાર ચરે છે.

સૂર્ય વિમાનથી ઉર્ધ્વ ૮૦ યોજન જઈને આ અંતરમાં ચંદ્રવિમાન ચાર ચરે છે. તે જ સૂર્ય વિમાનથી ઉર્ધ્વ ૧૦૦ યોજન જઈને આ અંતરમાં સૌથી ઉપર તારારૂપ જ્યોતિષ્ ચક્રચાર ચરે છે અર્થાત્ ભ્રમણ કરે છે.

ચંદ્ર વિમાનથી ઉર્ધ્વ ૨૦ યોજન જઈને આ અંતરમાં સૌથી ઉપર તારારૂપ જ્યોતિષ્ ચક્ર ચાર ચરે છે.

એ પ્રમાણે ઉક્ત પ્રકારથી પૂર્વ અને અપર સહિત અર્થાત્ સપૂર્વાપર-પૂર્વાપરના મળવાથી, ૧૧૦ યોજન બાહલ્યથી છે.

તે આ રીતે – સર્વ અધસ્તન તારારૂપથી જ્યોતિષ્ ચક્રથી ઉર્ધ્વ ૧૦ યોજને સૂર્ય વિમાન, તેનાથી પણ ૮૦ યોજને ચંદ્રવિમાન, તેનાથી ૨૦ યોજને સૌથી ઉપર તારારૂપ જ્યોતિષ્ ચક્ર હોય છે. એ રીતે જ્યોતિષ્ ચક્રનું ૧૧૦ યોજન બાહલ્ય છે.

તે ૧૧૦ યોજન બાહલ્યમાં ફરી કેવા પ્રકારે છે, તે કહે છે – તિર્છું અસંખ્યેય યોજન કોડાકોડી પ્રમાણ જ્યોતિર્વિષયક મનુષ્ય ક્ષેત્ર વિષય જ્યોતિષ્ ચક્ર ચાર ચરે છે. ચાર ચરતા મનુષ્ય ક્ષેત્રથી બહાર વળી અવસ્થિત છે, એમ કહેલ છે. તેવું [સ્વ શિષ્યોને] તમારે કહેવું.

ભગવન્! શું એવું છે કે – જે ચંદ્ર સૂર્ય દેવોના ક્ષેત્રની અપેક્ષાથી નીચે પણ તારારૂપ વિમાનના અધિષ્ઠાતા દેવો ધુતિ-વૈભવ-લેશ્યાદિની અપેક્ષાથી કેટલાંક અણુ-લઘુ પણ હોય છે, અર્થાત્ હીન પણ હોય છે, કેટલાંક તુલ્ય પણ હોય છે. તથા સમ પણ ચંદ્રવિમાન અને સૂર્ય વિમાનની ક્ષેત્ર અપેક્ષાથી સમશ્રેણિથી વ્યવસ્થિત તારારૂપ-તારાવિમાન અધિષ્ઠાતા દેવો પણ છે. ચંદ્ર સૂર્ય દેવોના ધુતિ-વૈભવ આદિની અપેક્ષાથી કેટલાંક અણુ પણ હોય અને કેટલાંક અણુ પણ હોય અને કેટલાંક તુલ્ય પણ હોય?

તથા ચંદ્રવિમાન અને સૂર્ય વિમાનોની ઉપર પણ જે તારારૂપ - તારારૂપ વિમાનના અધિષ્ઠાતા દેવો પણ રહેલ છે. તેઓ પણ ચંદ્ર સૂર્યોના દેવોના ધુતિ-વૈભવ આદિની અપેક્ષાથી કેટલાંક અણુ પણ હોય અને કેટલાંક તુલ્ય પણ હોય ?

એ પ્રમાણે ગૌતમ વડે પ્રશ્ન કરાતા ભગવંત કહે છે – જે આ પ્રમાણે તે પૂછ્યું, તે બધું તેમજ છે.

એમ કહેતા ફરી પ્રશ્ન કરે છે – તે સુગમ છે. ભગવંત કહ્યું – જેમ-જેમ તે દેવોના-તારારૂપ વિમાનોના અધિષ્ઠાતા પૂર્વ ભવમાં તપ-નિયમ-બ્રહ્મચર્ય ઉત્કટ હોય છે,



તેમ તેમ તે દેવોના, તે તારારૂપ વિમાનના અધિષ્ઠાતા ભવમાં એ પ્રમાણે તેમ અણુત્વ કે તુલ્યત્વ થાય છે.

અહીં શું કહેવા માંગે છે ? જેઓ વડે પૂર્વભવમાં તપ-નિયમ-બ્રહ્મચર્ય મંદ [અલ્પ] કરાયેલા હોય, તેઓ તારારૂપ વિમાનાધિષ્ઠાતા દેવભવને પામીને ચંદ્ર-સૂર્ય દેવો કરતાં ધુતિ-વૈભવાદિની અપેક્ષા થકી હીન હોય છે. જેઓ વડે ભવાંતરમાં તપ-નિયમ-બ્રહ્મચર્યને અતિ ઉત્કટપણે સેવેલા છે, તે તારારૂપ વિમાનાધિષ્ઠાતા દેવત્વને પામીને ધુતિ-વૈભવ આદિની અપેક્ષાથી ચંદ્ર-સૂર્ય દેવો સાથે સમાન હોય છે. આ અનુત્પન્ન નથી. મનુષ્ય લોકમાં પણ કેટલાંક જન્માંતરથી ઉપચિત તથાવિધ પુન્ય પ્રાગ્ભારા રાજત્વને ન પામીને પણ રાજાની સાથે તુલ્ય ધુતિ વૈભવવાળા હોય છે.

''ता एवं खलु'' નિગમનવાક્ય સુગમ છે.

ગ્રહાદિ પરિવાર વિષયક પ્રશ્ન-ઉત્તર સૂત્રો સુગમ છે.

મેરુ પર્વત, જંબૂદ્વીપમાં રહેલ અને સર્વ તીર્છાલોકનો મધ્યવર્તી છે, તેનું કેટલું ક્ષેત્ર અબાધાથી કરીને ચાર ચરે છે ?

ભગવંતે કહ્યું – તે ૧૧૨૧ - યોજનો અબાધાથી કરીને ચાર ચરે છે. અર્થાત્ શું કહેવા માંગે છે ? મેરુની ફરતાં ૧૧૨૧ યોજન છોડીને ત્યારપછી ચક્રવાલપણે જ્યોતિષ્ચક્રને ચાર ચરે છે.

તે લોકાંતની પૂર્વે કેટલાં ક્ષેત્રની અબાધા કરીને - અપાંતરાલ કરીને જ્યોતિષ્ક કહેલ છે ? ભગવંતે કહ્યું – ૧૧૧૧ યોજન અબાધા કરીને - અપાંતરાલ રાખીને જ્યોતિષ્ કહેલ ચે.

તે જંબૂદ્વીપદ્વીપમાં કેટલાં નક્ષત્ર૰ ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ છે કે અભિજિત્ નક્ષત્ર સર્વાભ્યંતર નક્ષત્ર મંડલને અપેક્ષાથી એ પ્રમાણે મૂલાદિ સર્વ બાહ્યાદિ જાણવા.

● **સૂત્ર-૧૨૩,૧૨૪ :-**

***[૧૨૩] ચંદ્ર વિમાન કયા આકારે કહેલ છે ? તે અર્દ્ધ કપિત્થક સંસ્થાન સંસ્થિત, સર્વ સ્ફટિકમય, અભ્યુદ્ગત ઉસિત પ્રહસિત વિવિધ મણિ-રત્ન વડે આશ્ચર્ય ચકિત યાવત્ પ્રતિરૂપ છે. એ પ્રમાણે સૂર્ય વિમાન, ગ્રહવિમાન, નક્ષત્રવિમાન, તારાવિમાન જાણવા.***

***તે ચંદ્રવિમાન કેટલા આયામ-વિષ્કંભથી અને કેટલાં પરિક્ષેપથી, કેટલાં બાહલ્યથી કહેલ છે ? તે $^{૫૬}/_{૬૧}$ ભાગ યોજન આયામ અને વિષ્કંભથી છે, તેનાથી ત્રિગુણ સવિશેષ પરિધિથી અને યોજનના $^{૨૮}/_{૬૧}$ ભાગ બાહલ્યથી કહેલ છે.***

***તે સૂર્ય વિમાન આયામવિષ્કંભથી કેટલું છે, ઈત્યાદિ પ્રશ્ન૰ - તે યોજનના $^{૨૮}/_{૬૧}$ ભાગ આયામ વિષ્કંભથી, ત્રિગુણ સવિશેષ પરિધિથી, યોજનના $^{૨૪}/_{૬૧}$ ભાગ બાહલ્યથી છે.***

***તે નક્ષત્ર વિમાન કેટલું આયામાદિથી છે, તે પૃચ્છા. તે એક કોશ આયામ-વિષ્કંભથી, તેનાથી ત્રિગુણ સવિશેષ પરિધિથી, અર્દ્ધકોશ બાહલ્યથી કહેલ છે.***

*તે તારા વિમાન કેટલું આયામ આદિથી છે, તે પૃચ્છા. તે અર્ધ કોશ આયામ-વિષ્કંભથી, તેનાથી ત્રિગુણ સવિશેષ પરિધિથી અને ૫૦૦ ધનુષ્ બાહલ્યથી છે.*

*તે ચંદ્રવિમાન કેટલાં હજાર દેવો પરિવહે છે ? ૧૬,૦૦૦ દેવો આ વિમાનને પરિવહન કરે છે. તેમાં પૂર્વથી સીંહરૂપધારી ૪૦૦૦ દેવો પરિવહન કરે છે. દક્ષિણમાં હાથીરૂપધારી ૪૦૦૦ દેવો પરિવહન કરે છે. પશ્ચિમમાં વૃષભરૂપધારી ૪૦૦૦ દેવો પરિવહન કરે છે. ઉત્તરમાં અશ્વરૂપધારી ૪૦૦૦ દેવો પરિવહન કરે છે.*

*એ પ્રમાણે સૂર્યવિમાનને પણ જાણવું.*

*તે ગ્રહવિમાનને કેટલાં હજાર દેવો પરિવહન કરે છે ? તેને ૮૦૦૦ દેવો પરિવહન કરે છે. તે આ પ્રમાણે - પૂર્વથી સિંહરૂપધારી ૨૦૦૦ દેવો પરિવહન કરે છે. એ પ્રમાણે યાવત્ ઉત્તરેથી અશ્વરૂપધારી ૨૦૦૦ દેવો પરિવહન કરે છે.*

*તે નક્ષત્ર વિમાનને કેટલાં હજાર દેવો પરિવહન કરે છે ? તે ૪૦૦૦ દેવો વહન કરે છે. તે આ પ્રમાણે — પૂર્વથી સિંહરૂપધારી એવા ૧૦૦૦ દેવો પરિવહન કરે છે. એ પ્રમાણે યાવત્ ઉત્તરથી અશ્વરૂપધારી ૧૦૦૦ દેવો પરિવહન કરે છે.*

*તે તારા વિમાનને કેટલાં હજાર દેવો પરિવહન કરે છે ? તેને ૨૦૦૦ દેવો પરિવહન કરે છે. તે આ પ્રમાણે - પૂર્વથી સીંહરૂપધારી ૫૦૦ દેવો પરિવહન કરે છે. એ પ્રમાણે યાવત્ ઉત્તરથી અશ્વરૂપધારી ૫૦૦ દેવો પરિવહન કરે છે.*

*[૧૨૪] આ ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપોમાં કોણ-કોનાથી શીઘ્રગતિ કે મંદગતિ છે ?*

*તે ચંદ્રથી સૂર્ય શીઘ્રગતિ છે. સૂર્યથી ગ્રહો શીઘ્રગતિ છે. ગ્રહોથી નક્ષત્ર શીઘ્રગતિ છે. નક્ષત્રોથી તારા શીઘ્રગતિ છે.*

*સર્વ અલ્પગતિ ચંદ્ર છે, સર્વ શીઘ્રગતિ તારા છે.*

*આ ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપ કોણ-કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મહાઋદ્ધિવાળા છે ?*

*તારાથી મહાઋદ્ધિવાન્ નક્ષત્ર, નક્ષત્રથી ગ્રહો મહર્દ્ધિક છે, ગ્રહોથી સૂર્યમહર્દ્ધિક છે, સૂર્યથી ચંદ્ર મહર્દ્ધિક છે.*

*સૌથી અલ્પઋદ્ધિક તારા છે, સૌથી મહર્દ્ધિક ચંદ્ર છે.*

**● વિવેચન-૧૨૩,૧૨૪ :-**

સંસ્થાન વિષયક પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંતે કહ્યું - x - ઉલટું કરાયેલ અર્ધમાત્ર કપિત્થ, તેના જેવું સંસ્થાન જેનું છે, તેના વડે સંસ્થિત તે અર્ધકપિત્થ સંસ્થાન સંસ્થિત, કહે છે — જો ચંદ્ર વિમાન ઉલટા કરાયેલ અર્ધમાત્ર કપિત્થ ફળ સંસ્થાન સંસ્થિત છે, તો ઉદયકાળે કે અસ્તમયકાળે અથવા તિર્છું પરિભ્રમણ કરતાં પૂર્ણિમામાં કઈ રીતે અર્ધકપિત્થ ફળાકાર પ્રાપ્ત થતો નથી, મસ્તક ઉપર વર્તતુ એવું પૂર્ણ વર્તુળ પ્રાપ્ત થાય છે. અર્ધ કપિત્થની ઉપર દૂરે અવસ્થાપિતનો પર-ભાગદર્શનથી વર્તુળપણે દેખાવાથી તેમ છે?



ઉત્તર આપતા કહે છે કે — આ અર્દ્ધકપિત્થ ફલાકાર ચંદ્રના વિમાનને સામસ્ત્યથી ન જાણવો. પરંતુ તે ચંદ્રવિમાનની પીઠ અને તે પીઠની ઉપર ચંદ્રદેવ જ્યોતિષ્ ચક્રરાજનો પ્રાસાદ છે, તે પ્રાસાદ તે રીતે કંઈક પણ રહેલ છે, જે રીતે પીઠ સાથે ઘણો વર્તુળાકાર થાય છે. તે દૂરથી એકાંતે સમવૃત્તપણે લોકોને ભાસિત થાય છે. તેથી કંઈ દોષ નથી. આ અમે અમારી બુદ્ધિથી કહેતા નથી, પણ આ જ વાત જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વડે વિશેષણવતીમાં આક્ષેપપૂર્વક કહેલ છે.

“અર્ધકપિત્થ આકાર ઉદય-અસ્તમાં કેમ દેખાતો નથી ? ચંદ્ર-સૂર્યના વિમાન તીર્છા ક્ષેત્રસ્થિત છે ? ઉત્તાન અર્ધકપિત્થાકાર પીઠ, તેની ઉપર પ્રાસાદ, વૃત્તાલેખથી દૂરભાવથી સમવૃત છે.

તથા બધું-નિરવશેષ સ્ફટિકમય-સ્ફટિક વિશેષ મણિમય તથા અભ્યુદ્ગત-આભિમુખ્યથી સર્વથા વિનિર્ગત પ્રબળપણે બધી દિશામાં પ્રસરેલ જે પ્રભા-દીપ્તિ, તેના વડે શુક્લ, અભ્યુદ્ગત-ઉત્સૃત-પ્રભાસિત તથા વિવિધ - અનેક પ્રકારે મણી-ચંદ્રકાંતાદિ, રત્નકર્કેતનાદિ, તેમના ભિતમાં ચીતરેલ અનેક રૂપવત્ કે આશ્ચર્યવત્ વિવિધ મણિ રત્ન ચિત્ર.

સૂત્રમાં મૂકેલ યાવત્ શબ્દથી વાતોદ્ધૂત૰ ઈત્યાદિ પાઠ છે આ પાઠના શબ્દોનો અર્થ આ પ્રમાણે જાણવો —

તેમાં વાતોદ્ધૂત-વાયુ વડે કંપિત, વિજય-અભ્યુદય, તેને સંસૂચિકા વૈજયંતિ નામક પતાકા અથવા વિજયા તે વૈજયંતીની પાર્શ્વકર્ણિકા કહે છે, તેનાથી પ્રધાન વૈજયંતી એટલે વિજય વૈજયંતીની પતાકા, તેની જેમ વિજય વર્જિતા વૈજયંતી.

છત્રાતિછત્રો-ઉપર-ઉપર રહેલ આતપત્રો, તેના વડે યુક્ત. એવી વાતોદ્ધૂત વિજય વૈજયંતી પતાકા.

તુંગ-ઉચ્ચ, તેથી જ ગગનતલ-આકાશનું તળ, અનુલિખત એટલે અભિલંઘન કરતું શિખર જેનું છે તે ગગનતલાનુલિખત શિખર.

જાલ-જાલક, તે ભવનોની ભિંતોમાં લોકમાં પ્રતિત છે, તેના અંતરમાં વિશિષ્ટ શોભા નિમિત્તે રત્નો જેમાં છે તે જાલાંતર રત્ન, - x - તથા પાંજરાથી બહિષ્કૃતની માફક તે પંજરોન્મીલિત. જેમ કોઈપણ વસ્તુ પંજરથી-વંશાદિમય પ્રચ્છાદાન વિશેષથી બહિષ્કૃત અત્યંત અવિનષ્ટ છાયાપણાથી શોભે છે, એવું તે વિમાન પણ છે. એવું કહેવાનો અહીં ભાવ છે, તેમ જાણવું.

તથા મણિ-કનક સંબંધી સ્તૂપિકા શિખર જેને છે તે — મણિકનક સ્તુપિકા, તથા વિકસિત જે શતપત્રો અને પુંડરીકો, દ્વાર આદિમાં પ્રતિકૃતિપણાથી સ્થિત અને તિલક, ભિંત આદિમાં પુંડ્રો અને રત્નમય અર્ધચંદ્ર દ્વારના અગ્ર ભાગાદિમાં તેના વડે ચિત્ર તે વિકસિત શતપત્ર પુંડરીક તિલકાર્દ્ધચંદ્ર ચિત્ર.

તથા અંદર અને બહાર શ્લક્ષ્ણ-મસૃણ.

તથા તપનીય-સુવર્ણવિશેષ, તેનાથી યુક્ત. વાલુકા-રેતી.

પ્રસ્તટ-પ્રતર જેમાં છે, તે તથા.

તથા સુખ સ્પર્શ કે શુભસ્પર્શ તથા સશ્રીક-શોભા સહિત રૂપો-મનુષ્ય યુગલાદિ જેમાં છે, તે સશ્રીકરૂપ.

તથા પ્રાસાદીય-મનને પ્રસાદના હેતુરૂપ, તથી જ દર્શનીય જોવાને યોગ્ય, તેના દર્શનથી તૃપ્તિના અસંભપણાથી.

તથા પ્રતિવિશિષ્ટ-અસાધારણ રૂપ જેનું છે, તે.

૦ જેમ ચંદ્ર વિમાનનું સ્વરૂપ કહ્યું, એ પ્રમાણે સૂર્ય વિમાન અને તારા વિમાનની વક્તવ્યતા કહેવી. કેમકે પ્રાયઃ બધાં પણ જ્યોતિષ્ક વિમાનોના એકરૂપપણાથી છે. તથા-

સમવાયાંગમાં પણ કહેલ છે - ભગવન્ ! જ્યોતિષ્ક આવાસ કેવા કહેલા છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીનાં બહુસમ રમણીય ભૂમિ ભાગથી ૭૯૦ યોજન ઉર્ધ્વ જઈને ૧૧૦ યોજનના બાહલ્યથી અને તીર્છા અસંખ્યાત જ્યોતિષ્કવિષયમાં જ્યોતિષ્ક દેવોના અસંખ્યાતા જ્યોતિષ્ક વિમાનાવાસો કહેલા છે.

તે જ્યોતિષ્ક વિમાનાવાસ અભ્યુદ્‌ગત-સમુસિત-પ્રહસિત વિવિધ મણિરત્નથી આશ્ચર્યકારી૦ આદિ પૂર્વવત્ યાવત્ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

તે ચંદ્રવિમાન૦ ઈત્યાદિ, આયામ-વિષ્કંભાદિ વિષયક બધાં જ પ્રશ્ન અને ઉત્તર સૂત્રો સુગમ છે. વિશેષ એ કે — સર્વત્ર પણ પરિધિ પરિમાણ - વિષ્કંભ વર્ગને દશ ગણો કરણ-વૃત્ત પરિધિ હોય છે. તેથી કરણના વશથી સ્વયં જાણવું.

તથા જે તારાવિમાનના આયામ, વિષ્કંભ, પરિમાણ કહ્યું. અર્ધ ગાઉ ઉચ્ચત્વ પરિમાણ ક્રોશ ચતુર્ભાગ તેની ઉત્કૃષ્ટ સ્થિતિક તારા દેવની સંબંધી વિમાનના જાણવા. જે વળી જઘન્યસ્થિતિકના તારા દેવના સંબંધી વિમાન, તેના આયામ-વિષ્કંભ-પરિમાણ ૫૦૦ ધનુષ્, ઉચ્ચત્વ પરિમાણ અઢીસો ધનુષ્.

તથા તત્ત્વાર્થ ભાષ્યમાં કહ્યું છે કે — યોજનના ૪૮/૬૧ ભાગ સૂર્ય મંડલનો વિષ્કંભ, ચંદ્રમાનો ૫૬, ગ્રહોનો અર્ધ યોજન, નક્ષત્રોનો ગાઉ, સર્વોત્કૃષ્ટ તારાનો અર્ધક્રોશ, જઘન્યથી ૫૦૦ ધનુષ્. વિષ્કંભ અર્ધબાહલ્યથી થાય છે - x -

ચંદ્રવિમાનને કેટલાં હજાર દેવો પરિવહન કરે છે? ઈત્યાદિ વાહન વિષયક પ્રશ્ન અને ઉત્તર સૂત્રો સુગમ છે. વિશેષ એ કે અહીં આ પ્રમાણેની ભાવના જાણવી —

આ ચંદ્રાદિ વિમાનો તેવા પ્રકારના જગત્ સ્વાભાવ્યથી નિરાલંબ વહન કરાતા રહેલ છે. કેવળ જે આભિયોગિક દેવો છે, તે તથાવિધ નામકર્મોદયના વશથી સમાન જાતીય કે હીનજાતીય દેવોના પોતાની સ્ફાતિવિશેષ દર્શાવવા માટે આત્માને બહુ મન્યમાન પ્રસાદ ભૃત થઈ સતત વહનશીલ વિમાનોમાં નીચે રહી-રહીને કેટલાંક સિંહરૂપે, કેટલાંક હાથીરૂપે, કેટલાંક વૃષભરૂપે, કેટલાંક અશ્વરૂપે તે વિમાનોને વહન કરે છે, તે અનુત્પન્ન નથી.



તે આ રીતે — કોઈપણ તથાવિધ આભિયોગ્ય નામકર્મ ઉપભોગભોગી દાસ બીજા સમાનજાતીય કે હીનજાતીય પૂર્વ પરિચિત્તોના જ એ પ્રમાણે હું નાયકના આ સુપ્રસિદ્ધને સંમત-એ નિજ સ્ફાતિ વિશેષ પ્રદર્શન માટે બધું પણ સ્વોચિત કર્મ નાયક સામે પ્રમુદિત કરે છે. તથા આભિયોગિક દેવો પણ તથાવિધ આભિયોગ્ય નામ કર્મોપ-ભોગના ભાજક છે. સમાન જાતીય કે હીન જાતીય દેવોના બીજા જ - અમે સમૃદ્ધ છીએ - કે જેથી સર્વલોક પ્રસિદ્ધ ચંદ્રાદિના વિમાનોનું વહન કરીએ છીએ. એ પ્રમાણે પોતાની સ્ફાતિ વિશેષના પ્રદર્શન માટે પોતાને બહુ મન્યમાન, ઉક્ત પ્રકારથી ચંદ્રાદિના વિમાનોને વહન કરે છે.

તે ચંદ્રાદિ વિમાન વહનશીલ આભિયોગિક દેવોની આ સંખ્યા સંગ્રાહિકા જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં રહેલ ગાથા છે —

૧૬,૦૦૦ દેવો ચંદ્ર અને સૂર્યના વિમાનોનું વહન કરે છે, ૮૦૦૦ દેવો એકૈક ગ્રહ વિમાનને વહે છે. ૪૦૦૦ દેવો નક્ષત્ર વિમાનોને એક-એકને વહન કરે છે. ૨૦૦૦ દેવો તારારૂપ એકૈક વિમાનનું વહન કરે છે. [તેમ-ગાથાર્થને જાણવો.]

શીઘ્રગતિ વિષયક પ્રશ્ન અને ઉત્તરના સૂત્રો સુગમ છે. આ કથન પહેલાં પણ કરેલ છે, પછી ફરીથી પણ વિમાનવહનના પ્રસ્તાવથી કહેલ છે, તેથી તેમાં દોષ નથી. બીજું કોઈ કારણ હોય તો બહુશ્રુતો પાસેથી જાણવું.

● **સૂત્ર-૧૨૫ થી ૧૨૮ :-**

***[૧૨૫] તે જંબૂદ્વીપ દ્વીપમાં એક તારારૂપથી બીજા તારારૂપનું કેટલું અબાધાથી અંતર કહેલ છે ?***

***અંતર બે પ્રકારે છે — વ્યાઘાતિમ અને નિર્વ્યાઘાતિમ.***

***તેમાં જે તે વ્યાઘાતિમ અંતર છે, તે જઘન્યથી ૨૬૨ યોજન અને ઉત્કૃષ્ટથી ૧૨૨૪૨ યોજન એક તારારૂપથી બીજા તારારૂપનું અબાધાથી અંતર કહેલ છે.***

***તેમાં જે નિર્વ્યાઘાતિમ અંતર છે, તે જઘન્યથી ૫૦૦ ધનુષ્ અને ઉત્કૃષ્ટથી અર્ધયોજન એક તારારૂપથી બીજા તારારૂપનું અબાધાથી અંતર કહેલ છે.***

***[૧૨૬] તે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્‌રાજ ચંદ્રની અગ્રમહિષીઓ કેટલી કહી છે ? તે ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે છે — ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી, પ્રભંકરા.***

***તેમાં એક-એક દેવીનો ૪૦૦૦ દેવીઓનો પરિવાર કહેલ છે. તે દેવીઓ બીજા ૪૦૦૦ દેવીના પરિવારને વિકુર્વવા સમર્થ છે. એ પ્રમાણે બધી મળીને ૧૬,૦૦૦ દેવીઓ થાય. તેની એક ત્રુટિક જાણવી.***

***શું તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્‌રાજ ચંદ્ર, ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં તે ત્રુટિક સાથે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિહરવાને સમર્થ છે ? ના, તેમ ન થાય.***

***તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્‌રાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં***

*દેવીઓની ત્રુટિક સાથે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિહરવાને શા માટે સમર્થ નથી ?*

*તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રના ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં માણવક ચૈત્ય સ્તંભોમાં વજ્રમય ગોલવૃત્ત સમસુદ્ગતમાં ઘણાં જિનસકિથ સંનિક્ષિપ્ત રહે છે.*

*તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્ર અને બીજા ઘણાં જ્યોતિષ્ક દેવો અને દેવીઓને અર્ચનીય, વંદનીય, પૂજનીય, સત્કારણીય, સન્માનનીય, કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્યરૂપ અને પર્યુપાસનીય છે. એવા કારણથી જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્મા સભામાં દેવીત્રુટિક સાથે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરવાને સમર્થ થઈ શકતો નથી.*

*[પરંતુ] તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં ચંદ્ર સીંહાસનમાં બેસીને ૪૦૦૦ સામાનિકો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત અનિક, સાત અનિકાધિપતિઓ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ઘણાં જ્યોતિષ્ક દેવો અને દેવીઓ સાથે સંપરિવરીને મોટી આહત-નૃત્ય-ગીત-વાજિંત્ર-તંત્રી-તલ-તાલ-ત્રુટિત-ઘન મૃદંગના કરાતા મધુર સ્વર વડે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરવાને સમર્થ છે, માત્ર પરિવારઋદ્ધિ વડે વિચારી શકે, પણ મૈથુન નિમિત્તે સમર્થ નથી.*

*તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ સૂર્યની કેટલી અગ્રમહિષીઓ કહેલી છે ? તેની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે - સૂર્યપ્રભા, આતપા, અર્ચિમાલા, પ્રભંકરા. બાકી બધું ચંદ્રની માફક જાણવું. વિશેષ એ કે – સૂર્યાવતંસક વિમાન યાવત્ મૈથુન નિમિત્તરૂપ ભોગ ભોગવવાને સમર્થ નથી.*

*[૧૨૭] જ્યોતિષ્ક દેવોની કેટલો કાળ સ્થિતિ કહેલી છે ? જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ અને એક લાખ વર્ષ અધિક જાણવી.*

*તે જ્યોતિષ્ક દેવીની કેટલી કાળ સ્થિતિ કહેલી છે ? તે જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધપલ્યોપમ અને ૫૦,૦૦૦ વર્ષ અધિક જાણવી.*

*ચંદ્ર વિમાનમાં દેવોની કેટલો કાળ સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ અને લાખ વર્ષ અધિક કહી છે, તેમ જાણવી.*

*ચંદ્રવિમાનમાં દેવીની કેટલો કાળ સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી અર્ધપલ્યોપમ અને ૫૦,૦૦૦ વર્ષ અધિક કહી છે, તેમ જાણવી.*

*સૂર્ય વિમાનમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ અને ૧૦૦૦ વર્ષ અધિક જાણવી.*

*સૂર્યવિમાનમાં દેવીની કેટલા કાળની સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધ પલ્યોપમ અને ૫૦૦ વર્ષ અધિક જાણવી.*

*ગ્રહવિમાનમાં દેવોની કેટલા કાળની સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ*





*પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધ પલ્યોપમ અને ૫૦૦ વર્ષ અધિક જાણવી.*

*ગ્રહવિમાનમાં દેવોની કેટલો કાળ સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ.*

*ગ્રહ વિમાનમાં દેવીની કેટલી કાળ સ્થિતિ કહી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધ પલ્યોપમ.*

*નક્ષત્ર વિમાનમાં દેવોની કેટલો કાળ સ્થિતિ કહેલી છે ? જઘન્યથી ચતુર્ભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી અર્ધપલ્યોપમ.*

*નક્ષત્ર વિમાનમાં દેવીની કેટલી કાળ સ્થિતિ કહી છે ? જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી ચતુર્ભાગ પલ્યોપમ.*

*તારાવિમાનમાં દેવોની પૃચ્છા. જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ, ઉત્કૃષ્ટથી ચતુર્ભાગ પલ્યોપમ.*

*તારા વિમાનમાં દેવીની પૃચ્છા. જઘન્યથી અષ્ટભાગ પલ્યોપમ અને ઉત્કૃષ્ટથી સાતિરેક અષ્ટભાગ પલ્યોપમ.*

*[૧૨૮] તે આ ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારારૂપમાં કોણ-કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?*

*તે ચંદ્ર અને સૂર્ય આ બંને તુલ્ય છે અને સૌથી થોડાં છે, નક્ષત્રો તેનાથી સંખ્યાતગણાં છે, ગ્રહો તેનાથી સંખ્યાતગણાં છે અને તારા તેનાથી સંખ્યાતગણાં છે.*

**● વિવેચન-૧૨૫ થી ૧૨૮ :-**

તારા વિમાન અંતર વિષય પ્રશ્નસૂત્ર સુગમ છે. ભગવંત કહે છે, અંતર બે પ્રકારે કહેલ છે – તે આ પ્રમાણે – વ્યાઘાતિમ અને નિર્વ્યાઘાતિમ. તેમાં વ્યાહનન તે વ્યાઘાત-પર્વતાદિ સ્ખલન, તેના વડે નિર્વૃત્ત તે વ્યાઘાતિમ. નિર્વ્યાઘાત-વ્યાઘાતિમથી નિર્ગત એટલે કે સ્વાભાવિક. [એમ જાણવું.]

તેમાં જે વ્યાઘાતિમ છે, તે જઘન્યથી ૨૬૬ યોજન, આ નિષધકૂટાદિની અપેક્ષાથી જાણવું. તે આ રીતે –

નિષધ પર્વત સ્વભાવથી જ ઉંચો ૪૦૦ યોજન, તેના ઉપરી ૫૦૦ યોજન ઉંચો કૂટ. તે મૂલમાં ૫૦૦ યોજન આયામ-વિષ્કંભથી, મધ્યમાં ૩૭૫ યોજન અને ઉપર-૨૫૨ યોજન.

તેમાં ઉપરના ભાગે સમશ્રેણિ પ્રદેશમાં તથા જગત્સ્વાભાવ્ય થકી આઠ યોજન બંને બાજુએ અબાધા કરીને તારા વિમાનો પરિભ્રમણ કરે છે, તેથી જઘન્યથી વ્યાઘાતિમ અંતર ૨૬૬ યોજન થાય છે અને ઉત્કૃષ્ટથી ૧૨,૨૪૨ યોજન છે.

ઉક્ત અંતર મેરુની અપેક્ષાથી જાણવું. તે આ રીતે - મેરુમાં ૧૦,૦૦૦ યોજન, મેરુની બંને બાજુ અબાધાથી ૧૧૨૧ યોજન છે. તેથી સર્વ સંખ્યાના મીલનથી થાય છે - ૧૨,૨૪૨ યોજન છે.

નિર્વ્યાઘાતિમ અંતર વિષમ સૂત્ર-સુગમ છે.

અગ્રમહિષી વિષયક સૂત્ર સુગમ છે. વિશેષ એ — એક દેવીનો ૪૦૦૦નો પરિવાર છે. અર્થાત્ શું કહેવા માંગે છે ? એક એક અગ્રમહિષી ચાર-ચાર હજાર, દેવી પટ્ટરાણી છે. એક એક તે આવા પ્રકારની અગ્રમહિષી પરિચારણા અવસરમાં તથાવિધ જ્યોતિષ્કરાજ ચંદ્ર દેવની ઈચ્છાને પામીને સમર્થ છે કે — પોતાના સમાન રૂપવાળી ચાર-ચાર હજાર દેવીને વિકુર્વવા સમર્થ છે. - x -

એમ ઉક્ત પ્રકારે - x - પૂર્વાપરના મળવાથી સ્વાભાવિક ૧૬,૦૦૦ દેવી, ચંદ્રદેવની હોય છે. તે આ રીતે — ચાર અગ્રમહિષીઓ, એકૈકને પોતાની સાથે ચાર હજાર દેવીનો પરિવાર છે. તેથી સર્વ સંકલના વડે ૧૬,૦૦૦ દેવી થાય છે. તે આટલી ચંદ્ર દેવની ત્રુટિક-અંતઃપુર છે, જીવાભિગમ ચૂર્ણિમાં ત્રુટિક-અંતઃપુર કહ્યું છે —

ભગવંતે કહ્યું — ના આ અર્થ સમર્થ-ઉપપન્ન નથી, અર્થાત્ આ અર્થયુક્ત નથી. જેમકે ચંદ્રાવતંસક વિમાનમાં જે સુધર્મા સભા છે, તેમાં અંતઃપુર સાથે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરવાને સમર્થ નથી. ભગવંત કહે છે કે —

ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્માસભામાં માણવક નામનો ચૈત્ય સ્તંભ છે. તે માણવક સ્તંભમાં વજ્રમય સિક્કામાં વજ્રમય ગોળાકાર વૃત્ત સમુદ્ગકોમાં ઘણા જિન અસ્થિ રહેલા છે. - x -

તે જ્યોતિષેન્દ્ર ચંદ્રના બીજા ઘણાં જ્યોતિષ્ક દેવો અને દેવીને અર્ચનીય-પુષ્પાદિથી, વંદનીય-સ્તોતવ્ય વિશિષ્ટ સ્તોત્ર વડે, પૂજનીય-વસ્ત્રાદિ વડે, સત્કારણીય-આદર પ્રતિપત્તિ વડે, સન્માનનીય-જિનોચિત્ત પ્રતિપત્તિ વડે, કલ્યાણ-કલ્યાણહેતુ, મંગલ-દૂરિતોપશમ હેતુ, દૈવત-પરમદેવતા, ચૈત્ય-ઈષ્ટ દેવતા પ્રતિમા, એ કારણે પર્યુપાસનીય છે, તે કારણે સમર્થ નથી.

કેવલ પરિચારણ ઋદ્ધિથી-આ બધાં મારા પરિચારકો છે અને હું આમનો સ્વામી છું ઈત્યાદિ - x - જ્યોતિષેન્દ્ર ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનમાં સુધર્મા સભામાં ચંદ્રનામક સિંહાસનમાં ૪૦૦૦ સામાનિકો સાથે યાવત્ ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો સાથે, ઘણાં જ્યોતિષ્ક દેવ-દેવી સાથે સંપરીવરીને મહા અવાજ સાથે આખ્યાનક પ્રતિબદ્ધ અથવા અવ્યાહત નાટ્ય-ગીત-વાજિંત્ર તથા વીણા, હસ્તતાલ, બાકીના તૂર્યવાદ્ય તથા ઘનાકાર સામર્થ્યથી જે મૃદંગ, જે દક્ષપુરુષો વડે પ્રવાદિત છે. આ બધાંનો જે રવ, તેના વડે દિવ્ય અર્થાત્ સ્વર્ગમાં થયેલ એટલે કે અતિપ્રધાન, શબ્દાદિને ભોગવતો વિહરવાને સમર્થ છે. પણ મૈથુન નિમિત્તે સ્પર્શાદિ ભોગ ભોગવતો વિચરવા સમર્થ નથી.

સૂર્ય વિષયક પ્રશ્ન-ઉત્તર સૂત્રો સ્વયં વિચારવા. બાકી બધું પ્રાભૃત પરિસમાપ્તિ સુધી સુગમ છે. વિશેષ એ કે ચંદ્રવિમાનમાં ચંદ્રદેવ ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૮નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



# ❁ પ્રાભૃત-૧૯ ❁

— x — x —

૦ એ પ્રમાણે અઢારમું પ્રાભૃત કહ્યું. હવે ઓગણીસમાંનો આરંભ કરે છે, તેનો આ અર્થાધિકાર છે — "સર્વલોકમાં કેટલાં ચંદ્રો અને સૂર્યો કહેલાં છે ? તેથી તે વિષયક પ્રશ્નસૂત્ર કહે છે —

● **સૂત્ર-૧૨૯ થી ૧૭૪ :-**

*[૧૨૯] સર્વલોકમાં કેટલાં ચંદ્રો અને સૂર્યો અવભાસે છે, ઉદ્યોત્ કરે છે, તપે છે, પ્રભાસે છે, તેમ કહેલ છે એમ કહેવું ?*

*તે વિષયમાં આ બાર પ્રતિપત્તિઓ કહેલી છે. તેમાં —*

*(૧) એક એમ કહે છે — એક સૂર્ય, એક ચંદ્ર સર્વલોકને અવભાસે છે, ઉદ્યોત્ કરે છે, તપે છે, પ્રભાસે છે — એક એમ કહે છે.*

*(૨) એક એમ કહે છે — ત્રણ ચંદ્રો, ત્રણ સૂર્યો સર્વલોકને અવભાસે છે યાવત્ પ્રભાસે છે - એક એમ કહે છે.*

*(૩) એક કહે છે કે — સાડા ત્રણ ચંદ્રો, સાડા ત્રણ સૂર્યો સર્વલોકને અવભાસે છે યાવત્ પ્રભાસે છે - એક એમ કહે છે.*

*(૪-૧૨) એક વળી એમ કહે છે કે — એ આલાવાથી જાણવું કે — સાત ચંદ્રો અને સાત સૂર્યો.. દશ ચંદ્રો અને દસ સૂર્યો.. બાર ચંદ્રો અને બાર સૂર્યો.. ૪૨ ચંદ્રો અને ૪૨-સૂર્યો.. ૭૨ ચંદ્રો અને ૭૨-સૂર્યો.. ૧૪૨ ચંદ્રો અને ૧૪૨ સૂર્યો.. ૧૭૨ ચંદ્રો અને ૧૭૨ સૂર્યો.. ૧૦૪૨ ચંદ્રો અને ૧૦૪૨ સૂર્યો.. ૧૦૭૨ ચંદ્રો અને ૧૦૭૨ સૂર્યો સર્વલોકને અવભાસે છે, ઉદ્યોત કરે છે, તપે છે, પ્રભાસે છે.*

*અમે વળી એમ કહીએ છીએ કે — આ જંબૂદ્વીપ દ્વીપ યાવત્ પરિક્ષેપથી છે. તે જંબૂદ્વીપ દ્વીપમાં કેટલો ચંદ્રો પ્રભાસિત થયા, પ્રભાસિત થાય છે, પ્રભાસિત થશે ? કેટલાં સૂર્યો તપ્યા, તપે છે, તપશે ? કેટલાં નક્ષત્રોએ યોગ કર્યો, યોગ કરે છે, યોગ કરશે ? કેટલાં ગ્રહો ચાર ચર્યા, ચાર ચરે છે, ચાર ચરશે ? કેટલાં તારાગણ કોડાકોડી શોભ્યા હતા, શોભે છે અને શોભશે ?*

*તે જંબૂદ્વીપમાં બે ચંદ્રો પ્રભાસે છે૦, બે સૂર્યો છે તપે છે૦, ૫૬-નક્ષત્રો યોગ કરે છે૦, ૧૭૨ ગ્રહો ચાર ચરે છે૦, ૧,૨૩,૯૫૦ તારાગણ કોડાકોડી શોભ્યા, શોભે છે, શોભશે.*

*[૧૩૦,૧૩૧] બે ચંદ્રો, બે સૂર્યો, ૫૬ નક્ષત્રો નિશ્ચે હોય છે, ૧૭૨ ગ્રહો અને ૧,૩૦,૯૫૦ કોડાકોડી તારાગણ જંબૂદ્વીપમાં જાણવા.*

*[૧૩૨] તે જંબૂદ્વીપ દ્વીપને લવણ નામે સમુદ્ર વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત, સર્વથા સમંત સંપરિક્ષિત રહેલ છે.*

*તે લવણસમુદ્ર શું સમચક્રવાલ સંસ્થિત છે કે વિષમચક્રવાલ સંસ્થિત છે ?*

તે લવણસમુદ્ર સમચક્વાલ સંસ્થિત છે, વિષમ ચક્વાલ સંસ્થિત નથી.

તે લવણસમુદ્ર કેટલાં ચક્વાલ વિષ્કંભથી, કેટલા પરિક્ષેપ વડે કહેલો છે, તેમ કહેવું ? તે બે લાખ યોજન વિષ્કંભતી અને ૧૫ લાખ, ૮૧ હજાર, ૧૩૯થી કંઈક વિશેષ ન્યૂન પરિધિથી કહેવો.

તે લવણ સમુદ્રમાં કેટલાં ચંદ્રો પ્રભાસે છે૰ ? એમ પ્રશ્ન. યાવત્ કેટલાં કોડાકોડી તારાગણ શોભે છે૰ ?

તે લવણ સમુદ્રમાં ચાર ચંદ્રો પ્રભાસિત થાય છે૰, ચાર સૂર્યો તપે છે૰, ૧૧૨ નક્ષત્રો યોગ કરે છે૰, ૩૫૨ મહાગ્રહ ચાર ચરે છે૰, ૨,૬૭,૯૦૦ કોડાકોડી તારાગણ શોભે છે૰.

[૧૩૩] ૧૫,૮૧,૧૩૯થી કંઈક વિશેષ. ન્યૂન લવણસમુદ્રનો પરિક્ષેપ છે, તેમ કહેવું.

[૧૩૪,૧૩૫] ચાર ચંદ્રો, ચાર સૂર્યો, ૧૧૨-નક્ષત્રો, ૩૫૨ ગ્રહો, ૨,૬૭,૯૦૦ કોડાકોડી તારાગણ લવણ સમુદ્રમાં છે.

[૧૩૬] તે લવણ સમુદ્રને ધાતકીખંડ નામે દ્વીપ વૃત્ત વલય આકાર સંસ્થિતાદિ પૂર્વવત્ યાવત્ વિષમ ચક્વાલ સંસ્થિત નથી.

ધાતકીખંડદ્વીપ કેટલાં ચક્વાલ વિષ્કંભથી, કેટલાં પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું ? તે ચાર લાખ ચક્વાલ વિષ્કંભથી ૪૧,૧૦,૯૬૧ યોજનથી કંઈક વિશેષ ન્યૂન પરિધિથી કહેલ છે.

ધાતકીખંડ દ્વીપમાં કેટલાં ચંદ્રો પ્રભાસે છે૰ એ પ્રશ્ન. પૂર્વવત્ ધાતકીખંડ દ્વીપમાં ૧૨-ચંદ્રો પ્રભાસિત થયા૰, ૧૨-સૂર્યો તપેલા છે૰, ૩૩૬ નક્ષત્રોએ યોગ કરેલ છે૰, ૧૦૫૬ મહાગ્રહો ચાર ચર્યા છે૰.

[૧૩૭] ૮,૩૦૭૦૦ કોડાકોડી તારાગણ એક ચંદ્રનો પરિવાર છે.

[૧૩૮] ધાતકીખંડ પરિક્ષેપથી ૪૧,૧૦,૯૬૧ યોજનથી કંઈક વિશેષ પરિહીન છે, તેમ જાણવું.

[૧૩૯,૧૪૦] ૨૪-સૂર્ય, ૨૪-ચંદ્ર, ૩૩૬-નક્ષત્રો, ૧૦૫૬ નક્ષત્રો અને ૮,૩૦,૭૦૦ કોડાકોડી તારાગણ ધાતકીખંડ દ્વીપમાં છે.

[૧૪૧] તે ધાતકીખંડ દ્વીપને કાલોદ નામનો સમુદ્ર વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત છે, યાવત્ વિષમચક્વાલ સંસ્થાન વડે સંસ્થિત નથી.

તે કાલોદ સમુદ્ર કેટલાં ચક્વાલ વિષ્કંભથી, કેટલાં પરિક્ષેપથી કહેલ છે તેમ કહેવું ? તે કાલોદ સમુદ્ર આઠ લાખ યોજન ચક્વાલ ચક્વાલ વિષ્કંભ વડે કહેલ છે, ૯૧,૭૦,૬૦૫ યોજનથી કિંચિત્ વિશેષાધિક પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું.

તે કાલોદ સમુદ્રમાં કેટલાં ચંદ્રો પ્રભાસિત છે૰ એ પ્રશ્ન છે. તે કાલોદ સમુદ્રમાં ૪૨ ચંદ્રો પ્રભાસેલ છે૰, ૪૨-સૂર્યો તપેલ છે૰, ૧૧૭૨ નક્ષત્રોએ યોગ કરેલ છે૰, ૩૬૯૬ મહાગ્રહો ચાર ચરે છે૰, અને ૨૮,૧૨,૯૫૦ કોડાકોડી તારાગણ શોભે છે૰.



[૧૪૨] કાલોદધિ સમુદ્રની પરિધિ સાધિક ૯૧,૭૦,૬૦૫ યોજન.

[૧૪૩ થી ૧૪૫] કાલોદ સમુદ્રમાં ૪૨-ચંદ્રો, ૪૨-સૂર્યો દિપ્ત છે, કાલોદધિમાં આ સંબંદ્ધ લેશ્યાકા ચરે છે.. ૧૧૭૬ નક્ષત્રો છે અને ૩૬૯૬ મહાગ્રહો છે.. ૨૮,૧૨,૯૫૦ કોડાકોડી તારાગણ કાલોદધિ સમુદ્રમાં [શોભે છે-શોભ્યા-શોભશે.]

[૧૪૬] તે કાલોદ સમુદ્રને પુષ્કરવર નામે વૃત્ત વલયાકાર સંસ્થાન સંસ્થિત દ્વીપ ચોતરફથી સંપરિક્ષિત રહેલ છે.

તે પુષ્કરવરદ્વીપ શું સમચક્વાલ સંસ્થિત છે કે વિષમ ચક્વાલ સંસ્થિત છે ? તે સમચક્વાલ સંસ્થિત છે, પરંતુ વિષમચક્વાલ સંસ્થિત કહેલો નથી.

તે પુષ્કરવર દ્વીપ કેટલાં સમચક્વાલ વિષ્કંભથી કહેલ છે ? કેટલો પરિધિથી છે ? તે ૧૬-લાખ યોજન ચક્વાલ વિષ્કંભથી છે અને ૧,૯૨,૪૯,૮૪૯ યોજન પરિધિથી કહેલ છે.

તે પુષ્કરવરદ્વીપ કેટલાં ચંદ્રો પ્રભાસે છે૰ ? ઈત્યાદિ પૂર્વવત્ પૃચ્છા કરવી. તેમાં ૧૪૪ ચંદ્રો પ્રભાસિત થયા છે૰ ૧૪૪-સૂર્યો તપે છે૰, ૪૦૩૨ નક્ષત્રોએ યોગ કરેલ છે૰, ૧૨,૬૭૨ મહાગ્રહો ચાર ચરે છે૰, ૯૬,૪૪,૪૦૦ કોડાકોડી તારાગણ શોભે છે૰.

[૧૪૭] પુષ્કરવર દ્વીપની પરિધિ ૧,૯૨,૪૯,૮૪૯ યોજન છે.

[૧૪૮ થી ૧૫૦] પુષ્કરવર દ્વીપમાં ૧૪૪-ચંદ્રો અને ૧૪૪-સૂર્યો ચરે છે અને પ્રભાસિત થાય છે.. ૪૦૩૬ નક્ષત્રો છે અને ૧૨,૬૭૨ મહાગ્રહો છે.. ૯૬,૪૪,૪૦૦ કોડાકોડી તારાગણ છે.

[૧૫૧] પુષ્કરવરદ્વીપના બહુ મધ્યેદેશ ભાગમાં માનુષોત્તર નામક વલયાકાર સંસ્થાન સંસ્થિત પર્વત છે. જેના કારણે પુષ્કરવર દ્વીપ બે ભાગમાં વિભાજિત થયેલો રહે છે. તે આ પ્રમાણે અભ્યંતર પુષ્કરાર્દ્ધ અને બાહ્ય પુષ્કરાર્દ્ધ.

તે અભ્યંતર પુષ્કરાર્દ્ધ શું સમચક્વાલ સંસ્થિત છે કે વિષમ ચક્વાલ સંસ્થિત છે ? તે સમચક્વાલ સંસ્થિત છે, વિષમ ચક્વાલ સંસ્થિત નથી. [તેમ જાણવું.]

તે અભ્યંતર પુષ્કરાર્દ્ધ કેટલા ચક્વાલ વિષ્કંભથી અને કેટલાં પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું ? તે આઠ લાખ યોજન ચક્વાલ વિષ્કંભથી છે અને ૧,૪૨,૩૦,૨૪૯ યોજન પરિક્ષેપથી છે.

તે અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં કેટલાં ચંદ્રો પ્રભાસિત છે૰ ? કેટલાં સૂર્યો તપે છે૰ ? ઈત્યાદિ પૃચ્છા. ૭૨-ચંદ્રો પ્રભાસિત છે૰, ૭૨-સૂર્યો તપે છે૰, ૨૦૧૬ નક્ષત્રો યોગ કરે છે૰, ૬૩૩૬-મહાગ્રહોએ ચાર ચરેલ છે૰, ૪૮,૨૨,૨૦૦ કોડાકોડી તારાગણ શોભિત છે૰.

તે સમય ક્ષેત્રમાં કેટલાં આયામ-વિષ્કંભથી, કેટલી પરિધિ વડે કહેલ છે,

*તેમ કહેવું ? તે ૪૫-લાખ આયામ વિષ્કંભથી છે અને પરિધિ - ૧,૦૦,૪૨,૨૪૯ યોજન છે.*

*તે સમય ક્ષેત્રમાં કેટલાં ચંદ્રો પ્રભાસે છે ઈત્યાદિ પ્રશ્નો પૂર્વવત્ કરવા. તેમાં ૧૩૨-ચંદ્રો પ્રાભાસિત થયા છે૦, ૧૩૨-સૂર્યો તપેલા છે૦, ૩૬૯૬ નક્ષત્રોએ યોગ કરેલ છે૦, ૧૧,૬૧૬ મહાગ્રહોએ ચાર ચરેલ છે૦, ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારાગણ શોભિત છે૦.*

*[૧૫૨] અભ્યંતર પુષ્કરાર્દ્ધનો વિષ્કંભ આઠ લાખ યોજન છે, અને ૪૫-લાખ મનુષ્ય ક્ષેત્રનો વિષ્કંભ છે.*

*[૧૫૩] મનુષ્ય ક્ષેત્રની પરિધિ-૧,૦૦,૪૨,૨૪૯ છે.*

*[૧૫૪ થી ૧૫૬] પુષ્કરવરદ્વીપાર્દ્ધમાં ૭૨-ચંદ્રો અને ૭૨-સૂર્યો ચરે છે અને પ્રભાસિત છે.. ૬૩૩૬ મહાગ્રહો અને નક્ષત્રો-૨૦૧૬ છે.. તેમજ પુષ્કરાર્દ્ધમાં - ૪૮,૨૨,૨૦૦ કોડાકોડી તારાગણ છે.*

*[૧૫૭ થી ૧૫૯] સકલ મનુષ્યલોકમાં ૧૩૨-ચંદ્રો અને ૧૩૨-સૂર્યો ચરે છે અને પ્રભાસિત કરે છે.. ૧૧,૬૧૬ મહાગ્રહો અને ૩૬૯૬ નક્ષત્રો.. ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારાગણ છે.*

*[૧૬૦] મનુષ્યલોકમાં આ તારાપિંડ સર્વ સમાસથી કહેલ છે, મનુષ્યલોકની બહાર અસંખ્યાત તારાગણ જિનેશ્વરે કહેલ છે.*

*[૧૬૧] મનુષ્યલોકમાં આટલો તારાગણ જે કહેલ છે, તે કદંબ પુષ્પના આકારે છે અને જ્યોતિષ્ ચાર ચરે છે.*

*[૧૬૨] મનુષ્યલોકમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રો આટલાં પ્રમાણમાં કહ્યા, જેના નામ-ગોત્ર પ્રાકૃત પુરુષોએ બતાવેલ નથી.*

*[૧૬૩] બે ચંદ્ર અને બે સૂર્યની એક પિટક થાય છે. એવી ૬૬-પિટક ચંદ્ર-સૂર્યની મનુષ્યલોકમાં છે.*

*[૧૬૪] ૫૬-નક્ષત્રોની એક-એક પિટક થાય છે. એવી ૬૬-પિટક ચંદ્ર-સૂર્યની મનુષ્યલોકમાં છે.*

*[૧૬૫] ૧૭૬-ગ્રહોની એક-એક પિટક થાય છે એવી ૬૬-૬૬ પિટક ગ્રહોની મનુષ્યલોકમાં છે.*

*[૧૬૬] બે ચંદ્ર અને બે સૂર્યની એવી ચાર પંક્તિઓ થાય છે, મનુષ્યલોકમાં આવી ૬૬-૬૬ પંક્તિઓ હોય છે.*

*[૧૬૭] ૫૬-નક્ષત્રોની એક પંક્તિ થાય, મનુષ્યલોકમાં આવી છાસઠ-છાસઠ પંક્તિઓ થાય છે.*

*[૧૬૭] ૧૭૬-નક્ષત્રોની એક પંક્તિ થાય, મનુષ્યલોકમાં આવી છાસઠ-છાસઠ પંક્તિઓ થાય છે.*

*[૧૬૮] ૧૭૬-ગ્રહોની એકએક પંક્તિ થાય, મનુષ્યલોકમાં આવી છાસઠ-*



*છાસઠ પંક્તિઓ હોય છે.*

*[૧૬૯] ચંદ્ર, સૂર્ય અને ગ્રહગણો અનવસ્થિત યોગવાળા છે, તેથી તે બધાં પ્રદક્ષિણાવર્ત મંડલથી મેરુને પ્રદક્ષિણા કરે છે.*

*[૧૭૦] નક્ષત્ર અને તારાગણ અવસ્થિત મંડલ જાણવા. તે પણ પ્રદક્ષિણાવર્ત જ મેરુને અનુચરે છે.*

*[૧૭૧] સૂર્ય અને ચંદ્રનું ઉર્દ્વ કે અધોમાં સંક્રમણ થતું નથી. તે મંડલમાં સર્વબાહ્ય, સર્વ અભ્યંતર, તીર્છા સંક્રમણ કરે છે.*

*[૧૭૨] સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, મહાગ્રહના ભ્રમણ વિશેષથી મનુષ્યોના સુખ-દુઃખ થાય છે.*

*[૧૭૩] તેમના પ્રવેશતી તાપક્ષેત્ર નિયત વધે છે અને તેના ક્રમમાં ફરી હાનિ નિષ્ક્રમણથી થાય છે.*

*[૧૭૪] ચંદ્ર-સૂર્યનો તાપક્ષેત્ર માર્ગ કલંબપુષ્પ સંસ્થિત છે, તે અંદરથી સંકુચિત અને બહારથી વિસ્તૃત છે.*

**● વિવેચન-૧૨૯ થી ૧૭૪ :-**

ક્યા પ્રમાણમાં ચંદ્ર અને સૂર્ય સર્વલોકમાં અવભાસ થાય છે, ઉધોતિત થાય છે, તાપિત-પ્રકાશિત થાય છે, પ્રભાસિત થાય છે. તેમ કહેવું ? એમ પૂછતાં ભગવંતે આ વિષયમાં જેટલી પ્રતિપત્તિઓ છે, તેટલી દર્શાવેલ છે. સર્વલોક વિષયમાં ચંદ્ર-સૂર્યના અસ્તિત્વ વિષયમાં વક્ષ્યમાણ સ્વરૂપની બાર પ્રતિપત્તિઓ-પરતીર્થિકોની માન્યતા રૂપ કહેલ છે. તેમાં - બાર પરતીર્થિકો મધ્યે —

(૧) એક પરતીર્થિક એમ કહે છે — તે પરતીર્થિકોમાં પહેલાં સ્વ શિષ્યોની પ્રતિ અનેક વક્તવ્યતા ઉપક્રમમાં ક્રમને જણાવવાને કહે છે કે — એક ચંદ્ર, એક સૂર્ય સર્વલોકને અવભાસતા, ઉધોતિત કરતાં, પ્રકાશિત કરતા, પ્રભાસિત કરતા કહેલ છે.

તેનો ઉપસંહાર કરતાં કહે છે — ‘‘એક એમ કહે છે.’’

(૨) વળી એક એમ કહે છે — ત્રણ ચંદ્રો અને ત્રણ સૂર્યો સર્વલોકને અવભાસિત કરતાં ઈત્યાદિ કહેવા.

(૩) એક વળી એમ કહે છે — સાડા ત્રણ ચંદ્રો, સાડા ત્રણ સૂર્યો સર્વ લોકને અવભાસિત કરતાં આદિ કહેવા.

૦ એ પ્રમાણે ઉક્ત પ્રકારથી આ અનંતરોક્ત આલાવા વડે ત્રીજા પ્રાભૃત-પ્રાભૃતમાં કહેલ પ્રકારથી બાર પ્રતિપત્તિ વિષયક બધાં પણ સૂત્રો જાણવા જોઈએ, તે આ પ્રમાણે —

(૪) એક વળી એમ કહે છે — સાત ચંદ્રો અને સાત સૂર્યો સર્વ લોકને અવભાસિત કરે છે, તેમ કહેવું.

(૫) એક વળી એમ કહે છે — દશ ચંદ્રો અને દશ સૂર્યો સર્વલોકને અવભાસિત કરે છે, એમ કહેવું.

(૬) એક વળી એમ કહે છે — બાર ચંદ્રો અને બાર સૂર્યો સર્વલોકને અવભાસિત

કરે છે, એમ કહેવું.

(૭) એક વળી એમ કહે છે – ૪૨-ચંદ્રો અને ૪૨-સૂર્યો સર્વલોકને અવભાસિત કરે છે, એ પ્રમાણે કહેવું.

(૮) એક વળી એમ કહે છે – ૭૨ ચંદ્રો અને ૭૨-સૂર્યો સર્વલોકને અવભાસિત કરે છે, એ પ્રમાણે કહેવું.

(૯) એક વળી એમ કહે છે – ૧૪૨ ચંદ્રો અને ૧૪૨-સૂર્યો સર્વલોકને અવભાસિત કરે છે, એ પ્રમાણે કહેવું.

(૧૦) એક વળી એમ કહે છે – ૧૭૨ ચંદ્રો અને ૧૭૨ સૂર્યો સર્વલોકને અવભાસિત કરે છે, એ પ્રમાણે કહેવું.

(૧૧) એક વળી એમ કહે છે – ૧૦૪૨ ચંદ્રો અને ૧૦૪૨ સૂર્યો સર્વ લોકને અવભાસિત કરે છે, એમ કહેવું.

(૧૨) એક વળી એમ કહે છે – ૧૦૭૨ ચંદ્રો અને ૧૦૭૨ સૂર્યો સર્વ લોકને અવભાસિત કરે છે, એમ કહેવું.

આ બધી જ પ્રતિપત્તિઓ મિથ્યારૂપ છે. તથા ભગવંત સ્વમતથી આ બધાંને પૃથક્‌ભૂત કહે છે –

અમે વળી ઉત્પન્ન કેવળજ્ઞાનથી વક્ષ્યમાણ પ્રકારે કહીએ છીએ. તે આ પ્રકારે જાણવું - આ જંબૂદ્વીપ૦ વાક્ય પૂર્વવત્ પરિપૂર્ણ ભણવું અને વ્યાખ્યાન કરવું જોઈએ.

તે જંબૂદ્વીપમાં બે ચંદ્રો પ્રભાસિત થયા હતા, પ્રભાસિત થાય છે અને પ્રભાસિત થશે. દ્રવ્યાસ્તિક મત નયથી સર્વકાળ એ પ્રમાણે જ જગત્ સ્થિતિના સદ્‌ભાવથી કહ્યું.

તથા બે સૂર્યો તાપિત થયા, તાપિત થાય છે, તાપિત થશે.

તથા એક-એક ચંદ્રનો ૨૮-નક્ષત્રોનો પરિવાર છે. જંબૂદ્વીપમાં બે ચંદ્રો છે, તેથી ૫૬-નક્ષત્રો જંબૂદ્વીપમાં ચંદ્ર-સૂર્ય સાથે યોગ કરેલ છે, યોગ કરે છે અને યોગ કરશે.

તથા એક-એક ચંદ્રનો ૮૮ ગ્રહ પરિવાર છે, તેથી બે ચંદ્રના એકત્ર ગ્રહ મિલનથી સર્વસંખ્યા વડે ૧૭૬ ગ્રહો થાય છે. તે જંબૂદ્વીપમાં ચાર ચર્યા હતા, ચરે છે અને ચરશે.

તથા એક-એક ચંદ્રનો તારા પરિવાર ૬૬,૯૭૫ કોડાકોડી છે જંબૂદ્વીપમાં બે ચંદ્રો છે, તેથી આ તારા પ્રમાણને બે વડે ગુણીએ, તેથી ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાગણ થાય છે. આટલા પ્રમાણમાં તારા જંબૂદ્વીપમાં શોભિત થયા-થાય છે અને થશે.

હવે શિષ્યજનના અનુગ્રહને માટે યથોક્ત જંબૂદ્વીપગત ચંદ્રાદિ સંગ્રાહિકા બે ગાથા કહે છે –

ઉક્ત બંને ગાથા સુગમ છે. વિશેષ એ કે – જંબૂદ્વીપમાં વિચાર કરવો. તે માટે 'वियारी' શબ્દ મૂક્યો છે.



જંબૂદ્વીપ દ્વીપને લવણ નામનો સમુદ્ર જે વૃત્ત છે અને વલયાકાર સંસ્થાન વડે સંસ્થિત છે. બધી જ દિશા-વિદિશામાં વીંટીને રહેલો છે. [એ પ્રમાણે કહેવું.]

ભગવંતે તેમ કહેતાં ગૌતમ પ્રશ્ન કરે છે – તે સુગમ છે. ભગવંતે કહ્યું – તે સમચક્રવાલ છે, ઈત્યાદિ સુગમ છે.

ફરી પ્રશ્ન કરે છે – તે સુગમ છે. ભગવંત કહે છે – તે બે લાખ યોજન ચક્રવાલ વિષ્કંભથી છે. તે પરિક્ષેપથી ૧૫,૮૧,૧૩૯ યોજનથી કંઈક ન્યૂન કહી છે.

તે આ રીતે – લવણસમુદ્રમાં એક તરફ બે લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ છે, અને બીજી તરફ પણ બે લાખ યોજન છે. મધ્યમાં એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે. બધાં મળીને પાંચ લાખ યોજન છે. આનો વર્ગ કરતાં પચીશ અને તેની ઉપર દશ શૂન્યો આવશે, તેને ૧૦ વડે ગુણવાથી આવે છે પચીશ પછી ૧૧-શૂન્યો. આ રાશિનું વર્ગમૂળ કાઢતાં પ્રાપ્ત થાય છે – ૧૫,૮૧,૧૩૮ અને શેષ વધે છે - છવીશ લાખ, ચોવીશ હજાર, નવસો છપ્પન, તેને ભાંગ્યા ૩૧-લાખ, ૬૨-હજાર, ૨૭૬ અર્થાત્ ૨૬,૨૪,૯૫૬÷૩૧,૬૨,૨૭૬.

આ અપેક્ષાથી એક યોજનમાં કંઈક ન્યૂન પ્રાપ્ત થાય છે. તેથી કહેલ છે કિંચિત્ ન્યૂન-૧૩૯.

લવણ સમુદ્રમાં ચાર ચંદ્રો છે, તેથી ૨૮-નક્ષત્રોને ચાર વડે ગુણીએ, તેથી ૧૧૨-નક્ષત્રો તેમાં હોય છે.

૮૮-ગ્રહોને ચાર વડે ગુણીએ, તેથી ૩૫૨ થાય છે.

તારા કોડાકોડીના-૬૬,૯૭૫ છે, તેને ચાર વડે ગુણીએ-તેનાથી યથોક્ત તારા પ્રમાણ થાય છે.

તે લવણસમુદ્ર આદિ બધું જ સુગમ છે. વિશેષ એ - પરિધિ ગણિત પરિભાવના આ પ્રમાણે કરવી જોઈએ –

જંબૂદ્વીપના વિષ્કંભ લાખ યોજનને લવણના બંને બાજુ બબ્બે લાખ યોજનના મેળવવાથી ચાર લાખ, ધાતકીખંડની બંને બાજુ ચાર-ચાર લાખ મળીને આઠ લાખ છે. તેથી આ બધાં મળીને ૧૩-લાખ થાય છે. તેથી આ રાશિનો વર્ગ કરતાં-૧૬૯ અને તેના પછી દશ શૂન્યો મૂકતાં પ્રાપ્ત સંખ્યા જાણવી. ફરી તેને દશ વડે ગુણતાં-૧૬૯ની આગળ ૧૧-શૂન્યો મૂકવા. ત્યારપછી તેનું વર્ગમૂળ કાઢવામાં આવતા ૪૧,૧૦,૯૬૧ નક્ષત્રાદિ પરિમાણ પ્રાપ્ત થશે.

તેનું નક્ષત્રાદિ પરિમાણ પણ ૨૮ આદિ સંખ્યક નક્ષત્રો બાર વડે ગુણીને સ્વયં આણવું.

ધાતકીખંડ૦ ઈત્યાદિ બધું સુગમ છે. તે કાલોદ સમુદ્ર૦ ઈત્યાદિ. એ પણ સુગમ છે. વિશેષ એ કે – પરિક્ષેપ ગણિત ભાવના આ પ્રમાણે જાણવી. [કરવી.]

કાલોદ સમુદ્ર એક તરફ ચક્રવાલથી આઠ લાખ યોજન છે. બીજી તરફ પણ આઠ લાખ યોજન છે, તેથી સોળ લાખ થયા. ધાતકીખંડના એક તરફ ચાર લાખ, બીજી

તરફ પણ ચાર લાખ, એટલે કુલ આઠ લાખ, લવણ સમુદ્રના એક તરફ બે લાખ, બીજી તરફ પણ બે લાખ, એ રીતે કુલ ચાર લાખ, જંબૂદ્વીપના એક લાખ, એ રીતે બધી સંખ્યા મળીને ૧૬+૮+૪+૧ અર્થાત્ ૨૯ લાખ થશે.

આ ૨૯ લાખનો વર્ગ કરતાં આવશે - ૮૪૧, તેથી આગળ દશ શૂન્ય. તેને ૧૦-વડે ગુણતાં ૮૪૧થી આગળ ૧૧-શૂન્યો આવશે. આવેલ રકમનું વર્ગમૂળ કાઢતાં - ૯૧,૭૦,૬૦૫ એ યથોક્ત પરિધિ પરિમાણ પ્રાપ્ત થશે. શેષ વધે છે - ૩૯,૩૩,૯૭૫. આ સંખ્યા જે રહે છે, તેની અપેક્ષાથી વિશેષાધિકત્વ કહ્યું

અહીં કાલોદ સમુદ્રમાં - નક્ષત્રાદિ પરિમાણ ૨૮ નક્ષત્રાદિને ૪૨ વડે ગુણીને કહેવા.

તે કાલોદ સમુદ્રને પુષ્કરવર૦ ઈત્યાદિ સુગમ છે. ગણિત-ભાવના આ પ્રમાણે છે. પુષ્કરવરદ્વીપના પૂર્વથી ૧૬ લાખ યોજન અને પશ્ચિમથી પણ ૧૬-લાખ યોજન છે, તેથી કુલ ૩૨-લાખ યોજન થાય. કાલોદધિના પૂર્વથી આઠ લાખ અને પશ્ચિમથી આઠ લાખ, એ રીતે કુલ સોળ લાખ થશે. ધાતકીખંડના એક તરફથી ચાર લાખ અને બીજી તરફપણ ચાર લાખ મળીને આઠ લાખ થશે. લવણ સમુદ્રના એક તરફથી બે લાખ અને બીજી તરફ બે લાખ મળીને ચાર લાખ અને જંબૂદ્વીપના એક લાખ, એ બધાં મળીને ૩૨+૧૬+૮+૪+૧ = ૬૧ લાખ થશે.

આ ૬૧,૦૦,૦૦૦નો વર્ગ કરવામાં આવે, તો પ્રાપ્ત રાશિ ૩૭૨૧ ઉપર દશ શૂન્યો થશે. તેને દશ વડે ગુણતાં ૩૭૨૧ની આગળ અગિયાર શૂન્યો મૂકતાં જે રાશિ આવે, તેટલી રાશિ થશે. પછી આ રાશિનું વર્ગમૂળ કાઢતાં યથોક્ત પરિધિ પરિમાણ પ્રાપ્ત થશે. [જે સૂત્રમાં નોંધેલ છે.]

નક્ષત્રાદિ પરિમાણ-૨૮ નક્ષત્રોને ૧૪૪ વડે ગુણતાં પ્રાપ્ત થશે, તેને સ્વયં વિચારી લેવું.

પુષ્કરવરદ્વીપના બહુમધ્યદેશ ભાગમાં માનુષોત્તર નામક પર્વત કહેલો છે. તે વૃત્ત છે. વૃત્ત મધ્યમાં પૂર્ણ પણ હોય. જેમાં કૌમુદી ક્ષણમાં ચંદ્ર મંડલ, તેથી તેની સમાનતાના વ્યવચ્છેદ માટે કહે છે — વલયાકાર સંસ્થાન સંસ્થિત જે પુષ્કરવરદ્વીપને બે ભાગમાં બધી દિશા-વિદિશામાં વિભાગ કરતાં-કરતાં રહેલ છે.

કયા ઉલ્લેખથી બે ભાગમાં વિભાજન કરીને રહેલો છે? તેથી કહે છે — અભ્યંતર પુષ્કરાર્દ્ધ અને બાહ્ય પુષ્કરાર્ધ 'च' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. શું કહેવા માંગે છે? માનુષોત્તર પર્વતની પૂર્વે જે પુષ્કરાર્દ્ધ છે, તે અભ્યંતર પુષ્કરાર્દ્ધ. વળી જે તે માનુષોત્તર પર્વતથી પછીનો પુષ્કરાર્દ્ધ છે, તે બાહ્ય પુષ્કરાર્દ્ધ છે. તે અભ્યંતર પુષ્કરાર્દ્ધ૦ ઈત્યાદિ બધું સુગમ છે. વિશેષ એ છે કે પરિધિ ગણિત ભાવના પૂર્વવત્ કરવી જોઈએ.

નક્ષત્ર આદિ પરિમાણ ૨૮ આદિ સંખ્યાવાળા નક્ષત્રાદિ ૭૨ વડે ગુણીને વિચારવું જોઈએ.



હવે મનુષ્યક્ષેત્ર વક્તવ્યતા કહે છે — "તે મનુષ્યક્ષેત્ર૦ ઈત્યાદિ બધું સુગમ છે. વિશેષ એ કે — માનુષ ક્ષેત્રના આયામ-વિષ્કંભ પરિમાણ ૪૫-લાખ યોજન છે. તે આ પ્રમાણે —

એક લાખ જંબૂદ્વીપમાં, પછી લવણસમુદ્રમાં એક તરફ બે લાખ, બીજી તરફ પણ બે લાખ એટલે ચાર લાખ. ધાતકીખંડમાં એક તરફ ચાર લાખ, બીજી તરફ પણ ચાર લાખ એટલે આઠ લાખ. પછી કાલોદ સમુદ્રમાં એક તરફ આઠ લાખ, બીજી તરફ પણ આઠ લાખ એટલે સોળ લાખ, પછી અભ્યંતર પુષ્કરાર્ધ એક તરફ આઠ લાખ, બીજી તરફ પણ આઠ લાખ એટલે સોળ લાખ. સર્વ સંખ્યા — ૧૬+૧૬+૮+૪+૧ = ૪૫ અર્થાત્ પીસ્તાળીશ લાખ યોજન.

પરિધિ ગણિત પરિભાવના તો "વિષ્કંભ વર્ગ દશ ગુણ" ઈત્યાદિ કરણ વશથી સ્વયં કરી લેવું.

નક્ષત્રાદિ પરિમાણ તો ૨૮ આદિ સંખ્યાને નક્ષત્રાદિ એક ચંદ્ર પરિવારભૂતને ૧૩૨ વડે ગુણીને સ્વયં જાણવું.

अट्ठेव सयसंहस्सा ઈત્યાદિ, અહીં ગાથા પૂર્વાર્દ્ધથી અભ્યંતર પુષ્કરાર્દ્ધનું વિષ્કંભ પરિમાણ કહેલ છે અને ઉત્તરાર્દ્ધ વડે માનુષ્ય ક્ષેત્રનું વિષ્કંભ પરિમાણ કહેલ છે.

'क्रोटी' ઈત્યાદિ, એક યોજન કરોડ બેંતાલીશ લાખ, ત્રીશ હજાર બસો ઓગણપચાશ ૧,૪૨,૩૦,૨૪૯ એટલા પ્રમાણમાં માનુષ ક્ષેત્રનો પરિધિ છે. આ આટલા પ્રમાણ જ અભ્યંતર પુષ્કરાર્ધની પણ પરિધિ છે તેમ જાણવું.

'બોંતેર ચંદ્ર' ઈત્યાદિ ગાથા-ત્રણ અભ્યંતર પુષ્કરાર્દ્ધગત ચંદ્રાદિ સંખ્યાની પ્રતિપાદક છે, તે સુગમ છે.

જો કે "બત્રીશ ચંદ્ર" ઈત્યાદિ ત્રણ ગાથા સર્વ મનુષ્ય લોકગત ચંદ્રાદિ સંખ્યા પ્રતિપાદક છે, તે પણ સુગમ છે.

૮૮,૪૪,૦૦૦ બાકીનો અર્થ કહેવાયેલ છે.

હવે સર્વ મનુષ્યલોકના તારાગણનો ઉપસંહાર કહે છે — આ - અનંતર ગાથામાં કહેલ સંખ્યાક તારાપિંડ સર્વસંખ્યાથી મનુષ્ય લોકમાં કહેલ છે, તેમ જાણવું.

વળી મનુષ્યલોકથી જે બહાર છે, તે જિન-સર્વજ્ઞ તીર્થંકર વડે કહેલ છે. તે અસંખ્યાત છે. કેમકે દ્વીપ-સમુદ્રોની સંખ્યા અસંખ્યાત હોવાથી તેમ જાણવું. પ્રતિદ્વીપ અને પ્રતિસમુદ્ર યથાયોગ સંખ્યાત અને અસંખ્યાત તારાનો સદ્ભાવ છે.

આટલી સંખ્યામાં તારા પરિમાણ જે અનંતર મનુષ્યલોકમાં કહ્યા, તે જ્યોતિષ્ક દેવ વિમાનરૂપ કદંબ પુષ્પવત્ નીચેથી સંકુચિત અને ઉપર વિસ્તીર્ણ ઉત્તાનીકૃત્ અર્ધકપિત્થ સંસ્થાન સંસ્થિત છે. ચાર ચરે છે. તથા જગત્ સ્વાભાવ્યથી કહ્યું. તારા ગ્રહણના ઉપલક્ષણ વડે સૂર્ય આદિ પણ યથોક્ત સંખ્યાક મનુષ્યલોકમાં તથા જગત્ સ્વાભાવ્યથી ચાર ચરે છે, તેમ કહેવું.

હવે એમાં રહેલ ઉપસંહારને કહે છે — સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને ઉપલક્ષણથી

તારા પણ લેવા. સર્વજ્ઞ વડે મનુષ્યલોકમાં આટલી સંખ્યામાં કહેલ છે. જે સૂર્ય આદિ યથોક્ત સંખ્યામાં સકલ મનુષ્યલોકભાવી છે, તે પ્રત્યેકના નામગોત્ર - અહીં અન્વર્થયુક્ત નામ, સિદ્ધાંત પરિભાષાથી નામગોત્ર કહેવાય છે. તેના આ અર્થ છે — અન્વર્થ યુક્ત નામ અથવા નામ અને ગોત્ર તે નામગોત્ર.

પ્રાકૃત - અતિશય વિનાના પુરુષો ક્યારેય પણ કહી શકશે નહીં, કેવળ સર્વજ્ઞો જ કહી શકે. તેથી આ પણ સૂર્યાદિ સંખ્યા પ્રાકૃત પુરુષ અપ્રમેય સર્વજ્ઞ વડે ઉપદિષ્ટ છે. માટે તેની સમ્યક્-સારી રીતે શ્રદ્ધા કરવી જોઈએ.

અહીં બે ચંદ્ર અને બે સૂર્યની એક પિટક કહેવાય છે. આવા સ્વરૂપના ચંદ્ર આદિની પિટકની સર્વ સંખ્યા વડે મનુષ્યલોકમાં છાસઠ સંખ્યક થાય છે.

હવે પિટકનું પ્રમાણ કહે છે — એકૈક પિટકમાં બે ચંદ્ર અને બે સૂર્યો હોય છે. અર્થાત્ બે ચંદ્રો અને બે સૂર્યો એટલાં પ્રમાણમાં એક-એક ચંદ્ર-સૂર્યની પિટક. એ પ્રમાણમાં પિટક જંબૂદ્વીપમાં છે એટલે કે એક જંબૂદ્વીપમાં બે ચંદ્રો અને બે સૂર્યો છે.

બે પિટક લવણ સમુદ્રમાં છે, તેમાં ચાર ચંદ્રો અને ચાર સૂર્યો છે. એ પ્રમાણે છ પિટકો ધાતકીખંડમાં, ૨૧-કાલોદમાં, ૩૬-અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં એ રીતે બધી મળીને ચંદ્ર-સૂર્યની છાસઠ પિટકો [મનુષ્ય ક્ષેત્રમાં] છે.

સર્વ મનુષ્યલોકમાં સર્વ સંખ્યાથી નક્ષત્રોની પિટકો-છાસઠ- છે. નક્ષત્ર પિટક પ્રમાણ, બે ચંદ્ર સંબંધી નક્ષત્ર સંખ્યા પરિમાણ. તેથી કહે છે — એકૈક પિટકમાં ૫૬-નક્ષત્રો હોય છે. એટલે શું કહે છે ? ૫૬-નક્ષત્ર સંખ્યાની એકૈક નક્ષત્રપિટક છે. અહીં પણ ૬૬-સંખ્યા ભાવના. એ પ્રમાણે - એક નક્ષત્રપિટક જંબૂદ્વીપમાં, બે લવણસમુદ્રમાં, છ ધાતકીખંડમાં, ૨૧-કાલોદમાં, ૩૬-અભ્યંતરપુષ્કરાર્દ્ધમાં છે.

સર્વ મનુષ્યલોકમાં મહાગ્રહોની પણ સર્વસંખ્યાથી ૬૬-પિટકો થાય છે. ગ્રહપિટક પ્રમાણ, બે ચંદ્ર સંબંધી ગ્રહ સંખ્યા પ્રમાણ, તથા કહે છે — એકૈક ગ્રહપિટકમાં ૧૭૬ ગ્રહો હોય છે - x - છાસઠ સંખ્યા ભાવના પૂર્વવત્ કરવી જોઈએ.

આ મનુષ્યલોકમાં ચંદ્ર-સૂર્યની ચાર પંક્તિઓ હોય છે. તે આ પ્રમાણે - બે પંક્તિ ચંદ્રોની, બે પંક્તિ સૂર્યોની, એક-એક પંક્તિ-૬૬ની હોય છે. તેની ભાવના આ રીતે —

એક સૂર્ય જંબૂદ્વીપના મેરુના દક્ષિણ ભાગમાં ચાર ચરતો વર્તે છે, એક ઉત્તર ભાગમાં, એક ચંદ્રમા મેરુના પૂર્વભાગમાં, એક ચંદ્ર પશ્ચિમ ભાગમાં વર્તે છે.

તેમાં જે મેરુના દક્ષિણ ભાગે સૂર્ય ચાર ચરે છે, તેની સમશ્રેણિમાં રહેલ બે દક્ષિણ ભાગમાં સૂર્ય લવણ સમુદ્રમાં, છ ધાતકીખંડમાં, ૨૧-કાલોદમાં, ૩૬-અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં, એ રીતે આ સૂર્યની પંક્તિમાં છાસઠ સૂર્યો થાય.

જે પણ મેરુના ઉત્તર ભાગમાં રહેલ સૂર્ય ચાર ચરતા વર્તે છે. આના પણ સમશ્રેણિથી વ્યવસ્થિત, બે ઉત્તર ભાગમાં સૂર્યો લવણ સમુદ્રમાં, ધાતકીખંડમાં છ ઈત્યાદિ.



જે મેરુના પૂર્વ ભાગમાં ચાર ચરતા વર્તે છે તે ચંદ્રો પણ સમશ્રેણિમાં અવસ્થિત છે. બે પૂર્વભાગે ચંદ્ર લવણ સમુદ્રમાં. છ ધાતકીખંડમાં, ૨૧-કાલોદમાં ઈત્યાદિ. - x - x - x - x - એ રીતે ચંદ્રમાંની ૬૬ની સંખ્યા થશે.

એ રીતે મેરુના પશ્ચિમ ભાગમાં ચંદ્રમાની પંક્તિમાં છાસઠ ચંદ્રો જાણી લેવા જોઈએ.

મનુષ્યલોકમાં નક્ષત્રો સર્વસંખ્યાથી ૫૬-પંક્તિ થાય છે. એકૈકની ૬૬-પંક્તિ થાય છે. અર્થાત્ ૬૬-નક્ષત્રોનું પ્રમાણ છે. તે આ રીતે — આ જંબૂદ્વીપમાં દક્ષિણથી અર્ધભાગમાં એક ચંદ્રના પરિવાર ભૂત અભિજિતાદિ ૨૮-નક્ષત્રોના ક્રમથી રહેલ ચાર ચરે છે.

ઉત્તરથી અર્ધભાગમાં બીજા ચંદ્રના પરિવારભૂત-૨૮-સંખ્યક અભિજિતાદિ નક્ષત્રો ક્રમથી રહેલ છે.

તેમાં દક્ષિણથી અર્ધભાગમાં જે અભિજિત્ નક્ષત્રને તે સમશ્રેણિમાં રહેલ બે અભિજિત્ નક્ષત્ર લવણસમુદ્રમાં, છ ધાતકી ખંડમાં, ૨૧-કાલોદમાં, ૩૬-અભ્યંતર પુષ્કરાર્દ્ધમાં. એ રીતે સર્વસંખ્યાથી ૬૬-અભિજિત્ નક્ષત્રો પંક્તિથી છે.

એ પ્રમાણે શ્રવણાદિ પણ દક્ષિણથી અર્ધભાગમાં પંક્તિ વડે વ્યવસ્થિત-૬૬ સંખ્યક કહેવા.

ઉત્તરથી પણ અર્ધભાગમાં જે અભિજિત્ નક્ષત્ર. તે સમશ્રેણિ વ્યવસ્થિતમાં ઉત્તર ભાગમાં જ બે અભિજિત્ નક્ષત્ર લવણસમુદ્રમાં, છ ધાતકીખંડમાં ઈત્યાદિ.

એ પ્રમાણે શ્રવણાદિ પંક્તિ પણ પ્રત્યેક ૬૬-સંખ્યામાં જાણવી. એ પ્રમાણે સર્વ સંખ્યા વડે ૫૬-નક્ષત્રોની પંક્તિ છે, અને એકૈક પંક્તિ છાસઠ સંખ્યક છે.

ગ્રહોમાં અંગારક વગેરે સર્વ સંખ્યાથી મનુષ્યલોકમાં ૧૭૬ પંક્તિ છે. એકૈક પંક્તિ ૬૬ની છે.

અહીં પણ આ ભાવના છે — આ જંબૂદ્વીપમાં દક્ષિણથી અર્ધ ભાગમાં એક ચંદ્રના પરિવારભૂત અંગારક વગેરે ૮૮ ગ્રહો છે. ઉત્તરથી અર્ધ ભાગમાં બીજા ચંદ્રના પરિવારભૂત અંગારક વગેરે જ-૮૮. તેમાં દક્ષિણથી અર્ધભાગમાં જે અંગારક નામે ગ્રહ, તે સમશ્રેણિમાં રહેલ છે, દક્ષિણ ભાગમાં જ બે અંગારક લવણસમુદ્રમાં, છ ધાતકી ખંડમાં, ૨૧-કાલોદમાં, ૩૬-અભ્યંતર પુષ્કરાર્ધમાં એ પ્રમાણે બધાં મળીને છાસઠની સંખ્યા થઈ.

એ પ્રમાણે બીજા પણ ૮૭-ગ્રહો પંક્તિ વડે રહેલ છે. પ્રત્યેક છાસઠ-છાસઠ જાણવા.

એ પ્રમાણે ઉત્તરથી પણ અર્ધભાગમાં અંગારકાદિ ૮૮-ગ્રહોની પંક્તિ છે, પ્રત્યેક ૬૬-સંખ્યામાં જાણવી.

એ રીતે ગ્રહો-૧૭૬ થાય. પ્રત્યેકની પંક્તિ-૬૬.

મનુષ્યલોકવર્તી બધાં ચંદ્રો, બધાં સૂર્યો, બધાં ગ્રહગણ, યથાયોગ અન્ય અન્ય

નક્ષત્રથી સાથે યોગ વડે ઉપલક્ષિત, પ્રકર્ષથી બધી દિશા-વિદિશામાં પરિભ્રમણ કરતાં ચંદ્રાદિના દક્ષિણે જ મેરુ જે આવર્ત્તનમાં હોય તે પ્રદક્ષિણાને પ્રદક્ષિણાવર્ત કહે છે. તેવા મંડલો જેમાં છે તે, મેરુને આશ્રીને ચરે છે.

એ રીતે આમ કહે છે — સૂર્ય આદિ સમસ્ત પણ મનુષ્યલોકવર્તી પ્રદક્ષિણાવર્ત મંડલગતિથી ભ્રમણ કરે છે.

અહીં ચંદ્ર-સૂર્ય-ગ્રહોના મંડલો અનાવસ્થિત છે. યથાયોગ અન્ય અન્ય મંડલોમાં તેના સંચારિતત્વથી કહેલ છે. નક્ષત્ર અને તારા મંડલો અવસ્થિત જ છે, તેમ જાણવું.

અહીં શું કહે છે — આકાલ પ્રતિનિયત ઐકૈક નક્ષત્રો અને તારાના મંડલો, આ અવસ્થિત મંડલત્વથી કહેલ નથીને ? એવી આશંકાથી કદાચ આની ગતિ જ ન થતી હોય, તેથી કહે છે — તે નક્ષત્રો અને તારા પ્રદક્ષિણાવર્ત જ મેરુને અનુલક્ષીને ચાર ચરે છે - x -

ચંદ્ર અને સૂર્યનું ઉર્ધ્વ કે અધો સંક્રમણ થતું નથી. કેમકે તેવો જગત્ સ્વભાવ છે. પણ મંડલોમાં તીર્છું સંક્રમણ થાય છે. તેમાં શું વિશેષ છે ? તે કહે છે -

અભ્યંતર અને બાહ્ય વડે વર્ત છે. તે સાંભ્યંતર બાહ્ય. અર્થાત્ સર્વાભ્યંતર મંડલથી તેટલાં મંડલોમાં સંક્રમણ કરે જેટલામાં સર્વબાહ્ય મંડલ આવે અને સર્વ બાહ્ય મંડલોની પૂર્વે તેટલા મંડલોમાં સંક્રમણ કરે જેટલામાં સર્વાભ્યંતર મંડલ આવે.

ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર અને મહાગ્રહોના ચાર વિશેષથી - તે-તે ચાર વડે સુખ-દુઃખ વિધિ મનુષ્યોને થાય છે. તે આ રીતે — મનુષ્યોના કર્મો સદા બે પ્રકારે હોય છે. તે આ પ્રમાણે — શુભવેદ્ય અને અશુભવેદ્ય. કર્મોના સામાન્યથી વિપાકહેતુ પાંચ છે. તે આ પ્રમાણે — દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ.

કહ્યું છે કે — ઉદય, ક્ષય, ક્ષયોપસમ, ઉપશમ જે કર્મોનો કહ્યો છે, તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવને આશ્રીને છે.

શુભ કર્મો પ્રાયઃ શુભવેદ્ય કર્મોની શુભ દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રી વિપાકહેતુ છે અને અશુભવેદ્યોના અશુભ દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રી છે. તેથી જો જેમના જન્મ નક્ષત્રાદિ વિરોધી ચંદ્ર-સૂર્યાદિનો ચાર હોય છે ત્યારે તેમના પ્રાયઃ જે અશુભવેદ્ય કર્મો છે, તે તેને તથાવિધ વિપાક સામગ્રી આપીને, વિપાક પમાડે છે. વિપાક આવતાં શરીરમાં રોગના ઉત્પાદન વડે કે ધનહાનિ કરીને કે પ્રિયજનોના વિયોગ વડે કે કલહ સંપાદનથી દુઃખ ઉત્પાદન કરે છે.

જ્યારે જેમના જન્મનક્ષત્રાદિ અનુકૂળ હોય, ચંદ્રાદિનોચાર ત્યારે તેને પ્રાયઃ જે શુભ વેદ્ય કર્મો હોય, તે તેને તથાવિધ વિપાક સામગ્રી પમાડીને વિપાક આપે છે. વિપાક પામીને તે શરીરનિરોગતા, ધનવૃદ્ધિ કરણ, વૈરનું ઉપશમન, પ્રિયનો સંપ્રયોગ સંપાદનથી કે અભિષ્ટ પ્રયોજનના નિષ્પત્તિના કારણનો પ્રારબ્ધથી સુખ ઉપજાવે છે.

તેથી જ પરમ વિવેકીને અલ્પ પણ પ્રયોજન શુભતિથિનક્ષત્રથી આરંભે છે, ગમે તેને નહીં. તેથી જ જિનવરોની પણ આજ્ઞા પ્રવ્રાજનાદિને આશ્રીને એ રીતે વર્તે છે, જેમકે



— શુભક્ષેત્ર, શુભદિશામાં અભિમુખ થઈ શુભ તિથિ-નક્ષત્ર-મુહૂર્ત્તાદિમાં પ્રવ્રાજના, વ્રતારોપણ આદિ કરવા જોઈએ. અન્યથા નહીં.

પંચવસ્તુકમાં પણ કહ્યું છે કે — આ જિનવરોની આજ્ઞા છે કે શુભક્ષેત્રમાં, શુભ દિશામાં અભિમુખ કરીને, શુભ તિથિ-નક્ષત્ર-મુહૂર્ત આદિમાં દીક્ષા, વ્રતનું આરોપણ આદિ કરવા.

વળી ક્ષેત્રાદિ પણ કર્મોના ઉદયાદિ કારણ ભગવંત વડે કહેલ છે. તેથી અશુભ દ્રવ્ય ક્ષેત્રાદિ સામગ્રીને પામીને કદાચિત્ અશુભ વેદ્ય કર્મોના વિપાકને પામીને ઉદયમાં આવે છે. તેના ઉદયમાં ગૃહિત વ્રતના ભંગાદિ દોષ પ્રસંગ આવે છે. શુભદ્રવ્ય ક્ષેત્રાદિ સામગ્રી પામીને પ્રાયઃ અશુભ કર્મ વિપાકનો સંભવ નથી. એ રીતે નિર્વિઘ્ન સામાયિક પરિપાલનાદિ થાય છે. તેથી અવશ્ય છદ્મસ્થ વડે સર્વત્ર શુભક્ષેત્રાદિમાં પ્રયત્ન કરવો જોઈએ.

જે ભગવંત અતિશયવાળા છે, તે અતિશયના બળથી જ સવિઘ્ન કે નિર્વિઘ્નને સમ્યક્ જાણે છે. તેઓ શુભ તિથિ-મુહૂર્ત્તાદિકની અપેક્ષા રાખતાં નથી, તેથી તેના માર્ગનું અનુસરણ છદ્મસ્થો માટે ન્યાયી નથી, તેથી જે પરમમુનિ પર્યુપાસિત પ્રવચન વિડંબક, અપરિમલિત જિનશાસન ઉપનિષત્ ભૂત શાસ્ત્ર, ગુરુ પરંપરાથી આવેલ નિરવદ્ય વિશદ કાલોચિત સામાચારી પ્રતિપંથીની સ્વમતિ કલ્પિત સામાચારી ધારણ કરે છે જેમકે — પ્રવ્રજ્યાદિમાં શુભ તિથિનક્ષત્રાદિ નિરીક્ષણ ન કરવું જોઈએ. ઈત્યાદિ - x -

સૂર્ય-ચંદ્રના સર્વબાહ્ય મંડલથી અભ્યંતર પ્રવેશતાં તાપક્ષેત્ર પ્રતિદિવસના ક્રમથી નિયમથી આયામ વડે વધે છે. જે ક્રમે વધે છે, તે જ ક્રમથી સર્વાભ્યંતર મંડલથી બહાર નીકળતા ઘટે છે. તેથી કહે છે — સર્વ બાહ્ય મંડલમાં ચાર ચરતાં સૂર્ય-ચંદ્ર પ્રત્યેક જંબૂદ્વીપ ચક્રવાલને દશ વડે ભાગ કરીને બે-બે ભાગ તાપક્ષેત્ર, પછી સૂર્ય અભ્યંતર પ્રવેશતા પ્રતિમંડલ ૩૬૬૦નો ભાગ કરીને બબ્બે ભાગ તાપક્ષેત્રની વૃદ્ધિ કરે છે. ચંદ્રમાં પણ પૂર્ણિમાના ક્રમથી પ્રતિમંડલ છવીશ-છવીશ ભાગો, ૨૭માંના $^{૧}/_{૭}$ ભાગ વધારે છે. ઈત્યાદિ - x -

તે ચંદ્ર-સૂર્યાદિનો તાપક્ષેત્રપથ નાલિકા પુષ્પાકાર હોય છે. આ જ વાત કહે છે — મેરુની અંદરની દિશામાં સંકુચિત અને બહારલવણ સમુદ્રની દિશામાં વિસ્તૃત છે. આ પૂર્વે ચોથા પ્રાભૃતમાં કહેલ છે, માટે ફરી કહેતા નથી.

હવે ચંદ્રને આશ્રીને ગૌતમ પૂછે છે —

**● સૂત્ર-૧૭૫ થી ૧૯૨ :-**

***[૧૭૫] ચંદ્ર કઈ રીતે વધે છે ? ચંદ્રની હાનિ કઈ રીતે થાય છે ? ચંદ્ર કયા અનુભાવથી કાળો કે શુક્લ થાય છે ?***

***[૧૭૬] કૃષ્ણ રાહુ વિમાન નિત્ય ચંદ્રથી અવિરહિત હોય છે. ચાર અંગુલ ચંદ્રની નીચેથી ચરે છે.***

*[૧૭૭] શુક્લ પક્ષમાં જ્યારે ચંદ્રની વૃદ્ધિ થાય છે, ત્યારે એક એક દિવસમાં ૬૨-૬૨ ભાગ પ્રમાણથી ચંદ્ર તેનો ક્ષય કરે છે.*

*[૧૭૮] પંદર ભાગથી પંદર દિવસમાં ચંદ્રને તે વરણ કરે છે. ૧૫-ભાગથી વળી તેનું અવક્રમ કરે છે.*

*[૧૭૯] એ પ્રમાણે ચંદ્ર વૃદ્ધિ પામે છે, ચંદ્રની પરિહાનિ થાય છે. આ અનુભાવથી ચંદ્ર કૃષ્ણ કે શુક્લ થાય છે.*

*[૧૮૦] મનુષ્ય ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ ચંદ્ર-સૂર્ય-ગ્રહગણાદિ પંચવિધ જ્યોતિષ્ક ભ્રમણશીલ હોય છે.*

*[૧૮૧] તેના સિવાયના જે બાકીના ચંદ્ર-સૂર્ય-ગ્રહ-તારા અને નક્ષત્રો છે, તેને ગતિ કે ચાર નથી, તેને અવસ્થિત જાણવા.*

*[૧૮૨] એ પ્રમાણે જંબૂદ્વીપમાં બમણાં, લવણમાં ચારગુણા, તેનાથી ત્રણગુણા ચંદ્ર-સૂર્યો ધાતકીખંડમાં છે.*

*[૧૮૩] આ દ્વીપમાં બે ચંદ્ર, ચાર લવણસમુદ્રમાં, ધાતકીખંડમાં બાર ચંદ્ર અને સૂર્યો હોય છે.*

*[૧૮૪] ધાતકીખંડથી આગળ-આગળ ચંદ્રનું પ્રમાણ ત્રણગણું અને પૂર્વના ચંદ્રને ઉમેરીને થાય છે.*

*[૧૮૫] નક્ષત્ર, ગ્રહ, તારાનું પ્રમાણ જો જાણવું હોય તો તે ચંદ્રથી ગુણિત કરવાથી પણ તે પ્રાપ્ત થઈ શકે છે.*

*[૧૮૬] મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્ર-સૂર્યોની જ્યોત્સ્ના અવસ્થિત છે. ચંદ્ર અભિજિત્‌થી, સૂર્ય પુષ્યથી યુક્ત હોય છે.*

*[૧૮૭] ચંદ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું અંતર અન્યૂન પચાશ હજાર યોજન છે.*

*[૧૮૮] સૂર્યથી સૂર્યનું અને ચંદ્રથી ચંદ્રનું અંતર મનુષ્ય ક્ષેત્રની બહાર એક લાખ યોજન હોય છે.*

*[૧૮૯] મનુષ્યલોક બહાર સૂર્ય-ચંદ્રથી, ચંદ્ર-સૂર્યથી અંતરિત થાય છે, તેમની લેશ્યા આશ્ચર્યકારી-શુભ અને મંદ હોય છે.*

*[૧૯૦] એક ચંદ્રનો પરિવારમાં ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો હોય છે. હવે હું તારાગણનું પ્રમાણ કહીશ.*

*[૧૯૧] એક ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ છે.*

*[૧૯૨] મનુષ્યક્ષેત્રમાં જે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપ છે, તે દેવો ઉર્ધ્વોત્પન્ન, કલ્પોત્પન્ન, વિમાનોત્પન્ન, ચારોત્પન્ન, ચાર સ્થિતિક, ગતિરતિક, ગતિસમાપન્ન છે ?*

*તે દેવો ઉર્ધ્વોત્પન્નક નથી, કલ્પોત્પન્નક નથી, વિમાનોત્પન્ન છે, ચારોત્પન્નક છે, ચારસ્થિતિક નથી, ગતિરતિક છે, ગતિસમાપન્નક છે, ઉર્ધ્વમુખ કદંબપુષ્પ*





*સંસ્થાન સંસ્થિત, હજાર યોજન તાપક્ષેત્રવાળા, બાહ્ય પર્ષદાથી વિકુર્વિત હજારો મહા આહત નૃત્ય ગીત વાજિંત્ર તંત્રી તલતાલ ત્રુટિત ઘન મૃદંગના પટુ પ્રવાદિત રવ વડે, મહા ઉત્કૃષ્ટ સીંહનાદના કલકલ રવથી, સ્વચ્છ પર્વતરાજ મેરુને પ્રદક્ષિણાવર્ત મંડલ ચારથી અનુપરિવર્તન કરે છે.*

*ત્યારે તે દેવોનો ઈન્દ્ર જ્યારે ચ્યવે છે, તે કઈ રીતે અહીં વિચરે છે ? તો ચાર-પાંચ સામાનિક દેવો તે સ્થાનને અંગીકાર કરીને વિચરે છે યાવત્ અહીં બીજો ઈન્દ્ર જ્યારે ઉત્પન્ન થાય છે.*

*તે ઈન્દ્રસ્થાન કેટલાં કાળથી વિરહિત કહેલ છે ? તે જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ રહે.*

*મનુષ્યક્ષેત્રની બહાર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારારૂપ છે, તે દેવો શું ઉર્ધ્વોત્પન્ન, કલ્પોત્પન્ન, વિમાનોત્પન્ન, ચારસ્થિતિક, ગતિરતિક, ગતિસમાપન્નક છે ?*

*તે દેવો ઉર્ધ્વોત્પન્ન નથી, કલ્પોત્પન્ન નથી, વિમાનોત્પન્ન છે, ચારોત્પન્ન નથી, ચાર સ્થિતિક છે, ગતિરતિક નથી, ગતિસમાપન્નક નથી, પક્વ ઇંટના સંસ્થાનથી સંસ્થિત છે, લાખ યોજન તાપક્ષેત્રવાળા છે, બાહ્ય વૈક્રિય પર્ષદા વડે લાખો મહાન્ આહત, નૃત્ય, ગીત, વાજિંત્ર યાવત્ રવ વડે દિવ્ય ભોગોપભોગ ભોગવતો વિચરે છે.*

*તે દેવો સુખલેશ્યા, મંદલેશ્યા, મંદાતપલેશ્યા, ચિત્રાંતર લેશ્યા, અન્યોન્ય સમવગાઢ લેશ્યા, કૂટની માફક સ્થાનસ્થિત, તે પ્રદેશમાં ચારે દિશા-વિદિશાને અવભાસિત કરતાં, ઉદ્યોતીત કરતા તાપિત કરતા, પ્રભાસિત કરતાં રહે છે.*

*ત્યાં તે દેવોનો ઈન્દ્ર જ્યારે ચ્યવે છે, તેઓ ત્યારે શું કરે છે ? ત્યારે યાવત્ ચાર-પાંચ સામાનિક દેવો તે સ્થાનને પૂર્વવત્ યાવત્ છ માસ વિરહકાળ રહે છે.*

**● વિવેચન-૧૭૫ થી ૧૯૨ :-**

ક્યા કારણે શુક્લ પક્ષમાં ચંદ્ર વધે છે ? ક્યા કારણે ચંદ્ર કૃષ્ણ પક્ષમાં હાનિ થાય છે ? ક્યા પ્રભાવથી ચંદ્રનો એક પક્ષ કૃષ્ણ થાય છે ? એક પક્ષ શુક્લ થાય છે ?

એમ પૂછતાં ભગવંતે કહ્યું – સૂત્રમાં રાહુનો ઉલ્લેખ કરાયેલ છે. આ રાહુ બે ભેદે છે, તે આ પ્રમાણે – પર્વરાહુ અને નિત્યરાહુ.

તેમાં પર્વરાહુ તે કહેવાય જે ક્યારેક ક્યાંકથી આવીને નિજ વિમાન વડે ચંદ્રવિમાન અને સૂર્ય વિમાનને આંતરે છે. આંતરીને લોકમાં તે ''ગ્રહણ'' તરીકે પ્રસિદ્ધ છે. તે અહીં ન લેવો. જે નિત્ય રાહુ છે, તેનું વિમાન કૃષ્ણ છે. તેવા જગત્ સ્વભાવથી ચંદ્ર સાથે સર્વકાળ અવિરહિત છે તથા ચાર આંગળ વડે અપ્રાપ્ત રહી ચંદ્રવિમાનની નીચે ચરે છે.

એ પ્રમાણે ચરતાં શુક્લપક્ષમાં ધીમે-ધીમે ચંદ્રને પ્રગટ કરે છે અને કૃષ્ણપક્ષમાં ધીમે ધીમે ચંદ્રને આવરે છે.

તેથી કહે છે – અહીં બાસઠ ભાગ કરીને ચંદ્રવિમાનના બે ભાગ ઉપરના

છોડીને બાકીનાને પંદર ભાગે ભાગ દેતાં ચાર ભાગો પ્રાપ્ત થાય છે, તે ૬૨-શબ્દથી કહેવાય છે - x - આ વ્યાખ્યા જીવાભિગમની ચૂર્ણિ આદિના દર્શનથી કરેલ છે, સ્વમતિથી નહીં.

આ જ ગાથાના વ્યાખ્યાનમાં જીવાભિગમ ચૂર્ણિમાં કહ્યું છે — ચંદ્રવિમાનને ૬૨-ભાગ કરાય છે. પછી પંદર વડે ભાગ દેતાં, તેમાં ચાર ભાગો ૬૨/૧૫ ભાગથી આવે અને શેષ બે ભાગ રહે. આટલાં દિવસે - દિવસે શુક્લ પક્ષમાં ચંદ્ર રાહુ વડે મૂકાય છે.

સમવાયાંગ સૂત્રમાં કહ્યું છે — શુક્લપક્ષના દિવસે-દિવસે ચંદ્ર બાસઠ ભાગથી વધે છે.

સંપ્રદાયના વશથી જ સૂત્રની વ્યાખ્યા કરવી, પોતાની બુદ્ધિ વડે ન કરવી, સંપ્રદાય યથોક્ત સ્વરૂપ છે.

તેમાં શુક્લપક્ષના દિવસમાં જે કારણથી ચંદ્ર ૬૨-૬૨ ભાગોને અર્થાત્ ૬૨ ભાગોના ચાર-ચાર ભાગ યાવત્ વધે છે.

જ્યારે કૃષ્ણપક્ષમાં દિવસે-દિવસે તે જ ૬૨ ભાગના હોતાં ચાર-ચાર ભાગોને ઘટાડે છે.

આ જ વાત કહે છે — કૃષ્ણ પક્ષમાં પ્રતિદિન રાહુવિમાન સ્વકીય પંદર ભાગથી ચંદ્રવિમાનને પંદર ભાગો વડે ઢાંકે છે. શુક્લ પક્ષમાં, ફરી તે જ પ્રતિદિને પંદર ભાગને સ્વકીય પંદર ભાગ વડે છોડે છે, ચંદ્રને મુક્ત કરે છે.

અહીં શું કહેવા માંગે છે ? કૃષ્ણપક્ષમાં એકમથી શરૂ કરીને પોતાના ૧૫-ભાગથી પ્રતિદિવસ એકૈક પંદર ભાગ ઉપરના ભાગથી આરંભીને આચ્છાદિત કરે છે. શુક્લપક્ષમાં એકમથી શરૂ કરીને તે જ ક્રમથી પ્રતિદિન એકૈક પંદરમાં ભાગને પ્રગટ કરે છે. તેનાથી જગત્‌માં ચંદ્રમંડલની વૃદ્ધિ-હાનિ લાગે છે. સ્વરૂપથી વળી ચંદ્રમંડલ અવસ્થિત જ છે, તેમ જાણવું.

તથા કહે છે — રાહુવિમાન વડે પ્રતિદિન ક્રમથી અનાવરણ કરણથી ચંદ્ર વધતો દેખાય છે. રાહુવિમાન વડે પ્રતિદિવસ ક્રમથી આવરણ કરણથી પ્રતિહાનિ પ્રતિભાસ ચંદ્રના વિષયમાં છે આ જ અનુભાવથી - કારણથી એક પક્ષ કૃષ્ણ હોય છે. જેમાં ચંદ્રની પરિહાનિ પ્રતિભાસે છે. શુક્લમાં ચંદ્રની વૃદ્ધિ થાય છે.

મનુષ્યક્ષેત્રની અંદર પાંચ પ્રકારે જ્યોતિષ્કો હોય છે. તે આ પ્રમાણે — ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ શબ્દથી નક્ષત્ર અને તારા થાય છે.

चारोपग - ચાર યુક્ત.

મનુષ્ય ક્ષેત્રથી આગલ જે શેષ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, તારો, નક્ષત્રો છે અર્થાત્ તેના વિમાનો છે, તેમને ગતિ નથી. સ્વસ્થાનથી ચલન નથી. चार - મંડલગતિથી પરિભ્રમણ નથી, તેથી તેમને અવસ્થિત છે તેમજ જાણવા.

એ પ્રમાણે હોવાથી એકૈક ચંદ્ર-સૂર્ય જંબૂદ્વીપમાં બે ગણાં થાય છે અર્થાત્ બે ચંદ્ર અને બે સૂર્ય જંબૂદ્વીપમાં. લવણ સમુદ્રમાં તે એક સૂર્ય-ચંદ્ર ચારગુણા થાય છે.



અર્થાત્ ચાર ચંદ્રો અને ચાર સૂર્યો લવણ સમુદ્રમાં હોય છે, તેમ કહે છે.

લવણસમુદ્રમાં રહેલ ચંદ્ર અને સૂર્યથી ત્રણ ગુણા ધાતકી ખંડમાં હોય છે. અર્થાત્ બાર ચંદ્ર અને બાર સૂર્યો.

ધાતકીખંડ જેની આદિમાં છે, તે ધાતકીખંડ વગેરે દ્વીપમાં અને સમુદ્રમાં ઉદ્દિષ્ટ ચંદ્ર બાર આદિ છે, ઉપલક્ષણથી આ સૂર્ય-ચંદ્ર ત્રણગણાં કરીને ઉદ્દિષ્ટ ચંદ્રયુક્ત દ્વીપ કે સમુદ્રથી પહેલાં જંબૂદ્વીપને આદિ કરીને જે પૂર્વના ચંદ્ર, તે આદિ ચંદ્ર, તેના વડે સૂર્ય સહિત જેટલાં થાય, આટલું પ્રમાણ કાલોદાદિમાં થાય છે.

તેમાં ધાતકીખંડદ્વીપમાં ઉદ્દિષ્ટ ચંદ્ર ૧૨ છે, તેને ત્રણગણાં કરવાથી થાય-૩૬, એ પૂર્વેના ચંદ્રો-૬, તે આ રીતે — બે ચંદ્ર જંબૂદ્વીપના અને ચાર ચંદ્રો લવણસમુદ્રના, એ રીતે બધાં મળીને ૪૨-ચંદ્રો થાય. કાલોદ સમુદ્રમાં આટલા ચંદ્રો છે. આ જ કરણવિધિ સૂર્યોની પણ છે. તેથી સૂર્ય પણ-૪૨-જાણવા.

તથા કાલોદ સમુદ્રમાં-૪૨ ચંદ્રો ઉદ્દિષ્ટ છે, તેને ત્રણગુણા કરીએ. આવશે-૧૨૬. પૂર્વેના ચંદ્રો છે-૧૮, તે આ રીતે જંબૂદ્વીપમા-૨, લવણસમુદ્રમાં-ચાર, ધાતકીખંડમાં બાર આ આદિમ ચંદ્ર સહિત ૧૨૬. બધાં મળીને ૧૪૪ થશે. પુષ્કરવરદ્વીપમાં આટલાં ચંદ્રો અને આટલાં જ સૂર્યો જાણવા.

એ પ્રમાણે બધાં દ્વીપસમુદ્રોમાં આ કરણ અનુસાર ચંદ્રોની સંખ્યા જાણવી જોઈએ.

હવે પ્રતિદ્વીપ-પ્રતિસમુદ્ર ગ્રહ-નક્ષત્ર-તારા પરિમાણ જાણવાનો ઉપાય કહે છે — रिक्खग्गहतारग्ग० અહીં છેલ્લે અગ્ર શબ્દ છે, તે પરિણામવાચી છે.

જે દ્વીપમાં કે સમુદ્રમાં નક્ષત્ર પરિમાણ, ગ્રહપરિમાણ, તારા પરિમાણને જાણવાને ઈચ્છે છે, તે દ્વીપ કે સમુદ્રના સંબંધી ચંદ્ર વડે એક ચંદ્રના પરિવારભૂત નક્ષત્ર પરિમાણ, ગ્રહ પરિમાણ અને તારાના પરિમાણને ગુણતાં જે થાય છે. તેટલું પ્રમાણ તે દ્વીપમાં કે સમુદ્રમાં નક્ષત્રાદિ ત્રણેના પરિમાણ આવશે.

જેમ લવણ સમુદ્રમાં નક્ષત્રાદિ પરિમાણ જાણવા ઈચ્છા છે. લવણસમુદ્રમાં ચાર ચંદ્રો એક ચંદ્રના પરિવારભૂત જે ૨૮-નક્ષત્રો છે, તેને ચાર વડે ગુણીએ તેથી આવશે-૧૧૨. લવણસમુદ્રમાં આટલા નક્ષત્રો છે તેમ જાણવું.

એક ચંદ્રના પરિવારભૂત-૮૮ ગ્રહો છે. તેને ચાર વડે ગુણીએ. તેનાથી આવશે-૩૫૨. આટલા લવણસમુદ્રમાં ગ્રહો છે.

તથા એક ચંદ્રના પરિવારભૂત તારાગણ કોડાકોડી-૬૬,૯૭૫ છે. તેને ચાર વડે ગુણીએ, તો આવશે-૨,૬૭,૯૦૦ કોડાકોડી. આટલાં લવણસમુદ્રનો તારાગણ છે.

એ પ્રમાણે નક્ષત્રાદિની સંખ્યા પૂર્વે કહી જ છે. એ પ્રમાણે બધાં દ્વીપ-સમુદ્રોમાં નક્ષત્રાદિ સંખ્યા પરિમાણ કહેવું.

માનુષોત્તર પર્વતની બહાર ચંદ્ર-સૂર્યોના તેજ અવસ્થિત હોય છે. અર્થાત્ સૂર્યો સદૈવ ઉષ્ણ તેજ રહિત હોય, મનુષ્યલોકના ગ્રીષ્મકાળ માફક અતિ ઉષ્ણ તેજ વાળો કદિ ન હોય.

તથા મનુષ્ય ક્ષેત્રથી બહાર બધાં ચંદ્રો સર્વદા અભિજિત્ નક્ષત્રથી યુક્ત અને સૂર્ય પુષ્પ વડે યુક્ત હોય છે.

મનુષ્ય ક્ષેત્રની બહાર ચંદ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું અંતર પરિપૂર્ણ ૫૦,૦૦૦ યોજન હોય છે.

એ પ્રમાણે સૂર્યનું અને ચંદ્રનું પરસ્પર અંતર કહ્યું.

હવે ચંદ્ર અને ચંદ્રનું તથા સૂર્ય અને સૂર્યનું પરસ્પર અંતર કહે છે - x - માનુષોત્તર પર્વતની બહાર સૂર્ય-સૂર્યનું પરસ્પર અને ચંદ્ર-ચંદ્રનું પરસ્પર અંતર હોય છે એક લાખ યોજન.

તેથી કહે છે — ચંદ્રથી અંતરિત સૂર્ય અને સૂર્ય અંતરિત ચંદ્ર વ્યવસ્થિત છે. ચંદ્ર-સૂર્યોના પરસ્પર અંતર-૫૦,૦૦૦ યોજન છે. તેથી તેમનું પરસ્પર અંતર લાખ યોજન થાય.

હવે બહારના ચંદ્ર-સૂર્યોની પંક્તિમાં અવસ્થાન કહે છે — મનુષ્ય લોકની બહાર પંક્તિમાં રહેલ સૂર્યથી અંતરિત ચંદ્ર અને ચંદ્ર અંતરિત સૂર્ય દીપ્ત - અર્થાત્ - ભાસ્વર છે.

તે ચંદ્ર-સૂર્ય કેવા પ્રકારના છે ? ચિત્રાંતર લેશ્યાકા. ચિત્ર અંતરલેશ્યા-પ્રકાશરૂપ જેમાં છે, તે તથા. તેમાં ચિત્રઅંતર ચંદ્રોના સૂર્ય અંતરિતપણાથી અને સૂર્યના ચંદ્રાંતરિતત્વથી છે. ચિત્રલેશ્યા ચંદ્રની શીતરશ્મિત્વથી અને સૂર્યની ઉષ્ણરશ્મિત્વથી છે.

લેશ્યાના વિશેષ પ્રદર્શનાર્થે કહે છે — સુખલેશ્યા, ચંદ્રની મનુષ્યલોકના શીતકાલ જેવી નથી કેમકે તે અત્યંત શીતરશ્મિ છે. સૂર્યની મંદલેશ્યા મનુષ્યલોકના ઉનાળા જેવી નથી, પણ એકાંતે ઉષ્ણ રશ્મિ છે, તેમ જાણવું.

તત્ત્વાર્થ ટીકાકાર હરિભદ્રસૂરિજી કહે છે — અત્યંત શીત ચંદ્ર નથી કે સૂર્ય પણ અતિ ઉષ્ણ નથી. પણ બંને સાધારણ છે.

અહીં આમ કહેલ છે — જે દ્વીપ કે સમુદ્રમાં નક્ષત્ર આદિ પરિમાણ જાણવાની ઈચ્છા હોય, તેમાં એક ચંદ્ર પરિવારભૂત નક્ષત્ર આદિ પરિમાણ તેટલા ચંદ્રો વડે ગુણવું જોઈએ.

પછી એક ચંદ્ર પરિવારભૂત ગ્રહોની સંખ્યા કહે છે — તે બંને ગાથાઓ નિગદ સિદ્ધ છે.

મનુષ્યક્ષેત્રની અંદર જે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારા રૂપ દેવો છે, તે શું — *[વિશેષણો નીચે મુજબ છે.]*

૦ ઉર્ધ્વોપપન્ન - સૌધર્માદિ બાર કલ્પોથી ઉર્ધ્વ ઉપપન્ન તે ઉર્ધ્વોપપન્ન કહેવાય છે.

૦ કલ્પોપપન્ન - કલ્પ એટલે સૌધર્માદિ, તેમાં ઉપપન્ન.

૦ વિમાનોપપન્ન - વિમાનમાં - સામાન્યથી ઉપપન્ન.

૦ ચારોપપન્ન - चार - મંડલગતિથી પરિભ્રમણ, તે રીતે ઉપપન્ન ચારને આશ્રીને ઉપપન્ન.

૦ ચારસ્થિતિક - चार યથોક્ત સ્વરૂપ, स्थिति - અભાવ જેમાં છે, તે ચારસ્થિતિક અર્થાત્ ચાર રહિત.



૦ ગતિરતિક - ગતિમાં રતિ-આસક્તિ, પ્રીતિ જેમાં છે તે. આના વડે ગતિમાં રતિમાત્ર કહી, હવે સાક્ષાત્ ગતિનો પ્રશ્ન કરે છે.

૦ ગતિસમાપન્ન - ગતિયુક્ત. એમ પ્રશ્ન કરતાં ભગવંતે કહ્યું —

તે ચંદ્રાદિ દેવો ઉર્ધ્વોપપન્ન નથી, કલ્પોપપન્ન પણ નથી, પરંતુ વિમાનોપપન્ન છે, ચારોપપન્ન - ચાર સહિત છે, ચારસ્થિતિક નથી. તેવા સ્વભાવથી પણ ગતિરતિક, સાક્ષાત્ ગતિયુક્ત છે.

ઉર્ધ્વમુખીકૃત કલંબુકાપુષ્પ સંસ્થાન સંસ્થિત યોજન સાહસ્રિક વડે. અનેક યોજન સહસ્ર પ્રમાણ તાપક્ષેત્ર વડે, સાહસ્રિક-અનેક સહસ્ર સંખ્યા વડે બાહ્ય પર્ષદા વડે.

વૈકુર્વિકા-વિકુર્વિત વિવિધરૂપ ધારિણી.

મોટા રવ વડે એ યોગ છે - તે જોડવુ.

अहत - અક્ષત, જ નાટ્યો, ગીતો, વાદિત્રો અને જે તંત્રી-વીણા, જે હસ્તતાલ, જે ત્રુટિત-બાકીના વાદ્યો, જે ઘન-ઘનાકાર ધ્વનિ સાધર્મ્યથી. પટુ પ્રવાદિત-નિપુણ પુરુષ વડે પ્રવાદિત મૃદંગ, તેના રવ વડે - તથા -

સ્વભાવથી ગતિરતિક બાહ્ય પર્ષદા અંતર્ગત્ દેવો વડે વેગથી જતાં વિમાનોમાં ઉત્કર્ષ વશથી જે સીંહનાદો કરાતા એવા જે બોલ, बोल - મોઢા ઉપર હાથ દઈને મોટા શબ્દોથી પૂત્કરણ.

અને જે कलकल - વ્યાકુળ શબ્દ સમૂહ, તેનો રવ.

વિશિષ્ટ શું છે ? તે કહે છે - अच्छ અતીવ સ્વચ્છ, અતિ નિર્મળ કેમકે જાંબૂનદ રત્નની બહુલતા છે.

पर्वतराज - પર્વતેન્દ્રને પ્રદક્ષિણાવર્ત મંડલચાર જે રીતે થાય, તે રીતે મેરુને અનુલક્ષીને પર્યટન કરે છે.

ફરી પ્રશ્ન કરે છે — તે જ્યોતિષ્ક દેવોનો ઈન્દ્ર જ્યારે ચ્યવે છે, ત્યારે તે દેવો ઈન્દ્ર વિરહકાળે કઈ રીતે કરે છે ?

ભગવંતે કહ્યું — ત્યારે ચાર કે પાંચ સામાનિક દેવો એકઠાં થઈને તે શૂન્ય ઈન્દ્ર સ્થાનને સ્વીકારીને વિચરે છે - તે ઈન્દ્રસ્થાનનું પરિપાલન કરે છે. - x -

કેટલો કાળ સુધી ઈન્દ્રસ્થાનનું પરિપાલન કરે છે ? કહે છે — જ્યાં સુધી ત્યાં બીજો ઈન્દ્ર ઉત્પન્ન ન થાય.

ઈન્દ્ર સ્થાન કેટલો કાળ ઉપપાતથી વિરહિત કહેલો છે ? ભગવંતે કહ્યું — જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ છ માસ.

ता बहिया णं ઈત્યાદિ પ્રશ્નસૂત્ર, પૂર્વવત્ કહેવું - x - ભગવંતે કહ્યું - x - તે મનુષ્યક્ષેત્રથી બહાર રહેલાં ચંદ્રાદિ દેવો ઉર્ધ્વોપપન્ન નથી, કલ્પોપપન્ન નથી, પરંતુ વિમાનોપપન્ન છે. તથા ચારયુક્ત નથી પરંતુ ચારસ્થિતિક છે. તેથી જ ગતિરતિક પણ નથી ગતિ સમાપન્નક નથી.

પાકેલી ઇંટના સંસ્થાનથી સંસ્થિત અને લાખ યોજન તાપક્ષેત્ર વડે યુક્ત. જેમ પાંકેલી ઇંટ લંબાઈથી દીર્ઘ હોય, વિસ્તારથી નાની હોય, ચતુરસ્ર હોય, તે પ્રમાણે તે મનુષ્ય ક્ષેત્રથી બહાર રહેલ ચંદ્ર-સૂર્યનું આતપ ક્ષેત્ર લંબાઈથી અનેક લાખ યોજન પ્રમાણ અને વિસ્તારથી એક લાખ યોજન હોય.

આવા પ્રકારના આતપ ક્ષેત્ર વડે અનેક હજાર સંખ્યક બાહ્ય પર્ષદા વડે - x - x - મોટી.

સ્વર્ગમાં થવાથી દિવ્ય એવા ભોગોપભોગ - ભોગને યોગ્ય શબ્દાદિ ભોગોને ભોગવતા વિચરે છે.

કઈ રીતે ? તે કહે છે — શુભલેશ્યા. આ ચંદ્રનું વિશેષણ છે. તેથી અતિ શીતતેજવાળા નહીં, પરંતુ સુખોત્પાદક હેતુ પરમ લેશ્યાવાળા એવો અર્થ થાય છે.

મંદલેશ્યા - આ વિશેષણ સૂર્ય પ્રતિ છે. તે જ કહે છે કે — મંદ આતપલેશ્યા. મન્દ - અતિ ઉષ્ણ સ્વભાવના નહીં તેવી આતપરૂપ લેશ્યા - રશ્મિનો સમૂહ જેમાં છે તે.

વળી ચંદ્ર-સૂર્ય કેવા છે ? તે કહે છે —

ચિત્રાંતરલેશ્યા, ચિત્ર અંતર - અંતરાલ લેશ્યા જેની છે તે. આનો ભાવાર્થ પૂર્વે કહેવાઈ ગયેલ છે. તે આવા સ્વરૂપના ચંદ્ર અને સૂર્ય પરસ્પર અવગાઢ લેશ્યા વડે.

તેથી કહે છે — ચંદ્ર અને સૂર્યોની પ્રત્યેકની લેશ્યા લાખ યોજન પ્રમાણ ચંદ્ર-સૂર્યોનો વિસ્તાર અને સૂચિ પંક્તિ વડે વ્યવસ્થિત પરસ્પર અંતર ૫૦,૦૦૦ યોજન છે. તેથી ચંદ્રપ્રભા સંમિશ્ર સૂર્યપ્રભા અને સૂર્યપ્રભા સંમિશ્ર ચંદ્રપ્રભા. આ પરસ્પર અવગાઢા લેશ્યા વડે [ચિત્રાંતર વિશેષણ છે.]

કૂટાનીવ - પર્વત ઉપર વ્યવસ્થિત શીખરની જેમ સ્થાન સ્થિત-સદૈવ એકત્ર સ્થાને સ્થિત તે પ્રદેશોને-પોતપોતાની નીકટના ઉધોતીત-અવભાસિત-તાપિત-પ્રકાશિત કરે છે. શેષ કથન પૂર્વવત્ - x - કહેવું.

● સૂત્ર-૧૯૩ :-

*તે પુષ્કરવરદ્વીપને પુષ્કરોદ નામક વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત સમુદ્ર સર્વ૦ યાવત્ રહેલ છે.*

*તે પુષ્કરોદ સમુદ્ર શું સમચક્વાલ સંસ્થિત છે યાવત્ તે વિષમ ચક્વાલ સંસ્થિત નથી.*

*તે પુષ્કરોદ સમુદ્ર કેટલા ચક્વાલ વિષ્કંભથી અને કેટલાં પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું ?*

*તે સંખ્યાત લાખ યોજન આયામ-વિષ્કંભથી અને સંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી કહેલ છે.*

*તે પુષ્કરોદ સમુદ્રમાં કેટલાં ચંદ્રો પ્રભાસિત છે૦ પ્રશ્ન. પૂર્વવત્ જાણવો. પૂર્વવત્ તે પુષ્કરોદ સમુદ્રમાં સંખ્યાતા ચંદ્રો પ્રભાસિત છે૦ ઈત્યાદિ યાવત્ સંખ્યાતા કોડાકોડી તારાગણની શોભા શોભિત હતી-છે-રહેશે.*



*આ આલાવા વડે-વરુણ દ્વીપ અને વરુણોદ સમુદ્ર.*

*— ક્ષીરવર દ્વીપ અને ક્ષીરવર સમુદ્ર.*

*— ઘૃતવર દ્વીપ અને ઘૃતોદ સમુદ્ર.*

*— ક્ષોદવર દ્વીપ અને ક્ષોતોદ સમુદ્ર.*

*— નંદીશ્વર દ્વીપ અને નંદીશ્વર સમુદ્ર.*

*— અરુણોદ દ્વીપ અને અરુણોદ સમુદ્ર.*

*— અરુણવર દ્વીપ અને અરુણવર સમુદ્ર.*

*— અરુણવરાવભાસ દ્વીપ અને અરુણવરાવભાસ સમુદ્ર.*

*— કુંડલદ્વીપ અને કુંડલોદ સમુદ્ર.*

*— કુંડલવરદ્વીપ અને કુંડલવર સમુદ્ર.*

*— કુંડલવરાવભાસ દ્વીપ અને કુંડલવરાવભાસ સમુદ્ર.*

*આ બધાં જ અનંતર કહેલ દ્વીપ અને સમુદ્રોના વિષ્કંભ અને પરિક્ષેપ, જ્યોતિષ્કો પુષ્કરોદ સાગર સમાન જાણવા.*

*તે કુંડલવરાવભાસ સમુદ્રને રુચક દ્વીપ કે જે વૃત્ત, વલયાકાર સંસ્થાન સંસ્થિત છે, તે સર્વતઃ યાવત્ રહેલ છે.*

*તે રુચકદ્વીપ શું સમચક્વાલ૦ યાવત્ તે દ્વીપ વિષમ ચક્વાલ સંસ્થિત નથી.*

*તે રુચકદ્વીપ કેટલા સમચક્વાલ વિષ્કંભથી છે ? કેટલાં પરિક્ષેપથી કહેલ છે, તેમ કહેવું ?*

*તે અસંખ્યાત હજાર યોજન ચક્વાલ વિષ્કંભથી, અસંખ્યાત હજાર યોજન પરિક્ષેપથી કહેલ છે.*

*તે રુચકદ્વીપમાં કેટલાં ચંદ્રો પ્રભાસિત છે આદિ પ્રશ્ન.*

*તે રુચકદ્વીપમાં અસંખ્યાત ચંદ્રો પ્રભાસિત છે ઈત્યાદિ૦ યાવત્ અસંખ્યાત તારાગણ કોડાકોડી શોભે છે૦.*

*એ પ્રમાણે રુચકસમુદ્ર, રુચકવરદ્વીપ-રુચકવરોદ સમુદ્ર, રુચકવરાવભાસ દ્વીપ - રુચકવરાવભાસ સમુદ્ર, એ પ્રમાણે ત્રિપ્રત્યાવતાર જાણવા યાવત્ સૂર્ય દ્વીપ-સૂર્યોદ સમુદ્ર, સૂરવર દ્વીપ-સૂરવર સમુદ્ર, સૂરાવભાસ દ્વીપ-સૂરાવભાસ સમુદ્ર.*

*[ઉક્ત બધાં દ્વીપ અને સમુદ્રોના] વિષ્કંભ, પરિક્ષેપ, જ્યોતિષ્ક રુચકવરદ્વીપ સદેશ છે.*

*તે સૂરવરાવભાસોદ સમુદ્રને દેવ નામક વૃત્ત અને વલય આકાર સંસ્થાન સંસ્થિત સર્વે દિશા-વિદિશામાં ચોતરફથી વીંટાયેલ રહેલ છે, યાવત્ વિષમચક્વાલ સંસ્થિત નથી.*

*તે દેવ દ્વીપ કેટલાં ચક્વાલ વિષ્કંભથી અને કેટલી પરિધિ થકી કહેલો છે, તેમ કહેવું ? અસંખ્યાત હજારો યોજન ચક્વાલ વિષ્કંભ વડે છે, અસંખ્યાત હજારો યોજન પરિધિથી કહેલ છે.*

***તે દેવદ્વીપમાં કેટલાં ચંદ્રો પ્રભાસિત છે આદિ પૂર્વવત્ બધાં પ્રશ્નો કરી લેવા.***

***તે દેવ દ્વીપમાં અસંખ્યાત ચંદ્રો પ્રભાસિત છે૦ ઈત્યાદિ યાવત્ અસંખ્યાત કોડાકોડી તારાગણ શોભે છે૦.***

***એ પ્રમાણે દેવોદ સમુદ્ર, નાગદ્વીપ-નાગોદ સમુદ્ર, યક્ષ દ્વીપ-યક્ષોદ સમુદ્ર, ભૂતદ્વીપ-ભૂતોદ સમુદ્ર, સ્વયંભૂરમણ દ્વીપ-સ્વયંભૂરમણ સમુદ્ર, તે બધાં દેવદ્વીપ સમાન છે.***

**● વિવેચન-૧૯૩ :-**

- x - x - પુષ્કરવર - x - દ્વીપને પુષ્કરોદ નામક સમુદ્ર જે વૃત્ત અને વલયાકાર સંસ્થિત છે, બધી બાજુથી-ચોતરફથી દ્વીપને વીંટળાઈને રહેલ છે.

પુષ્કરોદ સમુદ્રમાં જળ અતિ સ્વચ્છ, પથ્ય, જાત્ય, તથ્ય-પરિણામ, સ્ફટિકવર્ણની આભાયુક્ત, સ્વભાવિક ઉદકરસ છે.

તેમાં બે દેવો આધિપત્ય અને પરિપાલન કરતા રહેલ છે તે આ પ્રમાણે - શ્રીધર અને શ્રીપ્રભ. તેમાં શ્રીધર પૂર્વાર્દ્ધાધિપતિ અને શ્રીપ્રભ-પશ્ચિમાર્દ્ધાધિપતિ છે.

વિષ્કંભાદિ પરિમાણ [આ સમુદ્રના] સુગમ છે.

આ અનંતર કહેલ આલાવા વડે વરુણવરદ્વીપ કહેવો. ત્યારપછી વરુણોદ સમુદ્ર, પછી ક્ષીરવરદ્વીપ-ક્ષીરોદ સમુદ્ર ઈત્યાદિ.

સૂત્રપાઠ આ પ્રમાણે છે - તે પુષ્કરોદ સમુદ્રને વરુણવર દ્વીપ, જે વૃત્ત-વલયાકાર સંસ્થાન સંસ્થિત છે, ચારે દિશા-વિદિશાથી વીંટળાઈને રહેલ છે, ઈત્યાદિ.

વરુણદ્વીપમાં વરુણ અને વરુણપ્રભ બે દેવો-સ્વામીઓ. વિશેષ એ કે — વરુણ પૂર્વાર્દ્ધાધિપતિ છે અને વરુણપ્રભ પશ્ચિમાર્દ્ધનો અધિપતિ છે. એમ સર્વત્ર કહેવું.

વરુણોદ સમુદ્રમાં પરમ સુજાત, મૃદ્વીકારસ નિષ્પન્ન રસથી અપીષ્ટતર આસ્વાદ જળ છે. વારુણી અને વારુણીપ્રભ નામે ત્યાં બે દેવો છે. [શેષ કથન પૂર્વવત્.]

ક્ષીરવરદ્વીપમાં પંડર અને સુપ્રદંત બે દેવો છે.

ક્ષીરોદ સમુદ્રમાં જાત્ય પુંડ્ર-ઈક્ષુચારિણી ગાયનું જે દૂધ, તે સિવાયની ગાયોને અપાય છે, તેનું પણ દૂધ અન્યને, તેનું પણ અન્યને, એ પ્રમાણે ચોથા સ્થાને રહેલ દૂધને પ્રયત્નથી મંદાગ્નિ વડે ક્વથિતના જાત્ય ખાંડથી મત્સ્યંડિકાથી સંમિશ્રનો જેવો રસ છે, તેનાથી પણ ઈષ્ટતર સ્વાદને તત્કાળ વિકસિત કર્ણિકાર પુષ્પ વર્ણ આભાનું જળ છે.

તેમાં વિમલ અને વિમલપ્રભ દેવો છે.

ઘૃતવર દ્વીપમાં કનક અને કનકપ્રભ દેવ છે.

ઘૃતોદ સમુદ્રમાં સદ્ય વિસ્યંદિત ગોળ-ઘીનો આસ્વાદ છે, તત્કાળ વિકસિત કર્ણિકાર પુષ્પના વર્ણની આભા જેવું જળ છે તેમાં કાંત અને સુકાંત દેવો છે.

ઈક્ષુવરદ્વીપમાં સુપ્રભ અને મહાપ્રભ દેવો છે.



ઈક્ષુવર સમુદ્રમાં જાત્ય વરપુંડ્રની ઈક્ષુના અપનીત મૂળના ઉપરના ત્રિભાગોના વિશિષ્ટ ગંધદ્રવ્ય પરિવાસિતનો જે રસ, શ્લક્ષ્ણ વસ્ત્રથી ગાળેલ હોય તેનાથી પીષ્ટતર સ્વાદી જળ.

તેમાં પૂર્ણ અને પૂર્ણપ્રભ બે દેવો છે.

નંદીશ્વરદ્વીપમાં કૈલાશ એ હસ્તિવાહન દેવ છે.

નંદીશ્વર સમુદ્રમાં ઈક્ષુરસનો આસ્વાદ જળ અને ત્યાં સુમન અને સૌમનસ બે દેવો છે.

આ આઠે દ્વીપો અને આઠે સમુદ્રો એકૈકરૂપ છે. અહીંથી આગળના દ્વીપો અને સમુદ્રો ત્રિપ્રત્યાવતાર છે. તે આ પ્રમાણે — અરુણ, અરુણવર, અરુણવરાવભાસ ઈત્યાદિ.

તેમાં અરુણદ્વીપમાં અશોક અને વીતશોક બે દેવો છે. અરુણોદ સમુદ્રમાં સુભદ્ર અને મનોભદ્ર દેવ છે. અરુણાવર દ્વીપમાં અરુણવરભદ્ર અને અરુણવરમહાભદ્ર દેવ છે. અરુણવર સમુદ્રમાં અરુણવર ભદ્ર અને અરુણવરમહાભદ્ર દેવ છે. અરુણવરાવભાસ દ્વીપમાં અરુણવરાવભાસ ભદ્ર અને અરુણવરાવભાસમહાભદ્ર બે દેવો છે. અરુણવરાવભાસ સમુદ્રમાં અરુણવરાવભાસવર અને અરુણવરાવભાસ મહાવર બે દેવ છે.

કુંડલ દ્વીપમાં કુંડલ-કુંડલભદ્ર દેવ છે. કુંડલ સમુદ્રમાં ચક્ષુશુભ-ચક્ષુકાંત દેવ છે, કુંડલવર દ્વીપમાં કુંડલવરભદ્ર - કુંડલવરમહાભદ્ર દેવ છે. કુંડલવર સમુદ્રમાં કુંડલવર-કુંડલ મહાવર દેવ છે. કુંડલવરાવભાસ દ્વીપમાં કુંડલવરાવભાસભદ્ર - કુંડલ વરાવભાસ મહાભદ્ર દેવો છે. કુંડલ વરાવભાસ સમુદ્રમાં કુંડલવરાવભાસવર અને કુંડલવરાવભાસ મહાવર દેવો છે.

આ સૂત્રમાં કહેલ દ્વીપ સમુદ્રો કહ્યા. અહીંથી આગળના દ્વીપ-સમુદ્ર સૂત્રમાં દર્શાવિલ નથી.

કુંડલવરાવભાસ સમુદ્ર પછી રુચક, પછી રુચકવર, પછી રુચકવરાવભાસ દ્વીપ અને સમુદ્ર છે. તેમાં રુચકદ્વીપમાં સર્વાર્થ અને મનોરમ દેવો, રુચક સમુદ્રમાં સુમન અને સૌમનસ દેવો, રુચકવર દ્વીપમાં રુચકવરભદ્ર અને રુચકવર મહાભદ્ર દેવ, રુચકવર સમુદ્રમાં રુચકવર અને રુચક મહાવર દેવો, રુચકવરાવભાસ દ્વીપમાં તે નામના ભદ્ર અને મહાભદ્ર દેવો છે. રુચક વરાવભાસ સમુદ્રમાં તે નામના ભાસવર અને ભાસમહાવર દેવો છે.

કેટલાં નામો લઈ-લઈને દ્વીપ-સમુદ્રો-કહેવા શક્ય છે ?

તેથી જે કોઈ આભરણના નામો છે — હાર, અર્દ્ધહાર, કનકાવલિ, રત્નાવલિ આદિ છે, જે વસ્ત્રના નામો છે, જે ગંધનામો-કોષ્ઠપુટાદિ છે, જે ઉત્પલ નામો — જલરુહ, ચંદ્રોદ્યોતાદિ છે, જે તિલક આદિ વૃક્ષના નામો છે, જે પદ્મના નામો — શતપત્ર, સહસ્રપત્રાદિ છે, જે પૃથ્વીના નામો — શર્કરા પૃથ્વી, વાલુકા પૃથ્વી આદિ છે, જે નવે નિધિ અને ચક્રવર્તીના ચૌદ રત્નો છે, લઘુ હિમવત્ આદિ વર્ષધર પર્વતો છે, પદ્મ આદિ દ્રહો છે, ગંગા-સિંધુ આદિ નદીઓ છે, કચ્છાદિ વિજય છે, માલ્યવંતાદિ વક્ષસ્કાર પર્વતો છે,

સૌધર્મ આદિ કલ્પોના શક્રાદિ ઈન્દ્રો છે, દેવકુરુ-ઉત્તરકુરુ-મેરુના આવાસોના, શક્રાદિ સંબંધીના, મેરુ નીકટના ગજદંતોના, કૂટાદિના, લઘુ હિમવંતાદિ સંબંધીના, કૃત્તિકાદિ નક્ષત્રોના, ચંદ્રો અને સૂર્યોના નામો છે, તે બધાં પણ દ્વીપ-સમુદ્રોના ત્રિપ્રત્યાવતાર નામરૂપે કહેવા. જેમકે — હારદ્વીપ, હાર સમુદ્ર, હારવર દ્વીપ-હાર વર સમુદ્ર, હારાવભાસ દ્વીપ, હારાવરાવભાસ સમુદ્રાદિ.

આ બધાં દ્વીપ-સમુદ્રોમાં સંખ્યાત લાખ યોજન પ્રમાણ વિષ્કંભ, સંખ્યાત લાખ યોજન પ્રમાણ પરિધિ, સંખ્યાત ચંદ્ર આદિ કુંડલવરાવભાસ સમુદ્ર સુધી કહેવા.

બધાં જ ઉક્ત સ્વરૂપ દ્વીપ-સમુદ્રોમાં કુંડલવરાવભાસ સમુદ્ર પર્યન્તના વિષ્કંભ, પરિક્ષેપ, જ્યોતિષ્કો પુષ્કરોદ સાગર સમાન કહેવા. સંખ્યાત યોજન પ્રમાણ વિષ્કંભ, પરિક્ષેપ અને સંખ્યાત ચંદ્રાદિ વક્તવ્યતા છે.

ત્યારપછી જે અન્ય રુચકનામક દ્વીપ છે, ત્યાંથી રુચકસમુદ્ર, રુચકવરદ્વીપ, રુચકવરસમુદ્ર, રુચકવરાવભાસદ્વીપ, રુચકવરાવભાસ સમુદ્રાદિમાં સંખ્યાત યોજન પ્રમાણ વિષ્કંભ, અસંખ્યાત યોજન પ્રમાણ પરિક્ષેપ, અસંખ્યાત ચંદ્રાદિ વક્તવ્યતા છે.

- x - એ રીતે ઉક્ત પ્રકારે રુચકવરાવભાસ સમુદ્રથી આગળ દ્વીપ અને સમુદ્ર ત્રિપ્રત્યાવતાર ત્યાં સુધી જાણવા યાવત્ સૂર્યદ્વીપ-સૂર્ય સમુદ્ર, સૂર્યવરદ્વીપ-સૂર્યવર સમુદ્ર, સૂર્યવરાવભાસ દ્વીપ - સૂર્યવરાવભાસ સમુદ્ર છે.

જીવાભિગમ ચૂર્ણિમાં કહ્યું છે — અરુણાદિ દ્વીપ-સમુદ્રો ત્રિપ્રત્યાવતાર યાવત્ સૂર્યાવરાવભાસ સમુદ્ર.

બધાં રુચકસમુદ્રાદિથી સૂર્યાવરાવભાસ સમુદ્ર સુધીના, વિષ્કંભ-પરિક્ષેપ-જ્યોતિષ્કને રુચકદ્વીપ સદૃશ કહેવા. અર્થાત્ અસંખ્યાત યોજન પ્રમાણ વિષ્કંભ, અસંખ્યાત યોજન પ્રમાણ પરિક્ષેપ અને અસંખ્યાત પ્રત્યેક ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારાની વક્તવ્યતા.

સૂરાવભાસોદ સમુદ્ર ઈત્યાદિ સુગમ છે. વિશેષ એ કે — આ પાંચ દેવ આદિ દ્વીપ, પાંચ દેવાદિ સમુદ્ર પ્રત્યેક એકરૂપ છે, તેનો ફરી ત્રિપ્રત્યાવતાર નથી.

જીવાભિગમ ચૂર્ણિમાં કહ્યું છે કે — અંતે રહેલ પાંચ દ્વીપ, પાંચ સમુદ્રો એક પ્રકારના છે.

જીવાભિગમ સૂત્રમાં પણ કહ્યું છે કે — દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ, તે એક-એક જ કહેવા, ત્રિપ્રત્યાવતાર નથી.

તેમાં દેવદ્વીપમાં બે દેવો છે — દેવભદ્ર, દેવમહાભદ્ર.

દેવસમુદ્રમાં દેવવર-દેવમહાવર બે દેવો. નાગદ્વીપમાં નાગભદ્ર-નાગમહાભદ્ર બે દેવો. નાગ સમુદ્રમાં નાગવર-નાગમહાવર બે દેવો, યક્ષદ્વીપમાં યક્ષભદ્ર-યક્ષમહાભદ્ર બે દેવો. યક્ષ સમુદ્રમાં યક્ષવર-યક્ષમહાવર બે દેવો. ભૂતદ્વીપમાં ભૂતભદ્ર-ભૂતમહાભદ્ર બે દેવો. ભૂત સમુદ્રમાં ભૂતવર-ભૂત મહાવર બે દેવો. સ્વયંભૂરમણ દ્વીપમાં સ્વયંભૂભદ્ર-સ્વયંભૂમહાભદ્ર બે દેવો. સ્વયંભૂરમણ સમુદ્રમાં સ્વયંભૂવર-સ્વયંભૂમહાવર બે દેવો છે.



અહીં નંદીશ્વરાદિ બધાં સમુદ્રોથી ભૂતસમુદ્ર સુધીના ઈક્ષુરસોદ સમુદ્ર સદૃશ ઉદક જાણવું. સ્વયંભૂરમણ સમુદ્રનું ઉદક પુષ્કરોદ સમુદ્રના ઉદક સદૃશ છે.

જંબૂદ્વીપ નામક અસંખ્ય દ્વીપ, લવણ નામક અસંખ્યાત સમુદ્રો એ પ્રમાણે ત્યાં સુધી કહેવા, યાવત્ સૂર્યાવરાવભાસ નામક અસંખ્યાત સમુદ્રો છે. જે પાંચ દેવાદિ દ્વીપ, પાંચ દેવાદિ સમુદ્રો છે. તે એકૈક જ જાણવા. આ નામના બીજા કોઈ દ્વીપ-સમુદ્રો નથી. આ વાતની સાક્ષી જીવાભિગમ સૂત્રમાં પણ છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૧૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ પ્રાભૃત-૨૦ ❀

— x — x —

૦ એ પ્રમાણે ૧૯મું પ્રાભૃત કહ્યું. હવે ૨૦માંનો આરંભ કરીએ છીએ. તેનો આ અર્થાધિકાર છે — "ચંદ્રનો અનુભાવ કેવો છે ?" તેથી તદ્‌વિષયક પ્રશ્નસૂત્ર કહે છે—

● સૂત્ર-૧૯૪ :-

***ચંદ્રાદિનો અનુભાવ કઈ રીતે કહેલો છે ? તે વિષયમાં આ બે પ્રતિપત્તિઓ કહી છે. તેમાં એક એમ કહે છે કે — તે ચંદ્ર-સૂર્ય જીવ નથી - અજીવ છે, ઘન નથી - સુષિર છે, શ્રેષ્ઠ શરીરધારી નથી પણ કલેવર રૂપ છે. તેને ઉત્થાન કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ નથી, તેમાં વિદ્યુત્ કે અશનિપાત કે સ્તનિત ધ્વનિ નથી. તેની નીચે બાદર વાયુકાય સંમૂર્છે છે. નીચે બાદર વાયુકાય સંમૂર્છિત થતાં વિદ્યુત્, અશનિ કે સ્તનિતનો પણ ધ્વનિ થાય છે.***

***વળી બીજો એક કહે છે કે — તે ચંદ્ર-સૂર્ય જીવ રૂપ છે, અજીવ નથી, ઘન છે - સુષિર નથી, બાદર બોંદિધર છે - કલેવર નથી. તેને ઉત્થાન છે યાવત્ વિદ્યુત્‌નો ધ્વનિ છે.***

***અમે એમ કહીએ છીએ કે — તે ચંદ્ર, સૂર્ય દેવો મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ, શ્રેષ્ઠ વસ્ત્ર-માળા-આભરણધારી છે તથા અવ્યવચ્છિત નયાર્થતાથી અન્યત્ર ચ્યવી, અન્યત્ર ઉપજે છે.***

● વિવેચન-૧૯૪ :-

કયા પ્રકારે ચંદ્રાદિનો અનુભાવ-સ્વરૂપ વિશેષ કહેલ છે ? ત્યારે ભગવંતે કહ્યું — આ વિષયમાં બે પ્રતિપત્તિઓ છે —

તેમાં ચંદ્રાદિના અનુભાવ વિષયમાં નિશ્ચે આ બે પ્રતિપત્તિ-પરતીર્થિકના મતરૂપ કહી છે. તે આ પ્રમાણે —

તે બે પરતીર્થિકો મધ્યે એક પરતીર્થિક એમ કહે છે કે — તે પરતીર્થિકો પહેલાં સ્વશિષ્યો પ્રતિ અનેક વક્તવ્યતા ઉપક્રમમાં ક્રમને દર્શાવવા માટે કહે છે — ચંદ્ર-સૂર્ય જીવરૂપ નથી, પણ અજીવ છે. તે ઘન-નિબિડ પ્રદેશ ઉપચય નથી. પણ શુષિર છે - તથા વરબોંદિધર-પ્રધાન સજીવ સુવ્યક્ત અવયવ શરીર યુક્ત નથી, પણ કલેવર માત્ર છે. તે ચંદ્રાદિને ઉત્થાન-ઉર્ધ્વીભવન. 'वा' શબ્દ વિકલ્પમાં કે સમુચ્ચય અર્થમાં છે. कर्म - ઉત્ક્ષેપણા, અપક્ષેપણાદિ. बल - શરીર પ્રાણ, वीर्य - અંતર ઉત્સાહ, पुरुषकार - પૌરુષ અભિમાન, पराक्रम - તે જ સાધિત-અભિમત પ્રયોજન છે. બધું પૂર્વવત્.

તથા તે ચંદ્ર-સૂર્ય વિદ્યુત્‌ને પ્રવર્તાવતી નથી, વિદ્યુત્ વિશેષ રૂપ અશનિ નથી, ગર્જિત-મેઘધ્વનિ. પરંતુ ચંદ્ર-સૂર્યની નીચે પૂર્વવત્ બાદર વાયુકાયિક સંમૂર્છે છે અને નીચે બાદર વાયુકાયિક સંમૂર્છે છે. વિદ્યુત્ પણ પ્રવર્તે છે, અશનિ પણ પ્રવર્તે છે. વિદ્યુદાદિ રૂપે પરિણમે છે.



હવે ઉપસંહાર કહે છે — એક એ પ્રમાણે કહે છે.

બીજા એક એમ કહે છે કે — ચંદ્ર અને સૂર્ય જીવરૂપ છે, અજીવ નથી. જેમ પૂર્વાપરતીર્થિકોએ કહ્યું તથા ઘન છે, શુષિર નથી. તથા વરબોંદિધર છે, કલેવર માત્ર નહીં તથા તેમાં ઉત્થાનાદિ છે. ઈત્યાદિ પૂર્વવત્ વ્યાખ્યાન કરવું.

તે વિદ્યુત્‌ને પણ પ્રવર્તાવે છે, અશનિ પણ પ્રવર્તાવે છે, ગર્જિત પણ કરે છે. અહીં શું કહેવા માંગે છે ? વિદ્યુત્ આદિકને સર્વ ચંદ્ર-સૂર્ય પ્રવર્તાવે છે.

એ પ્રમાણે પરતીર્થિકની પ્રતિપત્તિને દર્શાવીને, હવે ભગવન્ સ્વમતને કહે છે—

અમે વળી એમ કહીએ છીએ, - x - ચંદ્ર અને સૂર્ય - x - દેવ સ્વરૂપ છે, સામાન્યથી જીવ માત્ર નથી. તે દેવો કેવા છે ? —

મહર્દ્ધિક-મહા ઋદ્ધિ, વિમાન, પરિવારાદિ જેને છે તે, મહદ્યુતિક — શરીર, આભરણ વિષયક મહાદ્યુતિ જેમને છે તે. મહાબલ-મહાબલ-શરીરના પ્રાણ જેમાં છે તે. મહાયશા-મોટી ખ્યાતિ જેમને છે તે. મહાસૌખ્ય - x - x - મહા સૌખ્યવાળા તથા મહાનુભાવ-વિશિષ્ટ વૈક્રિયકરણાદિ વિષયક અચિંત્ય શક્તિ જેમને છે તે. વરવસ્ત્રધરા ઈત્યાદિ સ્વ આયુક્ષયે ચ્યવે છે.

● સૂત્ર-૧૯૫ :-

***તે રાહુકર્મ કઈ રીતે કહેલ છે ? તે વિષયમાં નિશ્ચે આ બે પ્રતિપત્તિઓ કહેલી છે—***

***તેમાં એક એમ કહે છે કે — રાહુ નામે દેવ છે, જે ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે. એક એમ કહે છે.***

***એક વળી એમ કહે છે — જે ચંદ્ર-સૂર્યને ગ્રસે છે, તેવો રાહુ નામે કોઈ દેવ નથી.***

***પહેલા મતવાળો કહે છે કે ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરતો રાહુ ક્યારેક અધોભાગને ગ્રહણ કરીને અધોભાગથી છોડી દે છે અધો ભાગથી ગ્રહણ કરી ઉર્ધ્વ ભાગે છોડી દે છે, ઉર્ધ્વ ભાગથી ગ્રહણ કરીને ઉર્ધ્વ ભાગથી છોડી દે છે, ડાબી બાજુથી ગ્રહણ કરીને ડાબી બાજુએ છોડી દે છે, ડાબી બાજુથી ગ્રહણ કરી જમણી બાજુએ છોડી દે છે, જમણી બાજુથી ગ્રહણ કરી ડાબી બાજુથી છોડે છે, જમણી બાજુથી ગ્રહણ કરી જમણી બાજુએ છોડી દે છે.***

***તેમાં જે એમ કહે છે કે — રાહુ જેવો કોઈ દેવ નથી. જે ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે. તેઓ એમ કહે છે કે — તેમાં આ પંદર કૃષ્ણવર્ણવાળા પુદ્‌ગલો કહેલા છે, તે આ પ્રમાણે — શ્રૃંગાટક, જટિલક, ક્ષારક, ક્ષત, અંજન, ખંજન, શીતલ, હિમશીતલ, કૈલાસ, અરુણાભ, પરિજય, નભસૂર્ય, કપિલ અને પિંગલ રાહુ.***

***જ્યારે આ પંદર કૃષ્ણવર્ણવાળા પુદ્‌ગલો સદા ચંદ્ર કે સૂર્યને***

*લેશ્યાનુબદ્ધચારી હોય છે, ત્યારે માનુષ્ય લોકમાં મનુષ્યો એમ કહે છે કે – એ પ્રમાણે નિશ્ચે રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે.*

*જ્યારે આ પંદર કૃષ્ણ વર્ણવાળા પુદ્‌ગલો સદા ચંદ્ર કે સૂર્યને લેશ્યાનુબદ્ધચારી ન હોય, તયારે મનુષ્યલોકમાં મનુષ્યો એમ કહે છે કે એ પ્રમાણે રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રસિત કરે છે.*

*અમે એમ કહીએ છીએ – તે રાહુદેવ મહર્દ્ધિક, મહાનુભાવ, શ્રેષ્ઠવસ્ત્રધર, શ્રેષ્ઠ આભરણધર છે.*

*રાહુદેવના નવ નામો છે, તે આ પ્રમાણે – શ્રૃંગાટક, જટિલક, ક્ષરક, ક્ષેત્રક, ઢઢ્ઢર, મગર, મચ્છ, કચ્છપ, કૃષ્ણસર્પ.*

*તે રાહુ દેવનું વિમાન પાંચ વર્ણનું છે. તે આ પ્રમાણે – કૃષ્ણ, નીલ, લાલ, પીળું, સફેદ. તેમાં કાળુ રાહુ વિમાન ખંજન વર્ણનું છે, નીલ રાહુ વિમાન તુંબડાના વર્ણનું છે. લાલ રાહુ વિમાન મંજિષ્ઠ વર્ણનું છે, પીળું રાહુ વિમાન હળદરના વર્ણનું છે, શુક્લ રાહુ વિમાન ભસ્મ રાશિ વર્ણનું છે.*

*જ્યારે રાહુદેવ આવતા કે જતાં વિકુર્વણા કરતાં, પરિચાર કરતાં ચંદ્ર કે સૂર્યને પશ્ચિમથી આવરે છે, રાહુદેવ જ્યારે જતાં-આવતાં વિકુવર્ણા કે પરિચાર કરતાં ચંદ્ર કે સૂર્યની લેશ્યાને દક્ષિણથી આવરીને ઉત્તરથી છોડે છે, ત્યારે દક્ષિણથી ચંદ્ર કે સૂર્ય દેખાય છે, ઉત્તરથી રાહુ દેખાય છે.*

*આ આલાવા વડે પશ્ચિમથી આવરીને પૂર્વથી છોડે છે. ઉત્તરથી આવરીને દક્ષિણથી છોડે છે.*

*જ્યારે રાહુદેવ જતાં કે આવતાં વિકુર્વણા કે પરિચારણા કરતાં ચંદ્ર કે સૂર્યની લેશ્યાને દક્ષિણ-પૂર્વથી આવરીને ઉત્તર-પશ્ચિમથી છોડે છે, ત્યારે દક્ષિણ-પૂર્વમાં ચંદ્ર કે સૂર્ય દેખાય છે અને ઉત્તર-પશ્ચિમે રાહુ દેખાય છે જ્યારે રાહુદવ - x - યાવત્ - x - દક્ષિણ પશ્ચિમથી આવરીને ઉત્તર-પૂર્વથી છોડે છે, ત્યારે દક્ષિણ-પસ્ચિમમાં ચંદ્ર કે સૂર્ય દેખાય છે અને ઉત્તર-પૂર્વમાં રાહુ દેખાય છે.*

*આ આલાવા વડે ઉત્તર-પશ્ચિમથી આવરીને દક્ષિણ-પૂર્વમાં છોડે છે, ઉત્તર-પૂર્વથી આવરીને દક્ષિણ-પશ્ચિમથી છોડે છે.*

*જ્યારે રાહુ દેવ જતાં કે આવતાં ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને છોડે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે - રાહુ વડે ચંદ્ર કે સૂર્ય ગ્રસિત થાય છે.*

*જ્યારે રાહુદેવ આવતાં કે જતાં ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને પડખેથી છોડે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે કે ચંદ્ર કે સૂર્ય વડે રાહુની કુક્ષી ભેદાઈ.*

*જ્યારે રાહુદેવ આવતાં કે જતાં ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને છોડી દે છે, ત્યારે મનુષ્ય લોકમાં મનુષ્યો એમ કહે છે – રાહુ વડે ચંદ્ર કે સૂર્યનું*



*વમન કર્યુ.*

*જ્યારે રાહુદેવ આવતાં કે જતાં ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને મધ્ય-મધ્યથી છોડે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે રાહુ વડે ચંદ્ર કે સૂર્ય વિતરીત થયો.*

*જ્યારે રાહુદેવ આવતાં કે જતાં ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને નીચે ચારે દિશા-ચારે વિદિશામાં રહે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે - રાહુ વડે ચંદ્ર કે સૂર્યગ્રસ્ત છે.*

*રાહુ કેટલા ભેદે છે ? ધ્રુવરાહુ અને પર્વરાહુ. તેમાં જે ધ્રુવરાહુ છે તે કૃષ્ણ પક્ષની એકમે ૧૫ ભાગથી ચંદ્રની લેશ્યાને આવરણ કરતો રહે છે. તે આ પ્રમાણે - પહેલા દિને પહેલા ભાગને યાવત્ પંદરમાં દિવસે પંદરમાં ભાગને, છેલ્લા સમયે ચંદ્ર રંજિત થાય છે, બાકીના સમયમાં ચંદ્ર રંજિત કે વિરક્ત હોય છે તે જ શુક્લ પક્ષમાં ઉઘાડ કરતાં-કરતાં રહે છે. તે આ પ્રમાણે - પહેલા દિવસે પહેલા ભાગને યાવત્ ચંદ્ર વિરક્ત થાય છે, બાકીના સમયે ચંદ્ર રંજિત કે વિરક્ત હોય છે.*

*તેમાં જે પર્વ રાહુ જઘન્યથી છ માસમાં, ઉત્કૃષ્ટથી ૪૨-માસમાં ચંદ્રને અને ૪૮-માસમાં સૂર્યને ગ્રસિત કરે છે.*

**● વિવેચન-૧૯૫ :-**

કયા પ્રકારે ભગવન્ ! આપે રાહુની ક્રિયા કહી છે ? ત્યારે ભગવંતે આ વિષયમાં બે પરતીર્થિક પ્રતિપત્તિ બતાવેલ છે –

રાહુકર્મ વિષયમાં આ બે પ્રતિપત્તિ કહી છે, તે બે પરવાદી મધ્યે એક પરતીર્થિક કહે છે – તે રાહુ નામક દેવ છે, જે ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરે છે. બીજો પરતીર્થિક એમ કહે છે – રાહુ નામના દેવ નથી, કે જે ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરે.

તે જ પ્રતિપત્તિ બંને દર્શાવીને હવે તેની ભાવનાર્થે કહે છે –

તેમાં જે વાદી એમ કહે છે – રાહુ નામનો દેવ છે, જે ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરે છે, તે એવું કહે છે – તે એ પ્રમાણે સ્વમતભાવના કરે છે. - x - રાહુદેવ ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરીને છેડેથી પકડીને છેડેથી છોડી દે છે. અધોભાગથી ગ્રહણ કરીને અધોભાગથી જ છોડી દે છે. કદાચિત્ છેડેથી ગ્રહણ કરીને મસ્તકેથી છોડે છે, અથવા કદાચિત્ મસ્તકેથી પકડી પુંછડેથી છોડી દે છે. ઈત્યાદિ - x -

ક્યારેક ડાબી ભુજાથી પકડીને ડાબી ભુજાથી જ છોડી દે છે. અર્થાત્ શું કહે છે ? ડાબા પડખેથી પકડીને ડાબી બાજુથી છોડી દે છે. અથવા ડાબા પડખેથી પકડીને જમણે પડખેથી છોડી દે છે અથવા કદાચિત્ જમણી બાજુથી પકડીને ડાબી બાજુએ છોડી દે છે અથવા જમણી બાજુથી પકડીને જમણી બાજુએ જ છોડી દે છે. - x -

તે બે પરતીર્થિકોમાં જ એમ કહે છે કે — રાહુદેવ નથી કે જે ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરે. તેઓ એવું કહેવા માંગે છે કે — ત્યાં જગત્‌માં આ વક્ષ્યમાણ સ્વરૂપે પંદર ભેદે કૃષ્ણ પુદ્‌ગલો કહેલાં છે, તેને જ દર્શાવે છે — સંપ્રદાય અનુસાર વૈવિક્ત્યથી સ્વીકારવું. તેથી આ અનંતરોક્ત્ ૧૫-ભેદે કૃષ્ણ પુદ્‌ગલો સમસ્ત સદા ચંદ્ર કે સૂર્યને લેશ્યાનુંબંધચારી - ચંદ્ર સૂર્ય બિંબગત પ્રભાનુચારી હોય છે. ત્યારે મનુષ્યો એમ કહે છે કે — એ પ્રમાણે રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરે છે.

જ્યારે આ પંદર કૃષ્ણ પુદ્‌ગલો સમસ્ત, સાતત્યથી નહીં તેમ ચંદ્ર કે સૂર્યના લેશ્યાનુબંધચારી થાય, ત્યારે મનુષ્યો એમ કહે છે કે — એ રીતે રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રહે છે.

એમ ઉક્ત પ્રકારે રાહુ ચંદ્ર કે સૂર્યને ગ્રહણ કરે છે, તે લૌકિક વાક્ય જાણવું. - x -

ભગવંત કહે છે કે — આ પરતીર્થિકો એમ કહે છે, પણ અમે વળી ઉત્પન્ન કેવળજ્ઞાનથી કેવલ પામીને એમ કહીએ છીએ કે રાહુ માત્ર દેવ કે પરિકલ્પિત પુદ્‌ગલ માત્ર નથી.

તે રાહુદેવ મહર્દ્ધિક, મહાધુતિક, મહાબલી, મહાયશા, મહાસૌખ્ય, મહાનુભાવ છે. આ પદાર્થોની વ્યાખ્યા પૂર્વવત્ ભાવવી. શ્રેષ્ઠ વસ્ત્રધર, શ્રેષ્ઠ માલ્યધર, શ્રેષ્ઠ આભરણધર છે.

તે રાહુ દેવના નવ નામો કહેલા છે - તે આ પ્રમાણે શ્રૃંગાટક ઈત્યાદિ, તે સુગમ છે.

રાહુદેવના વિમાનો પાંચ વર્ણોના કહેલા છે. અહીં શું કહેવા માંગે છે ? પાંચ વિમાનો પૃથક્ પૃથક્ એકૈક વર્ણયુક્ત કહેલ છે. તે આ પ્રમાણે - કૃષ્ણ આદિ સુગમ છે.

વિશેષ એ કે — ખંજન એટલે દીવાની વાટનો મળ અને લાઉય વર્ણાભ એટલે ભીના તુંબડાનાં જેવો વર્ણ.

તેમાં જ્યારે રાહુદેવ કોઈ સ્થાનેથી આવતો હોય કે કોઈ સ્થાને જતો હોય ત્યારે વિકુર્વણા કરતા - સ્વેચ્છાથી તેવી-તેવી વિક્રિયા કરતો કે પરિચરણ બુદ્ધિથી અહીં-તહીં જતો ચંદ્રની કે સૂર્યની લેશ્યા-વિમાનમાં રહેલ શ્વેતપણું પૂર્વબાજુથી આવરીને આગળનો ભાગ આવરીને પાછલના ભાગથી નીકળી જાય ત્યારે પૂર્વભાગથી ચંદ્ર કે સૂર્ય પોતાને દર્સાવે છે અને પશ્ચિમ ભાગે રાહુ પોતાને દર્શાવે છે. અર્થાત્ ત્યારે મોક્ષ કાળે ચંદ્ર કે સૂર્ય પૂર્વના દિશાભાગે પ્રગટ દેખાય છે અને નીચે પશ્ચિમ ભાગે રાહુ.

એ પ્રમાણે દક્ષિણોત્તર વિષયક સૂત્ર કહેવું.

આ અનંતરોક્ત આલાવા વડે ‘‘પશ્ચિમે આવરીને પૂર્વથી નીકળી જાય, ઉત્તરેથી આવરીને દક્ષિણે નીકળી જાય’’ આ વિષયક બે સૂત્રો પણ કહેવા. તે આ પ્રમાણે—





જ્યારે રાહુદેવ આવતા૰ વિકુર્વણા કરતા૰ ચંદ્ર કે સૂર્યની લેશ્યાને પશ્ચિમેથી આવરીને પૂર્વમાં છોડે, ત્યારે પશ્ચિમમાં ચંદ્ર કે સૂર્ય દેખાય છે અને પૂર્વમાં રાહુ.

એ પ્રમાણે બીજા સૂત્રમાં પણ કહેવું.

એ પ્રમાણે (૧) દક્ષિણ-પૂર્વ, ઉત્તર-પશ્ચિમ, (૨) દક્ષિણ-પશ્ચિમ, ઉત્તર-પૂર્વ, (૩) ઉત્તર-પશ્ચિમ, દક્ષિણ-પૂર્વ, (૪) ઉત્તર-પૂર્વ, દક્ષિણ-પશ્ચિમ વિષયક ચાર સૂત્રો પણ કહેવા.

ता जया णं ઈત્યાદિ સુગમ છે. વિશેષ આ ભાવાર્થ કહેવો — જ્યારે ચંદ્ર કે સૂર્યની લેશ્યાને આવરીને રાહુ રહેલો હોય ત્યારે લોકમાં એવું કહેવાય કે જેમ રાહુ વડે ચંદ્ર કે સૂર્યનું ગ્રહણ થયેલું છે. જ્યારે રાહુ લેશ્યાને આવરીને પડખેથી મૂકે ત્યારે મનુષ્યોમાં એવું કહેવાય કે — જેમ ચંદ્ર કે સૂર્ય વડે રાહુની કુક્ષિ ભેદાઈ. રાહુની કુક્ષિ ભેદીને ચંદ્ર કે સૂર્ય નીકળી ગયો.

જ્યારે રાહુ ચંદ્રની કે સૂર્યની લેશ્યાની આવરીને પાછો સરકે છે, ત્યારે મનુષ્યલોકમાં મનુષ્યો બોલે છે કે — રાહુ વડે ચંદ્ર કે સૂર્યનું વમન થયું.

જ્યારે રાહુ ચંદ્ર કે સૂર્યના મધ્યભાગથી લેશ્યાને આવરીને જાય છે, ત્યારે મનુષ્યલોકમાં એવો પ્રવાદ છે કે — ચંદ્ર કે સૂર્ય રાહુ વડે વ્યતિચરિત થયો. અર્થાત્ મધ્યભાગથી વિભિન્ન થયો.

જ્યારે રાહુ ચંદ્રના કે સૂર્યના સપક્ષ-સર્વે પડખામાં પૂર્વ-પશ્ચિમ-દક્ષિણ-ઉત્તરમાં. પ્રતિદિક્ષા સંહિત એટલે કે બધી વિદિશામાં, લેશ્યાને આવરીને નીચે રહે છે. ત્યારે મનુષ્યમાં લોકોક્તિ છે કે — રાહુ વડે ચંદ્ર કે સૂર્ય સર્વપણે ગ્રહણ થયો.

કહે છે — ચંદ્રવિમાનના $^{5}/_{61}$ ભાગ ન્યૂન યોજન પ્રમાણથી રાહુ વિમાનના ગ્રહવિમાનપણાથી અર્ધયોજન પ્રમાણત્વથી કઈ રીતે રાહુવિમાનનો સર્વથા ચંદ્રવિમાનના આવરણનો સંભવ છે ?

તે કહે છે, જો આ ગ્રહવિમાનોનું અર્ધયોજન પ્રમાણ છે, તે પ્રાયઃ જાણવું. તેથી રાહુગ્રહનું ઉક્ત અધિક પ્રમાણ પણ વિમાન સંભવે છે, તેથી અનુપપત્તિ નથી તેમ નહીં.

બીજા વળી એમ કહે છે — રાહુ વિમાનને મહાન્ બહોળો અંધકાર રશ્મિ સમૂહ છે. તેથી રાહુ વિમાન નાનું હોય તો પણ મહા બહલથી તમિશ્ર રશ્મિ જાળ વડે પ્રસાર થતાં બધાં પણ ચંદ્રમંડલને આવરે છે, તેથી તેમાં કોઈ દોષ નથી.

હવે રાહુના ભેદ વિશે જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે — તે સુગમ છે. ભગવંત કહે છે — રાહુ બે ભેદે કહ્યો છે. તે આ પ્રમાણે — ધ્રુવરાહુ અને પર્વરાહુ. તેમાં જે સદા ચંદ્રવિમાનની નીચેથી સંચરે છે, તે ધ્રુવરાહુ અને જે પર્વમાં - પૂર્ણિમા કે અમાસમાં યથાક્રમે ચંદ્ર કે સૂર્યનો ઉપરાગ કરે છે, તે પર્વરાહુ છે.

તેમાં જે ધ્રુવરાહુ છે, તે કૃષ્ણપક્ષની એકમથી આરંભીને પ્રત્યેક તિથિમાં

પોતાના ૧૫-ભાગ વડે ૧૫-૧૫ ભાગ ચંદ્રની લેશ્યાને આવરીને રહે છે. તે આ રીતે — એકમે પહેલાં પંદર ભાગ, બીજે બીજા, ત્રીજે ત્રીજા યાવત્ પંદરમી તિથિએ પંદરમાં. પછી પંદરમી તિથિમાં છેલ્લા સમયે રાહુવિમાન વડે ઉપરક્ત થાય છે અર્થાત્ સંપૂર્ણપણે રાહુવિમાનથી આચ્છાદિત થાય છે.

બાકીના સમયમાં અર્થાત્ એકમ, બીજ, ત્રીજ આદિ કાળમાં ચંદ્ર રક્ત કે વિરક્ત થાય છે. અર્થાત્ દેશતી રાહુવિમાન વડે આચ્છાદિત થાય છે, દેશથી અનાચ્છાદિત રહે છે.

શુક્લપક્ષની એકમથી આરંભીને ફરી તે જ પંદર-પંદર ભાગ પ્રતિતિથિ પ્રગટ કરતો રહે છે. તે આ પ્રમાણે - એકમતિથિએ પહેલાં ૧૫-ભાગ પ્રગટ કરે છે, બીજે બીજા એ પ્રમાણે યાવત્ પંદરમાં દિને-પૂર્ણિમા સુધી ૧૫-૧૫ ભાગ પ્રગટ કરતાં છેલ્લા સમયે પૂર્ણિમાના છેલ્લા સમયે ચંદ્ર સર્વથા વિરક્ત થાય છે. અર્થાત્ રાહુ વિમાન વડે થોડો પણ આચ્છાદિત ન હોવાથી સંપૂર્ણ પ્રગટ થાય છે.

શુક્લ કે કૃષ્ણપક્ષમાં કેટલા દિવસો સુધી રાહુવિમાન વૃત્ત રહે છે. જેમ ગ્રહણ કાળમાં પર્વરાહુ. કેટલા દિવસો નહીં? તથા તેનું કારણ શું છે? આ જે દિવસમાં અતિશય તમસ વડે અભિભૂત થઈ ચંદ્ર તેમાં તે વિમાન વૃત્ત જણાય છે. ચંદ્રપ્રભાના બાહુલ્ય પ્રસર ભાવથી રાહુવિમાન યથાવસ્થિતપણે પ્રાપ્ત થાય છે. જેમાં ફરી ચંદ્ર ફરી પ્રગટ થાય છે, તેમાં. પણ રાહુવિમાન વડે તેમાં ચંદ્રપ્રભા અભિભૂત થતી નથી.

પર્વરાહુવિમાન ધ્રુવરાહુ વિમાનથી અતીવ તમો બહુલ છે, તેથી તેના વડે થોડો પણ ચંદ્રની પ્રભાનો અભિભવ સંભવતો નથી, તેની તેનો અલ્પપણ વૃત્તત્વનો સંભવ નથી, આ વાતની સાક્ષી શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના વિશેષણવતી ગ્રંથમાં પણ જોવા મળે છે, જે વૃત્તિકારે નોંધી છે.

તેમાં જે આ પર્વરાહુ છે. તે જઘન્યથી છ માસની ઉપર ચંદ્ર અને સૂર્યનો ઉપરાગ કરે છે. ઉત્કૃષ્ટથી ૪૨-માસથી વધુ કાળે ચંદ્રનો અને ૪૮ સંવત્સરે સૂર્યનો.

હવે ચંદ્રને લોકમાં ''શશી'' એમ - x - કહે છે ?

● સૂત્ર-૧૯૬,૧૯૭ :-

*[૧૯૬] કઈ રીતે તે ચંદ્ર ''શશી'' કહેવાય છે ? જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજચંદ્ર મૃગાંક વિમાનમાં કાંતદેવી, કાંત દેવી, કાંત આસન, શયન, સ્તંભ, ભાંડ-માત્ર-ઉપકરણો હોય છે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્ર પોતે પણ સૌમ્ય, કાંત, શુભ, પ્રિયદર્શન અને સુરૂપ છે. એ પ્રમાણે નિશ્ચે ચંદ્ર 'શશી', ચંદ્ર-'શશી' કહેવાય છે.*

*કઈ રીતે તે સૂર્ય 'આદિત્ય', સૂર્ય 'આદિત્ય' કહેવાય છે ? તે સૂર્ય સમય, આવલિકા, આનપ્રાણ, સ્તોક યાવત્ ઉત્સર્પિણી-અવસર્પિણીની આદિ કરે છે, એ પ્રમાણે સૂર્ય 'આદિત્ય', સૂર્ય-'આદિત્ય' કહેવાય છે.*



*[૧૯૭] તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રની કેટલી અગ્રમહિષીઓ કહી છે ? ચંદ્રને ચાર અગ્રમહિષી છે — ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી, પ્રભંકરા. તે પૂર્વ કહ્યા મુજબ યાવત્ મૈથુન સેવન કરી શકતો નથી. એમ સૂર્યનું પણ જાણવું.*

*તે ચંદ્ર-સૂર્ય જે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ છે. તે કેવા કામભોગને અનુભવતા વિચરે છે? જેમ કોઈ પુરુષ પ્રથમ યૌવન-ઉત્થાન-બળ-સામર્થ્યમાં પ્રથમ યૌવન-ઉત્થાન-બળ-સામર્થ્યવાળી પત્ની સાથે તુરંત વિવાહિત હોય તે ધનાર્થી થઈ અર્થની ગવેષણાથી સોળ વર્ષે જઈને પછી લબ્ધાર્થ, કૃતકાર્ય, અનઘસમગ્ર ફરી પણ પોતાને ઘેર શીઘ્ર આવે પછી સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ પ્રાવેશ્ય મંગલ પ્રવર વસ્ત્રો ધારણ કરીને અલ્પ પણ મહાર્ઘ આભરણથી અલંકૃત્ શરીરી થઈ, મનોજ્ઞ થાળી પાક શુદ્ધ અઢાર પ્રકારે વ્યંજનયુક્ત ભોજન કરીને, તે તેવા પ્રકારના વાસગૃહમાં અંદર સચિત્તકર્મ, બહાર દૂમિત ઘૃષ્ટ મૃષ્ટ, વિચિત્ર ઉલ્લોક ચિલ્લિત તલ, બહુસમ સુવિભક્ત ભૂમિ ભાગે, મણિરત્ન વડે નાશિત અંધકારમાં કાલો અગરુ-પ્રવર કુંદુરુષ્ક-તુરુષ્ક ધૂપથી મઘમઘતા, ગંધોદ્ધૃત અભિરામ સુગંધવરગંધી, ગંધવર્તીભૂત તેવી તેવા પ્રકારની શય્યા કે જે બે બાજુ ઉન્નત, મધ્યમાં નતગંભીર, આલિંગણવર્તિત, પ્રનતગંડવિબ્બોયણ, સુરમ્ય, ગંગા પુલિણવાલુકા ઉદ્દાલસાલિશય, સુવિરચિત રજસ્ત્રાણ, ઢાંકેલ ક્ષૌમવસ્ત્ર, ક્ષોમ દુકુલ પટ્ટથી પ્રતિછાદન, રક્ત સંવૃત્ત, સુરમ્ય, આજિનક-રૂત-બૂર-નવનીત તુલ્ય સ્પર્શવાળી, સુગંધવર કુસુમ ચૂર્ણશત ઉપચારયુક્ત તેવી તેવા પ્રકારની ભાર્યા સાથે શ્રૃંગારાકાર ચારુવેશવાળી, સંગત હસિત-ભણિત-ચેષ્ટિત-સંલાપ-વિલાસ-નિપુણ યુક્તોપચાર કુશલ, અનુરક્ત-અવિરક્ત, મનોનુકૂળ, અન્યત્ર ક્યાંય મનને ન કરતાં, ઈષ્ટ શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધયુક્ત પંચવિધ માનુષી કામભોગને અનુભવતો વિહરે. ત્યારે તે પુરુષ વિઓસમણ કાળસમયમાં કેવા સાતા-સૌખ્યને અનુભવતો વિચરે છે?*

*હે આયુષ્યમાન્ શ્રમણ ! ઉદાર, તે પુરુષના કામભોગથી અનંતગુણ વિશિષ્ટતર વ્યંતર દેવોના કામભોગો છે. વ્યંતર દેવોના કામભોગો કરતાં અનંતગુણ વિશિષ્ટતરક અસુરેન્દ્ર સિવાયના ભવનવાસી દેવોના કામભોગો છે. અસુરેન્દ્ર સિવાયના દેવોના કામભોગો કરતાં અસુરકુમાર દેવોના કામભોગ અનંતગુણ વિશિષ્ટતર છે. અસુરકુમાર દેવોના કામભોગો કરતાં ગ્રહ-નક્ષત્ર-તારા દેવોના કામભોગો અને ગ્રહ-નક્ષત્ર-તારાના કામભોગો કરતાં અનંતગુણ વિશિષ્ટતર ચંદ્ર-સૂર્ય દેવોના કામભોગો છે. આવા પ્રકારના કામભોગ જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્ર-સૂર્ય અનુભવતો વિચરે છે.*

● વિવેચન-૧૯૬,૧૯૭ :-

ક્યા પ્રકારે-ક્યા અન્વાર્થથી ચંદ્રને શશી એમ કહે છે ? ભગવંતે કહ્યું - x

- જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રના મૃગચિહ્ન વિમાનમાં અધિકરણભૂત કાંત - કમનીયરૂપવાળા દેવો, કાંતદેવીઓ કાંત એવા આસન-શયન-સ્તંભ-ભાંડ-માત્ર ઉપકરણો છે. ચંદ્રદેવ પોતે પણ જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્રદેવ [કેવા છે ?]

૦ સૌમ્ય - અરૌદ્રાકાર, ૦ કાંત - કાંતિમાન્,

૦ સુભગ - સૌભાગ્યયુક્તત્વથી લોકોને વલ્લભ.

૦ પ્રિય - પ્રેમકારીદર્શનવાળો, ૦ સુરૂપ - શોભનરૂપવાળો.

— આવા કારણોથી ચંદ્રને 'શશી' એમ કહે છે.

— અહીં શું કહેવા માંગે છે ? સર્વપણે કમનીયત્વ લક્ષણ-અન્વર્થને આશ્રીને ચંદ્રને 'શશી' નામે ઓળખાવાય છે.

હવે વ્યુત્પત્તિ કહે છે — અહીં 'શશ कांत' એ પ્રમાણે ધાતુ છે. - x - x - x - x - તેથી णि અંતથી શશ જેમાં છે તે શશી એવી વ્યુત્પત્તિ થાય છે. સ્વ વિમાન વાસ્તવ્ય દેવ-દેવી-શયન-આસન આદિ વડે કમનીય કાંતિયુક્ત અર્થ કર્યો છે.

બીજાઓ વ્યાખ્યા કરે છે કે — શશી એમ શ્રી સાથે વર્તે છે. તેથી 'સશ્રી' થાય પ્રાકૃતપણાંથી 'શશી' એવું રૂપ થયું.

કયા પ્રકારે, કયા અન્વર્થથી સૂર્યને આદિત્ય કહે છે ? ભગવંતે કહ્યું — સૂર્ય, આદિ-પ્રથમ જેમાં છે તે સૂર્યાદિક. તે કોની આદિ કરે છે ? ૦ સમય - અહોરાત્રાદિ કાળનો નિર્વિભાગ ભાગ. - x - તેથી કહે છે — સૂર્યોદયને અવધિ કરીને અહોરાત્રનો આરંભક સમય ગણાય છે. અન્યથા નહીં.

૦ આવલિકા-આદિને એ પ્રમાણે 'સૂરાદિક' જાણવા. વિશેષ એ કે — અસંખ્યાત સમય સમુદાયાત્મિકા તે આવલિકા.

૦ આનપ્રાણ - અસંખ્યાત આવલિકાનો એક આનપ્રાણ. વૃદ્ધ સંપ્રદાય એવો છે કે — ૪૩૫૨ આવલિકાનો એક આનપ્રાણ.

તેથી કહે છે — ૪૩૫૨ આવલિકા પ્રમાણથી એક આનપ્રાણ છે. તેમ અનંતજ્ઞાનીએ કહેલ છે. સાત આનપ્રાણનો એક સ્તોક થાય છે. યાવત્ શબ્દથી મુહૂર્ત્ત આદિ જાણવા. તે સુગમ હોવાથી સ્વયં કહેવા.

એ પ્રમાણે આ કારણથી નિશ્ચિત્ સૂર્યને 'આદિત્ય' એમ કહેવામાં આવે છે. આદિમાં થાય તે આદિત્ય.

ચંદ્રની ઈત્યાદિ સૂત્રમાં અગ્રમહિષી વિષયક પૂર્વવત્ જાણવું, પ્રસ્તાવના અનુરોધથી ફરી કહ્યું, તેમાં દોષ નથી.

તે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્રાજ ચંદ્ર-સૂર્ય કેવા પ્રકારના કામભોગોને અનુભવતો રહે છે ?

ભગવંતે કહ્યું — તે નિર્દિષ્ટ સ્વરૂપનો જેમ કોઈ પુરુષ પ્રથમ યૌવનના ઉદ્‌ગમમાં જે બલ - શારીરના પ્રાણ, તેના વડે સમર્થ.

— પ્રથમ યૌવનમાં ઉત્થાન, બલ, સમર્થ પત્ની સાથે તુરંત વિવાહ કરેલો હોય



તેવો [પુરુષ] પછી

— અર્થનો અર્થી થઈ, અર્થ ગવેષણા નિમિત્તે-સોળ વર્ષ સુધી દેશાંતરમાં પ્રવાસ કરીને, પછી સોળ વર્ષ વીત્યા બાદ કેવો થાય ? તેના વિશેષણો અત્રે કહેલ છે —

લબ્ધાર્થ - ઘણાં ધનને એકત્રિત કરેલો

કૃતકાર્ય - સર્વ પ્રયોજન નિષ્ઠિત થયા છે તેવો

अणहसमग्ग - તેમાં अणघ - અક્ષત, માર્ગમાં કોઈપણ ચોર આદિ વડે લુંટાયેલ નહીં તેવું. समग्र - દ્રવ્ય-ભાંડ-ઉપકરણાદિ જેના છે તે તથા.

એવો તે ફરી પણ પોતાને ઘેર પાછો આવે.

પછી સ્નાન કરી, બલિકર્મ કરી, કૌતુક-મંગલ-પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધાત્મા વેષોચિત પ્રવર વસ્ત્રો પહેરીને अल्प - થોડો, महार्घ - મહામૂલ્ય વાળા આભરણથી અલંકૃત્ શરીરવાળો.

મનોજ્ઞ કલમ ઓદનાદિ થાલી, તેનો પાક જેને છે તે. અન્યત્ર પકાવેલ સુપક્વ થતો નથી. તેથી આ વિશેષણ મૂક્યું કે — शुद्ध - ભોજન સંબંધી દોષ વર્જિત, તેથી સ્થાલિપાક તે શુદ્ધને સ્થાલીપાક શુદ્ધ કહેવામાં આવે છે.

લોકમાં પ્રસિદ્ધ અઢાર પ્રકારના વ્યંજન-મસાલા, છાસ વગેરેથી આકુલ તે અઢાર વ્યંજના કુળ અથવા અઢાર ભેદથી તે વ્યંજનાકુળ હોવાથી અષ્ટાદશ વ્યંજનાકુળ.

આ અઢાર ભેદ આ પ્રમાણે છે — (૧) સૂપ, (૨) યવ, (૩) યવજ્ઞ, (૪ થી ૬) ત્રણ મંસાદિ, (૭) ગોરસ, (૮) જ્યૂસ, (૯) ભક્ષ્ય, (૧૦) ગુલલાવણિક, (૧૧,૧૨) મૂલફળ, હરિતક, (૧૩) ડાગ, (૧૪) રસાલુ, (૧૫) પાન, (૧૬) પાનીય, (૧૭) પાનક, (૧૮) શાક.

આ બંને ગાથાઓ સુગમ છે. વિશેષ એ કે — ત્રણ માંસ તે જલજાદિ વનસ્પતિ જાણવી.

૦ યૂષ - મગ, ચોખા, જીરક, કટુ ભાંડાદિ રસ.

૦ ભક્ષ્ય - ખાંડ, ખાજા આદિ.

૦ ગુડલાવણિકા - લોકપ્રસિદ્ધ ગોળ પાપડી કે ગુડધાણા.

૦ મૂળ અને ફળ એ એક પદ દ્વન્દ્વ સમાસરૂપ છે.

૦ હરિતક-જીરક આદિ ૦ શાક-વત્થુલની ભાજી

૦ રસાલૂ-મર્જિકા, ૦ પાન-સૂરા આદિ

૦ પાનીય-જળ ૦ પાનક-દ્રાક્ષ પાનકાદિ

૦ શાક-તક્ર વડે સિદ્ધ.

આવા પ્રકારનું ભોજન ખાઈને તેમાં, તેવા વાસગૃહમાં.

— આ વાસગૃહ કેવું છે ? તે કહે છે —

(૧) અંદરથી સચિત્ર કર્મવાળું.

(૨) બહારથી દૂમિત ઘૃષ્ટમૃષ્ટ અર્થાત્ દુમિત એટલે સુધા પંકધવલિત, વૃષ્ટ - પાષાણાદિની ઉપર ઘસેલ, તેથી મૃષ્ટ-મસૃણ કરાયેલ [અતિ લીસો કરાયેલ]

(૩) વિચિત્ર-વિવિધ ચિત્રયુક્ત ચંદરવા વડે દીપતું ગૃહનું મધ્યભાગનું ઉપરનું તળ જેનું છે તે.

(૪) બહુસમ-ઘણું જ સમ

(૫) સુવિભક્ત-સુવિચ્છિત્તક ભૂમિભાગ જેમાં છે તે.

(૬) મણિરત્ન વડે નાશ કરાયેલ અંધકારયુક્ત.

(૭) કાળો અગરુ, પ્રવર કુંદુરુક્ક, તુરુષ્ક ધૂપની જે ગંધ તેના વડે મઘમઘાયમાન.

(૮) ઉર્દ્ધૂત-અહીં-તહીં પ્રસરેલી ગંધ વડે અભિરામ અર્થાત્ જે રમણીય છે તેવું.

(૯) વરગંધિક - શોભન ગંધ, તેના વડે કરાયેલ વરગંધિક-શ્રેષ્ઠગંધ જેની છે તેવું. તેથી જ ગંધવર્તીભૂત.

— વાસગૃહ પછી શયનીયનું વર્ણન છે, તે આ પ્રમાણે —

(૧) ઉભય પડખે ઉન્નત.

(૨) મધ્ય ભાગથી ગંભીર

(૩) શરીર પ્રમાણ ઉપધાન વડે યુક્ત.

(૪) મસ્તકે અને પગ પાસે ઓશીકા જેમાં છે તેવી.

(૫) વિશિષ્ટ કર્મ વિષયક બુદ્ધિ વડે પ્રાપ્ત કરેલ, અતીવ સુષ્ઠુ પરિકર્મિત ગંડ-ઉપધાનક જેમાં છે તેવી.

(૬) સારી રીતે પરિકર્મિત ક્ષૌમિક દુકુલ-કપાસના રૂમાંથી બનાવેલ વસ્ત્રના યુગલ રૂપ જે પટ્ટશાટક છે તેના વડે જેનું આચ્છાદન કરાયેલ છે, તેવી શય્યા વડે યુક્ત.

(૭) રક્તાંશુક - મચ્છરદાની સમાન વસ્ત્ર વિશેષથી સંવૃત્ત.

(૮) આજિનક-ચર્મમય વસ્ત્ર વિશેષ, તે સ્વભાવથી અતિ કોમળ હોય છે. [તેથી ગ્રહણ કર્યું.]

(૯) રૂત-કપાસના પક્ષ્મ-રુ.

(૧૦) બૂર-વનસ્પતિ વિશેષ.

(૧૧) નવનીત-માખણ - x -

ઉક્ત આજિનક આદિના સ્પર્શ જેવો સ્પર્શ જેનો છે તેવા પ્રકારનો શય્યાનો સ્પર્શ છે.

સુગંધી જે શ્રેષ્ઠ કુસુમો અને જે સુગંધી ચૂર્ણ-પટવાસાદિ અને આ સિવાય પણ તેવા પ્રકારના શયનોપચારથી યુક્ત.

તથા તેવા પ્રકારે કહેવાને માટે અશક્ય એવી, સ્વરૂપથી પુન્યવતીને



યોગ્યતાવાળી [તથા આ વિશેષણવાળી]

(૧) શ્રૃંગાર રસ પોષક આકાર-સન્નિવેશ વિશેષ જેનો છે તેવી.

(૨) આવા પ્રકારના શોભનવેશવાળી.

(૩) संगत આદિ૦ સંગત-મૈત્રીગત ગમન, સવિલાસ ફરવું.

(૪) હસિત-પ્રમોદ સહિત કપોલ સૂચિત હાસ્ય.

(૫) ભણિત-મન્મથ ઉદ્દિપક વિચિત્ર વાણી.

(૬) ચેષ્ટિત-કામ સહિત અંગ-પ્રત્યંગ અવયવના પ્રદર્શનપૂર્વક પ્રિયજન સન્મુખ અવસ્થાનવાળી.

(૭) સંલાપ-પ્રિયની સાથે પ્રમોદ સહિત સકામ પરસ્પર સંકથા કરી રહેલી એવી તે સ્ત્રી.

(૮) વિલાસ-શુભ લીલા વડે યુક્ત

(૯) નિપુણ-સૂક્ષ્મ બુદ્ધિગમ્ય અત્યંત કામ વિષયમાં પરમ નૈપુણ્યથી સભર એવી સ્ત્રી.

(૧૦) યુક્ત-દેશ કાળોત્પન્ન ઉપચાર, તેના વડે કુશળ.

(૧૧) અનુરક્ત, ક્યારેય પણ અવિરક્ત.

આવા પ્રકારની મનોનુકૂલ પત્ની સાથે એકાંતે રતિપ્રસક્ત-રમણમાં જોડાયેલી, બીજે ક્યાંય પણ મનને ન કરતી. કેમકે બીજે મન કરવાથી યથાવસ્થિત ઈષ્ટ ભાર્યાગત કામ સુખને અનુભવતી નથી.

ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, ગંધ, રૂપ એવા પાંચ ભેદથી મનુષ્ય ભવ સંબંધી કામભોગને અનુભવતી. અહીં प्रत्यनुभवन् માં પ્રતિ શબ્દ આભિમુખ્ય અર્થમાં છે, તેથી સનમુખ રહીને સંવેદના અનુભવતી વિચરે છે અર્થાત્ રહેલી છે.

ता से णं० ઈત્યાદિ. તાવત્ શબ્દ ક્રમ અર્થમાં છે. - x - x - તે પુરુષ તે કાળ વડે તથાવિધ ઉપલક્ષિત સમય-અવસર, એવો કાળ સમય, તેમાં કેવા સાતારૂપ-આહ્લાદરૂપ સુખને અનુભવતો વિચરે છે ?

આવો પ્રશ્ન કરતાં ગૌતમે કહ્યું — હે ભગવન્ ! શ્રમણ ! આયુષ્યમાન્ ! ઉદાર-અતિ અદ્ભૂત સાતા-સુખને અનુભવતો રહે.

ભગવંતે ત્યારે કહ્યું — આવા તે પુરુષસંબંધી કામ ભોગો કરતાં પણ અનંતગુણપણે વિશિષ્ટતર જ વ્યંતર દેવાના કામભોગો છે, તેમ કહેવાયેલું છે.

વ્યંતરના આવા કામભોગ કરતાં પણ અસુરેન્દ્ર સિવાયના ભવનપતિ દેવોના કામભોગો અનંતગુણ વિશિષ્ટતર છે.

અસુરેન્દ્ર સિવાયના ભવનપતિ દેવોના કામભોગો કરતાં પણ ઈન્દ્રભૂત અસુરકુમાર દેવોનો કામભોગો અનંતગુણ વિશિષ્ટ છે.

ઈન્દ્રભૂત અસુરકુમાર દેવોના કામભોગો કરતાં પણ અનંતગુણ વિશિષ્ટતર ગ્રહ-નક્ષત્ર-અને તારારૂપ દેવોના કામભોગ છે.

ગ્રહ-નક્ષત્ર-તારારૂપ દેવોના કામભોગો કરતાં પણ અનંતગુણ વિશિષ્ટતર કામભોગો ચંદ્ર-સૂર્યના છે.

આવા સ્વરૂપે જ્યોતિષેન્દ્ર જ્યોતિષ્‌રાજ ચંદ્ર અને સૂર્ય કામભોગોને અનુભવતા વિચરે છે.

હવે પૂર્વે કહેલા ૮૮ સંખ્યક ગ્રહોને તેના-તેના નામગ્રહણપૂર્વક જણાવવાને માટે કહે છે –

● **સૂત્ર-૧૯૮ થી ૨૦૭ :-**

*[૧૯૮] તેમાં નિશ્ચે આ ૮૮-મહાગ્રહો કહેલા છે. તે આ રીતે –*

*(૧) અંગારક, (૨) વિકાલક, (૩) લોહિતાક્ષ, (૪) શનૈશ્ચર (૫) આધુનિક (૬) પ્રાધુનિક, (૭) કણ, (૮) કનક, (૯) કણકનક.*

*(૧૦) કણવિતાનક, (૧૧) કણ સંતાનક, (૧૨) સોમ, (૧૩) સહિત (૧૪) આશ્વાસન, (૧૫) કાયોપગ, (૧૬) કર્બટક, (૧૭) અજકરક, (૧૮) દુંદુભક, (૧૯) શંખ, (૨૦) શંખનાભ.*

*(૨૧) શંખવર્ણાભ, (૨૨) કંસ, (૨૩) કંસનાભ, (૨૪) કંસવર્ણાભ, (૨૫) નીલ, (૨૬) નીલોભાસ, (૨૭) રૂપ્ય, (૨૮) રૂપ્યભાસ, (૨૯) ભસ્મ અને (૩૦) ભસ્મરાશિ.*

*(૩૧) તિલ, (૩૨) તિલપુષ્પવર્ણ, (૩૩) દક, (૩૪) દકવર્ણ, (૩૫) કાય, (૩૬) બંધ, (૩૭) ઈન્દ્રાગ્નિ, (૩૮) ધૂમકેતુ, (૩૯) હરી, (૪૦) પિંગલક,*

*(૪૧) બુધ, (૪૨) શુક, (૪૩) બૃહસ્પતિ, (૪૪) રાહુ, (૪૫) અગસ્તી, (૪૬) માણવક, (૪૭) કામસ્પર્શ, (૪૮) ધુર, (૪૯) પ્રમુખ, (૫૦) વિકટ.*

*(૫૧) વિસંધિકલ્પેલ્લક, (૫૨) પ્રજલ્લ, (૫૩) જટિતાલક, (૫૪) અરુણ (૫૫) અગ્નિલ્લક, (૫૬) કાળ, (૫૭) મહાકાલ, (૫૮) સ્વસ્તિક, (૫૯) સૌવસ્તિક, (૬૦) વર્ધમાનક.*

*(૬૧) પ્રલંબ, (૬૨) નિત્યાલોક, (૬૩) નિત્યુધોત, (૬૪) સ્વયંપ્રભ, (૬૫) અવભાસ, (૬૬) શ્રેયસ્કર, (૬૭) ક્ષેમંકર, (૬૮) આભંકર, (૬૯) પ્રભંકર અને (૭૦) અરક.*

*(૭૧) વિરક, (૭૨) અશોક, (૭૩) વીતશોક, (૭૪) વિમલ, (૭૫) વિવક્ત, (૭૬) વિતપ્ત, (૭૭) વિશાલ, (૭૮) શાલ, (૭૯) સુવ્રત.*

*(૮૦) અનિવૃત્તિ, (૮૧) દુજટી, (૮૨) કર, (૮૩) કરિક, (૮૪) રાજ, (૮૫) અર્ગલ, (૮૬) પુષ્પકેતુ, (૮૭) ભાવકેતુ, (૮૮) એકજટી. [પુષ્પ, ભાવ, કેતુ અલગ પણ છે.]*

*૦ આ જ અટ્ઠયાસી ગ્રહોના નામોને હવે નવ સંગ્રહણી ગાથાપૂર્વક પુનઃ સૂત્રમાં જણાવેલા છે. તે આ રીતે –*

*[૧૯૯] અંગારક, વિકાલક, લોહિતાક્ષ અને શનૈસ્ચર તથા આધુનિક,*



*પ્રાધુનિક, કનક-નામ સહિતના પાંચ ગ્રહો.*

*[૨૦૦] સોમ, સહિત, આશ્વાસન અને કાર્યોપક અને કર્બરક, અજકરક, દુંદુભક, શંખ-નામ સહિતના ત્રણે.*

*[૨૦૧] કંસ-નામ સહિત ત્રણ, નીલ અને રુક્મિ વડે ચાર ગ્રહો થાય. ભસ્મ, તિલ, પુષ્પવર્ણ, દકવર્ણ, કાળ અને બંધ.*

*[૨૦૨] ઈન્દ્રાગ્નિ [અથવા ઈન્દ્ર અને અગ્નિ], ધૂમકેતુ, હરિ, પિંગલક, બુધ અને શુક, બૃહસ્પતિ, રાહુ, અગસ્તિ, માણવક અને કામસ્પર્શ નામક ગ્રહો છે.*

*[૨૦૩] ધુરક, પ્રમુખ, વિકટ, વિસંધિકલ્પ પછી પ્રલંબ અને જટિતાલક અને અરુણ, અગ્નિલ, કાલ, મહાકાલ.*

*[૨૦૪] શ્રેયસ્કર, સૌવસ્તિક, વર્ધમાનક અને પછી પ્રલંબ, નિત્યાલોક, નિત્યોધોત, સ્વયંપ્રભ અને અવભાસ.*

*[૨૦૬] વિમલ, વિતત, વિશ્વસ્ત, વિશાલ, પછી શાલ અને સુવ્રત, અનિવૃત્તિ અને એકજટી, વિજટી જાણવા.*

*[૨૦૭] કર, કરિક, રાજર્ગલ [અથવા રાજ અને અર્ગલ], પુષ્પકેતુ અને ભાવકેતુ જાણવા. આ અટ્ઠયાસી ગ્રહો નિશ્ચે આનુપૂર્વી ક્રમે જાણવા જોઈએ. [અહીં પુષ્પ, ભાવ, કેતુ અલગ પણ ગણેલ છે.]*

● **વિવેચન-૧૯૮ થી ૨૦૭ :-**

તેમાં નિશ્ચે ચંદ્ર-સૂર્ય-નક્ષત્ર-તારારૂપની મધ્યે જે પૂર્વે ૮૮ સંખ્યાથી ગ્રહો કહેલા છે, તે આ પ્રમાણે છે –

અંગારક ઈત્યાદિ બધાં સુગમ છે.

આ જ નામોને સુખેથી સમજવા માટે છ સંગ્રહણી ગાથા કહે છે. *[નવ ગાથાઓ છે, છતાં વૃત્તિમાં ગાથા ષટ્‌ક કહ્યું છે, તે મુદ્રણ દોષ છે કે અન્ય કંઈ સૂચવે છે, તેનો નિર્ણય કરાવવો.]*

- x - x - x -

– સૂત્રમાં આ નવ ગાથાઓ કહેવાયેલી જ છે.

– વૃત્તિકાર મહર્ષિએ ફરી આ નવે ગાથાઓ નોંધી છે.

– સૂત્ર અને વૃત્તિમાં નોંધાયેલ ગાથાઓ સમાન જ છે.

– વૃત્તિકાર મહર્ષિએ સૂત્રોક્ત ગાથાને ફરી સંગ્રહણી ગાથારૂપે વૃત્તિમાં શા માટે નોધી છે, તે અંગે અમને આ પુનરાવર્તન કે પુનરુક્તિનો હેતુ શો છે કે શો હોઈ શકે તે કંઈ સમજાતું નથી.

– સૂત્રમાં ૧૯૮માં સૂત્રમાં આ જ ૮૮-નામો છે, છતાં સૂત્રક્રમ ૧૯૯ થી ૨૦૭ [નવ ગાથામાં] આ જ ૮૮-ગ્રહોના નામો મૂકેલા છે. અહીં કદાચ એવી કલ્પના થઈ શકે કે આગમ સૂત્રોમાં અનેક સ્થાને સંગ્રહણી ગાથાઓને સ્થાન અપાયેલ છે કે

જે ગાથાઓ સૂત્રમાં કહેવાયેલી જ હકીકતોને પદ્ય સ્વરૂપે કે વિશિષ્ટ રૂપે રજૂ કરતી હોય છે. એ પદ્ધતિનું આ આગમમાં અહીં પણ અનુસરણ કરાયું હોય. પરંતુ સૂત્રમાં બબ્બે વખત કહેવાયેલ આટલી સામાન્ય વાત કે જેમાં ફક્ત ગ્રહોના નામ જ છે, તેને વૃત્તિમાં એ જ ગાથા સ્વરૂપે વૃત્તિકારશ્રીએ શા માટે ફરી નોંધ કરી છે, તેનું કારણ અમને સમજાયેલ નથી.

— કદાચ અન્ય કોઈ સ્થાને પણ આવી ગાથાનો ઉલ્લેખ હોય તેની સાક્ષીરૂપે નોંધ વૃત્તિકારશ્રીએ લીધેલી હોય અથવા ગાથાષટ્ક શબ્દ દ્વાર કંઈક જુદી ગાથા અભિપ્રેત હોય તો કદાચ વૃત્તિકારશ્રી દ્વારા કરાયેલ ગાથાનોંધ સહેતુક હોઈ શકે છે.

- x - x - x - x - x -

૦ ગાથાની વૃત્તિકારે કરેલ વ્યાખ્યા — *[અહીં પણ એ જ-૮૮ ગ્રહોના નામો છે તેથી અમે તેનો પુર્નઅનુવાદ કર્યો નથી.]*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**પ્રાભૃત-૨૦-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

- x - x - x - x -

૦ હવે સર્વ શાસ્ત્રના ઉપસંહાર રૂપે સૂત્રકાર મહર્ષિ ૨૦ માં પ્રાભૃતને અંતે ગાથા રચના દ્વારા જણાવે છે કે —

**● સૂત્ર-૨૦૮ થી ૨૧૪ :-**

***[૨૦૮] આ પૂર્વકથિત પ્રકારથી પ્રકૃતાર્થ એવી તથા અભવ્યજનોના હૃદયમાં દુર્લભ એવી ભગવતી જ્યોતિષ્રાજ પ્રજ્ઞપ્તિનું [ચંદ્ર-સૂર્યપ્રજ્ઞપ્તિનું] કિર્તન કરે છે.***

***[૨૦૯] આને ગ્રહણ કરીને જડ, ગૌરવયુક્ત, માની, પ્રત્યનીક, અબહુશ્રુતને આ પ્રજ્ઞપ્તિનું જ્ઞાન ન દેવું જોઈએ. આનાથી વિપરીત જનોને, જેમકે સરળ યાવત્ શ્રુતવાન્‌ને દેવું જોઈએ.***

***[૨૧૦] શ્રદ્ધા, ધૃતિ, ધૈર્ય, ઉત્સાહ, ઉત્થાન, બળ, વીર્ય, પરાક્રમ વડે યુક્ત થઈને આની શિક્ષા પ્રાપ્ત કરનાર પણ જો અયોગ્ય હોય તો તેને આ પ્રજ્ઞપ્તિનું પ્રરૂપણ કરવું ન જોઈએ. - જેમકે -***

***[૨૧૧] જે પ્રવચન, કુળ, ગણ, સંઘથી બહાર કરાયેલા હોય. જ્ઞાન અને વિનયથી હીન હોય, અરિહંત-ગણધર અને સ્થવિરની મર્યાદાથી રહિત હોય, [તેમને આ પ્રજ્ઞપ્તિ ન દેવી.]***

***[૨૧૨] ધૈર્ય, ઉત્થાન, ઉત્સાહ, કર્મ, બળ, વીર્યથી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. આને નિયમથી આત્મામાં ધારણ કરવી. અવિનીતને આ જ્ઞાન ક્યારેય ન આપવું.***

***[૨૧૩] જન્મ-મૃત્યુ અને કલેશ દોષતી રહિત ભગવંત મહાવીરના સુખ દેનારા ચરણ કમળમાં હું વિનયથી નમ્ર થઈ વંદન કરું છું.***

***[૨૧૪] આ સંગ્રહણી ગાથાઓ કહી.***

**● વિવેચન-૨૦૮ થી ૨૧૪ :-**



ઉક્ત પ્રકારે અનંતર ઉદ્દિષ્ટ સ્વરૂપા, જિનવચન તત્ત્વવેદીન ઉત્તાન અર્થવાળી, અભવ્યજનોના હૃદયથી દુર્લભ, કેમકે અભવ્યત્વથી જ તેમને સમ્યક્ જિનવચન પરિણિતનો અભાવ છે.

ભગવતી - જ્ઞાન ઐશ્વર્ય દેવતા, જ્યોતિષ્રાજ-સૂર્યની પ્રજ્ઞપ્તિ. હવે સ્વયં ગ્રહણ કર્યા પછી આ કોને ન આપવી, તે કહે છે —

આ સૂર્ય પ્રજ્ઞપ્તિ સ્વયં સમ્યક્કરણથી ગ્રહણ કરવા છતાં સ્તબ્ધ, સ્વભાવથી જ માનપ્રકૃતિ વડે વિનયભ્રંશ કરીને, ઋદ્ધ્યાદિ ગૌરવવાળાને - x - ઋદ્ધ્યાદિ દોષો દૂર કરીને જ અચિંત્ય ચિંતામણી કલ્પ આ સૂર્યપ્રજ્ઞપ્તિને - x - અવજ્ઞાથી જુએ છે, તે અવજ્ઞા દુરંત નરકાદિ પ્રપાત હેતુ છે, તેથી તેમના ઉપકારને માટે જ તેમને દાનનો પ્રતિષેધ કરેલ છે. - x -

તથા માનિ - જાત્યાદિ મદ સહિત, પ્રત્યનીક-દૂરભવ્યતા વડે અભવ્ય, તેના વડે સિદ્ધાંત વચન નિકુટ્ટ પરને, તથા અલ્પશ્રુતને, તે જ જિનવચનમાં અસમ્યક્ ભાવિતત્વથી. શબ્દાર્થ પર્યાલોચનામાં અક્ષુણ્ણત્વથી, જેમ તેમ બોલનારને પણ સમ્યગ્ રુચતું નથી માટે તેઓને ન દેવું. પરંતુ ઉક્ત દુર્ગુણોથી વિપરીતિને આપવું.

- x - x - વિપરીત [સદ્‌ગુણી]ને આપવું જ, ન દેવાથી શાસ્ત્ર વ્યવચ્છેદ, તીર્થ વિચ્છેદ પ્રસંગ આવે. - x - શ્રવણીની ઈચ્છા, વિવક્ષિત જિનવચન સત્ય જ છે તેવું માનનાર, સાંભળવાને ગુરુ પ્રત્યે સન્મુખ જનાર, શ્રવણ માટેનો ઉત્સાહ - x - x - વંદનાદિ કર્મ, વાચનાદિ વિષયમાં પ્રાણ, અનુપ્રેક્ષામાં સૂક્ષ્માર્થ વિચારણા શક્તિ, વીર્ય આદિ વડે યુક્ત થઈને - x - ગ્રહણ કરવા છતાં - x - અયોગ્યને ન આપવી.

જો તે પ્રવચનાદિ બાહ્ય હોય, જ્ઞાનાચાર હીન હોય, અર્હત્ ભગવંતે કરેલ મર્યાદાને ઉલ્લંઘતો હોય તે અતિક્રમથી દીર્ઘસંસારીતા થતી હોવાથી તેને ન આપવી. - x - x - x - આવાને આપવાથી પોતે અને બીજા દીર્ઘસંસારીત્વ પામે છે. એમ પ્રદાન વિધિ કહી.

આ સૂર્ય પ્રજ્ઞપ્તિ અર્થથી મિથિલામાં મહાવીર ભગવંતે શાક્ષાત્ કહેલી છે વર્તમાન - x - x - તીર્થાધિપતિને મંગલાર્થે શાસ્ત્રને અંતે તેમને નમસ્કાર કર્યા છે—

વીરવર, તે નામાદિ ભેદથી ચાર પ્રકારે છે — નામવીર, સ્થાપનાવીર, દ્રવ્યવીર,

ભાવવીર. જે ફક્ત - x - નામથી વીર છે, તે ‘નામવીર’, કોઈ સુભટની ‘વીર’રૂપે સ્થાપના કરવી તે ‘સ્થાપનાવીર’ દ્રવ્યવીર, આગમથી અને નોઆગમથી બે રીતે કહેલ છે - x - x - x - x - x - સિદ્ધશીલાતલે રહેલ ભગવંત તે ‘‘દ્રવ્યવીર’’ - x - x - અથવા ભવ્ય શરીર તે ‘‘દ્રવ્યવીર’’. - x - x - ભગવત્ સ્વરૂપે વર્તમાનને ‘‘ભાવવીર’’ - x - x - x - x - તેમને નમસ્કાર.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**સૂર્યપ્રજ્ઞપ્તિનો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

—— ० —— ० —— ० —— ० —— ० ——

# આગમ-૧૬-નો અનુવાદ પૂર્ણ

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |